


સ્વા. શાસ્ત્રી પત્રવ્યવહાર

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો સમકાલીન પત્રવ્યવહાર

ભાગ : ૧

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી

(બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજનો સમકાલીન પત્રવ્યવહાર)

ભાગ-૧

પરામર્શક
સાધુ ઈશ્વરચરણદાસ

સંકલન - લેખન
સાધુ વિવેકપ્રિયદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

LI. SHÃSTRI YAGNAPURUSHDASJI PART-I (Gujarãti)

(Compilation of letters of Shastriji Maharaj and contemporary Satsang)

Parãmarshak Sãdhu Ishwarcharandãs

Compiled by Sãdhu Vivekpriyadãs

Inspirer: HDH Pramukh Swãmi Mahãrãj

Presented by:

Bochãsanwãsi Shree Akshar Purushottam Swãminãrãyan Sansthã, Shãhibaug, Amdãvãd - 380 004. India.

Publishers:

SWÃMINÃRÃYAN AKSHARPITH
Shãhibaug, Amdãvãd - 380 004. India.

1st Edition:

April 2000. Copies: 5,500

ISBN: 81-7526-161-7

રજૂકર્તા : બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ -૪

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : એપ્રિલ ૨૦૦૦

નકલ : ૫,૫૦૦

કિંમત : રૂા. ૧૫૦-૦૦ (ભાગ-૧ અને ભાગ-૨ની સંયુક્ત કિંમત)

મુદ્રક અને પ્રકાશક :

સ્વામિનારાયણ અક્ષરપીઠ

શાહીબાગ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ

સ્વામિ શ્રીજી ૧/૯/૨૦૦૦
ગ.ઢડા

[illegible]

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતે ॥

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ

પૂ. ઈશ્વરચરણ સ્વામિ તથા પૂ. વિવેકપ્રિયદાસ વિગેરે,

પૂ. સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજે પત્રો સંતો તથા હરિભક્તો ઉપર લખેલ, તે સર્વે પત્રોનું પુસ્તક બે ભાગમાં તૈયાર કરેલ છે. તે પુસ્તકથી સંતો-હરિભક્તોને પૂ. શાસ્ત્રીજી મહારાજે કેવા સંજોગોમાં કેવા વિપરીત દેશકાળ અને વિરોધમાં મંદિરો કરેલ છે, તેમજ ગામોગામ વિચરણ કરી સત્સંગ તથા અક્ષરપુરૂષોત્તમનું જ્ઞાન સર્વેને થાય અને ખ્યાલ આવશે.

તેમજ મહારાજે સ્થાપેલ સિદ્ધાન્ત અને સંસ્થાની વિગતો તથા ધર્મનિયમની દ્રઢતા, પક્ષ, મહારાજમાં શ્રદ્ધા તેઓના વચનમાં વિશ્વાસ તેમજ સંપ્રદાયની અસ્મિતા યુક્ત પત્રો વાંચવાથી સર્વેને બળ મળશે.

પુસ્તકમાં પૂ. શાસ્ત્રીજી મહારાજ, પૂ. યોગીજી મહારાજ, પૂ. ભગતજી મહારાજ, તેમજ ભગતજી મહારાજના શિષ્ય પૂ. વિજ્ઞાનદાસ સ્વામી, તથા વડતાલ સંસ્થાના મુખ્ય કોઠારી ગોરધનદાસજી, કો. પ્રભુદાસ તેમજ પૂ. નિર્ગુણદાસ સ્વામી વિગેરેના પત્રોનો સમાવેશ છે, તો આપે તે સર્વે પત્રો એકત્રીત કરવામાં અને સંકલન કરવામાં ખુબ પ્રયત્ન કરેલ છે, તો આપ બંને દ્વારા સંસ્થાની મોટી સેવા થઈ છે. મહારાજ વિશેષ બળ આપે તે પ્રાર્થના.

- શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસ(પ્રમુખસ્વામી મહારાજ)ના
આશીર્વાદ સહ જય સ્વામિનારાયણ
તા. ૧-૧-૨૦૦૦, મદ્રાસ.

પ્રાસ્તાવિક

અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને અનાદિ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી દ્વારા પ્રવર્તિત - અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ-ઉપાસનાના સિદ્ધાંતના પ્રખર પ્રવર્તક બ્રહ્મસ્વરૂપ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી - શાસ્ત્રીજી મહારાજના દિવ્ય જીવન અને કાર્યને નજીકથી અને ઊંડાણથી સમજવા એમના સમયનો પત્રભંડાર એક અમૂલ્ય ઐતિહાસિક ખજાનો છે.

આ પત્રોની પ્રાપ્તિ અને જાળવણી માટે સદ્. નિર્ગુણદાસ સ્વામીએ ખૂબ જ મહિમાપૂર્વક પુરુષાર્થ કરેલો. પોતાના આ સંગ્રહ વિશે તેઓ સ્વયં એક પત્રમાં લખે છે કે 'અમારી પાસે પ્રાગજી ભક્ત ઉપરના તથા જાગા ભક્તજીના બીજા ઉપરના તથા બીજા આચાર્ય, હરિજન, કોઠારી વગેરેના જેટલા કાગળો ઉપયોગી તે તે તમારી મારી પાસે થોકડે થોકડા છે, રાખી મૂક્યા છે. તે વાંચવાથી આનંદ થઈ જઈ જૂની સર્વે વાત જાણ્યામાં આવે ને રૂબરૂમાં રહ્યા જેટલો આનંદ આવે.' એ પછી સંસ્થાના સેક્રેટરી શ્રી મગનભાઈ નરસિંહભાઈ પટેલે આ પત્રોની માવજત કરી હતી. ત્યાર પછી આ પત્રભંડાર બોચાસણથી અમને ઉપલબ્ધ થયો. સદ્. નિર્ગુણદાસ સ્વામીના કેટલાક પત્રો અ.નિ. શ્રી હર્ષદભાઈ દવે પાસે પણ હતા. તે સમગ્ર પત્રસંચય ઘણા સમયથી સંશોધન માટે તૈયાર હતો. પૂ. વિવેકપ્રિય સ્વામી તથા શ્રી ગુણવંતભાઈ દાણી વિગેરેએ રસ લઈને આ બધા જૂના-જર્જરિત પત્રોનું વાંચન ને તેની નકલો કરી વર્ષવાર ગોઠવણીનું મોટું કામ આરંભ્યું. અને પરિણામે આ ગ્રંથ આપણને પ્રાપ્ત થયો છે.

આ ઐતિહાસિક ગ્રંથમાં કુલ ૪૫૪ પત્રોનો સમાવેશ કરાયો છે. જેમાં શાસ્ત્રીજી મહારાજ ઉપરાંત ભગતજી મહારાજ, જાગા સ્વામી, વિહારીલાલજી મહારાજ, નિર્ગુણ સ્વામી, કોઠારી ગોરધનદાસ, કોઠારી પ્રભુદાસ, યોગીજી મહારાજ, ગુલઝારીલાલ નંદા, હરિપ્રસાદ ચોકસી વગેરે દ્વારા લખાયેલા પ્રાસાદિક પત્રોની નોંધ ભવ્ય ઈતિહાસને આંખો સમક્ષ ઉઘાડી આપે છે. પત્રો ઉકેલીએ તેમ તેમ ઈતિહાસની સાક્ષી સમાં પાનાંઓ ખુલતાં જાય છે. ગ્રંથમાં પત્રોનો ક્રમ સમયના વહેણને અનુસરે છે, જેથી સ્વામીશ્રીની સાથે જ - તે જ સમયમાં જીવતા હોઈએ તેવો અનુભવ થાય છે. અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાના સનાતન વૈદિક સિદ્ધાંતનાં સમર્થનો આ પત્રમાંથી સાંપડે છે. આ માર્ગમાં એકાંતિક સંત-ગુરુની

આવશ્યકતા અનિવાર્ય છે, મુમુક્ષુને એમનું માર્ગદર્શન પણ પ્રતીતિકર બને છે તેવું અનુભવાય છે. શાસ્ત્રીજી મહારાજ, એમના ગુરુભાઈ વિજ્ઞાનદાસ સ્વામી તથા યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામીના પત્રો ગુરુભક્તિ, દાસત્વભક્તિ તથા સ્વામીસેવકભાવના અત્યંત દ્યોતક છે. આ બધા મહાપુરુષોની ગુરુનિષ્ઠા, ગુરુને રાજી કરવાની તમન્ના અને ધ્યેય સિદ્ધ કરવામાં વચ્ચે આવતા પ્રતિરોધોને પહોંચી વળવાનો પુરુષાર્થ પણ ખૂબ જ પ્રેરક બની રહે છે.

કેવા વિષમ સંજોગોમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પાયા નંખાયા, કેવી રીતે મજબૂત થયા, કેટલી બધી આર્થિક અને સામાજિક સંકડામણો હસતે મુખે વેઠીને પરિસ્થિતિનો સામનો સૌ સંતોએ કર્યો, તે એક એક પત્રમાં અત્યંત સાહજિક રીતે પ્રગટ થયું છે. પત્રનો એક એક શબ્દ આપણાં રૂંવાડાં ઊભાં કરી દે છે અને શ્રીજીમહારાજ પ્રત્યે એમનો અનન્ય આશ્રય, એમની સર્વોપરિ નિષ્ઠા તથા એમની પતિવ્રતાભક્તિનું દર્શન કરાવે છે.

શાસ્ત્રીજી મહારાજે પોતાના સંતોને પણ સમયે સમયે કેવી હિંમત બાંધી આપી છે અને વિકટ સંજોગોમાં પણ કેવી રીતે અણનમ ઊભા રાખ્યા છે તે દર્શન પણ પત્રો દ્વારા થઈ રહ્યું છે. પાછલી અવસ્થામાં સ્વામીશ્રીને શરીરે વાની ખૂબ તકલીફ હતી. બેસાય નહિ, ચલાય નહિ, ઉઠાય નહિ એવા સંજોગોમાં પણ હરિભક્તોને રાજી કરવા તેઓએ જે વિચરણ કર્યું છે તે એમનો ભક્તો ઉપરનો અનહદ પ્રેમ અને દેહનો અત્યંત અનાદર દર્શાવે છે. ગુરુ પ્રાગજી ભક્ત પ્રત્યેની સદ્‌ગુરુ વિજ્ઞાનદાસ સ્વામીની ગુરુભક્તિ અને અનન્ય આશ્રયનો જોટો જડવો દુર્લભ લાગે છે. સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના ઉપાસના સંબંધી અને શાસ્ત્રીજી મહારાજના મહિમા સંબંધી પત્રો પણ એમની અનન્ય નિષ્ઠાનું દર્શન કરાવે છે. છેલ્લા દિવસોમાં એમના કથળેલા સ્વાસ્થ્યમાં પણ વહેલી સવારે - મોડી રાત્રે, ક્યારેક આખી રાત જાગીને પાનાંઓ ભરીને જે પત્રો એમણે આફ્રિકાના હરિભક્તોને લખ્યા છે તે એમની શ્રદ્ધા અને ઉપાસના પ્રવર્તનની અગણિત તમન્નાનું દર્શન કરાવે છે અને યોગીજી મહારાજના શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી ઉપરના પત્રો તથા મંદિરના કામકાજમાં શાસ્ત્રીજી મહારાજ પાસે અવારનવાર સહાય- પ્રાર્થનાના પત્રો પણ મહિમાથી ભર્યાભર્યા જણાય છે.

આમ, આ સમગ્ર પત્ર-ખજાનો ઐતિહાસિક દૃષ્ટિએ અજોડ છે. પ્રત્યેક સાધક કે મુમુક્ષુને પણ અત્યંત પ્રેરણારૂપ છે. પ્રગટ ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા ને આશીર્વાદથી આ પત્રસંચય પ્રગટ કરતા અમે આનંદ અનુભવીએ છીએ.

- સાધુ ઈશ્વરચરણદાસના

જય સ્વામિનારાયણ.

સંપાદકીય

૧૯૯૭ના ઓક્ટોબરની એક સવારે પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીએ જૂની કોથળીઓમાં પેક થયેલાં, કાળી એટેચીમાં મુકાયેલાં થોડાં બંડલો બતાવ્યાં અને આજ્ઞા કરી : 'આ ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને નિર્ગુણ સ્વામીના પત્રો છે. બીજું પણ એમાં ઘણું ઐતિહાસિક લખાણ મળશે. આપણે સંપાદન કરી ગ્રંથ તૈયાર કરવો છે. તમે શરૂ કરો !'

વર્ષો સુધી ખૂબ જતન કરીને એમણે એકત્ર કરીને સાચવી રાખેલા એ પત્રો આપ્યા એ વખતે લાગ્યું હતું કે આ તો સાવ સામાન્ય કામ છે ! ને વળી સમયની અનુકૂળતાએ જ કરવાનું છે... પછી તો ધીરે ધીરે એક પછી એક પેકીંગ ખુલતાં ગયાં. અને સને ૧૮૮૮ થી સને ૧૯૫૧ સુધીના સમય-પ્રવાહમાં વહેવાનું શરૂ થયું. જેમ જેમ પત્રો ઉકેલાતા ગયા, સાલ વાર ગોઠવાતા ગયા, નકલો કરવાનું કામ ચાલતું ગયું તેમ તેમ પ્રતીતિ આવતી ગઈ કે આ કામ અત્યંત અસામાન્ય છે ! સસ્થાના માત્ર ઇતિહાસનું જ આ વિમોચન નથી ! આ ભગવાન સ્વામિનારાયણના સત્ય-સિદ્ધાંતના ક્રાંતિવીર યુગવિભૂતિઓ દ્વારા જે ઉપાસના ક્રાંતિ થઈ હતી, તેના પ્રમાણભૂત દસ્તાવેજોનું પ્રાગટ્ય છે !

આશરે ૨૦૦૦ સાધુ-બ્રહ્મચારી અને પાળાઓથી ધમધમતી, આચાર્ય મહારાજોના પ્રભાવ નીચે વિકસેલી અને વિશેષ તો શ્રીહરિની પાવન સંનિધિથી પ્રસાદીભૂત થયેલી વરતાલની ધરતી - વરતાલની સંસ્થા શાસ્ત્રીજી મહારાજને મન પણ એટલી જ મહિમાવંત હતી. પરંતુ એમની વિચક્ષણ બુદ્ધિએ માપી લીધું કે શ્રીહરિનો હૃદ્ગત સિદ્ધાંત આ ભૂમિ ઉપર રહીને પ્રવર્તાવવો અસંભવ છે ! અને એમણે વડતાલની પ્રતિષ્ઠા અને જાહોજલાલી ભરી સલામત જિંદગીને ૪૨ વર્ષની ઉંમરે ફગાવી દીધી ! ઉઘાડા આભ નીચે અને અમાપ પૃથ્વી પર એકલપંડે એમણે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રચંડ કાર્યને પવનવેગી ગતિ આપી !

હા, લોકની દૃષ્ટિએ તેઓ સાત કોઠાનું યુદ્ધ લડતા અભિમન્યુની સ્થિતિમાં હતા. એ એકલવીર હતા ! પણ કોણ જાણતું હતું, કે હરિકૃષ્ણ મહારાજને એમણે પળ પણ વિખુટા પડવા દીધા નથી ?! એ વિરાટ વ્યક્તિત્વના અગમ ઊંડાણોમાં વિહરવાનું અને એમના ૮૬ વર્ષના દિવ્ય જીવનની અનેરી ક્ષણોનું એમના જ શબ્દોમા, એમના જ સમર્થ સહયોગીઓના શબ્દોમાં અનેરું દર્શન પામવાનું આ

પત્રગ્રંથના નિમિત્તે મને સદ્‌ભાગ્ય મળ્યું ! આ Slow motion અનુભવ અંતરને હચમચાવી નાખે તેવો તીવ્ર હતો ! દોઢ વર્ષ ચાલેલી આ પત્રયાત્રા એટલે જાણે આંખો સામે જ વિસ્તરતી જતી એક સંઘર્ષયાત્રાના સાક્ષી હોવાનો અનુભવ ! ગામોગામ, ગાડાંઓમાં, ડમણિયાંઓમાં સેવાના શારીરિક, માનસિક અને આર્થિક ભીડામાં આપણે સ્વામીશ્રી અને સંતોની ભેગા જ છીએ, તેવો અનુભવ લખાણ દરમ્યાન પળે પળે થતો ગયો... અનેક પ્રસંગો અને પત્રો વર્ણવતાં આંખે આંસુની ઝાંય ફરી વળતી, એ દુઃખો અને યાતનાઓ વેઠતાં ગુરુવર્યોનાં મુખારવિંદ આંખ સામે જ તરવરતાં રહેતાં. એમના જીવનની વિવિધ ભાવનાઓ, મમતા, કાળજી, ચેતવણી, વ્યથા, ઔદાર્ય, ધર્મ-ભક્તિ-વૈરાગ્ય અને જ્ઞાનની સરવાણી, તત્ત્વજ્ઞાનના પદાર્થ પાઠ, ઉપાસનાના સિદ્ધાંતોની પ્રમાણભૂતતા, સચોટ તર્ક અને સાંપ્રદાયિક ઈતિહાસનું સ્પષ્ટ વિવેચન આ બધાના વિવિધ સૂરો આ સમકાલીન પત્રોમાં સહજ રીતે ગુંજી રહ્યા છે. જેમાં પ્રધાન સૂર જણાય છે : 'ન દૈન્યં ન પલાયનં !' સાચને પડખે રહીને જીવતરના સંઘર્ષો સહેનારા તો સત્યને પડતું મૂકીને સરકી પણ શકે છે, પરંતુ સાચને હૃદયના ધબકારે વણી લે, તે કેવા હોય એ સમજવા આ પત્રયાત્રા વાચક માટે વિરલ અનુભવ બની રહેશે, એ નિર્વિવાદ છે.

ભયાનક ઉપાધિઓમાં પણ 'દાંતે તરણું નહીં, અને પારોઠનાં પગલાં નહીં !' એ એમની સૂરધારાનો બીજો પ્રધાન સૂર છે ! એક પત્રમાં તેઓ ૭૪ વર્ષે લખે છે : 'હજુએ મને હિંમત છે, કે રોજના ૧૦ ગામ ફરું, ને ઉપાસનાની પુષ્ટિ કરું !'

૧૯૩૯નો આ પત્ર જુઓ : 'વિ. અતરે (સારંગપુર) ચોખા-દાળ બીલકુલ નથી. વેલી તકે અતરે પચીસ-તીસ મણ મોકલો તો સારું. મગ લાવી કામ લૈયે છીએ, પણ મેમાનને મગની ખીચડી ન હોય...'

આ પરિસ્થિતિમાં પોતાનું ભવિષ્ય જોનાર અંધકાર સિવાય શું જોઈ શકે ? પણ સ્વામીશ્રીની દૃષ્ટિ સમયની પેલે પારનું જુએ છે. એ જ વર્ષનો આ બીજો પત્ર જુઓ : 'આપને અત્યારે તો તે વાતનો-ભવિષ્યનો ખ્યાલ નહીં આવતો હોય, પણ મને તો ઈદં દેખાય છે, કે બે દેશ (વડતાલ-અમદાવાદ) કરતાં આપણી સંસ્થા વૃદ્ધિ પામે, ને પ્રતિષ્ઠા ને સંપત્તિમાં પણ વૃદ્ધિ થાય !'

હા, ઉપાસનાની જીવંત મશાલ લઈને એ સને ૧૯૦૫માં વરતાલથી નીકળ્યા હતા, અને આજે આપણી સંસ્થાની શતાબ્દીને સાત વર્ષની વાર છે, ત્યારે ઉપાસનાનો સિદ્ધાંત એક સૂર્ય બની જઈ ૫૦ દેશોમાં પોતાનો ઝળાંહળાં પ્રકાશ પાથરી ચૂક્યો છે !

આવાં તો કંઈક પુરાવાઓ ભગતજી મહારાજ, સ્વામીશ્રી, સ્વામી નિર્ગુણદાસજી

તથા યોગીજી મહારાજની પ્રાસાદિક કલમે લખાયેલા જોઈએ છીએ, ત્યારે હૈયું ધન્યતાથી નાચી ઊઠે છે. શાસ્ત્રીજી મહારાજનાં સર્જન અને વ્યક્તિત્વના ઓજસે જેમનાં જીવન અજવાળ્યાં હતાં, તે પેઢી હવે લુપ્તપ્રાય છે. એ ગણ્યા-ગાંઠ્યા હરિભક્તોની પેઢી, યોગીજી મહારાજના પ્રેમલ-વાત્સલ્યનાં અમૃત જેમણે પીધાં છે એ બીજી પેઢી અને શાસ્ત્રીજી મહારાજના કાર્યને જેમણે પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિશ્વવ્યાપી થતું જોયું છે, એ ત્રણે પેઢીઓ શાસ્ત્રીજી મહારાજની ઋણી છે જ અને રહેશે જ. પરંતુ આમ જુઓ તો અખિલ સંપ્રદાય એમનો સદા માટે ઋણી છે ! કારણ કે ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંત અને કાર્યને વિકૃતિ અને વિભાગોની ગુંગળામણથી છોડાવીને એમણે મુક્ત આકાશ આપ્યું હતું ! જે કાર્ય જૂનાગઢી સદ્‌ગુરુઓ કે સંપ્રદાયના બાહોશ કોઠારીઓ દ્વારા પણ નહોતું થઈ શક્યું, એ ગુરુવચને એમણે મરણિયા થઈને કર્યું હતું.

આ સંસ્થાના પાયા પાતાળે નાખવામાં તે સમયે જે જે મહારથીઓએ પ્રાણ પાથરી આપ્યા, તેમાં અનન્ય હતા : યોગીજી મહારાજ અને નિર્ગુણદાસ સ્વામી. દરેકના પ્રાસાદિક અક્ષરો ઉકેલવામાં ઘણી વાર સારી એવી તકલીફ પડતી. Link વગરના પત્રોની Link શોધવામાં અંધારું છવાઈ જતું. ત્યારે પ્રાર્થના કરી હતી કે હે સ્વામી ! આપે આ શું લખ્યું છે ? ને ક્યારે લખ્યું છે તે સમજાવો ! થોડી જ ક્ષણોમાં અજવાળું થઈ જતું. તેવા પણ ઘણા અનુભવ છે.

જો કે જે કાંઈ પત્રો પસંદ કર્યા હતા, તેની મૂલવણી કરી હતી તે યોગ્ય છે કે નહીં, તેની દ્વિધા સતત રહ્યા કરતી. પરંતુ એ માટે સ્વયં સ્વામીશ્રીએ જ જાતે માર્ગદર્શન આપ્યું છે. કારણ કે તેઓ એ યુગના શ્રેષ્ઠતમ સાક્ષી છે, ઉચ્ચતમ પ્રતિનિધિ છે ! અને એ સમયની યાતનાની આંચને અનુભવનાર અનુભવી છે ! એમની ઉપસ્થિતિમાં આ ગ્રંથ પૂર્વે મહદંશે વંચાઈ ચૂક્યો છે. ભૂલોને એમણે સુધારી છે, આક્રમકતાને ઠારી છે, આક્રોશને બદલે તટસ્થતા અપાવી છે અને ઘણી ઐતિહાસિક વિગતોને એમણે પોતાની સ્મરણશક્તિનો પ્રાસાદિક સ્પર્શ આપ્યો છે. આ બદલ હું જ નહીં આવતી પેઢીઓ સુધી આ ગ્રંથ વાંચનાર પ્રત્યેક વાચક એમનો ઋણી રહેશે. કોને ખબર કેટલા યુગોના સંચિત પુણ્યે ને તેઓની કેટલી અકારણ કૃપાથી આ સેવા પ્રાપ્ત થઈ ! પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીનો પણ હું એટલો જ કૃતજ્ઞ છું, કે આ સેવા તેઓ સ્વયં કરવાના હતા, પરંતુ આખરે એમણે એ કળશ મારા પર ઢોળ્યો. એમનું પ્રેમાળ સાંનિધ્ય અને સતત માર્ગદર્શન, એમની ત્વરિત નિર્ણયશક્તિ અને આગવી સૂઝનો સ્પર્શ આ ગ્રંથને સાંપડ્યો પછી તેનો નિખાર વધુ ઉત્તમ સાબિત થયો છે.

આ દૃષ્ટિએ સંપાદન માટે પ્રેરવાનું, પોતાની પાવન દૃષ્ટિ વડે તેમાં તટસ્થતા, પ્રમાણભૂતતા અને પ્રવાહિતા ઉમેરવાનું શ્રેય પરમ પૂજ્ય સ્વામીશ્રી તથા પૂજ્ય ઈશ્વરચરણ સ્વામીના ચરણોમાં અર્પણ છે. અને આ પત્રસંગ્રહમાં ખામી કે ત્રુટિઓ જણાય તો મારી ભૂલને કારણે છે.

જોડણી બને ત્યાં સુધી યથાવત્ રાખી છે, છતાં જૂજ જગ્યાએ સુધારી પણ છે. ક્યાંક શબ્દનું સ્થાનાંતર કરવું પડ્યું છે. વિરામ ચિહ્નો મુકાયા છે. મૂળ પત્રો મોટા ટાઈપમાં (૧૪ પોઈન્ટ) તથા ઐતિહાસિક સંદર્ભોને જોડતું લખાણ નાના ટાઈપમાં (૧૩ પોઈન્ટ)માં મૂક્યું છે. ભાગ-૨ના પરિશિષ્ટમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિલ્હી મંદિર માટે લખાયેલા સંકલ્પ પત્રોનો સમાવેશ પણ ઐતિહાસિક સમજીને કરવામા આવ્યો છે.

આ ગ્રંથના સંપાદનમાં મન મૂકીને મદદ કરનાર હરિભક્તો શ્રી ગુણવંતભાઈ દાણી, શ્રી વિક્રમભાઈ બ્રહ્મભટ્ટ તથા શ્રી હર્ષદભાઈ ઠાકર તેમજ અન્ય યુવા-કિશોર સત્સંગી સભ્યોનો પણ અહીં હૃદયપૂર્વક આભાર માનું છું.

ભગવાન સ્વામિનારાયણના ઉપાસના-સિદ્ધાંતને આ ગ્રંથ વધુ સ્પષ્ટતા અને વધુ ગતિ આપતો રહે, આજની સત્સંગી યુવા પેઢી અસ્મિતાના અમૃત ગ્રહણ કરી વધુ ને વધુ સમર્પણશીલ બનતી રહે અને ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજ તથા સમગ્ર સત્સંગના આશીર્વાદ મારા ઉપર સદા માટે વરસતા રહે એવી નમ્ર ભાવે પ્રાર્થના કરીને વિરમું છું.

શ્રીહરિ જયંતી
તા. ૧૨-૪-૨૦૦૦,
અમદાવાદ

સાધુ વિવેકપ્રિયદાસના
જય સ્વામિનારાયણ.

અનુક્રમણિકા

પત્રધારા-૧

પત્રધારા-૨

પત્રધારા-3

પત્રધારા-૪

પત્રધારા-૫

પત્રધારા-૬

પત્રધારા-૭

પત્રધારા-૮

પત્રધારા-૯

પત્રધારા-૧૦

પત્રધારા-૧૧


પત્રધારા-૧૨

પત્રધારા-૧૩


પત્રસૂચિ




સનાતન વૈદિક યુગલ ઉપાસ્યમૂર્તિ
શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ અને
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી



અક્ષરપુરુષોત્તમની સનાતન વૈદિક ઉપાસનાના
પ્રખર પ્રવર્તક, લાખો જીવો માટે
શાશ્વત ઉપાસનાનો કઠિનતમ માર્ગ
સરળ કરી આપનાર ઈતિહાસસર્જક
બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ



કઠિનતમ સંજોગોમાં પણ બ્રહ્મસ્વરૂપની
અલમસ્તાઈનો ઉત્સવ કરતા રહીને
લાખોને શ્રીહરિના પરમ પદના અધિકારી બનાવનાર
બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ



ભગવાન સ્વામિનારાયણના અખંડ ધારક અને
પ્રગટ સ્વરૂપની જે દિવ્યાકૃતિમાં લાખો આબાલવૃદ્ધો
રસતરબોળ થયા છે,
સર્વોત્કૃષ્ટ અક્ષરપદના અધિકારી બન્યા છે
એ અર્વાચીન યુગપુરુષ
પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ...

પત્રધારા

૧ દિવ્યતાનો અંબાર

માત્ર ત્રીસ વર્ષ ગુજરાતની ધરતી પર વિચરી ભગવાન સ્વામિનારાયણે વિશ્વને અનુપમ મંદિરો, હિન્દુત્વના સિદ્ધાંતોની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રો અને અધ્યાત્મની પરંપરા ચલાવે તેવા ગુણાતીત સંતની ભેટ આપી અદ્‌ભુત કાર્યો કર્યાં.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ શ્રીહરિની સર્વોપરિતાનો ઉદ્‌ઘોષ કર્યો. હજારોનાં જીવન પરિવર્તન કર્યાં. બ્રહ્મવિદ્યાથી વિભૂષિત સત્સંગ સમાજમાંથી મહુવાના ગૃહસ્થ ભક્તરાજ પ્રાગજી ભગત પર કળશ ઢોળ્યો ! તેમને પોતાના અધ્યાત્મ-વારસ બનાવી સ્વામીશ્રીએ ૮૨ વર્ષે ગોંડળમાં જીવનલીલા સંકેલી લીધી.

આ વર્ષો દરમ્યાન સેંકડો સંતો દ્વારા, આચાર્યેન્દ્ર રઘુવીરજી મહારાજ દ્વારા અને સોરઠના હજારો સત્સંગીઓ દ્વારા જાહેરમાં એ વાતનું પ્રતિપાદન થતું રહ્યું કે સહજાનંદ સ્વામી પરબ્રહ્મ છે તો ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે ! આ યુગલ સ્વરૂપોના મહિમાનું પ્રવર્તન કરવામા પ્રાગજી ભક્તે-ભગતજી મહારાજે લોકલાજની પરવા ન કરી, દેહના ભીડાનો વિચાર પણ આગળ ન ધર્યો ! અપમાનોની પરંપરા એમણે હસતે મુખે સહી લીધી અને ગુણાતીતાનંદ સ્વામીના 'અક્ષરબ્રહ્મ'પણાની વાતો છડેચોક કહેવામાં એમને કોઈ રોકી શક્યું નહીં !

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ સમા અનંત શુભગુણોથી શોભાયમાન આ યુગવિભૂતિને શ્રીહરિના સિદ્ધાંતરૂપ જ્ઞાનને પ્રવર્તાવે તેવા સમર્થ શિષ્યની પ્રતીક્ષા હતી ! અને સુરતમાં સં. ૧૯૩૯માં તેમની એ શોધ પૂરી થઈ. એ શિષ્ય હતા : શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ! બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ !

સને ૧૮૬૫માં ખેડા જિલ્લાના મહેળાવ ગામે એમનું પ્રાગટ્ય. ડુંગર ભગત એમનું નામ. પિતા ધોરીભાઈ અને માતા હેતબાના ધર્મસંસ્કારને કારણે જ એમના

અંતરમાં બાળપણમાં જ વૈરાગ્યનો અગ્નિ પ્રગટી ચૂક્યો. અને અનેક સંઘર્ષો પછી શ્રીહરિના મળેલા સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામી દ્વારા આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ પાસે પહોંચી ગયા. સં. ૧૮૮૦માં તેઓ ડુંગર ભક્ત મટી 'સ્વામી યજ્ઞપુરુષદાસજી' બન્યા.

અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવાનો શ્રીજી પ્રબોધિત સિદ્ધાંત પ્રવર્તાવવાનો એમનો પ્રયાસ પ્રથમ ધીમી ગતિએ, અને પછી તીવ્ર ગતિએ શરૂ થયો. એમનાં બુદ્ધિ, બળ અને ઐશ્વર્યશક્તિએ, એમના વ્યક્તિત્વનાં ચુંબકીય આકર્ષણે અને સાધુતાની સહજતાએ, એમના પંચ વર્તમાનની અડગતાએ તેમજ સત્યસિદ્ધાંતમાં એમની નિશ્ચલતાએ સંપ્રદાયને અજ્ઞાન અને જડતામાંથી ઉગારી જ્ઞાનનો પ્રકાશ આપ્યો ! વડતાલમાં રહી એમણે એવાં એવાં કષ્ટો સહ્યાં કે સામાન્ય માનવી એવા સંજોગોમાં અવશ્ય તૂટી પડે ! એમને ઝેર અપાયું, સળગતાં ચૂલામાં ફેંકવાનું કાવતરું રચાયું. આચાર્ય લક્ષ્મીપ્રસાદજીએ એવા સંજોગોમાં આ પવિત્ર સંતનો વિશેષ અનાદર કર્યો અને કહ્યું : 'જાવ, આખો દેશ પડ્યો છે ! જ્યાં જવું હોય ત્યાં જાવ !' અને સને ૧૯૦૫ની કા.વ. ૧ની સવારે સ્વામીશ્રીએ વડતાલ છોડ્યું. સાથે હતા ચાર સાથી સંતો અને કેટલાક હરિભક્તો ! મૂડીમાં હતા એક માત્ર હરિકૃષ્ણ મહારાજના આશીર્વાદ !

વિશાળ સ્વામિનારાયણીય સત્સંગ સમાજ હતો ! શાસ્ત્રી સુધીનું ભણતર હતું, વડતાલ સંસ્થામાં મંડળધારી અને મહંતપદનો અધિકાર હતો, પણ જે દિવસે એમને વડતાલ દેશે અળગા કર્યા ત્યારે તિતીક્ષાના સહારે માત્ર દુ:ખસભર યાતનાઓ જ ભોગવવાની બાકી રહી હતી.

અને જોતજોતામાં કાળનો પ્રવાહ વહી ગયો. ચાલીસ વર્ષમાં બોચાસણ, સારંગપુર, ગોંડળ અને અટલાદરાના મહાલય સમાં મંદિરો સત્સંગ સમાજના ચરણે, ગુજરાતની ભાવિક પ્રજાના ખોળે અર્પણ કરી સ્વામીશ્રીએ એક આખા યુગને પલટાવી નાખ્યો...

એમની ઉપસ્થિતિમાં સને ૧૯૪૫માં સલાડમાં ભવ્ય પારાયણ ઊજવાઈ, લાખોનો મહેરામણ આ દિવ્યતાના અંબાર સમા મહાપુરુષનાં દર્શને ઊમટી પડ્યો. વડોદરાથી લવાયેલા ગજરાજ 'રાજશેખર' ઉપર સ્વામીશ્રીની સવારી ગામની વચ્ચેથી પસાર થઈ. સલાડના હરિમંદિરમાં શ્રીહરિ સાથે અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ પધરાવી સ્વામીશ્રીએ

પ્રતિષ્ઠાની આરતી ઉતારી... એ મંગલ ધ્વનિ શમ્યા ત્યાં -

'મંદિરના એક ભાગમાંથી આ દિવ્ય સભાને આકર્ષતો, બીનના મુધર ઝંકાર સમો, તંબુરના નાદથી રણઝણતો શિવાનંદ સ્વામીનો નાદ સંભળાયો :

નમું યજ્ઞપુરુષ કરુણા કરણં, જનનાં જનનં મરણં હરણં...

નમું બ્રહ્મસ્વરૂપ ધરં વરદં, નિજ સેવકને પદ અક્ષરદં...

પ્રશસ્તિ ગીત પૂરું થયું, દિવ્ય ચેતનામાં લુબ્ધ બની ગયેલી સભા જાગ્રત થઈ, છતાં કાનમાં એ શબ્દો ગુંજતા હતા :

'નમું યજ્ઞપુરુષ કરુણા કરણં, જનનાં જનન મરણં હરણ...'[1]

અને સ્વામીશ્રી સુવર્ણ અંબાડીએ શોભતા ગજરાજ 'રાજશેખર' ઉપર બિરાજ્યા. પોતાના ગુરુહરિની સૌમ્ય, ભવ્ય, મનોહર મૂર્તિનાં આ દર્શને હજારોનાં હૈયાં ભક્તિના ઉમંગમાં ઉછાળા લેવા લાગ્યાં... 'અક્ષર પુરુષોત્તમ મહારાજની જય...' 'શાસ્ત્રીજી મહારાજની જય...'નો ગગનભેદી નાદ ઊઠ્યો, સત્સંગે કદી ન અનુભવેલા દિવ્ય ઉત્સાહથી ઊભરાતા લોકોએ સેંકડો દીવડાઓની આરતીથી સ્વામીશ્રીને વધાવ્યા...

●

૮૫મી જયંતીમાં આ દિવ્ય સંતવર્યને પુનઃ એકવાર સોનાથી તોલવાનો ઉત્સાહ સત્સંગમાં વંટોળની જેમ ઊપડ્યો.

દેહાતીત બ્રહ્મસ્વરૂપી સ્થિતિવાળા પોતાના ગુરુહરિનાં ઋણ ફેડવા આથી અધિક શું થઈ શકે ? અને મુક્તરાજ મણિભાઈ, મુક્તરાજ ચંપકભાઈ જેવા સત્સંગના મહારથીઓએ એ બીડું ઝડપી લીધું.

સૌરાષ્ટ્રમાં યોગીજી મહારાજ સાથે કુબેરભાઈ અને હકાભાઈ, નારાયણભાઈ શેઠ અને રામજી લક્ષ્મણજી મિસ્ત્રી, બાપુભા સાહેબ અને અગરસંગ રાણા, દરેડ દરબારશ્રી અને ગણોદ ઠાકોર સાહેબ, આફ્રિકામાં મગનભાઈ અને હરમાનભાઈ, મુંબઈમાં હર્ષદભાઈ દવે અને છગનભાઈ નારણભાઈ, ગુજરાતમાં નિર્ગુણસ્વામી સાથે મણિભાઈ, ખેંગારજીભાઈ વગેરેએ ફરવા માંડ્યું. સુવર્ણનું કે રકમોનું દાન મળવા લાગ્યું અને અટલાદરાના ભાગ્ય ઊઘડી ગયાં. સને ૧૯૪૯ની વસંતપંચમીએ લાખો લોકો મંદિર સામેના પ્રાંગણમાં પોતાના જીવન પ્રાણસમા ગુરુહરિને અર્ઘ્ય આપવા ઊમટી પડ્યા :

૧. બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ પૃ. ૨/૨૩૭

'અટલાદરા મંદિરની બાજુમાંથી જ જતો પાદરાનો માર્ગ, જેમ મહાસાગરમાં ભરતીનાં ઉત્તુંગ મોજાંથી અખંડ ઘોષણા થાય, તેમ જય ઘોષણાથી ગાજવા લાગ્યો. જાણે માનવ મહેરામણની છોળ્યું ઊડતી હોય તેમ એ રાજમાર્ગ શોભવા લાગ્યો...'

'મંદિરની આજુબાજુના માર્ગમાં દૃષ્ટિ પણ ન પહોંચે ત્યાં સુધી સફેદ શમિયાણા, તબુઓ, રાવટીઓ શોભી રહ્યા હતા. મંદિરના દરવાજા, હવેલીઓ, સિંહદ્વાર વગેરેની શોભાથી અટલાદરા અલકાપુરીની જેમ શોભવા લાગ્યું.'[૨]

છેલ્લા બે વર્ષની મહેનતને અંતે સુવર્ણતુલા વિધિ સંપન્ન થઈ. આ નિઃસ્પૃહી મહાપુરુષે સુવર્ણ સામે બેસવાનો ઇન્કાર કર્યો અને સાકરથી તોલાયા. મુંબઈ પ્રાંતના પ્રધાન શ્રી ગુલઝારીલાલ નંદાજી આ ઉત્સવમાં એક સ્વયંસેવક બનીને ઉપસ્થિત હતા ! આગલે દિવસે સાંજે ૫-૦૦ વાગે વિરાટ શોભાયાત્રા પ્રચંડ ઘોષ સાથે અટલાદરા - વડોદરા રાજમાર્ગ પર નીકળી. સ્વામીશ્રી, યોગીજી મહારાજ અને નિર્ગુણ સ્વામી ગજરાજ પર બિરાજમાન હતા...

વર્ષો પહેલાં ૨૫-૨૭ વર્ષની ઉંમરના યજ્ઞપુરુષદાસનાં દર્શન કરી તલગાજરડા ગામનો એક પટેલ આ સંતની તેજવંત પ્રતિભા જોઈને તે સહસા બોલી ઊઠ્યો હતા :

'અહો, આવા હાથીની અંબાડીએ બેસે તેવાને આજે રખડવું પડે છે !'[૩] - એ ભાવના આજે સત્ય ઠરી હતી...

નાની કાઠીનો દેહ, ધ્યેયને હાંસલ કરવા મરણિયા થવાની એમની વૃત્તિના પ્રતીક સમું કંઈક ચોરસ મુખારવિંદ, ઊભો સ્કંધ પ્રદેશ અને દિવ્યતાના સામુદ્રિક લક્ષણોની યાદ આપતું ઊપડતું વક્ષઃસ્થળ, એમના ગુરુજી ભગતજી મહારાજની પવિત્રતા અને નિર્દોષતાનું સ્મરણ કરાવતું બાળ સહજ મુખ અને ગમે તેવા વિદ્રોહીને પણ આશીર્વાદ આપી શકે તેવા આજાન બાહુ ! સૌથી વિશેષ તો વિદ્યુતની જેમ ચમકતી એમની ઊંડી, ચમકદાર, કરુણા વરસાવતી વહાલભરી આંખો - દરેકને પ્રભાવિત કરતી.

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી સાથે જેઓ માત્ર ૧૮ વર્ષની ઉંમરથી ત્યાગી

---

૨. બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ પૃષ્ઠ ૨/૩૦૬

૩. એજન પૃષ્ઠ ૨/૩૧૧

થઈને રહ્યા હતા, એ વચનસિદ્ધ જૂનાગઢી સદ્‌ગુરુ યોગશ્વર સ્વામીએ ૨૭ વર્ષના યજ્ઞપુરુષદાસજીને જોઈને કહેલું :

'છોકરા, તારામાં તેજ અપાર છે. વળી બુદ્ધિ પણ બહુ જ છે ને ઘણી ઝીણી છે, તારી આ નાનકડી કાયામાં વિદ્યુત શક્તિ પણ અપાર છે. શ્રીજી તારામાં અખંડ નિવાસ કરીને રહે તેવું તારું આ સત્સંગમાં પરમ અદ્વૈત સ્વરૂપ છે. લાખ લાખ માણસ તારી વાંસે ફરશે, એવો સાધુ હું તને દેખું છું, જા મારા આશીર્વાદ છે, તારામાં મહારાજ અખંડ નિવાસ કરીને રહેશે ને લાખો મનુષ્યો તારી પાછળ ફરશે.'[૪]

તેમણે વિદ્યા સંપાદન કરી એક વખત ગઢપુરમાં વિરાટ જનમેદની વચ્ચે સંપ્રદાયના ધર્મધુરંધર આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ અને સેંકડો સાધુઓ ઉપસ્થિત હતા. તેમાં કાશીના પ્રકાંડ પંડિતોની ઉપસ્થિતિમાં ગુજરાતના ખ્યાતનામ પંડિત મહિધર શાસ્ત્રીએ સ્વામીશ્રી સામે શાસ્ત્રાર્થ માંડ્યો. જેમાં સ્વામીશ્રીએ તેમને જબરદસ્ત શિકસ્ત આપી હતી. એ સમયે સ્વામીશ્રીના વિદ્યાગુરુ રંગાચાર્ય બોલી ઊઠ્યા હતા :

'अस्मिन संप्रदाये एकमेव !'

'અખિલ સંપ્રદાયમાં આમના જેવા તો આ એક જ.'[૫]

ભગતજી મહારાજ માટે એ 'કોડીલો લાલ' હતા. અને દીક્ષા સમયે જોષ જોનાર જ્યોતિષી માટે 'મહાન ઈશ્વરાવતાર' હતા. તેણે કહ્યું હતું : *'આ સાધુ મહાસમર્થ અને યોગીન્દ્ર પુરુષ થશે.'*[૬]

એમનું ચપળ, ચુંબકીય, સુદૃઢ, શક્તિમાન, ઉત્સાહી અને વશીકરણ કરે તેવું આકર્ષક વ્યક્તિત્વ એવું પ્રભાવક હતું કે તેઓ જ્યાંથી પસાર થાય ત્યાં સૌ કોઈ ઊભા રહી જતા. એમને નિરખી રહેતા. કંઈક અપાર્થિવ પ્રભાવ ચોવીસ કલાક એમના વ્યક્તિત્વમાંથી ફેલાયા કરતો. એમની નજીક ઊભેલી દરેક વ્યક્તિ વામણાપણાનો અનુભવ કરતી છતાં એમને માટે ફના થઈ જવાની તેને લાગણી થઈ આવતી.

આ નાની ઉંમરના સંત જ્યારે વડતાલના સભામંડપમાં સેંકડોની મેદનીને

---

૪. એજન પૃષ્ઠ ૧/૨૮૭

૫. એજન પૃષ્ઠ ૧/૧૬૬

૬. એજન પૃષ્ઠ ૧/૫૮

સંબોધતા, ત્યારે વડતાલના પીઢ, વયોવૃદ્ધ કોઠારી ગોરધનભાઈ પણ એ વાણી સાંભળવા બેસી જતા. એકવાર ખુશાલ ભગતે તેમને પૂછેલું : 'તમેય બંડિયાની[૭] વાતો સાંભળો છો ?

ત્યારે વડતાલના સર્વેસર્વા કોઠારી ગોરધનભાઈ બોલ્યા હતા :

'આ વડતાલમાં બે હજાર ત્યાગીઓ છે, તેમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો સર્વ પ્રકારે ધન-સ્ત્રીનો ત્યાગી મેં હજી સુધી કોઈ દીઠો નથી ! તેની વાતો મને સાકરના કટકા જેવી લાગે છે.'[૮]

ખરેખર, સ્વામીશ્રી બોલતા ત્યારે શ્રીહરિના સિદ્ધાંતો અને રહસ્યોના દરવાજા સહજ રીતે ઊઘડી જતા હોય તેમ સૌને અનુભવાતું. એમના પવિત્ર, વિશુદ્ધ અંતઃકરણનો આવિર્ભાવ એમની વાણીમાંથી પ્રગટતો. દરેકનાં હૈયે તેની અમીટ, સુદૃઢ અને ચિરંજીવ છાપ પડી જતી.

શ્રીજીના પરમહંસ સ્વામી ઉપેન્દ્રાનંદજીના શિષ્ય વયોવૃદ્ધ સંત મુરલીધરદાસે ડભોઈમાં કહ્યું : *'અહો, યજ્ઞપુરુષદાસ, આવી વાતો તો અમે જિંદગીમાં સાંભળી નથી ! આજે તો વાતો કરી તમે અમારું અંતર ઠારી દીધું....! યજ્ઞપુરુષદાસ, તમે તો આજે હદ વાળી દીધી ! અમારી હઠ, માન, ઈર્ષા ઓગાળી શુદ્ધ કરી દીધા.'*[૯]

સ્વામીશ્રીની વાણી લોકોને કેટલા ઊર્ધ્વગામી બનાવી શકતી તેનું આ પૂરતું ઉદાહરણ છે. સંસારની વાતો અને સંસારના રાગદ્વેષ કેટલા ક્ષુલ્લક છે તેનું ભાન સ્વામીશ્રીની વાણીથી માત્ર થોડા જ કલાકમાં પ્રગટી જતું.

ગુણાતીતાનંદ સ્વામીના રાઠોડ જ્ઞાતિના શિષ્ય જાગા સ્વામીને ત્રાસ આપવા સાધુઓએ બંધી ફરમાવવા પ્રયત્ન કર્યા. કોઠારી જીભાઈ દ્વેષી સાધુઓની જાળમાં આવી ગયા અને જાગાસ્વામીનાં દર્શને જવા કે કથા સાંભળવા પર ભક્તોને પ્રતિબંધ ફરમાવ્યો. સ્વામીશ્રીએ તરત જ રાજકોટથી જૂનાગઢ જઈ આખી રાત જીભાઈને મંદિરના એકાંતમાં બેસાડી અદ્ભુત વાતો કરી, અંતે આંસુ સાથે કોઠારી

---

૭. 'બંડિયા' : આ શબ્દ સ્વામીનાં તેજોદ્વેષીઓ સ્વામીશ્રી માટે અને સ્વામીશ્રીના હેતવાળા સમુદાય માટે વાપરતા. કેમકે સ્વામીશ્રીએ વચનામૃતમાં પડેલા અક્ષર-પુરુષોત્તમનાં સિદ્ધાંતનો રહસ્યસ્ફોટ કર્યો હતો. જેમાં અજ્ઞાની લોકોને બંડ દેખાતું. તેથી તેજોદ્વેષના ભાગરૂપે 'બંડિયા' શબ્દ અસ્તિત્વમાં આવ્યો હતો.

૮. એજન પૃ. ૧/૨૮૫

૯. એજન પૃ. ૧/૧૫૪

જીભાઈ બોલ્યા હતા :

'સ્વામી, આ કોઠારના અધિકારમાં ને વર્ણના (જ્ઞાતિના) માનમાં જાગાભક્તના મહિમાને સમજી ન શક્યો.... ને આ ઉપાધિ કરી છે.... હવે તો તેમની પાસે જઈ ચરણમાં પડી તેમની માફી માંગીશ ત્યારે શાંતિ થશે.... તમે મને મારી ભૂલ સમજાવી દીધી છે !'[૧૦]

સ્વામીશ્રીના અંતઃકરણમાંથી ઉદ્‌ભવતા વિચારો એટલા સ્પષ્ટ, એટલા સમર્થ અને એટલા પારગામી હતા કે મર્યાદિત માનવબુદ્ધિમાંથી આવા વિચારો ક્યારેય શક્ય ન બને, તેવી સાંભળનારને પ્રતીતિ આવતી. માત્ર ૨૫ થી ૩૦ વર્ષની વય હોય, અને સામે મુરલીધરદાસ જેવા વયોવૃદ્ધ કે અમદાવાદનાં ૯૦ વર્ષીય પ્રકાંડ પંડિત કૃષ્ણસ્વરૂપદાસજી જેવા સમર્થ સંતો બેઠા હોય ત્યારે તેમને પણ બ્રહ્મવિદ્યાનું હાર્દ બતાવી દેતા. આવા સમયે તેમના હૈયે પણ કેટલી ભક્તિ જાગી જતી હશે !

'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર'

તત્ત્વજ્ઞાનના સાર સમી આ સમજણ સંપ્રદાયના જૂના જૂના દિગ્ગજોના ગળે ઉતારવી એ રમત વાત નહોતી ! અને સ્વામીશ્રી તેમાં સફળ બન્યા હતા. પંડિત સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ અમદાવાદમાં વડતાલના સંતોને કહેલું : 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને મારા વતી પાંચ દંડવત્ કરી જય સ્વામિનારાયણ કહેશો. તેમનો સમાગમ મને ન થયો હોત તો હું ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીને યથાર્થ ઓળખત નહીં. હું તો એમ જાણતો કે ગોપાળાનંદ ટોડલા (ગામ)નો બ્રાહ્મણ ને ગુણાતીતાનંદ ભાદરા (ગામ)નો બ્રાહ્મણ ! ને બંને ખૂબ કામણ કરનાર હતા ! પણ તેમનો મહિમા મને આ શાસ્ત્રી (યજ્ઞપુરુષદાસજી)ના સમાગમથી સમજાયો !'[૧૧]

આવા માનસિક-આત્મિક પરિવર્તનો એમની વાણીથી પ્રગટતો સહજ ચમત્કાર હતો. વાણીથી અને વ્યક્તિત્વના પ્રભાવથી તેઓ આધ્યાત્મિકતા રેલાવતા. શક્તિ અને અખૂટ પ્રકાશની અનુભૂતિ કરી જે કોઈ તેમના સંપર્કમાં આવતા, તે શ્રીજી અને સ્વામીના સ્વરૂપજ્ઞાનના અધિકારી થઈ જતા. એમના ગુરુ ભગતજી મહારાજ પોતાના શિષ્યની આ વિલક્ષણતાને જુદી જ રીતે વધાવતા ને કહેતા : *'તે તા ઠાકોરિયો વીંછી છે તે જ્યાં જશે ત્યાં મુમુક્ષુને ચટકા મારી ને પ્રત્યક્ષ ભગવાન અને*

૧૦. એજન પૃ. ૧/૧૮૭

૧૧. એજન પૃ. ૧/૧૬૮

સંતની ઓળખાણ કરાવી દેશે.'[૧૨]

સ્વામીશ્રીનો કોઈપણ મુમુક્ષુ ઉપરનો પ્રથમ પ્રભાવ હંમેશાં ઘટનાત્મક રહેતો. ક્યારેય તેમણે બીજાઓની જેમ પ્રવચનો - કથાઓ નથી કર્યાં. પૂર્વ તૈયારી માટે નજર નાખે, સત્સંગિજીવન કે શ્રીમદ્ ભાગવતના શ્લોકો જોઈ લે અને પછી ગંગાની ધાર સમી અસ્ખલિત ધારા વહેવા લાગે....

એમનો સંદેશ લોકોનાં હૈયાં વલોવી નાંખતો. એમની સદ્ધિાંતનિષ્ઠા ગમે તેવા જડ હૈયાને વીંધી નાખતી. સરળ ભાષામાં જાણે કોઈ તાલબદ્ધ સંગીત સંભળાતું હોય તેમ સૌ મંત્રમુગ્ધ બની જતા. એમના અંતરમાં પ્રકાશતી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાની જ્યોત લોકોના મસ્તકમાં પેસી જતી અને અજ્ઞાનના અંધકારમાં ચોતરફ જ્ઞાનનો પ્રકાશ પથરાઈ જતો.

તેઓ માત્ર માતા હેતબા અને પિતા ધોરીભાઈના જ લાડકવાયા થવા નિર્માયા નહોતા. શ્રીજીનો સિદ્ધાંત શાસ્ત્રોમાં દબાયેલો હતો અને સાધુઓ તથા અધિકારીઓના અધિકાર નીચે ધરબાએલો હતો. વર્ણ-આશ્રમની ગુંચવણોમાં ગુંચવાયેલો હતો. સત્ય વાત કરનાર સંત કે ભક્ત હાંસી અને ઉપેક્ષાનું પાત્ર બની, સોળના ભાવમાં ફેંકાઈ જાય તેવું વાતાવરણ એ સમયે પૂરેપૂરું જામી ગયું હતું. સાધુઓની જમાતને હવે પરસ્પરની ખટપટો કરવામાં અલૌકિક સત્સંગ સમુદાયનો ઉત્કર્ષ કરવાનો સમય નહોતો, આવા સમયે આશાનું એક પણ કિરણ સંપ્રદાયના આકાશમાં ફૂટી નીકળે તો ઘોર અંધકારમાં જ તે વિલાઈ જાય તેમ હતું, જરૂર હતી એક સૂર્યના ઉદયની ! સત્યનિષ્ઠા, સ્વધર્મનિષ્ઠાના તેજથી તેજાયમાન ચેતનાના તેજઃપુંજની !

સ્વામીશ્રીનો અવતાર આવા દિવ્ય હેતુઓને પાર પાડવા માટે હતો. પરિવ્રાજક જીવન તે હેતુ પાર પાડવાનું એક માત્ર શ્રેષ્ઠ માધ્યમ હતું. સ્વામીશ્રી બોલ્યા હતા : 'મારો જન્મ અક્ષર-પુરુષોત્તમનાં મંદિરો બાંધવા માટે થયો છે... આપણે તો અક્ષરપુરુષોત્તમના બળદિયા છીએ, તેથી મહારાજને આપણી પાસેથી જેટલું કામ લેવાનું છે તેટલું લેશે જ.[૧૩]

'અક્ષર-પુરુષોત્તમ માટે આપણે શ્વપચ (ચાંડાળ) ને ઘરે વેચાવું પડે તો પણ તે ઓછું છે... તન, મન, ધનથી મહારાજ ને સ્વામીની આપણે સેવા

૧૨. એજન પૃ. ૧/૧૫૬

૧૩. એજન પૃ. ૨/૧૨૩

કરવી, એક એક હરિભક્તની નાનામાં નાની સેવા કરવી એ સ્વયં સહજાનંદ સ્વામીની સેવા છે.'[૧૪]

તેઓ કહેતા : 'હરિભક્તોની થાળીઓ ઊટકીને અમારા નખ ઘસાઈ ગયા છે, ત્યારે આ સત્સંગ થયો છે.'[૧૫]

આ શબ્દોમાં કેટલી લગની છે ! શ્રીજીના તત્ત્વજ્ઞાનની મૌલિકતાને લોકહૃદયમાં ઠારવા માટે કેટલી અને કેવી ભાવના જોઈએ ? તે આ શબ્દોમાં સ્વામીશ્રીએ બહુ અસરકારતાથી રજૂ કરી દીધી છે.

તેમણે લખ્યું છે : 'મને ખોટી વાત ગોઠવણી કરીને બીજાને સમજાવી, સ્વાર્થ સાધવો એવું આવડતું નથી. પૃથ્વી બધાં પાપનો ભાર સહન કરી શકે, પણ અસત્ય બોલનારનો ભાર સહન કરી શકતી નથી. મારે કોઈ પ્રકારે અસત્ય વાતમાં દુરાગ્રહ કરવો હોય નહીં. માટે ખાસ મારો વિશ્વાસ હોય ને સાચા બોલો, પ્રમાણિક પુરુષ હોઉં, એમ માનતા હો તો ઉપાસનાની વાત સાચી માની ખરા અંતઃકરણથી 'સ્વામી અનાદિ અક્ષર છે' તે વાતની નિષ્ઠા કરશો ! આવો અલૌકિક વખત પછી મળશે નહીં !' (યજ્ઞપુરુષ સ્મૃતિ)

સ્વામીશ્રીના આ પવિત્રતમ હેતુએ જ તેમને વિશ્વકીર્તિના શિખરે બિરાજમાન કર્યા, પરંતુ નાનામાં નાના થઈને જાજરૂ-બાથરૂમ સાફ કરવા, બીજાની સેવામાં જોડાઈ જવું. માઈલો સુધી માથે પોટલાં લઈને ગામડાં ગામની મજલો કરવી તેમાં તેમને ક્યારેય નાનપ નહોતી મનાઈ.

ગોંડળમાં બબુભાઈ સોમનાથ પટેલે સ્વામીશ્રીની હાજરીમાં એક પ્રસંગની સ્મૃતિ આ શબ્દોમાં કરી હતી :

'વૃદ્ધ છતાં પણ દિનરાત વિચરે, દેહની પરવા ત્યજી !' આ વાત તદ્દન સત્ય છે. અમે સાંકરદા જવા સ્વામી સાથે રણોલી ઊતર્યા. ગાડું લેવા નહોતું આવ્યું. કોતરોવાળો રસ્તો ને અમાસની કાળી રાત. સ્વામીશ્રીએ જાતે પોટલાં ઉપાડ્યાં હતાં. રાતે ગામ પદમલા પહોંચ્યા. હું તો થાકી ગયો. ને વિચાર આવ્યો : 'અહાહા ! સ્વામીશ્રીની સત્સંગ વધારવાની શી ધગશ ! ઘોર અંધકારમાં માથે પોટલાં મૂકી ૭૫ વર્ષની ઉંમરે આવા રસ્તે ચાલવું, તે કેટલો કરુણાનો ભાવ !' એ વખતે સ્વામીશ્રી કહે : 'આજે તો જંગલમાં સૂવું છે !'

૧૪. એજન પૃ. ૧/૫૫૦

૧૫. એજન પૃ. ૧/૫૫૨

પછી જોગી મહારાજ ગામમાં ગાડું લેવા ગયા. પણ જ્યાં ગાડું, ત્યાં બળદ નહીં ! ને બળદ ત્યાં ગાડું નહીં !... માંડ ભાંગલું ગાડું મળ્યું ને બે બળદ જોડ્યા ને સાકરદા પહોંચ્યા ! હું તો કંટાળી ગયેલો, મને થયું ધન્ય ગુરુરાજ ! આવો ભીડો અમારાથી તો સહન જ ન થાય !'[૧૬]

સ્વામીશ્રી આવા પ્રસંગોમાં પોતાના વિરાટ વ્યક્તિત્વથી જાણે અભાન બની જતા. તેમને અહંનો સ્પર્શ પણ થઈ શકતો નહીં. હા, શ્રીહરિના કર્તાભાવમાં તેમનું જાણપણું હંમેશાં અખંડ રહેતું.

વડતાલ રહ્યા વઢવાણનું મંદિર બંધાવ્યું. અક્ષર અને પુરુષોત્તમને જમણા ડેરામાં પધરાવ્યા, તેનો તાર વાંચી ગોરધનભાઈ કોઠારી વેદનાથી બોલ્યા હતા : 'શ્રીજી કરે તે ખરું'[૧૭]

સ્વામીશ્રીએ ક્ષણાર્ધમાં કહ્યું હતું : 'શ્રીજી એ જ કર્યું છે !' કોઈ પણ કાર્યની સફળતા-નિષ્ફળતા, યશ-અપયશ, તેઓ શ્રીજીના ચરણે સમર્પિત કરી દેતા.

અને એટલે જ અખિલ હિંદ મજૂર મહાજનના સિદ્ધાંતનિષ્ઠ અગ્રણી અને રાષ્ટ્રીય નેતા ગુલઝારીલાલ નંદા તેમનામાં આકર્ષાયા હતા. તેઓ કહે છે :

'એક શ્રેયાર્થી તરીકે સત્સંગમાં પ્રથમ હું આવ્યો, ત્યારથી જ સ્વામીશ્રીનાં દર્શનથી મને તેમના પ્રત્યે અદ્‌ભુત આકર્ષણ થયું... તેઓ સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે તેવું પરમ સત્ય પણ મને સમજાયું.'[૧૮]

ગોંડળ રાજ્યના વિદ્યાધિકારી ચંદુભાઈ બેચરભાઈ પટેલે કહ્યું :

'સ્વામીશ્રી કેવળ બ્રહ્મવિદ્યાના પ્રવર્તક છે, એટલું જ નહીં, તેઓ આદર્શ ભક્ત અને સેવક પણ છે ! ગોંડળ અક્ષર મંદિરના ૬૦-૬૦ ફૂટ ઊંડા પાયામાં ઊતરી તેમને કામ કરતાં મેં નજરે જોયાં છે. પાનેલીની ખાણમાંથી પથ્થર કઢાવતા ને અસહ્ય તાપમાં ખાવા-પીવાની દરકાર વગર મંદિરના કામ માટે ગમે ત્યાં હરતાં-ફરતાં કે સૂઈ રહેતાં મેં નજરે દીઠા છે. આ તેમની સહજાનંદસ્વામી પ્રત્યેની અપૂર્વ ભક્તિ બતાવે છે ![૧૯]

દરેડ બાપુ, લીંબડીના ઠાકોર સાહેબ, દીવાન ઝવેરભાઈ નાથાભાઈ, ગણોદ

૧૬. બ્ર.સ્વ. શાસ્ત્રીજી મહારાજ પૃ. ૨/૨૪૨

૧૭. એજન પૃ. ૧/૨૬૦

૧૮. એજન પૃ. ૨/૧૮૦

૧૯. એજન પૃ. ૨/૧૭૮

ઠાકોર સાહેબ, બિલારાના ઠાકોર સાહેબ હરિસિંહજી વગેરે જે જે સ્વામીશ્રીના સંપર્કમાં આવ્યા તે આખરે તેમના શરણાર્થી થઈને રહી ગયા.

એમનો જન્મજાત એક અદ્‌ભુત ગુણ હતો : વીરતા ! તેઓ કદીયે હાર સ્વીકારતા નહીં. સત્ય તેમના સંઘર્ષની આધારશિલા હતું. સત્ય તેમના સંઘર્ષનું માધ્યમ હતું અને સત્યનો વિજય તેમના સંઘર્ષનું પરિણામ હતું.

તેમની વાણી, તેમનાં કાર્યો અને તેમના પત્રોમાં તમામ વિરોધીઓને મુંગા કરી દેવાની પૂર્ણ તાકાત પ્રગટતી.

જે લીંબડી ઠાકોર સાહેબે સ્વામીશ્રીને સારંગપુર મંદિરની જમીન આપી હતી, તે ઠાકોર સાહેબ અને કાકા સાહેબ પોતાના સિદ્ધાંતમાં ડખલગીરી કરી રહ્યા છે, તેવો અણસાર આવ્યો ત્યારે સ્વામીશ્રીએ ખુમારીથી કહ્યું હતું : 'ઠાકોર સાહેબ, આ માથું ગુણાતીત માટે મુંડાવ્યું છે ! એટલે મધ્ય મંદિરમાં તો અક્ષર-પુરુષોત્તમ મહારાજ જ બેસશે !'[૨૦]

સત્તા પણ એમના સત્ય સામે દબાઈ જતી.

વડતાલે તેમને અળગા કર્યા પછી ક્યારેક સમાધાન થશે, તેવી સંભાવનાઓ સ્વામીશ્રીએ વર્ષો સુધી જોઈ હતી અને એટલે જ તો તેમણે આખીયે સંસ્થાને અલગ બંધારણ અને અલગ ટ્રસ્ટ દ્વારા સંગઠિત કરવાની હિમાયત એમના સ્વધામ ગમનના આગલા જ વર્ષે - ૧૯૫૦માં કરી !

જીવનના અંત સુધી તેઓ પ્રતીક્ષા કરતા હતા કે ક્યારેક વડતાલ સંસ્થા સાથે સમાધાન થશે, લોકો સત્ય સમજશે, દિગંતવ્યાપી અક્ષર-પુરુષોત્તમના ડંકા સાંભળી અજ્ઞાનનિદ્રા ઊડશે.

તેમણે રામચંદ્રભાઈ ઠાકરને સારંગપુરમાં કહેલું : 'સમાધાન થવાનું તો એવું છે કે આપણું બધું જ રહે, તો તે બને ! આખા સત્સંગમાંથી અને આફ્રિકાથી લાખો રૂપિયા ખર્ચીને (અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ મધ્ય મંદિરમાં) પધરાવી છે, તે શું કાઢી નાંખવા માટે ? એવું કદી બને ખરું ?'[૨૧]

સ્વામિનારાયણ સંપ્રદાયનું આ અદ્‌ભુત, ઉજાગર, અદ્વિતીય સ્વરૂપ જોઈને દરેકની હૃદયભાવનાને વાચા આપતાં મુંબઈની લેજીસ્લેટીવ કાઉન્સીલના માજી સભ્ય અને અગ્રણી રાજકીય આગેવાન દાદુભાઈ દેસાઈએ કહેલું : 'હું છાતી

૨૦. એજન પૃ. ૧/૪૪૯

૨૧. એજન પૃ. ૨/૩૮૨

ઠોકીને કહી શકું છું કે જે પારમાર્થિક પ્રવાહ સ્વામિનારાયણે પોતે સ્થાપ્યો ને તેમના નંદ સાધુઓએ જગતમાં પ્રવર્તાવ્યો તે જ પ્રવાહ આ સંપ્રદાયની કોઈ પણ મહાન વ્યક્તિએ તેમના પછી ચાલુ રાખ્યો હોય તો એ શાસ્ત્રીજી મહારાજ જ છે ! એ મહાન યોગી સંત છે !'[૨૨]

સ્વામીશ્રી કહેતાઃ 'ગુરુ થવાનો અધિકાર શું કેવળ ત્યાગીઓને જ છે ? જ્યાં સુધી વર્ણાશ્રમનું માન છે ત્યાં સુધી તમે સાધુ જ નથી !'[૨૩]

વળી કહેતા : 'ધાર્યું તો એક મહારાજનું થાય છે, માટે આપણે જો ભગવાન રાખ્યા છે ને સત્યનો પક્ષ છે તો આપણો કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી !'[૨૪]

અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ વઢવાણમાં પધરાવી તે જાણી મુરલીધરદાસે સ્વામીશ્રીને પૂછેલું : 'અક્ષર-પુરુષોત્તમને તમે વઢવાણના ખારામાં કેમ બેસાડ્યા ?' ત્યારે છાતી કાઢીને સ્વામીશ્રીએ એક જ વાક્યમાં સત્ય ઉચ્ચાર્યું હતું : 'સ્વામી, આ તો હજુ ઉતારો કર્યો છે ! હજી ચરોતરના ચોકમાં બેસશે ત્યારે ખબર પડશે !'[૨૫]

સ્વામીશ્રીએ ચરોતરના ચોકમાં - બોચાસણ ગામમાં ત્રણ શિખરનું ભવ્ય મંદિર પૂરું કર્યું, પ્રતિષ્ઠા થઈ અને દૂર સોરઠ સુધી તેનાં ડંકા સંભળાઈ ચૂક્યા.

રાજકોટમાં ગુણાતીતજ્ઞાનના સમર્થક કૃષ્ણજી અદા કહેતા : 'હવે શુદ્ધજ્ઞાન છડે ચોક કરવું હોય તો બોચાસણ જવું. તે મંદિરની સેવા કરવીને તે પુષ્ટિમાં ભળવું. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસે આખા સંપ્રદાયની ભારે સેવા કરી છે.'[૨૬]

જ્યાં આવી અમાપ ઊર્જા છલકતી હોય, જ્યાં સંઘર્ષની કાળઝાળ તાવણીમાં વર્ષો વીત્યાં હોય, ત્યાં પ્રેમ-લાગણી-હૂંફ ને કલા શોષાઈને જતાં જ રહે ! અને એવી હૃદયભૂમિએ મરુભૂમિનું સ્વરૂપ પકડી લીધું હોય, પરંતુ પ્રમુખ સ્વામી મહારાજ કહે છે : 'સ્વામી (શાસ્ત્રીજી મહારાજ) તો રસિયા બાલમ હતા !'

તેઓ હસતા, તો જાણે નિર્દોષતા ઝરી રહેતી ! ગોંડળ અક્ષરદેરીમાં દિલરૂબા લઈને કોઈ સંગીતની ધૂન છેડતા અને બ્રહ્મનો આનંદ લહેરાઈ વળતો. પીરસવા

---

૨૨. એજન પૃ. ૨/૧૦૧

૨૩. એજન પૃ. ૧/૧૯૧

૨૪. એજન પૃ. ૧/૨૪૦

૨૫. એજન પૃ. ૧/૨૫૦

૨૬. એજન પૃ. ૧/૩૬૫

નીકળતા તો ભક્તો દેહભાન ભૂલીને ખાવા લાગતા. પેન-કાગળ લઈને પત્ર લખતા તો લેખકને શરમાવે તેવી તર્કબદ્ધ દલીલો સાથે અભિપ્રાયો વહાવી દેતા. ખેતરમાં જાય ને એક નજરમાં મૌસમી પાક અને પિયત કે મજૂરો-ખેડૂતોની આળસ કે મહેનતને માપી લેતા, ગાડું ચલાવતા તો જાણે રોજ હાંકવાનો અનુભવ ન હોય ?! પથ્થરોની ખરીદી માટે નીકળે તો પ્રત્યેક પથ્થરની ખામી ને ખૂબીઓ ક્ષણવારમાં માપી લેતા ! સ્થપતિ અને શિલ્પીઓને કારીગરીમાં સુધારા સૂચવી દેતા. કમાનો કે તોરણો, મંડોવર કે ઘુમ્મટ, ઘૂમટી કે બારસાખ, સિંહાસન કે મંદિરના હૃદય સમી મૂર્તિઓનું કોઈ પણ કામ કરાવતા ત્યારે કારીગર-કલાકાર પણ ન શોધી શકે તેવી ભૂલ તેમની બારીક નજરેથી છટકી ન શકતી. મિસ્ત્રી ને સલાટો, શિલ્પીઓ અને કારીગરો આ યોગીપુરુષની શતાવધાન કળાઓથી એટલા અભિભૂત થતા કે મનધાર્યું મૂકી સ્વામીશ્રીનું ધાર્યું કરવા લાગતા. રસોઈ બનાવે તો જાણે આંગળા ચાટી જવાય, ને તેમાંય પૂરણપોળી ! સાતની થપ્પી પર ઊભો રૂપિયો ઊંચેથી નાંખીએ તો રહેતે રહેતે નીચે સુધી પહોંચી જાય, એવી કૂણી વેડમી સ્વામીશ્રીની પાકશાસ્ત્રની નિપુણતાની ગવાહી પૂરતી ! શ્લોકો અને કહેવતો ધાણી ફૂટે તેમ બોલતા, ત્યારે પંડિતો પણ વિસ્મિત થઈને જોઈ રહેતા. શાસ્ત્રી વિશ્વનાથ સ્વામીશ્રીની ભાગવતની કથા સંભળી અમદાવાદમાં બોલ્યા હતા : 'સ્વામીએ જે રીતે ભાગવત સમજાવ્યું હતું, તેવું તો શ્રીધર પણ ન સમજાવી શકે. કારણ કે સ્વામી તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ છે ! તે હોય તો જ આવો સ્વાદ આપી શકે !'[૨૭]

સારંગપુરમાં હનુમાન મંદિરમાં સ્વામીશ્રી મહંત હતા ત્યારે રૂા. ૧૨૫માં એક જોડ બળદ લીધા હતા. વડતાલના મુખ્ય ગોરધનદાસ કોઠારીને તે બળદ બતાવીને સ્વામીશ્રીએ કહેલું : 'આજે આ જોડ વેચો તો રૂા. ૭૦૦ આવે !'

ગોરધનદાસ આ વહીવટદક્ષ સાધુથી પ્રસન્ન થઈને બોલ્યા હતા : 'સ્વામી, તમે તો શાસ્ત્રમાં પ્રવીણ, ત્યાગ-વૈરાગ્યમાં પ્રવીણ, ભક્તિમાં પ્રવીણ, વ્યવહારમાં પ્રવીણ અને ખેતી કરી નથી છતાં બળદની પરખમાં પણ પ્રવીણ ! હવે કોઈ વાત બાકી રાખી છે કે નહીં ?!'[૨૮]

ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર અને વિચક્ષણ રાજકીય નેતા કનૈયાલાલ

---

૨૭. એજન પૃ. ૨/૧૯૦

૨૮. એજન પૃ. ૧/૬૩૪

મનશીએ કહ્યું હતું : 'સ્વામિનારાયણ ભગવાન પછી આશરે દોઢસો વર્ષે તેમના જ ઐશ્વર્ય, પ્રતાપ, દિવ્યતા અને યોગીન્દ્રપણાનો વારસો આ સ્વામીજીમાં પૂરો જોઈ શકાય છે. જો આ મહાપુરુષને વડતાલવાળાએ બરાબર ઓળખ્યા હોત અને તેઓશ્રી વડતાલ રહ્યા હોત, તો આજે આખા હિન્દુસ્તાનમાં ઘેર ઘેર સ્વામિનારાયણનું ભજન થતું હોત !'

સ્વામીશ્રી સંપ્રદાયના રત્ન શા માટે ?

સ્વામીશ્રી સંપ્રદાયની પુનર્રચનાના અનોખા ક્રાંતિવીર પરમહંસ શા માટે ?

કોઈ પણ સિદ્ધાંત જ્યારે ઇન્દ્રિયરાગોને પોષનારાઓના પગ તળે દબાઈ જાય છે, આત્મબલિદાનને બદલે રાગદ્વેષની પ્રવૃત્તિઓ વચ્ચે ફસાઈ જાય છે. ત્યારે સિદ્ધાંતના પરિત્રાણ માટે, પરંપરાની રક્ષા માટે, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સહિત ભક્તિના આદર્શ મૂલ્યોનું પુનઃ પ્રતિષ્ઠાન કરવા માટે પરમાત્મા પોતાની વીરલ વિભૂતિઓને મોકલતા રહે છે.

નાશ પામતો સ્વધર્મ અને નાશ પામતો સિદ્ધાંત પરમાત્માની વિભૂતિઓને કારણે જ પુનર્જન્મ પામે છે અને એ પ્રખર સંદેશવાહક, સનાતન મૂલ્યોને માટે નવી વ્યવસ્થા નિર્માણ કરે છે. સ્વામીશ્રી એવા રક્ષણહાર હતા કે તેમણે વેદ, ઉપનિષદોમાં પડેલા સિદ્ધાંતને, શ્રીહરિનાં વચનામૃતોમાં કહેવાયેલા જ્ઞાનને અને ઇતિહાસના ગર્ભમાં છુપાયેલાં મૂલ્યોને ઇષ્ટનિષ્ઠા અને ગુરુનિષ્ઠાના બળે જ ઉગારી લીધા હતા.

એમણે ફેલાવેલી ક્રાંતિની ચિનગારીઓ મુમુક્ષુના હૃદયઅંધકારને ભેદી સત્યનો પ્રકાશ પાથરનાર મશાલો બની રહેશે.... એમણે સ્થાપેલી અક્ષર-પુરુષોત્તમની મૂર્તિઓ આધ્યાત્મિક જગત માટેનું ચિરંતન સત્ય છે, જે અવગણવાનું કોઈ પણ મોક્ષમાર્ગીને પરવડે તેમ નથી.

સ્વામી વિવેકાનંદ કહેતા : 'સત્ય પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ સમાજને નમતું નથી. સમાજે સત્યને નમવું પડે છે, કાં તો મોતને ભેટવું પડે છે.'

આજે દુનિયા સત્યના શરણે નમી રહી છે અને સ્વામીશ્રીનાં દૂરગામી કાર્યોનાં મીઠાં ફળો ચાખી રહી છે.

✧ ✧ ✧

પ્રવાહ

૨ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના જીવનકાર્યને, ભાવનાઓને અને નિષ્ઠા ભર્યા સંઘર્ષને સમજવા અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનો પ્રાથમિક પરિચય અનિવાર્ય છે. કારણ કે આ ઉપાસના જ તેમના જીવનનો હેતુ હતો. આ ઉપાસનાની મહત્તાને પ્રવર્તાવવા અને તેના ઇતિહાસની પ્રમાણભૂતતાને જગત સમક્ષ મૂકવા જ તેમણે દેહ ધર્યો હતો. કોઈ પણ મોક્ષમાર્ગી માટે આ સમજણમાં ઊંડા ઊતર્યા વિના સ્વામીશ્રીના કાર્યને સમજવું અસંભવ જ છે.

ભારતીય તત્ત્વદર્શન જગતભરનાં તમામ દર્શનોમાં શિરમોર છે. પરબ્રહ્મની સર્વોપરિતાનો સિદ્ધાંત આપણાં દર્શનોએ સ્પષ્ટપણે સ્વીકારેલો છે. પરંતુ આત્માના કલ્યાણના ઉપાયોની બાબતે પ્રત્યેક મત, સંપ્રદાય કે પંથનાં મંતવ્યો જુદાં-જુદાં છે.

હા, ગંતવ્ય સ્થળ સૌ સાધકો માટે એક જ છે : ભગવાનનું ધામ, મોક્ષ !

મોક્ષ એટલે વાસના-સ્વભાવોથી મુક્ત થવું. ત્રણ અવસ્થા, ત્રણ દોષ અને ત્રણ ગુણના ભાવોથી પર ગુણાતીત - બ્રહ્મરૂપ થઈ, પુરુષોત્તમ નારાયણની સેવાના અધિકારી બનવું.

આ સનાતન સિદ્ધાંતો શ્રીમદ્ ભગવદ્ગીતામાં 'બ્રહ્મભૂતઃ પ્રસન્નાત્મા' કહીને બતાવ્યા છે, તો ઉપનિષદ્માં 'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ' તથા 'બ્રહ્મવિદ્ આપ્નોતિ પરમ્' - 'બ્રહ્મને જાણનાર પરબ્રહ્મને પામે છે.' એ શબ્દોમાં સમજાવ્યા છે.

અક્ષરબ્રહ્મની અનિવાર્યતા

સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાન આ સનાતન સિદ્ધાંતોને અનુસરે છે. તેમાં પાંચ અનાદિ તત્ત્વો સ્વીકારવામાં આવ્યાં : જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ.(વચ.

ગ.પ્ર.૭)

બે અંતિમ તત્ત્વો - બ્રહ્મ અને પરબ્રહ્મ માયાથી પર છે. વળી, બ્રહ્મ એ પરબ્રહ્મની સૌથી નિકટનો, ઉત્તમ અને શ્રેષ્ઠ સંબંધ ધરાવે છે. જેને અક્ષર કે અક્ષરબ્રહ્મ પણ કહેવાય છે. એ ભગવાનના પ્રિય ભક્ત છે. મોક્ષ પછી દરેક જીવનું એ આશ્રયધામ છે અને આથી જ 'અક્ષર' કે 'બ્રહ્મ' તત્ત્વની ઉપેક્ષા સેવવાનું કોઈ જ સાધકને પોસાય તેમ નથી.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત લોયા ૧૨માં કહે છે : '...પુરુષોત્તમ નારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે તે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય.'

અર્થાત્ જે અક્ષરરૂપ થાય તે જ ભગવાનની ઉપાસના કરવાનો અધિકારી બની શકે છે.

વચનામૃત લોયા ૭માં કહ્યું : 'બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમનારાયણની ભક્તિનો કોઈ જ અધિકાર નથી.'

ભક્તિનો અધિકાર મેળવવા બ્રહ્મરૂપ થવાની યોગ્યતા અનિવાર્ય છે. એ અક્ષરરૂપ થવા - બ્રહ્મરૂપ થવા 'અક્ષર'ની જરૂર ખરી ?... હા, મ.૩૧ મુજબ મનન દ્વારા બ્રહ્મનો સંગ કરવાનો છે, તો વળી શિક્ષાપત્રીના ૧૧૬મા શ્લોક મુજબ : 'બ્રહ્મ સંગાથે જીવને એકતા કરવાની છે.'

ગ.પ્ર. ૬૪માં 'પૃથ્વીથી જળ મોટું, તેનાથી તેજ મોટું, તેનાથી વાયુ મોટો...' એમ બતાવતા મહારાજ કહે છે :

'પ્રકૃતિ એટલે માયા અને પુરુષ એટલે અક્ષરધામનો મુક્ત-બધાનું કારણ અક્ષર બ્રહ્મ છે.' એટલે પુરુષોત્તમ નારાયણની અતિશય નજીક મુક્તો નહીં, પણ અક્ષરબ્રહ્મ છે. આ અક્ષરનો કોઈ અંશ નથી, તે અક્ષરને કોઈ વિકાર નથી, એ નિત્ય છે, અખંડ છે, સનાતન છે, માયા અને માયાના કાર્યમાં વ્યાપક હોવા છતાં એ માયાથી પર છે. સચ્ચિદાનંદ રૂપ છે.' (ગ.પ્ર.૭, સા.૫, ગ.મ.૩, ગ.મ.૬૪).

અક્ષર બ્રહ્મ કેટલા ?

આ અક્ષરબ્રહ્મ તથા અક્ષરધામમાં રહેનારા મુક્તો અને પોતાનું સર્વ ઐશ્વર્ય ત્રણે લઈને શ્રીજીમહારાજ આ પૃથ્વી પર આપણી વચ્ચે પધાર્યા છે. મહારાજે આ વાત ગ.પ્ર. ૭૧માં સમજાવીને કહ્યું છે : 'ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ

અક્ષરધામ સહિત જ પૃથ્વી ઉપર વિરાજમાન છે તેમ સમજવું અને બીજા આગળ પણ એવી જ રીતે વાર્તા કરવી !'

આ 'અક્ષરબ્રહ્મ'ને જો શ્રીજીમહારાજ આપણી વચ્ચે પૃથ્વી પર લાવ્યા હોય, તો એ અક્ષર તે કોણ છે ? અક્ષરબ્રહ્મ કેટલા હોઈ શકે ?

લો.૧૭ માં અક્ષરબ્રહ્મનો મહિમા ગાઈને શ્રીજીમહારાજ કહે છે, 'અક્ષર તે આવો છે !' આ એકવચન સૂચવે છે કે અક્ષરબ્રહ્મ એક જ હોય છે, એકથી વધારે હોતા નથી. હા, અક્ષરરૂપ થયેલા મુક્તો અનંત છે, અને જીવે જો બ્રહ્મરૂપ થવું હોય, માયાથી મુક્ત થવું હોય, તો વચ.ગ.મ.૩ માં મહારાજે ઉત્તમ ઉપાય બતાવતાં કહ્યું છે : 'પોતાના જીવાત્માને એ બ્રહ્મ સંગાથે એકતા કરીને પરબ્રહ્મની સ્વામીસેવકભાવે ઉપાસના કરવી. એવી રીતે સમજે ત્યારે બ્રહ્મજ્ઞાન છે, તે પરમપદને પામ્યાનો નિર્વિઘ્ન માર્ગ છે !'

જો અક્ષરરૂપ થવું એ જ પુરુષોત્તમનારાયણને પામવાનો નિર્વિઘ્ન માર્ગ હોય, તો અક્ષરની અનિવાર્યતા અધ્યાત્મમાર્ગમાં પ્રાણવાયુ સમાન જ થઈ એ સમજવું સરળ બની જાય છે.

અક્ષર-પુરુષોત્તમ ઉપાસના એટલે શું ?

સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનમાં ઉપાસના કેવી રીતે કરવી તે આપણે જોયું. ઉપાસના અક્ષરરૂપ થઈને કરવાની છે.

પરંતુ ઉપાસના કોની કરવાની છે, એ અંગે થોડી સ્પષ્ટતાની જરૂર છે. 'અક્ષર-પુરુષોત્તમ ઉપાસના' આ શબ્દનો ભાવ ઉપરથી એવો જણાય છે કે અક્ષર અને પુરુષોત્તમ આ બન્નેની ઉપાસના કરવી, આ વાત સ્વામિનારાયણ ભગવાનના સિદ્ધાંતથી તદ્દન વેગળી છે, આ શબ્દનો અર્થ હરગીજ એવો થતો નથી કે આપણે માટે બે સ્વરૂપોની ઉપાસના છે.

'અક્ષર અને પુરુષોત્તમ' એ રીતે આ શબ્દ અસ્તિત્વમાં નથી આવ્યો. અક્ષરરૂપ થઈને માત્ર એકલા પુરુષોત્તમનારાયણને જ ઉપાસ્ય તરીકે માનવા એ આ 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના'નો સાચો અર્થ છે.

આપણે બે સ્વરૂપનાં ચાર ચરણની નહીં, માત્ર એક પુરુષોત્તમ નારાયણનાં બે જ ચરણની ઉપાસના છે. પણ અક્ષરરૂપ થાય તો જ જીવ આ ઉપાસનાનો અધિકારી બને છે. માટે અક્ષરને એક આદર્શ તરીકે, તેમની મદદથી ભગવાનને

પામવા માટે ભગવાનની બાજુમાં પધરાવવામાં આવે છે.

અક્ષરબ્રહ્મ કોણ ?

જે સાધકને અક્ષરરૂપ થવું છે, જે સાધક શ્રીજીમહારાજને પરમ ઇષ્ટ તરીકે સ્વીકારે છે, તેમણે હવે શ્રીજીના ૫૦૦ સમર્થ પરમહંસોમાંથી અક્ષરબ્રહ્મને શોધવા જ રહ્યા !

શું યોગીરાજ ગોપાળાનંદ સ્વામી, સાહિત્ય-માર્તંડ બ્રહ્માનંદ સ્વામી, પ્રકાંડ પંડિત નિત્યાનંદ સ્વામી કે સાધુમૂર્તિ મુક્તાનંદ સ્વામી જેવા મહાન સંતો સમર્થ નહોતા ? તેઓમાંથી કોઈ અક્ષરબ્રહ્મ નહીં, ને જૂનાગઢ મંદિરના મહંત, સાધુગુણ સંપન્ન, પ્રખર વક્તા એવા ગુણાતીતાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ શા માટે ?

શ્રીજીના એક એક પરમહંસો જગતના પ્રભુ થઈને પુજાય તેવા હતા, તે નિઃશંક છે, પણ અક્ષરબ્રહ્મ તરીકે તો શ્રીજીએ માત્ર ગુણાતીતાનંદ સ્વામીને જ વારંવાર ઓળખાવ્યા છે. આચાર્યશ્રીઓ દ્વારા પણ એમનું જ સ્વરૂપજ્ઞાન સત્ય અર્થમાં સસારને પ્રાપ્ત થયું છે.

ડભાણના મહાયજ્ઞમાં ભાદરાના બ્રાહ્મણ ભક્ત મૂળજી શર્માને દીક્ષા આપતાં મહારાજ બોલ્યા હતા :

मूलजीशर्मणे दीक्षां ददानस्य प्रजायते ।
भूयान् मेऽत्र समानन्दो यतो धामाक्षरं स मे ॥
मुक्तैरनन्तै साकं मे यत्राऽखण्डतयोष्यते ।
ऊर्ध्वाधोभागरहितं तन्मूल धाम चाक्षरम् ॥

(હરિલીલાકલ્પતરુ ૭.૧૭.૪૯-૫૦)

અર્થાત્ 'ભાદરાના મૂળજી શર્મા, મારું અક્ષરધામ છે, તેમને દીક્ષા આપતાં મને અત્યત આનદ થાય છે, એ અક્ષરબ્રહ્મ તો અધો, ઊર્ધ્વ અને પ્રમાણે રહિત છે. તેમાં હું મારા અનંત મુક્તો સાથે રહું છું !'

વળી આ જ પ્રકારની વાતો શ્રીજીમહારાજે સત્સંગમાં અનેક વાર ઉચ્ચારી છે !

સંવત્ ૧૮૬૮, સને ૧૮૧૨માં સારંગપુરના રાઠોડ ધાધલના ઘરે શ્રીહરિએ ફૂલદોલ ઉત્સવ ઊજવ્યો હતો; ત્યારે કબીરની હોરીનું પદ 'સદ્‌ગુરુ ખેલે વસંત' એ શ્રીજીમહારાજ બોલ્યા ને પૂછ્યું : 'આમાં કહ્યું તેવા સદ્‌ગુરુ કોણ ?'

મુક્તાનંદ સ્વામીએ ઉત્તર આપ્યો : 'મહારાજ આપ !'

શ્રીહરિ કહે : 'સાંભળો, સ્વામી, એવા સદ્ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે ! એ તો મારે રહેવાનું અક્ષરધામ છે ! ને અમે તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છીએ !!'[૨૯]

આવા અનેક પ્રસંગોમાં શ્રીજીના મુખે અવારનવાર 'ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે !' એ શબ્દો સરી પડતા. અને એ જ શબ્દો અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનમાં મુખ્ય પ્રમાણો બન્યાં છે.

એ સમયથી જ આ સમજણ સત્સંગમાં નક્કર પ્રમાણભૂતતા પ્રાપ્ત કરી રહી હતી. લોકહૃદયમાં પણ આ સમજણ પ્રવર્તન પામી રહી હતી. જેના પડઘા તત્કાલીન ભક્તોએ રચેલા ગ્રંથો પર પડ્યા છે, એટલું જ નહીં આચાર્યશ્રીની કલમે આ સમજણ ગ્રંથસ્થ પણ થઈ ચૂકી છે.

લોધિકાના વિચક્ષણ રાજવી અભયસિંહજીએ રચાવેલ ગ્રંથ 'પુરુષોત્તમ ચરિત્ર'માં સંવત્ ૧૮૮૪માં લખાઈ ગયું :

'વંદુ ગુણાતીતાનંદ સ્વામી, જેહી પર રીઝે અંતર જામી,
ભગવદ્વાર્તા સતત કરહી, ધ્યાન ધર્મનંદન કો ધરહી,
ઉત્તમકુલમેં ધરી અવતારા, શ્રી હરિ કાજ ત્યજ્યો સંસારા,
રખે ધર્મ પુની ધર્મ રખાવે, ***આદિ હી અક્ષર આપ કહાવે.'***

તો સંપ્રદાયની અનન્ય સેવા કરનાર વિદ્વાન આચાર્યપ્રવર વિહારીલાલજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ વર્તમાન ધરાવેલાં, એ સંભારી 'કીર્તન કૌસ્તુભ માળા'માં તેમણે જણાવી દીધું :

'અક્ષરમૂર્તિ *ગુણાતીતાનંદ સ્વામી તેણે આપ્યાં વર્તમાન,*
પોતે પાળીને પછી પળાવ્યું જનને દઈ ઘણું જ્ઞાન રે...'[30]

એ સમયે અંગ્રેજ સરકારે અને નાગર દીવાનોએ જેમની વિદ્વત્તાને વખાણી હતી, એવા પ્રકાંડ પંડિત અને સ્વામીના શિષ્ય બ્રહ્મચારી અચિંત્યાનંદજી ગુણાતીતાનંદ સ્વામીના દિવ્ય સાંનિધ્યને અનુભવીને 'કૃષ્ણાનંદ'ના નામે ભજન લખતાં જણાવે છે :

---

૨૯. સારંગપુરના નાગજી શેઠે શાસ્ત્રીજી મહારાજને આ વાત કહેલી. તેમણે જસાગોર પાસેથી સાંભળેલી ને જસાગોરે રાઠોડ ધાધલ પાસેથી આ વાત સાંભળેલી.

30 'કીર્તન કૌસ્તુભમાળા' - સને ૧૯૧૨ - પ્રકાશક, આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ.

'ધામ ધામી જ સાથે પધાર્યા, સ્વામી ને શ્રીમહારાજ,
એકાંતિક ધર્મ સ્થાપવા બની, જોડ અલૌકિક આજ;
દયાળુ તમે દયા કરી લાવી, ***મૂળ અક્ષરને સાથ,***
ગુણાતીતાનંદ નામ છે જેનું, પાડ્યું છે પોતે હો નાથ.'

આ પ્રમાણો માત્ર ગ્રંથસ્થ જ નથી, જૂનાગઢ દેશના તત્કાલીન શિલાલેખો ઉપર શીર્ષસ્થ પણ છે ! એ સિદ્ધાંત-શિલ્પો, 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર'ની ધૂન મચાવે છે. જો એ સમજ, એ પ્રતીતિ ખોટી હોય, તો એ વિસ્તારનાં પચાસથીયે વધુ મંદિરોમાં અક્ષરે સહિત પુરુષોત્તમની ગુણાતીતાનંદ સ્વામી સહિત શ્રીજીમહારાજની મૂર્તિઓ સદ્‌ગુરુ સંતો કે જેતપુર જેવા મંદિરમાં આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ જેવા પુરુષો શા માટે પધરાવત ? એટલે અગ્રણી, પ્રતિષ્ઠિત, બહુ મોટા વિદ્વાન સંતસમાજે તથા પ્રતિષ્ઠિત હરિભક્ત-સમાજે પણ એ વખતથી જ ગુણાતીતાનંદ સ્વામીને અક્ષરબ્રહ્મ તરીકે સ્વીકારી લીધા હતા, તે નિર્વિવાદ હકીકત છે.

મહારાજે સ્વામીને જૂનાગઢના મહંત પદે નીમી કુરજી દવેને કહ્યું હતું : 'રામાનંદ સ્વામીની ખબર લાવીને તમે સૌને રાજી કરેલા ત્યારે દરેકે કંઈક વસ્તુ તમને ભેટમાં આપી હતી. પણ મેં કહેલું કે હું તમને અમારું અક્ષરધામ બક્ષિસ આપીશ. આજે સોરઠને આ ગુણાતીતાનંદ સ્વામી બક્ષિસ આપું છું, એ અમારું અક્ષરધામ છે...'

હા ! આ એ જ સોરઠ છે જ્યાં ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરવાસની પહેલાં અને પછીનાં ૨૦ વર્ષ દરમ્યાન ૪૦ હરિમંદિરોમાં સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીએ સ્વામીશ્રીને બરાબર મંદિરના મધ્યમાં શ્રીજીમહારાજની જ સાથે પધરાવ્યા હતા. એક આદર્શ રૂપે ! નહીં કે ઉપાસ્ય તરીકે !

સોરઠનો એક એક હરિભક્ત આ ગુણાતીત સંતની સાધુતા પર, ઐશ્વર્ય પર, નિષ્ઠા, ધગશ, સંપ્રદાય પ્રત્યેની વફાદારી અને ઉપદેશ પ્રમાણેના વજ્રસમાન નિયમ પાલનને કારણે તેમને માટે કુરબાન થઈ જવા તૈયાર હતો !!

એકલો જાને રે...

પરંતુ સામે છેડે એમના ઋણને વિસારીને ગાદી સ્થાને વડતાલમાં બેઠેલા મોવડીઓએ તેમના ઘોરતમ અપમાનનો તખ્તો તૈયાર કરી અપમાનને ભજવી પણ

બતાવ્યું !!

સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરવાસને સવા વર્ષની જ વાર હતી અને વડતાલના ચૈત્રી સમૈયામાં એમનું ઘોરતમ અપમાન થયું હતું ! આ સમયે એમની ઉંમર હતી - ૮૧ વર્ષની ! આટલી ઉંમરે, આવા પ્રતિષ્ઠિત પદે આવું અપમાન હસતે મુખે ખમી લઈને સ્વામી એક જ વાક્ય બોલ્યા હતા : 'આ ફેરે તો ભાલાના મેહ વરસ્યા છે !'

હા, તેજોદ્વેષની જ્વાળાઓ ફરી વળી હતી. જેઓ પાત્ર-કુપાત્ર જોયા વિના જિંદગીભર શ્રીહરિના સર્વોપરીપણાનો ઉદ્‌ઘોષ કરતા રહ્યા હતા, તેવા આ સંતને 'ભગવાન થવું છે' એવા આક્ષેપો ચડાવી પરેશાન કરી મૂકવા પણ પ્રયત્નો થયા હતા.

શ્રીહરિ સમું સ્વામીનું ઐશ્વર્ય, રઘુવીરજી મહારાજ અને અયોધ્યા પ્રસાદજી મહારાજ દ્વારા થયેલાં સ્વામીનાં આદર-માન, શિવલાલ શેઠ અને લોધિકા તથા ગણોદના અભેસિંહ જેવા રાજવીઓનું ગુરુપદ અને ગામોગામ ફેલાતી જતી સ્વામીશ્રીની સાધુતાની સુવાસ, આ બધું કેટલાયને મન અસહ્ય થઈ પડ્યું. સ્વામીશ્રીના અપમાન કે ઉપેક્ષાની તીવ્રતાએ હવે તણખામાંથી આગનું સ્વરૂપ પકડી લીધું હતું.

અને એ વિગ્રહ સપાટી પર ત્યારે આવવા લાગ્યો જ્યારે સ્વામીના શિષ્ય મહુવાના પ્રાગજી ભગત - ભગતજી મહારાજ ગુરુવચને મરણિયા થયા ! અને ગુણાતીતનું અક્ષરબ્રહ્મપણું પ્રવર્તાવવા મેદાને પડી ગયા ! ભગતજી મહારાજે સ્વામી અને શ્રીજીનો અપરંપાર મહિમા છડેચોક, લાજ મૂકીને પ્રવર્તાવવા માંડ્યો હતો.

દ્વેષીઓએ પ્રાગજી ભગતને વિમુખ કર્યા, ધોલધપાટ તો કરી જ, ને ઝેર પણ આપ્યું ! પરંતુ 'એકલો જાને રે, તારી હાક સુણી કોઈ ના'વે..., તો તું એકલો જાને રે...' આ પંક્તિઓ પ્રાગજી ભગતના જીવનમાં સાકાર થઈ ઊઠી હતી !

ભવ્ય ઈતિહાસની પ્રથમ ક્ષણ

ભગતજી મહારાજે શ્રીજીના સિદ્ધાંતો અને સ્વામીનું સત્ય સ્વરૂપ ઉઘાડે છોગે કહેવા માંડ્યું પણ એ અમૃતને સમ્યક્ રીતે ઝીલનારની તલાશ સુરતમાં પૂરી થઈ. અહીં એમણે સંવત્ ૧૯૩૯માં નાનકડી કાયાવાળા, વિચક્ષણ બુદ્ધિથી ચમકતી

આંખોવાળા, સત્યની પરખ કરવામાં ચકાસણીવાળા અને આધ્યાત્મિકતા માટે મુમુક્ષુતાપૂર્વક મરણિયા થાય તેવી સિંહપ્રકૃતિવાળા વીસેક વર્ષના યુવાન સાધુ યજ્ઞપુરુષદાસજીને જોયા !!

ગુરુ-શિષ્યના મિલનની પ્રથમ ઘડીથી જ એક ભવ્ય ઇતિહાસનાં મંડાણ થઈ ચૂક્યાં હતાં.

શ્રીજીપ્રબોધિત અક્ષર-પુરુષોત્તમ ઉપાસના માત્ર 'વચનામૃત' અને 'વાતો' જેવા ગ્રંથોમાં જ પડી રહી હતી તે મૂર્તિમાન બની સાકાર થવાની અનુપમ ઘડીઓ ગણાવા લાગી... આ બાળયોગીના અગાધ વ્યક્તિત્વએ શ્રીજીની શાન વધારવા સમ્પ્રદાયના અને સમ્પ્રદાય બહારના અનેક લોકોને કામણ કર્યાં, અનેક લોકોના હૃદયસિંહાસને રાજ કર્યું. એમનું જીવન કરુણામય ક્રાંતિનો આવિષ્કાર બનીને, સેંકડો યાતનાઓ વેઠીને આજે પણ સત્યના સિદ્ધાંતનું શિરસાટે જતન કરવાનો સંદેશ આપે છે.

આગામી પ્રકરણોમાં તેમના વિલક્ષણ જીવનની, તેમના અદ્‌ભુત વ્યક્તિત્વની અનુપમ છબિઓ શબ્દસ્થ થઈ છે : તેમના પત્રો અને પ્રસંગો દ્વારા, તેમના અભિપ્રાયો અને તેમની જીવનભાવનાઓ દ્વારા !!

✧ ✧ ✧

પત્રધારા

3 અક્ષરવાટના વિરલ પ્રહરી !

આચાર્ય ભગવત્ પ્રસાદજી મહારાજ તમારું સન્માન કરત !

વરતાલના ચાર-ચાર આચાર્યશ્રીઓ અનુક્રમે રઘુવીરજી મહારાજ, ભગવત્પ્રસાદજી મહારાજ, વિશ્વવિહારીલાલજી મહારાજ અને લક્ષ્મીપ્રસાદજી મહારાજ દરેકે જેમની સાથે રહીને, જેમને પૂછીને, જેમના અભિપ્રાયથી સત્સંગહિતના નિર્ણયો લીધા હતા, નિયમોમાં જેમનું બ્રહ્મચર્ય અને નિર્લોભી વર્તમાન સાધુઓનાં માન મુકાવતું, સંતો જેમને દંડવત્ કરતા એવા સાધુતા સંપન્ન અને કાર્યદક્ષ કોઠારી ગોવર્ધનભાઈ એટલે સંપ્રદાયનું અણમોલ રત્ન !

વ્યક્તિ-વ્યક્તિની નાડ પારખીને તેમની પાસે ધાર્યું કામ કરાવવું એ આ બાહોશ કોઠારીને મન એક ખેલ સમાન હતું. કોઈનો પ્રભાવ એમના આત્માને આંજી શકતો નહીં, પરંતુ એક ૩૦-૩૫ વર્ષના યુવાન સંત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને જોઈને તેમનું હૈયું ભાવથી ભીંજાઈ જતું...

સને ૧૯૦૬ની સાલ હતી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને વડતાલ સંસ્થાને અલવિદા કર્યે સવા વર્ષ વીતી ગયું હતું... પણ વડતાલના મુખ્ય કોઠારી ગોરધનભાઈના વત્સલ હૈયામાં યજ્ઞપુરુષદાસજીને મળવાની ઝંખના ઉછાળા મારી રહી હતી, પણ મર્યાદાનાં બંધનો તોડવાં તેમને યોગ્ય ન જણાયાં.

એમને વાત મળી કે ખેડાના બોરસદ, બદલપુર પંથકમાં જેમના નામની હાક વાગે છે, એ હીરાભાઈ મુખી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી પાસે વર્તમાન ધરાવી સત્સંગી થયા છે !!

વડતાલ સંસ્થામાં આ સમાચારથી સોપો પડી ગયો. પણ કોઠારીનું હૈયું હરખાતું

હતું... પોલીસ અને સરકારીતંત્ર પણ જેમનું નામ લેતાં ફફડે એ હીરાભાઈ મુખી શાસ્ત્રીના શિષ્ય થયા એ વાતની ખાતરી કરવા અને એક અંતરનો આદેશ આપવા તેમણે હીરાભાઈ મુખીને વડતાલ બોલાવ્યા... અને વાતની ખાતરી થતાં તેમના કંઠ ગદ્‌ગદ થઈ ગયો, તેમણે કહેલું :

'મુખી ! શું કહું તમને ! શાસ્ત્રીએ તમને સત્સંગી કર્યા એ વાત જો ભગવત્પ્રસાદજી મહારાજ હોત, ને એ જાણત તો શાસ્ત્રીજીને આખા સંપ્રદાયમાં મોટેરા કરત, બે જોડ શ્રીહરિનાં ચરણારવિંદ આપી સન્માન કરત... પણ શું થાય ? આજના તો તમને કાઢવા બેઠા છે !! હવે એક કોલ આપો, કે જીવનભર શાસ્ત્રીને એવો સહકાર આપવો કે કોઈ તેમને પરેશાન ન કરી શકે !' અને હીરાભાઈએ એ કોલ આપી કોઠારીનું અંતર ઠારી દીધું !

હા, શાસ્ત્રીજી મહારાજને તો વડતાલનો દરવાજો છોડી ક્યાંય જવું ન હતું, પરંતુ એ મહાપુરુષને તેમ કરવાની ફરજ પડી આવી...

શા માટે શાસ્ત્રીજી મહારાજને વડતાલથી બહાર નીકળવાની ફરજ પડી ?

તમારા શિષ્યો તમારી સોનાની મૂર્તિ પધરાવશે

ગુજરાતના સાક્ષર, સંસ્કૃતના પ્રકાંડ પંડિત, વારસાગત સત્સંગને કારણે સંપ્રદાયની પ્રણાલિકાઓ અને ગ્રંથોના પૂરા જાણકાર તેમજ વડતાલ ટેમ્પલ કમિટીના સભ્ય દોલતરામ કૃપારામ પંડ્યા વિચક્ષણ સત્સંગી હતા. નડિયાદમાં તેમનું નિવાસસ્થાન હતું.

વડતાલથી જ શાસ્ત્રીજી મહારાજ પ્રત્યે સ્નેહ હતો. પણ વડતાલે સ્વામીશ્રીને જ્યારથી વિસાર્યા ત્યારથી આઠ વર્ષ સુધી દોલતરામે પણ સ્વામીશ્રીને વિસારી દીધા હતા...

પરંતુ સને ૧૯૧૪માં તેમણે સ્વામીશ્રીની પોતાના ઘરે પધરામણી કરાવી, મનમાં ઘોળાતા પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું; પૂર્વગ્રહની ગ્રંથિઓ ઓગળવા લાગી, હૈયું હળવું થયું. પૂર્વનો સ્નેહ ફરીથી બમણા વેગે ઊમટી આવ્યો, સત્ય સિદ્ધાંતોનાં રહસ્યોએ તેમનાં હૈયાના બંધ ખોલી નાખ્યા. ભાવાવેશમાં તેમણે કહ્યું :

'સ્વામી ! આ તો જે કાર્ય કરવા મહારાજને અવતાર ધારી ફરીથી આવવું પડે, તે કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. આજે તો આપે મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીની ધાતુની મૂર્તિયું પધરાવી છે, પણ ભવિષ્યમાં તમારા શિષ્યો,

તમારી સુવર્ણની મૂર્તિઓ પધરાવશે ! એવી આપની મોટપ વધી જશે... !!'

સ્વામીશ્રીએ એવું કયું કાર્ય કર્યું હતું, જે ન થયું હોત તો મહારાજનો ફેરો સાર્થક ન થાત ?

એવું શું કર્યું હતું એ યુગ વિભૂતિએ - જેથી એમની સોનાની મૂર્તિયું પધરાવે તો પણ આ સંપ્રદાય તેમનું ઋણ ચૂકવી શકે તેમ નથી ?

જેના વેરી ઘાવ વખાણે !

સારંગપુર મંદિરના પાયા ખોદાઈ રહ્યા હતા, મંદિરને મળેલી જમીન ફરતી થોરની વાડો રોપાઈ રહી હતી. મજૂરો કરતાં વધુ તો સેવાભાવી બે-પાંચ હરિભક્તો અને ૧૦-૧૨ સંતો કોઠારી શંકરભગતની સૂચના મુજબ સેવામાં તલ્લીન હતા.

અને ત્યાંથી જૂનાગઢી સદ્ગુરુ, ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર વચનસિદ્ધ સંત સ્વામીશ્રી બાલમુકુન્દ સ્વામી નારાયણકુંડે સ્નાન કરવા પસાર થયા.

કોઠારીએ સ્વામીને જોઈને દંડવત્પ્રણામ કર્યા. બાલમુકુન્દ સ્વામી બોચાસણ પછીના અક્ષર-પુરુષોત્તમ મહારાજનાં આ દ્વિતીય શિખરબદ્ધ મંદિરના મંડાણને રસ, ઉત્સાહ અને અસ્મિતાપૂર્વક જોઈ રહ્યા અને સ્વતઃ બોલી ઊઠ્યા :

'ભગત, જે સેવા ૫૦૦ પરમહંસોને ન મળી તે મહારાજ અને સ્વામીની સાક્ષાત્ સેવા તમને મળી છે, આ બળ તમારું નથી પણ અક્ષરના મહામુક્તો તમારામાં રહીને કામ કરે છે, માટે તમારાં મોટાં ભાગ્ય છે... આ તો 'સાચા શૂરા રે જેના વેરી ધાવ વખાણે !' એમ શાસ્ત્રીએ એવું કામ કર્યું છે કે વેરી હતા, તે પણ આ કાર્ય જોઈને મનમાં ઘા રમી ગયા છે !'

૫૦૦ પરમહંસોને એવી કઈ સેવા મળી નહોતી, જે આ ૧૦-૧૨ સાધુઓ અને થોડા ભક્તો કરી રહ્યા હતા ?

વેરી પણ મનમાં ઘા રમી જાય એવી સ્વામીશ્રીના કાર્યની કઈ વિશેષતા હતી ?

આવો, ઇતિહાસનાં એ પૃષ્ઠો ઉઘાડીએ, જેમાં આ પ્રશ્નોના ઉત્તરો સાંપડે છે, જેમાં સંઘર્ષનો પારાવાર ઘૂઘવે છે, જેમાં નિષ્ઠાના ટંકાર ગુંજે છે, જેમાં સિદ્ધાંત માટે મરી મટવાના કેસરિયા શણગાર શોભે છે...

ગુણાતીતની ભવિષ્યવાણી

'આ તમારા ભાઈ તો ત્યાગી થઈ, સાધુ થઈ શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા

પ્રર્વતાવશે ! અને કથા કરી સંપ્રદાયને ઉત્તેજન આપી વૃદ્ધિ કરશે !' અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ માત્ર બે વર્ષના ડુંગરભક્તને આશિષ આપી આ ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. અને આ વાણીને સાર્થક કરી એમણે ઉપાસનાના સત્યથી સમગ્ર સંપ્રદાયને અજવાળી દીધો, એ જ એમના કાર્યની વિશેષતા હતી.

દીક્ષા પછી સુરત રહી તેમણે સંસ્કૃત અભ્યાસ આરંભી દીધો. સાથે સાથે ગુરુ વિજ્ઞાનાનંદ સ્વામીના માર્ગદર્શનમાં પોતાની વહીવટી કુશળતાથી સત્સંગ સમુદાયનું ધ્યાન આકર્ષી લીધું.

સુરતમાં મહુવાના પ્રાગજી ભગત પાસેથી 'સ્વામિ-નારાયણ' શબ્દનો યથાર્થ અર્થ સમજી મોક્ષના માર્ગમાં અક્ષરની અનિવાર્યતા જાણી લીધી. અધ્યાત્મમાર્ગના ગુરુ તરીકે એમણે ભગતજીને સ્વીકારી લીધા. સંસ્કૃતના અભ્યાસની સાથે બ્રહ્મભાવનો, ભજનનો એવો તો વેગ લગાડી દીધો કે વડતાલમાં તેમનું તથા ભગતજીના જ શિષ્ય અને ગોરધનભાઈ કોઠારીના ભત્રીજા સ્વામી વિજ્ઞાનદાસજીનું મંડળ 'ધ્યાની મંડળ' તરીકે ઓળખાવા લાગ્યું.

પાંદડે પાંદડે ભગતજીનું ભજન !

ભગતજી પરમ એકાંતિક અને શ્રીજીના ધારક સંત છે. એવી આ સંતોની પ્રતીતિ ધીમે ધીમે પ્રવર્તન પણ પામી રહી હતી અને નાના નાના હૃદયકંપ વડતાલના મોવડીઓના હૈયામાં શરૂ થઈ ગયા...

'યજ્ઞપુરુષદાસ તો મારો કોડીલો લાલ છે !' 'એ તો કાપિયું વ્યાજ કાઢનાર છે.' 'યજ્ઞપુરુષદાસ તો ઠાકરીઓ વીંછી છે, તે જેને ડંખ મારે તેને ઉપાસનાનું જ્ઞાન કરાવી દે.' ભગતજી મહારાજ આ સંતને જોઈને આવા શબ્દોમાં પ્રસન્નતા અને સ્નેહ વરસાવ્યા કરતા...

એક વખત તો આચાર્ય મહારાજ પાસે ભગતજી બોલી ગયા હતા : 'શ્રીજીમહારાજનાં ચરણારવિંદ તમે યજ્ઞપુરુષદાસને આપેલા પણ હું તો એ ચરણારવિંદ પાડનાર શ્રીજીમહારાજ તેને આપીશ ! એટલે ઘણા સાધુઓ તેમની પાસે રહેશે.'

સ્વામી યજ્ઞપુરુષદાસજીની સાથે સ્વામી વિજ્ઞાનદાસજી, સ્વામી પુરુષોત્તમદાસજી (ખાનદેશી) વગેરે સંતોના પુરુષાર્થથી વસો, નડિયાદ, ખંભાત, વલાસણ, વીરસદ, વિરોજા જેવાં અનેક ગામોનાં હરિભક્તોમાં 'ભગતજી ભગતજી'નો ભક્તિભર્યો

નાદ ગુંજવા લાગ્યો....

વળી જ્યાં આ સંતો જતાં ત્યાં ત્યાં આખું ગામ તેમનું વર્તન જોઈને, વાતો સાંભળીને ભગતજી પાછળ ઘેલું થતું.

આ સંતો જ્યારે વડતાલમાં હોય, ત્યારે પણ આ વાતો મંદિરના ખૂણે ખૂણે ગુંજતી રહેતી. એકવાર વડતાલના સંતો કુંજવિહારીદાસ અને નંદકિશોરદાસે અકળાઈને ભગતજીને બોલાવ્યા અને ઊંચે સાદે બોલવાનું શરૂ કર્યું :

'ભગતજી ! તમારા શિષ્યો તો બહુ જ છક્યા છે અને કહે છે અક્ષરધામની કૂંચી ભગતજીને હાથ છે ને તમને જ મોક્ષનું દ્વાર સમજે છે. ગોમતી કાંઠે, કૂવા-તળાવે, બેઠકે અને વાડીએ, બધે ઝાડવે-ઝાડવે અને પાંદડે-પાંદડે તમારું જ ભજન થાય છે ! આ તે શું કહેવાય !!' ભગતજીએ સૌને શાંત પાડ્યા પણ આ ધ્યાની સંતોનું મંડળ કોઈ પણ ભોગે ભગતજીથી દૂર રહે તેવો તખ્તો ગોઠવવામાં સૌ લાગી પડ્યા હતા.

સાધુઓને મૂકીને એક દરજી ગૃહસ્થમાં આ બધા શું ભાળી ગયા હશે ? આ પ્રશ્ન વડતાલના મોવડીઓ અને કેટલાક સાધુઓના મનમાં ઘુમરાયા કરતો હતો...

ભગતજીનું ઘોર અપમાન થયું છે, એ સમાચાર થોડા જ દિવસમાં ગુજરાતમાં હેતવાળા હરિભક્તોને પહોંચી ગયા. પેટલાદના રામચંદ્ર બળવંત વગેરેએ આ સાંભળતાં જ ભગતજી ઉપર પત્ર લખી મોકલ્યો. જેમાં ભક્તોનું તેમના પ્રત્યેનું અદમ્ય આકર્ષણ અને હૃદયની ભક્તિનું પ્રતિબિંબ તાદૃશ થાય છે :

ઉપાધિની પરંપરાઓ

તા. ૩-૯-૧૮૮૮

શ્રી ૧|

સ્વસ્તીશ્રી મહુવા મહા સુભ સ્થાન પૂજ્ય આરાધે અનેક - સર્વે સુભોપમાલાયક પરમ કૃપાળુ, પરમ દયાળુ, પરમ એકાંતિક શ્રી પ્રગટ પુરુષોત્તમ નારાયણ ઉપાસક, ભક્તરાજ પ્રાગજીભાઈ ગોવિંદભાઈ -

એતાન શ્રી પેટલાદથી લી. રામચંદ્ર બળવંત ત્થા આપનો સદા દરશનનો અભીલાષી સેવક, નીશાળનો માસ્તર-રામજી કાળીદાસના ઘણા ઘણા જય સ્વામીનારાયણ આપની પવીત્ર સેવામાં અંગીકાર કરશોજી.

વિ. આપ બારોબાર ગયા. ને આપના દર્શનનો લાભ અમને થયો નહીં.

તેથી અતી દીલગીર છીએ. પણ આપને આચારજી મહારાજે આજ્ઞા કરી, તેથી જવાનું બન્યું હશે. પણ આપ તો દર્શનનો લાભ આપ્યા સિવાય જાત નહીં, પણ શ્રીજી મહારાજની તેમ મરજી હશે, તેથી તેમ બન્યું હશે. પણ આપ મહેરબાની કરી થોડા દિવસમાં દર્શન આપવા ક્રપા કરશો. એવી આશા છે.

બાદ વિનંતી કે આપનું વડતાલના મંદિરમાં અત્રેથી (પેટલાદથી) ગયા પછી અપમાન થયું, એવું સાભળવાથી અમને અતિ દિલગીરી ઊપજી છે. માટે ક્રપા કરી એ વાત ખરી છે કે શી રીતે, ને ખરી હોય શી રીતે બન્યું. તે લખી જણાવશો. જે આપ લખશો, તે વાત મનમાં રાખીશું. પણ મહારાજને અગર કોઈને પણ કહીને ઉપાધી થાય એવું કરીશું નહીં. કારણ'કે આપ તેમની આજ્ઞા પ્રમાણે ચાલો છે, હમારે પણ તે પ્રમાણે વરતવું જોઈએ.

આ પત્રનો જુવાબ મહેરબાની કરી તુરત મોકલશો. કે જેથી અમારા મનને શાંતી થાય. અમને પુરુષોત્તમ નારાયણની સદાય સ્મૃતી રહે તેવા આશરવાદ આપશો. જેથી સદાય સ્મૃતી રહે. તે જ વિનંતી.

શ્રાવણ વદી ૧૨, સોમવાર. - રામચન્દ્ર બળવંતના જયશ્રી સ્વામીનારાયણ. સેવક રામજી કાળીદાસના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચવા. (કન્યાશાળાનો માસ્તર)

જ્વાળામુખી ફાટવાનો હોય ત્યારે ધરતીના ગર્ભમાં ધુધવાટ શરૂ થાય છે તે પ્રકારના સંકેતો વડતાલના સાધુઓના વર્તનમાંથી પણ સાંપડી રહ્યા હતા...

અને સ્વામીશ્રી તથા સૌ સંતો પણ હાથમાં માથું લઈને ફરી રહ્યા હતા. નડિયાદ કે પેટલાદ જ્યાં ભગતજી હોય ત્યાં લાજ-મર્યાદા નેવે મૂકી આત્માના હિતને માટે, ભગતજીનો લાભ લેવા સૌ પહોંચી જતા.

આથી જ પ્રભુદાસ કોઠારી, વિજ્ઞાનદાસ સ્વામી તથા સ્વામીશ્રી વગેરે ભગતજીના હેતવાળા સંતો વડતાલ, મહુવાથી દૂર મોકલી દેવામાં સૌને સલામતી મનાતી. આચાર્યશ્રી પણ સૌના કહેવાથી એવી આજ્ઞા સહેજે આપી દેતા. પરંતુ સત્સંગ અને ભગતજી જેવા સત્પુરુષનો જોગ મૂકતાં કેવી વેદના થતી ? કોઠારી પ્રભુદાસજી લખે છે :

તા. ૭-૯-૧૮૮૮

મેરાઈ પ્રાગજી ગોવિંદજીને ઘેર પહોંચે, મહુવા બંદર...

લિ. પ્રભુદાસનાં દંડવત વાંચવા.

જલઝિરણી પર (આપ) આવશો કે નહીં ? મને હિન્દુસ્તાન જવાનું મહારાજ કહે છે. હું ના પાડું છું. ત્યાંથી કોઠારી આવ્યા છે તે બહુ આગ્રહ કરે છે. પણ ત્યાંના (હિન્દુસ્તાનના) ખબર પૂછું છું ત્યારે બીજા લોકો તો 'ન જાવું' તેવો મત આપે છે. અને હું પણ કબૂલ રાખું છું. પણ મહારાજનો કદી વધારે આગ્રહ થાય તો કેમ કરવું તે લખશો. તો ફાવે.

મહારાજ દિવાળી પછી (હિન્દુસ્તાન) જાવાના છે. ત્યાં જાતાં મન બિલકુલ હા પાડતું નથી, ત્યાંનું વરતાંત સાંભળતા જ. આ તો કદી મહારાજ કુરાજી થાય એટલા સારુ આપની મરજી મંગાવી છે. માટે જેમ હોય તેમ લખશો. શાસ્ત્રી ધર્મતનયદાસજી બધે રખડી, અપમાન પામી આવ્યા છે. તો તેણે અહીં રહેવું કે મહારાજ ધોલેરે મુકે તો જાવું તે પણ લખશો. એ જ ગઢડાથી લી. પ્રભુદાસ. મીતી શ્રાવણ વદ ૧૪.

પ્રત્યેક બાબતોમાં ભગતજીની આજ્ઞા મેળવતા આ ભક્તોના અંતરમાં તેમના પ્રત્યે કેટલો દિવ્યભાવ છલકાતો હશે ! આવા જ બે ભક્તિસભર પત્રો અંતરના વિઘ્નો દૂર કરવા માટે ભગતજીને લખવામાં આવ્યા હતા. વડોદરાના એક ભક્ત લખે છે :

તા. ૨૦-૯-૧૮૮૮.

પરમ કૃપાળુ ગુરુ મહારાજ પ્રાગજીભાઈ ગોવિંદજીની સેવામાં.

લી. ચરણસેવક શિવશંકર ભાઈશંકરના સાષ્ટાંગ દંડવત પૂર્વક જય સ્વામીનારાયણ માન્ય કરશો.

વિનંતી કે મેં આપને થોડા રોજ ઉપર બે ક્યાર્ડ લખ્યા છે. પણ એકુનો જવાબ નહીં આવ્યો. જેથી મારી ટૂંક બુધ્ધીને લીધે એમ સમજાય છે કે સેવક ઉપરની દયામાં કાંઈક કમી થઈ કે શું ? પણ એમ કદી બનવાનું નથી. મેં જે સ્નેહ કર્યો છે તે બધી રીતે સમજી વિચારી કર્યો છે. આપ ચાહે તે રીતે તરછોડી નાખશો યા ગમે તેવું દુઃખ પ્રેરશો, પણ અનેક જન્મના શુભ સંસ્કારથી એકાંતિકનો જોગ થયો છે તે કદી જીવમાંથી નિકળવાનો નથી. દિવસે દિવસે શ્રીજી મહારાજને વિશે અત્યંત સ્નેહ થાય અને વિષયના રાગ ઓછા થાય એવી આશિષ આપશો... એજ.

જ્યારે નિર્દોષ સંતમાં મનુષ્યભાવ લાવનાર એક અન્ય મુમુક્ષુ પણ આખરે

નિષ્કપટ થાય છે, દાસરાથી તે યુવાન ભક્ત લખે છે :

તા. ૨૧-૧૦-૧૮૮૮

ઠાસરા

પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સદ્‌ગુરુ ભગત પ્રાગજી ગોવીંદજી, મુ. મહુવા. ઠાસરેથી લી. સેવક મોતીલાલ પીતાંબરદાસના દંડવત્ પ્રણામ સેવામાં કબુલ કરશો.

વી. વીનંતી કે વડોદરા તથા ચાણસદમાં આપના સમાગમે કરીને મારો જીવ ચંદ્રમા જેવો થયો હતો. પછીથી મને અસત્ દેશકાળાદીક તથા જોગે કરીને તથા દેહાભીમાને કરીને આપનો અભાવ આવવાથી અમાવાસી (અમાસ) જેવો થઈ ગયો હતો. પછીથી વધતો નથી. અને અંતઃકરણ સત્સંગ થકી પાછું પડી ગયું છે. માટે આપણો (આપનો) ફરીથી સમાગમ થયા વગર ઠેકાણું પડે તેમ જણાતું નથી. એજ.

●

સંવત્ ૧૯૪૫, સને ૧૮૮૯નું વર્ષ ઉપાધિની પરંપરાઓનું પ્રારંભ બિંદુ બની રહ્યું. આ વર્ષમાં વસો, ત્રાજ, માતર, ઠાસરા જેવાં અનેક ગામોમાં સ્વામીશ્રીના મંડળે અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનનું પ્રવર્તન કરી સમાસ કરાવ્યો હતો. વળી 'ભગતજી મહારાજમાં આજે મહારાજ અને સ્વામી પ્રગટ છે' તે વાતની દૃઢતા પણ વધારી હતી.

આ મંડળમાં વિઘ્નો નાંખવા ઘનશ્યામદાસ અને સુકૃતજીવનદાસ જેવા સાધુઓ તત્પર થયા. માગશરની પૂનમે દર્શનની ગિરદીમાં ઘનશ્યામદાસે સ્વામીશ્રીની સાથળમાં સોયો ઘુસાડી દીધો... લોહીની ધાર સાથળેથી વહીને પગલીઓ પાડતી હતી... સ્વામીશ્રી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' બોલતા ઉતારે ચાલવા લાગ્યા. પાછળથી સાધુ સુકૃતજીવનદાસે દોડીને સ્વામીશ્રીને ગાતરિયું ઝાલી ફંગોળી મૂક્યા અને લાતો પણ મારી.

સ્વામીશ્રીના મુખમા એક જ રટના હતી 'સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ...'

ક્ષમા અને ધીરજ તો હતી જ, પરંતુ આવા અને આથીય વધારે સંકટોનો સામનો કરવો પડશે, તેની હિંમત પણ હતી.

મંડળ લઈને સ્વામીશ્રી વિચરણમાં નીકળી ગયા. જ્યાં જ્યાં અન્ય સંતોનો

અનાયાસે ભેટો થઈ જતો, ત્યાં ગામડાં ગામોમાં પણ ઉપેક્ષા અને રીસામણાં લઈ સ્વામીશ્રીની વિચારધારા સામે, મંડળ સામે એવા સંતોનો તીવ્ર અણગમો ચાલુ રહેતો.

સત્ય કસોટીની તાવણી પર ચઢી પરિશુદ્ધ બનીને ઝળકી રહે તે માટે સ્વામીશ્રીના હૈયે હિમાલય જેવી અચળતા હતી. એમની ક્ષમાની ધારા ગંગાની શીતળતાનો સ્પર્શ કરાવતી અને એમની અજાતશત્રુતાથી લોકોનો આદર વધુ ને વધુ દૃઢ થતો જતો હતો. ગમે તે વિઘ્નો સામે ટકી રહેવાની, ઝઝૂમવાની એમની તૈયારી અક્ષર-પુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે યશગાથા બની રહી...

✧ ✧ ✧

પત્રધારા

૪ પ્રથમ વનવાસ

નિયમમાં જે બેનમૂન હોય અને વિદ્વત્તામાં જે અજોડ હોય, સંપ્રદાયમાં જે મંડળધારી હોય અને ભૂતકાળમાં જે નંદસંતના શિષ્ય હોય, ગામોગામ ફરીને જે સારામાં સારી સેવા લાવતા હોય અને હરિભક્તો જેમના વાણી-વર્તનથી સમાસ પામતા હોય તેને કહેવું પણ શું ? અને કહે પણ કોણ ?

મોટા મનમાં સમસમી રહેતા કે યજ્ઞપુરુષદાસે ભગતજીના નામનો અને અક્ષરપુરુષોત્તમના જ્ઞાનનો 'ઉપાડો' લીધો છે, તે ઠીક થતું નથી.

'સ્વામિનારાયણના પ્રતાપે મારું ધાર્યું પણ થાય છે'

આ તરફ સ્વામીશ્રી અને સંતમંડળે પેટલાદમાં રહીને ભગતજીની કથાવાર્તાનો લાભ અત્યંત મહિમાપૂર્વક લેવા માંડ્યો. એવામાં વડતાલથી કાસદ આવ્યો. તેણે આપેલા પત્રમાં ભગતજીને પેટલાદ છોડી મહુવા ચાલ્યા જવાનો આદેશ હતો.

ભગતજી આ જાણીને તેમને કહે : 'તમે મને મહુવા મોકલવા આવ્યા છો ? મારે તો હજુ દસ દિવસ અહીં રહેવું છે ને આ બધા હરિભક્તોને કથાવાર્તાનું સુખ આપવું છે. માટે કોઠારીને કહેજો કે ઉપાધિથી બીશો નહીં. ધાર્યું તો એક સ્વામિનારાયણનું જ થાય છે. તેથી જો મને ચીરીને બે કટકા કરી દેશે, તો પણ હું મરવાનો નથી. સ્વામિનારાયણ ભેગા કરીને સાંધી દેશે. જેટલામાં રાજાનું રાજ્ય એટલું રાણીનું રાજ્ય. તેમ સ્વામિનારાયણ મને વશ છે. તે જેટલો સ્વામિનારાયણનો હુકમ, તેટલો જ મારો હુકમ છે ! ને સ્વામિનારાયણના પ્રતાપે મારું ધાર્યું પણ થાય છે !'[૩૧]

પાળાઓ તો આવો પરભાવ સાંભળી અવાક્ થઈ ગયા.

---

૩૧. પ્રાગજી ભક્ત, પૃષ્ઠ ૨૨૯

પણ ભગતજી મહારાજની વાણીમાં આગામી દિવસોમાં જ આવી રહેલા ઝંઝાવાતના થોડા અણસાર પરખાતા હતા.

ભગતજીએ કેટલાક હેતવાળા સંતોને નડિયાદ બોલાવી ભાવિ ઉપાધિનાં એંધાણ આપ્યાં હતા : 'આ વખતે તમને ખરું દુઃખ આવનાર છે. માટે નિર્માની થઈ, ધીરજ રાખી ખમી રહેજો ! ને જેમ કહે તેમ હા પાડજો !'

અને આખરે એ કસોટીના દિવસો આવી ગયા. વિજ્ઞાનદાસ અને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી બંને જુદા પડે, એ જ આ મંડળને તોડી નાખવાનો શ્રેષ્ઠ ઉપાય છે, એમ જાણી દ્વેષીઓએ તક શોધી કાઢી.

●

કોઠારી ગોરધનભાઈની આંખે અંધત્વના ઓળા ઊતરી રહ્યા હતા. વહીવટમાંથી તેમણે પકડ ઢીલી કરવા માંડી હતી. એ આંખના ઑપરેશન માટે મુંબઈ ગયા, અને ભોળી પ્રકૃતિના આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ પાસે સૌ ટોળાબંધી સાથે આવી પહોંચ્યા. હડતાલની ધમકી આપી કહ્યું : 'પ્રાગજી ભગતના હેતવાળા સંતોને સત્સંગ બહાર કાઢી મૂકો, નહીં તો ભંડાર બંધ રહેશે !'[૩૨]

આખરે મહારાજશ્રીને આજે એક કડવો નિર્ણય લેવો પડ્યો. એક આખરીનામું બહાર પાડવામાં આવ્યું. એ આખરીનામું નહોતું. એક રીતે જોતાં સંસ્થામાંથી આ નિર્દોષ સંતોનું અત્યંત નીચી કક્ષાનું અપમાન હતું ! માબાપ, કુટુંબ, પ્રતિષ્ઠા અને સંસારનાં સુખ છોડીને વડતાલ સંસ્થા માટે, શ્રીજીમહારાજના જ્ઞાનના પ્રવર્તન માટે સાધુ થયેલા પ્રતિભાવંત યુવાન સાધુઓએ સંપ્રદાય માટે કરેલી સેવાઓનો ઉપકાર માનવો કે કદર કરવી તે તો બાજુએ રહી, પણ આ સંતોને હૈયે ધક્કો લાગી જાય તેવો આદેશ બહાર પાડવામા આવ્યો : 'વિજ્ઞાનદાસજી, કેશવપ્રસાદદાસજી; યજ્ઞપુરુષદાસજી, નારાયણચરણદાસજી, પુરુષોત્તમદાસજી અને મહાપુરુષદાસજી (કોઠારી બેચરભગત)ને આજથી ભગવાં કપડાં ઉતારી ધોળાં પહેરવા આજ્ઞા આપવામાં આવે છે...!'

આ સમાચાર મળતાં જ હેતવાળા હરિભક્તોના માથે વજ્રપાત થયો ! સંતો હવે ભગવાંધારી મટી શ્વેતાંબરી થઈ ગયા. આખી સંસ્થાના તમામ નાનામોટાના ઉપહાસપાત્ર થયા ! મોતથી પણ અધિક એવો આ દંડ જણાતો હતો... 'હવે ક્યાં જવું ?' સંતોએ વિચાર્યું, 'ગામડે ફરીશું...' આચાર્યશ્રી બોલ્યા : 'હાલ તો ઉપાધિ

૩૨. પ્રાગજી ભક્ત, પૃષ્ઠ ૨૪૧

છે, એટલે બહાર રહો, થોડા વખતે સત્સંગમાં લઈ લેશું.'

અને આ સંતોને 'બહાર' એટલે ક્યાં ? તે સ્પષ્ટતા મળી જ નહીં. પોતાની જાતે માર્ગ નક્કી કરવાનો હતો. જો સ્થાનનું પણ ઠેકાણું નહોતું, તો સુવિધા મળવાની તો વાત જ ક્યાં રહી ?

મહુવા બેઠા બેઠા ગુરુદેવ ભગતજી મહારાજને આ સમાચાર મળ્યા અને એમના હૈયેથી નિઃસાસો સરી પડ્યો ! આ બધા મારે ખાતર દુઃખી થાય છે ! તેમનું હૈયું દ્રવી ગયું અને સાધુને પાછા લેવા નારના ઝવેરભાઈને મધ્યસ્થી થવા પત્રો લખ્યા. એ પ્રયત્નો વ્યર્થ ગયા. સંતોને ભગતજીએ પોતાના સાંનિધ્યનું સુખ ભાદરોડમાં આપ્યું. ત્યાં જોતજોતામાં બીજા આદેશો અપાયા :

વિજ્ઞાનદાસ અને બેચર ભગત ધુળિયા (મહારાષ્ટ્ર) જાય... અને યજ્ઞપુરુષદાસ ઠાસરા રહીને ભાગવત ભણે !! આમ 'યજ્ઞ-વિજ્ઞાન'ની અનુપમ જોડી પ્રથમ વખત તૂટી. આ સંતો શાંત રહેતા. અભિપ્રાયોમાં પણ મતભેદ વ્યક્ત કરવો તેમને મર્યાદા બહાર લાગતો.

હા, એક સાધુ કેશવપ્રસાદદાસને વડતાલ રાખવામાં આવ્યા, તેથી સૌ 'ખુશી' હતા. પરંતુ સ્વામીશ્રી અને અન્ય સંતોને ભગતજી ભાદરોડમાં અનન્ય સુખ આપી રહ્યા હતા. એ આનદ બાદ સંતોના અંતરની નિષ્ઠા તપાસી, તેમને વિદાય આપવાના થોડા દિવસ પહેલાં ભગતજી લખાવે છે :

તા. ૧૨-૧-૧૮૯૦

નડીયાદ મધ્યે પરમ ભગવદી ઝવેરલાલ ઉલ્લાસરામ પટેલ.

શ્રી મવાબંદરથી લિ. ભગત પ્રાગજીનાં જય સ્વામીનારાયણ વાંચશો.

તમારુ કારડ એક, સાધુને તેડાવવા બાબત આવ્યું ને વડતાલે રાખવાનું ઠર્યું. તે તો એમના ઉપર સર્વે સંત અને મહારાજશ્રીએ પૂરણ દયા કરી છે. એવા સમાચાર સાંભળી અત્રેનાં હરીભગત સર્વે ખુશી થયા ને તે કાગળ લઈને અમો ગામ ભાદરોડ આવ્યા છીએ. ને હવે આજથી ચાર પાંચ દિવસ પછી સાધુને વડતાલ તરફ વિદાય કરીશું તે જાણશો. વળી એ કાગળ વાંચીને સાધુ પણ સર્વે ખુશી થયા ને કહ્યું જે એ સાધુઓને નોખા નોખા રાખશે, દેશ પરદેશ મુકશે ને ગમે તે ક્રિયા કરાવશે પણ સત્સંગમાં રહીને દેહ પાડવો છે એમ તેમનો અભિપ્રાય પણ નક્કિ છે.

ઝવેરભાઈ, સોમભાઈ, દાજી મોતીભાઈ બારોટ, દેવીભાઈ, ગોકળ,

મણીલાલ, ચુનીલાલ, જેઠાલાલ, અનોપરામ નાથા બારોટ, બેચર બારોટ, અમુલખ, બાજીભાઈ બારોટ, કુબેર, શામળ, ત્રિભુવન, ચુનિલાલ, વેણીરામ, વકીલ છગનલાલ, મહેતા મોતીલાલ, અંબાલાલ, પા. મથુર ગણેશજી, નારણ નાથાભાઈ, ભાઈજી, ગોપીનાથજી બારોટ, શિવા ગોવિંદજી, શિવા ગોપાળજી, વકીલ દોલા બારોટ. પા. ગોકળ બાપુજી આદિ સર્વે હરીભગત બાઈ-ભાઈ સર્વેને અમારા જય નારાયણ. પોષ વદ ૫ સ.૧૯૪૬. બેચર ભગતના જય સ્વામીનારાયણ....

ગુરુનિષ્ઠા માટે મરણિયા થયેલા સંતોને સત્સંગ મૂકીને ક્યાંય જવું ન હતું, એ દૃઢતાને અહીં ભગતજીએ આત્મવિશ્વાસ પૂર્વક વ્યક્ત કરી છે. ગુણાતીત બચ્ચાનું પ્રમાણ ગુણાતીત વિના કોણ આપી શકે ? સંતો તો શાંત રહી તમામ વિરોધ પચાવી રહ્યા હતા.

બેવડો વિયોગ

આ શાંતપણું એમની સાધુતામાંથી પ્રગટ્યું હતું. આથી જ ધીમેધીમે સૌના અભિપ્રાયો બદલાતા જતા હતા : તા. ૨૬-૬-૧૮૯૦, જેઠ સુદ ૭ સં. ૧૯૪૬ના દિવસે, વડોદરા રહેતા ભગતજીના શિષ્ય શિવશંકરભાઈ, વિજ્ઞાનદાસ સ્વામીને ધૂળિયા મુકામે પત્ર લખીને જણાવે છે :

પરમકૃપાળુ સદ્‌ગુરૂ સ્વામી વિજ્ઞાનદાસજી તથા કોઠારી બેચરભગત વગેરે સંતમંડળની સેવામાં,

લી. વડોદરાથી ચર્ણરજ સેવક શીવશંકર ભાઈશંકરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ માન્ય કરશો.

શ્રીજીની તેમજ આપની કૃપાથી કુસળ છું. આપની કુસળતાના સમાચાર લાંબી મુદતથી નથી તે કૃપા કરી જરૂર લખશોજી.

હું ગ્રહણ ઉપર વરતાલ ગયો હતો. ત્યાં પરભુદાસ તથા પરમેશ્વરાનંદ વગેરે સર્વેએ આપને સંભાર્યા હતા. તેમજ મહારાજશ્રીએ મને તે દીવસે રાત રોક્યો હતો. આપને વિષે વાતચીત કોઠારી (ગોરધનભાઈ) આગળ તેમજ મહારાજશ્રી આગળ નીકળી હતી. સર્વને આપના વિષે અભીપ્રાય સારો છે. શ્રીજીમહારાજે દેશકાળ સુધાર્યા. ત્યાં કાંઈ પણ ચેરાચેર નથી. ઠાસરે યજ્ઞપુરુષદાસને ભાગવત કેશવપ્રસાદ પાસે ભણવું છે પણ ભાગવત નથી,

માટે શી રીતે કરવું ? એવો કાગળ વરતાલ આવવાથી ભાગવત મોકલ્યું.

શાસ્ત્રો ભણવાની સ્વામીશ્રીની તત્પરતાથી ગ્રંથની વ્યવસ્થા થઈ ગઈ. પણ 'યજ્ઞ-વિજ્ઞાન'ની જુગલજોડી તૂટી ગઈ હતી, તેનો વસવસો સ્વામીશ્રીને પણ ક્યારેક થઈ આવતો. સાથે સાથે ભગતજી મહારાજનાં દર્શન-સમાગમની તો બંધી જ હતી. ને ભગતજી હરિભક્તોને આ બાબતે ખૂબ સજાગ રાખતા. કદાચ કોઈ હરિભક્ત મહુવા જાય તો ચલાવી લેતા, પણ કોઈ સંત કે બ્રહ્મચારી એવી દોડાદોડ કરે ને સંપ્રદાયના બંધારણ વિરુદ્ધ વર્તે તો જરા પણ ચલાવી ન લેતા. પ્રસ્તુત પત્રમાં તેમની એવી દૃઢતાના સહજ દર્શન થાય છે :

સ્વામીશ્રીજી

અષાડ વદ ૮ ૧૯૪૬
તા. ૯-૭-૧૮૯૦ (મહુવા)
પા. ઝવેર તળશીભાઈ તરફ.
મુકામ : નાર. તાબે પેટલાદ જીલે વડોદરા.

વિ. અમારે કાંઈ જુનેગઢ, ગઢડે જવાતું નથી. પણ ત્યાંથી હરીભગત આવ્યા જ હોય, ને હું એકલો હોઉં, તો દી-રાત આખો કથાવારતામાં શરવે હરીભગત હોઅ તો મારા મનમાં ઠીક. વલી ખોજા હરિભક્ત હોઅ તારે તેને અમારી કોરની ભીતિ ન આવે જે પ્રાગજી પ્રથા વીરૂધ વાત કરતા હશે કે શું ? તે સારૂ સરવે હરીભગત હોઅ ને તમે (સાથે) હો તો ઠીક. ને (મહુવા) ગામના હરીભગતને અમારી ઉપર હેત છે, (તે બધા) કથાવારતાના ઈશકી છે. વળી સ્વામી પણ જુનેગઢ બોલેલા જે એક રૂચીવાલા ચાર પાંચ થઈને કથાવારતા કરીએ તો અક્ષરનું સુખ આવે. માટે અહીંના હરિભગત કથાવારતામાં રૂચીવાલા છે.

બીજું, હજુ તમારે દેશકાલ રૂડો હોઅ, ને સાનુકુલ હોઅ તો આવવું ને સાધુ, બ્રહ્મચારી, પારસદ કોઈને આવવું નહીં, તો તેમને પણ સુખ આવે.

ત્યાગીમાંથી કોઈ આવવાનું કરશે, તો તેમને ને અમને મોટો ઉદ્વેગ ત્થા મોટું દુઃખ થશે, માટે કોઈ અણસમજણે આવવાનું કરે, તો પણ ના પાડજો. કે (કોઈ ત્યાગીને) ભેગો લાવવો નહિ. તે જાણવું. તે હાથે કરીને તમારે ઉદ્વેગ કરીને શું સુખ માનશો ? માટે હલીમલીને ભગવાન ભજી લીઓ.

લીખીતંગ પ્રાગજી ગોવિંદજી !

આમ સ્વામીશ્રી અને અન્ય સંતોને માટે ગુરુએ જ દર્શન વગેરેની બંધી કરી દીધી હતી અને ગુરુભાઈ વિજ્ઞાનદાસ સ્વામી તો દૂર ખાનદેશમાં જઈને બેઠા હતા. આમ ગુરુ અને ગુરુભાઈના બેવડા વિયોગે સ્વામીશ્રી અંતરની લાગણીઓને ગુરુ-શિષ્ય વચ્ચેના અનિર્વચનીય સંબંધોને કેવા શબ્દોમાં વાચા આપે છે ? પાંચ જ દિવસ પછી સ્વામીશ્રી લખે છે :

તા. ૧૩-૭-૧૮૯૦, સં. ૧૯૪૬, અસાડ વદી ૧૨ વાર રવી.

સ્વસ્તીશ્રી મહુવા બંદર મહાશુભસ્થાને પરમ ભગવદી, સાર અસાર વિવેકવાન, હરીજન શિરોમણી શ્રી પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદસ્વામી ઉપાસક દરજી પુરુષોત્તમભાઈ નરસીભાઈ ત. નારાયણભાઈ નરસીભાઈ મુકામ મહુવાબંદર.

ગામ ઠાસરાથી લી. સાધુ યજ્ઞપુરુષદાસના ઘણા કરીને જયશ્રી સ્વામીનારાયણ વાંચશો. બીજું લખવાનું કે ભગતજીને હમારા વતી સાષ્ટાંગ દંડવત સહીત જય શ્રી સ્વામીનારાયણ કહેશો.

બીજુ હમારા વતી વિનંતિ કરશો કે જેથી હમોને દરશનનો લાભ થાય. હમારી તરફ આવે ને સર્વ પ્રકારે અંતરમાં શાંતિ થાય એવી રીતે વીનંતિ કરશો. વળી હમારે તો વિજ્ઞાનદાસજીનો જોગ નથી. માટે હમારે જેવી રીતે અંતરમાં સમાસ થાય, તેવી રીતે થાય, તેમ તમો ભગતજીને વિનંતિ કરશો. વળી હમારી ઉપર કાગળ ભગતજીના સુખ શાંતિના લખશો. તમારા ત્યાંનો કાગળ લખજો.

બીજું અહીં દેશકાલ સારા છે. પુરાણી કેશવપ્રસાદદાસજી મને ભાગવત ભણાવે છે. તે સપ્તમ સ્કન્ધ સુધી આવ્યું. અહીંથી દેશાઈ માધવલાલ (મહુવા) આવવાના છે તેમની સાથે સમાચાર મોકલાવશો.

લી. સાધુ યજ્ઞપુરુષદાસ.

●

આ વાતને બે અઠવાડિયાં વીત્યાં, તે દરમ્યાન ભગતજી મહારાજે મહુવામા શિખરબદ્ધ મંદિરનું આયોજન કરાવ્યું હતું. ખૂબ જ ઉત્સાહથી હરિભક્તોને તેની સેવામાં જોડતા, કથાવાર્તા તો તેમની જીવાદોરી હતી. તેથી વાતોમાં પણ સત્સંગ, સંસ્થા અને સંતોનું હિત થાય તેવાં જ ઉપદેશ વચનો કહ્યા કરતા.

જોકે ભગતજીએ વિજ્ઞાનદાસ સ્વામી વગેરેને બને ત્યાં સુધી સીધા પત્રો લખવાનું

ટાળ્યું હતું. કેમ કે તેથી પોતાને અને સંતોને બંનેને વિઘ્નો આવે. વિજ્ઞાનદાસ સ્વામી ધુળિયામાં ગુરુદર્શને અને સંત સમાગમના અભાવે એટલા મુંઝાયા હતા, કે તેમણે ઠાસરાના ગોવિંદલાલને પત્રમાં લખ્યું હતું કે, 'હવે દેહ પરીઅંત ગુજરાતમાં અવાય એવું જણાતું નથી !' વળી ભગતજી પણ ઝવેરભાઈ ઉપર સંતો માટેના આદેશ લખી મોકલતા. આવા એક પત્ર વિષે જાણીને ઠાસરા રહેતાં સ્વામીશ્રીની જોડના સાધુ હરિકૃષ્ણદાસ વિજ્ઞાનદાસ સ્વામીને સાંત્વન આપતાં જણાવે છે :

સ્વામીશ્રીજી

તા.૨૩-૭-૧૮૯૦

ઠાસરાથી...

ઠાસરાથી લિ. સેવક હરિકૃષ્ણદાસનાં ડંડવ્રત (દંડવત્) સેવામાં અંગીકાર કરશો. આપનો પત્ર આવ્યો તે વાંચી જોવાથી આપે ગોવીંદલાલને લખું છે કે દેહ પરીઅંત ગુજરાતમાં અવાઅ એવું જણાતું નથી પણ તે વાત મનમાં રાખશો નહી. શ્રીજીમહારાજની મરજી હસે તો એક વર્ષ દહાડામાં અવાઅ તેનું પરમાંન નથી એ વિષે કોઈ વખત લખીશ.

અને વિજ્ઞાનદાસ (મોટા) નડિયાદ છે અને હાથે પીડા બહુ તેથી દાકતર પાસે લઈ ગયા છે. ને નડિયાદનાં મંદિરમાં ઉતરા છે. ને મહારાજે દવાની આજ્ઞા કરી છે. દેસકાળ, વરસાદ પાણી સારા છે. જીવણ (લાલ કિશોરભાઈ) ત્થા માધવલાલ બંને મઉએ (મહુવે) ગયા છે ભગત પાસે. હરિલીલાકલ્પતરુ વાંચવાને મોકલ્યું છે તે સવારમાં વંચાઅ છે. સાંજુકું ભાગવત વંચાઅ છે. ને રાત્રે મોટી શિક્ષાપત્રી (ભગતજી પાસે) વાંચે છે. સર્વે હરિભક્તો સુખી છે ને નારાયણ કહ્યા છે અને ભગતે ઝવેરભાઈ ઉપર લખુ છે કે કોઈ સાધુ એ મારા તરફ ન આવવું. ગમે તેટલા મુંઝાવ તોય તમારી ખુશાલીના પત્રો લખશો. મહારાજ સુરત છે તો જનમ આઠમ (જન્માષ્ટમી) ઉપર ગઢડે જનાર છે. અમારા ઉપર તથા સાધુ ઉપર નજર રાખજો જેથી દોષ પીડે નહી. મારા ઉપર બહુ નજર રાખજો.

એજ...

કડવાં વેણ કહે પોતાના દાસને !

મનાવું-પૂજાવું અને આચાર્યશ્રી કે સંપ્રદાયની પ્રાણાલિકાથી જુદા પડવું એ

ભગતજી મહારાજને પણ લેશ માત્ર અભિપ્રેત ન હતું. પરંતુ અક્ષર અને પુરુષોત્તમનાં સ્વરૂપોની સમજમાં તેઓ કોઈ જ બાંધછોડ કરતા નહીં.

માટે જ તો ઉપરોક્ત માધવલાલ દેસાઈ અને અન્ય હરિભક્તો સત્સંગ કરવા ગયા, તેમની પાસે વિજ્ઞાનદાસ સ્વામી અને બેચરભગત પ્રત્યે ભગતજીએ એવાં જ વચનો લખાવ્યા :

તા. ૨૫-૭-૧૮૯૦

શ્રાવણ સુદ ૮, સં. ૧૯૪૬

સરવે શુભોપમાજોગ, પરમકૃપાળુ સાધુ વિજ્ઞાનદાસજી ત. મહાપુરુષદાસજી વીગેરે, મુ. ધુળિયા - ગામ મહુવા બંદરથી લી. આજ્ઞાંકિત સે. પ. ઝવેરભાઈ તુલસીભાઈના, વૈદ વિશ્વનાથના, માધવલાલ - કિસોરભાઈ વીગેરેના દંડવત્ પુરવક જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિસેષે લખવાનું કે અમો વીગેરે ત. જીવણલાલ કિસોરભાઈ... ત. ભાદરણના જણ ૮ મહુવે દરસને ત. સમાગમે આવ્યા છીએ.

ભગતજીના હાથમાં આંગળીયે દુઃખાય છે. પણ વાતો સારી રીતે કરે છે.

મંદીરમાં ઊતર્યા છીએ. સમાસ સારો છે.

ભગતજીનો અભિપ્રાય આચાર્ય, સાધુ અને દેવ, એ ત્રણનું જ પ્રતીપાદન કરે છે. અને મૂળ (અક્ષરનો) અભિપ્રાય એ જ છે. એ ઉપર અણકોટ (અન્નકૂટ) ઠાકોરજીનો ત. સાધુ-સેવાનો ત. અહીં મોટું શીકરબંધી (શિખરબદ્ધ) મંદીર કરવું તેને માટે રૂા. ૨૦૦૦ કર્યા છે અને વધારે કરવાનો વીચાર છે. અમે પણ લખાવ્યા છે. માટે તમોને ભગતજીના કહેવાથી લખવાનું કે આટલા દીવસ સુધી જેમ તેમ ઉધત ચાલ્યા પણ હવે તો બરાબર આજ્ઞા અને એમના અભિપ્રાય પ્રમાણે ચાલસો તો સુખ થશે ! ત. મહારાજ, કોઠારી વગેરે જેમ કહે તેમ કરવું. સરવે ગામોના હરીભક્તની પણ એ જ મરજી છે કે મહારાજની આજ્ઞા પ્રમાણે વરતવું. સરવેના મળતા સ્વભાવ કરવા એમ અમારો પણ ઠરાવ છે. અને ભગતજી પણ એમ કહે છે.

અમે તમને લખવાને જોગ્ય નથી. ને ભગતજીના લખાવવાથી લખ્યું છે. અત્રેથી સરવેના નારાયણ વાંચસો.

'આટલા દીવસ ઉધત (ઉદ્ધત) ચાલ્યા' જેવા કડક શબ્દો તો સાચા ગુરુ જ પોતાના સાચા શિષ્યને લખી શકે ! આ મહાપુરુષના નિઃસ્વાર્થ પ્રેમમાં નહાવા

અન્ય સંતો, સ્વામી ધર્મતનયદાસજી, મોટા વિજ્ઞાનદાસ વગેરે આ જ દિવસો દરમ્યાન મહુવા પહોંચે છે. સતો છે, પણ ભગતજીના હેતવાળા છે, માટે તેમન ઊતરવું પડે છે ગામના ચોરામાં ! મંદિર તેમને માટે બંધ કરી દેવામાં આવ્યું છે !! આ સંતોને કોઈ વાંધો પણ ન હતો.

તેમના સમાચાર મહુવાથી નડિયાદ પહોંચી ગયેલા ઝવેરભાઈ ધૂળિયામાં વિજ્ઞાનદાસને જણાવે છે :

તા. ૨૯-૭-૧૮૯૦, મગળ
શ્રાવણ સુદ ૧૨, સં. ૧૯૪૬

નડીયાદથી ઝવેરલાલના દંડવત્.

વી. ગયા રવીની રાત્રે વૈદ, એમનો દીકરો, ભાણેજ કાલીદાસ, નારના ઝવેરભાઈ, ઠાસરાના જીવણલાલ તથા માધવલાલ બે ભાઈ અત્રે રાત રહી ૪ વાગે સવારમાં અમદાવાદ ઊતર્યા ને તે જ દિવસ વઢવાણ ઊતરી મંગલ(વારે) સોનગઢ ઊતરી પાલીતાણે રાત રહ્યા તાંથી ગાડું ભાડે કરી મવે સુખરૂપ (મહુવા) પોંચા. તેમનો પત્ર આજ આવ્યો. તે મંદીરમાં ઊતરા છે.

મોટા વિજ્ઞાનદાસજીને ડાબા હાથની આંગળીએ ખોતરવાથી પાકેલી, તેથી ઊપલું ટેરવું કોહવાઈને જતું રહેલું. પણ હાડકું રહેલું તેથી રૂઝાય નહીં. તે ગઈ ૧૨ (બારસે) અત્રે આવ્યા, તેમને ખાનગી દાગતર પાસે લૈ ગયા, તેણે ટેરવાનું હાડકું જુદું કર્યું ને દવા કરવા માંડી, તે આજ ૧૬ દા'ડે રૂઝાયું છે. એ (મહુવા) આવ્યા તારે (મંદિર હોવા છતાં) ચોરામાં ઊતરા'તા, તારે બે દિવસ (ચોરે રહ્યા) ને ત્રીજે દિવસે વરસાત થવાથી મંદિરમાં આવ્યા. તે (મંદિર) ઊપર ન ઊતરવા દીધા. તારે હઠ લઈ ઊતર્યા ને મેડે બીજી ઓરડીમાં રસોઈ કરવાનું કહ્યું તે પણ ઉપરવાળાને ન ફાવ્યું. ત્યારે વરતાલથી જવાબ મંગાવી આપ્યો, એટલે હવે કોઈ કટાક્ષ રાખતું નથી. એ જ, સાધુ (મંડળ) તથા ધર્મતનયદાસજીના નારાયણ વાંચજો. કથાવાર્તાનો જોગ ઠીક છે, મા'રાજ સુરત છે. તે તો તમને ખબર જ હશે- ઠાસરે સાધુ-હરિભક્તને ઠીક ગોઠ્યું છે.

હા, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ અને પુરાણી કેશવપ્રસાદદાસ ઠાસરા જ રહ્યા હતા. હરિભક્તો સાથે તેમની પ્રીતિ વધતી જતી હતી. આ સંતો સંસ્થા બહાર ગણાતા ખરા, પણ એ છતાંય હરિભક્તો આ સંતોને સંપ્રદાયમાં જ સમજીને વહેવાર

રાખતા ને સેવા કરતા રહેતા.

પારલૌકિક કસણી

સૌથી વધુ દુઃખ તો સત્સંગનો બિલકુલ યોગ જ નહીં તેવા દેશમાં જેમનો નિવાસ કહી શકાય એવા વિજ્ઞાનદાસ સ્વામીને થતું હતું. વર્તનમાં ખામી નહીં, આજ્ઞાપાલનમાં કલંક નહીં, છતાં તડીપાર કર્યા હતા, એટલે તેમણે ભગતજીનાં દર્શન-સમાગમ માટે આવી જવાનું, ને ભગતજી માટે બધી લાજ-મર્યાદા મૂકીને ચાલી નીકળેલી ગોપીઓ જેવું કરવાનું નક્કી કર્યું. આવો પત્ર પણ તેમણે ગુરુવર્ય પ્રાગજી ભક્તને લખી મોકલ્યો. ભગતજી મહારાજે તેનો કડક ઉત્તર પાઠવી આપ્યો :

"શ્રીજી"

શ્રાવણ વદ ૧૨, સં ૧૯૪૬ તા. ૧૨-૮-૧૮૯૦

સ્વસ્તીશ્રી ધુળીઆ મહા શુભસ્થાને... પૂજ્યારાધે સત શિરોમણી વિજ્ઞાનદાસજી, ત. મહાપુરુષદાસજી વીગેરે. ગોંડલથી લી. દાસાનુદાસ ચરણકમલ સેવક દેસાઈ માધવલાલ કિશોરભાઈ ત. વૈદ્ય વિશ્વનાથ વીગેરે... દંડવત્ પુરવક જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. તમારો... કાગળ વાંચી સમાચાર જાણ્યા, ભગતને જણાવ્યા. પણ (ભગત લખાવે છે કે) એવો કાગળ હવેથી લખવો નહીં ને પાંચ વરસ ત્યાં તમો રહેસો. તે ભગવાન સારૂ કરસે. ને (અમારો) જોગ આપવો, તે સ્વામીનારાયણના હાથમાં છે. ને નાથા ભગતને મુંજવણનું લખો છો તે એ ત્યાં આવ્યા શા વાસ્તે ? તે આવ્યા તો વાતચીતે શાંતી (કરશો). અને તેમ કરતાં ન રહે તો ઉપાય નહીં, પણ તમારે ત્યાં રહેવામા એમનો (ભગતજીનો) ઘણો રાજીપો છે. ને ભગતનું કહેવું એમ છે કે રાત્રિ-દિવસ કથાવાર્તા ત. ભજન-સ્મરણ કર્યા કરેથી દોસ (દોષ) પીડે એમ નથી, ને ભગવાન ભેગા છે, એમ કહે છે.

અમે દસ દીવસ (મહુવા) રહી ને જૂનાગઢથી ગોંડલ આવ્યા છીએ. ત્યાંથી ગઢડે જઈને ઘેર જઈશું. અત્રેથી વિશ્નુસ્વરૂપાનંદ ત. આત્માનંદના જયશ્રી સ્વામીનારાયણ વાંચસો. દા. માધવલાલ. ભૂલચુક માફ કરશો.

જે કોઈ હેતવાળા મુમુક્ષુઓ મહુવે જતા, તેઓ આ શાંતમૂર્તિ સાધુ મંડળીને

વગર વાંકે પડેલાં કષ્ટ માટે ભગતજી મહારાજ પાસે દિલગીરી વ્યક્ત કરતા. આ સંતોને કોઈ પણ બહાને સૌ ગુરુવર્ય પાસે યાદ કરી સંજોગો બદલાય તેવા આશિષ પણ માગતા, પણ ભગતજીની કસણી પારલૌકિક હતી. તેઓ એક જ વાત જણાવ્યા કરતા :

'તમને ભગતે કહાવ્યું છે કે આચાર્ય મહારાજ જેમ કહે તેમ કરજો. જ્ઞાન પ્રગટે ને ગરીબી રાખવી, એ ભગતનો અભિપ્રાય છે... આચાર્ય મહારાજ, મૂર્તીયું, સાધુ ને સત્સંગી તેને વળગી રહેવું. એ ભગતનો અભીપ્રાય છે... એ જ વિનંતી, સર્વેને નારાયણ...' (તા. ૩૧-૧૦-૧૮૯૦, સં ૧૯૪૬ આસો વદિ ૪)

આ પત્ર લખાવ્યો છે અમદાવાદના ચુનીલાલ પાસે ! ભગતે તેમને '૧૪ દીવસ રાખ્યા. પહેલાં સાત દીવસ વાતો કરી, બીજા સાત દીવસ ભજનમાં બેસાડ્યા.' આમ લાભ આપી સંતોને ઉપરોક્ત પત્ર લખાવી ધીરજ બંધાવી.

જોકે હેતવાળા હરિભક્તોથી આ નિર્મળ સંતોનું દુઃખ ખમાતું નહીં. મહુવે સમાગમ કરતાં કરતાં આ સંતોની યાદ આવતી ત્યારે ભક્તોને થતું, એ ધ્યાની મંડળ અહીં સાથે હોત તો કેવો બ્રહ્માનંદ મળત ! તેઓ અનાયાસ જ ભગતજીના સમાચાર અને હૈયાનો ભાવ સતોના ચરણે વહાવ્યા કરતા...

આવો એક ભાવનાસભર પત્ર વડોદરાના ભક્તો લખે છે :

સં. ૧૯૪૬, આસો વદ અમાસ, બુધવાર. તા. ૧૨-૧૧-૧૮૯૦

'વડોદરેથી લી. દર્શનાભિલાષી સેવક વૈદ્ય વિશ્વનાથ તથા પા. કાશીદાસ તથા શિવશંકર તથા માસ્તર રામજી વિગેરેના જે સ્વામીનારાયણ માન્ય કરશો.

અમે મહુવે ગયેલા... ત્યાં કથા-વારતા-સમાગમનું સુખ આવ્યું હતું, ભગતરાજની પ્રકૃતી સારી છે. (તબિયત સારી છે.) એમને શરીરે કસર હતી તે મટી છે. અને સર્વેને સંભારી જે નારાયણ કહ્યા છે... તમારા સર્વની પ્રકૃતી સાચવજો, જોઈતું-કરતું મગાવજો. 'આચારજી મહારાજની આજ્ઞા પાળવી, મંદિર મૂકવું નહીં, જેમ કહે તેમ કરવું' એમ ભગતજીની આજ્ઞા છે. ભગતજીનો મહિમા તમે જાણ્યો છે, તેવો અમે જાણ્યો નથી... અમને કંઈ લખવું ઘટે તે લખવું. તમે મોટા છો. તમે જે કસણી વેઠી છે, તે કોઈથી થાય નહીં, તેથી ભગતજીનો સિધ્ધાંત છે, હવે સ્વામીનારાયણ સુખ આપશે.

અમારુ બોલ્યુ-ચાલ્યું માફ કરશોજી. તમે સંત શિરોમણિ છો. આ પત્રનો જવાબ લખશો.' લી. રામજી કાળીદાસ...

અપમાનના દિવસો હવે મહિનાઓ બનીને વહ્યા કરતા હતા.

આચાર્યશ્રીની ભાવના : ભગતનું જ્ઞાન બધે પ્રવર્તે !

સંવત્ ૧૯૪૫, માગશર પૂનમ, તા. ૧૮-૧૨-૧૮૮૮ થી સં. ૧૯૪૭ કાર્તિક પૂનમ, તા. ૨૬-૧૨-૧૮૯૦ સુધી ચોવીસ મહિનાઓ વીતી ગયા હતા. ગુરુવર્ય ભગતજીનાં દર્શનનો યોગ પણ નહોતો અને પરસ્પર મળવામાં પણ વિજ્ઞાનદાસ સ્વામી અને યજ્ઞપુરુષદાસજીને બંધી હતી ! પત્રવ્યવહાર છૂટક છૂટક થતો. તેના પર પણ નજર રખાતી. આદર-માનને બદલે અપમાન ને ઘૃણાનો ભાવ કેટલાક સાધુ-પાળા અને હરિભક્તોને રહ્યા કરતો. બસ, મૂંગા મોંએ આ સંતોએ એ બધું સહ્યા જ કરવાનું હતું. આવી પરિસ્થિતિમાં સાચા ખપવાળા સિવાય કોણ ટકી શકે ?

આચાર્યશ્રી વિશાળ દિલના હતા. આખરે આ સંતોનું હિત તેમના હૈયે વસ્યું અને સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીને સમાચાર મળ્યા કે મહારાજશ્રી કંડારી, સાધી વગેરે ગામોમાં પધારે છે. તેઓ ખાસ દર્શને ગયા. ત્યાં શું બન્યું ?

સ્વામીશ્રી પોતે જ ગુરુહરિ ભગતજી મહારાજને સુંદર અહેવાલપત્ર લખી મોકલે છે :

શ્રી ૧।

સ્વસ્તી શ્રી મવાબંદર મહાશુભસ્થાને પરમ એકાંતિક ભગતોત્તમ શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક ભગતરાજ પ્રાગજીભાઈ ગોવીંદભાઈ પ્રતે, વડોદરેથી સાધુ યજ્ઞપુરુષદાસના જે શ્રી સ્વામીનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે તમો શીવશંકરભાઈની સાથે કહી મોકલ્યું હતું કે ભણવાનો આગ્રહ રાખવો, ને સાધુ થવું. પછી હું ગામ કંડારી મહારાજશ્રીનાં દર્શન કરવા ગયો. ત્યાં વિનંતી કરી કે મને સાધુ કરો, તો ભણવાનો વીચાર છે. ને તે પણ અહીં મીઠા ભગતની બહુ સેવા કરીને કોઠારનું કામ સારી રીતે કરૂ. તેથી (મહારાજ) રાજી થયા. ને સાધુ કરવાની હા પાડી, (શ્વેત કપડાંની આજ્ઞા પાછી ખેંચી લેવા સંમત થયા) પછી શંકરભગત ધુળીયે ગયા, તો તેને અહીં મીઠા ભગતની (સેવામાં) મારે બદલે મૂકીને મને સાધુ કર્યો. ને ભેગો

ભણવા રાખ્યો. તાં ઠાસરા એકાદશ સ્કંધ ભણતો. પછી ભણાવનાર પુરાણી (કેશવપ્રસાદદાસ) તેને વડતાલ મોકલ્યા. હું એમની પાસે ભણું છું. તેથી હું પણ વરતાલે કાલે જઈશ. અહીં તો મારા પુસ્તક લેવા ગામ સાધી માહારાજ છે, તાંથી આવ્યો છું.

મહારાજ મને તમારી ખબર પુછતા'તા. ને મારી ઉપર રાજીપો પણ બહુ રાખતા. ને કોઈ જાતની ઉપાધી હવે નથી. ને કેશવપ્રસાદને સમૈયે સાધુ કરસે. પછી ધુળિયાવાળાને બોલાવસે. (વિજ્ઞાનદાસ, બેચરભગત વિગેરેને સાધુ કરવા બોલાવશે.)

મહારાજશ્રીએ ગામ પીપળીમાં મને બોલાવ્યો ને તાં ધર્મતનયદાસ શાસ્ત્રી હતા, ને (મહારાજે) પૂછ્યું 'ભગતનું વચનામૃતનું જ્ઞાન વિજ્ઞાનદાસને સંપુર્ણ છે કે નહીં ? ને હવે સું અધુરૂં છે ?' પછી મેં કહ્યું કે વચનામૃત તો બધાં ભગતે ભણાવ્યાં છે, ને ભજન પણ અખડ કરે છે. પણ અધુરૂં એટલું કે ભગત જેમ ઇન્દ્રીયોની વરતી(વૃત્તિ) પછી વાલીને અંતરમાં ઉતરીને શ્રીજી મહારાજની સંઘાથે વાતો કરે છે, તેવી સ્થીતી નથી કરાવી, એટલું અધુરૂં છે. તો મહારાજ કહે : 'મારે ભગતનું જ્ઞાન એમનું એમ (એમની સાથે) જતું ન રહે એ ફકર છે. માટે હવે તો એવી સ્થીતી એક જણને કરાવે, તો ઠીક. ને કંઈ દેહનો નીરધાર નહીં. વૃદ્ધ થયા છે.

પછી ધર્મતનયદાસે કહ્યું કે એ તો એમના જેવી સ્થીતી કરાવ્યા વીના દેહ મુકવાના નથી. તે વાતની કંઈ ફીકર રાખશો નહીં. તારે મહારાજ કહે, 'બહુ સારૂ. ને તમારે બાર મહીના સુધી કાંઈ ઉપાધી થાય એવી રીતે બા'ર (બહાર) બોલસો નહીં, પછી હું જરૂર ભગતને બોલાવીશ. ને મારે વીષે તમારે હેત છે, ને હું કહું એમ તમે કરો છો માટે તમારા મનસુબા મારે પુરા કરવા. ને મારા મનથી (એમ છે) કે **'ભગતનું જ્ઞાન બધે પરવરતે !'**

પછી મેં એમ કહ્યું કે ગયે વખત, ગામ ભાદરોડમાં પણ ભગતે હમને કહું હતું કે તમો આચારજી મહારાજ ત. સર્વ સંત્સંગને રાજી કરશો, તો મારૂ જેવું જ્ઞાન છે, તે તમોને ના આપું તો આ મારા પુરુષોત્તમ (ભગતજી મહારાજના ભત્રીજા)ના સમ છે ! ને આચારજી મહારાજને તમે રાજી કરસો, તો શ્રીજીમહારાજ રાજી થઈને રહ્યા છે. એવી રીતે કહ્યું. ને વલી વારે વારે કહે કે 'તમે સત્સંગ ના મુક્યો એ બહુ જ કરી છે. માટે ગમે તેમ કરીને મહીં

પેસવું !' એવી રીતે કહ્યું 'તું.

પછે મુનીને કહ્યું કે **જે જે ભગતનો સંગ કરે છે, તે મનુષ્ય સારે રસ્તે ચાલે છે.** એવી રીતે ગણી વખત બોલાવે છે ને રમુજ કરે છે.

મા'રાજ ભેગા દેસાઈ ભગત ત. દયાનંદજી ત. ધર્મતનયદાસજી તેમના નારાયણ વાંચસો. બીજુ તાં નારાયણભાઈ ત. પુરુષોત્તમભાઈ, રણછોડ (ભાઈ), ધના શેઠ, ગીગા ભગત, વાલજી વીગેરેને નારાયણ વાંચસો. એ જ... સાધી સમૈયો સારો થયો છે. મારી ઉપર દયા રાખજો ને મારે ભેગા થવાની તાણ બહુ જ છે તે પુરી કરસો. તમારા સુખ શાંતીના પત્ર લખસો. હવે કોઈ જાતની ઉપાધી નથી. એ જ... અવળું હવળું લખ્યું હોય તો માફ કરજો.'

ઉપાધિના વંટોળ શમે છે

'શાસ્ત્રીને પાછા સત્સંગમાં લીધા' આ સમાચાર જેમ જેમ ફેલાતા ગયા તેમ વિરોધીઓમાં આઘાતની અને સ્નેહીઓમાં આનંદની લાગણીઓ પ્રસરી રહી. ૨૪-૨૪ મહિનાઓ સુધી ખમ્યા હતા તે ઉપેક્ષાનો બદલો વાળી આપવો હોય તેમ આચાર્યશ્રીએ સ્વામીશ્રીને પોતાની સાથે ભરૂચ વગેરે શહેરો-ગામોમાં વિચરણ સમયે સાથે લીધા.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ ઉપાસનાના સિદ્ધાંતને અંતઃકરણપૂર્વક કેટલું મહત્ત્વ આપતા તે આ અદ્‌ભુત પત્રમાં એક જ વાક્યમાં ઝીલાયું છે.

'મારા મનથી (એમ છે) કે ભગતનું જ્ઞાન બધે પરવરતે' આ કોઈ સામાન્ય સત્સંગીએ કરેલું વિધાન નથી ! શ્રીજીની ગાદી પર બિરાજતા વિદ્વાન અને સર્વાધિકૃત વિભૂતિની આ તમન્ના હતી. કોને ખબર કયાં કારણોથી આચાર્યશ્રી ખુલ્લેઆમ આ પ્રવર્તનમાં જોડાઈ શક્યા નહીં ! સાધુઓના દબાણમાં આવીને આ નિર્દોષ સંતોને દંડ આપવો પડ્યો તે સંતોએ મૂગે મોંએ સહી લીધું.

સ્વામીશ્રીએ પોતાને સાધુ કર્યાના સમાચાર તરત જ ધુલિયા પણ લખી મોકલ્યા. તેમાં વિશેષ લખ્યું :-

શ્રી ૧।

ફાગણ સુદ ૫, સંવત્ ૧૯૪૭ તા. ૧૫-૩-૧૮૯૧.

સ્વસ્તી શ્રી ધુલિયા મહાસુભ સ્થાને પરમ એકાંતિક સ્વામી વિજ્ઞાનદાસજી

તથા કોઠારી બેચર ભગત, વડોદરેથી લી. યજ્ઞપુરુષદાસના દંડવત્ સહિત જે શ્રી સ્વામીનારાયણ વાંચસો.

બીજું લખવાનું, વૈદ ઉપર તમારા કાગળ આવ્યા, તેના સમાચાર મને કહ્યા છે. મને સાધીથી ભણનારા ભેગો વરતાલ મોકલ્યો છે, તે કાલે જઈશ, અહીં સામાન લેવા આવ્યો છું. સાધીમાં ગઢડાના તથા જૂનાગઢના વીગેરે બહુ સાધુ ભેગા થયા છે. હુતાસણી ત્યાં કરવાની. હાલ એકાદશ સ્કંધ ભણવાનો ચાલે છે. મહારાજશ્રી તથા કોઠારી વિગેરે ખુસીમાં છે. હવે ઉપાધિ કાંઈ નથી. મને જ્યારે સાધુ કર્યો, ત્યારે કોઈએ ઉપાધિ ન'તી કરી.

તમારે ત્યાં નારાયણચરણદાસ ત. પુરુષોત્તમચરણદાસને મળી જય શ્રી સ્વામીનારાયણ કહેશો. અહીંથી શીવશંકર, હરિવલ્લભદાસ, નરનારાયણદાસ વગેરેના નારાયણ વાચશો.

બીજું, મહારાજશ્રીનો સમૈયા પછી ત. રામરતનદાસ, હરિકૃષ્ણદાસ ત. હું તેમના જોગે કરી મંડળ બંધાવીને ફરવા મોકલવાને વિચાર છે. મારે કેમ કરવું તે લખસો. પુરાણીને (કેશવપ્રસાદદાસને) સમૈયે સાધુ કરશે. મારૂં તો અહીં તમારા જોગ વિના ભજન-સ્મરણનું સુખ બરાબર આવતું નથી. તો દૃષ્ટિ રાખશો... એ જ.

બહાર કાઢેલા સંતોને પાછા લેવાય તેવી ઘટનામાં તેમને પુનઃ કોઈ અધિકાર કે પદ આપવામાં ન આવતું. વળી, નામ પણ બદલી નખાતું. જેથી લોકોને અને જે તે સંતને કાયમ અપમાનબોધ અને ગુનાનો અહેસાસ પણ રહ્યા કરે. પરંતુ સ્વામીશ્રી માટે એવું ન થયું, એ આશ્ચર્યની વાત ભગતજી મહારાજના શિષ્ય વડોદરાના શિવશંકરભાઈ લખે છે :

શ્રી હરીકૃષ્ણાય નમઃ

સં. ૧૯૪૭ મહા સુદ ૧, તા. ૧૭-૨-૧૮૯૧.

સ્વસ્તીશ્રી ધુલીયા મહાશુભ સ્થાને અનેક શુભોપમા યોગ્ય પરમકૃપાળુ સદ્ગુરુ વિજ્ઞાનદાસજી તથા મહાપુરુષદાસજી,

વડોદરાથી લી. ચર્ણરજ સેવક શિવશંકર ભાઈશંકરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ માન્ય કરશો.

હું મહારાજશ્રીને દર્શને કાનમમાં કંડારી ગયો હતો ત્યાં લાભ લઈને ત્યાં રહ્યો ને કથાવાર્તાનું સુખ સારૂં આપની કૃપાથી લીધું છે.

ખુશીના સમાચાર એ છે કે યજ્ઞપુરુષદાસ, મીઠા ભગત જોડે કંડારી દર્શને ગયેલા, તેમને ભગવાં પહેરાવી પાછા સાધુ કર્યા છે. ને નામ તેનું તે કાયમ રાખ્યું છે. કોઈના ભેગા નહીં, આગવું મંડળ કાઢી ફરવું એમ કર્યું છે. ને માન સારૂ પામ્યા છે, હવે સર્વ ઉપર વળતી નજર છે. સર્વ આપના વખાણ કરે છે, કે એવા નિર્માની થાવું કઠણ છે. આપે આ વખતે સહન કર્યું એવું કોઈ ન કરે ! ધન્ય છે આપની ધીરજને.

સેવક સરખું કામકાજ લખશો...

હા, 'સર્વે ઉપર વળતી નજર' તો થઈ જ હતી પણ મંડળધારી તરીકે ગામડાઓમાં અધિકાર સાથે ફરી શકે એવું માન મળવું એ વિરોધભર્યા વાતાવરણમાં ક્યારેય શક્ય ન હતું ! જે સ્વામીશ્રી માટે શક્ય બન્યું હતું, બધો વંટોળ ધીમે ધીમે શમી રહ્યો હતો.

ભક્તોના સુખે સુખી

આ દરમ્યાન ભગતજી મહારાજના મહિમાનું અને અક્ષરપુરુષોત્તમના જ્ઞાનનું પ્રવર્તન ધુળિયા અને વરખેડા જેવા દૂર દેશમાં ચાલુ જ હતું. ત્યાં કોઈને પણ ગમે તે દુ:ખ હોય તો વિજ્ઞાનદાસ સ્વામી કે મહાપુરુષદાસ સ્વામી, ભગતજી મહારાજને પત્ર લખવા પ્રેરણા કરતા. એ સૌ ભોળા ભાવિકો દુ:ખની દાસ્તાનો ભગતજીના ચરણે અર્પણ કરતા અને કાગડોળે ભગતજીએ સૂચવેલા ઉપાયો અને આશીર્વાદની રાહ જોતા.

આવો એક પત્ર ભગતજી પર મહુવા પહોંચ્યો. વહેમભર્યું એ સમયનું માનસ અને ઘરમાં ભૂત-પ્રેતાદિકના ઉપદ્રવમાં ભગતજી મહુવાના હનુમાનજીની માનતા કરાવતા અને દુ:ખ દૂર કરતા. ભક્તો પર કરુણા વરસાવતો આવો એક પત્ર ભગતજીએ ધુળિયાના હરિભક્તો પ્રત્યે લખાવ્યો :

સ. ૧૯૪૭, ફાગણ વદ ૧૧. તા. ૫-૪-૧૮૯૧.

શ્રીધુલીઆ મધે પરમ ભગવદી શેઠ શ્રી ભીખાશેઠ બાલાશેઠ, શ્રીમહુવાબંદરથી લી. ભગત પરાગજી ગોવીંદજીના નારાયણ વાંચવા.

જત તમારો કાગળ પોંચો છે. સમાચાર સરવે જાણ્યા છે. વરખેડાના કણબી લક્ષ્મણની વિનંતી એ છે જે તેના છોકરાએ વરતમાન ધારીને કંઠી બાંધી છે, તે બાબત મરેલા પીત્રી ધુણીને કહે છે કે કંઠી તોડી નાંખો, નહીં તો

ત્રણ માસની અંદર મારી નાખીશ. એવું કહે છે. તેનું સું કરવું. તો એનો ઉત્તર જે આ કાગળ સાથે હનુમાનજીના નામનો ખરડો લખીને મોકલો છે. તે ખરડાના પાઠ ૭ નીત્યે તેની પાસે રાત્રીએ કરવા ને નીતે (નિત્યે) માલા ૨૫ સ્વામીનારાયણ, સ્વામીનારાયણ એવી રીતે બોલીને ફેરવવી. એ પરમાણે નીતે કરજો. તે એ પરમાણે માસ ૩ સુધી કરજો ને એ બાબત આંહીના હનુમાનજીની માનતા તમારી માનતા પ્રમાણે કરજો.

બીજુ વરખેડાના ૫. નરભેરામની બેનને ભુત ત્રણ વરસથી વલગું છે તેનો ઉપાય પણ ઉપર લખેલા પરમાણેની તે માલા ૨૫ તથા હનુમાનજીના પાઠ ૭ કરવા. તે માસ ૩ સુધી નીતે (નિત્યે) ઘીનો દીવો કરીને પાઠ કરવા ને માલા તો નીરંતર ફેરવજો. ને તે બાબત આંહીના હનુમાનજીની માનતા તમારી મરજીમાં આવે તે પરમાણે કરજો. તીંહા સાધુ મહાપુરુષદાસ તથા વીજ્ઞાનદાસ તથા પુરુષોત્તમદાસ તથા સરવ સત્સંગી-પારશદ ને નારાયણ વાંચવા.

આંહી મંદીરને પછવાડે (શિખરબદ્ધ) મંદીર કરવા માટે પરથમ જગા રૂા. ૧૬૦૦ની લીધી છે. તે પછે જગા રૂ. ૭૫૦ની લીધી છે. ને હવેથી જગા એક આશામીની લેવાની બાકી છે. તેની વાત ચાલે છે. તેના રૂ. ૯૦૦ આશરે બેસશે. તે લીધા પછે મંદીરના પાયાનો આદર કરશું. તે પણ તમોને લખી જણાવશું. આંહી દેશકાળ સરવ પ્રકારે સાનુકુલ વરતે છે.

એજ, દા. શામજી ગાંગજીના દંડવત્.

દરજી પ્રાગજી ગોવીંદની શઈ. દશકત પોતાના.

ભક્તોના સુખે સુખી અને દુઃખે દુઃખી, ભગતજી મહારાજના આશીર્વાદથી અનેક લોકોનાં અનેક દુઃખો દૂર થઈ જતાં. એમની કરુણા જો દૂર દૂરના હરિભક્તો પર વરસતી હોય, તો જે તેમને માટે ફના થઈ ગયા હતા, જે દૂર રહીને 'નજરકેદ'ની સજા ભોગવતા હતા, તેવા સંતો માટે તો તેમને કેટલી ચિંતા હોય !

સંતોને ધોળામાંથી ભગવાં પહેરાવી સત્સંગમાં પ્રતિષ્ઠા સાથે પાછા લીધા એ જાણી તેમનો આનંદ સમાતો ન હતો. હા, હજુ ભગતજીનાં દર્શને આવવાની સૌને બંધી હતી તેથી સંતો અકળાઈ રહ્યા હતા અને પોતાના હેતવાળા હરિભક્તોને સંઘ લઈને મહુવા તરફ દર્શન-વાતોનો લાભ લેવા મોકલ્યા કરતા હતા.

ભગતજીએ પ્રભુદાસ કોઠારીને સંતો માટે જે આશીર્વાદ આપ્યા હતા તે સુરત

જઈને તેમણે વિજ્ઞાનદાસ સ્વામી પર લખી મોકલ્યા :-

સવત ૧૯૪૭ વૈશાખ સુદ ૯. તા. ૧૭-૫-૧૮૯૧.

સુરતથી પ્રભુદાસના દંડવત્ સરવને વાંચવા...

હું મહુવાથી વહાણમાં બેસી સુદી ૩ ના રોજ વલસાડ ઉપર થઈ ગાડીમાં બેસી (સુરત) આવ્યો છું. મહુવામાં નીવૃત્ત થઈને વાતુ ને દરસનનું સુખ બહુ જ આવ્યું છે. તેમાં પણ વગર ઉપાધી દરસન થયા કરે છે. મંદીરનું કામ (મહુવા શિખરબદ્ધ મંદિર) શરૂ થયું છે પથરા કડાવે (કઢાવે) છે ને તેના પૈસા આપવા-લેવાનો વહીવટ પોતાની જાતે સ્વતંત્રપણામાં રાખ્યો છે... બીલકુલ ઉપાધી નથી. ને વરસદા'ડા પછી કસી રહેવાની નથી. (ભગતજી) કે' છે : 'ભજતાને ભજે નહીં જેહ, કૃતઘ્ની, ગુરુદ્રોહી તેહ,' તેમ કહી તમને સંભારે છે. સર્વ છુટ્ટી જવા-આવવાની થઈ જસે...(ભગતજીનાં દર્શનની સંમતિ મળી જશે)

'જવા આવવાની સર્વ છુટ્ટી થઈ જશે' એવા ભગતજીના આશીર્વાદથી સૌ ખૂબ રાજી થયા. નવા મંદિર માટે સંતોની પ્રેરણાથી ખાનદેશી હરિભક્તોએ મનીઓર્ડર દ્વારા સેવાની સરવાણી વહેતી કરી હતી. તેની પહોંચનો પત્ર લખાવી ભગતજી મહુવા મંદિરનો વિલક્ષણ હેતુ જણાવતાં હોય તેમ અત્યંત રાજીપાથી જણાવે છે :

તા. ૨૫-૫-૧૮૯૧ વૈ.વ.૨

ગામ મહુવેથી ભગત પ્રાગજી ગોવીંદના જય સ્વામીનારાયણ શહીત વાંચજો.

બીજું તમારો કાગળ મનીયાડરમાં લખું જે વરખેડાના હરીભગત ખુસીથી પોતા (પહોંચ્યા) છે. તેનો તમે જવાપ લખ્યો, તે વાચીને ઘણું ખુશી થાય છે. બીજું લખવા કારણ ઈ છે જે તમારી શેવા મોકલી તે પોચી છે. તે મંદીર બાંધકામમાં ઘણું ખરા કામમાં આવ્યું છે.

શરવે હરીભગતને વાતુ કરીને ખુશી રાખજો. આહીં મંદીરનો જે આરંભ કર્યો છે, તે વરખેડાના હરીભગતને મુખથી શરવે શમાચાર જાણાં હશે. તે અહીં જે મંદીર કરીએ છૈએ, એ તો તમને અમારી પાશે મંદીરની શેવામાં રાખ્યા શારૂ જ આદરૂં છે. તે મંદીર કરતાં ઘણા દીવશ થાય, પણ પાંચ વરશની માંહીલી કોરે શ્રીજી મહારાજ ને તેમના ભગત એકાંતીક ઘણું રાજી થશે. ને તમે જે આચારીય શ્રી વીહારીલાલ માહારાજ ભગવતપ્રશાદજી

માહારાજના વચન પ્રમાણે તમે રહો છો તેમ અમે ખુશી રહીએ. ને શ્રીજી માહારાજ તમ ઉપર રાજી બહુ થાશે. તમો જે છેટે છો, પણ મારા શમીપમાં છો, એમ હું માનું છું. તમે વચને કરીને સેવા કરો છો, તેને હું ઘણું માનું છું. ને ખુશી છું.

વૈશાક વદ ૨ સોમ.

દરજી પ્રાગજી ગોવીંદની શઈ. દશકત પોતાના,

ગુરુવર્ય ખુશી હતા. પરંતુ વડતાલના કોઠારી ગોરધનભાઈ આ સંતો દ્વારા મહુવા મોકલાતા હરિભક્તોના સંઘોની વાતો સાંભળી અકળાતા હતા. તેમણે આવા હરિભક્તોના બે-ચાર સંઘોની વાતો કે મનીઓર્ડર દ્વારા આર્થિક સેવાની વાતો સાંભળી ત્યારે ધુળિયા તાત્કાલિક પત્ર લખ્યો. કઠોર ભાષામાં તેમણે જણાવ્યુ :

સંવત્ ૧૯૪૭, વૈશાખ વદ ૫. તા. ૨૮-૫-૧૮૯૧.

જુનેગઢથી લિ. કોઠારી ગોવર્ધનભાઈના જેશ્રી સ્વામિનારાયણ વાંચજો મને વડતાલથી નીકળે ૨૨ દિવસ થયા છે... તમોને લખવાનું કે તમારી નજીક વરખડા ગામના હરિભક્તોને મહુવે મોકલ્યા તે ઠીક કર્યું નથી. તમારા પેટમાં જે વાત પેઠી છે તે નીકલવાની નહીં, પણ બીજા લોકોને પેટમાં ઘાલી સતસંગમાં કલેશ શા માટે કરાવો છો ? એમાં અમારે તથા મહારાજશ્રીને પરમ દુ:ખ આવનાર છે. તમો ડાહ્યા છો માટે વિશેષ લખતો નથી.'

ગુરુદર્શનની તાલાવેલી

આ પ્રકારની કડક આજ્ઞામાં જો હરિભક્તો માટેની દર્શન-કથાની બંધી હોય, તો સ્વામીશ્રી કે અન્ય સંતોને તો ભગતજીનાં દર્શન હોય જ ક્યાંથી ? એટલે સ્વામીશ્રીએ ભગતજીને સામેથી - પોતા તરફથી - એક પ્રાર્થનાપત્ર લખ્યો અને અપાર ગુરુભક્તિની આર્દ્રતાથી જણાવ્યું :

સંવત્ ૧૯૪૭, વૈશાખ વદ સાતમ

તા. ૩૦-૫-૧૮૯૧.

સ્વસ્તીશ્રી મહુવા બંદર કત નિવાસ ઉત્તમોત્તમ પરમ એકાંતીક ધર્મ પ્રવર્તક, સર્વ સદ્ગુણ સાગર, શ્રી પ્રગટ પુરૂષોત્તમના અનન્ય ઉપાસક, એ આદી અનેક સુભ ઉપમા બિરાજમાન ભક્તરાજ પ્રાગજીભાઈ ગોવીંદભાઈ

પ્રત્યે વરતાલથી લી. સા.યજ્ઞપુરુષદાસના ઘણા પ્રીતિપુર્વક જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

બીજુ, હું મારા તરફથી વિનંતી કરૂં છું. હમો તમારા કહેવા પ્રમાણે આચાર્યજી મહારાજની મરજી ન લોપતાં સર્વ પ્રકારે સુખી થયા છૈયે ને હમારે માથે કોઈ જાતની ઉપાધી નથી. માટે તમોએ કહ્યું હતું કે તમો સત્સંગમાં જશો કે હું ત્યાં (વડતાલ) આવીને ભેગો થઈશ. માટે હવે દયા કરીને અત્રે પધારવા વીષે જરૂર કૃપા કરશો. સર્વ પ્રકારે સુખ છે. દરશન દઈને હમારી રક્ષા કરશો. માટે દાસ ઉપર દયા કરી તેની સર્વ પ્રકારે શાંતી કરશો.

એ જ, હું મોટી શિક્ષાપત્રી ભણું છું ને કેશવપ્રસાદ પુરાણી પણ અહીં છે ને તેમને શરીરે હરસની પીડા હતી તે મટી છે. મને ગામ પલાણે (મોટા) વિજ્ઞાનદાસ તથા ઘનશ્યામ છે ત્યાં ભક્તીવલ્લભદાસ ભેગા કથા કરવા જવાની આજ્ઞા કરી છે, તે (મોંમાં ચાંદાની તકલીફ થઈ હોવાથી) બોલવું બહુ કઠણ થઈ પડે છે. માટે તેનું કંઈ ઔષધ જાણતા હોય તો લખી મોકલશો. ને અહીં પણ મહારાજે સભામાં કથા કરવાની આજ્ઞા કરી'તી પણ બહુ ગરમી તેથી (મોંમાં ચાંદા પડી જવાથી) ના પાડવી પડી. એ જ...

થોડું લખ્યું ઘણું કરી માનજો. આઘાપાછું લખ્યું હોય તો અપરાધ માફ કરશો.

લી. યજ્ઞપુરુષદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચશો ને દયા કરીને પત્રનો જવાબ લખશો. ઓસડનો જવાબ લખશો. એ જ વિનંતી...

જોકે ભગતજી મહારાજને આ પ્રાર્થનાપત્રનો અમલ કરી પોતાના 'કોડીલા લાલ' શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને દર્શન-વાતોનું સુખ આપવું હોય તો પણ તે સમય થોડો વિપરીત હતો. વાતાવરણ પ્રતિકૂળ હતું.

બહાર તો સઘળું શાંત હતું, પણ એ શાંતિ ભારેલા અગ્નિ જેવી હતી.

ખાનદેશથી બેચરભગતે મોકલેલો સંઘ મહુવા જવા મુંબઈ આવીને ભોઈવાડાના સ્વામિનારાયણ મંદિરમાં ઊતર્યો. એ ઘટના નિરૂપતાં નારણભાઈ નામના હરિભક્ત વિજ્ઞાનદાસ અને મહાપુરુષદાસને (બેચરભગતને) લખે છે :

સંવત્ ૧૯૪૭, જેઠ સુદ ૧૦. તા. ૧૬-૬-૧૮૯૧.

મુ. ધુલીઆ પૂજ્ય પવીતર પરગટ પુરશોતમના ઉપાશીક સદ્‌ગુરૂ સાધુ

વીગનાનદાશ તથા બેચરભગત શરવે પ્રતે મુંબઈથી આપના દાશાનુદાશ છોરૂ નારાણના દંડવત્ પુરવક જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

બીજું, કેવલ(દાસ) આદી હરિભક્તોને (મહુવા જવા માટે) આગબોટમાં બેસાડી આ કાગળ લખું છું. ખુશી-આનંદથી બેસાર્યા છે. કંઈ ફીકર ચીંતા કરશો નહીં.

બીજું, (ભોઈવાડા) મંદીરમાં (સંઘ લઈ હરિભક્તો) દરશને ગયા હતા તે વખતે હું પણ સાથે જ હતો. રામચરણદાસને પગે લાગતાં તેમણે પૂછ્યું જે તમે કીંઆથી આવ્યા ને કીંઆ જાઓ છો ? તીઆરે હરીભગતો બોલા જે મહુવે જઈએ છીએ... એટલું જ સાંભળતાં સાધુ બોલ્યા જે અરેરેરે... આ તમારા માથાં કેમ ફરી ગયાં છે ? અને એ દરજીમાં શું છે ? એમ કહીને ગણું જ ગણું જ કહ્યું અને ઠપકો પણ મુને આપ્યો ને કહ્યું જે તમે નહીં જાઓ. વળી, જગન્નાથાનંદ બ્રહ્મચારીએ તે વખત કાગળ મંગાવીને કાગળ લખ્યો તે હું ધારૂં છું કે તે કાગળ વરતાલે મહારાજ ઉપરે લખ્યો છે. એવી રીતે (કહ્યું) (અને) સાધુ આજે ગઢડે ગયા...

દા. નારાયણ...

આવા સંજોગોમાં ભગતજીનો મનન દ્વારા જ સંગ કર્યા સિવાય સંતોને છૂટકો જ નહોતો.

ઠાકરિયો વીંછી !

આ વર્ષે પારાયણ માટે સ્વામીશ્રી ઠાસરા પધારવાના હતા પણ સત્સંગીઓના આગ્રહ અને આમંત્રણથી બધું બદલાયું અને સ્વામીશ્રી ડભોઈ પધાર્યા. જ્યાં શ્રીજીમહારાજના નંદ પરમહંસ સ્વામી ઉપેન્દ્રાનંદજીના શિષ્ય સ્વામી મુરલીધરદાસનો નિવાસ હતો.

પલટાયેલા વાતાવરણની અને પોતાની પ્રવૃત્તિ સાથે વયોવૃદ્ધ સંત મુરલીધરદાસ વગેરેના આત્મીય વર્તાવની સુંદર નોંધ સ્વામીશ્રીએ લખેલા પ્રસ્તુત પત્રમાં સુંદર રીતે સાંપડે છે :

વિ. સં. ૧૯૪૭, અષાઢ વદી ૧૨, શનિ તા. ૧-૮-૧૮૯૧

સ્વસ્તી શ્રી ધૂળીયા મહાશુભ સ્થાને વિરાજમાન પરમ ભાગવત, સંતશિરોમણિ શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક સ્વામીશ્રી વિજ્ઞાનદાસજી તથા

કોઠારી બેચરભગત તથા નારાયણચરણદાસ ત. પુરુષોતમદાસ... ડભોઈથી લી. સેવક યજ્ઞપુરુષદાસના સાષ્ટાંગ દંડવત્પૂર્વક જે શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વીશેષ લખવાનું કે અહીં વરસાદ પાણી સારા છે. તમારા તરફનો હાલ પત્ર નથી, તે કૃપા કરી જરૂર એક પત્ર લખશો.

મને ઠાસરે કથા કરવા મોકલવાનો (હતો) ત્યારે અહીંના (ડભોઈના) હરિભક્તે વરતાલે વિનંતી કરી તેથી અહીં કથા કરવા મોકલ્યો છે. તે હું ને નરનારાયણદાસ બંને આવ્યા છે. ને એકાદસ (સ્કંધ)ની કથા સાંજની ચાલે છે. ને સવારમાં પંચમ (સ્કંધ)ની ચાલે છે. ને સ્વામી મોરલીધરદાસજી મારી સાથે હેત સારુ રાખે છે, ને અવગુણ નથી. સારા દેશકાળ થાય તો નરનારાયણદાસ શિરસાટે સમાગમ કરે એમ છે. ને ભગતનો પાકો ગુણ આવ્યો છે. એક મહિનો રહીને વરતાલ જવાનું છે. હાલ હું ફરી સારસ્વત ભણું છું. તે કારક (પ્રકરણ) સુધી થયું છે.

વળી મવે (મહુવે) મંદિરના પાયાના ખાત બાબત ભીમજીભાઈએ વરતાલે કાગળ બહુ લખ્યા. તેથી કુંજવિહારીદાસ વીગેરે સાધુએ મહારાજને અવગુણ બહુ ભર્યા, તેથી હાલ તો બહુ જ વિષમ દેશકાળ જેવું છે, કારણ કે ઘસાતું બોલે ને લોકો પણ (તે) સાંભળીને બોલે તે બાબતે કોઠારીએ (ગોરધનદાસે) મને કહ્યું કે (આચાર્ય વિહારીલાલજી) મહારાજને કહો, ત્યારે (મેં) કહ્યું કે 'મહારાજ, અમારામાં વાંક હોય તો એકાંતે કહો, પણ લોકોમાં કહો છો તેથી લોક બહુ ચડી વાગે છે. તેથી (તે) મોલા (મોળા) પડ્યા છે. ને (જ્યારે) દેખે ત્યારે કહે કે તમે તો મવે (મહુવે) જવાના છો !! એ જ, સે'જ (સહેજ) જાણવા સારૂ લખ્યું છે.

બીજું માતરના છોટાભાઈ મહુવે જઈ આવ્યા તે પણ ખુશી થઈને આવ્યા છે. અહીંથી મોરલીધરદાસ ત. નરનારાયણદાસ ત. વાસુદેવચરણદાસ ત. છડી બોલે છે તે લખા ભગત ત. બાલકૃષ્ણદાસ વગેરે સર્વ સંત મંડળના નારાયણ વાંચશો ને મારી ઉપર દયા રાખસો, ને મારું સારું થાય તેવી રીતે શિખામણનો ભરેલો કાગળ લખસો ને ભગતને ત્યાં કાગળ લખો તો નારાયણ લખસો. અહીં જરૂર લખસો.

લી. યજ્ઞપુરુષદાસના જય સ્વામિનારાયણ.

આ પત્ર લખાય છે એ વર્ષે સ્વામીશ્રીને ૨૭મું વર્ષ ચાલી રહ્યું છે. આચાર્યશ્રીને એ ઉંમરે ટકોર કરવી એ એક પડકાર હતો, એટલું જ નહીં, જો સત્યનો પાયો ન હોય તો આવું સૂચન કરવાની હિંમત પણ કોઈ કરી શકે તેમ ન હતું ! જોકે કોઠારી સ્વામીશ્રીને સહયોગ આપીને તેમનું માનતા ને અણીના વખતે પિતા જેમ પુત્રના પક્ષે રહે તેમ સ્વામીશ્રીના પક્ષે પણ રહેતા.

આથી જ તો સ્વામીશ્રીને ઠાસરા મોકલવાને બદલે ડભોઈના હરિભક્તોએ તેઓની માગણી મૂકી કે તરત જ તેમને ડભોઈ મોકલવામાં કોઠારી રાજી થઈ ગયા.

પુરાણી મુરલીધરદાસજીની કેટલીક ગ્રંથિઓ ગાળીને સ્વામીશ્રીએ તેમને અને સ્થાનિક હરિભક્તોને ભગતજીનો અપાર મહિમા સમજાવી દીધો. પુરાણીએ માત્ર ૨૭ વર્ષના યુવાન સંત સ્વામીશ્રીને આંખમાં આંસુ સાથે દંડવત્ કર્યા. અને પસ્તાવાના ઘણા વચનો કહી માફી માગી.

પ્રભુદાસ પાસે આ વાત સાંભળી ભગતજી મહારાજ એટલા રાજી થયા કે ભાવથી બોલી ઊઠ્યા, 'યજ્ઞપુરુષદાસ તો ઠાકરિયો વીંછી છે ! જ્યાં જશે ત્યાં મુમુક્ષુને ચટકા મારીને પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતની ઓળખાણ કરાવી દેશે !' આ દિવસોમાં ગરીબસ્થિતિના સામાન્ય હરિભક્તો ખાનદેશ રહ્યા રહ્યા મહુવાના શિખરબદ્ધ મંદિરની સેવા કરી ધન્યભાગી બનતા.

મહુવા મંદિરનો મનાઈ હુકમ

મહુવા વિભાગ ગઢડા મંદિરના કોઠારી ભીમજીભાઈના વહીવટમાં આવતો. ભગતજી સંસ્થાહિતની કાંઈ પણ પ્રવૃત્તિ કરે તો કોઠારી ભીમજીભાઈ તરત જ વિરોધ નોંધાવી દેતા. ખટપટી સ્વભાવ અને મહિમાના અભાવને કારણે તેમણે દર એક-બે દિવસે આચાર્યશ્રી અને કોઠારી ગોરધનભાઈ ઉપર મહુવા મંદિરની પ્રવૃત્તિ અને ખાતમુહૂર્ત વિરુદ્ધ પત્રોનો પ્રવાહ શરૂ કર્યો, તેમાં વળી કુંજવિહારીદાસ વગેરે સાધુઓ પણ ભળ્યા અને જાહેરમાં ભગતજી મહારાજ અને તેમની મંદિર બંધાવવાની શુદ્ધ ભાવનાનો ઉપહાસ શરૂ થયો.

આ રોષ ઠારવા સ્વામીશ્રીએ ઘણો જ પુરુષાર્થ કર્યો.

કોઠારીને પણ મળ્યા, જોતજોતામાં અષાઢ, શ્રાવણ માસની પારાયણના દિવસો આવી ગયા એટલે એ વાત અધૂરી રહી. જોકે ધુળિયા ખાનદેશથી મહુવાના

શિખરબદ્ધ મંદિર માટે મનીઓર્ડરો તો આવ્યા જ કરતા. વડતાલમાં ત્થા ગઢડામાં આ વિગતની જાણ થઈ તેથી ઘણો વિરોધ થયો. ભગતજીએ ખાનદેશના હરિભક્તોને ખાસ આદેશ આપવો પડ્યો કે મનીઓર્ડર મોકલવા નહીં. ભગતજી લખાવે છે :

તા.૨૪-૯-૧૮૯૧

ભા.વ. ૭.૧૯૪૭

ભગત બેચર આદીક પ્રતે લી. ભગત પરાગજીના નારાયણ વાંચવા.

વીશેશ લખવાનું જે તમારે હવેથી મનીઆરડર મોકલવું નહીં ને કોઈને કોઈ વખત મોકલવાની મરજી હોય તો તમારા તરફથી કોઈ હરીજનને આવવાની મરજી હોઅ તે દાડે સાથે લાવવું. પણ હવેથી તીહાંથી (ત્યાંથી) અમારી મરજી વીના મોકલશો નહીં. ને અમે તમોને લખીએ તે પછે મોકલજો. શ્રી વસોના પરશોતમદાશ આદી જણ ૪ આંહીથી ચાલેલા છે. ને શ્રી નડીઆદથી ઝવેરલાલ આદી આવેલા છે. વીશ્વનાથ, કાલીદાશ આહીં છે. કથાવાર્તા આનંદ વર્તે છે. સરવને નારાયણ.

દા. શામજી. પ્રાગજીની શઈ.

ભગતજી અને હરિભક્તોની આવી સત્સંગ વિકાસની પ્રવૃત્તિ પણ ભીમજીભાઈ તથા અન્ય સાધુઓ જોઈ ન શક્યા અને આખરે આચાર્યશ્રી અને કોઠારીનો મહુવામંદિરની મનાઈ અંગેનો હુકમ છૂટી ગયો.

આ દિવસોમાં જ ભગતજી પાસે સ્વામીશ્રીના સમાચારનો થોડા દિવસ પહેલાં લખાયેલો પત્ર આવી પહોંચ્યો. જેમાં સ્વામીશ્રીનું નાદુરસ્ત સ્વાસ્થ્ય તો કહેવાયું જ હતું, પરંતુ ખાસ તો ગઢડાના કોઠારી ભીમજીભાઈ મૂર્તિમંત અજ્ઞાન બનીને વડતાલમાં પણ પ્રતિષ્ઠા ગુમાવી રહ્યા હતા, અને ભગતજીનો, સંતોનો કારણ વિના દ્વેષ કરતા તેના સમાચાર પણ લખાયા હતા :

તા. ૧૪-૧૦-૧૮૯૧

પરમ કૃપાળુ પ્રાગજીભાઈ ગોવિંદભાઈની સેવામાં,

વડોદરેથી ચરણરજ સેવક શિવશંકર ભાઈશંકરના જય શ્રી સ્વામીનારાયણ માન્ય કરશો.

ગઈ કાલે વડતાલ પાસે કંજરી ગામે ગયો હતો. વડતાલથી પ્રભુદાસ અને હરજીદાસ બંનેએ ધુળીયા જતા કંજરીમાં મળી ગયા. મહારાજની આજ્ઞાથી

તેઓ ધુળીયામાં કામ છે ત્યાં થોડા દિવસ રહી રાજુલે પથ્થર કાઢવા આપના તરફ આવશ.

યજ્ઞપુરુષદાસ ઠાસરે ગઈ કાલના રોજ માંદા સાધુ એમનાં મંડળનાં ત્યાં છે તેમની ખબર લેવા ગયા છે.

એમના (શાસ્ત્રીજી મહારાજનાં) મોઢામાં ગરમી ઘણી થઈ છે. તેમનું ઓસધ લખવા દયા કરશો. પરમેશ્વરાનંદ અને દેસાઈ ભગત વડતાલ છે ને તે સુખી છે. મોટા વિજ્ઞાનદાસ અને ઘનશ્યામદાસે એમને મંદિર કરવા મોકલ્યા છે તે મને સલુનમાં મળી ગયા તે પણ કુશળ છે.

મારો પગાર હજી વધ્યો નથી જેમ છે તેમનું જ છે. મોસાળ તરફથી આશા હતી, મામાએ લખી આપ્યું. પણ વચમાં એક માસી છે તે વિરોધી છે. તે નજરમાં આવે તેમ ખર્ચ કરે છે, હશે જેમ મહારાજની અને મોટા પુરુષની મરજી. પ્રારબ્ધ ફેરવવું, સુખ, દુઃખ સર્વે ભગવાન, મોટા પુરુષનાં હાથમાં...

દેવાથી બહુ દુઃખી છું. કોઈ કોઈ ઉઘરાણી કરે છે, ભરી જવાનું કહે છે પણ ક્યાંથી લાવી ભરું ? કાંઈ જ સુઝતું નથી. મુંઝવણ ઘણી છે. માટે કૃપા કરશો અને પત્ર લખી નજરમાં આવે તેમ શાંતી કરશો.

મહુવેથી વિઠ્ઠલભાઈનાં દિકરા વિગેરેએ ગઢડે ભીમજીભાઈને પત્ર લખ્યો હતો કે ચરોતર વિ. ના હરિભક્ત મહુવે આવી ભગતની સેવા કરે છે અને કથા-વાર્તા રાત-દિવસ કરે છે. તે કાગળની નકલ ભીમજીભાઈએ વડતાલ મોકલી ઠપકો લખલો. પણ વડતાલમાં એ વાત કોઈએ કાને ધરી નથી. તે કાગળ તરફની વડતાલમાં કોઈ ચોળાચોળી કરી નથી. સુખેથી હરજિનને રાખી શાંતી કરશો, એ જ વિનંતી.

આ દિવસો દરમ્યાન ભગતજીનો સમાગમ કરીને નડિયાદ પહોંચેલા ઝવેરભાઈએ ભગતજીનો અભિપ્રાય જણાવતાં ધુળિયા મુકામે લખી જણાવ્યું :

શ્રી ૧।

તા. ૬-૧૧-૧૮૯૧, કા. સુ. ૫.

સ્વસ્તીશ્રી ધુલીઆ મધે સાધુ વીજ્ઞાનદાસજી, ત. મહાપુરૂષદાસજી ત. નારણચરણદાસ, પુરુષોત્તમદાસજી વીગેરે પ્રગટ પુરુષોત્તમ ઉપાસક એકાંતીક ભક્ત સીરોમણી સાધુ ગુણે સપન આપનો સેવક પા. ઝવેરભાઈ જેસંગભાઈના જે સ્વામીનારાયણ વાંચજો.

બીજું, અમો મહુવે ગયા તે સમાગમનું સુખ સારૂં છે, ને (ભગતજીનો) સેવા કરવાનો અભીપ્રાય છે, ને અમારે તો અંતરમાંથી કુસંગ કાઢીને બ્રહ્મરૂપ કરીને સત્સંગી કરવા છે. કચરા-તાંબા-પીત્તલના વાસણ જેવા નથી કરવા. સોના જેવા કરવાનું કહે છે. ને અંતરમાંથી કુસંગ ગયા વિના આસુરી ભાવ જતો નથી. માટે એ કાઢીને સત્સંગ કરાવવો છે, તે પાછો પરાભવ ન થાય. ઐશ્વર્યમાં કાંઈ માલ નથી. ને પંખી જેમ નજર વતે ઈંડા સેવે તેમ (ભક્ત) સેવાય છે. ને જેમ આચારજી મહારાજ કહે તેમ કરવું એવું કહે છે. સાધુ-સત્સંગી, દેવ, શાસ્ત્ર, આચારજ, મંદિર એ પાંચ મૂળ છે. એમ કહે છે.'

●

ત્રણ મહિના પછી જ ગઢપુરમાં માણજના હરિભક્તો દ્વારા વિહારીલાલજી મહારાજના વરદ હસ્તે મહાન યજ્ઞનું આયોજન થયું.

આ ઉત્સવમાં ભગતજી મહારાજ પધાર્યા ત્યારે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને તો જાણે અષાઢી મેઘ વરસે ને મોર થૈકાર કરી ઊઠે તેમ આનંદના ઓઘ વળ્યા. ઉત્સવ બાદ સંસ્કૃતનો અભ્યાસ બાકી હતો તેથી સ્વામીશ્રી વડોદરા પહોંચ્યા. અહીં રંગાચાર્ય નામના વિદ્વાન પાસે સિદ્ધાંતકૌમુદી ભણવાનું શરૂ કર્યું. ત્યાં વિદ્યાગુરુને પણ પ્રગટ ભગવાન અને પ્રત્યક્ષ ગુરુરૂપ હરિ ભગતજી મહારાજનો મહિમા સમજાવતા.

નાની સેવા, મોટો ભાવ

આ પછીના છ માસ સુધી ભગતજીની નાદુરસ્ત તબિયત રહ્યા કરતી હતી ને તેના સમાચાર જાણી દૂર દૂર રહેતા પ્રેમી ભક્તોને ચિંતા રહ્યા કરતી. ખાસ તો મુખની ગરમી થાય ત્યારે ઘી, મધ વગેરેમાં ખર્ચ થતો. આ સેવા હરિભક્તો પ્રેમથી સામે ચાલીને ઉપાડી લેતા. આવો સુહૃદભાવ અને ભક્તિભાવ સભર પત્ર લખી ભક્તો જણાવે છે :

તા. ૬-૫-૧૮૯૨, વડોદરા.

શ્રી૧।

સ્વસ્તિશ્રી શુભ ઉપમાલાયક મહુવા બંદર મહાશુભસ્થાને પરમ એકાંતિક ગુરૂરાજ ભક્ત પ્રાગજીભાઈની પવીત્ર સેવામાં.

લી. ચર્ણરજ સેવકો પરભુદાસ ત્થા ચાણસદના વૈદ્ય વિશ્વનાથ ત્થા પટેલ કાળીદાસ ત્થા શંકરભગત ત્થા શીવશંકરના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ જયશ્રી

સ્વામિનારાયણ માન્ય કરશો.

શ્રીજી ત્થા આપની કૃપાદૃષ્ટિથી સુખસાતા વર્તે છે. આપની કુશળતાનો પત્ર લાંબી મુદતથી નથી. તે કૃપા કરી લખાવશો. આપની પ્રકૃતિ તાવ ત્થા ગરમીના આજારથી(રોગથી) હેરાન હતી, તે કારણ સારૂ અને હાલ ગરમીના દિવસ છે માટે નીચે મુજબ શેવકોના રૂપીયા દશ કલદારનો મનીઓર્ડર આવતી કાલની ટપાલમાં આપના તરફ રવાના કરીશું. તે કૃપા કરી અંગીકાર કરશોજી.

૫) વૈદ્ય વિશ્વનાથ જોઈતારામ

૨) પટેલ કાલીદાસ જીભાઈ

૨) પંડ્યા શીવશંકર ભાઈશંકર

૧) પટેલ દરૂભાઈ ચાણસદના

આ રૂપીઆ આપના પોતાના ખુદના ઉપયોગ સારૂ મોકલ્યા છે. કારણ ઓશડ(ઔષધ) આપે ખાધેલું તેની ઠંડક સારૂ માખણ ખાવાના ઉપયોગમાં લેવાના છે. માટે બીજા આડા અવળા કામમાં ન વાવરતાં આપના પોતાના જ ઉપયોગમાં લેશો. મહુવાના મંદીર ખાતે આ રૂપીયા મોકલ્યા નથી, માટે કૃપા કરી ગરીબ શેવકોની આટલી સેવા અંગીકાર કરશો. ને આપની સુખાકારી જરૂરથી ભાઈ સામજીભાઈ પાસે લખાવશો. ભાઈ નારણભાઈ, પરશોત્તમભાઈ ત્થા મોટાભાઈ, ફુલચંદ શેઠ, ગીગો ભગત, વીઠલભાઈ, રણછોડભાઈ વગેરે સર્વે, શામજીભાઈના ચીરંજીવી એ આદી સમગ્ર મંડળને કૃપા કરી જયશ્રી સ્વામિનારાયણ કહેશો. આ પત્ર પહોંચે તે દીવશે પોષ્ટ હોફિસમાં(ઓફિસમાં) જઈ રૂપીયા દશ લઈ આવશો.

અમારા સાંભળ્યામાં એમ આવ્યું છે કે અમો ગરીબ શેવકો ખાસ આપના જ ઉપયોગ સારૂ જે કંઈ રકમ મોકલીએ છીએ, તે મહુવાના હરીજનો - 'મંદીર ખાતે મોકલી છે', કરી આપની પાસેથી લઈ લે છે. માટે આ સૂચના આગળથી લખી છે. હાલ કયા સાધુનું મંડળ છે તે લખાવશો. ને અમારા જયશ્રી સ્વામિનારાયણ કહેશો. એજ વિનંતી. સંવત્ ૧૯૪૮ વૈશાક વદી ૨, વાર શુક્ર - ચરણરજ સેવક શીવશંકર ભાઈશંકરના દંડવત્ પ્રણામ માન્ય કરશો.

બીજી તરફ દૂર ખાનદેશના હરિભક્તોના વિયોગની તો કોઈ સીમા જ ન હતી.

કેમ કે એ ગરીબ ભક્તો ખર્ચ ઉપાડી ભગતજીનાં દર્શન-સમાગમ માટે મહુવા પહોંચી શકે તેમ ન હતા. તેમની ભાવના રહેતી કે ભગતજી સ્વયં ખાનદેશ પધારે. પરંતુ મહારાજશ્રીની આજ્ઞા વિના તે અસંભવ હતું. પણ ભગતજી આવા આર્દ્રભાવથી સભર પત્રો વાંચી ગદ્‌ગદ થઈ જતા. એક એવો જ પત્ર મહુવા આવી પહોચ્યો :

તા. ૧૨-૯-૧૮૯૨

પરમ એકાંતિક ભક્ત પ્રાગજીભાઈ,

માલેગામથી લી. બદ્રીલાલભાઈ તથા ગલજીભગતનાં ઘણા હેત પૂર્વક દંડવત્ પૂર્વક જયસ્વામીનારાયણ વાંચશો.

બીજું અમે ગરીબ હરીભક્ત તે તમારે ત્યાં રૂપીયા ખર્ચીને અવાય નહીં. માટે તમો દયા કરી અમારા ગામમાં પધારો તો બહુ સમાસ થાય. એવી રીતે સરવે ભક્તોની વિનંતી સાંભળીને દયા કરવી જોઈએ. બીજુ લખવાનું અમારા દેશકાળ આપ તો સરવ જાણો છો તે અમોએ વિશેષ લખી જણાવ્યું નથી પણ સેવકનો ધરમ એવો છે કે જે કોઈ ભગવાનનાં એકાંતિક ભક્ત હોય તેને વિનંતી કરીને લખવું પડે તેથી હમારા પર કરપા કરી દર્શન આપવા આવો તો ભલમનશાહી(ભલમનસાઈ) થાય. સમાસ થાય. આપ જેવા એકાંતિકનો સમાગમ ભાગ્ય વિના મળવો કઠણ છે.

એજ વિનંતી છે. અહીં સાધુ છે તેમના દંડવત પૂર્વક જય સ્વામીનારાયણ વાંચશો. ભાદરવા વદ-૨

નાના, ગરીબ પણ એક નિષ્ઠાથી શ્રીહરિના સિદ્ધાંતને વરેલા, ગુણાતીત સત્પુરુષના ચરણે ન્યોછાવર થઈ જનારા ભક્તોનો એક તેજસ્વી સમૂહ ભગતજીએ નિર્માણ કર્યો હતો. તેમાં એક વિદ્વાન પણ ગરીબ યુવાન હતા ડભોઈના ઉલ્લાસરામ પંડ્યા. પોતાની તકલીફો જણાવી ગુરુહરિ પાસે આશીર્વાદ માંગતાં તેઓ લખે છે :

તા. ૮-૧-૧૮૯૩.

સ્વસ્તીશ્રી મહુવા બંદરે મહાશુભ સ્થાને પૂજ્યારાધે અનેક શુભોપમાલાયક સદ્‌ગુણ ભંડાર, ચતુર સુજાણ અને શ્રીજી મહારાજના પરમ વહાલા એવા એકાંતિક સંત ભગતજી પ્રાગજી ગોવિંદજી પ્રત્યે, શ્રી ડભોઈથી લી. ચરણરજ સેવક પંડ્યા ઉલ્લાસરામ દલસુખરામનાં ઘણા પ્રીતિ તથા નમ્રતા પૂર્વક

જયશ્રી સ્વામીનારાયણ આપની પવિત્ર સેવામાં અંગીકાર કરશો, એવી આશા છે.

વિશેષ, જે અત્રે હું ખુશી છું. દિવાળી પહેલાં જે પત્ર લખ્યો હતો તે આપે પ્રસાદીની ખાંડ મોકલી હતી. વિશેષ હું વડોદરે અંગ્રેજી મેટ્રીક્યુલેશનનો અભ્યાસ કરી અમદાવાદ પરીક્ષા આપવા ગયો હતો પણ પરીક્ષામાં નાપાસ થયો છું. હવે બધા ઘરનાં માણસ ભણવાની ના કહે છે. માટે હવે હું પાછો વડોદરે જઈ અભ્યાસ કરું કે કેમ ? તે હું આપને સલાહ પૂછું છું. કારણ કે હું જાતે બ્રાહ્મણ છું. મારો બાપ ઘણી જ ગરીબ સ્થિતિમાં છે. બે પૈસાનું દેણું લેણું પણ છે. જેમ તેમ કરી પોતાનું તથા કુટુંબનું ભરણ-પોષણ કરે છે ને હવે વૃદ્ધાવસ્થા પણ ઘણી થઈ છે, એ તો શ્રીજીમહારાજ પૂરું કરે છે બાકી આ કાળમાં પૂરું થાય એમ નથી. પણ ઠીક છે મારી ઉંમરે અકવીસ વરસની થઈ પણ હજુ હું કોઈ ઘરનું કામ કરી શકતો નથી. મેં અત્યાર સુધી ભણવામાં જ વખત ગાળ્યો છે ને તેમની વૃદ્ધાવસ્થા થઈ પણ હું એક કોડી પણ પેદા કરતો નથી. માટે નિરાશ થઈને છોડી દીધેલો અભ્યાસ પાછો પરીક્ષા આપી પાસ થવાનો ઈરાદો લઈ બેઠેલો. પણ પ્રભુની ઇચ્છાથી તેમાં ફતેહમંદ ન થવાથી આપને પૂછું છું કે હું હવે વડોદરે જઈ અભ્યાસ કરું કે નહીં તે મને ખુલાસા વાર લખી જણાવા કૃપા કરશો, એવી આશા છે. એજ....

આચાર્યશ્રી મહુવામાં

સેંકડો હરિભક્તોનો આવો સદ્‌ભાવ અજ્ઞાનીઓથી કેવી રીતે ખમી શકાય ? એવા વિઘ્નસંતોષીઓ ને વિઘ્ન નાખવાને એક અવસર મહુવામાં જ મળી ગયો. વાત એમ બની કે આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ સૌરાષ્ટ્રની ધર્મયાત્રાએ નીકળ્યા અને ઉત્તરાયણના પવિત્ર દિવસે તા. ૧૪-૧-૧૮૯૩, પોષ વદિ ૧૨, સં. ૧૯૪૯ના સંઘ સાથે મહુવા પધાર્યા.

ભક્તોએ અતિભાવથી મહારાજશ્રીનું અદ્‌ભુત સામૈયું કર્યું. ગામ બહાર વાડીમાં મહારાજશ્રી ઊતર્યા હતા. ત્યાંથી મંદિરે પધરાવવા અંબાડી સહિત હાથી શણગાર્યો હતો. નોબત-ડંકા-નિશાન સાથે સુંદર નગરયાત્રા નીકળી હતી.

૫૦૦થી વધારે શ્રીમંતોની વચ્ચે પોતાની ભગવત્‌પ્રતિભાથી દેદીપ્યમાન ભગતજી મહારાજ પણ અપાર શોભતા હતા.

તેઓ ભગતજી મહારાજનો હાથ ઝાલી મંદિરમાં લઈ ગયા. આજે ભગતજી મહારાજ અને તેમના સ્વજનો તરફથી પ્રથમ દિવસની રસોઈ હતી.

આ પ્રસંગને ત્રીજે જ દિવસે તા. ૧૭-૧-૧૮૯૩ના રોજ પોષી અમાસ હતી. ભગતજીના ઘરે મહારાજશ્રી અને અનેક સંતો પધરામણીએ આવવાના હતા. ભગતજીને ભાવના એવી હતી કે તમામ સંતોને જગન્નાથીનાં ધોતિયાં ઓઢાડવાં. તેઓ તેની ખરીદી માટે બજારમાં દુકાન પાસે ઊભા હતા. ત્યાં જ બ્રહ્મચારી ધ્યાનાનંદજી, શાસ્ત્રી ધર્મતનયદાસજી અને પુ. કેશવપ્રસાદદાસજી બજારમાંથી પસાર થયા, ભગતજીને જોતા જ ચોક વચ્ચે ચૌટામાં જ દંડવત્ કરવા મંડી પડ્યા. ભગતજીએ તેમને અટકાવીને ઘણો ઠપકો આપ્યો, પણ આ વાત ભેખધારીઓમાં પહોંચી. ભગતજીને આ લોકોએ દંડવત્ કર્યા જ કેમ ? આ વાતનો ઉપાડો કુંજવિહારીદાસ અને અન્ય ત્યાગીઓએ એવો ઉપાડ્યો કે 'આ ત્રણેય સાધુઓને રજા આપીને વડતાલ ભેગા કરો તો જ અમે મહુવે રહેવા રાજી છીએ...' આવું દબાણ ખૂબ વધી ગયું અને આચાર્યશ્રીએ સમયની રૂખ પારખી ત્યાગીઓની બહુમતીનું માન સાચવવું પડ્યું.

ભેખે ઉપાધિ કરી તે સમાચાર પ્રભુદાસ કોઠારીએ બીજે જ દિવસે ધુળિયામાં વિજ્ઞાનદાસ તથા બેચર ભગતને લખ્યા[૩૩] અને જણાવ્યું :

વિ.સં. ૧૯૪૯ પોષ વદ ૩૦, બુધવાર તા. ૧૮-૧-૧૮૯૩

મહુવાથી પ્રભુદાસના દંડવત્ વાંચવા. હું વદ બારશ અત્રે આવ્યો છું. મહારાજશ્રી પણ ધામધુમની સાથે પધાર્યા. ભેગો હાથી છે. પહેલે દહાડે ગોળના ચુરમાની રસોઈ ભગતજીની હતી. આજ રોજ તેમને ત્યાં પધરામણી છે. રૂપિયા (૧૦૦) સો (ભેટમાં) મુકવાના (છે.) તમામ ત્યાગીઓને જગન્નાથીનાં લુગડાં ઓઢાડવાં છે. (કાલે તો) મહારાજશ્રી ભગતજી પર બહુ જ રાજી થયા. કેટલીક વાતો પાસે બેસારી કરાવતા હતા. હાથીએ બેસી પધરામણી ઘરે કરવાનો ઠરાવ કરેલ(ને) વડતાલ (આવવાની)ની છુટી કરતે (પણ) તેટલામાં (તો) કેશવપ્રસાદ તથા ધર્મતનયદાસ ને ધ્યાનાનંદજી વદ ૩૦(અમાસે) આવ્યા ને આવતી વખતે બજારમાં ભગત લુગડાં લેતા (ખરીદતા હતા) ધર્મતનયદાસે (તેમને) દેખી બે દંડવત્ કર્યા તે ઉપાધી થઈ છે. અત્રે મંદિરમાં આવી એક રાત માંડ રહ્યા ને ચાર વાગ્યે ભેખ બધો એક

૩૩. તા. ૧૭ તથા તા. ૧૮ બંને દિવસે અમાસ હતી.

થઈ (આ ત્રણને) કઢાવી મુકવા મહારાજશ્રી પાસે બેસી રહ્યા ને કેટલોક બંદોબસ્ત (તે) પછી કર્યો... દ. પ્રભુદાસ

આ જ સમાચારનો પત્ર ભગતજી નડિયાદ લખાવે છે. પરંતુ તેમાં પોતાને દંડવત્ કરવાથી ત્યાગીઓએ કરેલા વિરોધનો એક અક્ષર પણ જણાતો નથી ! નિર્મળ, ગુણાતીત સંતના નિર્મત્સરી સ્વભાવનું જાણે કે અનોખું પ્રતિબિંબ એટલે જ એ ઐતિહાસિક પત્ર ! જેમાં તેઓ લખાવે છે :

તા. ૨૯-૧-૧૮૯૩

રાજે. શ્રી ઝવેરલાલ ઉલ્લાસરામ તથા ઝવેરભાઈ જેસંગભાઈ મું. નડીયાદ.

મહુવા બંદરથી લિ. પ્રાગજી ગોવિંદજીનાં જય નારાયણ વાંચશો.

બીજું (ગામમાં) મહારાજશ્રીની પધરામણી પોષ વદ ૧૩ થઈ. તે મહા સુદી બીજ સુધી મહુવામાં રહ્યા. સરવ મંદિરમાં ઉતર્યા હતા ને સમાસ સારો થયો હતો. અમોએ પધરામણી કરાવી રૂપિયા ૧૦૦ ભેટ ધર્યા. તથા રસોઈ તથા જગન્નાથીનાં લુગડા સરવને ઓઢાવ્યાં. રૂપિયા ૩૦૦) વાપરયા. મહારાજશ્રી તથા સરવ ત્યાગી લોક ઘણા ખુશી થયા છે. અત્રેથી ચાલી રાજુલે પધાર્યા. ત્યાંથી ઉને પધારશે. ગઢડે મૂરતીયો પધરાવવાનું મુરત ફાગણ સુદ ૧૨નો આરંભ. વદ પડવાની પ્રતિષ્ઠા થશે. તે અવસર ઉપર અમો તથા અત્રેનાં સત્સંગીઓ આવશું. તે જાણવા લખ્યું છે.

બીજું કાલ રોજ મંદિરમાં કારભારી વિઠ્ઠલભાઈએ દેહ મુક્યો તથા અમારા ભાઈ નરસીહે સુદ એકમે દેહ મુક્યો. સરવે ને જય નારાયણ કહેશો તથા બારોટ દત્તરામ તથા ડોસા દેવીસંગને જયનારાયણ કહેવા...

મહા સુદ - ૯ દ. પ્રભુદાસનાં જય નારાયણ વાચવા...

અસ્મિન્ સંપ્રદાયે એકમેવ

સત્સંગ પ્રધાન રાખી બ્રાહ્મીસ્થિતિમાં અલમસ્ત રહેતા ભગતજી મહારાજને ક્યારેય કોઈનો અભાવ આવ્યો નહીં ! મહારાજશ્રીની વિદાય પછી ભગતજીએ તો આગામી દિવસોમાં આવનારા લક્ષ્મીવાડીના મંદિરના પ્રતિષ્ઠાઉત્સવમાં જવાની તૈયારી આદરી. કેમ કે આ ઉત્સવમાં પધારવાનું તેમને ખાસ નિમંત્રણ હતું.

સ્વામીશ્રી પણ વડોદરાથી વિદ્યાગુરુ રંગાચાર્ય સાથે વહાણમાં બેસી ભાવનગર

થઈ ગઢપુર આવી ગયા !

સૌના મનમાં દ્વિધા એ હતી કે આટલા બધા લોકોમાં ભગતજી મહારાજને શોધવા કેમ ? સ્વામીશ્રી દૃઢતાથી બોલી ઊઠ્યા, 'એ તો કલ્પવૃક્ષ છે. આપણને તરત જ દર્શન દેશે !'

અને થયું પણ એમ જ, ગામમાં પ્રવેશતાં જ ભગતજી સામેથી આવતા દેખાયા. સૌના આનંદનો પાર ન રહ્યો ! સ્વામીશ્રી સાથે રંગાચાર્યજીએ પણ ચોક વચ્ચે ભગતજીને દંડવત્ કર્યા ! નિર્ગુણદાસ સ્વામી તા. ૨-૧-૧૯૧૬ના દિવસે આ પ્રભાવપૂર્ણ પ્રસંગને સંભારતાં ભાવનગર પત્ર લખે છે :

'સંવત્ ૧૯૪૯માં યજ્ઞ વખતે વિહારીલાલજી મહારાજે ગઢપુર રંગાચાર્યને પણ તેડાવ્યા હતા. તે વખતે ભગતજી મહારાજ આવ્યા હતા. તેમને ચોક વચ્ચે દંડવત્ કર્યા હતા. બધા ત્યાગી, હરિજન હજારો જણા સજ્જડ થઈ ગયા. રાજી થવાનું તો ક્યાં રહ્યું પણ શાસ્ત્રીમહારાજને સૌ વઢવા લાગ્યા, કે શાસ્ત્રીને(રંગાચાર્યને) બગાડી નાખ્યા. આવું જ્ઞાન ઘાલતાં જરા શરમ ન આવી ? આવા પરધર્મના સંપ્રદાયના ધુરંધર શાસ્ત્રીને ઉપદેશ થાય ? પણ એમ ન વિચાર થયો જે 'ધન્ય છે શાસ્ત્રીને કે આવા મહાન શાસ્ત્રીને શ્રી સ્વામીનારાયણ ભગવાન (જીવમાં) ઘાલી પ્રાગજી ભક્ત જેવાને દંડવત્ કર્યા માટે એમને ધન્ય છે.' પણ આ ગેડ બેસવી બહુ કઠણ છે. ઘણા વરસ વડતાલ રહ્યા અને કોઈ વાત આપણે ન સમજાવી. પછી શાસ્ત્રી રંગાચાર્યને ઠપકો દીધો, 'દરજી કું દંડવત કીયા.!' ત્યારે શાસ્ત્રી બોલ્યા, 'તુમ ક્યા સમજો, એકાન્તિક ભક્તકા બહુત મહિમા હૈ, એ મહાત્મા હૈ, કુછ ફકીર નહીં હૈ.' વળી બોલ્યા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવા કોઈ વિદ્વાન નહીં હૈ. અસ્મિન સંપ્રદાયે એકમેવ !

આ પછી ભગતજીના આશીર્વાદથી રંગાચાર્યનું અંતર અધ્યાત્મના રંગે રંગાવા લાગ્યુ.

તા. ૩-૩-૧૮૯૩, ફાગણ વદ ૧ના શુભ મુહૂર્તમાં લક્ષ્મીવાડીએ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના સાંનિધ્યમાં પ્રતિષ્ઠાવિધિ ધામધૂમથી સંપન્ન થયો અને સાજના સમયે પ્રતિષ્ઠા નિમિત્તે પધારેલા ગુજરાતભરના પંડિતોની એક સુંદર વિદ્વત્સભાનો પ્રારંભ થયો. રાજકોટમાં પ્રકાંટ પંડિત મહીધર શાસ્ત્રીએ સંપ્રદાયના કોઈ સંતને પોતાની સાથે શાસ્ત્રાર્થમાં જોડાવા આહ્વાન આપ્યું. અને આચાર્ય તથા ભગતજીની આજ્ઞા લઈ સ્વામીશ્રીએ તર્કબદ્ધ શાસ્ત્રાર્થનો આરંભ કર્યો.

પોણો કલાક સુધી ચાલેલી આ ચર્ચાથી આચાર્યશ્રી અને સંપ્રદાયના ધુરંધર સંતોમાં સ્વામીશ્રી સહેજે જ છવાઈ ગયા !

આખરે મહીધર શાસ્ત્રીના હાથ હેઠા પડ્યા. તેમણે હસતાં મોંએ આ પરાજય સ્વીકારી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને પ્રણિપાત કર્યા. રંગાચાર્ય પણ આચાર્યશ્રી પાસે જઈ બોલી ઊઠ્યા : 'अस्मिन् संप्रदाये एकमेव' આજે સ્વામિનારાયણ સંપ્રદાયના દિગ્વિજયનો દિવ્યનાદ વાતાવરણમાં જયઘોષ દ્વારા વહી રહ્યો.

વિદ્વત્‌શક્તિ સાથે બ્રહ્મની શક્તિ ભળી હતી. આચાર્યશ્રીએ સ્વામીશ્રીને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા અને ભગતજી મહારાજે સ્વામીશ્રીને આશીર્વાદ આપી ખૂબ પ્રસન્નતા દર્શાવી. સૌ વીખરાયા, સ્વામીશ્રી રંગાચાર્યજીની સાથે વડોદરા પધાર્યા.

હૈયાનો વિરહ અગ્નિ

આ દરમ્યાન એક ઘટના એવી બની ગઈ કે વિજ્ઞાનદાસ સ્વામીના શિર પર ઉપાધિના ઓળા ઊતરી આવ્યા.

તેમને સમાચાર મળ્યા, કે ખાનદેશ છોડી તેમણે હિન્દુસ્તાન તરફ (ઉ.પ્ર.) તરફ જવાનું થશે ! તેમણે આ સમાચાર ભગતજીને અતિ દુ:ખપૂર્વક લખી જણાવ્યા. પણ ભગતજીએ તેનો સચોટ ઉત્તર લખી પોતાની સહી કરી આપી. તા. ૧-૪-૧૮૯૩ના ચૈત્રી પૂનમે તેઓ ધુળિયા લખી જણાવે છે :

શ્રી ધુલીઆ મધે, સાધુ વીજ્ઞાનદાસ, જત શ્રી મહુવેથી લી. ભગત પ્રાગજી ગોવીંદજીના નારાઅણ વાંચવા.

જત લખવાનું કે તમોએ હરીભગતને (મહુવા) મોકલ્યા, પણ હવેથી કોઈને મોકલશો નહીં, મહારાજશ્રીનો કાગલ અમારા ઉપર આવ્યો હતો. તેમાં લખ્યું હતું જે તમારે(વિજ્ઞાનદાસે) હિંદુસ્થાન જાવું પડશે. પણ તમારા ઉપર મહારાજનો કાગલ મોર છાપનો આવતાં પણ તમો(એ) માન્યું નહીં. તે બહુ જ ખોટું કરૂં છે. નીકર અમારે હીંદુસ્થાન આવવાનું થાત. માટે હવેથી તમારા ઊપર લખે તો તમો શ્રીહીન્દુસ્થાન જાજો. તો અમારે પણ તીહાં આવવાનું થાશે. બીજું તમારા દેશમાં કોઈ તોફાન કરતું હોય તો અલસાવી નાખજો.

હરીજન સરવેને નારાઅણ કહેજો. ચઈતર સુદ ૧૫. દા. શામજીના નારાયણ. દરજી પ્રાગજીની શઈ. દશકત પોતાના. આજ્ઞામાં મોટું સુખ છે !'

સ્વામી વિજ્ઞાનદાસજીને વગર વાંકે હિન્દુસ્તાન જવાની સજા કેમ થઈ ?

બન્યું હતું એવું કે ધુળિયાના ભુખ્ખન વેદ પટેલની નાની બહેન નિમડીબાઈને ભૂતનો વળગાડ હતો. તેને મહુવા લઈ જઈ ભગતજીના આશીર્વાદ અપાવ્યા એ જ દિવસથી ભૂત જતું રહ્યું અને તેનામાં જાણે ભગતજીનો જ પ્રવેશ થઈ ગયો હોય તેમ તે પણ અલમસ્ત બ્રાહ્મી સ્થિતિમાં વર્તવા લાગી. આશીર્વાદ આપવા, વર્તમાન ધરાવવાં, કથા કરવી કે પછી 'હું ભગતજી છું' એમ બોલી લોકોના અંતરના ઘાટ કહી બતાવવા એ બધું બાઈને સહજ થઈ ગયું. વાએ વાત વહેતી કરી અને આખા ખાનદેશમા 'ભગતજી' 'ભગતજી'નાં ગુણગાન ગાજતાં થઈ ગયાં... અહીં વડતાલથી નવા નવા આવેલા કેટલાક સાધુઓએ આ જોયું અને તેમણે સંસ્થાના મોવડીઓને પૂરા સમાચાર કંઈક અણગમાપૂર્વક લખી મોકલ્યા.

વડતાલમાં સૌને લાગ્યું કે હવે વિજ્ઞાનદાસ વગેરે જો ધુળિયા વધુ રહેશે તો આખો ખાનદેશ ભગતજીને વશ વર્તવા લાગશે. તેથી તાત્કાલિક અસરથી પત્ર લખ્યો : 'સ્વામી વિજ્ઞાનદાસજીએ છપૈયા રહેવા જતા રહેવું !'

આ આજ્ઞા વાંચી વિજ્ઞાનદાસજીએ આચાર્યશ્રીના ચરણે અંતઃકરણપૂર્વક ધા નાખી : 'હે મહારાજ ! મને ભગતજી મહારાજનો એક માસ સમાગમ કરી કથાવાર્તાનો લાભ લઈ લેવા દ્યો ! પછી તમે કહો ત્યાં જઈશ.' આચાર્યશ્રીના હૈયે ભગવાન વસ્યા. અને ભગતજી ભેળા રહેવું એવી આજ્ઞા આવી ગઈ. વિજ્ઞાનદાસ અને બેચરભગત, પ્રભુદાસ અને અન્ય સૌએ વાંસદા અને પછીથી અમદાવાદ સુધી ભેગા જઈને ભગતજી મહારાજનો પૂરેપૂરો કથા-ઉપદેશનો અને ચરિત્રોનો લાભ ઉઠાવી લીધો.

પરંતુ સુખના એ દિવસો આખરે પૂરા થયા. એટલે પ્રભુદાસ કોઠારી વગેરે સાથે છપૈયા જવું જ પડ્યું. ત્યાં રહ્યાં રહ્યાં જાણે સજા ભોગવતા હોય તેમ કોઠારી અને આ સંત હિજરાયા કરતા. મન ભગતજી પાસે હતું ને શરીર તો મર્યાદા તથા આજ્ઞાપાલનને કારણે છપૈયામા હતુ.

બ્ર. શા.મ. ભાગ ૧.૪ આખરે પ્રભુદાસ કોઠારીથી રહેવાયું નહીં, તેમણે આશરે આષાઢ-શ્રાવણમાં ભગતજી મહારાજના ચરણે પોતાના મંડળની-પોતાના હૈયાની અરજ રડતી આંખોએ ગુજારી... આ રહ્યા એ પ્રાર્થનાપત્રના શબ્દો :

'સરવ સુભોપમા લાયક સદ્ગુરુ શ્રી પ્રાગજી ભગતની સેવામાં, મુ. મહુવા બંદર,

શ્રી છપૈયાથી પ્રભુદાસ સેવકના દંડવત્ સહીત જયશ્રી સ્વામીનારાયણ વાંચવા.

બીજું, બહુ દહાડાથી તમારા દરસન કે કાગળ પત્તરથી મેલાપ થયો નથી તેથી મનમાં બહુ અસાંતિ રહે છે, માટે સમાગમનું સુખ અમોને આંહી આવી આપો. ને તમો આંહી નહીં આવો તો પછી હું તાં આવીશ. કારણ કે અમદાવાદ આપ પધાર્યા ત્યારે હું તથા બેચરભગત રહી ગયા. માટે તે (વાત) અમારા બંનેના મનમાં રહી છે, વાસ્તે તમો જરૂર આંહી પધારો. નહીં તો પછી અમને આવવાની આજ્ઞા કરો.

અહીં કુસંગ ને વેવાર-મારગ. રાતદીન કુટવાનું, તેથી અંતઃકરણ કુસંગી થઈ ગઆ છે. માટે આ કાગલનો ઉત્તર અમને શાંતી થાય તેમ લખાવસો.

વીજ્ઞાનદાસજી જેવા અમદાવાદમાં માંદા હતા, તે જ પ્રમાણે હાલ વખતમાં (માંદા) છે. ભણવાનું કસું ચાલતું નથી.' હા, એકનું હૈયું રડતું હતું ને એકનું શરીર વિરહ અગ્નિમાં શેકાતું હતું. ભગતજી વાંસદાથી મહુવા જતાં વડતાલ, બોરીયાવી અને નડિયાદ થઈ અમદાવાદ પધાર્યા હતા.

ભગતજીની 'સ્થિતિ પરજંતની વાત'

સ્વામીશ્રી વડોદરામાં વિશેષ અભ્યાસ કરી રહ્યા હતા. તેઓ એક અદ્વિતીય વિદ્વાન તરીકે સર્વસ્વીકાર્ય હતા, પણ જે વિદ્વત્તા ગુરુગુણ અને હરિગુણ ગાવામાં ન વપરાઈ તેનો ઉપયોગ પણ શું છે ?

સ્વામીશ્રીએ આ જ વિચારથી પોતાના ગુરુ ભગતજી મહારાજનું જીવનચરિત્ર વડોદરામાં અભ્યાસ કરતાં કરતાં લખવાનો પ્રારંભ કરી દીધો. જન્મથી તેઓને સાક્ષાત્કાર થયો ત્યાં સુધીનું ચરિત્ર લખવામાં એક નાની કાચી નોટબુક તેમણે પૂર્ણ કરી અને વિરોધીઓ વિરોધ ન કરે તે જ હેતુથી કોઈ જાણે નહીં, તેમ તેની એક નકલ કરી વડોદરાના હરિભક્ત ગોવિંદભાઈ અને નડિયાદના નારણભાઈની સાથે એ ચરિત્ર મહુવા મોકલ્યું.

આ ચરિત્રના સાદ્યંત શ્રવણથી ભગતજી અત્યંત પ્રસન્ન થયા અને જે ઉદ્‌ગારો વ્યક્ત કર્યા તે ગોવિંદભાઈ અને નારણભાઈએ વડતાલ આવી કેશવપ્રસાદ પુરાણીને સંભળાવ્યા. તેમણે તરત જ ધુળિયા પત્ર લખી હરખ વ્યક્ત કર્યો ને જણાવ્યુ :

શ્રી ૧।

જેઠ સુદ ૩, ગુરુવાર તા. ૧૮-૫-૧૮૯૩.

પરમભગવદી દયાળુ સાધુ ગુણ સંપન્ન વિજ્ઞાનદાસજી ત. કોઠારી બેચર ભક્ત ત. નારાયણચરણદાસ ત. પુરુષોત્તમદાસજી પ્રત્યે વરતાલથી લ.સા.કેશવપ્રસાદના સાષ્ટાંગ દંડવત્ પૂર્વક જય સ્વામિનારાયણ વાંચશો.

બીજું... ભગત (પ્રાગજી ભગત) સુખી છે. ને યજ્ઞપુરુષદાસજીએ ભગતની જન્મથી આરંભીને સ્થિતિ થઈ ત્યાં પરજંતની વાત લખી'તી, તે ભગતને સંભળાવા મોકલી'તી તે સાંભળીને ખુશી થયા ને કહ્યું કે આ સાંભળે તેનો અરધો કામ ઓછો થાય. ને હું છું ત્યાં સુધી પ્રકાશ કરશો નહીં.'

ગુરુહરિનાં ચરિત્રોમાં કામાદિક દોષો પણ દૂર કરી દેવાની સામર્થી છે. પરંતુ પોતાના નિમિત્તે સત્સંગમાં કચવાટ કે દુઃખ ન થાય, એ જ હેતુથી ભગતજી છેલ્લે એક અગત્યની સૂચના આપે છે. 'હું છું ત્યાં સુધી (ચરિત્ર) પ્રકાશ કરશો નહીં !' કેવી નમ્રતા ! કેવી સાધુતા !

સ્વામીશ્રીની આવી ગુરુભક્તિ ગુજરાતના હરિભક્તોને જાગૃત રાખી રહી હતી. તો વિજ્ઞાનદાસ અને બેચરભગતની ગુરુનિષ્ઠા ધુળિયા તથા ખાનદેશનાં ગામોમાંથી સંઘ લઈને આવતા હરિભક્તોમાં પ્રતિબિંબિત થતી જોવા મળતી.

આ જ કારણે દ્વેષીઓ એટલે સુધી ઊકળ્યા હતા કે પ્રાગજી ભગતની પાછળ 'ઘેલા કાઢનાર' આખાય સંત મંડળનો અથવા તો ભગતજીનો સંપૂર્ણપણે બહિષ્કાર કરવો...

જો કે આ ઉકળાટ વિહારીલાલજી મહારાજ તથા ગોરધનદાસ કોઠારીની દરમ્યાનગીરીથી ઠંડો પડ્યો હતો. અંતે એક નિર્ણય તો તેમને પણ મને-કમને લેવો જ પડ્યો કે વિજ્ઞાનદાસ અને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને દૂર દેશાવરમાં મોકલી તેમની શક્તિને ક્ષીણ કરી નાખવી. જ્ઞાનની વાતો કે વાતોના પ્રવર્તનની કોઈ તક રહેવા જ ન દેવી...

અને સ્વામી વિજ્ઞાનદાસ આ સમૈયાથી નિમાડ બાજુ મુકાયા અને યજ્ઞપુરુષદાસજીને દક્ષિણ ગુજરાતને છેડે કોંકણ બાજુ વાંસદા-ધરમપુર તરફ મોકલી દેવામાં આવ્યા.

સ્વામીશ્રીને તો અહીં પણ ફાવતું આવ્યું કેમ કે વાંસદા રાજ્યના દીવાન સાહેબ ઝવેરભાઈ નાથાભાઈ અમીન સ્વામીશ્રીના હેતવાળા હતા. દસ દિવસમાં તો

'સત્પુરુષ મોક્ષનું દ્વાર અને એ સત્પુરુષ એટલે ભગતજી' એ દૃઢતા સ્વામીશ્રીએ ઝવેરભાઈના હૈયાના ઊંડાણમાં જડી દીધી.

ભગતજીનાં દર્શન માટે તેમનો તલસાટ ગજબ હતો. આ માટે સ્વામીશ્રી વડોદરા પધાર્યા. આચાર્યશ્રીને વાત કરી અને મનાવી લીધા, જેથી ભગતજી વાંસદા પધાર્યા અને એમના સમાગમથી દીવાન સાહેબનું અંતર શુષ્કજ્ઞાનને મૂકી, શુદ્ધ ભક્તિના રંગે રંગાઈ ગયું.

દસ કલાકનો 'ઉમંગ'

વાંસદામાં એક મહત્ત્વના મુમુક્ષુને પ્રગટ ઓળખ કરાવી સ્વામીશ્રી વડોદરા પધાર્યા. અહીં એક એવા જ મહત્ત્વના, કાર્યદક્ષ અને સંપ્રદાયના ભાવિ સૂત્રધારોમાંના એક બને તેવા ૧૯ વર્ષના એક યુવાનને સ્વામીશ્રીએ શોધી કાઢ્યા...

ખેડા જિલ્લાનું પીજ આ યુવાનનું ગામ. જેઠાભાઈ એમનું નામ અને કલાભુવનમાં એમનો અભ્યાસ. આ શૂરવીર યુવાન પાછળથી સ્વામીશ્રીના જમણા અંગ સમાન બની ગયા હતા અને એમની કલમમાંથી વહેતી જ્ઞાનગંગાએ વિદેશોની ધરતી સુધી સત્સંગની ક્ષિતિજો વિસ્તારી દીધી હતી... ત્યાગાશ્રમ સ્વીકાર્યા પછી આ બાહોશ-કાર્યદક્ષ મુક્તરાજને સૌ નિર્ગુણદાસ સ્વામીના નામથી ઓળખતા હતા. વડોદરામાં સ્વામીશ્રી સાથેની તેમની પ્રથમ જ મુલાકાત હતી, વાડીગામમાં આવેલા સ્વામિનારાયણ મંદિરમાં બપોરના સમયે થયેલી આધ્યાત્મિક ચર્ચાને નિર્ગુણદાસ સ્વામીએ વર્ષો પછી પણ ઇદં સંભારી છે. અદ્ભુત સ્મૃતિસાગરમાં ડૂબકી મારી સ્વામી નિર્ગુણદાસજી મુંબઈ રહેતા હર્ષદરાય ટી. દવે અને હરિભક્ત સમુદાયને પ્રેમપૂર્વક જણાવે છે :

સંવત્ ૨૦૦૧, માગશર વદ ૧૨, તા. ૧૨-૧૨-૧૯૪૪.

'પરમ ભક્તરાજ... રા.રા.પૂ. હર્ષદરાય આદિ... સત્સંગી મંડળ પ્રત્યે ખાનદેશ મધ્યે જાપીથી લી. નિર્ગુણદાસના જય સ્વામિનારાયણ.

વિ... આવા આપણા મહાન અલૌકિક સ્વામી, જેના મહિમાનો લેશ પણ હું કહેવાનો સમર્થ નથી. તેવા સમર્થ-પુરુષ શાસ્ત્રીજી મહારાજનો મારે સંવત્ ૧૯૫૦ની સાલથી સંબંધ છે.

હું વડોદરા ભણતો હતો ત્યારે ભગતજી મહારાજનો યોગ થયો. તે ટાઈમે

પૂ. શાસ્ત્રીજી મહારાજ વડોદરે પધારે. ત્યાં સંવત્ ૧૯૫૦માં મારે ઓળખાણ થઈ, ને (વડોદરાના) વાડીગામના સ્વામિનારાયણ મંદિરમાં રહીને સ્વામીશ્રી ભણતા. વડોદરામાં ગોવિંદભાઈ માસ્તર, શિવશંકરભાઈ, ઉલ્લાસરામભાઈ વગેરેના સમાગમથી કથાવાર્તામાં પણ મને રસ ઉત્પન્ન થયો. ભગતજી મહારાજ વિષે અનન્ય નિષ્ઠા જામતી ગઈ. અને એમ કરતાં એક દિવસ સાંજે ઠાકોરજી જાગ્યા પછી થોડીવારે અમે મળ્યા. ને સાંજના ૬ વાગે મને પ્રદિક્ષિણામાં બેસીને વાતો કરવા લાગ્યા. સંધ્યા આરતી ગઈ, ને શયન આરતી ગઈ, પછી વાતોનો રંગ જામ્યો, તે વખતે એમની (શાસ્ત્રીજી મહારાજની) ઉંમર ૩૦ વરસની. મારી ઉંમર ૧૯ વરસની તે એટલી બધી નિષ્ઠાની, ઇતિહાસની વાતો થઈ કે જ્યારે (અમે) નોખા પડવાના થયા ત્યારે (બીજે દિવસે) સવારના ૪ વાગ્યા !

અહોહો ! શું એમનો વાતો કરવાનો ઉમંગ ! મને પણ ભગતજી મહારાજનો નવો પ્રસંગ થયેલો. તે વાતો સાંભળવાનો ઉમંગ ઘણો. સ્વામીએ લાગટ ૧૦ કલાક વાતો કરી. ત્યારે પછી અમારે હેત થયું. ને ભગતજી મહારાજ પાસે ૪ વખત મહુવે જઈને સમાગમ કર્યો. ને મોટાપુરુષની દૃષ્ટિ થઈ (ગઈ)...'

બસ, આ દસ કલાકમાં તો સ્વામીશ્રીએ તેમનું અંતર ભેદી નાખ્યું. પૂર્વનું જ્ઞાન ઉદય થઈ ગયું અને અક્ષરે સહિત પુરુષોત્તમની નિષ્ઠા દૃઢ થઈ ગઈ. ભગતજી પરમ એકાંતિક સત્પુરુષ અને મોક્ષનું દ્વાર છે, એ વાત એમના અંતરાત્માએ કબૂલ કરી અને વચનામૃતનાં એક એક વાક્યોને ગુંથીને શ્રીહરિના ધારક સંત કેવા હોય તેનો જાણે-અજાણે સાક્ષાત્કાર થઈ ગયો. સંપ્રદાયને સ્વામીશ્રીના એ દસ કલાકના 'ઉમંગ'ના પ્રતાપે એક અણમોલ રત્નની પ્રાપ્તિ થઈ !

આ દિવસોમાં ભગતજીના શિષ્ય કહેવડાવીને ભાદરણના પુરુષોત્તમદાસ નામે હરિભક્ત સત્સંગમાં 'ભગતજીનું ઐશ્વર્ય મને મળ્યું છે' એવી વાતો પ્રવર્તાવી સત્સંગથી વિરુદ્ધ વર્તન કરતા. આ ફરિયાદો અત્યંત વધી ગઈ હતી. આથી ભગતજીએ એક આદેશપત્ર નડિયાદના ઝવેરલાલભાઈ ઉપર લખી મોકલ્યો :

તા. ૩૧-૭-૧૮૯૩, અષાડ બીજા વદ ૩.

'શ્રી ભાદરણના પરશોત્તમે જે સત્સંગથી વીરુધ છોગ ઉઠાવી છે. તે તમારે માનવી નહીં, ને અમારે તો શીક્ષાપત્રી પ્રમાણે વરતવું છે. ને તમારે

પણ તેમ જ વરતવું. ને આચારજી મહારાજ તથા સાધુ તથા સત્સંગીની મરજી પ્રમાણે વરતવું ને શીક્ષાપત્રીને લોપીને જે વરતે તેનું જ્ઞાન ખોટું છે. ને અમારી ઓથો લઈને છોગ કરે, તે વચનદ્રોહી ને ગુરુદ્રોહી છે. તમે કાગલ લખ્યો, તે બહુ સારૂ કર્યું છે. આ કાગલ નાર વગેરે ગામોમાં વંચાવજો. દા. શામજી. દા. પ્રાગજીની શઈ (સહી)

ભગતજીને ક્યારેય ડોળ અને દંભ પસંદ ન હતા. તેથી જ આકરા શબ્દોમાં તેઓ પોતાનો અભિપ્રાય જણાવે છે.

વડોદરામાં સ્વામીશ્રીએ જેઠાભાઈને ભગતજીનો મહિમા સમજાવ્યા પછી તેમને પણ ભગતજીનો રંગ લાગી ગયો હતો. વિદ્યાર્થી અવસ્થાથી જ સંપ્રદાય માટે આયખું ન્યોછાવર કરવાના જેઠાભાઈના સંકલ્પો હતા. આથી જ તેઓ ભગતજીના શિષ્ય કોઠારી પ્રભુદાસ સાથે રહી મુંબઈ-ભોઈવાડાના મંદિરમાં રહી કોઠારની સેવામાં મદદ કરવા લાગ્યા. આ દરમ્યાન એમણે ભગતજી ઉપર નિષ્કપટ ભાવે દોષો ટાળવા પત્રમાં પ્રાર્થના કરી. તેના ઉત્તરમાં ભગતજી મહારાજે લખ્યું :

તા. ૩૧-૭-૧૮૯૩

શ્રી મુંબઈ કોઠારી પ્રભુદાસ તથા જેઠાલાલ (નિર્ગુણદાસ સ્વામી) શ્રી મહુવેથી લી. ભગત પ્રાગજી ગોવિંદજીના નારાયણ વાંચજો. જત તમારો કાગળ આવ્યો તે પહોંચો છે. સમાચાર સરવ જાણાં છે. જેઠાભાઈનો ઉત્તર જે આચારજી મહારાજ તથા પ્રભુદાસની મરજી પ્રમાણે કરજો. હવે પ્રભુદાસનો ઉત્તર જે વચનામૃત છેલ્લા પ્રકરણનું ૩૭ ને ૩૮નું વાંચજો ને વિચારજો. વરતાલનું ૧૧નું વાંચજો ને વિચારજો તથા વરતાલનું ૧૬મું વાંચજો ને વિચારજો તથા મધ્યનું ૭નું વાંચજો ને વિચારજો. તથા પંચાલાનું ૧ ને ૭નું વાંચજો ને વિચારજો ને મધ્યનું ૩૫નું તથા ૫૭નું તથા ૬૦નું તથા છેલ્લા પ્રકરણનું ૨૧નું તથા ૨ તથા ૮નું તથા ૯નું તથા સારંગપુરનું ૧ તથા ૧૦નું તથા મધ્યનું ૩૦નું તથા ૩૧નું તથા ૫૦નું તથા ૪૮નું એ વાંચજો ને વીચારજો ને બાકી બીજા કાગળમાં લખશું. જ્યારે નવરાઈ આવે તારે એક કલાક મન સ્થીર કરવું. ને ખંજોલવું નહી ને સંકલ્પ થાય તેને ના પાડવી ને ઉંઘ આવવા દેવી નહિ ને દીવસે સુવું નહી એટલું કરવાથી દોશ નીવૃતી-શાત પામે. છોટાલાલનો કાગળ પહોંચ્યો છે. તે કહેજો ને નારાયણ કહેજો સાધુ બ્રહ્મચારી, હરીભગતને નારાયણ કહેજો. શ્રી ધુલીઆવાળા મહુવે છે.

કોઠારી ગોવરધનભાઈને જારે મરજીમાં આવે તારે એક માસ શ્રી મહુવામાં આવીને રહેવું એજ વીનંતી સં. ૧૯૪૯ના અષાડ બીજા વદ ૩ લી. દાશાનુદાસ શામજી ગાંગજીના સાષ્ટાંગ દંડવત સેવામાં અંગીકાર કરશો. દરજી પ્રાગજીની શઈ દશકત પોતાનું નવધા ભક્તિમાં મન રાખે તો અધરમના ઘાટ ઘડે નહી એ જ ઉતર છે.

શ્રી છપૈઆ વાલાનો ઉતર જે અમારા નારાયણ લખજો ને ભજન કરજો ને તમારા ઉપર ભગવાન રાજી થાશે. દરજી પ્રાગજી ગોવીંદની શઇ દ. પોતે

•

આ તરફ સ્વામીશ્રી વડોદરા અભ્યાસ કરી રહ્યા હતા. તેમના તરફ વિરોધનો ભારેલો અગ્નિ સળગી રહ્યો હતો અને અચાનક એક ચિઠ્ઠી વડતાલના મોવડીઓની આવી : 'અભ્યાસ પૂરો થયો છે એમ સમજી નામવેરો ઉઘરાવવા મહેમદાવાદ પહોંચી જશો !'

કેવળ વિઘ્નસંતોષીઓની દોરવણીને માન્ય રાખીને જ આ નિર્ણય લેવાયો હતો. પરંતુ સ્વામીશ્રીને મન ભણતર નહીં, આજ્ઞા મુખ્ય હતી.

તેઓ તરત જ મહેમદાવાદ આવી પહોંચ્યા. પણ અહીં સમાચાર મળ્યા કે ભગતજી અમદાવાદમાં જ વિચરે છે ! તેમણે 'ગુરુગુણની ગરબી'ઓ મહેમદાવાદના સત્સંગ સમાજમાં નિર્ભય થઈને ગાવાનું શરૂ કર્યું. અનેક હરિભક્તોના વૃંદને કાળુપુરના સ્વામિનારાયણ મંદિરે ભગતજીનો સમાગમ કરવા મોકલવા માંડ્યા. આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજે પોતાના ડેલામાં જ ભગતજીનો ઉતારો રખાવ્યો હતો. અનેક સંતો પણ હરિભક્તોની જેમ જ દૂર રહ્યાં રહ્યાં ભગતજીનો કેવો મહિમા સમજતા તે અમદાવાદમાં ભગતજી પર આવેલા એક સંતના પત્ર ઉપરથી સમજી શકાય છે.

'સ્વામિનારાયણ ભગવાન હાથ મૂકે છે !'

સંતનું નામ સાધુ બદરીનાથદાસ ! પોતે કવિ હતા અને ગામ 'ભાત'માં તેમનો નિવાસ હતો. ભગતજીનો મહિમા ગાતાં ભાવપૂર્વક તેઓ લખે છે :

'સંવત્ ૧૯૫૦ શ્રાવણ સુદ ૨, તા. ૩-૮-૧૮૯૪.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને બિરાજમાન, ઉત્તમોત્તમ, પરમ પવિત્ર, પરદુઃખહારી, પરઉપકારી, પરહિતકારી, ધીરજધારી, અતિ નિષ્કામી,

રંચ ન ખામી, સદ્‌ગુણધામી, સેવતસ્વામી, સંતસે યારી, અતિ ઉદારી, સદ્‌ગુણ ભારી, નહીં અહંકારી, અતિ સબસે પ્રીતિ, રહે વે રીતિ, બહુ નિરમાની, અમૃતબાની, જ્ઞાન કે દાની, રહે ધ્યાની ઇત્યાદિ અનેક સર્વ શુભોપમા વિરાજમાન ભક્તરાજ શિરોમણિ ભક્ત પ્રાગજીભાઈ પ્રત્યે ગામશ્રી ભાતથી લખાવીંત સર્વ સંત-હરિજનચરણરજ સેવક સાધુ બદરીનાથદાસના અતિ ઘણાં સ્નેહપૂર્વક જય સ્વામિનારાયણ...

વિશેષ વિનંતી એ છે કે અમારા પૂર્વ પુણ્ય (પ્રતાપે) આપના જેવા મહત્પુરુષનો સમાગમ થોડાક દિવસ (અમદાવાદમાં) થયો, ને પુણ્ય અલ્પ તે તરત જ પાછો વિયોગ થયો એમ હું માનું છું. ને શ્રીજી મહારાજની પુરણકૃપા જ્યારે થશે ત્યારે પાછો આપનો સમાગમ થાશે. ને તમ જેવા સત્પુરુષનો સમાગમ ને (જોગ) તો ઘણો દુર્લભ છે. પણ અજ્ઞાને કરીને જીવને જેમ છે તેમ જાણવામાં મહિમા આવતો નથી. ને તમો મારા ઉપર પણ (આશિષ આપશો) ભુંડા સ્વભાવ નડે નહીં, ને તમ જેવા મુક્તને વિષે પ્રીતિ થાય એવી આશિષ દેજો... ને રાજેશ્વર ઝવેરલાલભાઈ... ત. ભક્તરાજ વિશ્વનાથભાઈ ત. સત્સંગશિરોમણિ પુરુષોત્તમભાઈ ત. ચતુરભાઈ ત. કાલિદાસભાઈ ત. ઝવેરભાઈ એ આદિક બીજા જે જે હરિભક્ત આપની પાસે હોય તે સર્વને મારા ઘણા કરીને જય શ્રી સ્વામીનારાયણ કહેશો ને અત્રેથી સાધુ સંતવલ્લભદાસજી ત. ભક્તિનંદનદાસજી... ના જય સ્વામીનારાયણ વાચશો.'

સંતો જેમના પ્રત્યે ગુરુભાવ રાખતા હોય અને 'ભૂંડા સ્વભાવ નડે નહીં' તેવા આશિષ માગતા હોય તો ભગતજી મહારાજની બ્રાહ્મીસ્થિતિનું તેજ કેવું વિલક્ષણ હશે !

રોજ પાંચ-પાંચ વખત કાલુપુર મંદિરના સભામંડપમાં ભગતજી મહારાજ કથાવાર્તાનો સોપો પડવા દેતા નહીં. તેમાં વળી સ્વામીશ્રીએ મોકલેલા હરિભક્તો ભાઈલાલભાઈ વગેરે સમાગમ કરી ઘરે પહોંચે, ત્યારે ભગતજીના મહિમાની તથા અક્ષરધામ સમું સુખ મળે છે તેની વાતો કરે. પછી બાકી રહ્યા હોય તે પણ કેમ ઝાલ્યા રહે ?

સ્વામીશ્રી, નિરંજનદાસજી, હરિપ્રિયદાસજી વગેરે... પાંચ સંતો સાથે મળી તા. ૩-૮-૧૮૯૪, શ્રાવણ સુદ ૨ ના દિવસે અમદાવાદ મંદિરે આવી ગયા.

અહીં એક દિવસ વાતચીતમાં ભગતજીએ જાણ્યું કે સ્વામીશ્રીનો અભ્યાસ વડતાલના આચાર્યશ્રી તથા કોઠારીએ બંધ કરાવ્યો છે.

તેથી પૂછ્યું : 'ભણવાનું કેમ બંધ કરાવ્યું ?'

સ્વામીશ્રી મૌન રહ્યા.

ભાદરોડમાં સ્વામીશ્રીએ ભગતજીના ગુણાનુગાન કરતાં શ્લોકો બનાવ્યા હતા તે યાદ કરાવીને ભગતજીએ પૂછ્યું, 'તમે પ્રાગજી ભગતના શ્લોકો કરો છો એટલે બંધ કરાવ્યું હશે, એમ ને ?'

પછી સ્વામીશ્રી એ શ્લોકો ફરી બોલ્યા, 'શ્રીમન્નિર્ગુણમૂર્તયે ચ વિભવે જ્ઞાનોપદેષ્ટ્રે સદા...' સૌ ખૂબ રાજી થયા. પણ આવા પ્રતિભાશાળી સંતનો અભ્યાસ પૂર્વગ્રહને કારણે જ અધૂરો રહ્યો, તે જાણી સૌને ઘણું દુઃખ થયું.

આ પ્રસંગોની સ્મૃતિ કરતાં સ્વામી નિર્ગુણદાસજી 'નજરે જોનાર' તરીકે અદ્‌ભુત સ્મૃતિ કરતાં તા. ૨-૧-૧૯૧૬ના ભાવનગર પત્ર લખીને જણાવે છે :

૧૯૫૦ની સાલમાં પ્રાગજી ભગત વાંસદા જઈ આવી લગભગ બસો હરિજનો સાથે બે મહિના લાગટ અમદાવાદના મંદિરમાં રહ્યા હતા અને કથા વારતા કરી આનંદના ઓઘ વાળ્યા હતા. ખરો સમૈયો જામ્યો હતો. ભગતજી મહારાજ સભામાં વાતો કરતા હતા. ને ભગતજીના પ્રસંગથી (પ્રથમ તો આ જ્ઞાનથી તદ્દન વિરુદ્ધ ગોપાળાનંદ સ્વામી અને ગુણાતીતાનંદસ્વામીનો પણ વગર પ્રસગે અભાવ હતો) સદ્‌ગુરુ કૃષ્ણસ્વરૂપદાસ વૃદ્ધ સાધુ મહા વિદ્વાન હતા. તેમને ભગતજીના પ્રસંગથી ગુણ આવ્યો ને શિષ્ય જેવા થઈ ગયા હતા. નિરંતર એમના આસન આગળ બેસી વાતો પણ કરતા. એ અરસામા શાસ્ત્રીજી મહારાજનું મંડળ મહેમદાવાદ મુકામે હતું. ત્યાંથી સમાગમ કરવા આવેલા તે પાંચ દિવસ રહ્યા હતા. સભા ભરાઈને બેઠી હતી ત્યાં ભગતજી કૃષ્ણસ્વરૂપદાસને કહે, 'આ સાધુ યજ્ઞપુરુષદાસે પ્રાગા સઈના શ્લોક કર્યા છે તે વડતાલના સાધુને કેમ સદે. ઉપાધિ કરે તેમાં નવાઈ શી ! જૂઠું કહેતો હોઉં તો પૂછો એમને.' પછી કહે હા બનાવ્યા છે. શરમાઈને જવાબ આપ્યો. પછી પુરાણી કહે : ત્યારે બોલો. શરમ આવતી હતી પણ મરજી જોઈ બોલ્યા.

'શ્રીમન્નિનિર્ગુણમૂર્તયે' એ આદિ નવ શ્લોક બોલ્યા. ભગતજી કહે, 'અર્થ કરાવો.' ત્યારે પુરાણી કહે, 'સૌ સમજે. અર્થ કરો.' પછી શાસ્ત્રીજી મહારાજે

અર્થ કરી બતાવ્યા. પુરાણી કહે, 'આમાં શું બાધ છે ? જેવા તમારામાં ગુણ છે એવાં વર્ણન કર્યાં છે. ધન્ય છે એ સાધુને ! આટલું બધું અપમાન વેઠીને એ જ કરે. મને પણ એ ન મળ્યા હોત તો શું થાત ? હું કહી શકતો નથી. મને તો મોટા મોટા સદ્‌ગુરુ સ્વામી ગોપાળાનંદજી અને ગુણાતીતાનંદસ્વામીનો પણ અભાવ હતો તે નીકળી ગયો. આ સંપ્રદાયને ઉદ્ધારનાર એ બે સદ્‌ગુરુઓ હતા એ પણ ગેડ બેઠી.' ઉપરનો એક શ્લોક પુરાણી લખી લઈ, જીવ્યા ત્યાં સુધી રોજ બોલતા.

હવે સભા વિસર્જન થતી વખતે ભગતજી મહારાજે શાસ્ત્રી મહારાજના માથા ઉપર બે હાથ મૂક્યા. ત્યારે રામચંદ્ર સૂબા ભગતજીને તેડવા આવ્યા હતા તે સભામાં હતા તે કહે 'હાં ! હાં ! ભગતજી, સાધુ ઉપર હાથ મુકાય ?' ત્યારે ભગતજી કહે, 'મેં નથી મૂક્યા શ્રીજીમહારાજ પધારી પોતે મૂકી ગયા છે.' આ નજરે જોનાર હજુ બેઠા છે. (આમ)ભગતજી અઢળક ઢળી ગયા.'

વળી એક દિવસ સ્વામીશ્રીનું તપઃકૃશ શરીર જોઈને ભગતજીએ કહ્યું હતું, 'આવો નાનો દેહ, તે મંડળ શું શોભે ? મંડળવાળાને તો જબરો દેહ જોઈએ.' એમ ખૂબ રાજીપો વરસાવ્યો.

આ સુખના દિવસો જોતજોતામાં સરી ગયા. હેતભરી વિદાય આપી ભગતજીએ સૌને મહેમદાવાદ ભણી વળાવ્યા.

વડોદરા અને અમદાવાદમાં ભગતજીએ અપાર ઐશ્વર્ય અને અદ્‌ભુત આકર્ષણશક્તિનાં દર્શન કરાવ્યાં. વિરોધીઓના હાથ હેઠા પડ્યા અને ગુજરાતના સત્સંગમાં ભગતજીના મહિમાનો વ્યાપ અસાધારણ રીતે વધતો ગયો.

બીજી તરફ ભગતજીના અનન્ય આજ્ઞાપાલક શિષ્ય વિજ્ઞાનદાસજી દૂર દેશ છપૈયામાં છેલ્લા એક વર્ષથી ગંભીર બીમારીમાં જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યા હતા. તેમાંય સં. ૧૯૫૧ના વૈશાખમાં તો એવી પરિસ્થિતિ થઈ કે ગળે અન્ન-જળ પણ ઊતરી શકતું નહીં. વૈ. વદ પાંચમના સવારે તો મંદવાડ બહુ જ વધી ગયો. સાંજે કોઠારી પ્રભુદાસ, પુરુષોત્તમચરણદાસ, નારાયણ ચરણદાસ તથા રાજાભગતને નજીક બેઠેલા જોઈ વિજ્ઞાનદાસ ધીમે ધીમે બોલવા લાગ્યા : 'શ્રીજી મહારાજ અને ભગતજી પધારે છે. તરત જવું છે. હવે કાંઈ અધૂરું નથી ને દેહ પણ રહેશે નહીં.' સૌ સ્તબ્ધપણે આ તપસ્વી, જ્ઞાની સંતની વાણી સાંભળી રહ્યા. બીજે

દિવસે તા. ૧૪-૫-૧૮૯૫ના સં.૧૯૫૧ની વૈશાખ વદ ૬ના સવારે ૧૧ વાગે તેમણે 'જય સ્વામિનારાયણ' બોલતાં જ દેહ મૂકી દીધો. ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને શ્રીજી મહારાજ, ભગતજી તથા અન્ય સંતોના દર્શન થયાં.

ભગતજી અમદાવાદમાં બોલ્યા હતા, 'વિજ્ઞાનદાસને ચાર નેત્ર ભેગાં થવાનાં બાકી હતાં, તે થયાં, ને હવે કાંઈ અધુરું નથી, તે દેહ રહેશે નહિ !' - આ વાત આજે સત્ય ઠરી.

હવે તો સૌનું મન ઊઠી ગયું હતું કેવળ શિસ્તને અનુસરવા માટે જ અહીં રહ્યા હતા. સૌના વતી પ્રભુદાસ અંતરની લાગણી વહાવતાં લખે છે :

તા. ૯-૬-૧૮૯૫.

ભગતજી પ્રાગજી ગોવિંદજી,

છપૈયાથી શિષ્યોની વિનંતી નીચે મુજબ છે.

પુરુષોત્તમદાસ સ્વામી દેહ મુકી ગયા છે ને અમોને તમારા ભેગું થવાની ઘણી તાણ છે. માટે દર્શન આપો.... ભેગા થાવ... રાજા ભગત કહે છે : સ્વામી દેહ મૂકવાથી દિલગીર છું. માટે અહીં પધારો કાં તો તેડી લ્યો. બેચરની વિનંતી કે પાા(સાડા પાંચ) વરસથી ભેગું થવાયું નથી. તેથી કુસંગી થઈ ગયો. માટે અહીં પધારો અગર સમીપે બોલાવી સત્સંગી કરો. એ જ અમારી વિનંતી છે.

પ્રભુદાસનાં દંડવત..... વિનંતી.

આપનો વિયોગ અઢી વરસથી છે વલી ઈન્દ્રિયો અંતઃકરણ કુસંગી છે માટે બધી કોરથી માર પડે છે. આપથી છેટે રહ્યા માટે સેવકને શાંતી કઈ રીતે થાય ? વાસ્તે પૂરણ દયા કરી અહીં પધારો ને સેવકવર્ગને સુખ આપો. દેશ હિન્દુસ્તાન, જીલ્લા ગૌંડા, મુકામ સ્વામીનારાયણ છપૈયા. કોઠારી બેચર ભગતને પહોંચે એમ (સરનામું) લખવું.

એજ લિ. પ્રભુદાસનાં દંડવત.

સં. ૧૯૪૫ના કાર્તિક માસથી સં. ૧૯૫૧ના વૈશાખમાં અક્ષરધામ ગમન સુધી સાડા પાંચ વર્ષ વિજ્ઞાનદાસજીએ ભગતજીને માટે જ કેવળ તેમના શિષ્ય હોવાને નાતે અનેક દુઃખ સહજભાવે ભોગવ્યા હતા...! તેમના અક્ષરવાસથી સાથી સંતોને ભારે વસમું લાગ્યું... આ શોકસભર ઘટના સિવાય બે વર્ષ તો કોઈ મોટી ઉપાધિ વિના વીતી ગયા. દરમ્યાન સ્વામીશ્રી તો મહેમદાવાદ, નડિયાદના ગામોમાં વિચરી

શ્રીજી-સ્વામીનું ઉપાસનાજ્ઞાન બેધડકપણે પ્રવર્તાવી રહ્યા હતા.

માયાનો ઉપાડો

ભગતજી મહારાજના ગુણગાન ગાવામા એમને સસ્કૃત મૂકવુ પડ્યુ હતુ. વડોદરા કે વડતાલ જેવા જાહોજલાલીથી ઊભરાતાં સ્થાનો છોડી મહેમદાવાદનાં ગામડાંઓમાં માન-અપમાન સહેવાં પડતાં હતાં. છેલ્લાં પંદર પંદર વર્ષથી ભગતજીનો અને તેમના હેતવાળા પ્રત્યેનો વિરોધ ઊછળી ઊછળીને શમી જતો હતો. પરંતુ માયાનો જબ્બર ઉપાડો શરૂ થયો, સં. ૧૯૫૨ના ચૈત્રી સમૈયામાં ! એ ૨૨મી માર્ચ, ૧૮૯૬ ને રવિવારનો દિવસ હતો.

વડતાલમાં આખોય સત્સંગ આ દિવસે એકત્ર થતો હોય, ત્યારે સ્વામીશ્રી, અને તેમના હેતવાળા સાધુ-હરિભક્તોને મહુવા જવાની કે મોકલવાની સદંતર બંધી જાહેર કરવી અથવા તો એ બધાયનો સામૂહિક રીતે બહિષ્કાર કરી વિમુખ કરી નાખવા આવી 'લાય' ખાસ કરીને ત્યાગીવર્ગમાં લાગી હતી.

સ્વામીશ્રી આ વિરોધને સાક્ષીભાવે નજરોનજર જોઈને ભગતજી મહારાજને તેના રજેરજ સમાચાર તેમની આગવી લેખનશૈલીમાં નડિયાદથી જણાવે છે :

મીતી, વૈશાકી શુદી ૪ ને શુક્ર, સં. ૧૯૫૨ તા. ૧૭-૪-૧૮૯૬

સ્વસ્તીશ્રી મહુવા બંદર મહાશુભસ્થાને પરમ દયાલુ, પરમ એકાંતિક ધર્મ ધારક, શરણાગત વત્સલ, સત્સંગી શિરોમણીશ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક એ આદિ અનેક શુભોપમા વિરાજમાન ભગત પ્રાગજીભાઈ ગોવીંદજીની સેવામાં, નડીયાદથી લી. આપને હમેશાં સંભારનાર આજ્ઞાંકિત સેવક યજ્ઞપુરુષદાસના સાષ્ટાંગ દંડવત્ પુર્વક જયશ્રી સ્વામીનારાયણ આપની પવિત્ર સેવામાં અંગીકાર કરશોજી.

બીજું વિશેષ શ્રીજી મહારાજ ત. આપ જેવા સંતની કૃપાથી હમો ખુશી આનંદમાં છૈયે. બીજું આપના તરફના સમાચાર પા. મોતીભાઈએ કહ્યા તેથી ઘણો સંતોષ થયો છે, બીજું ત્યાર પછીનો કાગળ પત્ર નથી તે સમાચાર લખશો. હમારે આપના દરશનની ત. સમાગમની ઘણી અંતરમાં ઈચ્છા વર્તે છે તે પુરી કરશો એવી આસા છે.

બીજું આ સમૈયામાં દેશકાળ ઘણાં વિસમ આવ્યા હતા. પરંતુ શ્રીજી મહારાજ ત. આપની કૃપાથી સર્વ દેશકાળ ગયા છે. ને હાલમાં પરમ શાંતી

છે. વિષમ દેશકાળમાં સર્વ સંતમંડળ ત. બ્રહ્મચારી મળીને ચૈત્ર સુદી ચૌદસના (તા. ૨૮-૩-૧૮૯૬) સવારમાં સભામાં ગાદી આગળ મહારાજને મેડીએ સર્વ હરિભક્તોએ (મળીને) કહ્યું કે હમો ત્યાગી તો પંદર વરસથી કહી કહીને થાક્યા પણ હવે તો તમો કંઈક હમારામાં ભળો તો સત્સંગ બગડતો સુધરે. પછી તો સુરતના મંછારામ ત. મુંબાઈના કરમશી શેઠ, વડોદરાના આશાલાલ ત. સોજીત્રાના ઝવેરભાઈ, મહુધાના હીમાભાઈ વીગેરે હરીભક્તો ત. શાસ્ત્રી મુનેશ્વરાનંદજી ત. કુંજવીહારીદાસજી ત. પુરાણી બાલકૃષ્ણાનંદજી ત. રામચરણદાસ, ભગવત્સ્વરૂપદાસ ગઢડાના ત. બીજા પણ હરીશ્વરાનંદ વીગેરે ત્યાગી સર્વ એકદમ બોલી ઊઠ્યા કે પાકો બંદોબસ્ત કરો ને જે જે આપની આજ્ઞા ન પાળે તેને પ્રાયશ્ચીત કરાવવું અગર વિમુખ કરવા. એવી રીતે ઘણું મનમાં આવે તેમ બોલ્યા.

પછી મહારાજશ્રી પોતે બોલ્યા કે અત્યારે બંધ કરો. રાત્રીયે કરીશું. પછી તો વેરાઈ ગયા. પછી વસોવાળા પ. પુરુષોત્તમભાઈ ત. ચતુરભાઈ ત. રા.રા. શીવશંકર વડોદરાના ત. ભરૂચના રા. રા. ગણપતભાઈ વીગેરે જઈને હીમાભાઈ વીગેરે સાધુની સભામાં ભળેલા હરીભક્તોને કહ્યું કે ત્યાગી તો મોટા છે તે ગમે તેમ બોલે ને કરે પણ આપણે ગ્રહસ્થોને કોઈનો દ્રોહ ન કરવો ને ભગત તો બ્રહ્મવેત્તા પરમ એકાંતિક ભક્ત છે માટે શું કરવા જાણી જોઈને અગ્નીમાં હાથ બાળો છો ? પછી તમો બોલશો તો અમો ઉઘાડા ઊઠી (સામે) બોલીશું ત્યારે અપમાન થશે.

એવી રીતે કહેવાથી તમામ હરીભક્તો હીમાભાઈ, મંછારામ, કરમસી વગેરે બોલ્યા કે અમારે શું ? હમો તો નહીં બોલીયે. પછી ચૌદશને રાત્રે ઉપાધી થવાની હતી તે બંધ પડી ગઈ. ત્યારે ત્યાગીઓને લા'ય લાગી કે આપણી મેનત વૃથા ગઈ ને વાત પક્ષે ના ગઈ, માટે ફરી ઉદ્યમ કરવો. વધારામાં ગઢડાવાળા રામચરણદાસજી પુન્યમને દીવસે (તા. ૨૯-૩-૧૮૯૬) સવારે બોલ્યા કે બે કલાક એવું ભાષણ કરૂં કે "ન ભૂતો ન ભવિષ્યતિ." પરંતુ કોઈ હરિભક્ત બોલ્યા નહિ. ત્યારે બાલકૃષ્ણાનંદ તાલી પાડી બોલ્યા કે બચારા રામચરણદાસનો સાદ બેસી ગયો તે દવા ઉકાળી પીવી પડશે. પણ તમો કાંઈ બોલતા નથી. કાલે સવારે આટલી વાત થઈ પણ સર્વ પાછા બેસી ગયા.

પણ શ્રીજી ત. આપની મેરબાનીથી બીજું વીશેષ કંઈ પ્રસંગ જ ન નીકળ્યો. પછી શણગાર આરતી થઈ ત્યાર પછી વળી બળતરા લાગી કે આ તો જેમ જેમ ઉપાધી કરીયે છૈયે તેમ ભગતનો મહીમા વધતો જાય છે ને આપડું ખોટું દેખાતું જાય છે. માટે મવે (મહુવા) જવાનું નકી બંધ કરવું છે. એમ કરી વલી ત્યાગી (સૌ ભેગા થઈ) સુરતના મંછારામ કેડે મંડ્યા ને વધુ માન આપી ચડાવ્યા. વલી આશાલાલ, ઝવેરભાઈ પણ મંછારામને પુષ્ટી આપતા હતા.

પછી આચારજી મહારાજ (વગેરે) પણ કોઈ ન જાણે તેવી રીતે (મંછારામે) સે'જ વીચાર કરી પુન્યમને દીવસ સાંજની સભામાં ઊભા થઈ ભાષણ કર્યું કે આ સત્સંગમાં ઘણો પરસ્પર વીરોધ ચાલે છે. તેથી સર્વ સંતની આજ્ઞાથી હું કહું છું કે મારો વાંક નથી, હું તો વાતમાં બરોબર જાણતો નથી. તેવી રીતે કહીને બોલ્યા કે મહુવા વાળા પ્રાગજી ભગતનો મહીમા લોકો બહુ વધારે છે તેનું કારણ કે તેમણે ગુણાતીતાનંદ સ્વામીને સેવ્યા છે ને મંદીરની ઘણી જ ચૂના વીગેરેની સેવા કરી છે તેથી મોટા સાધુ તેમની ઉપર રાજી થયા છે. તો તે મોટા થયા છે, પરંતુ આપડે સત્સંગીઓ તેમને પરમેશ્વરની પેઠે પુજવા ને થાળ કરી જમાડવા એવું ન કરવું. કેટલાક લોકો તેમને પ્રભુની પેઠે માને છે એમ મેં સાંભળ્યું છે, મેં નકી કર્યું નથી. માટે તેમ ન માનવું. બીજું, મોટાં મંદિરો મૂકી મહુવે જાય છે તે સર્વ સાધુઓને નથી ગમતું માટે મહુવે પણ હવેથી ન જવું જોયે.

એવી રીતે સે'જ બોલીને બેસી ગયા. પરંતુ જેવી રીતે ત્યાગીઓએ ભાષણ કરાવવા ધાર્યું'તું તેવું ન થયું. તેથી બરાબર સંતોષ ન થયો. પણ ઉભરો સમી ગયો છે. ત્યાર પછી સર્વ હરીભક્તો સૌ સૌને ઘેર ગયા છે. હમો (અ.નિ.) વિજ્ઞાનદાસ વીગેરેને ભેગા રહેવા દેવા અગર સત્સંગમાંથી બા'ર કાઢવા એ વીગેરે ઘણો ઈરાદો (પૂર્વે કેટલાંક વરસથી) હતો પણ તે તો સર્વ હરીભક્તોને નજરમાં ના આવ્યું કે ત્યાગી બચારા ક્યાં જાય ? ને વલી જો કાઢીયે તો ડભાણની પેઠે કેટલાક હરીભક્તોનો તેમને આશ્રય મલે તો વધારે ઉપાધી થાય. માટે મહીં મહીં જેમ ફાવે તેમ દુઃખ દેવું, પણ કાઢવા નહીં. પણ તે શક્ય ન બન્યું ! શ્રીજી ત. આપની કૃપાથી હમોને કંઈ હરકત આવી નથી.

બીજું મને નડીયાદ-મેમદાવાદની ચીઠી (ગામડે) ફરવા આપી છે. હમારા સાધુ આઠ છે. તેમાં ચાર વાંઠવાળી (ગામે મંદિરનો) વંડો કરવા ગયા છે. હું સુધા (સહિત) ચાર અહીં નડીયાદ રહીએ છીએ. બે ભણનારા ભેગા ભણવા આવ્યા છે. દીવાળી સુધી તો ભગવદીનો પ્રસંગ શ્રીજી મહારાજે આપ્યો છે. આવા દેશકાળમાં ભેગું બેસવાનું ને ઉભું રહેવાનું ના પાડી હતી તેની ભેગા વાતો કરવા આ મહીનો મુક્યો એ તો આપની કૃપાદૃષ્ટિ જ છે. માટે હંમેશા આવી દૃષ્ટિ રાખી આ લોક પરલોકમાં રક્ષા કરસો. બીજું મારી સાથેના ભણનારાઓને અયોધ્યા ભણવા મહારાજે મોકલ્યા. મારૂ ભણવાનું અટક્યું છે. આ ગામમાં શાસ્ત્રી ભણાવનાર છે તો આચાર્યજી મહારાજે આજ્ઞા કરી છે કે ભણજો. આપની આજ્ઞા હોય તો હું ભણું, માટે કાગળ તુરત લખશો. બીજું આપનો સમાગમ કરવા ને દરશન તે તો શ્રીજીમહારાજ કરાવે ત્યારે, પણ કાગળ દ્વારાયે પુછીયે તેનો જવાબ કૃપા કરી આપશો. અત્રેથી ઝવેરલાલ, ઝવેરભાઈ જેસંગ વીગેરે સર્વ હરીભક્તોના નારાયણ વાંચશો, તમારે ત્યાં શામજીભાઈ, ફુલચંદ શેઠ ત. નારાયણ, પુરુષોત્તમ વીગેરેને નારાયણ કહેશો.

શામજીભાઈને માલમ થાય જે કાગળ વંચાવી ભણવાનો જવાબ તુરત લખાવશો, કે જે હમારે કરવા યોગ આજ્ઞા બે લખાવશો, કે જેથી મળ્યા તુલ્ય સંતોષ થાય.

આ જ વિગતોના સમાચાર વડોદરાથી શિવશંકરભાઈ ધુળિયામાં વિરાજમાન કોઠારી પ્રભુદાસ વગેરેને આ શબ્દોમાં આપે છે :

વિ.સં. ૧૯૫૨ ચૈત્ર વદ ૫, તા. ૨-૪-૧૮૯૬.

પરમકૃપાળુ કોઠારી પ્રભુદાસભાઈ, તથા મોતીભગતની સેવામાં,

મુ. ધુળિયા.

સમૈયા ઉપર વરતાલમાં બહુ ઉપાધિ થઈ હતી. તેમાં કુંજવિહારીદાસ તથા બાલમુકુંદાનંદ બ્ર. તથા ગઢડાના રામચરણદાસ આગેવાન હતા. દરેક સભામાં આપણા વિરોધની વાતો હતી ને બહુ કુત્સિત વાણીથી ભાષણ કરતા હતા, જે લખ્યું જાય નહીં.'

આ કામમાં મહારાજશ્રી તથા કોઠારીએ ભાગ લીધો નથી. ભેખે ઉપાડ્યું. હવે આપણે તો શ્રીહરિ સહજાનંદ સ્વામીની શુદ્ધ ઉપાસના છે. ને લોકો

ખોટો અપરાધ મૂકે છે. ક્યાં સુધી આવું ને આવું ચાલવાનું ? કોઈની ઉપર- એટલે કે નામ લઈ વાત કરી નથી. મોઘમ મોઘમ ભાષણ કર્યું છે. બ્ર. બાલમુકુંદાનંદ અને રામચરણદાસનો પરિશ્રમ બહુ હતો, કે મૂળ ખોદીને કાઢી નાખીએ. (પણ) ધાર્યું સ્વામીનારાયણ અને સત્પુરુષનું થાય છે. માટે ધીરજ રાખજો ને બીજાને આપશો. જવાબ જરૂર લખશો....

ઉપાધિના આવા વાતાવરણમાં સ્વામીશ્રી કયા વિચારથી ઝઝૂમી શક્યા હશે ? આદરમાનની તો એમને અપેક્ષા પણ નહોતી, પરંતુ સદ્ભાવથી એમની વાત સાંભળનાર, એમના પ્રશ્નોને સહાનુભૂતિથી જોનાર પણ કોઈ રહ્યું ન હતું. વડતાલના સંતો સ્વામીશ્રીની પ્રવૃત્તિ પર શંકાની નજરે જોતા, ને કોઠારી કે અધિકારી સંતો સ્વામીશ્રી કેમ ભગતજી અને એમના મહિમાવાળા હરિભક્તોથી દૂર રહે તે પ્રકારની પેરવી ચાલુ રાખતા. પણ ભગતજી એકાદ પત્ર લખી સ્વામીશ્રીને સાંત્વન પ્રેરી દેતા.

તા. ૨૨-૪-૧૮૯૬, વૈ. સુ. ૭, સં. ૧૯૫૨ના દિવસે તેઓ ઝવેરલાલ પર એક નાનો પત્ર લખાવે છે :

'મહેતા ઝવેરલાલ ઉલાશરામ, શ્રી મહુવેથી લી. ભગત પ્રાગજી ગોવીંદજીના નારાયણ વાંચજો. જત સાધુ યજ્ઞપુરુષદાશજીનો કાગલ આવો, તે વાંચો છે. સમૈયાના સમાચાર સરવે જાણા છે. તમારે ભણવું હોઅ તો ભણજો ને ઝવેરલાલ આદી હરીભગત સરવેને વાતુ કરજો. ને સરવ સાધુ તથા હરીજન તથા બ્રહ્મચારીને નારાઅણ કહેજો.' - લી. શામજીના નારાઅણ વાંચજો.

દરજી પ્રાગજી ગોવીંદની શઈ, દશકત પોતાના. ઝવેરભઈને અમારા નારણ કેજો.'

દરસ બિના દિલ દાહ ન બુઝત !

જોકે સ્વામીશ્રીને ભણવા કરતાં ગુરુદર્શનની લગની વિશેષ લાગી હતી. સ્વામીશ્રીને આ સંજોગોમાં ગુરુહરિ ભગતજી મહારાજનાં દર્શન અમદાવાદમાં થયાંને પૂરાં બે વર્ષ વીતી ગયાં હતાં. રોજ તેઓ ગુરુદર્શનનાં વિયોગમાં કેવા તલસતા હશે ! દિવસો, મહિનાઓ કેવી રીતે ગણતરી કરી કરીને વીતાવ્યા હશે !! આ તલસાટને વ્યક્ત કરતાં તેઓ હૈયાની ઊર્મિઓ ઠાલવે છે....

વિ.સં.૧૯૫૨ શ્રાવણ સુદ ૨, મંગળવાર તા. ૧૧-૮-૧૮૯૬

સ્વસ્તીશ્રી મહુવા બંદર મહાસુભસ્થાને પરમ દયાળુ, પરમ પૂજ્ય, સાધુતાના સદન, શરણાગતવત્સલ, સંસારસાગરતારક, પરમ એકાંતિક, પ્રગટ પુરુષોત્તમોપાસક, ભગતરાજ એ આદિક અનેક શુભોપમા વિરાજમાન ભગત પ્રાગજીભાઈ ગોવીંદભાઈની પવિત્ર સેવામાં, ગામ મેમદાવાદથી લી. આપનો આજ્ઞાંકિત સેવક યજ્ઞપુરુષદાસના સાષ્ટાંગ દંડવત્પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ આપની સેવામાં અંગીકાર કરશો.

બીજું લખવાનું કે આપના તરફથી હાલ સમાચાર નથી તે લખસો.

બીજું, શ્રીજી ત. આપના પ્રતાપથી અહીં દેશકાળ સારા છે. અહીં ત્રણ માસથી હમો રહ્યા છીએ. આ ગામમાં પારેખ રણછોડભાઈ ગીરધરલાલ ત. ભટ રણછોડ વૈદ્યનાથ ત. કેશવરામ વીગેરે કેટલાક હરીભક્તોને આપના દર્શનની ત. સમાગમની તાણ છે. હમારે પણ આપનાં દર્શન થયાં ને આજ રોજ બે વરસ પુરાં થયાં, ત્યાર પછી આપનો સમાગમ નથી. તેમજ દરશન પણ નથી. માટે દયા કરી દરશન-સમાગમનું સુખ આપશો.

બીજું, આપની આજ્ઞાથી ચાણસદના પા. કાલીદાસ અત્રે ઉતર્યા હતા તેથી ઘણો જ આનંદ થયો'તો. વળી ઝવેરીલાલભાઈને ને મારે નડીયાદમાં સત્સંગિજીવનનું પારાયણ કરાવવું ને આપને તેડાવવા ત. મહારાજશ્રીને તેડવા (તેવો સંકલ્પ હતો) માટે હું વસો ગયો'તો તે ત્યાં મહારાજશ્રી ત. કોઠારીને કહ્યું તો તેમની મરજી તો હતી ને હા પાડી'તી પણ આપને હમારી પર કૃપાદષ્ટિ નહીં હોય માટે બીજા સાધુઓએ ના પાડવાથી એ વિચાર હાલ બંધ રહ્યા છે. પરંતુ આપે કહ્યું હતું કે મને તેડવા માટે ઉદ્યમ ના કરશો. મારે શરીરે સારૂં થશે કે હું જરૂરાજરૂર તમારી ભેગો થઈશ. એવી રીતે ઝવેરીલાલભાઈ ઉપર નડીયાદ તમારો કાગળ હતો. માટે હવે તો દયા કરી અત્રે પધારો તો ઘણું સારૂં છે...

બીજું આપે મને વાતો કરવાની આજ્ઞા કરી છે તે બીજાને તો શાંતી ત. સમાસ આપની આજ્ઞા રૂપી સત્કર્મથી થાય છે. પણ અંતરમાં આપના વિયોગથી બીલકુલ શાંતી નથી. માટે દયા કરી શાંતી થાય તેમ આપ કાગળ લખી મોકલશો. બીજું હમારે તમારો આધાર છે ને તમારે વીશ્વાસે બેઠા છૈયે માટે હમોને અખંડ ભગવાન સાંભરે તેમ કરશો. એજ. હું શ્રાવણ સુદી ૩ને

બુધવારે નડીયાદ જવાનો છું માટે આ પત્રનો જવાબ નડીયાદ ઝવેરલાલ ઉપર લખશો, કે દરશનનો તુરત લાભ થશે...

લી. યજ્ઞપુરુષદાસના નારાયણ વાંચશો.

'આપના દર્શન થયા ને આજ રોજ બે વરસ પૂરા થયા'... 'અતરમા આપના વિયોગથી બિલકુલ શાંતિ નથી...' 'હમારે તમારો આધાર છે ને તમારે વિશ્વાસે બેઠા છૈયે.'

આ લાગણી અને ભક્તિનો ભાવપ્રવાહ આજે પણ આપણી આંખોને છલકાવી મૂકે તેવો અનુપમ છે !

કોઠારી કે આચાર્યશ્રીને જો વાંધો ન હોત, તો ભગતજીને તેડાવવામાં ક્યાં વાર હતી ? પરંતુ, 'બીજા સાધુઓએ ના પાડવાથી' ભગતજી આવી શકે તેવી સ્થિતિ રહી નહીં.

એ મહાપુરુષે કોનું અને શું ભૂંડું કર્યું હતું ? જેમની અજાતશત્રુતા, ક્ષમા, ધીરજ કે સહનશીલતાને આખો સત્સંગ પ્રમાણ કરતો, એ ભક્તરાજ પ્રત્યે અકારણ દ્વેષની 'લાય' જોઈ સ્વામીશ્રીને વિચાર આવતો કે આખી જિંદગી ડગલે ને પગલે જેમનાં અપમાનો થયાં છે, તેમનું સંપ્રદાયમાં સન્માન કરાવું તો જ હું ગુરુભક્ત સાચો ! અને એ કાર્યના શ્રીગણેશ થવાના હોય તેમ સ્વામીશ્રીને ફરીથી સંસ્કૃત ભણાવવા કાશી મોકલવા, તેવો વિચાર આચાર્યશ્રી અને કોઠારીને ચર્ચા દરમ્યાન આવ્યો.

✧ ✧ ✧

પત્રધારા

૫ સોરઠને આંગણે ઉપાસનાના ડંકા !

ભાદરવો મહિનો બેસી ગયો હતો. મહારાજશ્રી જળઝીલણી માટે ગઢડા જવાના હતા. આ ઉત્સવમાં ભગતજી પધારે તો બે-બે વર્ષની તરસ છીપી જાય, અંતરમાં વિયોગના દુઃખ છે તે શમી જાય એ જ વિચારથી સ્વામીશ્રી તથા પ્રભુદાસ કોઠારી મહેમદાવાદથી વડતાલ પધાર્યા...

મહારાજશ્રીને વિનંતી કરી અને મહારાજે આ ઉત્સવમાં આવવા મહોર છાપનો સિક્કો મારી ભગતજીને નિમંત્રણ આપ્યું. તેઓ એ સમૈયે આવી પહોંચ્યા. યજ્ઞપુરુષદાસજીએ પણ ગામેગામ પોસ્ટકાર્ડ લખી લખી હરિભક્તોને આમંત્રણ આપી દીધાં હતાં.

સ્વામીશ્રી અને કેશવપ્રસાદદાસ પુરાણી ભગતજી મહારાજ પાસે બેઠા હતા ત્યારે એકદમ જ ભગતજીએ કહ્યું, 'ભણવા કાંઈ પરદેશ (કાશી) જવાની જરૂર નથી. હમણાં તો ભજન કરો. ઘણું ભણ્યા ! વળી, મહારાજશ્રીનો આગ્રહ હોય તો રાજકોટ જાવું, પણ હિન્દુસ્થાન જાવું નહીં.'

આ આજ્ઞા સ્વામીશ્રીએ આચાર્ય મહારાજને સંભળાવી. મહારાજશ્રીએ તરત જ રાજકોટમાં ભણવાનો પ્રબંધ કરી સ્વામીશ્રીને ત્યાં મોકલી દીધા. ફરી એક વાર ભણવાના નિમિત્તે સ્વામીશ્રીને વડતાલ છોડી સોરઠ પધારવાનું થયું.

તા. ૭-૧૨-૧૮૯૬, માગશર સુદ ૩, વિ.સં. ૧૯૫૩ના સોમવારે સ્વામીશ્રીએ નડિયાદથી ટૂંકો પણ સુંદર પત્ર લખી ભગતજીને પોતાના સમાચાર જણાવી દીધા :

'મહુવા બંદર મધ્યે પરમ ભક્તરાજ પ્રાગજી ગોવીંદજીની સેવામાં, નડીયાદથી લી. સા. યજ્ઞપુરુષદાસના સાષ્ટાંગ દંડવત્ વાંચશો.

વીશેષ લખવાનું આચાર્યજી મહારાજના ઘણા આગ્રહથી હું રાજકોટ

ભણવા જવા સારૂ એક સાધુ સાથે વરતાલથી શનીવારને પડવે (તા. ૫-૧૨-૧૮૯૬) અત્રે (નડિયાદ) આવ્યો છું. અહીં ચાર-પાંચ દિવસ રહી રાજકોટ જવાનું છે. બીજુ આ તરફના તમામ સમાચાર કડીયા કાળીદાસ આજ તમારે ત્યાં આવવાના છે, તે કે'સે. મારી ઉપર કૃપા દૃષ્ટિ રાખશો. બીજુ અત્રે દેશકાળ સારા છે.' લી. યજ્ઞપુરુષદાસના નારાયણ વાંચશો.

આચાર્યશ્રીની ભાવભરી ભલામણો

આશરે તા. ૧૨-૧૨-૧૮૯૬ના માગશર સુદ ૮ના દિવસથી સ્વામીશ્રીએ રાજકોટને પોતાના દિવ્ય સાંનિધ્યનો લાભ આપવાનું શરૂ કર્યું. અભ્યાસની સાથે જોગીઓ જેવા જૂનાગઢી સંતો અને સ્વામી જાગા ભગત જેવા મુક્ત પુરુષોનું સાંનિધ્ય સ્વામીશ્રીને અત્યંત અનુકૂળ આવ્યું.

સૂત્રભાષ્યનો અભ્યાસ અહીંના પ્રતિષ્ઠિત અને વિદ્વાન શાસ્ત્રી જીવણરામ પાસે શરૂ થયો. આ એ જ જીવણરામ હતા, જેમના પિતા મહીધર શાસ્ત્રીનો સ્વામીશ્રીએ ગઢડાની મહોત્સવ-સભામાં પરાજય કર્યો હતો.

આચાર્ય મહારાજે સ્વામીશ્રીને ભણવામાં કોઈ જ તકલીફ ન પડે અને રાજકોટના હરિભક્તોનો તથા વિદ્યાગુરુ જીવણરામજીનો પણ પૂર્ણ સહકાર મળી રહે તે માટે એક જ દિવસે બે પત્રો રાજકોટ લખ્યા. વિપ્રવર્ય પંડિત જીવણરામજીને પત્ર લખતાં આચાર્યશ્રી લખે છે :

સ્વસ્થાન શ્રી વરતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણદેવના ચરણકમલ સમીપથી લીખાવીતંગ આચાર્યશ્રી વીહારીલાલજી મહારાજશ્રી ભગવત્પ્રસાદજી મહારાજ .

સ્વસ્તીશ્રી રાજકોટ મહાસુભસ્થાને કૃતનિવાસ, સકળ શુભ ગુણનીધાન, સદા શુભકામલાયક, વિવેક વિ(ચ)ક્ષણ, સત્શાસ્ત્રજ્ઞાતા, વિદ્યાનિધી એવં અનેક શુભોપમા લાયક શાસ્ત્રીશ્રી જીવણરામજી મહીધરજીને રાજસનમાન અને સદ્કીર્તિએ સહીત સદેવ કુશળ રાખે, શ્રી લક્ષ્મીનારાયણ દેવ. પરંતુ અમારા પણ ઘણા સ્નેહ સહીત આશીર્વાદ અને જય શ્રી સ્વામીનારાયણ વાચવા.

અત્રે કુશળ છે. તમારી કુશળતાનો પત્ર પુગ્યો છે. તમને આ સત્સંગ ઉપર અપુર્વ સદ્નિષ્ઠા છે, અને પરમેશ્વરની પ્રસન્નતાને અરથે અને અમારા

ઉપરના ગાઢ સ્નેહને લીધે ત્યાગીવર્ગને વિદ્વાન કરવાનો અતિ આગ્રહ જાણી અમે ઘણા રાજી થયા છીએ. અને તેના બદલામાં તો અમે એટલું જ લખાવીએ છીએ કે તેનું ફળ અખિલ બ્રહ્માંડાધીપતી સર્વજ્ઞ મહાપ્રભુ તમને આપશે. આ લોકમાં વિદ્યાદાનનો બદલો વાળવાનું સમ્પુરણ સાધન નથી.

તમોએ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને અભ્યાસ કરાવી અમને પુર્ણ સંતોષ આપ્યો છે. છતાં પણ અધિક વિદ્યાને એ પાત્ર છે, એમ આપના લખાણથી જણાય છે. તો અમારી સાથે કાશી, વૃન્દાવન, અયોધ્યા આદી સ્થાનોમાં લઈ જવાનું બંધ રાખી તમારા તરફ મોકલ્યા છે અને આશા છે કે હવે વિદ્યાને માટે એમને અન્ય પુરુષની આકાંક્ષા નહીં રહે. સ્નેહમાં વૃદ્ધિ કરશો. એ જ.... તમારા આશ્રીતો અને શાળાના વિદ્યાર્થીઓને અનેક આશિર્વાદ સાથે જે સ્વામીનારાયણ કહેવા.'

આ સાથે આચાર્યશ્રીએ હરિભક્તોનાં નામ લખી ખાસ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીની 'બરદાસ્ત' કરવા અંગે ભાવભરી ભલામણ પણ કરી દીધી :

'શ્રીવડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવના ચરણકમલ સમીપથી લખાવીતંગ આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ શ્રીભગવત્પ્રસાદજી મહારાજ : સ્વસ્થાન વડતાલ.

સ્વસ્તી શ્રીરાજકોટ મહાશુભસ્થાને સકળ શુભ લક્ષણનિધાન, સદા શુભકામ લાએક, શ્રીજીમહારાજના આજ્ઞા પાલવામાં તત્પર હરિભક્ત શિરોમણી શ્રી રાધારમણ દેવના અનન્ય સેવક એ આદિક અનેક સુભોપમાલાએક સાધુ શ્રી ધરમસ્વરૂપદાસજી વીગેરે સંત મંડલ સમસ્ત. ત્થા રા.રા. પોપટભાઈ વેલજી ત્થા રા.રા. કાનજીભાઈ નથુભાઈ ત્થા શેઠ લક્ષ્મણદાસ માવજી ત્થા શેઠ કરસનદાસ વાસા ત્થા ઠકર કાનજીભાઈ કરસનજી ત્થા ઠકર મંગળભાઈ જેરામ ત્થા મીસ્ત્રી લખમણ ખેંગાર ત્થા મીસ્ત્રી જાદવ જીવા ત્થા મીસ્ત્રી કાળા માંડણ ત્થા મીસ્ત્રી લીલા જેરામ ત્થા શેઠ શીવલાલભાઈ કરસનજી ત્થા શેઠ ભગુભાઈ ત્થા રા.રા. જાદવજીભાઈ હરજીવનભાઈ વીગેરે હરીભક્ત સમસ્તને અમારા આશિર્વાદ પુરવક જયશ્રી સ્વામીનારાયણ વાંચજો.

વિષેસ, લખવા કારણ એ છે જે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને વંદ્રાવન ભણી (તરફ) ભણવા મોકલવા નહિ. તાંથી શાસ્ત્રી જીવણરામભાઈએ હેત ભરેલો

પત્ર અમારી ઉપર લખેલો છે. તેથી વંદ્રાવન તરફ મોકલવાનું બંધ કરી રાજકોટ મોકલ્યા છે. વાસ્તે (માટે) તમારે તેમની બરદાસ રાખવી. આ તરફ દેશકાળ સારા છે. કોઈ પ્રકારના રોગ ને ઉપદ્રવ નથી. તમારે ત્યાં સર્વે હરીભક્તોને જયશ્રી સ્વામીનારાયણ કહેવા.' .

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ પ્રત્યે આચાર્યશ્રીનો સદ્ભાવ કેટલી હદે હશે કે બે-બે પત્રો લખી જીવણરામની ભલામણ સ્વીકારી તેમણે બધી જ વ્યવસ્થા સામે ચાલીને કરી આપી !

ખરેખર, સ્વામીશ્રીની અદ્ભુત પ્રતિભાનો જ આ ચમત્કાર હતો. અન્યથા એક સંત માટે આચાર્યશ્રી સ્વયં આવી કાળજી લે, તે ઇતિહાસનો વિરલ પ્રસંગ જ કહી શકાય.

પ્રથમ યુવક મંડળ !

સ્વામીશ્રી રાજકોટ પધાર્યા ને અભ્યાસનો આરંભ કર્યો તે દિવસથી જ જીવણરામને સ્વામીશ્રીની પ્રતિભા વિષે કંઈક વિશેષ માનની લાગણી પ્રગટી ઊઠી હતી : 'આ સાધુ પાસે ગુરુભાવ રાખવો વૃથા છે !' એમને સ્વામીશ્રી સાથેના પહેલા જ પાઠમાં આ અનુભવ થઈ ગયો. અનેક ગ્રંથોનો સમ્યક્ અભ્યાસ કરીને વેદાંતમાં પારંગત આ શાસ્ત્રીજીને મળતાં જીવણરામ વિચારતા કે આ મને ભણાવવા આવ્યા છે કે પછી ભણવા આવ્યા છે ?

સ્વામીશ્રીએ બે-બે વરસથી સંસ્કૃત અભ્યાસથી દૂર રહેવા છતાં ફરીથી બધું જ તાજું કરી લીધું અને સાથે સાથે અક્ષર-પુરુષોત્તમ જ્ઞાનનાં બીજ રાજકોટ મંદિરે આવતા યુવાનોના અંતરમાં પણ રોપવાનાં શરૂ કરી દીધાં.

સોરઠને આંગણે ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરવાસ પછી પ્રથમ વખત જાહેરમાં ગુણાતીત જ્ઞાનના ડંકા ગુંજી ઊઠ્યા !

પૂનમ કે એકાદશીનો અવસર જોઈ પોતે પણ જૂનાગઢ જઈ જાગા ભક્તનો સમાગમ કરી આવતા. ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર આ મુક્તરાજ પણ દેહાતીત દશાવાળા અને અક્ષરપુરુષોત્તમ નિષ્ઠાના અનન્ય પ્રવર્તક હતા. સ્વામીશ્રીએ યુવાનોને શ્રીજીના આ સિદ્ધાંતોનાં રહસ્યો બતાવવાનું શરૂ કર્યું. સ્વામીશ્રીનાં વર્તન અને વાણીના બેવડા પ્રભાવે યુવાનો ક્યારેક તો આખો દિવસ મંદિરમાં રહી સ્વામીશ્રી પાસે જ્ઞાનનું અમૃત મેળવ્યા કરતા.

ધીરે ધીરે આ બાબતોનો વિરોધ રાજકોટના સત્સંગ સમુદાયમાં શરૂ થયો. સ્વામીશ્રીને ગુણાતીત જ્ઞાનના મૂર્તસ્વરૂપ સમા જાગાસ્વામી કે બાલમુકુંદ સ્વામીનાં દર્શને જૂનાગઢ જવું હોય તો કોઠારી ભાડાના પૈસા ન આપે. સ્વામીશ્રીની આ તકલીફ જાણી શેઠ શ્રી મોરારજીભાઈ આ સેવા કરી આપતા. પણ ધીરે ધીરે વિરોધની હવા જામતી જતી હતી.

એકવાર તો જૂનાગઢી સદ્ગુરુ બાલમુકુંદ સ્વામી ઉપસ્થિત હતા અને સભા ચાલુ હતી. તેવામાં એક સત્સંગી વિવેક-વિચાર વિના સ્વામીશ્રીનો વિરોધ કરવા લાગ્યા.

બાલમુકુંદ સ્વામીએ ભરી સભામાં સ્વામીશ્રીનો પક્ષ રાખીને કહ્યું, 'આ શાસ્ત્રીજીના ઉપદેશથી તમારા છોકરાઓને સત્સંગના સંસ્કાર થાય છે ને મંદિરમાં રહી કથા સાંભળે છે. વળી, એકાદશી નકોરડી કરે છે ને પૂનમે જૂનાગઢ દર્શને જાય છે, તેથી તમારા છોકરા બગડ્યા કે સુધર્યા ? એનો તો વિચાર કરો ?'

બાલમુકુંદ સ્વામીની જોરદાર રજૂઆત જોઈ કોઈ તેમના વેણ પર વેણ લાવી શક્યું નહીં. આમ ને આમ ત્રણેક મહિના વીતી ગયા.

કૃષ્ણજી અદાના યોગમાં

એ દરમ્યાન સ્વામીશ્રી એક બીજા સાધુગુણ સંપન્ન ભક્તરાજના સંપર્કમાં આવ્યા. એ હતા કૃષ્ણજી અદા. એમની સ્થિતિનો ખ્યાલ ભાગ્યે જ કોઈને આવી શકતો. કથાવાર્તાના ઇશ્કી અને ગુણાતીતાનંદ સ્વામીનો અક્ષર સ્વરૂપે મહિમા જાણનાર આ ભક્તરાજ વડતાલ જવાના હતા. સ્વામીશ્રીએ તરત જ વિચાર્યું, ગુણાતીતાનંદ સ્વામીના મળેલા આવા ભક્તની વાતો સાંભળશે તો ગુજરાતના હરિભક્તોને અવશ્ય પુષ્ટિ મળશે. તેમણે તરત જ વસો કાગળ લખ્યો અને અનેક હરિભક્તોનાં નામ લખી કૃષ્ણજી અદાને વસો લઈ જઈ સમાગમ-સેવા અને સરભરાનો પૂરેપૂરો લાભ લઈ લેવા આગ્રહપૂર્વક સૂચના આપી અને લખ્યું :

વિ.સં. ૧૯૫૩ મહા વદી ૪, રવિવાર, તા. ૨૧-૨-૧૮૯૭

સ્વસ્તીશ્રી વસો મહાશુભ સ્થાને પરમ ભગવદી સાધુ સેવા પરાયણ શ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક પા. ચતુરભાઈ ત. પુરુષોત્તમ ત. ગોવીંદભાઈ ત. ઉમેદભાઈ ત. ભાઈલાલ બંને ત. ઝવેર ભગત ત. હાથીભાઈ વીગેરે પ્રતે રાજકોટથી લી. યજ્ઞપુરુષદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.

બીજું લખવાનું કે હાલ આપના તરફના ત. વરતાલ તરફના સમાચાર નથી તે લખી જણાવસો. બીજું અત્રે શ્રીજી ત. સત્પુરુષની કૃપાથી પરમાનંદ વરતે (છે) ભણવાનું ચાલે છે. સૂત્રભાષ્ય પુરૂં થવા આવ્યું છે. આમ તો મૂળ ગ્રંથ પુરો થયો. ટીકા ચાલે છે.

બીજું અત્રેથી વીપ્ર કૃષ્ણજી મહારાજ તેમના દીકરા વૈજનાથ સાથે વરતાલે આવનાર છે. તેમનો સમાગમ કરવા જેવો છે. ભગતજી ભેગા સ્વામી છતાં (સ્વામી હયાત હતા ત્યારે પણ) જુનાગઢ રહેલા છે. ભગતજીનો મહિમા સંપુર્ણ જાણે છે. તેમના મનના સંકલ્પ કહીને સ્વામી અક્ષર છે, એવી નીષ્ટા (નિષ્ઠા) ભગતજીએ કરાવેલી છે. તેમ જાગાભગત ઉપર પણ સર્વોપરીપણે હેત છે. ને સ્વામીની જુની વાતો (પણ) ઘણી જાણે છે, મહીમા ને સદ્બુદ્ધિ તેમના સમાગમથી ઘણો વધે એવા છે. માટે તમારે જરૂર તેમને તમારે ત્યાં (વસો) તેડી જવા. મેં તેમને ઘણું કરી કહ્યું છે કે નડીયાદથી ઊતરી પીજ થઈ વસો જવું. તાં સ્વામી કૃષ્ણચરણદાસજી છે તે મળસે. વળી હરીભક્તો પણ પ્રેમી છે. તો નડીયાદથી આવસે, પણ નડીયાદથી ભુમીયા નથી. તો નડીયાદના હરીભક્તોને કહી રાખો તો ગાડું જોડીને તમારે તાં (લાવે ને ત્યાં) આવ્યા પછી વાતો સારી રીતે કરાવીને આનંદ લેસો. ઘેર તેડી જસો. ઘણા જીણા છે, ને ઘણો આગ્રહ કરસો તારે વાતો કરસે. અવકાસ હોય તો વરતાલ ભેગા જસો.

બીજું, સ્વામી કૃષ્ણચરણદાસજી ત. સાધુ ભક્તિસ્વરૂપદાસજી ત. રઘુનાથ ચરણદાસજી ત. ચતુરભુજદાસજી ત. ઘનશ્યામપ્રીયદાસજી, ત. રામજીભગત ત. રા.રા. વાઘજીભાઈ ત. પાંચાળજીભાઈ, મોતી કલ્યાણજી, ત. વજુભાઈ હરીભાઈ, નાથાભાઈ ગીરધર બારોટ, ભગા બારોટ, ભાઈજી ગીરધર તમામ ત. ચતુરભાઈ, હાથીભાઈ, માનભાઈ વીગેરે... જે સંભારે તે સરવ ભક્તોને મારા સંભારી નારાયણ કેસો.

સ્વામીશ્રી કૃષ્ણચરણદાસજીને મારા વતી સાષ્ટાંગ દંડવત્ કરી દરશન કરસો.

બીજું તેમનો સમાગમ કરવા જેવો છે. અત્રેના હરીભક્તો તેમને બહુ સંભારે છે. બીજું સ્વામી જાગા ભગતનો સમાગમ કરવા વીચાર હોય તો ઉતાસની (હુતાશની) ઉપર આવજો. હું પણ જનાર છું. અત્રેના... હરીજનો

પણ જસે. જુનાગઢમાં કોઠારી જીભાઈને સદ્‌બુધી છે. તેથી દેસકાળ સારા છે. અત્રે જીભાઈ આવી ગયા છે. મારે સાથે ઘણું હેત રાખે છે. ખરચ તો ગાડીભાડાનું થાય, પણ ક્રોડ રૂપીયા ખરચતા એવા પુરુષ પછી મળવાના નથી. હાથ ઘસવા પડસે, જે નહીં સમઝે તેને.

બીજું, આ કાગળ સાથે કીર્તન લખી મોકલ્યાં છે તેમાં જુનાગઢના માહાતમનું છે તે મોતીભાઈ ત. છોટાભાઈને તરત કંઠે કરાવસો. બીજાના રાગ કૃષ્ણજી મા'રાજ આવસે એટલે સીખવસે ! એ જ, અત્રે કાનજી નથુ, ત. કાનજી કરસનજી ત. કૃષ્ણજી મહારાજ ત. હરીજીવન માહારાજ ત. હીમરાજ મોરાર, કાનજી વગેરે ત. સાધુ વીષ્ણુપ્રીયદાસના નારાયણ વાંચસો.

બીજું કાગળ તો જરૂર લખસો. મોતીભાઈ, મુળજીભાઈ નાના, જેઠાભાઈ વીગેરેને નારાયણ કેસો. રા.રા. ઝવેરભાઈ નાથાભાઈને તાં મોતીભાઈ વીગેરે કોઈ જાય તો નારાયણ કેસો... કૃષ્ણજી મહારાજ અહીંથી નીકળસે તારે લખીશું. આસરે સાત-આઠ દાડા સોરા તમારે તાં આવસે.

એજ. લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના નારાયણ...

જૂનાગઢના મહિમાનાં કીર્તનો સ્વામીશ્રી જાતે દાખડો કરી લખી મોકલતા હોય, દૂર રહ્યા રહ્યા ગુજરાતના હરિભક્તોને ગુણાતીતાનંદ સ્વામીના મળેલા મુક્તોનો સમાગમ કરવા ભલામણ અને આગ્રહ કરતા હોય તો રાજકોટમાં રહીને તો એમણે કેટલી પ્રવૃત્તિ ચલાવી હશે ?

કરુણાભીની વત્સલ છબિ

રાજકોટમાં સ્વામીશ્રી પધાર્યાને હજુ છ માસ માંડ વીત્યા હતા ત્યાં તો વિરોધની આંધીનો અણસાર આવવા માંડ્યો...

આવા દેશકાળમાં સ્વામીશ્રી પોતાની ચિંતા કરવાને બદલે ભૂંડા દેશકાળમાં ફસાયેલા હરિભક્તોની ચિંતા વ્યક્ત કરે છે. પોતાના અભ્યાસની વાત રજૂ કરી ભગતજીને દર્શન-સમાગમનું સુખ આપવા વિનવે છે. આ પત્રમાં એમની કરુણાભીની વત્સલ છબિ વિલસી રહી છે. સ્વામીશ્રી લખે છે :

વિ.સં. ૧૯૫૩ વૈશાખ સુદ ૯, મંગળવાર તા.૧૧-૫-૧૮૯૭.

સ્વસ્તિશ્રી મહુવાબંદર મહાશુભસ્થાને પરમ પુજ્ય, પરમ દયાળુ, પરમ એકાંતીક ધર્મધારક, શરણાગતજન-ભવભયભંજન, નિજાશ્રિતજન-કામાદિક-

દોષ-દમન, પરમ ભગવદી શ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક ભગતરાજ પ્રાગજીભાઈ ગોવીંદભાઈની સેવામાં રાજકોટથી લી. સાધુ યજ્ઞપુરુષદાસના સાષ્ટાંગ દંડવત્ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વીશેષ લખવાની વીનંતી કે શ્રીજી મહારાજ ત. આપની કૃપાદૃષ્ટિથી અત્રે દેશકાળ સારા છે. બીજું, હાલ આપના તરફના સમાચાર નથી તે કૃપા કરી પત્ર લખાવસો જેથી દરશન તુલ્ય લાભ થસે.

બીજું, ભણવાનું અહીં સારૂં ચાલે છે. સૂત્રભાષ્ય, ગોપાલાનંદ સ્વામીનું પુરૂં થયું છે. હાલ ન્યાયનો અભ્યાસ ચાલે છે. અહીંના હરીભક્તોના આગ્રહથી સૂત્રભાષ્યની કથા અત્રે કરવા માંડી છે. તેથી લોકો ઘણા ખુશી થયા છે.

બીજું મારે આપના સમાગમની તાણ ઘણી રહ્યા કરે છે તે પુરી કરશો. આપ ગુજરાત તરફ પધારવાના હોય તો ખબર આપશો. અગર આચાર્યજી મહારાજની આજ્ઞા લઈ, કે જુનાગઢ થઈ ફરતા વરતાલે આવશો. માટે જુનાગઢ આપ પધારો તો ઘણું સારૂં છે. જુનાગઢમાં સ્વામી જાગાભગત આપને ઘણું સંભારે છે, ને આપને મલવાને ઇચ્છે છે.

બીજું કોઠારી જીભાઈ પણ આપનો સમાગમ ઇચ્છે છે. બીજું અત્રેના હરિભક્તો વીપ્ર કરસનજી મહારાજ ત. હરજીવન મહારાજ મેવાસે રહેતા'તા તે ઉને ઠાકોરજીની સેવા કરી જુનાગઢ આવ્યા'તા તમોને મલ્યા'તા, સ્વામીની નિષ્ઠા આપે કરાવી'તી તે. ત. વરતાલે પુરુષોત્તમ ચરિત્રની કથા કરતા હતા ને આપે તેને વાતો કરી મંત્ર મુક્યો'તો તે રામજી ભટ્ટ ત. કાનજી ભીમજી ત. મોરાર મંગળજી વીગેરે આપને બહુ સંભારે છે ને આપને સાષ્ટાંગ દંડવત્ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ કહ્યા છે.

બીજું, જુનાગઢના સ્વામી ધર્મસ્વરૂપદાસજી, સ્વામીના હેતવાળા છે. તેમણે સ્વામી છતાં (સ્વામીની હયાતીમાં) આપનો સમાગમ કરેલો છે. તે બહુ સંભારે છે ને આપને ઘણાં કરી નારાયણ કહ્યાં છે.

બીજું, પુરુષોત્તમ (કડિયો) ગોંડળનો, અત્રે આવેલ છે તે ગામમાં કામકાજ કરે છે ને અત્રે પંદર દીવસ રહે છે. તેને બીચારાને દેશકાળ ઘણાં વીસમ છે. તેના બાપે તેને કાઢી મુક્યો છે. શરીરે અશક્ત છે માટે કામકાજ પણ થતું નથી. માટે રોટલા ખાધાની પંચાત છે. અહીં મેં સત્સંગી કડીયાને

તેની ભલામણ કરી છે તે કામ પર તેડી જાય છે પણ કામ બનતું નથી. માટે બીચારા ઉપર દયા કરી તેને સુખે અન્નવસ્ત્ર મળે તેમ દયાદૃષ્ટિ કરી ને સુખિયા કરશો. બીજુ, હરજીવન મહારાજના પુત્ર જાદવજીભાઈ બહુ સારા છે ને આપ રાજકોટ પધાર્યા ત્યારે દંડવત્ કરી ચોક વચ્ચે મલ્યા'તા. વળી, સવારે આપ આવ્યા જાણી ઘોડા પર બેસી બે-ત્રણ ગાઉ શોધવા નીકળ્યા'તા. વલી જાગા ભગતને વિશે અસાધારણ હેત છે. તેમને જુનાગઢના રાજમાં રૂ. ૫૦)નો પગાર ને હોદ્દો જબરો છે, પણ જુનાગઢના નાગર સત્સંગના દ્વેષી છે તે સંપીને તેને રાજમાંથી કાઢવા માટે ઘણી ખટપટ કરીને તેનો કેસ ચલાવે છે. તો તેમના તરફથી આપને વીનંતી કે આપ તો ઘણા દયાળુ છો માટે કોઈ જાતનું તેમને વીઘન ન આવે તેમ શ્રીજી મહારાજને કહી, તેમની રક્ષા કરશો. એજ, બીજું અત્રેના તમામ હરીભક્તોને મનમાં એમ છે કે ભગતજી અત્રે પધારે તો ઘણું સારૂ. સમાગમ થાય.

બીજું અમદાવાદ ત. વરતાલે ભગતજી આવે તો સર્વ હરીભક્તોને આવવા વીચાર છે માટે દયા કરી આ તરફ પધારશો. અત્રે ભણનારા(ભણાવનારા) શાસ્ત્રીને મારી ઉપર હેત ઘણું છે. ને ઘણું ભણા (ભણાવવા) ઉપર તાન છે. વળી, મહારાજ વરતાલેથી લખે છે કે સારી રીતે ભણજો, પુસ્તક પાનું મંગાવજો. એવી રીતે યોગ સારો છે. પરંતુ મારે શરીરે હાલ સારૂં રહેતું નથી. અશક્તિ ઘણી રહે છે. વળી વિસ્મૃતી પણ રહે છે, કંઠે કરૂં ને વિસરી જવાય. માટે આપ કૃપા કરો કે નિર્વિઘ્ન ભણવામાં હરકત ન આવે. અભ્યાસ સારો થાય.

બીજું વરતાલેથી ભણનાર સાધુ મારી પાસે મહારાજે મોકલ્યો છે. તેનું નામ વીષ્ણુપ્રિયદાસ, તેને પણ આપના સમાગમની ઇચ્છા છે. ત. અચિંત્યાનંદ બ્રહ્મચારીના શિષ્ય કવિ જગદીશાનંદ અત્રે ભણે છે, ને ગોપીનાથદાસજીના શિષ્ય અત્રે મારી પાસે ભણે છે. એક મારી પાસે સાધુ વસોનો છે. આ આદીક સર્વને આપના સમાગમની તાણ છે. વળી એ સૌના ઘણાં કરી સાષ્ટાંગ દંડવત્ વાંચશો.

બીજું, આપનો હાલ સમાગમ નહીં, તેમજ વિજ્ઞાનદાસજી પણ દેહ મુકી ગયા. માટે આપ કૃપા કરીને હમો સત્સંગી રહીયે તેવો યોગ આપશો. બીજું કાગળ લખી જરૂર આપના સમાચાર લખાવશો. ને હિતોપદેશ કરશો. બીજું

ઉપર લખેલા સાધુ હરીભક્તોને સંભારી નારાયણ લખાવશો. મીતી વૈશાક શુ. ૯ ને મગળવાર.

બીજું શામજીભાઈ વીગેરેને નારાયણ કે'શો ને આ કાગળનો જવાબ જરૂર લખાવશો, તેથી મળ્યા તુલ્ય આનંદ થશે. એજ...

તા.ક. : શામજીભાઈ, ત. ફુલચંદભાઈ, ત. નારાયણ વીગેરે સર્વને હમારા નારાયણ કેશો. ભરૂચના ગણપતરામનો હાલ કાગળ પત્ર છે કે નહીં તે લખસો. પરમ ભગવદી સત્સંગી શિરોમણી શામજીભાઈને માલમ થાય આ દેશના હરીભક્તો સ્વામીના હેતવાળા તમોને પણ ઘણું સંભારે છે. માટે ભગતજીને લઈ એકવાર આ તરફ આવસો.

બીજું આપને વીનંતી કે આ કાગળ ભગતજીને વંચાવી તેનો જવાબ જરૂર લખશો. હમારે તો કાગળનો જ આધાર ને તે ન લખો ત્યારે અંતરે સુખ કેમ રહે ? એ જ જરૂર કાગળ લખશો. બીજું શામજીભાઈને માલમ થાય જે જુનાગઢમાં જાગા ભગત પણ આપને ઘણું સંભારે છે. બીજુ આ કાગળનો જવાબ તો જરૂર આપ લખશો.

'યજ્ઞપુરુષદાસ ફરી રાજકોટ આવશે નહીં !'

આવા આગ્રહપૂર્વકના - ભક્તિસભર પત્ર પછી પણ ભગતજી તરફથી કોઈ જ સમાચાર ન આવ્યા. ઉપાધિનું જોર વધતું જતું હતું, છતાં એક પણ હરફ પોતા ઉપર વીતી રહેલી વીટંબણાઓ કે વિપત્તિ સંબંધી લખવો નહીં, એ કેવું સાગર સમું વિશાળ હૈયું કહેવાય ! દુઃખ કે લાચારી તેમની આખી જિંદગીના શબ્દકોશની બહારના શબ્દો હતા. હા, એક ગુરુવિયોગે તેમનું ચિત્ત વિહ્વળ બની જતું. ઉપરોક્ત પત્ર પછી તરત જ પંદરેક દિવસે ફરી પત્ર લખી તેમણે ભગતજીને જણાવ્યું :-

વિ. સં. ૧૯૫૩ વૈશાખ સુદ ૧૦, મંગળવાર. તા. ૨૫-૫-૧૮૯૭

વીશેષ વીનંતી કે આપના સમાગમની ત. દરશનની અખંડ મનમાં ઈચ્છા વરત્યા કરે છે તે પુરી કરસો... હમોને આપનો મેળાપ ન થાય તેનું દુઃખ હોય. પણ આપ દયાળુ છો માટે કૃપાપત્ર લખાવી મોકલી હમોને શાંતી કરશો. જરૂર આપના સમાચાર ત. શરીરની પ્રકૃતી શી રીતે છે તે લખાવશો... આપનો પત્ર આવવાથી મળ્યા તુલ્ય લાભ થશે... અત્રેથી ભણનારા સાધુના પણ નારાયણ વાચશો.'

ભગતજીની પ્રતીક્ષામાં, સંસ્કૃતના અભ્યાસમાં, યુવાનોને સત્સંગની દૃઢતા કરાવવામાં અને વિરોધીઓના વિરોધને લેશ પણ ગણકારવાના પ્રયાસ વિના દિવસો પસાર થતા હતા.

પરંતુ, વૈશાખના અંતિમ દિવસોમાં વિઘ્ન સંતોષીઓએ ભારે ઉપાડો લીધો. બાલમુકુંદ સ્વામીએ સ્વામીશ્રીનો ઉઘાડો પક્ષ લીધો હતો તો પણ તેજોદ્વેષીઓની આંખો ઊઘડી નહીં. કેટલાકે તો સ્વામીશ્રીની વિરુદ્ધમાં સહી ઉઘરાવવાની ઝુંબેશ શરૂ કરી. જેમાં મોટામોટા હરિભક્તો પણ જાણે-અજાણે ભળી ગયા. અને આખરે એ દિવસ આવ્યો કે સ્વામીશ્રીને રાજકોટ છોડી, અભ્યાસનો ત્યાગ કરી, જૂનાગઢ ચાલ્યા જવાની ફરજ પડી.

સ્વામીશ્રી રાજકોટથી નીકળી જૂનાગઢ ગયા છે એ ખબર મળતાં જ મહારાજશ્રી ખૂબ ઉદાસ થઈ ગયા. તેમણે એક તાકીદનો પત્ર જૂનાગઢ સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીને લખી મોકલ્યો. તેમાં જણાવ્યું,

'મારી આજ્ઞાથી યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી રાજકોટમાં ભણે છે. તેમના તરફથી કંઈ ઉપાધી જેવું જણાતું હોય તો મને ખબર આપવી જોઈએ. પરંતુ આ પ્રમાણે તેમને ભણવાનું બંધ કરી જૂનાગઢ મોકલી દિધા. તેમાં મારી આજ્ઞાની અવજ્ઞા છે. આ પત્ર મળે કે તરત જ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને જૂનાગઢથી રાજકોટ બોલાવી લેશો ને તેમને ભણવાની તમામ સગવડ અપાવશો.'

બાલમુકુંદ સ્વામીએ તત્કાળ આ આજ્ઞા માન્ય કરી અને સ્વામીશ્રીને આ પત્ર બતાવ્યો. સ્વામીશ્રી તો ફરી વિરોધ થવાની શક્યતા જાણતા હોવા છતાં ફરીથી રાજકોટ આવીને અભ્યાસ કરવા લાગ્યા.

●

અહીં એક દિવસ તેમને સમાચાર મળ્યા કે જૂનાગઢમાં મુક્તરાજ જાગા સ્વામીનું વર્ણ-આશ્રમની આડશે અપમાન કરવામાં આવ્યું છે. અને તેમની પાસે જવાની સંતો-હરિભક્તોની બંધી ફરમાવવામાં કોઠારી જીભાઈ દ્વેષી સાધુઓનો હાથો બની ગયા છે ! તેઓ તત્કાળ જૂનાગઢ પહોંચ્યા. આખી રાત જાગા સ્વામીના મહિમાની વાતો કરી જીભાઈની ગ્રંથિઓ ગાળી દીધી. જાગા સ્વામીની બંધી થોડા જ કલાકોમાં તોડી નાખી. આમ એક ઓર મુક્તરાજની કૃપાનાં અધિકારી બની ગયા. એ પ્રસંગના સાક્ષી નિર્ગુણસ્વામી જાગાસ્વામીની એ મૂર્તિને ઇદં જોતાં હોય તેમ એ પ્રસંગ નિરૂપતાં તા. ૨-૧-૧૯૧૬ના કુબેરભાઈને લખી

જણાવે છે :

'(તે વખતે) શું જાગાભક્તની મંદ મંદ હસતી મૂર્તિનો દેખાવ ! તે એ મૂર્તિનાં દર્શન કર્યાં હોય તે જાણે.

કોઠારી જીભાઈ ૧૯૩૯ની સાલમા સુરતમા વિજ્ઞાનાનંદસ્વામીની મોનતાઈમાં કોઠારી હતા ત્યારે ભેગા રહેલા. તે વખતે જ્ઞાનગોષ્ઠિ કરેલી ને જીભાઈને ભગતજી મહારાજનો ગુણ ઘાલેલો પણ દેશકાળે કરી અધિકારથી બીજાના કહેવાથી મતિ ફરેલી.

કોઠારી જીભાઈને વશ કરી પ્રબંધ તોડાવી ઊલટા શિષ્ય બનાવનાર શાસ્ત્રી મહારાજ હતા. ને ઓરડામાં પણ હરિજન ત્યાગી મંડળ જાયે, કથાવાર્તાનો લાભ લે, ભગતજી મહારાજના ઉતારામાં પણ વાતો થાય તે રંગડાની રેલ વાળનાર શાસ્ત્રી મહારાજ હતા.

(જાગા સ્વામીનો) મારે પણ છ સાત મહિના લાગટ જૂનાગઢમાં યોગ થયો હતો. આવા દેશકાળ કોઈ દિવસ જોયા ન હતા. ગુણાતીતજ્ઞાનનું જરા પણ ઘસાતું કોઈથી બોલાય નહિ. આ બધું મારું નજરે જોયેલું છે. તે વર્ણન થઈ શકે તેમ નથી. નજરે જોનારા મારા જેવો જાણે. આવા વિકટ દેશકાળમાં કોઈને ન ગણતાં અપમાન વેઠી રાજીપો મેળવ્યો તેનું ફળ ઉદય થયું, તેનો લાભ આપણને મળ્યો છે.

હવે તો ભણવું, જાગાભગત જેવા સંતનો સમાગમ કરવો અને અક્ષર પુરુષોત્તમની ઉપાસનાના પ્રવર્તનની ધીમી પણ નક્કર પ્રવૃત્તિ કર્યા કરવી આ સ્વામીશ્રીના દિવસભરની મુખ્ય પ્રવૃત્તિ હતી.

જાગા સ્વામીનાં દર્શને જવું ને સત્સંગ પ્રવર્તનની પ્રવૃત્તિ શ્રીજીના સિદ્ધાંત પ્રમાણે કરવી એ અધિકૃત વ્યક્તિઓને પસંદ ન પડતું. પરંતુ ગુરુભક્તિ અને સ્વરૂપનિષ્ઠામાં સ્વામીશ્રીનો રંગ ઘણીવાર 'પક્ષ'ની ભાવના સર્જી દેતો.

જૂનાગઢમાં સત્સંગિજીવનની પારાયણ

'બંધી તોડી'ને સ્વામીશ્રી હજુ રાજકોટ પહોંચ્યા પછી થોડા જ દિવસોમાં પત્ર આવ્યો, 'જૂનાગઢમાં સત્સંગિજીવનની પારાયણ છે તેમાં કથા માટે આવવું...' સ્વામીશ્રી જૂનાગઢ પહોંચ્યા. શિવલાલ શેઠના વંશજ હરિલાલ શેઠના યજમાન પદે પારાયણ હતી અને પુરાણી હરિદાસજી, ગોપીનાથદાસજી, શાંતાનંદ બ્રહ્મચારી અને

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી વક્તા પદે વિરાજી કથાલાભ આપતા હતા. સ્વામીશ્રીની અનુપમ કથાશૈલીથી શેઠે તેમનું પ્રથમ પૂજન કરવા ઇચ્છા દર્શાવી !

ત્યારે એક સાધુ ઘનશ્યામદાસે એકદમ જ કહ્યું, 'આજે તો જેણે દરજી (પ્રાગજી ભગત) અને મોચી(જાગા ભગત)ને ગુરુ કર્યા છે તે આ સભામાં મોટા થયા છે. એવો વિપરીત કાળ આવ્યો છે.'

આ સાંભળતાં જ સ્વામીશ્રીએ વ્યાસપીઠ પર બેઠાં બેઠાં જ સિંહગર્જના કરી, 'શું ગુરુ થવાનો અધિકાર કાંઈ ભગવાંધારીઓએ જ રાખ્યો છે ? મહારાજે કહ્યું છે, જ્યાં સુધી વર્ણનું ને આશ્રમનું માન છે, ત્યાં સુધી સાધુપણું આવતું જ નથી. ભગતજી અને જાગા સ્વામી જેવા સ્વામીના કૃપાપાત્ર ભક્તોમાં આવો ભાવ લાવી કુત્સિત શબ્દો બોલો છો તે મહારાજ સહન નહીં કરે.'

સ્વામીશ્રીના આ પડકારથી તે સાધુ દબાઈ ગયા પણ પછી તો શેઠ અને બાલમુકુંદ સ્વામી જેવા વડીલ સંતો-ભક્તોએ પણ તેમને ઘણો ઠપકો આપ્યો.

સ્વામીશ્રીનાં નેત્રોમાંથી ત્યારે ત્યારે હંમેશાં પુણ્યપ્રકોપ ઝરી પડતો, જ્યારે જ્યારે નિર્મળ, બ્રહ્મરૂપ સંતોનું જ્ઞાન અને સ્થિતિ જોવાને બદલે કોઈ જ્ઞાતિ-જાતિના માપદંડથી તેમને માપવા લાગતા !

સ્વામીશ્રીએ ક્રમ પ્રમાણે જ પૂજન કરાવ્યું. સૌને ફરી એમની નિષ્ઠા અને નમ્રતાનાં દર્શન થઈ ગયાં.

ભગતજીના સન્માનનું પ્રથમ સોપાન !

રાજકોટ આવીને તેમણે જીવણરામ શાસ્ત્રી પાસે બ્રહ્મસૂત્રનું શાંકરભાષ્ય ભણી લીધું. પછી એ જ શાંકર વેદાંતી પંડિત પાસે રામાનુજ વેદાંત ભણવાનો પ્રારંભ કર્યો.

હવે એક મહત્ત્વની ગુરુભક્તિ અદા કરવાનું સ્વામીશ્રીનું સ્વપ્ન સાકાર થવાનું બાકી હતું. રાજકોટમાં ભણવાનું ગોઠવાયું હોય, જાગા સ્વામી જેવા જૂનાગઢી સંતોનો યોગ રહ્યો હોય, જીભાઈ કોઠારી જેવા અધિકારીને સત્યને પક્ષે ચડાવી દીધા હોય, આ બધા પાછળનો શ્રીહરિનો સંકેત અને સ્વામીશ્રીની યોજના કઈ હોઈ શકે ? ગુરુહરિ ભગતજી મહારાજનું જે જૂનાગઢમાં ઝેર આપીને અપમાન કરાયું હતું ત્યાં જ ધામધૂમથી સન્માન થાય !

સોરઠ તરફ પધાર્યા પછી સ્વામીશ્રીને પણ ગુરુદર્શનનો સુયોગ નહોતો

સાંપડ્યો. હા, જાગાસ્વામીને રાજકોટ બોલાવી કથાલાભ લીધો ને લેવડાવ્યો હતો પણ ભગતજી જૂનાગઢ પધારે તો દિગ્વિજય થઈ જાય... એ સ્વપ્નને મૂર્તિમાન કરવા તેમણે બીડું ઝડપી લીધું... આ પત્રમાં તેમનું કથાનું અંગ, ગુરુભક્તિનો તલસાટ, ત્યાગી હોવાની પરાધીનતા અને છતાં હરિભક્તોનો સહકાર લેવાની વિલક્ષણતા સહેજે દેખાય છે. સ્વામીશ્રી રાજકોટથી લખાવે છે :

વિ. સં. ૧૯૫૩, શ્રાવણ સુદ ૬, તા. ૪-૭-૧૮૯૭.

સ્વસ્તીશ્રી ગામ નડીયાદ મહાશુભસ્થાને, પરમ ભગવદીય, સાધુસેવા પરાયણ, સ્વધર્મ નિષ્ટ, પરમ એકાંતિક, બ્રહ્મવેત્તા સદ્‌ગુરુને વિશે દઢ પ્રીતિવાન, પરોપકાર પરાયણ, સત્યાસત્ય વિવેકવાન, પરમ બુદ્ધિમાન, સદા શુભકામ લાએક, શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક એ આદી અનેક ઉપમા બીરાજમાન રા.રા. ઝવેરીલાલભાઈ હુલાસરામભાઈ પ્રત્યે રાજકોટથી લી. આપનો પરમ સ્નેહી સાધુ યજ્ઞપુરુષદાસજીના ઘણું કરીને જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે અત્રે શ્રીજી મહારાજ તથા તેમના એકાંતીક સંતની પરમકૃપાથી મારે સર્વ પ્રકારે સારું છે. બીજું હાલમાં આપના તરફથી કોઈ સમાચારનો પત્ર નથી તે લખશો.

બીજું સદ્‌ગુરુ સ્વામી જાગા ભગત ગઈ એકાદશીએ જુનાગઢ ગયા છે તેમણે કહ્યું છે કે જ્યારે કાગળ લખો ત્યારે ઝવેરીલાલભાઈને નારાયણ લખવા. બીજું પંદર દીવસ અહીં રોકાયા તેમાં મારી ઉપર ઘણો જ સ્નેહ ને પોતાનો ગણીને ઘણું જ સુખ આપ્યું છે. અને પંદર દીવસમાં ઘણી જ વાતો કરી છે ને તે વાતુ તો આપ ભેગા થશો ત્યારે મને સ્મૃતી રહેશે તેટલી કહીશ. તેમાં વારે વારે સિદ્ધાંતમાં આટલી વાત આવતી કે મોટાને નિર્દોષ જાણવા, અને માયિકભાવ ટાળવો ને સર્વ પ્રકારે જોડાવું તો મોટાના ગુણ તમામ આવે અને મોટાની સાથે કોઈ દિવસ અંતરાય રહે તો મોટાના ગુણ ન આવે - ને અંતરમાં સુખ પણ ન વરતે. માટે દઢ વિશ્વાસે મન, કર્મ, વચને જોડાવું તો કોઈ વાંધો ન રહે.

બીજું (જાગાભગત કહેતા કે) પંચવિષય, દેહાભિમાન, પક્ષપાત તેણે કરીને જેવું જીવનું ભુંડું થાય છે, તેવું બીજાથી થાતું નથી. તેમાં પક્ષપાતે કરીને તો ગોપાળાનંદ સ્વામી જેવાનાં અવગુણ લીધા ને (ગુણાતીતાનંદ)

સ્વામીનો દ્રોહ કર્યો અને સ્વામીના શિષ્ય હતા તે જૂનાગઢ મુકીને ગઢડે રહેવા ગયા હતા. તે મંદિરના પક્ષે કરીને સ્વામીનો દ્રોહ કર્યો ને જીવનું ભુંડું કર્યું, માટે ભગવાન અને તેમના એકાંતીક સદ્‌ગુરુ વિના બીજાને વિષે જે હેત રહે છે અને પક્ષ બંધાય છે, તેણે કરીને આ લોકમાં જીવે ત્યાં સુધી શાંતી રહેતી નથી. મોટા એકાંતીકને વિષે પણ ઓછો ભાવ થઈ જાય. વળી મહારાજે વચનામૃતમાં લખ્યું છે કે ભગવાન તથા ભગવાનના ભક્ત વીના બીજે હેત રહી જાય એવું કોઈ પાપ નથી. માટે કોટિ કલ્પે પણ ન મળે એવા શ્રીજી મહારાજ તથા તેમના એકાંતીક (સંત) મલ્યા તેમને મન, કર્મ, વચને રાજી કરવા. ને એમના વચનમાં દ્દઢ વિશ્વાસ રાખવો જેથી આ લોક તથા પરલોક સુધરી જાય.

જગતમાં મનને ધાર્યે તો લોકો વ્રત, દાન, તપ આદીક કરે છે તેણે કરીને અંતરમાં શાંતિ રહેતી નથી અને મોક્ષ પણ થાતો નથી અને મોટા એકાંતીકને હાથ જોડે ને કહે જે હું તમારો છું તો કોટી કલ્પનાં પાપ બળી જાય અને આ ને આ દેહે અક્ષરધામમાં મુકી દીયે. માટે મોટા સંત મલ્યા તેને સાધનનો અંત આવ્યો છે, કેવલ તેમનો રાજીપો મેળવવા સારુ તેમની મરજી પ્રમાણે કરવું ને અનુવૃત્તિ પાળવી એ સૌથી મોટું સાધન છે. વળી વારે વારે (જાગા ભગત) એમ વાતમાં લાવતા કે મોટાપુરુષોનો એવો સ્વભાવ છે કે જેને પોતાનો સંબંધ થયો છે તે ઉપર દ્દષ્ટિ છે ને સ્વભાવ સામુ જુવે તો કોટી કલ્પે જીવનું કલ્યાણ ન થાય. માટે મોટા એકાંતિક મલ્યા ને મનાણા તેના જેવો કોઈ ભાગ્યવાન આ પૃથ્વીમાં નથી. એ વિષે ઘણી જ વાતો મહિમાની કરતા.

બીજું આચાર્યજી મહારાજ અત્રે પધાર્યા છે ને મારી ઉપર ઘણા ખુશી છે. વરતાલથી આવ્યા ત્યારે એવો ઠરાવ કરી આવ્યા હતા કે નડીયાદ યજ્ઞપુરુષદાસજીને એક મહીનો મોકલવા. પરંતુ અહીં મારે શ્રીભાષ્ય ભણવાનું ચાલે છે તથા શાસ્ત્રીજીને મને ભણાવવાનો બહુ આગ્રહ છે તથા મારે પણ હાલ નડીયાદ આવવાની ખુશી નથી તેથી એમનો ઠરાવ બંધ પડ્યો છે, ને રામનોમ સુધી મારે અહીં રહી શ્રીભાષ્ય પુરું કરવાની આજ્ઞા કરી છે.

બીજું ભગતજીને (જૂનાગઢ) બોલાવવા વીષેનો વિચાર એમના (મહારાજશ્રીના) અંતરમાં હશે પણ બાહેર નીકળ્યું નથી. એમ મેં પણ તે વિષે વાત ઉચ્ચારી નથી. પણ મહારાજશ્રીનો ભગતજી તથા જાગાભક્ત ઉપર ઘણો

સદ્‌ભાવ જણાય છે. તેથી એમ જણાય છે કે તેડાવવાનો જો આગ્રહ કરીએ તો બોલાવે ખરા.

બીજું આ વખતે તમારે કોઈ સાથ ન મલે તેથી અહીં (જાગાભગત રાજકોટ આવ્યા) અવાણું નહિ તે શ્રીજી મહારાજની મરજી. કારણ કે તે વખતે તમે જો આવી ગયા હોત તો ફરીથી જુનાગઢ ભગતજી આવે તો અવાત નહિ. માટે જે શ્રીજી મહારાજ કરતા હોય તે સારૂં હોય. અમને તો અહીં ભારે સુખનો યોગ આપેલો. તેથી અહીં ઝવેરીલાલભાઈ આવે તો બહુ સારૂં. તેથી અતિ આગ્રહથી મેં તમને તેડાવવાનો છેલ્લો કાગળ લખ્યો હતો. કોઠારી જીભાઈએ પણ કીધું હતું કે ગુજરાતથી ઝવેરીલાલભાઈ વગેરે હરીભક્તો આવે તો જાગાભગતને વધારે રોકવા હોય તો રોકજો. તેથી અમને અહીંના હરિભક્તોનો એટલો લોભ રહેતો કે, આપ આવો તો જાગાભગતને વધારે રહેવાનું થાય તો શેરડી ભેગી એરડી પણ પાણી પીવે. માટે આગ્રહનો કાગળ લખ્યો હતો.

બીજું આ વખતે આપ ત્થા ઝવેરભાઈ (જેસીંગ) તથા કાળીદાસ કડીઆ વગેરે હરીભક્તોએ જુનાગઢ આવવાનો અવકાશ હોય તો હું ભગતજીને જુનાગઢ આવવાને બનતી મહેનત કરૂં. કારણ કે ભગતજી જુનાગઢ પધારે ને તમારા જેવા પાંચ-પચીસ હરીભક્ત ભેગા હોય તો સારૂં. વળી, મહારાજશ્રીને પણ મારે કહેવા ફાવે કે નડીયાદ, વસો, ચાણસદ વગેરેના હરીભક્તોને ભેગું થવાનો ઘણો આગ્રહ છે માટે જુનાગઢ બોલાવો તો ઘણું સારૂં. માટે આ કાગળ વાંચીને તમો તથા ઝવેરભાઈ ભેગા થઈને મારી ઉપર કાગળ લખશો. ત્યાર પછી હું ભગતજીને બોલાવવા વીષેની વાત ઉચ્ચારીશ. માટે જેવો આપનો વીચાર હોય તેવો કાગળ લખશો.

બીજું (ભગતજી) પો'ર (ગયા વર્ષે) ગઢપુર પધાર્યા હતા તેને બાર માસ થઈ ગયા છે માટે જુનાગઢ આવે તો ઘણું સારૂં એમ અમને અખંડ રહ્યા કરે છે. વળી અહીંઆના પણ હરીભક્તોને ઘણો આગ્રહ છે પણ તે લોકોને ઉઘાડા ઊઠી મહારાજને કે'વાની મેં ના પાડી છે. કારણ કે હું અહીં રહ્યો, ને એ કહે તો મારા ઉપર નિમીત્ત આવે (કે શાસ્ત્રીના કહેવાથી હરિભક્તો આગ્રહ કરે છે !) માટે આ ફેરે જુનાગઢમાં ભગતજીને બોલાવવા તેમાં તમો ગુજરાતના હરિભક્તો દ્વાર છો. તેથી અમારા જેવા ગરીબ ને પરાધીન

કેટલાંક ત્યાગીઓને પણ સમાગમ દરશન થાય. માટે આપ ઉત્સાહ ભરેલો કાગળ લખશો એવી અમને આશા છે.

બીજું આ વખતે તમારી સાથે બીજા કોઈ હરીભક્ત ન આવ્યા પણ ભગતજી પધારશે ત્યારે તો ઘણા ખરા માણસો તમારી સાથે આવશે. માટે આપ આવવા વીષે કાગળ લખશો. પછી મારી બનતી મહેનત કરીશ. પછી જેમ શ્રીજી મહારાજની મરજી તેમ થાશે.

બીજું જુનાગઢમાં ભગતજીને બોલાવવામાં હાલ દેશકાળ બહુ સારા છે. કારણ કે હાલ જે અધિકારી જીભાઈ તેને સર્વે પ્રકારે ભગતજી ઉપર સદ્ભાવ છે ને જુનાગઢમાં તેનું ચલણ છે. વળી સદ્ગુરુ યોગેશ્વરદાસજી ત્થા બાળમુકુંદદાસજી પણ છે. વળી કૃષ્ણચરણદાસજી તથા સાધુ ધર્મસ્વરૂપદાસજી ત્થા અક્ષરસ્વરૂપદાસજી વગેરે ઘણા હેતવાળા છે માટે જુનાગઢમાં દેશકાળ ઘણાં જ સારા છે માટે આપને કોઈ જાતની જુનાગઢ આવવાની કોઈ પ્રકારે ધાસ્તી રાખવી નહિ. આવી રીતે વસો પણ મેં કાગળ લખ્યો છે.

બીજું અહીંથી સ્વામી બાળમુકુંદદાસજી ત્થા સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા મોતીભગત વીગેરે ત્યાગી ત્થા કરસનભાઈ ત્થા હરજીવનભાઈ ત્થા કાનજીભાઈ ત્થા રામજીભાઈ ત્થા પરસોત્તમભાઈ તથા હેમરાજભાઈ ત્થા હેમતરામભાઈ ત્થા મોરારજીભાઈ ત્થા હરીશંકરભાઈ ત્થા જાદવજીભાઈ ત્થા અમૃતલાલભાઈ એ સર્વના જે સ્વામિનારાયણ વાંચજો. તમારે ત્યા ઝવેરભાઈ, લલુભાઈ, દાજીભાઈ, કાળીદાસભાઈ વગેરે સર્વેને નારાયણ કહેશો. મણીલાલ ત્થા મગનલાલે નારાયણ કહ્યા છે. ત્થા દાજીભાઈએ કહ્યા છે તે વાંચશો.

લી. આજ્ઞાથી દાસાનુદાસ સેવક મોરારજી મંગળજીના દંડવત્ સહીત જે શ્રી સ્વામિનારાયણ વાંચશો. મારી ઉપર કાગળ લખો તો સરનામું : મોરારજી મંગળજી, ઠેકાણું, દાણા મારકીટ પાસે, રાજકોટ એવી રીતે કરવું.

અને આ એક જ પત્રે ગુજરાતના હરિભક્તોમાં ચૈતન્યનો સંચાર થયો. ઝવેરીલાલે તો જવાબ લખી દીધો : 'જો ભગતજી જૂનાગઢ પધારે, તો રસોઈની સેવા મારી.'

આવા અનેક પત્રો સ્વામીશ્રી ઉપર આવવા લાગ્યા અને સ્વામીશ્રીએ આચાર્યશ્રીને વિનંતીપત્ર લખી મોકલ્યો.

'આ વખતે નડીયાદથી ઝવેરીલાલ આદી સત્સંગીઓની જૂનાગઢ જન્માષ્ટમીના સમૈયા ઉપર આવવાની ઇચ્છા છે. અને જો ભગતજીને આ સમૈયે તેડાવો તો ગુજરાતના હરિભક્તોને ઘણો જ ઉત્સાહ રહે. ને જૂનાગઢમાં પણ કથાવાર્તાનું સૌને સુખ આવે.'

હા, આ પત્રમાં એવો કોઈ અવિનયપૂર્વકનો દુરાગ્રહ તો નહોતો જ પણ ઉપરથી જણાય એવો આગ્રહ પણ નહોતો. પણ એમની કલમનો જાદુ એ હતો કે તેનાથી ગમે તેનું અંતઃકરણ ભેદાઈ જતું.

આ પત્રની ધારી અસર થઈ અને ઑગસ્ટ, ૧૮૯૭માં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે પોતાની મહોરછાપવાળો આમંત્રણપત્ર મહુવા લખ્યો : 'ભગતરાજ પ્રાગજીભાઈ ગોવિંદ, આ પત્ર મળતા તમો જૂનાગઢ જન્માષ્ટમીના સમૈયે જરૂર પધારશો અને શ્રાવણ વદ છઠના દિવસે જૂનાગઢ પહોંચશો.'

સ્વામીશ્રીને પણ તેઓશ્રીએ જણાવી દીધું. શ્રાવણ વદ છઠ અને ૧૮ ઑગસ્ટની તારીખ સ્વામીશ્રીના અંતરમાં ગુંજવા લાગી. ગામોગામ પત્ર લખી આ સમાચારનો વિદ્યુતવેગી પ્રચાર તેમણે શરૂ કર્યો. સાથે ભગતજી અને આચાર્યશ્રી એક જ ટ્રેનમાંથી જૂનાગઢ સ્ટેશને ઊતરે અને મહારાજશ્રીની સાથે તેમના જેવી જ બીજી બગીમાં ભગતજી પણ ભવ્ય સન્માન સાથે મંદિરે પધારે એવું આયોજન જીભાઈ કોઠારી અને સહયોગીઓના સહકારથી કરી દીધું !

જૂનાગઢમાં અપૂર્વ સન્માન !

અને આખરે એ દિવસ આવી ગયો....

આજથી બરાબર ૩૨ વર્ષ પહેલાં ભગતજીને જે સંસ્થામાંથી આચાર્યશ્રીના અમલને કારણે વિમુખ થઈને નીકળવું પડ્યું હતું તે જ સંસ્થામાં આચાર્યશ્રીની સાથે, આચાર્યશ્રી જેવું જ સન્માન થવાનું હતું. સ્વામીશ્રીના હૈયે તો ઉમંગની ભરતી ચડી હતી. આયોજન, દૂરંદેશિતા, સર્વસંમતિની કુશળતા અને હરિભક્તોને આમંત્રણ આપવાની તમામ કામગીરી એ બધી જવાબદારી તેમણે એકલે હાથે નિભાવી હતી.

ભગતજી જે ટ્રેનમાં બિરાજ્યા હતા તે જ ટ્રેનમાં મહારાજશ્રી પણ જેતલસર જંકશનથી ભેગા થઈ ગયા... તા. ૧૮-૮-૧૮૯૭નો એ દિવસ સંપ્રદાયના

ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઈ ગયો.

ટ્રેન જૂનાગઢ આવી પહોંચી. સ્વામીશ્રીએ બે બગીઓ તૈયાર રખાવી હતી. બંને મહાપુરુષો નિશ્ચિત સ્થાને બિરાજમાન થયા. બગીમાં બિરાજેલા ભગતજીનાં ગૌર, પુષ્ટ અને આકર્ષક મુખારવિંદવાળી મૂર્તિની અદ્‌ભુત શોભા સૌના આકર્ષણનું કેન્દ્ર હતી. કળાકૌશલ્યના નિધિ સમાન નાનકડા સ્વામીશ્રીની પ્રસંગયોજનામાં ગુરુભક્તિ અને કાર્યકુશળતાનો એવો ઓપ રહેતો કે સૌને આ સંતમાં વિરલ પ્રતિભા અનાયાસે પણ દર્શાઈ જતી.

આ સમૈયો એટલે ભગતજીનો અને તેમના 'કોડીલા લાલ' સ્વામીશ્રીનો અપૂર્વ દિગ્વિજય ! વર્ષો પછી ભગતજીને જૂનાગઢના આંગણે જોતાં જૂના સદ્‌ગુરુ સંતો પણ ભાવવિભોર થઈ ગયા. હરિભક્તોના મોં તો 'પ્રાગભા ! પ્રાગભા !' કહેતાં સૂકાતાં નહોતાં. દ્વેષીઓનાં મન ખાટાં હતાં, પણ હાથ હેઠા પડ્યા હતા. કોઈ કાંઈ જ કરી શકે તેમ ન હતું.

નિર્ગુણસ્વામીએ વર્ષો પછી તા. ૨-૧-૧૯૧૬ના ભાવનગરના કુબેરભાઈ ઉપર આ પ્રસંગ અદ્‌ભુત રીતે નિરૂપ્યો છે. તેમણે જણાવ્યું :

(આ સન્માનની વાત જાણે ને કદાચ ભેખધારીઓ વિઘ્ન નાખે તો ? આ વિચારથી..) શાસ્ત્રી મહારાજે મહારાજ પાસે (દ્વારા) જૂનાગઢ કોઠારી ઉપર પણ કાગળ લખાવ્યો જે 'પ્રાગજી ભગત મહુવાવાળા આવવાના છે તો કોઈ કાંઈ સભામાં અગર દહાડે કાંઈ ઉપાધિ ના કરે એવો બંદોબસ્ત રાખજો. તે કાગળ સભામાં વંચાવી બંદોબસ્ત રાખજો.' તે કાગળ સભામાં વંચાવી બંદોબસ્ત કર્યો. હવે ખૂબી એ થઈ કે જે દિવસે મહારાજ જૂનાગઢના સ્ટેશને ઊતરવાના તે દિવસે ભગતજી મહારાજ તે જ ગાડીએ ઊતર્યા ને ચરોતરના હરિભક્તો પણ તે જ ગાડીએ સાથે ઊતર્યા. મહારાજ માટે સામૈયું આવેલું તેમાં બે બે ઘોડાની સારી ગાડી ને બીજી એક ઘોડાની વિક્ટોરિયા સીગરામ નવાબ સરકારને ત્યાંથી પણ લાવ્યા હતા. સારામાં સારી ગાડીમાં વિહારીલાલજી મહારાજ બેઠા ને તેના જ જેવી ગાડીમાં ભગતજી મહારાજને બેસાડ્યા. સાથે ઝવેરીલાલ, વસોના અમીન પુરુષોત્તમદાસ તથા મહુવાવાળા નારાયણજી ફોજદાર એ ચાર બેઠા હતા. સૌ ધામધૂમથી મંદીરમાં પધાર્યા.

વિહારીલાલજી મહારાજને નવા ઉતારામાં મુકામ આપ્યો. જૂના ઉતારો આચાર્ય મહારાજને ઊતરવાનો તેમાં ભગતજી મહારાજને ઉતારો આપ્યો.

ખાટલો, ગોદડાં સૌ તૈયાર હતું. સભામાં ગાદી નાખી ભગતજીને મહારાજ બેસાડતા. ઘણું સન્માન કર્યું. ભગતજીએ પણ સ્વામી જાગા ભગતને બોલાવી જ્ઞાનગોષ્ઠીની ઘણી વાતો કરી ને કરાવી. આ બધું સંકલન શાસ્ત્રી મહારાજનું. ઝવેરીલાલભાઈએ જન્માષ્ટમીનાં પારણાંની રસોઈ મોતિયા લાડુની આપી. સંઘને રોકીને તેમને પણ જમાડ્યા. ત્યાગી માત્રને વસ્ત્ર પણ ઓઢાડ્યાં હતાં. ઘણો જ દીગ્વિજય થયો. સર્વોપરી સન્માન સાથે બન્ને સદ્‌ગુરુ પ્રાગજી ભક્ત અને જાગા ભક્ત ભેગા થઈ હરિજનોને ઘણી વાતો કરી. આનંદના સમુદ્રમાં મલ્યા.'

કથાવાર્તાની ઝડીઓ વરસવા લાગી, જૂનાં સંસ્મરણો અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના પ્રસંગોનો આખો ખજાનો ખુલી ગયો હતો. હરિભક્તો બ્રહ્માનંદમાં તરબોળ થઈ રહ્યા...

'અમૃતના સિંધુ ઊલટ્યા રે, રંગડાની વાળી છે રેલ,
પુરુષોત્તમ પ્રગટી રે....'

આ શબ્દો જૂનાગઢના નિવાસ દરમ્યાન દરેકને અનુભવાયા. સ્વામીશ્રી માટે ગુરુભક્તિનો આ અંતિમ અવસર હતો અને ભગતજીએ પણ હવે લીલા સંકેલી લેવાનો નિર્ધાર કરી લીધો હતો. એટલે જ તેઓ ઐશ્વર્ય અને કથાવાર્તાના ધોધ ઠાલવી રહ્યા હતા.

આખરે સમૈયો પૂરો થયો. ગોંડલ પધારી ભગતજીએ ગુણાતીતાનંદ સ્વામીના સમાધિસ્થાન 'અક્ષરદેરી'નાં દર્શન કર્યાં અને સમયની આરપાર જોતા હોય તેમ સહજભાવે બોલી ગયા, 'અહીં તો હજારો દીવાની આરતી ઊતરશે ને મોટું મંદિર થશે !'

સ્વામીશ્રી ગોંડલ સુધી વળાવવા આવ્યા હતા. હરિભક્તો પણ અનેક ઊમટ્યા હતા. ટ્રેન આવી અને ભગતજી બિરાજ્યા ત્યાં તો સૌ મોકળે મને રડી પડ્યા. હા, આ એમનાં અંતિમ દર્શન હતાં; એમ સૌને લાગ્યા કરતું હતું.... દાજીભાઈએ તો રડતાં રડતાં પૂછ્યું પણ ખરું : 'હવે ક્યારે ભેગા થવાશે ?' 'હવે તો ધામમાં ભેગા થવાશે.' ભગતજીએ કહ્યું હતું અને મહુવા પહોંચી એમણે ગંભીર બીમારી ગ્રહણ કરી....

વર્ણાશ્રમની જાળમાં બંધાયાનું દુઃખ !

સ્વામીશ્રી રાજકોટ પહોંચ્યા હતા. ભણવામાં મન લાગતું નહોતું. શામજી ભગતે

ભગતજીના સમાચાર મુંબઈ કોઠારી પ્રભુદાસને લખ્યા :

'આસો સુદી ૫, તા. ૦૧-૧૦-૧૮૯૭.

શ્રી મુંબાઈ મધે કોઠારી પ્રભુદાસ,

જત શ્રી મહુવેથી લી. ભગત પ્રાગજીના નારાયણ વાંચજો. વિ. તમારું કાર્ડ આવ્યું, તે પોંચ્યું છે. બીજુ, અમારે (જૂનાગઢથી) ભાદરવા સુદ ૪થી શ્રી મહુવે આવવાનું થયું. તીંઆથી રોજ દૂધ ૧ શેર પીવાનું તે દન ૨૦ સુધી. તે પછે દન ૩ ઉપવાસ થાય, તે પછે દૂધ ૫ ભાર પીવાય છે. એવી ગરમાઈ ઘણી થઈ ગઈ છે.

લી. શામજીના નારાયણ વાંચવા....

દરજી પ્રાગજીની સહી, દસ્કત પોતાના, તમારે આવવું હોય તો મા'રાજની મરજી લઈને આવજો. જે શ્રી સ્વામી(નારાયણ)'

શરીરની ગરમી શરૂ થયે બરાબર એક મહિનો ને એક દિવસ થઈ ગયો હતો છતાં છેલ્લે બે લીટી ભગતજીએ જાતે લખી અને પ્રભુદાસ જાણે આજ્ઞાની વાટ જોઈને બેઠા હોય તેમ ત્રીજે જ દિવસે પત્ર મળતાં જ મુંબઈથી નીકળી મહુવા આવી ગયા હતા.

ભગતજીની આ અંતિમ સેવા કરી લેવાની તીવ્ર ઝંખના સ્વામીશ્રીને પણ હતી. પરંતુ વર્ણાશ્રમની જાળમાં 'જેમ ઢોર ગમાણમાં બંધાય તેમ' બંધાઈ રહ્યા હોવાનું દુ:ખ તેમના હૈયાને કોરી રહ્યું હતું. હા, જાગા સ્વામીના રાજીપાથી અંતરે શાંતિ હતી. તેમણે પ્રભુદાસ કોઠારીને એ જ દિવસે કાગળ લખ્યો - જે દિવસે એક અકલ્પ્ય દુ:ખદ બીના ઘટી રહી હતી. અને એ હતો ભગતજીનો અક્ષરવાસ ! કોઈ અગમ્ય કારણોસર આ સમાચાર મળતાં પહેલાં જ સ્વામીશ્રી લખે છે : 'હમો તો અભાગીયા તે એ લીલા જોવા વખત નથી આવ્યો. પણ કૃપા કરી પત્ર દ્વારે એ (લીલાનું) સુખ આપશો.'

હા, એ હૈયાને આર્દ્ર કરી મૂકે તેવો ભક્તિભીનો પત્ર આ રહ્યો. જેમાં સ્વામીશ્રીએ પોતાના અંતરની વ્યથા બહુ થોડા જ શબ્દોમાં વ્યક્ત કરી છે. અને જાગા સ્વામીના પ્રેમની પણ ઝાંખી કરાવી છે.

વિ.સં. ૧૯૫૪, કારતક સુદ ૧૩, રવિવાર. તા. ૭-૧૦-૧૮૯૭.

શ્રી ૧ા

સ્વસ્તીશ્રી મહુવા બંદર મહાશુભ સ્થાને પરમ પુજ્ય પરમ ભગવદી સંત

સેવા પરાયણ, પરોપકારતત્પર, શમદમાદીક સાધન સંપન્ન, શ્રીજી કૃત-ધર્મમર્યાદા-પાલક, શ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક એ આદિક અનેક શુભોપમા વીરાજમાન કોઠારી પ્રભુદાસજી ત. કોઠારી સંકરભગત ત. જેઠાલાલભાઈ (નિર્ગુણસ્વામી) ત. ચતુરભાઈ ત. પુરુષોત્તમલાલ ત. ઝવેરભાઈ બંને ત. મોતીભાઈ ત. કાલીદાસભાઈ ત. વૈદ્ય મનસુખરામ ત. કાલીદાસ કડીયા ત. સોમાભાઈ નાનાલાલ ત. જીવાભાઈ બારોટ ત. નારાયણભાઈ સનાભાઈ વીગેરે ત. ખાનદેશી તમામ પ્રતે રાજકોટથી લી. આપનો પરમસ્નેહી સાધુ યજ્ઞપુરુષદાસના ઘણા સ્નેહપૂર્વક જય શ્રી સ્વામીનારાયણ આપને વાંચવા.

વીશેષ પરમકૃપાળુ જીવનપ્રાણ ભગતજી મહારાજને મારા કોટાનકોટી દંડવત્ પૂર્વક જયશ્રી સ્વામીનારાયણ પવીત્ર સેવામાં કેસો. ને મારા વતી વીનંતી કરજો, કે થોડી મુદતમાં મંદવાડને મુકીને શરીરે આરામ કરે. કારણ કે અહીંના કેટલાક હરીભક્તો ત. સદ્‌ગુરુ સ્વામી જાગાભગત, ત. સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરૂપદાસજી, ત. સ્વામી કૃષ્ણચરણદાસજી વીગેરે સંતમંડળ નીરંતર એમ આલોચના કરે છે, કે શરીરે સારૂ થાય તો બહુ સારૂ. હજી તો ઘણા જીવને એકાંતીકધર્મ(માં) પ્રવર્તાવવાના છે. એજ....

બીજું, જૂનાગઢથી સ્વામી જાગાભગતનો પત્ર આવ્યો છે તેમાં મારી ઉપર એમ લખ્યું છે કે ભગતજીને પત્ર લખસો કે શ્રીજી મહારાજની આજ્ઞા, ઉપાસના ને બ્રહ્મભાવ પ્રવર્તાવવામાં કસર હોય તો દેહ મુકવાનો સંકલ્પ કરસો નહીં. ને શ્રીજી મહારાજ ત. સ્વામીની મરજી હોય તો ભલે, પણ મારી તે હાલ જાય તેમાં મરજી નથી. માટે મનસુબો મુકીને શરીરે સારૂ થાય તેમ (ભોજન) જમસો એવો કાગળ બે-ત્રણ દીવસથી આવ્યો હતો. પણ જવાબ તમારો આવવા વાટ જોઈને આજ લખું છું.

બીજુ મેં તમોને બે-ત્રણ કાગળમાં લખ્યું છે કે નીત્ય એક કાગળ લખસો. તે પ્રમાણે પ્રમાણે કૃપા કરી શમાચાર નીત્ય લખતા રહેસો.

બીજુ આપનો(ભગતજી) 'દૂધ પીવે છે' તે સંબંધી કાગળ આવ્યો તે વાંચીને મારે ત. સદ્‌ગુરુ સ્વામી ધર્મસ્વરૂપદાસજી ત. હરીજન તમામને અતી આનંદ થયો છે. માટે એવા કાગળ હમેશા લખસો, ને કોઈ જાતની ફીકર કરસો નહીં. આપણે એમના થઈ રહ્યા છૈયે તો આપણી ફીકર તેમને છે.

બીજુ આ વખતે આપ સર્વ એકદમ ભગતની સેવામાં પુગી ગયા તે -

આપના પુન્યનો પાર કોટી જન્મે પણ કહી શકાય નહીં. હમો તો વર્ણાશ્રમની જાળમાં જેમ ઢોર બંધાય તેમ બંધાઈ રહ્યા (છીએ) ને આપે તો શૂરવીર થઈને સીર સાટે સેવા કરી માટે આપની ચરણની રજ હમને મળે, એવા આપ સર્વ પાસે આશીરવાદ માગું છું....

ભગતજીને શરીરે તમામ સારૂ થતાં સુધી કોઈ (ઘરે) જવાનો મનસુબો કરસો નહીં. ને સારી સેવા કરસો. બીજું આપ પ્રભુદાસ, સંકર ભગત વીગેરે હાલ જે જૂનાગઢ નથી આવ્યા, તે જરૂર જૂનાગઢ થઈને વરતાલ તરફ જસો. કારણ કે આપનાં દરસન થાય, વળી, જેઠાભાઈને પણ જરૂર સાથે લાવવા એ જ.

બીજુ, કોણ કોણ હરીભક્તો સાથે આવ્યા છે. તે લખસો. શામજીભાઈ, ત. નારાયણભાઈ, પુરુષોત્તમભાઈને મારા નારાયણ કે'સો.

મારે વરતાલે જવાનો નકી નિરધાર નથી. પરંતુ કોઠારી ત. મહારાજશ્રીને રામનવમી સુધી રાખવા વીચાર છે. આ ગામમાં એ જ ઉપાધી હતી. તેથી સમૈયે જવા વીચાર હતો. પછી મહારાજશ્રીએ અહીંના હરિભક્તો ઉપર કાગળ લખ્યો કે મારે રામનવમી સુધી રાખીને ભણાવવા છે. તેમ હરીભક્તો રાજી હોય તો રાખીયે. પછી હરીભક્ત રા. કાનજી માસ્તર જાગાભગતના હેતવાળા છે, તેમણે બધા હરીભક્તોને પુછીને કાગળ વરતાલે લખ્યો, કે હમારે હરીભક્તોને (શાસ્ત્રી) અહીં રહી ભણે તેમાં હરકત નથી, ઘણું જ સારૂ છે. તેથી રામનવમી સુધી રહેવાનું કરસે. પણ હજુ નકી જવાબ વરતાલેથી આવેલ નથી. એ જ....

કાગળ નીત્ય એક કૃપા કરી લખો તો ઘણું જ સારું. **હમો તો અભાગીયા તે એ લીલા જોવા વખત નથી આવ્યો પણ કૃપા કરી પત્ર દ્વારે સુખ આપસો.** જુનાગઢ (પત્ર) નથી લખાયો તે બદલો આ ફેરે વાળસો નહીં. અપરાધ માફ કરસો. એ જ.... લી. યજ્ઞપુરુષદાસ....

ભગતજી મહારાજનો અક્ષરવાસ

હજુ આ ભક્તિભીનો પત્ર મહુવા પહોંચ્યો પણ નહીં હોય, જાગા સ્વામીની વિનંતી, 'દેહ મૂક્યાનો સંકલ્પ કરશો નહીં.' એ ભગતજીના અંતર સુધી પહોંચી પણ નહીં હોય, ત્યાં તો રાજકોટમાં સ્વામીશ્રીના હાથમાં કોઠારી પ્રભુદાસે લખેલો

અત્યંત હૃદયવિદારક પત્ર આવી પડ્યો !

તા.૮-૧૧-૧૮૯૭

મહુવા.

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને પોંચે

ઠે. સ્વામીનારાયણનું મંદિર. મુ. રાજકોટ. કાઠિયાવાડ.

શ્રી

પરમ એકાંતિક સાધુ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી,

મહુવા બંદરથી લી. કોઠારી પ્રભુદાસજી તથા જેઠાભાઈ તથા સર્વે હરિભક્ત મંડળના દંડવત્ સાથે નારાયણ.....

બીજુ, દિલગીરી સાથે જણાવીએ છીએ કે આપણા પરમ પૂજ્ય ગુરુજી પ્રાગજી ભગત કાલ રોજ એટલે કાર્તિક સુદી ૧૩ને દિને (તા. ૭-૧૧-૧૮૯૭) સાંજના પાંચ વાગતા સ્વધામ પધારી ગયા છે, એ ઘણી જ દિલગીરીની વાત થઈ છે ને આપણા બધાના (જીવન) જતા રહ્યા, તે ઉદાસી થાય તેવું જ છે. પણ શું કરીએ ? જેવી શ્રીજીની મરજી.

કાર્તિક સુદી ૧૫ હમો બધા ગઢડે જઈશું. તહીં અમારો જેવો ઠરાવ. ઘણું કરીને જૂનેગઢ થઈને આપની તરફ આવવાનો વિચાર છે. તહીં સર્વેને નારાયણ.

એજ. પ્રભુદાસના દંડવત્.

પત્ર વાંચતા જાણે બ્રહ્માંડના પ્રલયમાં બારેમેઘ ભયંકર વીજળી અને કડાકા ભડાકા સાથે તૂટી પડ્યા હોય, મહાપ્રલયનો દાવાનળ શરૂ થયો હોય તેવી મનોવ્યથા સ્વામીશ્રીના અંતરમાં શરૂ થઈ..... કૂવાને કાંઠે સ્નાન કરવા આવ્યા પણ શૂન્યમનસ્ક થઈને બેસી રહ્યા. જોડિયા સાધુએ પૂછ્યું તો પત્ર તેમના તરફ ફેંક્યો. એ વાંચતા જ તે તો પોક મૂકીને રોઈ પડ્યા. સ્વામીશ્રીનો સ્વર પણ ધ્રુજતો હતો... એ સાધુને ધીરજ તો દીધી પણ પોતાની ઉદાસીનતા તો ક્યાંથી ટળે ? જેમની નિષ્ઠા માટે માર, દુઃખ અપમાન સહન કર્યાં, જેમને માટે ધોળાં પહેર્યાં, જેમની પાસેથી ઉપાસનાનું શુદ્ધ સત્ત્વરૂપ જ્ઞાન પામ્યા, જેમના દ્વારા સિદ્ધદશા પ્રાપ્ત કરી એ મનોહારી દિવ્યાકૃતિ રમ્યમૂર્તિ ગુરુહરિનો દેહ આજે પંચમહાભૂતમાં વિલીન થઈ જશે !

સ્વામીશ્રી શોકમાં ગરકાવ થયા હતા અને અચાનક આંખો સામે તેજઃપુંજ

ઝળહળી રહ્યો. ભગતજી આ પુંજના કેન્દ્રસ્થાને દર્શન દઈ રહ્યા હતા. હાથમાં ગુલાબ-મોગરાનો હાર હતો અને નજીક આવી ભગતજીએ કહ્યું, 'સાધુરામ, ઉદાસ કેમ થયા છો ? હું ક્યાં ગયો છું ? હું તો તમારામાં અખંડ રહ્યો છું.' અને હાર સ્વામીશ્રીના કંઠમાં પડ્યો ! સમાધિમાંથી જાગતા હોય તેમ જોડિયા સાધુ પણ આ દર્શન કરી કૃતકૃત્ય થયા...

મંદિરમાં રામજીભટ્ટ વગેરે બોલ્યા કે 'સ્વામી હવે તો પૃથ્વીનું મંગલ ગયું.' ત્યારે સ્વામીશ્રી બોલી ઊઠ્યા હતા : 'સત્પુરુષ કદી પૃથ્વી પરથી જતા નથી ! પ્રગટ જ રહે છે.' એમ ગોષ્ઠિ કરી.

એક બાજુ ભગતજીના તમામ અગ્રણી શિષ્યોએ સંપ્રદાયના તમામ તીર્થોમાં ભગતજીના અક્ષરવાસ નિમિત્તે રસોઈઓ આપી. તેમાં અમદાવાદના કોઠારીએ સૌ હરિભક્તોને તેડાવ્યા. પરંતુ એ સમયે ગુજરાતમાં શીતળાની બીમારી ભયંકર રીતે ફેલાયેલી. અંગ્રેજ ડૉક્ટરો પૂરી તપાસ પછી જ ચેપ ન હોય તેવા લોકોને શહેરમાં આવવા પરવાનગી આપતા. આવા દેશકાળનો વિલક્ષણ પત્ર અમદાવાદ મંદિરના કારભારી નડિયાદ મુકામે લખી મોકલે છે :

તા. ૧૫-૧૧-૧૮૯૭.

સ્વસ્તીશ્રી નડીયાદ પરમ ભગવદી સત્સંગી શિરોમણી શ્રીજી મહારાજ કૃત મર્યાદા પાલક રા. રા. ઝવેરલાલ ઉલ્લાસરામ તથા વસોના પાટીદાર અમીન પુરુષોત્તમભાઈ હરિભાઈ, આદિ હરિજન સમસ્ત પ્રત્યે શ્રી અમદાવાદથી લિ.... કારભારી હરિભાઈ લલ્લુભાઈ તથા શાસ્ત્રી નારાયણમુનિ દાસના ઘણા હેતથી જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

જત તમારું કાર્ડ આવ્યું. શ્રી મહુવાના પ્રાગજીભાઈ દેહ મુકી ગયા તે બહુ ખોટું થયું. પણ એમાં આપણું કાંઈ (ચાલે એમ) નથી. શ્રીજી મહારાજને ગમ્યું તે ખરું. બીજું તેમનાં ૧૩માની રસોઈ કારતક વદ - ૧૦ ઉપર દેવા સારૂ તમારે આવવાનું લખ્યું છે. તેનું તો એમ છે જે રેલવેમાંથી જે ઊતરશે, તેને શરીરે શીક હોય (શીતળા) તેને દાક્તર તરફથી હરકત થાય છે પણ જે માણસ શીક ન હોય તેને તો નાડ જોઈ આવવા દે છે. પણ બીજી તરફની હરકત નથી. બીજું તમારે આવવાનું નક્કી થાય, તે પહેલા એક દિવસ અગાઉ લખજો. એટલે હમો રેલે આવશું. એજ, કા. વદ. ૬, સોમવાર, દ. દલસુખ.

સેવકભાવે વર્તતા સ્વામીશ્રીએ હૈયાને સાંત્વન મળે એવો જ એક આધાર ભગતજીના અક્ષરવાસ પછી શોધી લીધો જૂનાગઢના સદ્‌ગુરુ સ્વામી જાગાભક્ત !

✧ ✧ ✧

પત્રધારા

૯ જાગા ભગતના સાંનિધ્યમાં

સ્વામીશ્રીના એકમાત્ર આધાર ભગતજી ગયા, તે પછી સ્વામીશ્રી એકલા સત્સંગમાં રહીને ઝઝૂમી રહ્યા હતા. ગોરધનદાસ કોઠારી સ્વામીશ્રીની આ પરિસ્થિતિ સારી રીતે સમજી શકતા, એટલે જ તેમણે લખ્યું હતું 'તમે કોઈ રીતે મુંઝાશો નહીં.' વળી, બીજા પત્રમાં લખે છે : 'તમો જેવા ધરમવાળા ત્થા ડાહ્યા માણસ છો, વળી બીજાનો આધાર નહીં, તેથી (તમારા માટે મેં સાધુઓનો) ઠપકો વેઠી આટલા દિવસ ચલાવ્યું છે.'

ગુરુનો આધાર નહીં, ભગતજીના હેતવાળું સંતમંડળ ગુજરાતમાં, રાજકોટ-જૂનાગઢના સંતોનો વિરોધ અને આચાર્યશ્રી તેમજ કોઠારી ગોરધનભાઈ જેવા અધિકારીઓનો ઠપકો, બધી બાજુથી ભીંસ હોય તો ગમે તે વ્યક્તિ હતાશાની ઊંડી ખીણમાં ધકેલાઈ ગયા વિના ન રહે, પણ આ તો સાક્ષાત્ અનાદિ સિદ્ધ પુરુષ હતા.... ગોરધનભાઈ આ સંતની કેવી મહત્તા સમજતા તે એમણે લખેલી ઉપમાઓ પરથી સમજી શકાય છે.

'વિ.સં. ૧૯૫૪ કાર્તિક વદ ૧૪, મંગળવાર, સાંજે,તા. ૨૩-૧૧-૧૮૯૭.

સ્વસ્તિશ્રી રાજકોટ મહાસુભ સ્થાને સકલ સુભગુણનીધાન, સંત સીરોમણી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી એતાન શ્રી વડતાલથી લી. કોઠારી ગોવરધનભાઈના સ્નેહપૂર્વક જે સ્વામીનારાયણ વાંચવા.

બીજું ભાદરણવાળો પરસોતમ અહીં આવ્યો હતો. તે બહુ તોફાન કરતો હતો. તેમા ભગતના કેટલાક હેતવાળાને તેમનો અભાવ આવેલો છે. ને કેટલાકને તેનો ગુણ પણ હસે. હવે તેનો પરસંગ (પ્રસંગ) લાગસે, તે વાત વરતાલવાળાને ફાવસે નહીં. માટે તમો કાગળ-પત્ર તમારા હેતવાળાને

અગર તમારા હેતવાળા તમારી ઉપર લખે તો તેના જવાબમાં લખવું જે પરસોતમનો પરસંગ રાખસે તેને વડતાલવાળા ઠપકો દેનાર છે. ભગતની વાત જુદી.

વાસ્તે તમને લખવાનું જે તમો તમારૂં ભણ્યા કરજો. જુનાગઢ વારમવાર જઈને જાગાભગતનો સમાગમ થોડો કરજો. હું વારમવાર તમને કાગળ લખું છું. વળી ગુમાસ્તા, ટીકીટખર્ચ, વળી મારે હજારો કામ પડ્યા મુકીને લખું છું તે લખવું મજરે લાવસો. તમો જેવા ધરમવાળા તથા ડાહ્યા માણસ છો. વળી બીજાનો આધાર નહીં, તેથી ઠપકો વેઠી આટલા દીવસ ચલાવ્યું છે.'

હા, ભગતજીના અક્ષરવાસ પછી ભાદરણના એક સત્સંગી પુરુષોત્તમદાસને ખોટો અભિનિવેશ થયો હતો. તેનો ખોટો પ્રચાર પણ કરતો હતો. ને લોકોને ભરમાવતો કે ભગતજી મારા દ્વારા પ્રગટ છે ! એ ઘટનાને 'તોફાન' ગણાવીને કોઠારી લખે છે : 'ભગતની વાત જુદી !' અર્થાત્ ભગતજી જે કાંઈ ઐશ્વર્ય બતાવતા, કે કથાવાર્તા કરતા, તેમાંથી દિવ્યતા ઝરતી. પુરુષોત્તમદાસ ભાદરણવાળા જેવો દંભ નહીં. ભગતજીની પ્રવૃત્તિ કોઠારીને મન 'તોફાન' નહોતી, પણ કંઈક જુદી જ-અવર્ણનીય હતી !

જો કે સ્વામીશ્રી કાંઈ જ ગણકાર્યા વિના પોતાનું કાર્ય નક્કરપણે ચાલુ રાખવામાં માનતા. પરંતુ તેમને હજુયે એક દુઃખ સદા સતાવતું હતું : 'ભગતજી મહારાજની અંતિમ સેવાનો લાભ ન મળી શક્યો.' આ શોક ટાળવા તેઓ કોઠારીની મનાઈ છતાં જૂનાગઢ પહોંચ્યા. સ્વામી જાગાભક્તે પણ સ્વામીશ્રીને અતિપ્રેમથી જ્ઞાનવાર્તા સંભળાવી. ભગતજીએ છેલ્લે જૂનાગઢ પધારી 'માયાનું માથું ભાંગી નાંખ્યું' એમ કહી ખૂબ આનંદ વ્યક્ત કર્યો. આ વાતો સંભારીને સ્વામીશ્રી નડિયાદ રહેતા સંતોને સંબોધીને હૈયું હળવું કરતાં લખે છે :

વિ.સં. ૧૯૫૪ માગસર સુદ ૫, સોમવાર, તા. ૨૯-૧૧-૧૮૯૭.

સ્વસ્તીશ્રી નડીયાદ મહાશુભસ્થાને પરમ પુજ્ય, પરમ ભગવદી, શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક શમદમાદીક સાધુ ગુણ સંપન્ન, પરોપકાર પરાયણ, શ્રીજી મહારાજ કૃત મરજાદા પાલક, પળાવવામાં સમર્થ, એકાંતીક, ધર્મનિષ્ટ એ આદિક સર્વ શુભોપમા બીરાજમાન સ્વામી વિજ્ઞાનદાસજી તથા પુરાણી કેશવપ્રસાદદાસજી, ત્થા હરીવલભદાસજી વગેરે સતમડળ ત્થા રા.રા. ઝવેરીલાલભાઈ ત્થા ઝવેરભાઈ જેસંગ વિગેરે નડીયાદના તમામ હરીભક્તો

પ્રત્યે રાજકોટથી લી. સાધુ યજ્ઞપુરુષદાસજીના ઘણા પ્રીતિપૂર્વક જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

બીજું લખવાનું કે આપનો પત્ર જુનાગઢ ગયેલો ત્યાર પછી નથી. તે સર્વ સમાચાર વિસ્તારી લખશો. બીજું લખવાનું કે હું કારતક વદી ૯ (તા. ૧૮-૧૧-૧૮૯૭) ને દિવસે જૂનાગઢ ગયો હતો. ગઈકાલે એટલે રવિવારે રાજકોટ આવ્યો છું. ત્યાં સદ્‌ગુરુ સ્વામી જોગેશ્વરદાસજી ત્થા સદ્‌ગુરુ સ્વામી જાગાભગત વિગેરે સાધુ-બ્રહ્મચારી સૌ ખુશી આનંદમાં છે. ૧૦ને દિવસ (તા. ૧૯-૧૧-૧૮૯૭) સદ્‌ગુરુની મોતૈયાની રસોઈ કરી'તી ને ૧૦ ધોતિયાં સ્વામી વિગેરેને ઓઢાડ્યા'તાં, જુનાગઢમાં દેશકાળ ઘણા સારા છે.

૧૦ દિવસ સુધી હું ત્થા શંકરભગત કોઠારી વિગેરે સ્વામી જાગાભગતની પાસે વાતોચીતો સાંભળી ઘણો આનંદ કર્યો છે. બીજું સ્વામી આપણને વારે વારે સંભારતા હતા ને કહેતા કે આ જુનાગઢમાં ભગતજીએ આવીને દિગ્વિજય કર્યો ને સુખ દીધું. ઝવેરીલાલ વિગેરે હરીભક્તોએ પૈસા ખરચી ભગતની સેવા (ને) રાજીપો મેળવ્યો તે બહુ સારૂં કામ થઈ ગયું. ને તે તો પળ પાકી ગઈ. એવા (અદ્‌ભુત) દેશકાળ ચાલીશ વર્ષ થયાં તો દેખ્યા નો'તા ને માયાનું માથું ભાંગી નાખ્યું. એ તો શ્રીજી મહારાજે છેલ્લી બાકી પોતાના ભક્તોના મહિમા બતાવી સૌ હરિભક્તોને સુખિયા કર્યા. હવે (ભગતજી ધામમાં ગયા છે તે) તમામ હરિભક્તોને તમે લખજો કે જે જે સુખ દરશનનું, સમાગમનું, વાતુચીતુનું સેવાનું લીધું હોય તે અખંડ સંભારી રાખજો ને તેનો સર્વે મનન, નિદિધ્યાસ નિરંતર કરશો ને પરસ્પર ભેગા થઈને કથાવાર્તા કરી સુખ ભોગવવું. પણ કોઈ પ્રકારે અંતઃકરણમાં ગ્લાની ન પામવું.

(કારણ કે) શ્રીજી મહારાજ ત્થા મોટા મોટા સદ્‌ગુરુઓ આ લોકમાં અખંડ રહ્યા નહિ તો ભગતજી પણ અખંડ રહે નહિ. એમને જે કરવાનું હતું તે કરી ગયા. હજારો જીવને બ્રહ્મરૂપ કરી પુરૂષોત્તમની દૃઢ ઉપાસના પ્રવર્તાવી ગ ા. હવે તો આપણે જે જે એમના અભિપ્રાયો જાણ્યા છે તે પ્રમાણે વર્તવું ને બીજાને વર્તાવવું ને સુખીયા રે'વું. અને જેવી રીતે ભગતજીનું સારૂં દ ખાય તેવી રીતે વર્તવું. પણ કોઈ રીતે અપકીર્તિ થાય અને સતસંગ વિરૂધ્ધ ક્રિયા થાય અને પાછળથી પસ્તાવું પડે તેવી રીતે કોઈ હરીભક્તે કરવું નહીં.

(કારણ કે) શ્રીજી મહારાજ ત્થા મોટા સંતને મન, કર્મ વચને સેવીને જેવી

રીતે ભગતજીએ એકાંતિક ધર્મ સિધ્ધ કરીને દ્રઢ સ્થિતિ કરી'તી એવી સામર્થી છતાં પણ સત્સંગમાં માન, અપમાન સહન કરીને શ્રીજી મહારાજ ને મોટા સંતનો અભિપ્રાય પ્રવર્તાવ્યો. પોતે સુખ દુઃખ ન ગણ્યું. એવા પુરુષ તો એક જ. એવું બીજાથી થવાય તેવું નથી. માટે એમણે જે જે કહ્યું હોય તે પ્રમાણે રહીને વિચારી વર્તવું. પણ તેમના જેવા આચરણ (ના) બીજા શિષ્યોએ વાદ કરવા નહિ. કારણ કે એમાં તો સાક્ષાત પુરુષોત્તમ નિવાસ કરીને રહ્યા હતા. માટે કર્તું, અકર્તું ને અન્યથા કર્તું (સમર્થ) હતા. માટે એમના આચરણ પ્રમાણે આપણે કરવું નહિ, પણ ભગવાન અખંડ રહેલા જેથી ભગવાનના જેવી ક્રિયા ને ચરિત્ર હોય અને બીજા સાધારણ કોઈ એમ કહે કે મારે વિષે ભગત અખંડ રહ્યા છે ને 'મારામાં પ્રવેશ કર્યો છે.' એમ કરીને ગમે તેમ સત્સંગ વિરૂધ્ધ ક્રિયા કરે, અગર કરાવે તો તેમાંથી ભગતજી ત્થા સ્વામીનું ઘણું ખોટું દેખાય અને અંતે એ નભે નહિ. અને ઘણા મુમુક્ષુ જીવ હોય તેને પણ (મોક્ષ માર્ગે) ઢાંકણું દેવાય. માટે એવી રીતે કોઈએ કરવું નહીં. આ તો એમ થાય તેમ નથી. પણ અમારે તો સ્વામીના દેહ મુક્યા પછી સ્વામીના કહેવાતા તેના એવા આચરણ દીઠાં તેથી તમોને લખીએ છીએ. ને આ લોકમાં હજારો જીવનો ઉધ્ધાર થાય માટે મોટા મોટા સદ્ગુરુ પણ સાધારણ જીવની આજ્ઞામાં રહ્યા ને માન-અપમાન સહન કર્યું ને સત્સંગની નાની મોટી આજ્ઞા લોપી નહિ. માટે આપણે પણ એ જ કરવું. એ જ સ્વામીના કહેવા થકી મેં લખ્યું છે, માટે વસો, પીજ વિગેરે ગામના હરીભક્તોને પણ ખબર કરવી ને સ્વામીના ત્થા મારા સૌને જે સ્વામિનારાયણ કહેવા.

બીજું શંકરભગતને તાવ આવવાથી હું વધારે જુનાગઢ રોકાયો. તાવ ઓછો થવાથી હું અહીંઆ આવ્યો છું. તેમના જોડીયા માંદા પડવાથી જુનાગઢ આવી શક્યા નથી. સાજા થવાથી આવશે એમ તેમનું લખવું છે. એજ.

બીજું તમારે ત્યા સર્વે હરિભક્તોને મારા ઘણા કરીને જય શ્રી સ્વામિનારાયણ કહેશો. અત્રેથી હરજીવનભાઈ ત્થા કરસનભાઈ તથા રામજી ભટ્ટ તથા કાનજીભાઈ તથા મોરારજીભાઈ તથા વિરજીભાઈ નવલરામ વગેરે હરિભક્તોના જે શ્રી સ્વામિનારાયણ વાંચશો. મારે હાલ અહીં રોકાવાનું છે. આપના તરફના સમાચાર લખશો. હાલ ભણવાનું ચાલે છે. અહીં દેશકાળ સારા છે. અહીંઆથી સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા ભણનારા સાધુ

ધર્મપ્રસાદદાસજી તથા વિશ્નુપ્રિયદાસના ઘણા કરીને જય શ્રી સ્વામિનારાયણ વાંચશો. એજ... પોપટ રામજીના દંડવત્પૂર્વક જયશ્રી સ્વામિનારાયણ વાંચવા કૃપા કરશો.

●

ભગતજી ગયા..... !

આ સમાચારથી વિરોધીઓને અડધી શાંતિ તો થઈ ગઈ હતી. અને પૂરી શાંતિ તો ત્યારે જ થાય તેમ હતું જ્યારે પ્રાગજીના શિષ્યને ઠેકાણે પાડી દેવામાં આવે !

મહારાજશ્રી વિચરણમાં સોજીત્રા હતા. ભગતજીની ઉત્તરક્રિયા પછી કોઠારી જેઠાભગત તેઓશ્રીની સાથે જ જોડાયા હતા. અને એક રાત્રે એક મોટા તંબુમાં 'પ્રાગજીના શિષ્યો બાબત નિર્ણય' લેવા સૌ મહારાજશ્રી પાસે ફરિયાદો અને સૂચનો લઈને આવી પહોંચ્યા. મહારાજશ્રીએ મંડળધારી સંતોને જોઈ એક પછી એક જણને અભિપ્રાય આપવા જણાવ્યું. તેમાં પ્રથમ જ ઊભા થયેલા શ્રીકૃષ્ણદાસે ધડાકાભેર કહ્યું : 'એ બધાને તો કાઢી જ મૂકવા જોઈએ.'

આચાર્યશ્રી આવી ઉદ્ધતાઈ જોઈ અકળાઈ ગયા અને એકદમ ગુસ્સે થઈને કહ્યું, 'બોલ્યા, બોલ્યા, બાપલા ! પ્રાગજી ભગતના બધા શિષ્ય ધર્મવાળા છે. તે તમામને કાઢવા અને અધર્મીના ટોળાને રાખવા ? એક સદ્ગુરુ બાલમુકુંદ સ્વામી સિવાય બધાયના તકિયા પોલા છે !'

એમ કહી ગુસ્સામાં જ તંબુ બહાર જઈ પોતાના ઉતારે જતા રહ્યા.....

દ્વેષીઓની મનની મનમાં રહી ! સૌ દુઃખથી શૂન્યમનસ્ક બની ગયા !

બેય દેશમાં આવા કોઈ સંત નથી !

આ તરફ સ્વામીશ્રી રાજકોટ-જૂનાગઢમાં નિવાસ કરતા, ભણતા ને યુવાનોમાં ઉપાસના પ્રવર્તનની પ્રવૃત્તિ પણ ચાલુ હતી.

જાગા સ્વામીની પ્રેરણાથી સ્વામીશ્રીએ જૂનાગઢ મંદિરની વિશેષ સેવા કરાવવા નડિયાદ વગેરે ગામોમાં રહેતા હેતવાળા હરિભક્તોને પ્રેરણા આપી. આવો જ એક પ્રેરણા પત્ર પ્રસ્તુત છે :

તા. ૮-૬-૧૮૯૮.

શ્રી ૧।

પરમ ભગવદી સત્સંગ શિરોમણી શ્રી પ્રગટ પુરુષોત્તમ ઉપાસક રા. રા.

ઝવેરલાલ ઉલ્લાસરામ, રાજકોટથી લી. સાધુ યજ્ઞપુરુષદાસનાં સ્નેહપૂર્વક જય સ્વામીનારાયણ વાંચશો.

બીજું હું દસમે જુનાગઢ ગયો હતો ત્યાં આપનો પત્ર વાંચીને સ્વામી જાગા ભગતને સંભાળવ્યો હતો, તેમાં સ્વામીએ આપને લખાવ્યું છે. અવસ્થા થઈ માટે રસોઈયો રાખીને દેહે પણ સુખીયા રહેશો. પૈસા પડ્યા રહેશે. જેટલા ધર્માદા તથા દેહને અર્થે વપરાયા તેટલા કામનાં. બીજું જૂનાગઢનાં મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની સામી નવી સજ્જા કરી છે તે બહુ સરસ થઈ છે ને તેમાં મૂરતી પધરાવવાની છે તે આપ ધારો ને સંકલ્પ કરો તો વખત બહુ સારો છે. સજ્જાનું કામ તો બહુ સારું છે. પણ આપ પાકું કરવા ધારો છો તેટલા ખરચમાં આપનું નામ આરસમાં લખીને ચોંટાડશું વલી થોડો ખરચ ને પાંચ હજાર રૂપિયાની શોભા થશે. વલી મૂરતીની પ્રતિષ્ઠા વખતે પણ આપની મરજી પ્રમાણે ધામધૂમ કરીશું. તે વિષે આપનો વિચાર જે હોય તે લખી જણાવશો. સ્વામીનું સ્થાન છે મંદિર મધ્યે નામ લખાશે. અને આપને પ્રભુએ આપ્યું છે. એજ લિ. યજ્ઞ.

અભ્યાસ સાથે સ્વામીશ્રીની સત્સંગ પ્રવર્તનની ધગશ એટલી જ તીવ્ર હતી. પરંતુ આ બેવડા ભીડાને શરીર સહી શકતું નહીં. આવી માંદગીના સમાચાર સાથે હરિભક્તોએ કરેલી સેવાની વિગતો લખતાં સ્વામીશ્રીએ જણાવ્યું છે :

તા. ૭-૭-૧૮૯૮.

રા.રા. ઝવેરલાલભાઈ ઉલ્લાસરામ રાજકોટથી લિ. સાધુ યજ્ઞપુરુષદાસજીના જય સ્વામિનારાયણ વાંચશો.

મારા શરીરે દસમને દિવસથી મંદવાડ થયેલો છે. બા'ર (બહાર શૌચ માટે) જવું પડે ને તાવ સખત આવે, કલાકમાં ચાર વખત જવાય છે. મરડો પણ બહુ આવે છે. તે વખતે જુનાગઢ કોઠારી જીભાઈએ સ્વામી જાગાભક્તને દર્શન દેવા વસો મોકલ્યા હતા શરીરે હવે ઠીક છે. દિશાએ જવાનું હવે ઓછું થયું છે. તાવ ઉતર્યો છે તેમ સ્વામી (જાગાભગત) આજ રોજ જુનાગઢે પધાર્યા છે. તેમણે આપને ઘણા કરીને જય સ્વામિનારાયણ કહ્યા છે ને કહ્યું કે કાગળ પત્ર જૂનાગઢ કેમ નથી લખતા ? માટે લખશો.

અત્રેથી કરસનજીભાઈ, રામજી ભટ, હરગોવિંદ વિગેરે સર્વે હરીભક્તોના જય સ્વામીનારાયણ વાંચશો. મંદવાડમાં હરીભક્તોએ ઘણી સેવા કરી છે.

૧૦-૧૨ માણસો મંદિરમાં સુઈ રહે છે. કોઈ જાતની હરકત આવી નથી. હવે સારૂં છે. ફીકર કરશો નહીં. દ. હરગોવિંદના નારાયણ,...

સ્વામીશ્રીની આવી નાજુક સ્થિતિને કારણે જૂનાગઢના કોઠારી જીભાઈ તથા મુક્તરાજ જાગા ભક્તને પણ ઘણો ઉચાટ થવા લાગ્યો. આ તેજસ્વી સંતે સૌને કેવાં કામણ કર્યાં હશે ! કે જૂનાગઢથી જાગા સ્વામી સ્વામીશ્રીને આશિષ આપવા આવી ગયા. આ સમાચાર આપતાં સ્વામીશ્રી નડિયાદ મુકામે લખાવે છે :

તા. ૧૧-૭-૧૮૯૮.

પરમ ભગવદી રા. રા. ઝવેરલાલભાઈ, રાજકોટથી લિ. યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો.

તમને જુનાગઢ જઈ આવીને પતું એક લખ્યું હતું તે પોંચ્યું કે નહીં, તેનો જવાબ લખ્યો નથી તો લખશો. બીજું મારે શરીરે એકદમ તાવ ને લોહીખંડ પેટ બેસણું થયું હતું અને અતિ સખત મંદવાડ થયો હતો તે ખબર જાણી કોઠારી જીભાઈએ સ્વામી જાગાભગતને દર્શન દેવા મોકલ્યા હતા તે સારૂ થવાથી જુનાગઢ પાછા પધાર્યા હતાં. મારે શરીરે હવે સારું થયું છે. સ્વામી બાળમુકુન્દદાસજી ગોંડળ મંદિરે છે, તે એક બે દિવસમાં અહીં આવશે. એજ દ. હરગોવિંદના જય સ્વામીનારાયણ.

'આ સંત મણિ નીવડશે !'

નડીયાદ સુધી સ્વામીશ્રીનો પ્રભાવ ઠેક ઠેકાણે એક સરખો પથરાયેલો જોવા મળતો. ગામોગામના હરિભક્તો જૂનાગઢ મંદિરે દર્શને આવે ત્યારે 'શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ ક્યાં ?' તેમ પ્રશ્ન પૂછતાં જોવા મળતા. સ્વામીશ્રીની આવી બોલબાલા, ગામેગામ સ્વામીશ્રીના વર્તનના પ્રભાવની ચર્ચાઓ જૂનાગઢી-સોરઠી દિગ્ગજોને કાને પડ્યા વિના ક્યાંથી રહે ? તેમાં કેટલાકને લાગતું કે શાસ્ત્રી રાજકોટ રહેશે અને જૂનાગઢ સુધી તેમનો આવરો-જાવરો ચાલુ રહેશે તો આખા વિસ્તારમાં આપણો ભાવ કોણ પૂછશે ? અને આથી જ આ પ્રભાવશાળી સંતની વિરુદ્ધમાં આચાર્યશ્રીને પત્રો લખવાનો સિલસિલો એ સૌએ શરૂ કર્યો. ભોળા આચાર્ય મહારાજે ભેખની ઉપાધિથી થાકીને થોડા વખત માટે સ્વામીશ્રીને ખસેડી પોતાની સાથે જ વિચરણમાં જોડાવા આદેશ આપી દીધો. અને લખ્યું :

'ઉમરેઠ આવીને મને મળશો.'

'સ્વામીશ્રી હવે રાજકોટ-જૂનાગઢ છોડી રહ્યા છે.' આ વાત એક સમાચાર બની ગયા. સ્વામીશ્રીના વિદ્યાગુરુ પંડિત જીવણરામ શાસ્ત્રી તો આઘાતથી ડઘાઈ જ ગયા. તેઓ તરત જ રાજકોટના મોભી અને માળિયાના ઠાકોર શ્રી મોહોડજી દરબાર પાસે પહોંચી ગયા. વિગત જણાવી આચાર્યશ્રીને આ નિર્ણય પાછો ખેંચી લેવા પત્ર લખવા પણ જણાવ્યુ.

ઠાકોરશ્રી મહોડજી દરબારે પણ અત્યંત સદ્ભાવથી સ્વામીશ્રી વિશેનો અભિપ્રાય પત્રમાં લખી મોકલ્યો. તેમણે લખ્યું :

શ્રી

વિ.સં. ૧૯૫૫ કારતક વદ ૩૦, તા. ૧૩-૧૨-૧૮૯૮.

સ્વસ્તિશ્રી મહેમદાવાદ મહાસુભ સ્થાને પુજ્યારાધે શકલ ગુણજાણ, ઉત્તમોત્તમ, પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, શ્રીજી મહારાજ કૃત ધર્મમર્યાદાપાલક, ધર્મધુરંધર, ધર્મરક્ષક, અધર્મ ઉચ્છેદક, કૃપાસાગર, દીનબંધુ, દયાસીંધુ, અક્ષરસ્વરૂપ, ત્રિવીધી-તાપ-દગ્ધ-જનશાંતીકર, ધર્મકુળ મુગટમણી, આદી શરવે શુભોપમાએ કરી વીરાજમાન અખંડ પ્રૌઢ પ્રતાપ આચાર્યજી મહારાજશ્રી ૧૦૮ આચાર્યશ્રી બીહારીલાલજી મહારાજ શ્રી ભગવત્પ્રસાદજી મહારાજની દીન પ્રત્યે (ચડતી કળા) અધીક રાખે શ્રીજી મહાપ્રભુ.

એતાનશ્રી રાજકોટથી વિનંતી, ઠાકોરશ્રી મોહોડજીના સાષ્ટાંગ દંડવત્ પૂર્વક જય શ્રી સ્વામીનારાયણ સેવામાં કબુલ કરશો.

વીશેષ વીનંતી કે મહાપ્રભુની કૃપાથી ત્થા આપના મારા તરફના પ્રેમભાવ અને દયા ત્થા શુભાશીરવાદથી અત્રે કુશળતા છે. આપની તથા આપના કુટુંબની કુશળતા અહોનીશ ચાહું છું. આપનાં દર્શનની અભીલાષા ઘણી છે. સમૈયા ઉપર અમદાવાદ થઈ આપના દર્શનનો લાભ લેવા આવવા વીચાર હતો. પણ અહીં મુંબાઈના ગવર્નર સાહેબ આવતાં કાઠીઆવાડના તમામ રાજાઓને આમંત્રણ થતાં આવેલા અને મને પણ સૌની હારે રીતસર આમંત્રણ થવાથી પછી નીકળી શકાયું નહીં. મેળાવડાની તમામ કચેરીઓ વખતે આપણી મૂળ બેઠક આપણને મળી હતી. સ્ટેટ તરફથી સ્વાર, ગાડી, ઘોડા, ચોપદાર પણ મંગાવી આપી દરેક રીતે માન જાળવ્યું છે. તે આપને સહેજ જાણવા લખ્યું છે.

હાલમાં હવે કેટલાંક કારણોસર આવી શકાય તેમ નથી, પણ મહાપ્રભુની

ઇચ્છા. આપને વીનંતી કરવાની કે આહીં શાસ્ત્રી જીવણરામ મહીધર ભટ્ટ છે, તેણે મને કહ્યું કે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી કે જે હાલ જુનાગઢ મંદીરમાં છે, તે મારા પાસે ભણતા. તે બંધ કરી હાલ જુનાગઢમાં છે. પણ તે બહુ તેજસ્વી ત્થા ચપળ છે. જો કે મારા પાસે ભણતા તો પણ કેટલીક રીતે તેમને (જીવણરામને) તેમના થકી જ્ઞાન મળતું. માટે તેમનો અભ્યાસ પાછો આહીં મારી પાસે ચાલુ થાએ તો સારૂ છે. વધુ અભ્યાસ કરશે, તે આગળ જતાં એક મણી નીવડશે. સત્સંગ શોભાવશે. તો આ બાબતમાં આપને વિનંતી કે હાલ મંદીરમાં જે સાધુઓ હતા, તે બધા બહારગામ ગયા, એટલે તે સંબંધી કાંઈ અડચણ હોય તો તે હવે નથી. માટે હું ધારું છું, અભ્યાસ ચાલુ થાએ તો સારૂં. પછી જેમ આપની મરજી. માટે ખુલાસો લખાવશો.... કોઠારી ગોવરધનદાસભાઈ તથા કારભારી ત્થા સંતમંડળી ત્થા હરીભક્તો સૌને મારા ઘટીત રીતે જય સ્વામીનારાયણ કહેશો. એ જ વીનંતી...

આ પત્રની સાથે જ જીવણરામ શાસ્ત્રીએ પોતે પણ સ્વામીશ્રી પોતાની પાસે રહીને ભણે તેવી ભલામણ લખી હતી. સ્વામી નિર્ગુણદાસજી એ વખતે જેઠાભગત તરીકે આચાર્યશ્રીની સાથે જ ગુજરાતના ગામોમાં વિચરતા. તેઓ આ પ્રસંગના સાક્ષી હતા. તેથી જ તેઓ તા. ૨-૧-૧૯૧૬ના રોજ ભાવનગર કુબેરભાઈ પટેલ ઉપર લખેલા પત્રમાં જણાવે છે :

શાસ્ત્રી મહારાજને ઉપાધિ કરી તેજોદ્વેષથી ત્યાગીની ઉપાધિથી જૂનાગઢ મોકલ્યા હતા. ત્યારે ૧૯૫૫ની સાલમાં વિહારીલાલજી મહારાજ મહેમદાવાદ મુકામે ફરવા નીકળ્યા હતા. હું ભેગો હતો. શાસ્ત્રી જીવનરામનો કાગળ આવ્યો. તેમા લખ્યું જે 'હાલ મંદિરમાં કોઈ નથી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને ભણવા મોકલશો. એવા હોંશિયાર ભણનારા મારા જોવામાં આવ્યા નથી. ઊલટી મને વિદ્યા ભણાવે છે ને એમનાથી જ્ઞાન થાય છે.' એ કાગળ મારી પાસે છે. કારણ હું મહેમદાવાદ હતો, તે મારી પાસે ભેગા થશે વંચાવીશ.

આ બંને પત્રો આચાર્યશ્રીને મળ્યા તો ખરા, પણ તેમણે પોતાનો નિર્ણય કાયમ રાખ્યો. અને સ્વામીશ્રીને પોતાની પાસે માર્ચ, સને ૧૮૯૯ સં. ૧૯૫૫, ફાગણ માસ દરમ્યાન ઉમરેઠ બોલાવી લીધા.

અહીંથી મહારાજશ્રી સાથેનું વિચરણ ખૂબ ઝડપી રહ્યું. જ્યાં જ્યાં જતાં ત્યાં

દરેક સ્થળે મહારાજશ્રી આજ્ઞા કરતા કે કથાવાર્તા કરો.

અને સ્વામીશ્રી પણ આ તક જવા દેતા નહીં. દરેક કથામાં અક્ષરે સહિત પુરુષોત્તમનો મહિમા સમજવાનો સિદ્ધાંત, અક્ષરરૂપ થવા અક્ષરબ્રહ્મની આવશ્યક્તા, વિષયખંડન અને અન્ય વિષયો પર શાસ્ત્રોક્ત વાતોનો ધારાપ્રવાહ સ્વામીશ્રીની વાણીમાંથી અસ્ખલિતપણે વહ્યા કરતો.

આ દિવસોમાં સ્વામીશ્રીને સ્વામી જાગા ભક્તનો સ્નેહસભર પત્ર મળ્યો. એવા મુક્ત સ્થિતિના સંતહૃદયમાં પણ સ્વામીશ્રીની કેવી છાપ હતી, તે આ પત્રથી જણાય છે :

સ્વસ્તી શ્રી વડતાલ મહાશુભસ્થાને વીરાજમાન, પ્રગટ પુરૂષોત્તમના ઉપાસક સમદમાદી, સાધુ ગુણસંપન, નીજાચાર્ય સેવા તત્પર, પરમ દયાળુ, એવંમાદી અનેક સુભ ગુણમણીમંડનભુસન, શાસ્ત્રી શ્રી યજ્ઞપુરુષદાસજીની ચીંરણજીવી ઘણી હજો. પ્રતે જુનાગઢથી લી. ભક્ત જાગા ભક્તના જયશ્રી સ્વામીનારાયણ વાંચસો. તમારો પત્ર આવ્યો છે તે વાંચી સમાચાર જાણ્યા છે.

વિ. એક વાત કહીએ છીએ કે તમો તો ડાયા છો, શાસ્ત્રવેતા છો, શ્રેયસકારી છો, મોટાના આસીરવાદવાળા છો. મુમુક્ષુ છો તે તમને શું કેવું ? તમે તો બીજાને ઉપદેશ દઈને મહારાજને સનમુખ કરો એવા છો માટે તમે જે શબ્દ લખ્યા છે તે અમે માન્ય કર્યા છે. ત્યાં તમારા હેતવાળા હરીજન બીજું ધરમ ધુરંધર મહાંરાજ શ્રી વિહારીલાલજી મહારાજને મારા દંડવત પૂર્વક વીનંતીએ સહીત જય શ્રી સ્વામિનારાયણ કહેસો તથા કોઠારી ગોરધનભાઈ તથા વેણીભાઈને મારા જય સ્વામીનારાયણ કહેસો. આ કાગળ વંચાવવા જોગ જ જણાય તો મહારાજશ્રીને તથા કોઠારીને વંચાવજો બ્રહ્મચારી સાધુ પાળા તમામને સ્વામીનારાયણ કહેશો. લી. જાગા ભગત

રાજકોટમાં ઉપાધિ શાંત પડી હતી. તેથી સ્વામીશ્રી હવે ફરીથી અહીં આવી રહેવા લાગ્યા. દ્વેષીઓ કંઈક છમકલાં કર્યા કરતા. સ્વામીશ્રી એવા સમયે જૂનાગઢ પહોંચીને જાગા સ્વામીનો સમાગમ કરવા લાગતા.

જૂનાગઢ રહીને સ્વામીશ્રીએ બે મહત્ત્વનાં કામ સંપાદન કર્યાં. એક તો દ્રવિડી શાસ્ત્રી કમલનયનજીને જાગા સ્વામીનો મહિમા સમજાવી ભારે પ્રભાવિત કર્યા અને બીજું દ્વારિકામાં સ્વામિનારાયણ મંદિરની જમીન લીધી, તેના દસ્તાવેજ પણ કરી લીધા. આ માટે ગાયકવાડી સૂબા ગોપાળદાસ માધવલાલ દેસાઈ અને વહીવટદાર

રંગીલદાસને મળ્યા ત્યારે બંને અધિકારીઓ એટલા અંજાઈ ગયા કે તરત જ જમીનનું કામ પાર પાડી આપ્યું. સ્વામીશ્રી આ કાર્ય માટે જૂનાગઢથી જામનગર થઈ દ્વારિકા સુધી ૪૦ ગાઉ ચાલીને પધાર્યા હતા. આવી ભક્તિ જોઈ કયા અધિકારીને આદર ન જાગે ?

સ્વામીશ્રી જૂનાગઢ પાછા પધાર્યા ને થોડા જ દિવસમાં સમાચાર મળ્યા : આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ સં. ૧૯૫૫, ભાદરવા વદિ ૮ ને, તા. ૨૭-૯-૧૮૯૯ના રોજ અક્ષર નિવાસી થયા છે !

✧ ✧ ✧

પત્રધારા

૭

સારંગપુર મંદિરના મહંતપદે

આચાર્યશ્રીના અક્ષરવાસના સમાચાર વાયુવેગે સત્સંગમાં પ્રસરી ગયા. વિદ્વાન, સત્સંગની અભિવૃદ્ધિના પોષક અને સતો-ભક્તોનો અંતઃકરણથી મહિમા સમજનારા આચાર્યશ્રીના અવસાનનો ઘેરો શોક સત્સંગ સમુદાયને ઘેરી વળ્યો. સ્વામીશ્રી જૂનાગઢથી એમની અંત્યેષ્ઠિ વિધિ માટે વડતાલ દોડી આવ્યા, વિધિ વખતના હજારો હરિભક્તોના આયોજનનો સંપૂર્ણ કાર્યભાર અને વહીવટ ગોરધનભાઈ કોઠારીની સાથે રહી તેમણે સફળતાપૂર્વક પાર પાડ્યો. કોઠારી સહિત વડતાલ દેશના મોટા મોટા સદ્‌ગુરુઓ સ્વામીશ્રીની કાર્યદક્ષતા જોઈ આશ્ચર્ય પામી ગયા. એમની અદ્‌ભુત આયોજન શક્તિની અપૂર્વ છાપ પડી.

હવે શાસ્ત્રી સત્સંગના ઉત્કર્ષનાં કાર્યોમાં જોડાય તો જ એમની અમાપ શક્તિનો સદુપયોગ કર્યો ગણાય. ગોરધનદાસ કોઠારીએ આ જ વિચારથી સ્વામીશ્રીને માટે એક સુંદર યોજના ઘડી કાઢી....

એ દિવસોમાં ગઢડા મંદિરના કોઠારી ભીમજીભાઈ હતા. તેમના વહીવટ તળે સારંગપુરના કષ્ટભંજન હનુમાનજી મંદિરનો નિભાવ થતો. સારંગપુરમાં લીંબડી દરબાર દોલતસિંહજીની હકુમત ચાલતી અને તેઓના દીવાન સાહેબ ઝવેરભાઈ નાથાભાઈ અમીન સ્વામીશ્રી પ્રત્યે અત્યંત આદર ધરાવતા હતા. જો સ્વામીશ્રીને આ મંદિરના વહીવટમાં મૂકવામાં આવે, તો રાજ્ય તરફથી પણ ન ધારેલો સહકાર મળી જાય, ને મંદિરનો ઉત્કર્ષ સારી રીતે થાય. ગણતરીથી સ્વામીશ્રીને કોઠારી ગોરધનભાઈએ વાત કરી.

તેમણે એ વાત સ્વીકારી લીધી અને નિમણૂકનો હુકમ કોઠારી ગોરધનભાઈ પાસેથી છૂટી ગયો. ભીમજી કોઠારીને એક મંદિર ઓછું થયું, તેનો કારમો ઘા

લાગ્યો હતો. મનમાં સમસમી રહ્યા, પણ 'ભગતજીના શિષ્ય' તરીકેનો સ્વામીશ્રી પ્રત્યેનો દ્વેષભાવ આ પ્રસંગ પછી બેવડાઈ ગયો.

માત્ર ૩૫ વર્ષની વયે સ્વામીશ્રીને સ્વતંત્ર સત્તા સોંપાઈ. હવે તેઓ એક વિશાળ મંદિરના મહંત બન્યા ! હા, મંદિર સોંપાયું ત્યારે એ વિશાળતા ક્યાં હતી ? માત્ર હનુમાનજીનું મંદિર અને નાનકડો ચોક, પાછળ નાની ધરમશાળા આટલો જ વિસ્તાર હતો. પરંતુ, સ્વામીશ્રીએ ધીમે ધીમે રૂખડ ખાચર અને જોધાભગતને સાથે રાખી, પ્રભુદાસ કોઠારીની મદદથી ગામનાં પ્રસાદી સ્થાનોનો જીર્ણોદ્ધાર કરવાનો શરૂ કર્યો. સાથે સાથે ગુજરાતના હરિભક્તો દ્વારા સેવા કરાવી મંદિરની આવક વધારવા માંડી. ખેડૂતો રાજ્યનો હુકમ હોય તો જ પોતાનાં મકાનો વેચી શકતા, તે નિયમ દીવાન ઝવેરભાઈ દ્વારા બદલાવ્યો. અને મંદિરને ફરતાં અનેક ખેડૂતોનાં મકાનો વેચાતાં લઈ મંદિરનો વિસ્તાર વધારી દીધો. ભંડાર અને દેવમંદિર વચ્ચે ગામનો જાહેર રસ્તો નીકળતો, તેથી બાઈઓ અડી જવાની, પશુઓ દ્વારા થાળની મર્યાદા ન જળવાય તેવી તકલીફો કાયમી હતી. દીવાન સાહેબે પણ એકવાર આ નજરે જોયું અને સ્વામીશ્રીની રજૂઆતોથી એ કાર્ય થોડા જ મહિનામાં ઊકલી ગયું. જે કામ માટે કોઠારી ભીમજીભાઈ વર્ષો સુધી મથ્યા હતા તે સરળતાથી પાર પડ્યું. એથી વડતાલવાળા અને ગઢડાવાળા સૌ અચંબામાં પડી ગયા ! આશરે ૮૫ મકાનો વેચાતાં લઈ સ્વામીશ્રીએ અહીં હનુમાન મંદિરનો બંગલો, આચાર્યશ્રીનો ઉતારો વગેરે બંધાવવાનું શરૂ કરી દીધું. પોતે વારંવાર ગુજરાત પધારી સેવા લાવતા. હરિભક્તોની અવરજવર પણ વધી હતી. તેમાં વળી આખા ગામનો સદ્‌ભાવ સ્વામીશ્રી પ્રત્યે વધતો જતો હતો. શેઠ જગજીવનદાસ, રૂખડ ખાચર અને હરિભક્તોના સહકારથી સ્વામીશ્રીએ બાંધકામ સાથે ચાંદીનાં કમાડ બનાવડાવી હનુમાન મંદિરની રોનકમાં એક ઓર ઉમેરો કરી દીધો.

સ્વામીશ્રીનાં વિદ્યુતવેગી કાર્યો અને સફળતાનાં શિખરો સર કરતાં એક પછી એક નિર્ણયો, મંદિરની વધતી જતી આવક અને ગુજરાતના હરિભક્તોનો કથા-સમાગમ માટે મંદિરમાં વધી ગયેલો આવરો-જાવરો એ ચારે બાબત તેજોદ્વેષ વધવાનું નિમિત્ત બનવા લાગી.

જ્યારે સ્વામીશ્રી ગુજરાત પધાર્યા હતા ત્યારે અચાનક ગઢડાના અગ્રણી બ્રહ્મચારી, ભીમજીભાઈ કોઠારીના સહભાગી તથા ભગતજીનો સારી પેઠે વિરોધ કરનારા મુનીશ્વરાનંદજી વડોદરામાં સ્વામીશ્રીને ભેગા થઈ ગયા. તેમણે ભગતજી

માટે સદ્‌ભાવ છે, તેવી છાપ ઊભી કરવા સ્વામીશ્રી પાસે એક વિશિષ્ટ દરખાસ્ત મૂકી, જે સ્વામીશ્રીનો પ્રભાવ તથા સત્યને છાવર્યા પછી બ્રહ્મચારીને થયેલા પશ્ચાત્તાપની જ ઘોતક છે. સ્વામીશ્રી લખે છે :

તા. ૧૨-૧૦-૧૮૯૯.

શ્રી ૧।

પરમ ભગવદી મહેતા ઝવેરલાલ ઉલ્લાસરામ પ્રત્યે સાંકરદાથી લિ. પરમ સ્નેહી સાધુ યજ્ઞપુરુષદાસ ત. પુરુષોત્તમદાસના આશિર્વાદ પૂર્વક જય સ્વામીનારાયણ વાંચશો.

બીજું મારે શરીરે મોંઢામાં તો ગરમાઈ અપૂર્વ ઉપડી છે ને તે માથામાં ગરમાઈ ચડી છે. પરંતુ અત્યારે તો ગબડાવીએ છીએ. વડોદરા થઈને સોખડા પહોંચેથી કાગળ લખશો. હું વડોદરા ગયો હતો. શાસ્ત્રી મુનેશ્વરાનંદને મહુવામા બગલો કરાવવાનો મત છે કે ભગતજીએ પાયા નાખ્યા છે તે પૂરા કરી ભગતજીનું નામ રાખવું. એમ તે પ્રભુદાસભાઈને વરતાલે કહેતા હતા. તે કામ સારુ ફુલચંદભાઈને તમારા તરફ મોકલ્યા હતા. તે વિશે વડોદરે કાલે મને પૂછતા હતા કે જવાબ નથી મેં કહ્યું કે સમૈયે થાય તે ખરું. ભગતજી ગયા પછી થવું હવે કઠણ છે. એ જ અત્રેથી લિ. યજ્ઞપુરુષદાસ.

સર્વત્ર સત્પુરુષ પ્રધાન છે. એ વાતનો મુનીશ્વરાનંદજીને અણસાર આપી સ્વામીશ્રી પુનઃ સારંગપુર પધાર્યા. અહીં તો તેઓ નિર્ભયપણે એક પછી એક કાર્યો આટોપતા રહેતા. પણ આવા વાતાવરણની અસર, આગળ ધપી રહેલાં કાર્યો પ્રત્યે અચૂક પડતી જ હોય છે. સ્વામીશ્રીને પણ નડતર વધવા લાગ્યું. આ બધી વાતો સ્વામીશ્રીના પરમસ્નેહી લીંબડી દીવાન સાહેબ શ્રી ઝવેરભાઈ નાથાભાઈના કાને અથડાતી.

તેમને સ્વામીશ્રી માટે પુત્રવત્‌ પ્રેમ હતો, ગુરુવત્‌ આદર હતો અને માતૃવત્‌ મમતા હતી. એક પત્ર તેમણે અત્યંત પ્રેમ અને સહાનુભૂતિથી લખી મોકલ્યો, જેમાં દ્વેષી પ્રવૃત્તિઓની બધી જ પળોજણથી મુક્ત થઈ લીંબડી આવી જઈ રાજ્યાશ્રયે ઉપાસના પ્રવર્તનની પ્રવૃત્તિઓ માટે આહ્‌વાન હતું.

સ્વામીશ્રી કોઈ કામ અંગે વડતાલ પધાર્યા હતા, ત્યારે તેમણે લખ્યું :

૧ૐ શ્રીઃ

વિ.સં. ૧૯૫૬, પોષ વદ ૩, તા. ૧૮-૧-૧૯૦૦.

સાધુવર્ય, સચીદાનંદરૂપ, ધર્મમુર્તી યજ્ઞપુરુષદાસજીની સેવામા, મુ. વડતાલ. (લીંબડીથી) લી. સેવક ઝવેર નાથાભાઈના જય શ્રી સ્વામીનારાયણ.

સારંગપુરના હનુમાનજીના મંદીર માટે જગ્યા સંબંધે ધોળકે તજવીજ કરી અત્રે લખનાર હતા, તે વીશે શું થયું ?

આપને માટે કંઈ દ્રોહ થતો હોય અને મુંઝવણ આવે, તો સુખેથી મારા તરફ આવજો. આપણે કથાવાર્તા કરી શ્રીજી મહારાજનું ધ્યાન સ્મર્ણ કરીશું. અન્નવસ્ત્રની આપદા તો શ્રીજીમહારાજ નહીં પડવા દે. માટે કોઈના દ્રોહથી નહીં ગભરાતા ! નીશ્ચીંત રહી શ્રીજી મહારાજનું સ્મર્ણ ભજન કરશો.

અત્ર સર્વકુશળ, તત્ર કુશળ અસ્તુ. સુજ્ઞને વધારે લખવા જરૂર નથી એ જ. ભગવાન ધર્મની રક્ષા કરે છે અને સત્‌ના જ સંગી છે. માટે ઉદ્‌વેગ ન થવો. સમતા તથા ધીરજ રાખશો. દા. ઝ.ના. (ઝવેરભાઈ નાથાભાઈ)

આ પત્રમાં કેટલી સહાનુભૂતિ છે ! કેટલો આદર અને કેટલી બાંહેધરી છે ! સ્વામીશ્રીએ મોટા મોટાના દિલ કેટલી હદે જીત્યા હશે ! આવો મોટો રાજ્યનો આધાર મળતો હોય ને પોતાના સ્થાનમાં જ ધિક્કાર મળતો હોય તો કોઈ પણ વ્યક્તિની નિષ્ઠા કે વફાદારી હચમચી જાય. પરંતુ સ્વામીશ્રી એ બાબતે અણનમ હતા. સંપ્રદાય, સિદ્ધાંત અને કાર્યનિષ્ઠાથી અધિક તેમને બીજું કાંઈ જ અને કોઈ જ અધિક ન હતું... તેઓ તેમના કાર્યોમાં વ્યસ્ત રહેતા...

એ દરમ્યાન સ્વામીશ્રીની જોડના એક સંતનો અક્ષરવાસ થયો. સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય પણ નાદુરસ્ત રહેતું. તેઓ નડિયાદ જણાવે છે :

તા. ૯-૨-૧૯૦૦

સ્વસ્તીશ્રી નડીયાદ મહા શુભ સ્થાને પરમ ભગવદી રા. રા. ઝવેરલાલ ઉલ્લાસરામ પ્રત્યે સારંગપુરથી લિ. પરમ સ્નેહી શા. યજ્ઞપુરુષદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

દિલગીરી સાથે લખવાનું કે સાધુ રામરતનદાસજી મહા સુદ ૮ ને બુધવારે સવારના ૭ વાગે દેહ છોડી અક્ષરધામ નિવાસી થયા છે. આખી રાત કથા-વાર્તા-કીર્તન કરી શ્રીજી મહારાજની સ્મૃતિ રખાવી હતી ને બોલતા-ચાલતા તત્કાળ દેહ છોડી દીધો છે.

વિશેષ, પછેગામનાં વૈદ્ય પાસે મેં મોંઢાનું ઔષધ કરાવ્યું છે. તેથી એક રૂપિયે ચાર આની સુવાણ છે ને તેમાંથી હજી ઔષધ ખાઉં છું તેનાં રૂપિયા ૫

થી ૭ સુધી ખર્ચ થશે. અહીં દેશકાળ સારા છે, કથાવાર્તાથી અક્ષરધામનું સુખ આવે છે. ને સુખે રહીએ છીએ.

લિ. શા. કુંવરજીના જયસ્વામીનારાયણ

આશરે ૮૫ મકાનો લેવાનું સ્વામીશ્રીનું ધ્યેય સાકાર થતું જતું હતું. સ્વામીશ્રી આ સમાચાર જણાવતા લખે છે :

તા. ૨૪-૪-૧૯૦૦

રા. રા. મહેતા ઝવેરલાલ ઉલ્લાસરામ. સારંગપુરથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ તથા પ્રભુદાસભાઈના ત્થા જેઠાભાઈના જય નારાયણ વાંચશો.

બીજું અત્રે જગા અડધી લેવાઈ ગઈ છે. બાકી લેવાની છે તે પણ પખવાડીયામાં બધું માન જશે. ત્યારબાદ તે તરફ આવવાનું થશે. એજ.

આ દિવસોમાં લીંબડી દીવાન સાહેબ ઝવેરલાલ નાથાભાઈ સ્વામીશ્રીને સમાગમનો લાભ આપવા ને વડતાલ સાથે જવા લીંબડી તેડાવતા હતા. પરંતુ સ્વામીશ્રી હનુમાનજીના બંગલાના બાંધકામમાં ગળાડૂબ હતા.

વળી, ભીમજીભાઈ કોઠારીએ મોકલેલા સાધુઓ માંહોમાંહીં સંપીને સ્વામીશ્રી તરફ વિઘ્નોની પ્રવૃત્તિ કર્યા કરતા. આ સમાચાર જણાવતાં સ્વામીશ્રીએ લખ્યું :

તા. ૨૪-૭-૧૯૦૦

પ. ભ. ઝવેરીલાલભાઈ,

સારંગપુરથી લિ. શા. યજ્ઞપુરુષદાસ ને પ્રભુદાસના જય સ્વામીનારાયણ વાચશો.

વિશે, અત્રે સુખસાતા છે. અત્રે હનુમાનજીનાં બંગલાનું કામ પુરું થઈ રહ્યું છે. કાંક બાકી છે તે પુન્યમ સોરુ (સુધી) સમાપ્ત થશે. ત્યાર પછી લીંબડી જવાનું થશે. હાલ દેશકાળ બિનવરસાદથી ઘણા વિપરીત છે. ત્યાગીમાં ઘણાં રાગદ્વેષીલા બહુ થઈ ગયા. જેથી કોઈને અત્રે સુખ નથી. સુખ તો સત્પુરુષના સમાગમમાં છે. પણ રાજ કે કાજ મુકીને સમાગમ થાય નહીં, ત્યારે ભૂલ કેવડી બધી ! છેટેથી હેત રહે, પણ સ્વભાવને ઘસારો ન થાય ને જ્ઞાન પણ થાય નહીં ! માટે નિવૃત્તિ લાવી સમાગમ કરવો. અને સમય સૂચકતા વાપરવી. સરવ જતાં હોય ત્યારે વરતાલ જ આવવું. ભગતજી કહેતા કે ઝવેરલાલને તો હાથીના જેટલો આહાર છે (અર્થાત્ કથાવાર્તા સાંભળવામાં તૃપ્ત જ થતા નથી) માટે વાતુ ચિતુથી પૂરુ ન પડે. માટે આપને

બીજે ગોઠે તેવું નથી. તો પણ હાલમાં સ્વામી શાંતી કરે તેવા છે. એજ.

એક તો રાગદ્વેષથી ભરેલી પ્રવૃત્તિ, તેમાં વળી બાંધકામની સેવાનો બોજો અને વળી શરીરમાં કંઈકને કંઈક રોગ - આમ ત્રેવડી ભીંસમાં સ્વામીશ્રીને પૂરતી આયુર્વેદિક ઔષધી પણ મળી શકતી નહીં. છેક ગુજરાતમાંથી મગાવવી પડતી. ભલે ને પછી સામાન્ય હળદરના બે ગાંઠિયા હોય ! એ કપરી સ્થિતિનો ચિતાર આપણને આ પત્રમાંથી સાંપડે છે :

તા. ૯-૮-૧૯૦૦

પ.ભ. મહેતા ઝવેરલાલ ઉલ્લાસરામ...

સારંગપુરથી યજ્ઞપુરુષદાસ તથા પ્રભુદાસના જય સ્વામીનારાયણ વાંચવા.

વિ. આપનો પત્ર પહોંચ્યો છે. અત્રે વરસાદ ઘણો છે. આપને ત્યાં પણ હશે. આપને ઘર મૂકી બા'ર નીસરવું એજ અડચણ પૂરી છે. તેમ દેશકાળ વિષમ છે, તો શ્રીજી મહારાજ છેટા નથી. જો મનમાં સમાગમની તાણ હશે તો ઘર બેઠા પૂરી કરશે માટે દોઢમાસથી મીઠા-મોળાની ચરી છે ને ઔષધ હળદર-મીઠાની ગોળીઓનું ખાધું હતું. હજુ ફરીથી ૧૫ દિવસ તેનું તે ઔષધ ખાવાનું છે. બાર આની ગરમાઈ મટી ગઈ છે. તે ઔષધને માટે રૂપિયા સવા બે ભારની હડદર જોઈએ છે તે બોટાદ કે લીંમડી મળતી નથી. માટે આપ તરત તેવી હડદર સારી ચુયા વગરની ટપાલ રસ્તે મોકલાવશો. ત્યાં નડીયાદમાં ચાર દિવસથી ઔષધ વિના રહ્યા છીએ. તે ઔષધ આવશે ત્યારે થશે માટે આળસ રાખશો નહીં.

પ્રથમ પ્રભુદાસજી તો ભાવનગર ગયા ત્યારે હડદર લાવ્યા હતા. હવે તો તેમને ભાવનગર જવાય તેમ નથી. તેમ ત્યાંથી કોઈ મોકલે પણ નહીં. માટે તમને લખવું પડ્યું છે. એજ. લિ. યજ્ઞપુરુષદાસ.

જાગા સ્વામીની અંતિમ સેવા

સ્વામીશ્રીને ગુરુની અંતિમ સેવા ન મળી, તેથી જાગા સ્વામીની અંતિમ સેવા કરી લેવાની તમન્ના ખૂબજ હતી. પોતે વડતાલ હતા, તે દરમ્યાન જ તેમણે બે-ત્રણ સપ્તાહ પૂર્વે જાગા સ્વામીને સેવા આપવા ફરી ફરી વિનંતી કરી હતી. કદાચ આથી જ જાગા સ્વામીએ તેમની 'વિનંતી માન્ય' રાખી હતી.

કામકાજ નિમિત્તે કોઠારી પ્રભુદાસને સાથે લઈ સ્વામીશ્રી બોટાદ આવ્યા હતા.

અહીં તેમને એક મહત્ત્વનો તાર મળ્યો :

'સ્વામી જાગાભક્ત અત્યંત બીમાર છે. તમને બહુ જ યાદ કરે છે, માટે તરત જ ઢાંગરા પધારશો !'

સ્વામીશ્રીને જાગા સ્વામીનો એ કોલ યાદ આવી ગયો કે 'અમારી અંતિમ સેવામાં તમને બોલાવી લઈશું !'

મહંતાઈની જવાબદારીઓ, હનુમાનમંદિરમાં ચાલતાં બાંધકામો, મકાનોની લે-વેચના હિસાબો અને મંદિરની રોનક બદલવાનાં એક પછી એક સોપાનો એટલાં ઝડપી હતાં કે સ્વામીશ્રી નીકળી શકે તેમ હતું જ નહીં. પરંતુ સંતની સેવા માટે સત્તા સંબંધિત બંધનો તેમને જકડી શકતાં નહીં.

તેઓ બીજે જ દિવસે બોટાદથી નીકળી તા. ૨૭-૧-૧૯૦૧, વિ.સં. ૧૯૫૭, મહા સુદ ૭ના દિવસે ઢાંગરા પહોંચી ગયા. સોખડાના ત્રિભોવનદાસ, ચાણસદના મૂળજીભાઈ તથા કોઠારી પ્રભુદાસ તેમની સાથે હતા.

બે દિવસ-બે રાત ઉજાગરા કરી સ્વામીશ્રી અપાર સેવા કરતા રહ્યા. અને અહીંથી તત્કાળ એક સમાચારપત્ર નડિયાદ લખી મોકલ્યો :

તા. ૨૮-૧-૧૯૦૧.

રા. રા. મેતા ઝવેરલાલ ઉલ્લાસરામ, નડિયાદ.

ઢાંગરાથી શાસ્ત્રી ત્થા પ્રભુદાસના જયશ્રી સ્વામીનારાયણ વાંચવા.

બીજું, હમો કાલે અત્રે આવ્યા છીયે. જાગાભક્તને શરીરે મંદવાડ ઘણો છે. અશક્તિ ત્થા શીથીલપણું ઘણું. ને જમવાનું ઘણું થોડું છે. માટે દર્શનનો લાભ આવી લેવાય તો બહુ સારું. એ અમારો અભીપ્રાય છે. અને અમે પણ એમ કર્યું છે. વસોવાળા પુરુષોત્તમલાલને પણ આ ખબર, કહી તમો સાથે આવસો, તેમ આશા રહે છે. ટપાલનો કાગળ આહીં લખવો.. સરનામું - હડમતીયા સ્ટેશન માસ્તર મારફત, લાઈન જામનગર. મું. ઢાંગરા. મહા સુદી ૯, સોમવાર ૧૯૫૭.

પરંતુ હજુ આ પત્ર રસ્તામાં જ હશે, ત્યાં અહીં એક દુઃખદ ઘટના બની ગઈ ! તા. ૨૯-૧-૧૯૦૧ની રાત્રે ઢોલિયામાં બેસી, સ્વસ્તિક આસન વાળી, જાગા સ્વામીએ સૌને 'જય સ્વામિનારાયણ' કહ્યા અને સ્વતંત્ર થકા દેહ છોડી મહારાજના ધામમાં બેસી ગયા...

અક્ષરના ભાવને પામીને આ મહાપુરુષે જીવનભર માન-અપમાન સહન કર્યાં.

છતાં અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ઉપાસના કરવાની વાત પ્રવર્તાવવામાં ક્યાંય પાછું વાળીને જોયું નહીં. આવા મુક્તરાજના અક્ષરવાસથી સમગ્ર સત્સંગમાં ઘેરો શોક છવાઈ ગયો...

સ્વામીશ્રી અને ઉપસ્થિત સંત-હરિભક્તોએ દેહને પાલખીમાં પધરાવી સુખડ-નાળિયેરથી રચાયેલી ચિતા પર વિધિવત્ અગ્નિસંસ્કાર કર્યા... સ્વામીશ્રીએ હરિભક્તોને ડાંગરા સુધી આવવામાં વાર લાગે તેમ હોવાથી એક સૂચના પત્ર લખી મોકલ્યો :

તા. ૩૦-૧-૧૯૦૧, મહા સુદી ૧૧, સં. ૧૯૫૭, બુધવાર.

ડાંગરાથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના, પ્રભુદાસના જયશ્રી સ્વામિનારાયણ વાચશો.

બીજું, આજરોજ બુધવારે પાછલી રાત્રીના બાર ઉપર બે બજે સ્વામી જાગાભક્ત દેહ મુકી અક્ષરનિવાસી થયા છે. તે ઘણું વિપરીત થયું છે. શ્રીજીની મરજી આગળ ઉપાય નહીં. માટે તમો વડોદરાથી જીભાઈ ત્થા શીવશંકરભાઈ ત્થા ચાણસદવાળા વૈદ પોતે આવે છે, તો હવે ના આવે તેવી રીતે રેલગાડી ઉપર આપે રેલ ગાડીના ટેમની ખબર રાખીને અહીં આવનાર લોકોને અટકાવવા. તમારાથી બની ન શકે, તો કોઈ માણસ સ્ટેશન ઉપર રાખી, આવનારને અટકાવવું. કેમ કે ફેરો પડે, તે ઠીક નહીં. અને આ ખબર સૌને આપવાના છે.

આ પછી સૌની વિદાય લઈ, સ્વામીશ્રી પુનઃ સારંગપુર પધારી સેવાઓમાં જોડાઈ ગયા.

જમીનોનું, બંગલાનું તથા અન્ય વહીવટનું કામ પૂર્ણતાને આરે હતું. કો. પ્રભુદાસભાઈ તથા જોધા ભગત દિલ રેડીને કામકાજ કર્યા કરતા. આથી જ સ્વામીશ્રીએ સોરઠની પંચતીર્થીએ જવાનો વિચાર કરી લીધો. અનેક હરિભક્તો એમની સાથે હતા. પંચતીર્થી દરમ્યાન સૌ જૂનાગઢ પધાર્યા, ત્યારે અહીં એક વિશિષ્ટ ઘટના બની ગઈ.

એ દિવસો ભીમ એકાદશી પછીના હતા. તા.૧૬-૭-૧૯૦૨ના દિવસે એકાદશીનો સમૈયો પૂરો થઈ ગયો હતો. હરિભક્તો સૌ વિખરાઈ ગયા હતા. સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામી, વયોવૃદ્ધ સંત કેશવજીવનદાસજી વગેરે સાથે સ્વામીશ્રી ગોષ્ઠિ કરી રહ્યા હતા. વાતવાતમાં મૂળ ગોપાળાનંદ સ્વામીના શિષ્ય અને ૮૫

વર્ષની વયના સંત કેશવજીવનદાસે સ્વામીશ્રીને કહ્યું, 'સાધુરામ, તમે સ્વામીની નિષ્ઠાવાળા છો, વળી મોટાના કૃપાપાત્ર છો તો મહારાજ-સ્વામીની જોડે મૂર્તિઓ પધરાવો. અમારે ગોંડલમાં પધરાવવી હતી પણ તે બની શક્યું નહીં.

સ્વામીશ્રીએ નમ્રતાથી કહ્યું, 'સ્વામી બાલમુકુંદદાસજી કહે તો એ કામ કરીએ.' ત્યારે તેઓ બોલ્યા : 'હું તો ગુણાતીતાનંદ સ્વામી અને મહારાજની સોનાની મૂર્તિ બેસે ત્યારે રાજી !'

સ્વામીશ્રી આવી ભાવનાથી ખૂબ પ્રસન્ન થયા. પણ સ્વામી બાલમુકુંદદાસજી અખિલ સંપ્રદાયના મોટેરા હતા, બધાને મળતું આવે અને કાંઈ કલેશ ઊભો ન થાય, તેનું અનુસંધાન તેઓ હંમેશાં રાખતા. અંતરમાં અક્ષર સહિત પુરુષોત્તમની વાત બરાબર સમજતા પણ સૌને મળતું રાખવા સિદ્ધાંત પ્રવર્તાવવામાં સાવચેત રહેતા.

'મૂળ અક્ષરમૂર્તિ' શબ્દના વિરોધ પછીની વેદના

જૂનાગઢમાં સ્વામીશ્રી હાજર હતા, તે દરમ્યાન વાત એમ બની હતી કે રાજકોટથી આવેલી ગુણાતીતાનંદ સ્વામીની નવી ચિત્રપ્રતિમા સભામંડપમાં પધરાવવાની હતી. જૂની મૂર્તિનો ભાવ બરાબર ન હતો. આ જૂની મૂર્તિ નીચે પ્રથમથી જ 'સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી' લખાયેલું હતું. પરંતુ નવી સુંદર મુખભાવવાળી મૂર્તિ તૈયાર થઈ ગઈ, ત્યારે સ્વામીશ્રી, વિજ્ઞાનદાસ (મૂળ વતન પંચાળા પાસે બાલા ગામ) અને અન્ય હેતવાળા સંતોના કહેવાથી 'સદ્‌ગુરુ' શબ્દની જગાએ 'મૂળ અક્ષરમૂર્તિ' શબ્દ લખી દેવામાં આવ્યો.

એ પછી શું થયું ? સુંદરિયાણાના ભક્તરાજ હિમરાજ શાહના ત્રીજી પેઢીના વંશજ અને સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામી પ્રત્યે ગુરુભાવ રાખનાર બાપાલાલ એ પ્રસંગના પ્રથમ સાક્ષી હતા. તેઓ આ પ્રસંગ નિરૂપતાં આખી ઘટનાનો સિલસિલાબંધ પત્ર પછીથી સ્વામીશ્રી પ્રત્યે લખે છે, જેમાં બાલમુકુંદ સ્વામીનો દ્વિધાભાવ, સ્વામીશ્રીની હિંમત, અંદરખાનેથી બાલમકુંદ સ્વામીનો રાજીપો અને એ સમયથી જ ચાલી આવતી જૂનાગઢી સંતોની અક્ષર-પુરુષોત્તમની સ્પષ્ટતાભરી સમજણનો ચિતાર બધું જ સુપેરે ઝીલાયેલું જોવા મળે છે. ખાસ તો બાલમુકુંદ સ્વામીએ બાપાલાલનો 'મૂળ અક્ષરમૂર્તિ' લખવા બાબતે અભિપ્રાય લીધો અને તેમણે 'નવું કરવાની' ના પાડી, પછીથી જે પસ્તાવો થયો છે ને સિદ્ધાંત વિરૂદ્ધ, મોટા સંતની મરજી વિરુદ્ધ બોલવાથી જે હૈયા-વલોપાત સર્જાયો તે આપણું હૈયું

હચમચાવી દે તેવો છે :

બાપાલાલ વાગડથી વડતાલ પત્ર લખે છે;

'સ્વસ્તીશ્રી વરતાલ મહાશુભ સ્થાને પુજ્ય આરાધે, પરમ દયાલુ, પરોપકારી... શમદમાદિક તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્યાદિક સકલ કલ્યાણકારી, શુભગુણ સંપન્ન, એકાંતિક ધર્મવિદ્, સદ્ગુરુ, સત્શાસ્ત્રાદિકના રહસ્યજ્ઞાતા, શ્રીજી લાડીલા, સર્વશાસ્ત્ર પ્રવીણ, પરમ પૂજ્ય, સદાકૃપાલુ એવં સરવે દિવ્યોપમા વીરાજમાન, સંતશિરોમણી, અક્ષર સ્વરૂપ શાસ્ત્રીજી શ્રી યજ્ઞપુરુષદાસજીની પવિત્ર સેવામાં,

મુ. વાગડથી સેવક બાપાલાલના સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહીત જય શ્રી સ્વામીનારાયણ આપની પવીત્ર સેવામાં અંગીકાર કરશો.

વી. આપ પંચતીર્થમાં આવેલા ત્યારે સ્વામી અક્ષરમૂર્તિ સદ્ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીની મૂરતી રાજકોટથી મંગાવી હતી. મૂરતી સભામાં મૂકી હતી. આ નવી મૂરતી કરાવવાનું કારણ એ હતું જે, આગલી મૂરતી હતી તેમાં સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીનો ભાવ બરાબર ન હતો. આગલી મૂરતીમાં 'સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદસ્વામી' એટલું લખેલું હતું તે જ મુજબ આ નવી મૂરતીમાં જ્યારે દર્શન થયા ત્યારે લખેલું હતું. ત્યારબાદ તે મૂરતી લીલી હોવાથી (બાલમુકુંદ) સ્વામીના આસને મૂકી. ને બીજે દિવસે જ્યારે સભામાં ફરી મૂકી ત્યારે ઉપર સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીના નામ નીચે 'મૂળ અક્ષરમૂર્તિ' આ શબ્દો તાજા લખાયેલા તે નવા માલમ પડ્યા.... તે (મૂર્તિ યોગ્ય સ્થાન) ઉપર મૂકતી વખતે (બાલમુકુંદ) સ્વામીએ મને પુછ્યું જે આમાં તમારે કાંઈ શંકા છે ?

ત્યારે મેં મારી અલ્પ બુધ્ધિથી ત્થા છોકરમતથી ત્થા કુવાનો દેડકો સમુદ્રનું શું માહાત્મ જાણે તે કુવાના દેડકા માફક હોવાથી એટલી શંકા કરી, પણ હાથ જોડી નમ્રતાપૂર્વક કહ્યું જે આપે પૂછાવ્યું ત્યારે મારે કહેવાનું છે જે નીચે જે નવા શબ્દો લખ્યા છે તે આગલીમાં ન હતા. ને આમાં શા સારૂ લખ્યા હશે ? વળી આ જે લખ્યા તેમાં મારે કાંઈ હરકત નથી. પણ, વડતાલવાળા ગોપાલાનંદ સ્વામી, ત્થા સદ્ગુરુશ્રી નિત્યાનંદસ્વામીવાળા ત્થા બ્રહ્મચારી મુકુંદાનંદજીવાળા ત્થા ધર્મકુલ આચાર્યશ્રીવાળા મૂલ અક્ષર-વ્યાસાવતાર-હનુમાનજી અનુક્રમે કરીને લખશે. વળી, આપ જાણો છો જે ગોપાલાનંદ

સ્વામી શ્રીકૃષ્ણાવતાર કહેવાતા. પણ તેમને કેટલાક 'અક્ષર' કહે છે. તેથી તે તકરાર બંને ગાદીના દેશમાં ચાલી જાય છે, ને આ સાર્વજનિક દરશન (માટે મૂર્તિ મુકાય) છે. માટે આપની મરજી રૂપ કરો. આપનાથી હું બહુ નથી. પણ નવું કરવાના નીમિત્તકર્તા આપ (બાલમુકુંદ સ્વામી) થશો.

ત્યારે સ્વામીશ્રી બોલ્યા, 'જે (લખાણ) હજુ લીલું છે, માટે આપણે હાથે કાઢીએ તો બગડે, માટે મિસ્ત્રીને બોલાવી નામ નીચે વધારે શબ્દો લખાયા છે, તે કાઢીને ત્યાં પધરાવજો. વળી, તે નવા શબ્દો લખાવવામાં શાસ્ત્રી (યજ્ઞપુરુષદાસજી), વિજ્ઞાનદાસ સૌ હતા.' આ પ્રમાણે કહીને મુરતી પોતાના ઉતારે મુકાવી દીધી. ને સેવકોને ત્થા વિજ્ઞાનદાસ સ્વામીને કહી દીધું કે મુરતી હમણાં પધરાવવાની નથી.

ત્યારબાદ તેઓ (એટલે કે બાલમુકુંદ સ્વામી) ગોંડલ પધાર્યા પછી બીજે દિવસે આપ વીગેરે મલી ('અક્ષરમૂર્તિ' લખેલી નવી મૂર્તિ) પધરાવી દીધી. સ્વામી જે કહી ગયેલા તે હકીકત આપ વીગેરેના જાણવામાં આવી હતી. પણ આપે 'અક્ષરમૂર્તિ' લખેલ મૂર્તિ પધરાવી દીધી. જો કે તેમાં મારે કાંઈ હરકત ન હતી. પણ બાલમુકુંદસ્વામી ના કહીને ગયેલા. વળી નવા શબ્દો લખવાથી બીજા વાદ લે. તેથી આ શબ્દો બહાર લખવા (જેવા નહોતા).

સ્વામી નારણદાસ બોલ્યા જે 'આ લખવામાં અમે જાણતા નથી. તેમ તે લખવાથી વધારે કોઈને સમજાઈ જતું નથી. વળી, કોઈને રૂચે, કોઈને ના રૂચે. તેથી જેમ ઠીક થાય તેમ કરો.' ત્યાર પછી આપ ત્થા રા. ઝવેરભાઈ (અમીન, સોજીત્રાવાળા) સદાશંકરભાઈને લઈને આવ્યા. હું તો પ્રશ્ન પુછી બેસી રહ્યો હતો ને સ્વામી નારણદાસજી વાતો કરતા હતા. પણ ઝવેરભાઈ ઉતાવળા, બેબાકળા આવીને 'શું છે ? શું છે ?' પૂછવા મંડી ગયા.

મેં જ્યારે ('અક્ષરમૂર્તિ' લખવું ન જોઈએ) તે સૂચન કહ્યું ત્યારે પોતે શું બોલ્યા ? તે આપ જાણો છો ! કોઈ એમ મને બોલ્યું નથી ! તે પોતે બે શબ્દો ઉપડતાં બોલી ગયા. સભા ઉઠ્યા પછી હરિજનો-સાધુ સૌ આવ્યા ને મને પૂછવા લાગ્યા જે નવા શબ્દો લખવાથી વિશેષ શું છે ?

વળી, પુરાણી ગોપીનાથદાસજી, સ્વામી નારાયણદાસ મારી સાથે વાતચીત કરતા (હતા) ત્યારે આપ જાળીમાં આવ્યા હતા. હવે હું તો નવું થતું દેખીને છોકરમતથી, તુચ્છ બુધ્ધિથી ને સ્વામીશ્રી(બાલમુકુંદદાસજી)ના

કહેવાથી બોલ્યો હતો ને પછવાડેથી મોટું સ્વરૂપ થયું. બાકી તો તે મારી છોકરમત ને મુર્ખાઈ થઈ. પણ હું ઝવેરભાઈ સામે એક શબ્દ બોલ્યો નથી.

મારા (ગયા) પછી રા. ઝવેરભાઈ પોતાને ઉતારે ભાઈલાલભાઈ પાસે પણ દેશકાળ પ્રમાણે ત્થા તે વખત પ્રમાણે શબ્દો બોલ્યા હશે. તે પ્રસગ તેવો હતો, તે બોલે જ. તેમાં નવાઈ નથી. કારણ કે નવું થતું અટકાવવું એમ હું મારા મનને વીશે માની બેઠેલો. પણ તે તો (ગોરધનભાઈ) કોઠારી અથવા જે સત્સંગના નીયંતા ને મુખ્ય છે, તેમનું કાર્ય હતું. પણ તેમના તરફથી હું બોલી ગયો. તે મારી મુર્ખાઈ છે.

હવે તે વીશે આપને લખવાનું જે સ્વામી બાલમુકુંદદાસજી મારા ધારવા પ્રમાણે ૫૦ વરસથી આ મંદીરમાં રહે છે ને (ગુણાતીતાનંદ) સ્વામીનો સમાગમ ૧૫ વરસ તેમણે કરેલ હશે. તે પણ પોતાનું નામ દેવા કે એથી લોકમાં ખોટું દેખાશે, એમ જાણીને (અક્ષરમૂર્તિ લખેલી મૂર્તિ) ન પધરાવતાં પોતાના મુકામમાં (ઉતારાના ઓરડામાં --'અક્ષરમૂર્તિ' લખેલી મૂર્તિ) મુકાવી ગયા હતા. તેમણે જેટલું જોયું હશે ત્થા ગુણાતીતાનંદ સ્વામીનું સુખ ભોગવ્યું હશે તેટલો આપણે લાભ (દર્શન) પણ નથી. તો તે પણ (પધરાવેલી મૂર્તિ જોઈને) આંચકો ખાઈ ગયા, ને બોલ્યા જે 'શું બધી તકરાર ચાલી જ જાય છે ?'

હવે હું જે બોલ્યો તે મુર્ખાઈથી બોલ્યો, વળી ખોટી પોતાપણાની માનીનતાથી બોલ્યો. વળી, તે કામ મુરબ્બીશ્રીનું હતું ને હું બોલ્યો તે માટે આપ વીગેરેની માફી માગી હતી ને હવે તે સંબંધમાં હું કાંઈ બોલીશ નહીં એમ પણ કહ્યું હતું.

(બાલમુકુંદદાસ) સ્વામીશ્રી પાંચ દીવસ પછી તરત પાછા (જૂનાગઢ) આવવાનું કહી ગોંડલ ગયેલા, પણ ૧૦ દીવસ થયા તો પણ ન આવ્યા તેથી બે પોસ્ટકાર્ડ મેં લખ્યા હતા.

તેઓ પધાર્યા પછી એક શબ્દ પણ હું બોલ્યો નથી, પણ તેમણે મને પુછ્યું જે 'તું રાજી થા તેમ કરૂં. હું (તો) ના કહી ગયેલ પણ પછવાડેથી ઉતાવળ કરી (મૂર્તિ પધરાવી છે) હવે તું કહે તો ઉતરાવીને રાખી મૂકું ને નામ (મૂળ અક્ષરમૂર્તિ) કાઢીને પછી પધરાવીએ. બાકી તો ચોપડીએ-ચોપડામાં તો છપાઈ ગયું છે (કે સ્વામી, મૂળ અક્ષર મૂર્તિ છે.), ત્યારે મેં બે હાથ જોડી

કહ્યું : 'જે આપ રાજી થાઓ તેમ કરો. મારે કાંઈ નથી. કારણ કે તે કામ ('અક્ષરમૂર્તિ' રાખવું કે કાઢવું) મુરબ્બી શ્રી કોઠારી ગોવરધનભાઈનું છે. તે હું વચ્ચેથી બોલી ગયો, તેથી હું આપની માફી માગું છું ને સત્સંગના નીયંતા કોઠારી જ જાણશો. પછી ગમે તેમ કરો, બાકી આપ રાજી રહો, રાજી રહો તેમ કરો. હું તમારા ચર્ણની રજ (પણ) નથી. ગમે તેણે લખ્યું, ગમે તેણે કહ્યું, તે સૌની માફી માગી છે ને આપની પણ માફી માંગુ છું.

ત્યારે તેમણે મને માફ કર્યો. ને બોલ્યા જે, 'શાસ્ત્રીજી, કામમાં છે તેથી વરતાલથી કોઠારી તેમને કાંઈ લખશે નહીં ને (તેમણે 'અક્ષરમૂર્તિ' લખવાનું કામ કર્યું છે, તેથી) મરડશે નહીં, ત્યારે મેં કહ્યું જે, 'મરડે ના મરડે તેમાં મારે કાંઈ નથી. જેમ તેમને કરવું હોય તેમ કરે, બાકી મને સમાગમનું સુખ આપો ને રાજી કરો.'

ઉપરના મારા સ્વભાવથી આ વખતે પણ હું બોલી ગયો, પણ મારૂં કામ ન હતું તે તેના માટે માફી માગી છે, ને માંગું છું. વલી વરતાલ-ગઢડે-ધોલેરા-અહીં હરીભક્ત તરીકે દરેકને સમાગમે ગયો હોઉં કે અહીંયા આવ્યો હોઉં ને તે તે મંદીરોના સંત ગમે તેમ નવી રીતો ચલાવતા હોય, પણ કાંઈ બોલાય ? ન જ બોલાય. તે અનુસંધાન મારૂં છે, પણ આ વખતે વળી કોઈકનું દીધેલ ઘરાણું ભોગવવા છતાં પોતાનું ઘરાણું (માની લીધું) ને પારકું હતું તે પોતાની માનીનતાથી ભોગવી લીધું. તેની માફી માંગું છું. તે આપે માફી આપી છે, ને હજુ કાંઈ મનમાં હોય તો માફ કરજો.

રા.રા. શ્રીમાન હરીભાઈએ પણ ભરૂચથી હેતુ તરીકે (મને) બે શબ્દો લખ્યા છે. તો હવે કૃપા કરી આપ આ સંબંધી હકીકત ક્યાંઈ કહેશો નહીં. ને જેના જેના જાણવામાં આવી હોય તેમને મારો અભાવ આવ્યો હશે. કારણ કે તે સૌ આપને લીધે મારા સ્નેહી છે. તો તે (મારા પ્રત્યેનો અભાવ) પણ દૂર કરશો. ને સારંગપુર જ્યારે પધારો ત્યારે નાર(ણ)ભાઈ વીગેરેને હકીકત જાણવા દેશો નહીં. ને મારા ગામવાલા (સુંદરીયાણા) ત્થા અમદાવાદ વાલા ત્થા સારંગપુરમાં હરિભક્તો કોઈને કહેશો નહીં. ને પ્રભુદાસભાઈને લખી જણાવશો કે આ સંબંધી કોઈને કહે નહીં. કારણ કે મારા ભાઈઓ વીગેરે જાણસે તો તેઓને મનમા બહુ લાગશે, ને મને ઠપકો લખશે. વળી મારા ગામમાં ત્થા આજુબાજુના ગામવાળા હરિભક્તો જાણસે તો અમારા નાત

બહાર આજ દીવસ સુધી રહ્યાપણાને કાલ પડ્યા જેવું થશે. જે : 'જુઓ, મંદિરમાં ક્ષમા કરવા ને બ્રહ્મચર્ય પાલવા, સમાગમ કરવા રહ્યા ને કમાણી કરી !' આવું કહીને મેંયણા મારે. માટે ક્યાંઈ જણાવશો નહીં.

સામાન્ય રીતે વાતચીત કરતાં દા. ઝવેરભાઈ, ત્થા રા. સોખડાવાળા (ત્રિભોવનદાસ) ને ખોટું લાગ્યું હસે. ને રા. ઝવેરભાઈ ત્થા રા. સોખડાવાળા (ત્રિભોવનદાસ) ત્થા બંને કાંઈ બોલ્યા હશે, તે મારા હીતાર્થે હું માનું છું.

આ આત્યંતિક કલ્યાણની વાત (સત્સંગની) બહાર (ક્યાંય) નથી, એવું જાણી અહીં આવી રહેલ છું. વલી મોટા વડવા બાપ (હીમરાજ શાહ, પુજા શાહ) વીગેરે મને ભણાવવાની ચિંતામાં ચાલ્યા ગયા. તેવું તેવું વીચારીને મારે પણ ચાલ્યા જવું છે. (ધામમાં ચાલ્યા જવું છે) અભ્યાસ કરીને મેટ્રીકમાં પાસ થયા પછી (સદ્‌ગુરુઓએ) આજ્ઞા આપી (તેથી) મારે (સેવામાં) ભાગ લેવા-દેવા સંબંધમાં કોલેજ છોડવી પડી. જે સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાને મારો સંકલ્પ પુરો પાડવા (જ ભણવાનું બંધ રાખ્યું, તેવું) લાગ્યું. શ્રી વિહારીલાલજી મહારાજે પ્રેરણા કરીને વરતાલ બોલાવરાવ્યો. કદાપી બહાર નોકર રહી ગયો હોત તો ઘણો પગાર મળત. પરંતુ અહીં સિવાય સત્સંગનો બીજો (અવસર) મળશે નહીં, એમ જાણી ક્યાંઈ ગયો નહીં.

આપ જાણતા નથી ને મેં કહ્યું નથી પણ, સત્સંગમાં રહીને શુધ્ધીથી જીંદગી પાર પાડવી તે (એક વિચાર રાખ્યો છે, એ) સઘળું આપ જાણો છો માટે ફરી માફી માગું છું. તો કૃપા રાખશો. માફ કરશો. ને ઝવેરભાઈ વીગેરેને યાદ કરવા, માફ કરવા લખશો. ને મારા માવતર કે કોઈ ન જાણે તેમ લખશો. (ને રક્ષા કરજો) અરેરે !! શું બાપાલાલનું દુર્ભાગ્ય છે ! આપની સાથે કેટલા વખતથી કેવું હેત ને આ શું થઈ ગયું !!...... '

બાપાલાલના પત્રમાં કેટલી વેદના છે ! સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીનું દ્વિધાયુક્ત વલણ અને અંતે રાજીપો વગેરે કેટલી સચોટતાથી વ્યક્ત થયું છે !

'કોઠારી શાસ્ત્રીજીનું કાંઈ મરડશે નહીં' એ શબ્દોમાં સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીને સ્વામીશ્રી પ્રત્યેનો ગુપ્ત સદ્‌ભાવ છલકાઈ રહ્યો છે. તો 'અક્ષરમૂર્તિ' તો ચોપડે ચોપડે લખાઈ ગયું છે.' આ શબ્દોમાં તેઓનો આનંદ વ્યક્ત થઈ રહ્યો છે કે આખરે મૂળ અક્ષરમૂર્તિના સ્વરૂપની સમજ, ફેલાવા માંડી ખરી !

હા, બાલમુકુંદ સ્વામી સત્સંગના મોટેરા હોવા છતાં અને વળી આચાર્યશ્રી પણ

તેમને કાંઈ જ કહી ન શકે તેવું શુદ્ધ સાધુતાસભર તેઓનું વ્યક્તિત્વ હોવા છતાં તેઓ બાપાલાલ જેવા શિષ્યના અભિપ્રાય પાસે પણ ઝૂકી જતા અને લોકસંગ્રહને માટે કે 'પોતાનું નામ દેવા કે એથી લોકમાં ખોટું દેખાશે.' એમ જાણીને 'અક્ષરબ્રહ્મ' તરીકે ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ શિખરબદ્ધ મંદિરો કરીને પધરાવવાનો નિર્ભયપણે પ્રયત્ન કરી શકતા નહીં, એ સંજોગોમાં સ્વામીશ્રીની હિંમત, આત્મવિશ્વાસ અને સ્વરૂપનિષ્ઠાની દૃઢતા કેટલી વિરલ કહી શકાય !

સ્વામીશ્રીએ સિદ્ધાંતોની બાબતે કોઠારીઓથી માંડીને બાપાલાલ જેવા આજીવન બ્રહ્મચારી હરિભક્તો સુધી કોઈના અભિપ્રાયની પરવા ક્યારેય કરી નથી. જે લોકો આ સિદ્ધાંતની સામે પડ્યા હતા તેમણે બાપાલાલની જેમ માફી માગીને ઝૂકી જવું પડ્યુ હતુ.

સત્યની આ જ વિશેષતા છે ! તે ક્યારેય હારતું નથી, ને ક્યારેય ભુંસાતું નથી.

✧ ✧ ✧

પત્રધારા

૮ વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય

સ્વામીશ્રીની પંચતીર્થી પહેલાંના આઠ માસ પૂર્વેનો આ એક રોમાંચક ઇતિહાસ છે. વડતાલ દેશના ગાદીપતિઓ અને એ દેશના સંતો-કોઠારીઓના વ્યક્તિત્વથી આપણી સંસ્થાનો ઇતિહાસ અવનવા રંગો સર્જી રહ્યો છે... સ્વામીશ્રી જ્યારે અન્યત્ર પ્રવૃત્ત હતા, તે દિવસો દરમ્યાન અમદાવાદ દેશની કઈ પ્રવૃત્તિઓ હતી ? ત્યાં કોણ વહીવટ સંભાળી રહ્યું હતું ? અને ત્યાંના વાતાવરણમાં સત્સંગની રીતિ-નીતિના કેવા રંગો રેલાતા હતા ? તેની કોઈ જ વિગતો સુપેરે સાંપડતી નથી.

હા, સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને સંબંધિત છે એટલી વિગતોનો સ્પર્શ કરવા માટે થોડાં પાછલાં વર્ષોની કડીઓ ગુંથવી પણ આવશ્યક છે.

આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ અને કેશવપ્રસાદજી મહારાજનો યુગ સમાપ્ત થયો હતો. ગાદીપતિ આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજ હજુ ગયા વર્ષે જ તા. ૧૦-૧૨-૧૯૦૧ના કાર્તિક અમાસ સં. ૧૯૫૮ના રોજ અક્ષરનિવાસી થયા હતા. અતિ અલ્પ માંદગીમાં અને માત્ર બત્રીસ વર્ષની યુવાન વયે જ તેમનું અચાનક અવસાન થવાથી સૌ દિગ્મૂઢ બની ગયા હતા. પુરુષોત્તમ પ્રસાદજી મહારાજે તા. ૨૦-૬-૧૯૦૧ના રોજ એક વીલ બનાવડાવ્યું હતું જેમાં પોતાના વારસ તરીકે રામપ્રતાપભાઈના પ્રપૌત્ર કાશીપ્રસાદજીના પુત્ર વાસુદેવપ્રસાદજીની નિમણૂંક કરી હતી. આ નૂતન આચાર્યની ઉંમર પટ્ટાભિષેક સમયે માત્ર અઢી વર્ષની હતી ! જ્યારે સત્સંગના હિતેચ્છુ કેટલાક સંતો-ભક્તોની ઇચ્છા હતી કે ધર્મકુળના મથુરાપ્રસાદ પાંડેના પુત્ર કુંજવિહારીપ્રસાદજીને ધર્મકુળની ગાદી પર બિરાજમાન કરવા જોઈએ. કેમકે કુંજવિહારીપ્રસાદજી, શ્રીપતિપ્રસાદજી અને જગદીશપ્રસાદજી આ ત્રણે ભાઈઓમાંથી યોગ્ય, ધર્મનિષ્ઠ અને ભક્તિના

સંસ્કારેયુક્ત પુખ્ત ઉંમર અને પરિપક્વ વ્યક્તિત્વવાળા તો કુંજવિહારીપ્રસાદજી જ હતા. અનેક વડીલ અને જવાબદાર સંતોનો સદ્‌ભાવ પણ તેમણે સંપાદન કર્યો હતો. પરંતુ, ગમે તે કારણોસર ગાદીવારસ તરીકેનો તેમનો દાવો નિષ્ફળ બનાવાયો. કુંજવિહારીપ્રસાદજીના હેતવાળા સંતોને આ અપમાન હાડોહાડ લાગી ગયુ. આગેવાન ગૃહસ્થો, સંતોની સભા તાત્કાલિક પાંચાભાઈની પોળ સામેના ડેલામાં ભરવામાં આવી. માત્ર અઢી-ત્રણ વરસના બાળકને ગાદી આપી જ ન શકાય, એ શ્રીજીની આજ્ઞા વારંવાર સત્સંગિજીવનના શ્લોકો ટાંકીને રજૂ કરવામાં આવી. પણ, આ સભાનું કોઈ નિર્ણાયક પરિણામ ન આવ્યું.

આથી સાધુ નિર્મળદાસ, ત્યાગવલ્લભદાસ વગેરે કુંજવિહારીપ્રસાદજીને લઈ મૂળી ચાલ્યા ગયા. તેમને અમદાવાદ દેશનાં મંદિરોમાં પ્રવેશ કરવાની બંધી કરવામાં આવી.... આ મંડળે ખાખરિયા ટપ્પાનાં ઘણાં ગામોમાં વિચરી પોતાનો પક્ષ મજબૂત બનાવ્યો. પણ સ્થાન વિના વિકાસ અને વિશ્રામ ક્યાંથી શક્ય બને ?

આખરે સૌએ વઢવાણમાં શિખરબદ્ધ મંદિર કરવા નિર્ણય કર્યો. જોકે સાધનસંપન્ન ગૃહસ્થો કે રજવાડાની મદદ વગર એ કામ લગભગ અશક્ય હતું. ત્યાગીઓ તથા કુંજવિહારીપ્રસાદજી પણ આ જાણતા, પરંતુ લીંબડીના દીવાન ઝવેરભાઈ પાસે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી સારંગપુરથી અવારનવાર આવતા, તે જાણી નિર્મળદાસજી સ્વામીશ્રીને લીંબડીમાં મળ્યા. આખા સત્સંગને સ્વામીશ્રીની વ્યવહારકુશળતા, વિલક્ષણ બુદ્ધિ અને સર્વોપરી નિષ્ઠાની જાણ હતી. તેમને ખબર હતી સ્વામીશ્રી જ એક એવા વીર પુરુષ છે જે ધાર્યું નિશાન પાર પાડી શકે.

તેઓ સ્વામીશ્રીને મળ્યા. સ્વામીશ્રીએ ઘણું પ્રોત્સાહન આપ્યું અને વઢવાણમાં મંદિર કરવા સંપૂર્ણ સહકાર આપવા બાંહેધરી આપી. તેમના અંતરમાં એક અદ્‌ભુત યોજનાનો ઝબકાર થઈ ચૂક્યો હતો. અને એ યોજના હતી શિખરબદ્ધ મંદિરમાં અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તિઓ બેસાડી દેવાની !

તેમણે નિર્મળદાસજી વગેરેને ઉપાસનાની વાતો વચનામૃતનાં પ્રમાણો આપીને સમજાવી. ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર કેવી રીતે છે તે વાતનાં પણ પ્રમાણો આપ્યાં અને છેવટે એક શરત મૂકી, 'તમે આપણા ઈષ્ટદેવ સહજાનંદ સ્વામી અને તેમના ઉત્તમ ભક્ત અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી એમ ભક્તે સહિત ભગવાનની મૂર્તિઓ જો તમારા વઢવાણના નવા મંદિરમાં, મધ્ય શિખરમાં બેસાડો તો તમે જે પ્રકારે માગો, તે પ્રકારે મદદ કરીએ.'

સ્વામી નિર્મળદાસજી આ સિદ્ધાંતમાં સંપૂર્ણ સહમત હતા. પોતે 'સ્વામીની વાતુ'ના અભ્યાસી હતા. અને વડતાલમાં રહ્યાં રહ્યાં આ કામ ક્યારેય નહીં થઈ શકે તેની પણ તેમને અને સ્વામીશ્રીને પોતાને પણ ખાતરી હતી. વડતાલ સંસ્થામાં રહ્યાં રહ્યાં અમદાવાદથી બહાર નીકળેલાઓને ઉપાસનાના હેતુથી સહકાર આપવાનું સ્વામીશ્રીનું તાન અને સાથે સાથે સંસ્થાના બંધારણની બહાર જઈને મદદ કરવાની આવી હિંમત જોઈ એ સંતોના હૈયે આશ્ચર્ય અને આત્મવિશ્વાસના ટકાર ગુજવા લાગ્યા.

'મહારાજ-સ્વામીની જોટે મૂર્તિઓ બેસશે !' એટલી ખાતરી મળતાં જ સ્વામીશ્રીએ જમીન માટેનાં ચક્રો ગતિમાન કરી દીધાં.

લીંબડી ઠાકોર અને વઢવાણ ઠાકોર નજીકના સંબંધીઓ હતા અને લીંબડી ઠાકોરના દીવાન ઝવેરભાઈ સ્વામીશ્રીના હેતવાળા હતા. ચિઠ્ઠીઓ લખાઈ. સંમતિ મેળવાઈ અને રાજ્ય તરફથી ભોગવો નદીને કાંઠે વિશાળ જમીનનો કબજો સ્વામીશ્રીના ઐશ્વર્ય, પ્રતાપ અને સામર્થીથી મળી ગયો. આમ, બ્રહ્માંડમાં અક્ષર-પુરુષોત્તમના પ્રથમ મંદિર માટે વઢવાણ શહેર ધન્ય-ભાગી બન્યું !

•

હવામાં વાત વહેવા લાગી : 'શાસ્ત્રી સારંગપુર રહ્યાં રહ્યાં કુંજવિહારી પ્રસાદજીને સહકાર આપી રહ્યા છે !'

આ વાતને વેગ મળે તે પહેલાં સ્વામીશ્રી ગુજરાત તરફ વિચરણ કરવા નીકળી ગયા. વડોદરામાં શ્રાવણ માસની પારાયણ પ્રસંગે સાધુઓએ સ્વામીશ્રીનું ભારે અપમાન કર્યું. પથ્થરો ફેંકાયા. હવેલી બાળી નાખવા પ્રયત્નો થયા. ને પોલીસ આવી ગઈ. ત્યારે આરોપીઓના નામ લખાવવા તેમણે આગ્રહ કર્યો. સ્વામીશ્રી એ સમયે માત્ર એક જ વાક્ય બોલ્યા, 'અમારે કોઈ ફરિયાદ કરવી નથી ને કોઈ ઉપર અમારે દ્વેષ નથી. આપ કોઈને કાંઈ કરશો નહીં.'

અધિકારી પંચનામું કરીને આભો બનીને ઊભો રહી ગયો. આ અજાત શત્રુ સંતની કરુણા તેમના હૈયે પારસ બનીને સ્પર્શી ગઈ.

'વિપરીત સમય લાગે તો ચાલ્યા આવજો !'

બીજી તરફ ગઢડાના કોઠારી ભીમજીભાઈએ તો વળી એવો આક્ષેપ ફેલાવવા માંડ્યો કે શાસ્ત્રીએ હનુમાન મંદિરના રૂ. ૬૦,૦૦૦ ઉપાડીને લીંબડી દીવાન

સાહેબ ઝવેરભાઈને ત્યાં મૂકી દીધા છે ને તેમાંથી જ વઢવાણના મંદિર માટે મદદ કરી રહ્યા છે.

ચારે તરફ સ્વામીશ્રી વિરુદ્ધ બળવાનું, પરેશાનીનું, હેરાનગતિનું વાતાવરણ વેગ પકડી રહ્યું હતું.

ભીમજી કોઠારીના આક્ષેપમાં તો દીવાન સાહેબ ઉપર પણ છાંટા ઊડે તેમ હતું. સ્વામીશ્રી આવા પાયાહીન આક્ષેપ પચાવી શકે, પણ દીવાન સાહેબ શા માટે સાંખી લે ? તેમનાં પત્ની દીવાળીબાએ યાત્રા દરમ્યાન સારંગપુર આવી આ આક્ષેપની વાત જાણી એટલે તરત જ બધું દીવાન સાહેબને પણ જણાવી દીધું.

શુદ્ધ સ્ફટિક સમી સાધુતા જેમના હૈયે ને હાડે વ્યાપેલી હતી તેવા સ્વામીશ્રી સમા નિર્મળ સંત ઉપર આક્ષેપો કરવાની આવી પ્રવૃત્તિથી દીવાન સાહેબ ખિન્ન થઈ ગયા. તેમણે ફરીથી પોતાની ભાવના પત્ર દ્વારા દોહરાવી અને લખ્યું :

'વિ. મેં સાંભળ્યું છે કે વરતાલ અને ગઢડાવાળા તમને નષ્ટભ્રષ્ટ કરી દેવા માંગે છે. તેમાં આપનો ઘણો દ્રોહ છે. એવો વિપરીત સમય આવી લાગે તો આપના મંડળના તમામ સાધુઓ સાથે આપ એકદમ અત્રે (લીંબડી) ચાલ્યા આવજો. અને આપના જીવન પર્યંત આપના મંડળનું ભરણપોષણ કરવાને બંધાઉ છું. માટે કોઈ ચિંતા કરશો નહીં.'

જો કે સ્વામીશ્રીને દેહની રક્ષાની કે આદર-માન-પ્રતિષ્ઠા કે સત્તાની કોઈ જ પરવા ન હતી પણ દીવાન સાહેબમાં જેમ પ્રેરણા થઈ તેમ ગુજરાતના સેંકડો હરિભક્તોનાં અંતરમાં પણ શુભેચ્છાઓ ઊઠવા માંડી કે સ્વામીશ્રીનો વાળ વાંકો ન થવો જોઈએ !

દિવસો-મહિનાઓ આવી ભયંકર માનસિક કટોકટી વચ્ચે પસાર થઈ રહ્યા હતા. સ્વામીશ્રી તો પરિણામની પણ પરવા વિના કેવળ પરમાત્માના સત્ય સિદ્ધાંતને પડકારનારાને પહોંચી વળવા આગ સાથેનો ખેલ ખેલી રહ્યા હતા.

સંતની સોબત વિશેનો સંપૂર્ણ ખુલાસો

એવામાં સારંગપુરમાં પ્રભુદાસના નામે એક પત્ર આવ્યો. જે ગઢડાના કોઠારી ભીમજીભાઈએ બોટાદથી પોતાના એક વખતના સહયોગી અને શિષ્ય સમજીને લખ્યો હતો, અને ભગતજીની 'સંગત' અને શાસ્ત્રીના 'સંસર્ગ' વિષે મર્મમાં લખ્યું હતું. ભીમજીભાઈ લખે છે :

શ્રી૧।

તા. ૯-૧૨-૧૯૦૩

સરવે શુભોપમા લાયક, પરમ ભગવદી, સદા ઈશ્વર આજ્ઞાકારી, ભાઈ પ્રભુદાસ, મુ. સારંગપુર,

બોટાદથી લી. ભીમજી ભગવાનના જયશ્રી સ્વામિનારાયણ વાંચશો

વિશેષ, મારે તમારી ઉપર કાંઈ ધોખો (નથી, પણ) તમે માનતા હશો જે હું ઠીક વર્તું છું, પણ મારી સમજણ પ્રમાણે, તેમ દુનિયાના કહેવા પ્રમાણે તમારી વર્તણુંક ચાલે છે તેમને ઠીક લાગતી નથી ને વૈરાગ્ય વિષે મારે તમારો ગુણ (છે તમારે) આ લોકને વિષે વૈરાગ્યની ખામી નથી, સંગત વિષે ખામી છે. એ સિવાય તમારામાં મારે અવગુણ કે મારી ઉપર તમારે અભાવ એ હું બિલકુલ જાણતો નથી. શાસ્ત્રીજીને મારા જય સ્વમિનારાયણ કહેશો. તેમની સાથે મારે વધારે સહવાસ નથી, તેને ને તમારે સંબંધ એટલું જ હું જાણું છું. એજ, સંવત ૧૯૬૦, માગશર વદી ૫ ને વાર બુધ. ભીમજી ભગવાનના જય સ્વામિનારાયણ વાંચવા, તેમજ શાસ્ત્રીજીને કહેવા.

આ પત્ર વાંચતાં જ કોઠારી પ્રભુદાસને પોતાની 'સંગત' વિષે લખી ભીમજીભાઈને સાચી વાત સમજાવવાનો ઉમંગ જાગી ગયો. તેમણે સ્વામીશ્રીને ભીમજીભાઈનો પત્ર વંચાવ્યો. સ્વામીશ્રી કહે, 'તમે શાંતિથી, વિનયપૂર્વક ઉત્તર લખી જણાવો.' પ્રભુદાસે સ્વામીશ્રી પાસે બેસી ઉત્તરમાં લખવાના મુદ્દાઓ ચર્ચી લીધા અને અનેક ઐતિહાસિક વિગતોથી ભરપૂર, નિષ્ઠા, શૌર્યથી સભર છતાં વિનય અને સાધુતા દર્શાવતો મુત્સદીપણાથી પૂર્ણ અનુપમ પત્ર લખી દીધો :

તા. ૧૩-૧૨-૧૯૦૩

પરમ દયાળુ, પરમ પૂજ્ય, શમદમાદિ સાધને સંપન, પરોપકાર પરાયણ, સ્વધર્મનિષ્ટ, શ્રી પ્રગટ પુરુષોત્તમના ઉપાસક એ આદિ સર્વ શુભોપમા વિરાજમાન કોઠારીશ્રી ભીમજી ભગવાન, સારંગપુરથી લી. આજ્ઞાકારી સેવક પ્રભુદાસના સાષ્ટાંગ દંડવતે સહિત જય શ્રીસ્વામિનારાયણ સેવામાં અંગીકાર કરશો .

વિશેષ, આપનો કૃપાપત્ર મળ્યો. વાંચી ઘણો સંતોષ થયો છે.

આપે ઘણા હેતને પેટે મારી ઉપર કૃપા કરી આપના અનુભવ પ્રમાણે ગુણદોષ બતાવી કાગળ લખ્યો તેથી મારા ઉપર પરિપુર્ણ સ્નેહ-દયા છે, તેનો

દેખાવ થઈ આવ્યો છે. જો અંતરમાં હેતભાવ ન હોય તો કેવળ સારૂં લગાડવા સારૂ વખાણ જ લખાય, પણ દુઃખ મનાય નહિ. કડવું ઓસડ તો મા જ પાય, તેથી કરી મને આપના તરફનો ઘણો સંતોષ થયો છે, કારણ કે આપ નીરમચ્છરી (નિર્મત્સરી) ને ગુણજ્ઞ છો, મારી પ્રકૃતિ સામું જોયું નથી ને આપે પોતાની લાયકતા વાપરી છે.

વિશેષ, આપની સેવામાં હું ઘણી મુદત રહ્યો છું, તેમ આપના પ્રતાપથી ને અનુગ્રહથી વ્યાવહારિક સત્સંગમાં નીભાવવા જેવા કેટલાક ગુણો સંપાદન થયા છે, તેથી કરી આપના ગુણ મારા અંતઃકરણમાં સ્ફુરે છે, જેથી કરી આપને વિષે ગુણબુદ્ધિ મટે જ નહિ, તો પછી ગુણ બદલે અવગુણ બોલવા તે હલકાઈનું કામ છે. તે સારા મનુષ્યથી તો બને જ નહિ ને કૃતઘ્નીની તો વાત જ નોખી છે.

આપે મને હેત બતાવી 'સંગત' વિષે સુચના આપી. તે વિષે મારે આપને સંપુર્ણ ખુલાસો કરી આપવો જોઈએ. કારણ કે જેથી કરી મારી ઉપર આપની સંપુર્ણ કૃપા રહ્યા કરે ને આપની બહારદષ્ટિએ કરી કોઈ ભૂલ થતી હોય ને જેથી કરી મોક્ષના માર્ગમાં વીઘ્ન થતું હોય તે અટકે ને આપને હકીકતનો અનુભવ થાય.

આપ નિરપક્ષી ને નિરમચ્છરી છો. તો પણ જે વાતનો અનુભવ ન હોય ને વિરૂદ્ધપક્ષીના શબ્દોથી અંતઃકરણમાં અવગુણ ભરાઈ ગયો હોય, તો વાતમાં ભૂલ ખાઈ જવાય. પણ ખરેખરો અનુભવ થયા પછી રાગદ્વેષને લઈને કોઈનો દ્વેષ કરવો એવો આપનો સ્વભાવ જ નથી, માટે મારે આ વાત સુચવવાનો ઘણા દિવસથી વિચાર હતો,

પણ પ્રશ્ન ઉત્પન્ન થયા સિવાય ઉત્તર આપવો તે વ્યર્થ ગણાય, એમ જાણીને માંડી વાળેલું. પણ આ વખતે આપે હેતને પેટે પ્રશ્ન ઉત્પન્ન કરી મારા અંતઃકરણની લાગણી ઘણી મુદતની પુરી પાડવાનો અવસર આપ્યો માટે નીચે મુજબ આપને નીવેદન કર્યું છે, તેને અંતરદષ્ટિથી નિરપક્ષપાતપણે ગુણગ્રાહકબુદ્ધિથી વાંચી વિચારશો તો ઘણી મુદતનો અંતરનો રાગદ્વેષ હશે તે મટી જશે ને ગંગાજળ જેવું અંતઃકરણ નિર્મળ થશે ને સુખ, શાંતી, આનંદ થઈ જશે.

હુ સવત ૧૯૩૨ની સાલમાં ત્યાગી થયો, પણ યૌવન અવસ્થા ને

વ્યાવહારિક કામનો કેવળ પ્રસંગ (તે)ને લઈને સત્સંગમાં નભવા સંશયવાન થયેલ. પણ શ્રીજીકૃપાથી પરમ એકાંતિક સ્વામીશ્રી વિજ્ઞાનદાસજીનો સંવત ૧૯૩૫માં સમાગમ થયો. જેથી કરી તેમના ધર્મ, જ્ઞાન ,વૈરાગ ગર્ભિત સુબોધથી અંતર હેઠું બેઠું. ત્યાર બાદ તે કૃપાળુ સ્વામીના પ્રતાપથી ને દયાદૃષ્ટિથી પરમ એકાંતિક ધર્મનિષ્ટ પ્રાગજી ભક્તનું ઓળખાણ થયું ને સમાગમ થયો કે જેથી કરી અંતરમાં સર્વ પ્રકારે શાંતી ને આનંદ થઈ ગયો. આ લોકની લાજ તથા વ્યવહાર જે મોક્ષ વીરોધી તે આડો જ ન આવ્યો તેમ સત્સગમા અચળ પાયો થયો ને સુખેથી આપ જેવા મોટા પણ રાજી થાય છે. વળી તેમને વિષે સદ્ભાવવાળા ને શ્રીજી મહારાજની આજ્ઞા-ઉપાસનામાં નિષ્ઠાવાળા પરમ ભગવદી જાગાભગત તથા સ્વામી વિજ્ઞાનદાસજી ત્થા શાસ્ત્રીશ્રી જેવા સત્પુરુષને વિષે સદ્ભાવ ત્થા પ્રીતી છે ને સંબંધ રહે છે. તે સિવાય બીજા ખોપાળાના બ્રાહ્મણ જેવા સાધારણ મનુષ્યો મારો સંબંધ રાખતા હશે, તે કેવળ પોતાના મોક્ષાર્થે ને જીજ્ઞાસુ તરીકે રાખતા હશે તથા પ્રીતી કરી પોતાને ઘેર તેડી જતા હશે કે સેવા કરતા હશે તે પણ પોતાની જિજ્ઞાસાથી કરતા હશે, પણ મારે જાણવાનું કે પામવાનું અધુરું છે તેથી તેની પાસે જાઉં છું એ બિલકુલ નથી, તે નિર્વિવાદ છે.

કારણ કે જેના પાસે ચિન્તામણિ હોય તે બીજા પાસે શંખલા લેવા જાય તે માનવું ભૂલ ભરેલું છે. ને તેવા મનુષ્યો કદાપી લોકપ્રસિદ્ધિમાં સાધારણ ગણાતા હશે તેણે કરીને અમને કશું નુકસાન નથી ઊલટો નફો છે કે અમારી રૂચી પ્રમાણે તેની રૂચી થાશે તો વિરૂદ્ધ આચરણ હશે તે પડ્યું મૂકી સત્સંગની પુષ્ટિ કરશે ને કેટલાક બીજાઓ સત્સંગમાં જોડાશે તેથી કરી સત્સંગમાં ફાયદો થશે. ને મેં જીવ જડીને મન, ક્રમ(કર્મ), વચને સંગ કર્યો છે તે પુરુષ (ભગતજી મહારાજ) તો સર્વોપરી પરમ એકાંતિક ભક્તરાજ હતા ને આખા સત્સંગમાં પ્રસિદ્ધ છે. બસે બાસઠ વચનામૃતમાં જ્યાં જ્યાં પરમ એકાંતિક ભકતના તથા સત્પુરુષના તથા સાધુના લક્ષણો લખ્યા છે તે બધાય તેમને વિષે સંપૂર્ણ રીતે હતા ને મેં ઈન્દ્રિયો-અંતઃકરણથી ને અનુભવથી નિશ્ચય કરેલો છે જે બહારદૃષ્ટિવાળા ને કેવળ વ્યાવહારીક બુદ્ધિવાળા, અખતર ડાહ્યા હશે તેને તો તેમનો જેવો જોઈએ તેવો અનુભવ સારી રીતે થયેલો ન હોય, કારણ કે સર્વોપરી અવતારી ને જગત્ પ્રસિદ્ધ ઐશ્વર્યે સંપુર્ણ

શ્રીજીમહારાજ પધાર્યા ને કાશીથી દ્વારકા સુધી પ્રતાપ પ્રવર્તાવ્યો તો પણ દિવાનજી તથા કિશાભાઈ તથા વજેસંગ ઠાકોર ને જગજીવન મહેતા જેવા અતિ વ્યાવહારિક બુદ્ધિવાળા હતા પણ ન ઓળખ્યા ને ઊલટી અવજ્ઞા કરી. તેમજ સત્સંગમાં સર્વોપરી સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી હતા તેમને પણ વ્યાવહારિક કેવળ આ લોક પ્રધાનવાળા બહારદૃષ્ટિવાન પુરુષો જેવા હતા તેવા ઓળખી શક્યા નહીં, ને ઊલટી અસેવા ને અવજ્ઞા કરી છે, તેનો તો કેટલોક આપને પણ અનુભવ છે. તો આ તો તેમના શિષ્ય ને વર્ણાશ્રમે સાધારણ સ્થિતિવાળા ગણાય ને ધનાઢ્ય ને રાજ્યાધિકારવાળા પણ નહિ તે કઈ રીતે ઓળખાય? ને તેનો યથાર્થ અનુભવ થાય? ને અત્યારનો તો એવો વિપરીત દેશકાળ પ્રવર્ત્યો છે (કે) લોક વ્યવહારે પ્રતિષ્ઠાવાળા કે રાજ્યાધિકારી હોય તે ગમેતેવો શ્રીજીની આજ્ઞા-ઉપાસનાએ રહિત હોય તેનો સત્કાર કરવો તેનું મન, ક્રમ, વચને રાખવું ને પ્રસાદ-પાણીથી રાજી રાખવા તે ઉપર જ તાન વિશેષ છે ને સારો હરિભક્ત હોય ને ધર્મ-જ્ઞાનાદીક સાધુતાના સંપુર્ણ ગુણે યુક્ત હોય ને અખંડ ભગવાન રાખતો હોય ને (તે) એક જમ્યાથી અનંત બ્રહ્માંડ જમતા હોય ને તેના સત્કાર ને સન્માનથી અનંત બ્રહ્માંડના સત્કાર ને સન્માન થાતું હોય તો પણ તે વ્યવહારે ગરીબ હોય તો તેને શેર અનાજ કે એક ગોદડી સત્કારે સહિત આપવી કઠણ છે. એટલી બધી વ્યાવહારિક દૃષ્ટિ થઈ ગઈ તેમાં મોક્ષનો મારગ જ ઊડી ગયો ને શ્રીજીમહારાજે વચનામૃતમાં ભગવાન ને ભગવાનના ભક્તની સેવા મન, ક્રમ, વચને જન્મોજન્મ કરવાની માગી છે ને આપણને આજ્ઞા આપી છે ને વળી કહ્યું છે જે અભક્ત જોડે મારે બનતું નથી તે ઠેકાણે રાખ્યાના હજારો ઉપાય કરે તો રહેવાય નહીં એમ પોતાનો અભિપ્રાય બતાવ્યો છે ને કહ્યું છે જે મારા જેવી જેની રુચિ હશે તેની સાથે મારે બનશે. માટે ઉપર લખેલી શ્રીજીમહારાજની રૂચી પ્રમાણે વર્તવું બાજુ પર રહ્યું છે, એમ દેખાય છે. જો કે સત્સગનો વ્યવહાર મોટો રાજ્યના જેવડો થયો છે, મોટા રાજ્યાધિકારીનું રાખવું તો પડે, પણ ભગવદી ઉપર પ્રીતી ને સદ્‌ભાવ રાખવો જોઈએ તે ન રહે ને તેનો રીતસર સત્કાર ન થાય એ જ વીપરીત દેશકાળ કહેવાય. માટે કેવળ વ્યાવહારિક બુદ્ધિ પ્રમાણે વર્તવું તે નિરર્થક છે ને વ્યાવહારિક બુદ્ધિવાળાને તો મોટા પુરુષના વૃત્તાંતનો અનુભવ

થાય જ નહીં, કારણ કે તેને તેટલો ખપ નહિ કે તેમ તેવા પાસે નિસ્પ્રેહી પુરુષોને કોઈ જાતનો સ્વાર્થ હોય નહિ કે તેમની પાસે જઈ વાતો કરે કારણ કે જેમ અધિકારી-મોટા માણસોને રાજ્ય ને અધિકારનો મદ છે, તેમ મહત્પુરુષોને તો ત્યાગ ને ભકતીનો મદ હોય તેમજ તેવા બહાર દૃષ્ટિવાળાને શ્રીજીમહારાજ ને મોટા સત્પુરુષોનો અભિપ્રાય પ્રસિદ્ધ કરનાર વચનામૃત જેવા પુસ્તક ઉપર પ્રીતી હોતી નથી, તેમ વાંચવાનો વખત પણ હોતો નથી, માટે તેવાનો જન્મ વ્યર્થ જાય છે. ને અનુભવ વીના ઉલટો તેવા મહત્ પુરુષોનો અપરાધ કરી કર્યું-કારવ્યું પાણીમાં જાય છે. માટે તે અપરાધ ન થવા બાબત સર્વે જીજ્ઞાસુઓને ખરી રીતે વિચાર કરી દરેક સત્સંગ પ્રસિદ્ધ સત્પુરુષો ગણાતા હોય તેના ગુણદોષના યથાર્થ અનુભવ કરી શાસ્ત્ર પ્રમાણે તથા વચનામૃત પ્રમાણે લક્ષણે યુક્ત પરમ એકાંતિક ધર્મનિષ્ઠાવાન હોય તેવાને ઓળખી રાખવા પછી તેમની મન, ક્રમ, વચને સેવા કરવી. કદાપી તેમની સેવા- સમાગમ કરવા વખત ન મળે તો તેમની અસેવા તો કરવી જ નહિ. કદાપી પોતાને સાધારણ જિજ્ઞાસાને લીધે તેવાનો પ્રસંગ કરી ઓળખાવવા વખત ન મળે તો વગર વિચાર્યે અનુભવ કર્યા વિના ગુણદોષ લેવો એ સારા સજ્જન પુરુષોને નુકસાનકર્તા છે. માટે સેવા ન થાય તેની ચિન્તા નહિ, પણ અસેવા તો કોઈની કોઈ દિવસ કરવી જ નહિ. અત્યારે ચાલતા પ્રસંગમાં મારે જેમનો પ્રસંગ છે તે પુરુષનું વૃત્તાંત ટુંકામાં આપ જેવાને અનુભવ થવા સારૂ વિદીત કરવાની જરૂર છે.

કારણકે 'સ્વામીની વાતુ'માં જેનો સંગ કરવો તેની જીજ્ઞાસુ પુરુષોએ ત્રણ બાબત જોવી (તેમ લખ્યું છે). તેમાં પ્રથમ તેમનું પંડ્યનું વૃત્તાંત ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, મહિમા આદિક સર્વગુણ સંપન્ન-સર્વદેશી છે કે નહિ તથા તેમના ગુરુઓ કેવા સર્વદેશી સર્વગુણ સંપન્ન-સામર્થ્યવાન હતા તથા તેમના શિષ્ય કેવી રીતના સુધરે છે તે જાણવા સારું ટુંકામાં ત્રણે બાબતમાં ભગતજીનું વૃત્તાંત લખું છું.

પરમ એકાંતિક પ્રાગજી ભક્તને સંવત્ ૧૮૯૪ની સાલમાં સદ્‌ગુરુ યોગાનંદ સ્વામીના સમાગમથી મહુવા ગામમાં સત્સંગ થયો. ચાર માસ ચોમાસામાં સેવા-સમાગમ કર્યો. પછી શિયાળામાં ઊને જતા પીઠવડી ગામમાં સદ્‌ગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી, આચાર્ય મહારાજ શ્રી રઘુવીરજી

મહારાજના દર્શન ને સમાગમ થયો. ત્યાં ઝીણાભાઈ ત્થા મહુવાના હરિભક્તોની સમક્ષ ગોપાળાનંદ સ્વામીએ કહ્યું જે આ પ્રાગજીને ને અમારે તા પુર્વની ઓળખાણ છે, ત્યાર પછી ઝીણાભાઈના પ્રસંગથી ગોપાળસ્વામીની મહત્તાનો અનુભવ થતાં દર વરસે ચોમાસામાં બે-ત્રણ માસ જ્યાં ગોપાળ સ્વામી હોય ત્યાં વરતાલ, ગઢડા વીગેરે પવીત્ર તીર્થોમાં સ્વામી પાસે રહી સેવા-સમાગમ કરી રાજી કર્યા ને તેમની કૃપાથી શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના ને સત્પુરુષમાં સદ્ભાવ-નિષ્ઠા થઈ. પછી સં. ૧૯૦૩ની સાલમાં વરતાલમાં સ્વામીએ કહ્યું : શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમ જાણી તેની મુરતીનું ચિન્તવન કરવું ને આજ્ઞા પાળવી ને આ ગુણાતીતાનંદ સ્વામીમાં જીવ જડી મન, ક્રમ, વચને સંગ કરવો તો શ્રીજીથી ને અમારા જેવા સંતથી છેટું નહીં રહે. ત્યારથી જ સદ્ગુરુશ્રી ગુણાતીતાનંદ સ્વામીનું ઓળખાણ થયું. પછી સં. ૧૯૦૮ની સાલે સ્વામી દેહ મુકતી વખતે શીવલાલભાઈ ત્થા ભગતજી વીગેરે જેટલા ગોપાળાનંદ સ્વામીના પ્રમુખ શીષ્ય હતા તે સર્વેને સ્વામીએ સદ્ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની ભલામણ કરી. સ્વામી વૈશાક વદી ૫ના રોજ દેહ મૂકી અક્ષરધામ નિવાસી થયા. ત્યાર પછી સદ્ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા સારૂ ભક્તજી વિગેરે જૂનાગઢ ગયા ત્યાં સ્વામીની વાતો સાંભળી ગોપાળાનંદ સ્વામીના વિયોગનું દુઃખ હતું તેની શાંતિ થઈ. પછી દર વરસે ચોમાસામાં જૂનાગઢ ચાર મહિના રહે તેથી સ્વામીનો જેવો છે તેવો યથાર્થ મહિમા સમજાયો. પછી સં. ૧૯૧૬માં ગઢપુર ને જૂનાગઢ હરિકૃષ્ણ મહારાજની મુરતી પધરાવી ત્યારે સારી રીતે સેવા-સમાગમ કરી રાજી કર્યા. સત્તરની સાલમાં મોટી ચંદની કરી. તેમાં રાત-દિવસ મહેનત કરી સ્વામીને બહુ રાજી કર્યા પછી સ્વામીએ તેમને વર આપી તેમના મનના મનોરથ સંપુર્ણ રીતે પુરા કરવા સારૂ અખંડ પોતા પાસે રાખ્યા. ત્યાર પછી હવેલીના કામમાં ચૂનો કચર્યો, આખી રાત વાતો સાંભળે ને દિવસે બહુ સેવા કરે ને અખંડ ભજન કરે ને વ્રત-ઉપવાસ કરીને શરીર પણ ક્ષીણ કરી નાખ્યું. ને અનુવૃતી બહુ રાખી ને વચનામૃત તમામના રહસ્ય સ્વામી થકી જાણ્યા ને યોગાભ્યાસે કરી નાડી-પ્રાણ સંકેલી ભજન(માં) ઉતરતા શીખ્યા, વીગેરે સાધનોથી સ્વામી વશ થઈ ગયા ને અતિ કૃપા કરી.

સં. ૧૯૨૦ની સાલમાં તેમને અક્ષરપુરુષોત્તમના સ્વરૂપનો સાક્ષાત્કાર અપરોક્ષાનુભવ કરાવ્યો ને અતિઆનંદ આપ્યો. જેથી કરી શ્રીજીમહારાજ ને સ્વામીના સ્વરૂપની સર્વોત્કૃષ્ટપણાની ઘણી વાતો પોતાના સાક્ષાત્કાર અનુભવ પ્રમાણે કરવા માંડી તેમજ આજ્ઞા લોપનારાને પ્રાયશ્ચિત પણ સ્વામીની આજ્ઞાથી કરાવવા માંડ્યા. જેથી કરી કેટલાક બાહ્યદષ્ટિવાળાને રૂચતું ન આવ્યું. ને અતિશય ઉપાધી થઈ ને સ્વામીનું પણ અપમાન કર્યું. તેમ ભગતજીને પણ સં.૧૯૨૩ની સાલમાં સત્સંગ બહાર મૂક્યા. પણ પોતે અતિશય સાધુતાની સીમા ને સહનશક્તિવાળા તે બધું સહન કરી સમર્થ થકા જરણા કરીને સર્વને સંતોષ પમાડી સત્સંગમાં દાખલ થયા ને સદ્‌ગુરુ શ્રીગુણાતીતાનંદ સ્વામી તે જ સાલના આસો સુદ તેરસને રોજ ગોંડળમાં દેહ મૂકીને અક્ષરનિવાસી થયા. ત્યાર પછી સદ્‌ગુરુ શ્રીશુકાનંદ સ્વામી વીગેરે સદ્‌ગુરુઓની પાસે રહી કથાવાર્તા કરી-સાંભળી સર્વને રાજી કર્યા ને મોટા સદ્‌ગુરુઓનો આશીર્વાદ લીધો.

વળી સં.૧૯૨૮ની સાલમાં કેટલાક મનુષ્યો સ્વામીની વિરૂદ્ધતાવાળા હતા, પણ પાછળથી પોતાનો સ્વાર્થ સાધવા મોટાનું નામ દેઈ સત્સંગ વિરૂદ્ધ આચરણ કર્યું, તે લોકોનો સંસર્ગ પણ બીલકુલ ભગતજીએ રાખ્યો નહિ. ને કેટલા અધુરિયા મનુષ્યો તે આસુરિયોની માયામાં મોહ પામી ઝપટમાં આવી ગયેલા તેવાને પણ પોતે સદુપદેશ કરી સત્સંગ સન્મુખ કર્યા. તેથી આચાર્યમહારાજ તથા સર્વે સદ્‌ગુરુઓ રાજી થયા ને વખતો વખત વરતાલે બોલાવીને રાખ્યા. તેથી કરી સ્વામી વિજ્ઞાનદાસજી વિગેરે કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, હરિજનોને તેમની સાધુતાનો ને સ્વધર્મનિષ્ઠાનો અનુભવ થતા શિરસાટે મન, ક્રમ, વચને તેમનો સમાગમ કર્યો. તેમજ તેમને નિર્દોષ ને સર્વ સાધુતાની સીમા ને અતિ સહનશીલતાવાળા, સત્સંગની પ્રથાની પુષ્ટિ કરવાવાળા જાણી પરમ વિવેકી, નિરમત્સરી, ગુણગ્રાહક આચાર્ય મહારાજશ્રી બિહારીલાલજી મહારાજ પણ વખતો વખત ગઢપુર, ભાવનગર, વરતાલ, નડિયાદ, વડોદરા, સુરત વિગેરે ગામોમાં ભેગા રાખી સારા સારા સત્સંગીને તેમની વાતો સાંભળવા મોકલતા ને પોતે તેમના સદ્‌ગુણોની વિખ્યાતિ કરતા. તેમજ સાધુમાં પણ ખપવાળા-જીજ્ઞાસુને ઓળખાવી પાસે સમાગમ કરવા મોકલતા તે મારા જ અનુભવની વાત છે.

સં.૧૯૪૧ની સાલમાં વરતાલમાં રાગદ્વેષથી જાગેલી. ને તેમાં હજારો હરીજનો ને ત્યાગીયો આચાર્યમહારાજથી વિરૂદ્ધ પડી ગયેલા. તે વખતે પોતે ભગતજીને બોલાવી નડીયાદ મોકલ્યા હતા. ત્યાં તેમણે નડિયાદ, સોજીત્રા, વસો, પીજ વીગેરે ગામોના હરિજનોને સત્સંગની પ્રથા તથા સાધુતા ને શ્રીજીમહારાજના મહિમા ને આત્મજ્ઞાન સંબંધી કેટલી રાત-દિવસ વાતો કરીને સત્સંગ સન્મુખ કર્યા, ને મનની આંટીયો છોડાવી, ને નામ-ધર્માદો બંધ કરેલો તે અપાવ્યો. ને પછી વરતાલે દેવ ને આચાર્યના દર્શન કરવા સારૂ તેડી લાવ્યા. તેથી કરી સત્સંગમાં તેમની મહત્તા ઘણી વૃદ્ધિ પામી. ને ગુજરાતના ઘણા ખરા વિવેકી, મોક્ષાર્થી ત્યાગી-ગૃહસ્થોને તેમનો સમાગમ કરવાથી જીજ્ઞાસા ઉત્પન્ન થતાં વરતાલ, ગઢપુર વીગેરે પવિત્ર તીર્થોમાં તથા તેમના ગામમાં જઈ મન, ક્રમ, વચને શિર સાટે સંગ કર્યો જેથી કરી વ્યાવહારીક બાહ્યવૃતી વાળા વિરૂદ્ધપક્ષી લોકોએ સં. ૧૯૪૫ની સાલમાં કાર્તક સુદ ૧૧ને દિવસે ઘણી ઉપાધી કરીને તેમના હેતવાળા પરમ ભગવદી ને સ્વધર્મનિષ્ટ સાધુઓનું અપમાન કર્યું ને કૌરવની સભામાં દ્રૌપદીને માથે સંસ્કાર કર્યા તેમ કર્યું. ને તેમણે કહ્યું કે ધર્મામૃત પ્રમાણે વર્તવામાં ખામી હોય તેને વિમુખ ગણાય. માટે ધર્મામૃત પ્રમાણે સત્સંગનો સુધારો કરો, તેટલું બોલતાં જ એવા સાધુઓને સત્સંગ બહાર કાઢ્યા, તો પણ તેમણે સહન કર્યું. ઝોળી માગી ખાઈને સત્સંગ ને કલ્યાણનો ખપ હતો તો હરિજનોને સત્સંગમાં જોડ્યા ને નામ-ધર્માદો પણ સત્સંગમાં અપાવ્યો.

પોતાને હજારો સદ્‌ગૃહસ્થો સહાય હતા. તો પણ સાધારણ ઓરડી નોખી ન બાંધી! ને એક અક્ષર પણ સત્સંગ વિરૂદ્ધ ન બોલ્યા. તેમજ તે સાધુ મહુવે બે વખત ગયેલા તેની સાથે હરિજનો ગયા હતા, તેમણે ભગતજી પાસે શિખરબંધ મંદિર કરવા વિનંતી કરી કે બીચારા સાધુ નિરાધાર છે તેમને ઘણું દુ:ખ અણસમજુ મનુષ્યો દે છે, દેશમાં દર્શને જાય છે ત્યાં ગડદા તથા પાટુઓ મારે છે, ને કેટલાક લુગડાં સાંધવાના સોયાના ગોદા મારે છે તેથી લોહી ચાલ્યા જાય છે, તેવું અમે નજરે દીઠું છે. માટે હવે કૃપા કરી તમારી સાધુતાને સમેટી મૂકી અમને રજા આપો કે અમે મંદિર કરાવીએ અને આપ પણ અમારી ભેગા ગુજરાત ચાલો તો હજારૂ જીવનું રૂડું થાશે. ક્યાં સુધી બંદીવાનની પેઠે બેસી રહેશો? વિગેરે ઘણી વિનંતી કરી પણ પોતે બીલકુલ સાધુતા મૂકી

નહિ.ને સર્વેને ધીરજ દઈને જડભરત, જનક, જેદેવ(જયદેવ) ને હરિશ્ચંદ્રના આખ્યાન કહી સાધુતા શીખવી ને બ્રહ્મઋષિનો મારગ બતાવ્યો ને રાજર્ષીનો મારગ ત્યાગ કરાવ્યો ને આશીર્વાદ દઈને કહ્યું કે તમારી સાધુતા ને ક્ષમાથી ભગવાન વશ થઈ બળીરાજાની પેઠે ભેગા રહેશે ને તમારી સર્વ પ્રકારે જય થાશે. માટે ધીરજ રાખવી પણ શ્રીજીમહારાજની આજ્ઞા વિરૂદ્ધ કાંઈ આચરણ કરવું નહિ. તેમ આજ્ઞા કરી તે પ્રમાણે સાધુ વરત્યા. એટલું કરતાં શાંતિ ન રહી કે બહાર પણ કથાવાર્તા કરી સુખિયા દીઠા. માટે ધોળા પહેરાવીએ તો કોઈ માને નહિ ને રોટલા ખાવા મળે નહિ તેવા અભિપ્રાયથી ભગતજીને ધોળા પહેરાવવા ક્હ્યું. પોતે તેનો અભિપ્રાય જાણતા, તો પણ જેદેવ(જયદેવ) ને હરિશ્ચંદ્રની પેઠે સાધુતાની ખામી ન આવવા સારૂ સાધુઓને ધોળા પહેરાવ્યા તો પણ વિશ્વામિત્રાદિકની પેઠે વિરૂદ્ધપક્ષીઓને શાંતિ થઈ નહિ. ને દેશ-પરદેશમાં મોકલ્યા ત્યાં પણ ગયા. કોઈ રીતે પોતાની સાધુતાને તે સાધુઓએ ખામી આવવા દીધી નહિ. આવા તો જેના પ્રતાપથી સાધુ ને સત્સંગી પરમ એકાંતિક ધર્મનિષ્ઠ થયા ને પોતામાં તો સાધુતામાં શેની ખામી હોય? એવા પુરુષની સંગત અમારે છે.

આવી રીતે જેમ અણસમજુ લોકો તેનો દ્રોહ કરતા ગયા તેમ તેમ સાધુતા, ધીરજતા ને એકાંતિક ધર્મનિષ્ઠતાની સત્સંગમાં ઘણી સિદ્ધિ થઈ તેથી ઘણા જીજ્ઞાસુ તેમનો સંગ કરી એકાંતિક ધર્મનિષ્ઠ થયા. વળી લુણાવાડાના દીવાન રા.રા. દોલતરામ કિરપારામભાઈએ તેડાવ્યાનો કાગળ લખ્યો, તથા રા.રા. રામચંદ્ર બળવંતભાઈ વડોદરાના નાયબ સુબાએ પણ ભગતજીને તેડાવ્યા સારૂ કાગળ લખ્યા, તથા વાંસદાના દીવાન રા.રા. ઝવેરભાઈ નાથાભાઈએ પણ તેડાવ્યાનો કાગળ લખ્યો'તો, તે સિવાય બીજા કેટલાક સદ્‌ગૃહસ્થોએ તેડાવ્યાનો આગ્રહ કર્યો પણ આચાર્ય મહારાજની આજ્ઞા સિવાય પોતે કોઈ ઠેકાણે ગયા નહિ. તેવી જ રીતે જીજ્ઞાસુ હરિજનોના આગ્રહથી આચાર્ય મહારાજે સં. ૧૯૫૦ની સાલમાં તેડાવી નડિયાદમાં રાખ્યા ને વાંસદે પણ મોકલ્યા. પછી વરતાલ રાખ્યા વળી આચાર્ય મહારાજે કહ્યું કે અહીં તો કેટલાકને ગમતું નથી આવતું, માટે અમદાવાદ જઈ એક જગા ભાડે રાખીને ગુજરાતના હરિજનોને વાતુ કરી સુખિયા કરી મેલો. એવી આજ્ઞા થઈ તો પણ ભગતજીએ સર્વ હરિજનોને ક્હ્યું કે આપણે તો બેય

આંખો સરખી. જ્યારે નરનારાયણના દેશમાં જવું ત્યારે ત્યાંના નીયંતા આચાર્ય મહારાજની આજ્ઞા સિવાય બહાર ન રહેવું. તે રાખે તેટલું મંદીરમાં રહેવું. પછી નડિયાદ થઈ અમદાવાદ ગયા ને ત્યાં જઈ સભામાં વાતોચીતો કરી જેથી કરી ત્યાંના મહારાજ તથા સદ્‌ગુરુ સર્વ રાજી થઈ એક માસ ને તેવીસ દિવસ અમદાવાદ રાખ્યા ને સારી રીતે ભગતજીની આજ્ઞાનો ને ભગવદીપણાનો અનુભવ થયો પછી આઠમ ઉપર મૂળી લઈ જવાનું ઠરાવ્યું. પણ વિહારીલાલજી મહારાજે જુનાગઢ જવા સારૂ સાથે રાજકોટ લીધા અરૂચીવાળાને ન ગમવાથી તે વિચાર મહારાજે તેમને જણાવતાં તરત ઘર તરફ ગયા ને વઢવાણ કાપમા આચાર્ય પુરુષોત્તમપ્રસાદજી મહારાજ મળ્યા. તે મૂળી તેડી જવા ઘણો આગ્રહ કર્યો પણ વિહારીલાલજી મહારાજની મરજી નહિ, તેથી ન ગયા. એવી રીતે આજ્ઞા પ્રમાણે વર્તવું એવો સ્વભાવ.

સં. ૧૯૫૧ની સાલમાં ભરૂચથી રા. ગણપતરામ મહાશંકર, જેઠાભાઈ સાથે મહુવે જઈ અનુભવ કરી ઘરે આવ્યા પછી તેડાવ્યા બાબત ઘણો આગ્રહ કર્યો ને કાગળો લખ્યા પણ મહારાજશ્રીની મરજી વિના મૂર્તિયો પધરાવતી વખતે ન આવ્યા, તેથી કરી સં. ૧૯૫૨ની સાલમાં ગઢડે મહારાજે તેડાવ્યા ને હરિજનોને વાતોચીતોથી આનંદ થયો ને સર્વ સાધુ-સત્સંગીને જમાડ્યા,ને પુજા કરી ઘરે ગયા. પછી ધોળકાના બાઈ પારવતીએ પારાયણ કરાવ્યું ત્યારે પુરુષોત્તમપ્રસાદજી મહારાજે કંકોતરી મૂકેલી પણ ભગતજીએ વિહારીલાલજી મહારાજ પાસે આજ્ઞા મગાવી ત્યારે તેમણે ખાસ મારી પાસે મુંબઈથી લખાવ્યું કે મહોર છાપનો કાગળ આવે ત્યારે જવું, તે પ્રમાણે મહોર છાપનો કાગળ આવ્યો ત્યારે પૂછ્યું, પછી કોઈની શિખામણથી ફરી ગયા. ને અમદાવાદ જવા મોળો વિચાર જણાવ્યો, તેથી પોતે અમદાવાદ ગયા. તેથી વિહારીલાલજી મહારાજ પારાવાર રાજી થયા. વરતાલની સભામા સદ્‌ગુરુઓને વિદિત કર્યું કે આવી રીતે તમારી ધીરજ રહે?

ત્યારે કહે, 'ના રહે!'

ત્યારે મહારાજ કહે,' સર્વ અણસમજુ મને ભોળો સમજે છે ને કહે છે(કે મહારાજ) પ્રાગજી ભગતની માયામાં મોહિત થઈ ગયા છે, પણ મારો હાથ ઘેંસમાં નથી પડ્યો! એની માએ તો એને એક જ જણ્યો છે ! એવું બીજાને થાવું કઠણ છે. માટે મારે હવે તેમને તેડાવ્યા વિના કેમ ચાલે? તમો સર્વ

આજ્ઞા આપો.'

પછી સર્વ સદ્‌ગુરુઓએ મારી સમક્ષ આજ્ઞા આપી હતી, તેથી કરી રાજકોટ ગયા, ત્યારે બે કાગળો મહુવા લખી જુનાગઢ સં. ૧૯૫૩ની સાલમાં શ્રવણ વદી ૮ ઉપર તેડાવ્યા ને સ્ટેશનથી ઊતર્યા કે તરત પોતાના જેવી સરકારી બગીમાં બેસાર્યા ને સત્કારે સહિત મંદરિમાં તેડી ગયા ને પોતાના જુના ઉતારામાં ઉતારો આપ્યો. ને પોતાને ત્યાંથી જમવા થાળ નિત્યે મોકલતા. રાત્રે પોતા પાસે વચનામૃત વંચાવી વાતો કરાવતા ને આઠ દિવસ સુધી હજારો હરિજનો તથા ત્યાગીને અલૌકિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાતો કરીને શ્રીજીમહારાજની આજ્ઞા - ઉપાસના ને સદ્‌ભાવમાં દૃઢતા કરાવીને સુખિયા કરી મૂક્યા, વળી ઘણા અરૂચિવાળાને પણ સમૈયામાં સદ્‌ભાવ થયો ને સર્વ સાધુ તથા સત્સંગીના તમામ સંઘને આઠમના પારણાની રસોઈ આપી જમાડ્યાને સર્વ સાધુઓને ધોતિયાં ઓઢાડ્યાં વિગેરે ઘણી પૈસાથી સેવા કરાવી ને ત્યાંથી ગોંડળ ગયા. ત્યાં પણ તેવી રીતે કર્યું ને ત્યાંથી ઘેર ગયા ને મંદવાડ થયો તે વખતે ગુજરાતના ઘણા હરિજનો દર્શને આવ્યા.

હું તથા કોઠારી જેઠાભાઈ તથા કોઠારી શંકર ભગત-વડોદરે છે તે, વિગેરે પાંચ ત્યાગી પણ ભગતજીની સેવા, દર્શન ને સમાગમ કરવા ગયા હતા. ત્યાર પછી અમને બધાને છેલ્લી વખતે એકાંતિક ધર્મ સંબંધી તથા સત્સંગની પ્રથા સંબંધી કેટલી વાતો કરી ભલામણ કરી કે 'સર્વ મારા હેતવાળાને આચાર્ય મહારાજની આજ્ઞામાં રહેવું ને કોઈ સત્સંગ વિરૂદ્ધ ક્રિયા કરવી નહિ ને કરશે તેને ને મારે હેત રહેશે નહિ ને શ્રીજી મહારાજ ને સ્વામી પણ રાજી નહિ થાય ને તે વિમુખ છે.' તે વખતે વસોના રા.રા. પુરુષોત્તમ હરિભાઈ વિગેરે હરિભક્તો હતા તેમણે ફોટોગ્રાફ લેવા આગ્રહ કર્યો પણ ન માન્યું. પછી ચીતારાને તેડાવ્યો પણ ભગતજીએ હાકલ મારી તેને કાઢી મુક્યો પણ કોઈ ચર્ચા કરે તેવી ક્રિયા થવા દીધી નહિ ને પોતે દેહપર્યંત અયોગ્ય આચરણ કર્યું નહિ. ને દેહ મૂકતી વખતે સર્વ હરિજનોને ભેગા કર્યા ને પોતાની મેળે બેઠા થઈ સ્વસ્તિકાસન વાળી નાડી પ્રાણ સંકેલી બેઠા બેઠા યોગીન્દ્રની પેઠે ઐશ્વર્ય બતાવી દેહનો ત્યાગ કરી શ્રીહરિ મહારાજના અક્ષરધામનિવાસી થયા અને શ્રીજીની અખંડ સેવામાં રહ્યા.

અમોયે તો નાડી પ્રાણ તાણી લેતા ઘણીવાર જોયેલા, તેથી અત્યારે તેમજ કરી ભજનમાં ઊતરી ગયા છે, જાણી કલાકેક બેસી રહ્યા. પછી અવયવો ફરી ગયા ત્યારે દેહ મૂકવાની ખબર પડી. પછી ઘરમાં સુવાર્યા ને બીજે દિવસે દેહક્રિયા કરી ગઢડે આવ્યા ને તેમના હેતવાળા હરિજનોયે આપણા દેશના તમામ મંદિરોમાં તથા તેમના તેરમાને દિવસે રસોઈઓ આપી. આવી રીતના સર્વ ગુણે સંપન્ન સર્વદેશી પરમ ભગવદી પરમ એકાંતિક પ્રાગજી ભગત હતા. તેમનો મારે મન, ક્રમ, વચને સંગ હતો તે સિવાય ઊતરતા મનુષ્યોનો અમે સંગ કર્યો નથી, એમ આપે ચોકસ જાણવું. એવા પરમ ભગવદીનો સેવા-સમાગમ કરવો જોઈએ, પણ કોઈ રીત્યે અંતરમાં અવગુણ રાખવો જોઈએ નહિ. તે રાખવામાં બીલકુલ ફાયદો નથી ને નુકાસાન તો ઘણું છે.

કારણ કે વચનામૃતમાં શ્રીજીમહારાજે લખ્યું છે, કોટી ગૌહત્યા કરી હોય, કોટી બ્રહ્મહત્યા કરી હોય, કોટી ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો કોઈ રીતે છૂટકો થાય ખરો પણ ભગવાનના ભક્તોના અવગુણ લેવાવાળાનો થતો નથી. વળી ધર્મે યુકત હોય, તપે યુકત હોય તેણે કરી દેવલોકમાં જાય પણ ભગવાનના ભક્તનો અભાવ હોય તે અક્ષરધામમાં ન જાય વળી તેનો જીવ નાશ પામી જાય એમ કહ્યું છે, અને એના હાથનું અન્ન-જળ પણ ભાવતું નથી ને તેની સાથે બોલવાનું મન કરું તો પણ બોલવાનું મન થાય જ નહિ, વળી બીજો કોઈ અવગુણ બોલતો હોય તેને પોતાની સારપ્ય રાખ્યા સારૂ સાંભળી રહે તો સત્સંગી કહેવાતો હોય તો પણ વિમુખ જાણવો. એવી રીતે અવગુણ લેવા વાળા ઉપર શ્રીજીમહારાજનો બિલકુલ રાજીપો થતો નથી.

વળી ભાગવતમાં લખ્યું છે કે 'આયુશ્રિયાંયશોધર્મઃ લોકાનાંશિષમેવ ચાહંતિશ્રેયાંસિસર્વાણિ પુંસો મહદતિક્રમઃ' આવી રીતે સર્વે સત્શાસ્ત્ર ને સત્પુરુષોનો અભિપ્રાય છેકે ભગવદીનો અવગુણ કોઈ પ્રકારે ન લેવો કદાપિ કેટલાકને તેવા ભગવદીનો યથાર્થ ભગવદીપણાનો અનુભવ ન હોય જેથી કરી અવગુણ લેવામાં, કલ્યાણના મારગમાં નુકસાન ન સમજાયું હોય તો પણ જેને ઘણા સારા સારા વિદ્વાન, ધર્મશીલ ત્યાગી-ગૃહસ્થો ખરા અંતઃકરણથી સત્પુરુષ તરીકે માનતા હોય તેવા પુરુષનો અવગુણ બોલવાથી, તેમના સ્નેહીને વિરૂદ્ધ લાગણી થાય ને વ્યાવહારીક રીતે તેવું આચરણ ઘણું નુકસાનકર્તા થાય ને જેના મનમાં જે નિશ્ચય દૃઢ વિચારથી

કર્યો હોય તે દુર્જનોના વચનોથી નીકળી જતો નથી ને ઉપદેશ તો સત્ય, હિત ને પ્રિય લાગતા વચનોથી શાન્તતાથી કરે તો જ પોતાનો ધારેલો વિચાર પડે પણ સાધુતા મૂકી ઉપદેશ કરવાથી ઉલટો અભાવ આવે છે માટે મારા ધારવા પ્રમાણે આ લોક ને પરલોક સંબંધી પ્રતિષ્ઠા ને શોભા ઇચ્છનાર પુરુષોએ બોલવામાં ઘણો જ વિવેક ને વિચાર રાખવાનો છે. એ અમારી માનીનતા છે. આ કાગળ મેં જે આપને વિનંતી પૂર્વક લખ્યો છે તે આપની સર્વત્ર સત્કીર્તિ થાય ને મોક્ષના માર્ગમાં તથા વ્યવહારમાં ખામી ન દેખાય તેવી રીતે હાથ જોડી વીનંતી કરવાની ફરજ છે માટે કૃપા કરી કોઈ અણસમજણથી વધુ પડતો શબ્દ લખાઈ ગયો હોય, તે માફ કરશો ને અખંડ રાજી રહેશો. હું તમારો છું, એમ ચોકસ જાણજો. કામ કાજ-સેવા ફરમાવશો. તે કરવા સેવક હાજર છે. તેમાં જુદાઈ તમારે ને મારે નથી. આપ દયા કરી સારંગપુર પધાર્યા હોત તો ઘણો જ આનંદ થાત પણ આપનું શરીર ખમી ન શકે તેનો ઉપાય નહિ.

અત્રેથી સર્વ ત્યાગી - હરિજનોના જયશ્રી સ્વામીનારાયણ કહેશો, એજ વિનંતી. સુજ્ઞેષુ કિં બહુના ? મીતી સંવત્ ૧૯૬૦ના માગશર વદી ૧૦ ને રવિવાર.(અસલ ઉપરથી નકલ કરનાર જગજીવનના દંડવત્પ્રણામ વાંચશો.)

આ પત્ર વાંચતા તો ભીમજી ભાઈની આંખો ચમકી ઊઠી. હૃદય પર ખડકાયેલો પૂર્વગ્રહનો પહાડ પીગળી ગયો હોય તેવો અનુભવ થતાં તેઓ ચકિત થઈ ગયા. તરત જ તેમણે માત્ર પાંચ પંક્તિનો પત્ર સારંગપુર પ્રભુદાસ કોઠારી ઉપર લખી દીધો. જેમાં પોતાની આજ સુધીની માનીનતા બિલકુલ પૂર્વગ્રહ યુક્ત અને ખોટી જ હતી, એવો પસ્તાવો સહજભાવે દેખાઈ આવે છે. તેઓ લખે છેઃ

શ્રીજી

સર્વે શુભોપમા લાયક કોઠારીશ્રી પ્રભુદાસ, સારંગપુર.

બોટાદથી લી. ભીમજી ભગવાનના જય સ્વામીનારાયણ વાંચવા.

વિશેષ, તમારો કાગળ ભાઈ લવજી સાથે આવ્યો તે તમામ વાંચી તેમાં લખેલી હકીકત જાણી છે. ભગવાનના ભક્તનો સમાગમ કરવો એ જ મનુષ્ય દેહનું સાર્થક છે. એ વિષે જે વ્યવસ્થા લખી છે તે સ્તુતિપાત્ર છે.

શાસ્ત્રીજીને મારા જય સ્વામીનારાયણ કહેશો. સં. ૧૯૬૦ના માગ. વદી

૧૨, ભોમવાર. (તા. ૧૫-૧૨-૧૯૦૩)

ભીમજીના જય સ્વામીનારાયણ વાંચવા.

આ બાજુ વઢવાણમાં સ્વામીશ્રીની મદદ ચાલુ હતી. પોતે ગુજરાતમાં વિચરીને અક્ષર-પુરુષોત્તમના આ પ્રથમ મંદિરની વાતો પણ પ્રસરાવતા હતા.

નિર્મળદાસજીનો આભારપત્ર

વઢવાણના સંતો સાથેની શરત મુજબ સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમની બંને મૂર્તિના નકશા તૈયાર કરાવી દીધા હતા. મૂર્તિનો ઓર્ડર પણ અપાઈ ગયો હતો. વળી, બીજી જે મૂર્તિઓ નિર્મળદાસ સ્વામી વગેરે સંતો બનાવડાવવાના હતા, તેમનું માર્ગદર્શન પણ સ્વામીશ્રીએ વડોદરા આવીને મેળવી લેવા સૂચના આપી હતી. નિર્મળદાસ વગેરે સંતો વઢવાણથી વડોદરા આવે તો તેમને ક્યાં ઊતરવું ? આ ચિંતા પણ સ્વામીશ્રીએ કરી હતી. અને તેમની સેવામાં ખડે પગે રહેવા ભગતજીના શિષ્ય અને પોતાના હેતવાળા શિવશંકરભાઈને રાખ્યા હતા. જ્યારે નિર્મળદાસજી વડોદરા આવ્યા, મૂર્તિ અંગેનું કામ થયું પછી વઢવાણ પહોંચી તેમણે સ્વામીશ્રીને પેટલાદ મુકામે આભાર પત્ર લખી મોકલાવ્યો. તેમાં મૂર્તિઓ સારી બને તે માટે સ્વામીશ્રીને પણ વડોદરા 'કંસારા' પાસે જઈ આવવા વિનંતી કરી અને લખ્યું : 'આ કામ આપ જેવા મોટાની કૃપા વડે બને છે.'

આ સુંદર આભારપત્રમાં તેમણે પોતાના વિસ્તારમાંથી મંદિર માટે થયેલા ખરડાની વાતનો પણ ઉલ્લેખ કર્યો છે. એ બંનેના સંબંધોમાં કેટલો આત્મીયભાવ હશે તે વ્યક્ત કરે છે.

સ્વામી નિર્મળદાસજી લખાવે છે :

વિ.સં. ૧૯૬૦, ફાગણ સુદ ૧, બુધવાર તા. ૧૭-૨-૧૯૦૪.

સ્વસ્તિશ્રી પેટલાદ મહાસુભ સ્થાને, પુજ્યારાધે, પ્રગટ પુરુષોત્તમના ઉપાસક, શ્રીજી મહારાજ કૃત મરયાદા પાલક, ધરમ, જ્ઞાન, વઈરાગાદી ગુણ સંપન્ન, સદ્‌ગુરુ યજ્ઞપુરુષદાસજી આદી સંતમંડળ ત્થા કોઠારી પ્રભુદાસભાઈ ત્થા સત્સંગી સમસ્ત પ્રતે વઢવાણથી લી. સાધુ નીરમલદાસજી આદી સંતમંડળ સમસ્ત શા. ઝુંઝા રતનસી આદી હરીભક્ત સમસ્તના જે સ્વામીનારાયણ વાંચસો.

વીસેસ વીનંતી કે આપે શ્રી વડોદરે સીવસંકરભાઈ ઉપર પત્ર અમારા વીષે

ભલામણનો લખ્યો, તે સીવસંકરભાઈ અમારી પાસે આવી અમારી બહુ બરદાસ કરી. અને સાથે રહી મુરતીનો બંદોબસ્ત કરી આપ્યો, તે મુરતી કરવાના બાનાના રૂ. ૧૨૫/- ઠરાવ્યા છે, તે લઈ આજ રોજ અહીંના હરિભગત મિસ્ત્રી ભાગવતભાઈ શ્રી વડોદરે જસે. તો આપને વિનંતી કે આપ સીવસંકરભાઈ ઉપર લખશો કે વઢવાણના મિસ્ત્રી ભાગવતભાઈ આવેલ છે તેમને પાસે રહી બાનાના રૂપીઆ આપી તેનો પાકો દસ્તાવેજ કરાવી મુરતી સારી કરવા ભલામણ લખસોજી. વલી, આપને વડોદરે પધરાવું છે તો આપ પણ કંસારા પાસે જઈ મુરતી વીસેની ભલામણ કરસોજી. આ કામ આપ જેવા મોટાની કૃપા વડે બને છે, તો આપને તે વીસે લખવું પડે તેમ નથી.

બીજું આપે લખ્યું છે જે ખરડા કેવા થયા છે, તે લખશો પણ સાધુ અક્ષરપુરુષદાસજી ખરડા કરવા ફરે છે. તેમની પાસે ખરડા છે, અહીં ખરડા નોંધ કરવા મોકલ્યા નથી. જેથી કરી કેટલા રૂપીઆ ખરડામાં થયા તે લખાણું નથી. રૂપીઆ ઊધરાવી અહીં મોકલે એ પછી ખરડા અહીં નોંધાવા આવસે, એટલે એ વીગતવાર લખીસું.

અહીંનું કામ ધમધોકાર ચાલે છે. જમીનથી ચાર ગજ ઊંચું આવી ગયું છે. ટૂંકી મુદતે ઠાકોરજી બીરાજે એમ થસે. એમ આસા છે.

દ. શા. ઝુંઝા રતનસીનાં સાષ્ટાંગ દંડવત્ સહીત જે સ્વામીનારાયણ વાંચસોજી.'

સ્વામીશ્રીને તો વઢવાણ મંદિરનું કામ બને તેટલી ઝડપથી પૂરું થાય તેમાં જ રસ હતો, કેમ કે જાગા સ્વામીએ તેમને આજ્ઞા આપી હતી કે શિખરબદ્ધ મંદિરમાં તમે જોટે અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવો !! આ શબ્દો તેમના હૈયામાં સતત ગુંજ્યા કરતા હતા.

•

સ્વામીશ્રી ભલે ગામડે ફરતા, તેમાં પણ મુખ્ય હેતુ તો વઢવાણની મૂર્તિઓની સેવા કરાવવાનો જ હતો.

આ માટે એમણે વૈશાખી પૂનમ, ૧૯૬૦, તા. ૨૪-૪-૧૯૦૪ના દિવસની પસંદગી કરી.

તેમણે ગામો ગામથી હેતવાળા હરિભક્તોને વડતાલમાં બોલાવી મિટીંગ કરી. પરંતુ આ ચર્ચામાં વઢવાણ મંદિર અને તેની મૂર્તિપ્રતિષ્ઠાનો ઉત્સવ કેન્દ્રસ્થાને હતાં.

સ્વામીશ્રીની જરા શી હાકલ પડતાં જ મિનિટોમાં રૂા. ૨૫૦૦નો ખરડો મૂર્તિઓ માટે લખાઈ ગયો. મૂર્તિઓ ધારી સેવા થઈ જ જશે, એ સ્વામીશ્રીનો વિશ્વાસ સાર્થક થયો.

'આ તો શ્રીજી કસણી કરે છે !'

શ્રાવણનું પારાયણ પર્વ આવી ગયું હતું. સ્વામીશ્રી ગામડે વિચરણ કરતાં બુવા પધાર્યા. અહીંથી ભરુચમાં વિરાટ પારાયણ પર્વે ગામોગામના હરિભક્તોને તેડાવવા એક સુંદર પત્ર લખી મોકલ્યો :

તા. ૨૭-૮-૧૯૦૪.

પ.ભ. રા. ઝવેરલાલભાઈ, બુવાથી લિ. શા. યજ્ઞપુરુષદાસજી ને પ્રભુદાસના જય સ્વામીનારાયણ વાંચશો.

અમો અહીં કથા કરવા ૧૫ દહાડાથી આવેલ છીએ અને જન્માષ્ટમીનો સમૈયો ભરુચ કરવાના છીએ અને ત્યાં વચનામૃતનું પારાયણ ૧ દિવસે ઉલ્લાસરામ કડીથી આવી કરવાના છે ને તે સમય ઉપર વસો, પલાણા, સોજીત્રા, વડોદરા, સોખડા, વિ.ના હરિજનો આવશે માટે આપને જરૂર આવવું. કારણ કે સમૈયો સારો થવાનો છે માટે આપ જરૂર આવશો. મંદિરમાં સરવેને નારાયણ. કાળીદાસ કડિયાને પણ આવવા કહેશો તથા દત્તરામ તથા દેવીભાઈ તથા સોમભાઈ વિ. ને ખબર આપવી અને આવવા કહેવું. જય નારાયણ કહેવા. એજ. શ્રાવણ વદ - ૧.

ભરુચના પ્રતિષ્ઠિત ભક્તરાજ ગણપતરામ મહાશંકર દવેના આમંત્રણથી ભરુચમાં એક હજાર હરિભક્તોમાં ઊમટ્યા. પારાયણ સ્વામીશ્રીએ તો અહીં પધારી વચનામૃતના આધારે સંતમહિમાની અદ્ભુત વાતો કરી હદ વાળી દીધી.

પારાયણના પડઘા એટલા બુલંદ હતા કે ગમે તેવાની નિદ્રા ઊડાડી દે અને તેને સત્ય સમજવા ફરજ પાડે.

જો કે દ્વેષીઓમાં એ વાત જોર-શોરથી ચર્ચાઈ રહી હતી કે વડતાલમાં રહીને શાસ્ત્રી અમદાવાદથી બહાર કાઢેલા સાધુ સમુદાયને ખુલ્લો સહકાર આપે છે. તે તો હદ થાય છે ! અહીં જો આજે આટલું વર્ચસ્વ હોય, તો ભવિષ્યમાં વડતાલ સંસ્થાનો કબજો પણ લઈ લેશે ! તેમને થતું કે શાસ્ત્રી નક્કી વડતાલ વિરુદ્ધ બંડ ઉશ્કેરી રહ્યા છે અને હજારો હરિભક્તોને પારાયણોમાં એકત્ર કરીને પોતાનો પક્ષ

મજબૂત કરવાનો જ તખ્તો ગોઠવી રહ્યા છે !

સ્વામીશ્રી જેવા સંતની ક્રિયાઓ કે હેતુઓને સમજ્યા વિના કેવળ પરપીડામાં જ આનંદ માનતા ભેખધારીઓ તરફ સ્વામીશ્રીના અંતરમાં હંમેશાં કરુણા વહેતી. જો કે એ લોકોને મન તો સ્વામીશ્રીની બધી જ પ્રવૃત્તિ 'બંડ'માં જ ખપી રહી હતી.

વાતો ચર્ચાનો વિષય બને, ચર્ચા વિસ્ફોટનો વિષય બને અને વિસ્ફોટ વિદ્વેષની જ્વાળાઓ સર્જે એ પહેલાં જ તેને ઠારી દેવાની જરૂર પડે છે. ગોરધનભાઈ કોઠારીએ સ્વામીશ્રીને વડતાલમાં જ હેતથી સૂચના આપી :

'સ્વામી ! તમે જ્યાં જાવ ત્યાં ઉત્સવ-સમૈયા થાય છે, ને લોકો તમારામાં તણાય છે, પણ આ પ્રતાપ લોકોથી સહન થતો નથી. ત્યાગી વર્ગને ઘણો જ રાગદ્વેષ થયો છે, તે ઘણી જ ઉપાધિ કરશે તેમ લાગે છે. માટે તમારે સૌનું મળતું રાખીને ઉપદેશ કરવાનું ઓછું કરવું. એવી મારી ભલામણ છે !'

સ્વામીશ્રી આ સાંભળીને હસ્યા અને મક્કમતાથી કહ્યું :

'કોઠારી મહારાજ ! અમારે તો હરિભક્તોને ઉપદેશ દેવા ગામડે-ગામડે ફરી શકાતું નથી, કેમ કે ગુજરાતથી તરત સારંગપુર જવાનું હોય, તેમાં કોઈ સ્થળે બધા ભેગા થઈને કથા-ભજન કરીએ ને ભજનનો આનંદ લઈએ, તેમાં જો લોકો તણાય ને ઐશ્વર્ય-પ્રતાપ દેખે, તો એ અમારું નહીં, શ્રીજી મહારાજનું કર્તવ્ય છે ! ને આ છતાં જો આપને અમારા વચનમાં વિશ્વાસ ન હોય ને અસંતોષ રહેતો હોય, તો હવે પછીની પારાયણ આપ સૌની નજર સામે વડતાલમાં કરીશું !'

સ્વામીશ્રીની દિવ્યવાણીમાં રહેલી નમ્રતા અને આંખોમાંથી વહેતા સાધુતાનાં સ્ફુલિંગો જોતાં તેઓ બોલી ઊઠ્યા,

'સ્વામી ! ભેખધારી કોશ-કોદાળી લઈ તમારા મૂળ ઊખાડવા પાછળ પડ્યા છે, તેનાથી મને અજંપો થાય છે !'

સ્વામીશ્રી લાગણીના પ્રવાહમાં તણાયા વગર સહજ સ્થિતપ્રજ્ઞતાથી બોલ્યા : 'આપણે કોઈ ક્રિયાના ધણી થઈશું તો તેનો ભાર આપણને વળગશે, પરંતુ શ્રીજીમહારાજને કર્તાહર્તા સમજીશું તો આપણને કોઈ આંચ પણ આવવા દેશે નહીં....! ઉપાધિ દેખીને મુંઝવણ શા માટે પામવી ? એ તો શ્રીજી કસણી કરે છે એમ સમજશું !! માટે ભલે ઉપાધિ આવે પણ મહારાજનો મહિમા કહેવામાં કોઈથી બીવું નહીં !!'

કોઠારી આવી સ્પષ્ટ સમજણ અને શાંત દૃઢતા જોતાં દિંગ થઈ ગયા !

ઇતિહાસની કરવટ બદલાય છે.

સ્વામીશ્રીને સારંગપુર છોડવાના વરતારા મળી ગયા હતા, સાથે સાથે સં. ૧૯૬૧, વસંતપંચમીએ તો વઢવાણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠાનું આયોજન પણ ગોઠવી દેવામાં આવ્યું હતું. પ્રતિષ્ઠા કોઈ પણ રીતે અટકે તેવા પ્રયાસો છેક ઉપલા સ્તર સુધી ચાલી રહ્યા હતા. કોઈને જૂનાગઢી સદ્‌ગુરુ બાલમુકુન્દ સ્વામીને નિમિત્ત બનાવવાનો વિચાર આવ્યો ! જો બાલમુકુન્દ સ્વામી બોલે અને અક્ષર અને પુરુષોત્તમની મૂર્તિપ્રતિષ્ઠા સિદ્ધાંત બહારની વાત છે એમ જાહેર કરે તો બધું જ પડી ભાંગે ! આ સચોટ ગણતરી હતી.

આથી મિટિંગ મૂળીમાં નિર્ધારિત સમયે બોલાવાઈ. બાલમુકુન્દ સ્વામીને પણ આમંત્રણ અપાઈ ગયું. વ્યવહારદક્ષ સ્વામીશ્રીની નજરોમાંથી આ વાત કેમ છટકે ? તેમણે તરત જ કલમ લીધી અને અદ્‌ભુત વિનંતી પત્ર લખ્યો ! આ એક જ પત્રએ ઇતિહાસની કરવટ બદલી નાખી.

સ્વામીશ્રીએ પત્ર લખતાં જણાવ્યું :

વિ. [આપ મૂળી પધારવાના છો ને વઢવાણ મંદિરમાં મહારાજ - સ્વામીની જોટે મૂર્તિ બેસવાની છે, તેના વિરોધની સભામાં આપને બોલવાનું કહ્યું છે, તે સમાચાર મળતાં આપને લખવાનું કે] સોરઠમાં આપ ગામોગામ શ્રીજી-સ્વામીની જોટે (પટ)મૂર્તિઓ પધરાવો છો, અને મહારાજ અને સ્વામીની શુદ્ધ ઉપાસના અને નિષ્ઠા પ્રવર્તાવો છો, અમે પણ આપ જેવા મોટાનું કાર્ય સૌને બતાવીને કહીએ છીએ કે સ્વામી બાલમુકુન્દદાસજી જેવા મોટા પણ આ સિદ્ધાંતમાં માને છે, પરંતુ જો સાંભળ્યા પ્રમાણે મૂળીની સભામાં વિરુદ્ધ પક્ષની તરફેણમાં આપ બોલશો, તો અમારે તો સત્સંગમાં કાંઈ પણ બોલવાપણું રહેશે નહીં ! માટે સ્વામી અને મહારાજના આ કાર્યમાં આપે અત્યાર સુધી જે પક્ષ રાખ્યો છે ને ઉપાસના પ્રર્વતાવી છે તે ચાલુ રાખશો !!'

પત્ર મળતાં જ સ્વામી બાલમુકુન્દદાસજીને આખુંય ચિત્ર દીવાની જેમ સ્પષ્ટ થઈ ગયું ! વિરોધીઓ પોતાના મુખે જ પોતાના ગુરુનો દ્રોહ થાય એવી પ્રવૃત્તિ કરાવવા મથી રહ્યા છે, તે ખ્યાલ આવતાં જ તેમનું મન ખાટું થઈ ગયું. આખરે એમણે મનોમન એક અદ્‌ભુત નિર્ણય લઈ લીધો અને તેઓ મૂળી પહોંચી ગયા.

સૌએ ઉતારે આવી દંડવત્ કરી સ્વામીને વિનંતી કરી કે : 'સભામાં આપની

રાહ જોવાય છે !' સ્વામી તો એક જ વાક્ય બોલ્યા : 'મારી દાઢ બહુ જ દુઃખે છે એટલે મારાથી સભામાં અવાશે નહીં !'

સૌ સ્તબ્ધ થઈ ગયા. પણ સ્વામી મક્કમ રહ્યા એટલે સૌ વીલે મોઢે પાછા ફર્યા. સભામાં સામાન્ય પ્રવચનો થયાં. કોઈ જ નિર્ણય લઈ શકાયો નહીં અને સભા વિખરાઈ ગઈ !

ગઢડાના લાલજી ઠક્કર દ્વારા બાલમુકુન્દ સ્વામીએ સ્વામીશ્રીને સારંગપુર આ સમાચાર મોકલ્યા.

પછી સ્વામીશ્રી અને તમામ વઢવાણવાસી સંતો નિશ્ચિંત થઈ ગયા કે 'હવે વઢવાણમાં પ્રતિષ્ઠા દરમ્યાન કોઈ જ વિઘ્ન નહીં આવે.'

ભલું થયું ભાંગી જંજાળ !

વડતાલમાં વિરોધની આંધી એટલી જબ્બર ઊઠી હતી કે દરેક સંત કોઠારી પાસે જઈ ફરિયાદ કરવા લાગ્યા : 'શાસ્ત્રીની પ્રવૃત્તિઓ પર નજર રાખવાની તાતી જરૂર છે ! તેમને હવે સારંગપુર સ્વતંત્રપણે રાખી શકાય જ નહીં.'

ત્યાગીવર્ગને સંતોષ આપી સ્વામીશ્રીને મહંતાઈ મુકાવી દેવાનું કોઠારી ગોરધનભાઈને વધુ મુનાસિબ લાગ્યું. પોતે સગીર આચાર્ય લક્ષ્મીપ્રસાદજી સાથે સારંગપુર આવ્યા. મંદિરનો વિકાસ, હવેલીઓ, ચાંદીનાં કમાડ, ૮૫ ઘરો લઈ લીધાં પછીની મંદિરની મોકળાશ અને આવકમાં રૂા. ૨૦૦૦ માંથી ૨૨,૦૦૦ રૂપિયા સુધીનો વધારો... આ બધું કાર્ય સ્વામીશ્રીની કાર્યદક્ષતાની ગવાહી પૂરતું કોઠારીની આંખ સામે વિલસી રહ્યું હતું.

કોઈ જ દેખીતા કારણ વિના આવા સમર્થ મહંત ગુમાવવા પડે તે કોઠારીને પોસાય તેમ ન હતું. પણ ભેખની ઉપાધિ અને ભીમજી કોઠારીના દબાણ પાસે તેઓ ઝૂકી ગયા અને સ્વામીશ્રીને સારંગપુરની મહંતાઈમાંથી મુક્ત કર્યા ! એ સમય હતો સને ૧૯૦૫ના ફેબ્રુઆરીનો ! નવા મહંત, સ્વામી ગોપાળચરણદાસ નીમાઈ ગયા અને સ્વામીશ્રી વડતાલ પધાર્યા !

'ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ !'

સ્વામીશ્રીના અંતરમાં જવાબદારીઓથી મુક્ત થવાનો અને ખાસ તો ગુજરાતનાં ગામોમાં પુનઃ ઉપાસનાની જાગૃતિની તક મળી તેનો આનંદ ઉછાળા મારતો હતો. શ્રીજી જે કરે તે સારા માટે જ કરે છે એમ વિચારી સ્વામીશ્રીએ

ચરોતરનાં ગામડાંઓમાં વિચરણ શરૂ કરી દીધું.

ઉપાસનાના દિગ્વિજયનો આરંભ

વઢવાણમાં પ્રતિષ્ઠાના પડઘમ વાગી રહ્યા હતા. સ્વામીશ્રીએ સોખડાના ત્રિભોવનદાસ, પ્રભુદાસભાઈ, આશાભાઈ, મંછારામભાઈ-અમદાવાદ, પાદરાના માણેકલાલ, બાપાલાલ ચોકસી જેવા ધુરંધર હરિભક્તોને વઢવાણ મોકલ્યા. અહીં મૂર્તિપ્રતિષ્ઠાની તૈયારી ધામધૂમપૂર્વક થઈ હતી. યજ્ઞ શરૂ થયો ત્યાં જૂનાગઢથી આવેલા ઈશાનંદ બ્રહ્મચારીએ રાજકોટના ઠાકોર મહોડજી દરબારને અલગ મંત્રણા માટે બોલાવી લીધા.

કાચા કાનના દરબારને બ્રહ્મચારીએ અવળી સમજણે ચડાવી દીધા : 'દરબાર, અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવાનું આજ્ઞા વિરુદ્ધનું કાર્ય જો તમે કરશો તો ભવિષ્યમાં કોઈ તમને પૂછશે પણ નહીં !' જબ્બર દલીલો થઈ, અક્ષર-પુરુષોત્તમ પધરાવવાની શરતે જ આ જમીન અપાઈ છે ને જો તે વચનનો ભંગ કરશે તો મહારાજ-સ્વામીના દ્રોહી ઠરશો. એવી દૃઢતાની વાતો સ્વામીશ્રીના હેતવાળા વારંવાર ઉચ્ચારી. અંતે આચાર્ય કુંજવિહારી પ્રસાદજીના હૈયે વાત ઊતરી અને બાજુના ખંડમાં મૂર્તિઓ પધરાવવાનો નિર્ણય જાહેર કર્યો... વૈદિક મંત્રોચ્ચાર સાથે અમદાવાદ દેશમાં, વઢવાણ શહેરમાં ભોગાવા નદીને કિનારે બ્રહ્માંડમાં પ્રથમવાર અક્ષર-પુરુષોત્તમ મહારાજ બિરાજી ગયા ! ઉપાસનાના દિગ્વિજયનો આ આરંભ હતો.

'શ્રીજી એ જ કર્યું છે !'

મોડે મોડે યાદ આવતાં જ વઢવાણથી વસો તાર કરવામાં આવ્યો. ભાઈલાલભાઈ સૂચના પ્રમાણે વસોથી વડતાલ ચાલતા આવી ગયા અને રાત્રે નવ વાગે હનુમાનવાળા દરવાજે ડેલી ખખડાવી. સ્વામીશ્રી કાગડોળે રાહ જોઈને બેઠા હતા. ભાઈલાલભાઈએ દંડવત્ કરીને તાર સ્વામીશ્રીને આપ્યો, 'વઢવાણમા અક્ષરપુરુષોત્તમ બેઠા છે - છેલ્લા દેરામાં !' આ સમાચાર વાંચતાં સ્વામીશ્રીના શરીરમાં વીજળી દોડી ગઈ ! આનંદ-વિભોર થઈને ભાઈલાલભાઈને ભેટી પડ્યા. મંદિરમાં પવનવેગે સમાચાર ફેલાઈ ગયા હતા.... 'શાસ્ત્રી પર તાર આવ્યો છે' કોઈ એમને કાંઈ પૂછે એ પહેલાં તો સ્વામીશ્રી સીધા જ ગોરધનભાઈ કોઠારી પાસે પહોંચ્યા. દંડવત્ કરતાં જાય ને હરખ ઊભરાવતા જાય. ગોરધનદાસ કોઠારી

સાવધાન થઈ ગયા. પ્રેમથી કહ્યું : 'રાખ, તારે મને દંડવત્ કરવા નહીં ! તને તો મોટા મોટા નમે છે, એટલે તું દંડવત્ કરે, તો હું દોષમાં પડું ! માટે જે કામ હોય તે ખુશીથી મને કહે !!'

સ્વામીશ્રીએ તરત ઊભા થઈ તાર બતાવ્યો ને કહ્યું, 'વઢવાણમાં અક્ષર પુરુષોત્તમ દેવ બેઠા !'

કોઠારી સજ્જડ આઘાતથી સ્તબ્ધ થઈ ગયા ! સ્થળ, કાળનું ભાન ભુલાઈ ગયું. ગોળી વાગે અને વસમું લાગે તેવી સ્થિતિ થઈ... પછી થોડીવારે સ્વગત બોલતા હોય તેમ બોલવા લાગ્યા :

'સં. ૧૯૨૮માં બાલમુકુન્દ સ્વામીને ગોંડળમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ પધરાવવા હતા. તેમનું બંડ મેં દાબી દીધું હતું, મારો સંકલ્પ હતો કે મારી હયાતીમાં અક્ષર અને પુરુષોત્તમ બેસવા જ ન દેવા ! પણ યજ્ઞપુરુષદાસ, આજે તેં એ કામ કર્યું !!'

મહારાજની મરજી વિરુદ્ધનો, શ્રીજીના સિદ્ધાંત વિરુદ્ધનો કોઠારીનો સંકલ્પ ક્યાંથી પૂરો થાય ? આ નિષ્ફળતાથી તેઓની વ્યગ્રતા એટલી બધી વધી ગઈ કે તેઓ માથું પકડીને બેસી રહ્યા !! ધીરેથી સ્વામીશ્રી બોલ્યા : 'જે થયું તે સારું થયું, મારો સંકલ્પ હતો કે તમારી હયાતીમાં જ મહારાજ અને સ્વામી બેસે તો સારું ! આજે એ સંકલ્પ પૂરો થયો !'

કોઠારીને પૂરી કળ વળી ન હતી. તેઓ બોલી ઊઠ્યા : 'શ્રીજી કરે તે ખરું !'

સ્વામીશ્રીએ એ ભાવનાને ભાર દઈને દૃઢાવી : 'આ શ્રીજીએ જ કર્યું છે !' અને કોઠારીની અકળામણ ઊછળી આવી : 'જા અહીંથી, મને તારું મોઢું બતાવીશ નહીં !' સ્વામીશ્રી હસતાં હસતાં નીકળી ગયા.

બીજા દિવસની સવારે કોઠારીએ સ્વામીશ્રીને બોલાવી બધી જ હકીકત વિગતે સાંભળી અને સ્વામીશ્રીએ પણ આવી તક મળતાં ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણા સહિતની વઢવાણ પ્રતિષ્ઠા સુધીની બધી જ વાતો કુશળતાપૂર્વક વિગતે કહી સંભળાવી. છેલ્લે કહ્યું : 'કોઠારી મહારાજ, અક્ષરપુરુષોત્તમ દેવ બેઠા, તેનાથી તમે રાજી થશો તો મહારાજ-સ્વામી તમારી મોટી સેવા ગણશે !'

બોચાસણમાં ભવિષ્યવાણી

કોઠારી મૂકસંમતિ આપતાં સ્વામીશ્રી પ્રત્યે ભાવ દર્શાવતા રહ્યા. પણ આટલી

પ્રચંડ 'બગાવત' પોતાની આંખ સામે દેખાતી હોય ને ભેખધારી શાંત રહે ખરા ? શાસ્ત્રીને કોઠારી કેમ કાંઈ કહેતા નથી ? આ ચર્ચા આસને આસને શરૂ થઈ ગઈ. વિદ્વેષ અને વિદ્રોહની જ્વાળાઓ સળગવા માંડી : આ તે શું કહેવાય ? વડતાલ દેશમાં રહીને અમદાવાદ દેશની બહાર નીકળેલા વિમુખોને સહકાર આપે, છતાં કોઈ કહેતાં કોઈ શાસ્ત્રીને કાંઈ જ કહેનાર નથી ? આ દેશમાં રહે અને વઢવાણમાં મૂર્તિઓ પધરાવી શકે તે શાસ્ત્રી આગળ ઉપર બીજું શું શું નહીં કરે ? જો વડતાલ દેશમાં જ ક્યાંક અક્ષરપુરુષોત્તમ દેવ બેસાડી દેશે, ને આખા સત્સંગને પોતા તરફ વાળી લેશે, તો આપણે તો તેમના પગના તળિયા જેવા પણ નહીં રહીએ ! તો હવે કરવું શું ? ત્યાગીઓ કાયદો અને વ્યવસ્થા પોતાના હાથમાં લેવાના મૂડમાં હતા.

આચાર્ય લક્ષ્મીપ્રસાદજી મહારાજ તો કોઈ જ પગલાં લઈ શકે તેમ ન હતા, કેમ કે સગીર વય, સત્સંગનો ઓછો અનુભવ વળી રજોગુણી પ્રવૃત્તિ અને સંપ્રદાયની ધર્મમર્યાદાની બહારનું, અણગમો ઊપજાવનારું વર્તન ! વળી, કોઠારી ગોરધનભાઈ જેવા પુરુષ બધું જ જાણવા છતાં સ્વામીશ્રી પ્રત્યે કૂણી લાગણી રાખતા ને અંતરમાં સમજતા કે સ્વામીશ્રી જેવા કોઈ ધર્મિષ્ઠ સંત નથી, સત્યને આધારે એ એકલા આખા સંપ્રદાય સામે ઝઝૂમી રહ્યા છે... તેથી વિશેષ તો કહેવું પણ શું ?

સ્વામીશ્રી તો એ લોકોને વાતો કરતાં રાખીને, તેમના મહેણાં કે ઉપેક્ષાને ઉવેખીને મંડળ લઈ ગામડે ફરવા નીકળી પડ્યા. બોચાસણ પધાર્યા ત્યારે ગામના મંદિરની રામ-લક્ષ્મણની હાલનાં બાઈઓના મંદિરમાં ઠાકોરજીના સિંહાસનમાં પધરાવી હતી. તેની સામે કેટલીય વાર સુધી સ્વામીશ્રી તેની સામું જોઈ રહ્યા અને એકદમ જ બોલ્યા :

'બોચાસણમાં મોટું શિખરબદ્ધ મંદિર થશે અને સર્વોપરી અક્ષર પુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરે બિરાજશે. એ વખતે આ બંને મૂર્તિઓની સાથે પ્રતિષ્ઠા કરીશું !!'

આ અગમ્ય, અપૂર્વ વાત સાંભળી ઝવેરભાઈ, ગીરધરભાઈ વગેરેએ પૂછ્યું પણ ખરું : 'સ્વામી, અહીં શિખરબદ્ધ મંદિર ક્યાંથી થાય ? ને થાય તો ક્યારે થાય ?'

સ્વામીશ્રીએ સ્વાભાવિક્તાથી ઉત્તર આપ્યો : 'બે-ત્રણ વર્ષમાં મંદિર થશે, ને તમે તે જોશો !

ભાવિના ગર્ભમાં છુપાયેલી હકીકત આટલી સરળતાથી ઊછળી આવશે તેની કોને ખબર હોય ? હજુ વઢવાણની પ્રતિષ્ઠાના વિરોધની જ્વાળાઓ શમી નથી,

હજુ અક્ષરપુરુષોત્તમની વાત સાંભળતાં સૌ મોવડીઓ અને ભેખધારીઓ વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ ભડકે છે, તેમાં આ મંદિર કેવી રીતે શક્ય બનશે ? વિસ્મિત ચહેરે સૌ સ્વામીશ્રીની વાણીને સાંભળી રહ્યા હતા. પણ સ્વામીશ્રીના મુખ પર વિલસતી નિઃશંક ખુમારી અને શ્રીજીના સિદ્ધાંતની પ્રતીતિ જોતાં સૌને લાગ્યું : 'આ પરાવાણી કદી મિથ્યા નહીં નીવડે !'

✧ ✧ ✧

૯ વડતાલનું હીર જાય છે !

સ્વામીશ્રી ચાણસદ રોકાયા હતા.

તા. ૧૯-૪-૧૯૦૫, ચૈત્રી પૂનમ, સં. ૧૯૬૦નો દિવસ આવી રહ્યો હતો. અણસાર એવા હતા કે સ્વામીશ્રીને જબ્બર ઉપાધિ આવશે ! પરંતુ વસોના મોતીભાઈ અને ભાદરણના કાશીભાઈને સ્વામીશ્રીએ કહેલું : 'કાંઈ થશે નહીં !' બંને યુવકો સ્વામીશ્રીના અપ્રતીમ આત્મવિશ્વાસ અને નચિંત મુખારવિંદ જોઈ આશ્ચર્ય પામી ગયા.

માયાને છંછેડી

બે દિવસ વીત્યા હશે, સ્વામીશ્રીએ મનસુખભાઈ વૈદ્ય, મોતીભાઈ અને કાલીદાસ વૈદ્યને વરતાલ મોકલ્યા. ને કહ્યું : 'ત્યાં અંદર અંદર ઝઘડા થશે. ને આપણો ભાર દરેકને પડી જશે !'

સૌ ગયા કે તરત સ્વામીશ્રીએ એક શૂરવીર ભક્ત ગલભાઈને બોલાવ્યા. લાકડી અને પટાબાજીના ખેલથી કસાયેલા હાથ, હૈયામાં નિષ્ઠા અને આજ્ઞાની ખુમારી સાથેનો બુલંદ અવાજ ગલભાઈના વ્યક્તિત્વને અનેરો ઓપ આપતા.

સ્વામીશ્રીએ સીધો જ પ્રશ્ન પૂછ્યો : 'ગલભાઈ, વડતાલની સભામાં 'અક્ષર-પુરુષોત્તમ મહારાજની જય' બોલાવવાની હિંમત છે ?'

ગલભાઈ નમ્રતાથી હાથ જોડી બોલ્યા : 'સ્વામી, આપની મરજી હોય તો ઘણીયે હિંમત છે. કેમ કે મહારાજ આપને વશ છે ! એટલે કોઈ મારું નામ લઈ શકે તેમ નથી !'

સ્વામીશ્રીએ આજ્ઞા કરી : 'પૂનમની મુખ્ય સભામાં જય બોલજો !'

વડતાલમાં હૈયે હૈયું દળાય તેવી ચિક્કાર માનવ મેદનીમાં મનસુખભાઈ અને મંડળ આગળ જઈને બેસી ગયું હતું. સદ્ગુરુઓ આવી ગયા પછી આચાર્યશ્રીની સવારી આવી. તરત જ પ્રચંડ સાદે ગલભાઈએ જય ઝિલાવી. 'સહજાનંદ સ્વામી મહારાજની જય...' આ જય ઝિલાઈ ને તેનો ઉદ્ઘોષ શાંત પડે તે પહેલાં તો બીજી જય છૂટી : 'અક્ષર-પુરુષોત્તમ મહારાજની....' ૧૦,૦૦૦થી વધુ હરિભક્તો અને સેંકડો સંતોએ જાણે-અજાણે આ 'જય' પણ જોશથી ઝીલી લીધી ! અને શું થઈ ગયું તેનો ખ્યાલ આવતાં તો સભામાં સન્નાટો છવાઈ ગયો. દ્વેષીઓનાં પેટમાં તેલ રેડાઈ ગયું. વિરોધીઓ દાંત કચકચાવીને રહી ગયા. ગલભાઈનો સિંહનાદ અને સિંહપ્રતિભા સૌને ડારવા માટે પૂરતાં હતાં. તેઓ પણ પરિણામની રાહ જોઈને ભયંકર આંખે અને તલવાર સાથે મરણિયા થઈને મેદાને પડેલા ક્ષત્રિયની જેમ ડાંગ સાથે ઊભા હતા. તેમને જોઈને જ કોઈ એક હરફ પણ ઉચ્ચારી ન શક્યા... આખી સભાનો જાણે પ્રાણ ઊડી ગયો.

ચૈતન્યહીન સાધુઓ, સદ્ગુરુઓ અને હરિભક્તોનાં મોં પરથી નૂર માત્ર ઊડી ગયું હતું.

ગલભાઈની હિંમત પર સ્વામીશ્રીના હેતવાળા સૌ આફરીન પોકારી ગયા અને કથા-વાર્તા થાય તે પહેલાં તો સભા વિખરાઈ ગઈ.

ચોગાને અને આસને, મંદિરે ને પ્રદક્ષિણામાં, દરવાજે ને બજારમાં, રવેશીમાં ને ગોખમાં, ભંડારે ને કોઠારે, ઑફિસમાં ને ગર્ભગૃહમાં, અક્ષરભુવનમાં અને જ્ઞાનબાગમાં બધે એક જ વાત ચક્રાવાતની જેમ ઘૂમી રહી હતી : 'શાસ્ત્રીના શિષ્યોની આ કેવી મજાલ ! મરણિયા થયેલા એમના શિષ્યોને નાથવા કેવી રીતે ? અને આ સાધુનું હવે શું કરવું ? જેથી તેનું કાસળ નીકળે ને આપણો પ્રભાવ કાયમ રહે !' દ્વેષ અને ખટરાગે માઝા મૂકી દીધી.

'આવો આક્ષેપ શાસ્ત્રી પર ન સંભવે !'

બપોરે અઢી વાગે ફરીવાર મુખ્ય સંતો, કોઠારીઓ અને મુખ્ય હરિભક્તોની તાત્કાલિક મિટિંગ બોલાવાઈ. સભામંડપના મેડે સૌ ગોઠવાઈ ગયા.

પરંતુ સાધુ અને કોઠારી ભીમજીભાઈ પરસ્પર આક્ષેપ બાજી પર ચડી ગયા : 'તમે અમને ચઢાવ્યા ને તમે આમને ચઢાવ્યા' એમ જબરદસ્ત કજીયો થયો.

એ મિટિંગ એટલી ત્વરાથી સંકેલાઈ ગઈ કે સૌ ઊઠી ઊઠીને નીચે ઊતરી ગયા.

હરિભક્તોએ ચાણસદ આવી સઘળા સમાચાર સ્વામીશ્રીને આપ્યા પણ સૌના મનમાં એ વાતની દહેશત સ્થિર થઈ રહી હતી કે 'ઉપાધિના ડંકા વાગી રહ્યા છે !'

સં. ૧૯૬૦, શ્રાવણની પૂનમ સુધી મહેમદાવાદ લાભ આપી સ્વામીશ્રી ત્રણેક મહિને વડતાલ આવ્યા.

'તેની વાતો સાકરના કટકા જેવી લાગે છે !'

અહીં આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજીનો રોષ પણ ઉમેરાયો હતો. તેમની નાની ઉંમર, રજોગુણી પહેરવેશ અને ધર્મ બહારનું વર્તન એટલે સત્સંગમાં શોભે નહીં. વળી, આચાર્યનું પદ એટલે કહેવા પણ કોણ જાય ? પરંતુ સ્વામીશ્રીએ પૂર્વે એકવાર તેમને સારી રીતે ટોક્યા હતા, અને કહેલું : 'તમારા વર્તનને ન શોભે તેવું કરો છો, તેમાં તમારી તો શોભા જાય છે પણ સંપ્રદાયની પ્રતિષ્ઠા પણ જાય છે. શ્રીજીના વારસ છો, તો તેમની આજ્ઞામાં રહેતા શીખો, નહીં તો આજે કે કાલે તમને જરૂર વિઘ્ન આવનાર છે.'

આચાર્યને આવી સ્પષ્ટ રીતે સંભળાવનાર કોઈ જ ન હતું, ને સ્વામીશ્રી અધર્મ સાંખી શકતા નહીં, એટલે ટોક્યા, તે વાત આચાર્યશ્રીએ પણ દાઢમાં રાખી હતી.

માત્ર ૧૩ વર્ષની ઉંમરે ગાદીપતિ બનનાર આ બાળક એકે લક્ષણે સત્સંગને શોભારૂપ ન હતા. હજુ ૧૮-૧૯ વર્ષની વય સુધીમાં તો સ્વામીશ્રી સમા સત્પુરુષના દ્રોહથી તેમનું અંતઃકરણ એટલું અશુદ્ધ થયું હતું કે તેમને પદચ્યુત કરવાનો એક વિચારપ્રવાહ મોવડીઓના અંતરમાં શરૂ થઈ ગયો હતો.

વિદ્વેષનો ભભૂકતો દાવાનળ

સ્વામીશ્રી ગામડે વિચરણ કરવા પધાર્યા. પછી દિવાળીના અરસામાં પુનઃ વડતાલ આવ્યા, ત્યારે જાણે તેમની રાહ જ જોવાતી હોય તેમ જુલમો વરસાવવાના ચાલુ થઈ ગયા. ભેખધારીઓ તેમાં મુખ્ય સૂત્રધારો હતા. તેઓ જુદી જુદી રીતો અજમાવી સ્વામીશ્રીને હેરાનગતિ પહોંચાડતા. જેમાં ચાલુ સભામાં પહોંચી પાણી ભરેલાં માટલાં પડતાં મૂકતાં. જેથી સભા વિખરાઈ જાય !

એક સાધુ નળિયામાં સળગતાં કોલસા પર મરચું ભભરાવીને ધૂણી કરીને સભા વચ્ચે મૂકી ગયો ! આ ધૂણીથી અકળાઈને આખી સભા ઊઠી ગઈ હતી !

સ્વામીશ્રી વધતા જતાં ઉપદ્રવો સામે હિમાલયની જેમ અડગ હતા. કૃષ્ણ નામ

સાંભળતા કંસમાં વૈરાગ્નિ ભડકતો, શ્રીહરિનું નામ સાંભળીને વડોદરાનો દીવાન અને વીસનગરનો સૂબો સળગી મરતો તેમ 'યજ્ઞપુરુષદાસજી' શબ્દ બોલતાં આખા વડતાલના સાધુસમાજના હૈયે વૈરાગ્નિની જ્વાળાઓ ભભૂકવા લાગતી. વિનાશનું નિશાન 'યજ્ઞપુરુષદાસજી' હતા. વિદ્વેષનું કારણ અક્ષર-પુરુષોત્તમની નિષ્ઠાનું પ્રવર્તન હતું. અને વેર લેવાનાં સાધનો અધ્યાત્મના દરબાર સમા વડતાલમાં ક્યારેય ન શોભે તેવાં વપરાઈ રહ્યાં હતાં. સમય, સંજોગો અને અણસમજણ ત્રણેની બલિહારી હતી !

હવે સૌને પ્રતીક્ષા હતી આગામી સમૈયાની ! કારતક સુદ ૧૫, સં. ૧૯૬૨, તા. ૧૨-૧૧-૧૯૦૫ના દિવસની !

વૈરાગ્નિનો તીવ્ર ઘૂંટ

આ ઐતિહાસિક દિવસ શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પવિત્ર ખાતમુહૂર્તનો દિવસ બનવાનો હતો.

શ્રીજીના કાર્યને અને શ્રીજીના તાત્ત્વિક સિદ્ધાંતને પીંજરે તરફડતાં પંખી જેવી સ્થિતિમાંથી મુક્ત આકાશ પ્રાપ્ત થવાનો આ મંગળમય દિવસ હતો.

સમૈયાના આગલા પાંચ દિવસથી જ વાતાવરણનો તણાવ ભયાનક હતો. ગોરધનભાઈની આંખોની જ્યોતિ સદાય માટે વિલાઈ ગઈ હતી. આ સિંહસમા પુરુષ લાચાર બની ઘટનાઓના પ્રવાહને સાક્ષીભાવે અનુભવતા હતા.

આચાર્ય લક્ષ્મીપ્રસાદજીને સંસ્થાના અને સ્વામીશ્રી સમા સંતના પ્રશ્નો ઉકેલવામાં રસ ન હતો. તેમને વિષયની આસક્તિએ આવરી લીધા હતા.

સાધુઓમાં કંઈક લાગણી, કંઈક દયા-માયા રહી હોત તો વડતાલની દેવત્વવાળી ધરતીએ કંઈકને ઉગારી લીધા હોત ! પણ તેમનાં હૈયે તો વિષમ વેરની ખારાશ ઊભરી રહી હતી. સ્વામીશ્રી માટે ત્રણે તરફથી આશાના કિરણો બંધ હતા !

અને તા. ૭-૧૧-૧૯૦૫નો કાતરક સુદ એકાદશીનો દિવસ ઊગીને આથમી ગયો. બારસની સવારે સ્વામીશ્રીને નિર્જળા ઉપવાસ પછીના પારણાની ખીચડીમાં કાતીલ ઝેર ભેળવીને આપી દેવાયું !

પ્રથમ જ કોળિયો મોંમાં મૂક્યો ત્યાં જ ગળું પકડાઈ ગયું. સ્વામીશ્રીને ચક્કર આવી ગયા. ઝેરની કાતીલ અસર શરૂ થઈ ચૂકી હતી. સ્વામીશ્રી ઊભા થઈ ગયા.

હાથ ધોઈ બહાર આવ્યા ત્યાં તો લથડિયું આવી ગયું. હરિભક્તો સમજી ગયા. ટેકો આપી આસને લાવ્યા, સ્વામીશ્રીના ગળામાં જલન ઊપડી હતી. કોઈ ઘી લાવ્યું તે પાયું ત્યારે થોડી રાહત લાગી. સ્વામીશ્રી બોલ્યા, 'ચિંતા ન કરશો, મને કાંઈ થવાનું નથી. તમે મુંઝાશો નહીં, કોઈ જાતનો કલેશ પણ ન કરશો !'

સ્વામીશ્રી માટે વૈરાગ્નિનો આ તીવ્ર ઘૂંટ હતો ! અને ૨૦૦૦ સાધુના હૈયાનો વૈરાગ્નિ સ્વામીશ્રી ઝેરના ઘૂંટ દ્વારા પચાવી ગયા.

સાધુઓના આશ્ચર્યનો પાર ન રહ્યો. રામનાં રખવાળાં હોય ત્યાં વેરની જ્વાળા બાળી નથી શકતી, એટલો સીધો સિદ્ધાંત પણ આ પ્રસંગમાંથી શીખવાને બદલે તેમણે બીજો વ્યૂહ અપનાવ્યો : 'સ્વામીશ્રીને સળગતા ચૂલામાં નાખી દેવાનો !

તા. ૯-૧૧-૧૯૦૫, કારતક સુદ ૧૩ બપોરે સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા ભંડારમાં ગયા. પરંતુ હરિભક્તો અને સંતોની પરસ્પર બાથંબાથી થઈ. તેનો લાભ લઈ કેટલાક સત્સંગીઓએ સ્વામીશ્રીને ઊંચકી બહાર કાઢી લીધા. શ્રીજીએ રક્ષા કરી. પણ સાધુઓની ઘાતકી મનોવૃત્તિ ખુલ્લી પડી ગઈ હતી. હરિભક્તો આવી ઘાતકી વૃત્તિથી ચોંકી ઊઠ્યા હતા. બધે જ દાવાનળ સળગ્યો હતો. એક માત્ર સ્વામીશ્રી સ્થિરતા-ધીરતાથી સૌને શાંત પાડવા મથી રહ્યા હતા.

કોટિ કલ્પે છૂટા થવાની વાત કરશો નહીં !

તા. ૧૧-૧૧-૧૯૦૫ને ચૌદશે સવારે એક અગત્યની મિટિંગ બોલાવી. 'સ્વામીશ્રીને વડતાલથી ખસેડી લેવા એ જ ઉત્તમ ઉપાય છે.' એવું ઘનશ્યામભાઈ વૈદ્યનું સૂચન સૌને ગમ્યું.

સૌએ સાથે મળી નિર્ણય કર્યો કે બોચાસણ બાજુ સ્વામીશ્રી વિચરે અને રુંદેલના મંદિરનું કામ તેઓ કરાવે જ છે, તો તેનું પણ ધ્યાન રાખે, માટે તે તરફ ફરવાની ચિઠ્ઠી લઈ લેવી.[૩૪]

પરંતુ આચાર્ય અને કોઠારી બંને પાસે તેનો કોઈ પ્રતિભાવ ન મળ્યો. છેવટે

૩૪. ચિઠ્ઠી મેળવવી એ સાંપ્રદાયિક રિવાજ હતો. આચાર્ય મહારાજ પોતાના મહોરછાપવાળા કાગળમાં જે સંતને જે તે જિલ્લા કે વિસ્તારમાં વિચરણ માટે મોકલવાના હોય તેને આજ્ઞાપત્ર લખી આપે. આવો કાગળ અર્થાત્ ચિઠ્ઠી જે મંડળધારી પાસે હોય તે જ મંડળ કાયદેસર કહેવાય. એ સિવાયના સાધુઓ તે વિસ્તારમાં ફરી શકે નહીં. આવી વ્યવસ્થાને 'ચિઠ્ઠી આપવી' કે 'ચિઠ્ઠી લેવી' એવા શબ્દોમાં વ્યક્ત કરવામાં આવતી.

હરિભક્તોને કોઠારી ગોરધનભાઈએ લાચારીથી કહ્યું : 'અત્યારે મંદિરમાં મારું કાંઈ ચાલે તેમ નથી, અને આચાર્ય સિવાય કાંઈ ખુલાસો નહીં થાય, માટે તેમની પાસે દબાણપૂર્વક માંગણી કરો.' એમ કહી ગંભીર થઈ એક વાક્ય ઉચ્ચાર્યું, 'એક બીજી વાત કે આ વખતે શાસ્ત્રીને એકલા મૂકીને જશો નહીં.' આ પછીના અધ્યાહાર રહેલા વાક્યમાં સમગ્ર પ્રસંગની ઘાતકી ગંભીરતાનો અણસાર સ્પષ્ટપણે આવતો હતો. આ એક જ વાક્યે સૌ હૈયાનો ધબકાર ચૂકી ગયા ! સૌએ સ્વામીશ્રીને બધી જ હકીકત કહી અને વડતાલ છોડી દેવા આગ્રહપૂર્વક દબાણ કર્યું.

સ્વામીશ્રી સ્થિતપ્રજ્ઞતાથી બધું જ સાંભળી રહ્યા અને કહ્યું, 'તમે નાહકના સંકલ્પો કર્યા કરો છો, આપણે શ્રીજીના આશ્રિત છીએ. શ્રીજીની મરજી અનુસાર રહેવું. માટે કોટિ કલ્પે પણ છૂટા થવાની વાત તો કરશો જ નહીં. ભગતજી મહારાજની મને આજ્ઞા છે કે તમારા કટકા થઈ જાય તો હું સાંધી દઈશ પણ વડતાલનો દરવાજો છોડશો નહીં.'

સૌ આટલી મક્કમતા જોઈને હતાશ થઈ ગયા.

ચર્ચાઓમાં જ સંધ્યા ઢળી ગઈ. કાલના ઉત્સવદિન ઉપર મદાર રાખી સૌ ઉતારે ચાલી ગયા.

તા. ૧૨-૧૧-૧૯૦૫નું પ્રભાત વડતાલને પાદર સોનલ વરણાં તેજ પાથરી રહ્યું હતું. જોકે ગંભીરતા આખા મંદિરના ખૂણેખૂણે છવાઈ હતી. ઘનશ્યામભાઈ જેવા હરિભક્તને ચિંતા હતી કે સ્વામીશ્રી છૂટા થવાનું નહીં માને તો ભાવિ યોજના કઈ ઘડવી ? સ્વામીશ્રીએ નતમસ્તકે સ્વતંત્ર થકા નિર્ણય લીધો : 'આપ બોલ્યા તેમાં સાક્ષાત્ ભગતજી મહારાજ બોલ્યા તેમ હું જાણું છું.... માટે આપની ઇચ્છા પ્રમાણે જ કરીશ..... !'

આ વાત અદાશ્રીએ જણાવતાં જ હરિભક્તોમાં ઉત્સાહ ફરી વળ્યો. અદાશ્રી ગયા, સ્વામીશ્રી હવે એકલા પડ્યા. જે વરતાલે તેમની ગુરુનિષ્ઠા અને ઇષ્ટનિષ્ઠાની વારંવાર કસોટી કરી છે, જે વરતાલે તેમના વ્યક્તિત્વના પ્રત્યેક પાસાંનું તેજ રોનકદાર બનાવ્યું છે, એ વરતાલને હવે છોડવાનું છે ! નિર્ણય નાનોસૂનો નથી. વિરાટ સંસ્થા સામે, શ્રીજીસ્થાપિત ગાદીના વારસ આચાર્યશ્રી, ૨૦૦૦થી વધુ સંતો અને લાખો હરિભક્તોના સમુદાય સામે કેવળ નિઃસ્વાર્થભાવે, નિયમધર્મ રાખીને, ઉપાસનાની કીર્તિપતાકા હાથમાં ઉપાડવાની છે. આટલી મોટી સંસ્થા સામે જાણે-અજાણે બાથ ભીડવાની આવશે, પણ વેદપ્રણિત, શ્રીજીપ્રબોધિત

ઉપાસના પદ્ધતિ અને કેવળ અક્ષર અને પુરુષોત્તમના યુગલ સ્વરૂપોની પ્રસ્થાપના સિવાય અંતરમાં ઊંડે ઊંડે પણ કોઈ બીજો આશય છે ખરો ?

પોતાના ભાવિને હસ્તામલકવત્ જોનારા આ ગુણાતીત સંત કાયરતા, ધીરજતા, શૂરવીરતા કે દ્વિધાના ભાવો જણાવી મનુષ્યભાવમાં તણાતા અને છેવટે કર્તાભાવ શ્રીહરિના શિર પર ધરી દેતા હતા.

આખો દેશ પડ્યો છે !

તા. ૧૨-૧૧-૧૯૦૫ના રવિવારનો દિવસ વીતી રહ્યો હતો. પૂનમનો સમૈયો પૂરો થયા પછીનો સૂનકાર વડતાલ મંદિરના ચોકમાં વ્યાપી ગયો હતો. સ્વામીશ્રીના હેતવાળા હરિભક્તો રોકાઈ ગયા હતા. દિવસ આખો આચાર્યશ્રી કે કોઠારી પાસે કોઈ જ ફરક્યું નહીં. સંતોનાં મંડળો ચિઠ્ઠીઓ લઈ લઈને ગામડે વિચરણ માટે નીકળી રહ્યા હતા. પરંતુ સ્વામીશ્રીને બોલાવવામાં નહોતા આવ્યા.

તા. ૧૩-૧૧-૧૯૦૫ના કાર્તિક વદ પડવાનો દિવસ ઊગ્યો. આરતી પછી હરિભક્તો સીધા જ આચાર્યશ્રી પાસે પહોંચી ગયા. સ્વામીશ્રી માટે માંગણી કરતાં કહ્યું : 'સ્વામી યજ્ઞપુરુષદાસજીને બોચાસણ આવવાની ચિઠ્ઠી આપો તો સારું....'

લક્ષ્મીપ્રસાદજી 'યૌવનં, ધનસંપત્તિઃ, પ્રભુત્વં, અવિવેકિતા' ચારેમાં પ્રવેશી ચૂક્યા હતા. ઉદ્ધતાઈથી તેમણે વાત ઉચ્ચારી : 'એને કોણ ચિઠ્ઠી આપે ? બધો દેશ પડ્યો છે, જ્યાં જવું હોય ત્યાં જાય !'

આ આઘાતજનક ઉત્તર સાંભળી હરિભક્તોના હૈયે હાહાકાર વ્યાપી ગયો. સ્વામીશ્રીને વાત જણાવવામાં આવી અને સ્વામીશ્રી ઊંડા વિચારમાં ઊતરી ગયા. 'બધો દેશ પડ્યો છે !' એ શબ્દનો શો અર્થ ? વડતાલ કે અમદાવાદ બંને દેશના સીમાડાઓ હવે સ્વામીશ્રીને માટે ખુલ્લા થઈ ગયા હતા ? ગમે ત્યાં, ગમે તેટલું અને શ્રીજીને જે ગમે તે કાર્ય કરવાની આ આડકતરી આજ્ઞા હતી કે શું ? સ્વામીશ્રીનું આ મૌન અને અંતર્વૃત્તિ જોઈ કોઈ કાંઈ બોલ્યું નહીં. અંતે સ્વામીશ્રી બોલ્યા : 'આપણે તો આ મંદિર અને સત્સંગથી જુદું પડવું નથી, પણ કદાચ મહારાજની મરજી હોય તો બહાર નીકળવું પડે.'

'હે મહારાજ, અમારી સાથે રહેજો !'

સૌ સ્વામીશ્રીની વેદના સમજી શકતા હતા. દુઃખ વડતાલ છોડવાનું ન હતું,

પણ વડતાલમાં જ રહીને શ્રીહરિના સિદ્ધાંત પ્રમાણે કાર્ય ન કરી શકવાની પીડા હતી. શ્રીજીનાં કાર્ય અને સિદ્ધાંતને 'દેશ'ના વિભાગો વચ્ચે ગુંગળાતા રહેવું પડે તે કરતાં તેમને બહેતર લાગ્યું કે આ કાર્યનો દિગંતમાં વ્યાપ ભલે થાય !

તેમણે સ્વામી પુરુષોત્તમદાસને રોકાવા સૂચના આપી, આચાર્યશ્રી 'ચિઠ્ઠી' આપે તો લાવવા કહ્યું અને પુસ્તક-પાનું લેવા દે તો તે લઈને આવવા આજ્ઞા કરી.

સ્વામી પુરુષોત્તમદાસ ઉદાસ હતા. તેમણે પૂછ્યું : 'ચિઠ્ઠી ન મળે તો અમે તમારી ક્યાં તપાસ કરીએ ?'

સ્વામીશ્રીએ આશી, વ્હેરા તરફ તપાસ કરવા જણાવ્યુ. વાતાવરણમા અસાધારણ ગંભીરતા વ્યાપી ગઈ.

શ્રીજીની રમણરેતી વડતાલ તીર્થ, સત્સંગની રાજધાની ! જ્યાં દીક્ષા લીધી, જ્યાં ભગતજીનો સત્સંગ થયો, જ્યાં તત્ત્વજ્ઞાનની ચર્ચાઓ કરી, જ્યાં કષ્ટો વેઠ્યાં અને જ્યાં પોતાની અધ્યાત્મ સ્થિતિની અનેકને પ્રતીતિ કરાવી એ મહાપ્રસાદીભૂત સ્થાન આજે છોડી જવાનું હતું.

સાથે નીકળનાર શૂરવીર સંતોમા સાધુ નારાયણચરણદાસ, વૃદ્ધ સત નિરંજનદાસ અને અન્ય ત્રણ સંતોએ ઝોળી બાંધી દીધી. સ્વામીશ્રી સહિત છ સંતો હરિકૃષ્ણ મહારાજનાં દર્શને પધાર્યા. આર્દ્રભાવે પ્રાર્થના કરતાં સ્વામીશ્રી ભાવલીન બની ગયા : 'હે મહારાજ ! અમારે તો આપનું આ સ્થાન મૂકવું નથી. પણ આપના મહિમાના પ્રવર્તન માટે, ગુણાતીતાનંદ સ્વામીના સ્વરૂપની ઓળખાણ લાખોને થાય તે માટે નીકળીએ છીએ. મોટા સંતો દ્વારા આપની મરજી જાણીને નીકળીએ છીએ તો હે મહારાજ ! આપ અમારી સાથે રહેજો...'

અને જાણે હરિકૃષ્ણ મહારાજની મરજીના સંકેત પ્રાપ્ત થયા હોય તેમ સૌ અદ્‌ભુત શાંતિનો અનુભવ કરવા લાગ્યા.

શુકનવંતું પ્રસ્થાન

નીચે ઊતર્યા ત્યાં તો મંદિરના ખૂણે ખૂણે, ગામનાં ઘરે ઘરે જાણ થઈ ચૂકી હતી : 'શાસ્ત્રી જાય છે !' 'શાસ્ત્રી વડતાલ છોડી જઈ રહ્યા છે.' કેટલાય સાધુઓ ચોકમાં ને સભામંડપની રવેશી પાસે, દરવાજે ને મંદિરની પ્રદક્ષિણામાં ઊભા રહી ગયા હતા, ખબર પડતી ગઈ તેમ હરિભક્તો અને ગામના લોકોનાં ટોળે ટોળાં મંદિરની બહાર ઊમટવા લાગ્યાં. ગોરધનભાઈ કોઠારીને જાણ થઈ ગઈ હતી.

આ મણિ જેવા સંતને વડતાલ સાચવી ન શક્યું ! આ સુકુમાર દેહમાં પડેલી આત્મિક - આધ્યાત્મિક તાકાતને ઓળખવામાં મોટા મોટા પણ ગોથાં ખાઈ ગયા...... તેમના હૈયામાં અકલ્પ્ય ઉલ્કાપાત સર્જાવા લાગ્યા. અંધ આંખોમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી.... સ્વામીશ્રી હનુમાનજીવાળા દરવાજે આવ્યા. અંતિમવાર અત્યંત પ્રેમથી વડતાલ મંદિર પર નજર ફેરવી લીધી. આવાં જ મંદિરોમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ જોટે બેસશે... આવી જ રીતે તેમનાં શિખર પર વિજયની પતાકા લહેરાશે....

સ્વામીશ્રી અને સંતોએ મંદિરની બહાર પગ મૂક્યો ને સેંકડો હેતવાળા હરિભક્તોનાં હૈયામાં વેદનાની ચીસ ઊઠી આવી... દ્વેષીઓ રાજી હતા. પણ કોણ જાણે એમ જણાતું હતું કે સત્સંગનો પ્રાણ જાય છે, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જાય છે, જાણે સાધુ-સંતોનો સુહાગ જાય છે ! વડતાલનું હીર જાય છે ! ગોરધનદાસ કોઠારીની આંખનું રતન જાય છે, ભગતજીનો કોડીલો લાલ જાય છે, જાણે એકાંતિક ધર્મનો વડતાલમાં રહ્યો સહ્યો અંશ પણ જાય છે ! રામ જતાં દશરથની જેવી દશા હતી એવી જ દશા આજે ગોરધનભાઈ કોઠારીની થાય છે !

મંદિર અને દેવથી જુદા પડતા નથી !

સ્વામીશ્રી મક્કમ પગલે વડતાલની બહાર ગોમતી તળાવ સુધી આવી પહોંચ્યા હતા. રસ્તે જ ગાય મળી તેથી સ્વામીશ્રીએ શુકન મનાવ્યું. પોલીસ પટેલ કિશોરભાઈ તો સ્વામીશ્રીના આ ઘોર અપમાનથી સમસમી ગયા હતા. તેમણે દ્વેષીઓના નામ માગી કેસ ચલાવવા તૈયારી કરી !

સ્વામીશ્રી કહે : 'આપણે એવું કાંઈ જ કરવું નથી. આપણે તો સાધુનો માર્ગ છે, એટલે અપમાન, તિરસ્કાર, સહન કરવા અને ગામડે-ગામડે ફરી ઝોળી માંગી સત્સગ કરાવવો...'

હા, હવે તો ઝોળી જ માંગવાની હતી.... સ્વામીશ્રીની અજાતશત્રુતાથી સૌનાં હૈયાં ભાવભીનાં થઈ ગયાં. હરિભક્તો સાથે હતા, તેમને શીખ આપી : 'તમે વડતાલનો ધર્માદો, સેવા કરતા હો, ને જે પૂનમ કરતા હો કે રસોઈ દેતા હો તેમાં રંચ જેટલો પણ ફેર પડવા દેશો નહીં ! મંદિર ને ઠાકોરજી આપણા છે. આ તો દેશકાળને કારણે જુદા પડીએ છીએ, પણ મંદિર ને દેવથી જુદા પડતા નથી !'

સ્વામીશ્રી ચાલ્યા - ક્યાં જવું તેની ખબર નથી, ક્યાં ઠાકોરજી જમાડશું તેની ચિંતા

નથી, વસો, ભાદરણ અને આણંદ બધાં ગામોના હરિભક્તો સ્વામીશ્રીને પોતાને ગામ પધારવા આગ્રહ કરવા લાગ્યા, પરંતુ સ્વામીશ્રીએ બોચાસણના ઝવેરભાઈનો આગ્રહ, ભક્તિ અને જબ્બર પક્ષ જોયા એટલે હા પાડી. સૌ રાજી થયા, સ્વામીશ્રી પહેલાં કરમસદ થઈ સરદાર પટેલના પિતાશ્રી ઝવેરભાઈના ઘરે ઠાકોરજીનો થાળ કરી જમ્યા. અહીંથી સાંજે જ ત્રણ ગાડાં જોડી બોચાસણ આવી પહોંચ્યા.

✧ ✧ ✧

પત્રધારા

૧૦ બોચાસણના બેલી જય જય અક્ષરપુરુષોત્તમ !

મહાપ્રસ્થાન પછીની આ પ્રથમ રાત્રી બોચાસણમાં વીતી ! ત્યારે કોને જાણ હતી કે આ ગામ, આ નામ સંપ્રદાયના ઇતિહાસમાં યાવદ્ચંદ્રદિવાકરૌ ગુંજતું રહેશે ! અક્ષર-પુરુષોત્તમની કીર્તિગાથા ફેલાવવામાં મૂળ સ્થાન આ નાનકડું ગામ મુખ્ય નિમિત્ત બની રહેશે !!

બસ, આ પછી તો સંઘર્ષના અધ્યાયો ઝડપભેર પલટાવા લાગ્યા. વડતાલમાં રહેતા સંતો-પુરુષોત્તમદાસ સ્વામી, ગોવિંદસ્વામી અને માનત સ્વામીએ પણ ત્યાં માર ને અપમાન સહેવા પડ્યાં. 'ચિઠ્ઠી' ને બદલે લાતો-ના પ્રહારો થયા. કેટલાકે પુરુષોત્તમદાસને સાથળમાં સોયા ઘોંચ્યા. તેઓ સ્વામિનારાયણ... ભજન કરતાં સ્વામીશ્રી પાસે જવાનો નિર્ણય કરી નીકળી ગયા. ન પુસ્તકો લેવા દીધાં, ન પદાર્થ લેવા દીધા. સૌ સ્વામીશ્રીને વઢવાણના પ્રથમ પાટોત્સવમાં આવીને મળ્યા. ખૂબ શાંતિ થઈ !

બહાર નીકળ્યા ને ચાર મહિના વીતી ગયા હતા. ગામો ગામ દ્વેષીઓ પ્રેરિત સત્સંગીઓ તરફથી ત્રાસ હતો. પરંતુ સદ્ભાવવાળા હરિભક્તોનો સહકાર પુષ્કળ હતો. સ્વામીશ્રીની સાથે જ વડતાલના બે બાહોશ કોઠારીઓ પણ નીકળી ગયા હતા. કોઠારી જેઠા ભગત અને કોઠારી બેચરભગત !

તા. ૧૯-૧-૧૯૦૫ના વસંતપંચમીએ વઢવાણમાં પાટોત્સવ સંપન્ન થયો અને સ્વામીશ્રીના મંડળમાં ૬ સંતો હતા તેમાં ચાર નવા, બાહોશ અને શૂરવીર સંતોનો ઉમેરો થયો. જેઠા ભગત હવે સ્વામી નિર્ગુણદાસ બન્યા, બેચરભગત સ્વામી મહાપુરુષદાસ બન્યા, ઘોરી ભગત અને લલ્લુભગત અનુક્રમે અક્ષરપુરુષદાસજી અને સંતદાસજી બની ગયા.... સૌ ઉપાસના પ્રવર્તનના કાર્યમાં તન-મનનો ભીડો

વેઠવા તત્પર થઈ ગયા.

બોચાસણ પર કળશ ઢળે છે.

આણંદમાં ફાગણી પૂનમનો અદ્‌ભુત સમૈયો થયો. તે પહેલાં ચાર માસમાં સ્વામીશ્રીએ ચરોતરનાં ગામડાંઓ રાત-દિવસ જોયા વિના ધમરોળી નાખ્યાં હતાં. વિરોધનાં પૂર ઊમટતાં પણ વિચરણમાં રુકાવટ આવતી નહીં. પ્રતિષ્ઠિત સત્સંગીઓ ફાગણી પૂનમના સમૈયાના યજમાન હતા. વડતાલથી આવીને અનંતાનંદ બ્રહ્મચારી અને રઘુવીરચરણદાસે વૈરાગ્નિ ભડકાવવા ખૂબ જ પ્રયત્નો કર્યા. મુક્તરાજ કેશવલાલભાઈને ભરમાવવામાં તેઓ એટલી હદે નિષ્ફળ ગયા કે કોઈને મોં બતાવ્યા સિવાય હતાશ થઈ વડતાલ ભેગા થઈ ગયા !

સમૈયાની સવારથી જ ૮૦૦ જેટલા હરિભક્તો આણંદમાં ઊમટી પડ્યા હતા. જેમા લીંબડીના દીવાન ઝવેરભાઈ નાથાભાઈ, સોખડાના ત્રિભોવનદાસ ગોપાળદાસ, વીરસદથી શંકરભાઈ જોરાભાઈ અમીન (સૉલિસિટર), પેટલાદથી પ્રભુદાસ વકીલ, અમદાવાદથી મંછારામ શેઠ જેવા લબ્ધ પ્રતિષ્ઠિતોથી સમૈયો અલૌકિક શોભા ધરી રહ્યો હતો. સેંકડો હરિભક્તોના અંતરનો પડઘો મુખ્ય હરિભક્તો દ્વારા સ્વામીશ્રી પાસે રજૂ થયો : 'આપણું પણ એક સ્થાન હોવું જ જોઈએ !'

સ્વામીશ્રીએ વડતાલના સમાધાનની શક્યતા હરિભક્તો આગળ ધરી પણ સૌનો ઉત્સાહ અને શ્રીજીની મરજી જોઈ સ્વામીશ્રીએ હા પાડી. સંમતિ મળતાંની સાથે જ માત્ર એક જ કલાકમાં રૂા. ૩૫,૦૦૦નો ખરડો લખાઈ ગયો ! બામણગામ, આણંદ અને બોચાસણ ત્રણે શ્રીજીની પ્રસાદીનાં ગામોનાં નામ મંદિર બનાવવા માટે અગ્રસર રહ્યાં પરંતુ જ્યાં શ્રીજીએ કાશીદાસ મોટાને ચાર-ચાર વખત શિખરબદ્ધ મંદિર કરવાનો અને ધામ સહિત સ્વયં બિરાજમાન થવાનો કોલ આપ્યો હતો, તેવા મહાપ્રસાદીભૂત તીર્થસ્થાન બોચાસણ ઉપર સ્વામીશ્રીની પસંદગીનો કળશ ઢળ્યો. આ અનેરા પ્રસંગની સ્મૃતિ કરતા સ્વામી નિર્ગુણદાસજીએ સ્વામીશ્રીના અપ્રતીમ પ્રભાવનું પ્રત્યક્ષ દર્શન કરાવતાં હોય તેમ એક સુંદર પત્ર લખ્યો હતો. ભાવનગરના પ્રતિષ્ઠિત વેપારી કુબેરભાઈ ડોસાભાઈ તથા સત્સંગમંડળને આણંદના સમૈયાનું પ્રત્યક્ષ દર્શન કરાવતાં હોય તેમ તેઓ લખે છે :

॥ શ્રીજી સ્વામી ॥

સંવત્ ૧૯૭૨. માગ. વદ.૧૨

તા. ૨-૧-૧૯૧૬

વિ.... ૧૯૬૨ની સાલમા જ્યારે વડતાલથી કાર્તિકી સમૈયા પછી (સ્વામીશ્રી) નીકળ્યા ને માગશર સુદ ૧૫ વડતાલ ફરી પછી ન પૈસવા દેવાનો હુકમ કર્યો ને કાનમ વગેરે ફર્યા ને ફાગણ સુદ ૧૫નો સમૈયો આણંદ મુકામે કેશવલાલ પ્રાગજીએ કરાવ્યો. ઘણા હરિજનો આવ્યા હતા. ત્રણ દિવસનો સમૈયો હતો. પૂનમને દહાડે ઘણા ભેગા થયા. આ વખતનો સ્વામીનો પ્રતાપ તેમનું સન્માન અનહદ હતું. જ્યારે સ્વામી આણંદ સ્ટેશને ઊતર્યા ત્યારે ફૂલહાર સાથે બસો માણસો સ્ટેશને લેવા ગયા હતા. તે વખતનો દેખાવ, સ્વામીના કોટમાં હાર "શાસ્ત્રીમહારાજની જય"ના પોકારો વચ્ચે સ્વામી મંદિરમાં પધાર્યા ને જ્યારે કેશવલાલ પ્રાગજીને ત્યાં સ્વામી સૌ હરિજનો સાથે જમવા પધાર્યા ત્યારે છસેં, સાતસેં હરિજનો સાથે કીર્તનો બોલાય ને આખા ગામમાં "શાસ્ત્રીમહારાજની જય"ના હર્ષનાદો થયા કરે. જમવાની પંગત થાય. પાટલા પડે. શ્લોકો બોલાય. શું આનંદ ! અને શું સ્વામીનું સન્માન ! છતાં સ્વામી બાળકની પેઠે વર્તે, વસો, સોજીત્રા, ભાદરણ, નાર, નડીઆદ આદિ મોટાં ગામના પાટીદારો ઝવેરભાઈ દીવાન વગેરે પધાર્યા હતા. ટાઈમ પ્રમાણે કથા, વાર્તા, ધૂન-ધ્યાન થાય. હુતાશનીને બીજે દિવસે ફૂલડોલનો ઉત્સવ. વચમાં સ્વામી ઉત્સવ કરવા બેઠા. તે વખતની હાથની ચપળતા, ઓછવ કરવાની છટા જોઈ ગમે તેનું મન ખેંચાયા વગર રહે નહિ. અહાહા ! આ મારો નજરે જોયેલો દેખાવ છે. એ સમૈયાની હદ છે. તે વખતે બોચાસણની લખણી સમૈયો વેરાયા પછી થઈ હતી. રૂા. ૩૫૦૦૦નો (ખરડો) થઈ ગયો હતો.

આ 'નજરે જોયેલ' માત્ર દેખાવ જ નહોતો. સ્વામીશ્રી નક્કર પ્રગતિની ઈંટો ચણવામાં જ સંતોષ માનતા. આથી સમૈયા બાદ તરત જ બોચાસણમાં મંદિરની કાર્યવાહી શરૂ કરવા અને જમીન સંપાદન કરવાનાં ચક્રો ગતિમાન થયાં. ગામના લોકોએ બતાવેલી જગામાંથી સ્વામીશ્રીએ ભંગીવાસની તળાવ સામેની જગા પસંદ કરી. દરેક રહેવાસીઓને નવાં ઘર ચણાવી આપ્યાં. જમીન ચોખ્ખી થવા લાગી. કબજો મળી ગયો અને વડતાલમાં આ જાણ થતાં તો રોષની જ્વાળાઓ સળગવા

લાગી.

બીજા જ મહિને ચૈત્રી પૂનમે વડતાલમાં કઈ ઘટના બની રહી હતી ? અને તેના પ્રત્યાઘાત રૂપે આણંદમાં અજાત શત્રુ સંતોને કેવો ઢોરમાર સહન કરવો પડ્યો ?

ઉપરોક્ત પત્રમાં જે સન્માન અને પ્રભાવનું નયનરમ્ય ચિત્રણ મળે છે, ત્યારે એ જ પત્રમાં સહનશીલતાની પરિસીમા સમું એક 'મહાભયંકર શૂન્યકાર' દર્શાવતું ચિત્ર પણ આંખો સામે તરી રહે છે. નિર્ગુણ સ્વામી લખે છે :

ચૈત્ર મહિનામાં સમાધાનની આશા હતી માટે આપણે તો આણંદ મંદિરમાં જ હતા. સંદેશા ચાલતા હતા. પણ શ્રીજીમહારાજની ઇચ્છાથી, ખટપટીઆના જોરથી (મુખ્ય ભાગ ભજવનાર કોઠારી ભીમજીભાઈ હતા) ચૈત્ર સુદ ૧૩ને દહાડે ત્યાગીઓની જબરદસ્તીથી સહીઓ લઈ સભામાં વાંચી બતાવ્યું. અમદાવાદવાળાએ કુંજવિહારીપ્રસાદને વિમુખ કરેલા તેમનો તમે સંબંધ રાખો છો માટે તમને પણ સત્સંગ બહાર કરવામાં આવે છે. આ ઠરાવથી અમારા હાથ હેઠા પડ્યા. હવે તો બહાર ગામડાંમાં ફરી કથાવાર્તા કરી દહાડા કાઢવાના રહ્યા.

જો મેરે સંતકુ રતિ એક દૂએ...

સંતો આણંદના મંદિરે નિવાસ કરતા હતા, એવામાં એક દિવસ ચૌદ પાળાઓ મંદિરમાં આવ્યા. સ્વામી પુરુષોત્તમદાસ વગેરે સૂતા હતા, તેમને ઊંઘમાં જ ઊંચકીને છાપરેથી રસ્તા પર પટકી મૂક્યા ! આવું નિર્દય કારસ્તાન કરી સૌ ભાગી ગયા. પણ ૨૦ ફીટ ઉપરથી ઊંઘમાં જ રસ્તા પર પછડાતાં એ કૃશકાય સંતને સખત મૂઢ માર વાગ્યો... ભગવાનની દૃષ્ટિથી જ રક્ષા થઈ ! પણ આવી બેરહમી અને ઝેરીલી વૃત્તિ પર કેશવલાલ પ્રાગજીનો રોષ આસમાને પહોંચી ગયો. તેમણે પોલીસ ફરિયાદ કરી. પણ ફોજદાર મણિલાલને વડતાલવાળાએ ભીનું સંકેલવા લાંચની લાળમાં સપડાવી દીધો. 'લક્ષ્મીપ્રસાદજી મહારાજે ફોજદારને બે હજાર રૂપિયા આપી ફોડી નાખ્યો.' આથી ચૌદ પાળાઓ ઉપર સુલેહભંગની ફરિયાદ કરવાને બદલે તેમણે ઊલટો સ્વામીશ્રી ઉપર સમન્સ બજાવ્યો.

આખા પ્રસંગમાં સ્વામીશ્રી તો હાજર જ નહોતા. ગામોગામ વિચરણ ચાલુ હતું. કેવળ દ્વેષભાવથી જ તેમનું નામ ચડાવાયું હતું. પણ વિચરણમાં સમન્સ ક્યાં

જઈને બજાવવો ? છેવટે દેસાઈભાઈ દાદાભાઈએ ગમે ત્યાંથી સ્વામીશ્રીને શોધી કાઢવા બીડું ઝડપ્યું. તેઓ બીજી સવારે નીકળવાના જ હતા અને રાત્રે જ તેમનું અવસાન થઈ ગયું. સ્વામીશ્રીને શોધવાને બદલે તેમની યાત્રા સ્મશાન તરફ નીકળી. નિર્ગુણસ્વામી સ્વામીશ્રીની સ્થિતપ્રજ્ઞતાને બિરદાવતાં એ જ પત્રમાં આગળ લખે છે :

'(થોડા દિવસ પછી સ્વામીશ્રી ગામડેથી ફરી આણંદ આવ્યા.) વૈશાખ સુદિ ૧૫ કરી આણંદ સ્ટેશને ઊતર્યા તે બે સાધુ, ચાર પાંચ હરિજન, કેશવલાલ વગેરે ઢીલે મોઢે આવ્યા. તે વખતનો દેખાવ (મંદિરમાંથી કાઢ્યા તે) મહા ભયંકર શૂન્યકાર લાગ્યો. તે ફાગણ સુદ ૧૫ના સમૈયાનો દેખાવ અને આ દેખાવ સરખાવતાં હાથીનો હોદો ને ગધેડા (ઉપર સ્વારી) સમાન હતું. પણ શાસ્ત્રીમહારાજના મુખારવિંદ ઉપર જરા પણ ગ્લાનિ નહોતી. તે મેં નજરે જોયું. હું ભેગો જ હતો. ધન્ય છે માતા પિતાને, આવા મહાન પુરુષને જન્મ આપ્યો. અમે સૌ ચાલ્યા. સ્વામી સૌને ધીરજ આપે (કે) ગ.પ્ર. ૨૭ વચનામૃત યાદ કરો. ને હવે આપણે આ મંદિર પડ્યું મૂકી બીજે મંદિર ચાલો. કરમસદ જઈએ, (કેશવલાલભાઈના ઘેર સૌ ભેગા થઈ વિચાર કરતા હતા.) રસ્તામાં કોઈ ''જય સ્વામિનારાયણ' કહે નહિ. કોઈ સામું જુવે નહિ. ક્યાં હુતાશનીના સમૈયાના હાર, ''જય''ના હર્ષનાદ ને ક્યાં આ શૂન્યકાર દેખાવ. તેમાં સ્વામીના નિર્માનીપણાનો આ સચોટ દાખલો છે. કેશવલાલને ત્યાં બેઠા હતા અને કલેક્ટરની નોટિસ આવી. અમે કરમસદ ચાલ્યા ગયા. વળી એટલેથી તૃપ્તિ ન થઈ. ડી.ડી. કલેક્ટર હેબલીકર પાસે શાસ્ત્રીમહારાજ આદિ ચૌદ હરિભક્તોનાં નામ ઘાલી જામીન લેવા કેસ માંડ્યો.'

પરંતુ સ્વામીશ્રીને શ્રીહરિનાં રખવાળાં હતાં. ડેપ્યુટી કલેક્ટર શ્રી હુબલીકરના અંતરમાં ભગવાન વસ્યા. સાચી વાત જાણી તેમણે ઘણો પક્ષ રાખ્યો. દાવાની સુનાવણી વખતે સ્વામીશ્રી તરફથી સરદાર પટેલ બોરસદની કોર્ટમાં વકીલ તરીકે ઉપસ્થિત હતા. તેમની જોરદાર રજૂઆત, મણિલાલ તરફથી મજબૂત સાક્ષીનો અભાવ અને સ્વામીશ્રીની સાધુતા તથા કેશવલાલની પ્રતિષ્ઠાથી આખો કેસ ઊડી ગયો. પણ આ દ્રોહના પરિણામે મણિલાલનો પુત્ર સાત દિવસમાં જ મરી ગયો. તેના આઘાતમાં તેની પત્ની પણ મરી ગઈ. તેના આવા અવળા ધંધાઓ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યો અને છેવટે રસોઇયા તરીકે ઘર-ઘર ફરીને ગુજરાન

ચલાવી મરી ગયો.

'જો મેરે સંતકું રતિ એક દૂએ તેહી જડ ડારૂ મેં ખોઈ' આ વચન અહીં સત્ય ઠર્યાં.

શિખરબદ્ધ મંદિરની ખાતવિધિ

સ્વામીશ્રી પોતાનાં કાર્યોમાં, વિચરણમાં, બોચાસણ મંદિરનાં નકશા અને જમીનોની સેવાઓમાં ગળાબૂડ રહેતા. વિરોધો સામે જોવાની કે વિરોધીઓને જવાબ આપવાની ફૂરસદ પણ ક્યાં હતી ?

સ્વામીશ્રીએ અષાઢી પૂનમે બોચાસણમાં ભવ્ય શિખરબદ્ધ મંદિરનું ખાત પણ સોખડાના ત્રિભોવનભાઈના હાથે કરવાનું નક્કી કરી લીધું. ગમે તે ભોગે ખાતમુહૂર્ત અટકાવવાના હેતુથી વડતાલથી રામકૃષ્ણાનંદ બ્રહ્મચારી અને સાધુઓને બોચાસણ મોકલવામા આવ્યા.

પરંતુ વિઘ્ન આવવાની આગોતરી જાણ અંતર્યામી સ્વામીશ્રીને થઈ જ ગઈ હતી. તેમણે જ ઝવેરભાઈ, ગિરધરભાઈ અને ત્રિભોવનદાસ સહિત અન્ય મોટેરાઓને બોલાવી સ્પષ્ટ સૂચના આપી હતી, 'કાલ સવારનો વખત ખાત માટે ઉત્તમ છે. સિદ્ધરાજ જયસિંહે જે મુહૂર્તમાં રુદ્રમાળની શરૂઆત કરી તેવું જ આ મુહૂર્ત છે. માટે તે ચુકાવું ન જોઈએ.'

અને બધી જ તૈયારી થઈ ચૂકી. સ્વામીશ્રી બોલ્યા : 'મહારાજની ઇચ્છા છે તો ખાતમુહૂર્ત થશે જ, તમારે સૌએ શૂરવીર થવું પડશે !

પૂનમનું પ્રભાત ઊગ્યું. વડતાલનું મંડળ આવી પહોંચ્યું, પણ હરિભક્તોનો મિજાજ અને વીરસદથી અનાયાસ આવેલા જમાદારનો રૂઆબ જોઈ, ગાડું જોડાવી તત્કાળ વ્હેરા ભેગું થઈ ગયું. ભૂમિપૂજન નિર્વિઘ્ને અને વૈદિકવિધિપૂર્વક સંપન્ન થયું.

શાસ્ત્રી આવીને નમી જાય તો સમાધાન કરાવું !

આ દિવસો દરમ્યાન આચાર્ય લક્ષ્મીપ્રસાદજીની અનેક ફરિયાદો અને નિયમ વિરુદ્ધ આચરણના અનેક પ્રસંગો ગામોગામ હરિભક્તોની ચર્ચાનો વિષય બન્યા હતા. વડતાલમાં તેઓ વધારે વખત રહે તો અનેક પ્રશ્નો થાય તેમ હતું. તેથી મળતા - ભળતા બ્રહ્મચારી-સાધુઓ તેમને યાત્રાને બહાને સારંગપુર-ગઢડા તરફ લઈ ગયા હતા.

ગુ. શા.મ. ભાગ ૧.૧૧

શ્રાવણના પ્રારંભે આચાર્ય સંતો સાથે સારંગપુર પહોચ્યા. ત્યા જે જે બન્યુ તેનો આંખે દેખ્યો અહેવાલ સ્થાનિક સત્સંગી નાગજી શેઠ અને ભીમજી અમરશીએ સ્વામીશ્રીને વસો મુકામે લખી મોકલ્યો.

સ્વામીશ્રીએ કુંજવિહારીપ્રસાદજી પાસે પાર્ષદોને ભાગવતી દીક્ષા અપાવી તે પ્રત્યેની નારાજગી આચાર્યે કેવા શબ્દોમાં વ્યક્ત કરી છે તે આ પત્રમાં જણાવ્યું. વળી સારંગપુરના કોઠારમાંથી રૂપિયા લઈને વઢવાણવાળાને મદદ કરી છે, એવા આક્ષેપની તપાસ કરવા ફોજદાર ભવાનીશંકર નડિયાદથી આવ્યા હતા. તે પણ સ્વામીશ્રીના કાર્યથી કેટલી હદે પ્રભાવિત થયા તેની વાત પણ લખી.

તેમણે લખ્યું :

'સં. ૧૯૬૨ શ્રાવણ સુદ ૫, તા. ૨૬-૭-૧૯૦૬.

અમીન પુરુષોત્તમદાસ હરિભાઈ મારફત શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પોંચે, ઠે. કન્યાશાળા પાસે, મુ. વસો.

સારંગપુરથી લી. નાગજી ત્થા ભીમજી અમરસીના દંડવત્.

આપનો પત્ર વાંચી દર્શન તુલ્ય આનંદ થયો છે. (આચાર્ય) મહારાજ અહીં આવી ગયા. પરમ દીવસે ગઢડે ગયા છે. ગીગા ભક્તને બોલાવીને નરસીંનો ખરખરો કરી વાત આશરે વાત કાઢી કહ્યું કે શાસ્ત્રી જેવા સાધુ સત્સંગમાં નથી, પણ તેમણે વઢવાણ સાધુ કરાવ્યા તે ગેરવ્યાજબી કર્યું છે. તો જો શાસ્ત્રી આવીને નમી જાય તો હું સમાધાન કરાવી નાખું !

વલી નડીયાદવાળા ફોજદાર ભવાનીશંકરભાઈ અહીં આવેલા ત્યારે તેમણે ઈશ્વર(ભગત)ને કહ્યું જે ગુજરાતવાળા એમ વાતો કરે છે કે, શાસ્ત્રી સારંગપુર માંથી પાંચ-સાત હજાર રૂપીયા લઈ ગયા છે તે વાત સાચી કે ખોટી ?

ત્યારે ઈશ્વર કહે જે રૂપિયા લઈ જવાની તો વાત ખોટી છે. એક પાઈ પણ જો તેમનાથી બગડી હોય તો મારા ગળાના સમ છે.

વલી ફોજદાર કહે જે તમો અહીં કેટલા વરસથી છે(છો) ? અને શાસ્ત્રી અહીં હતા, ત્યારે હતા કે કેમ ? તો કહે જે 'હું ૨૫ વરસથી જેમનો તેમ જ કામ કરું છું અને મને (શાસ્ત્રીનો) પુરો અનુભવ છે.'

તે વાત થઈ ત્યારે ગીગા ભગત ત્થા જોધો ભગત પણ સાથે હતા. ગીગા ભગતે બંગલો, દેરી, આરસ, કમાડ વગેરે બતાવી કહ્યું કે આ શાસ્ત્રીથી

થયેલ છે. ત્યારે ફોજદાર કહે જે, 'આ તો બહુ સારી વાત ! નાઈસ, પ્રીટી ! ધર્મવાળા એકાંતિક સાધુ સત્સંગમાં છે. પણ જાતે (ભેખની જાત) તેમની આકરી વર્તણુંકથી આ જુલમ વગર ગુને ગુજાર્યો છે. તે ઘણું જ ગેરવાજબી (છે.) શું કરીએ ! (અમારે તો) બહુધા માણસને લઈને (સંબંધો સાચવવા અહીં) સાથે પડી રહેવું પડે છે. પણ તેમના વિરૂધ્ધ (શાસ્ત્રીજી મહારાજ વિરુદ્ધ) પડવાથી શ્રીજીના ગુનેગાર થઈએ.' તેમ બહુ બોલ્યા છે અને ચાર કલાક રહી ચાલ્યા ગયા છે.

ગઢડાના સાધુ ત્રીસ-પાંત્રીસ આવી બોટાદ રહેલા ત્યારે ફુલા શેઠે રસોઈ આપી નથી. ને દરશને પણ જતા નહીં. કોઠારી વિશ્નુ (વિષ્ણુ) આદીએ શેઠને હેતે કરીને બોલાવીને કહ્યું કે 'તમો ગઢડે આવજો ! મોરલીધરદાસે કીધું છે.' પણ શેઠે તે વાત ઉપર બીલકુલ લક્ષ આપેલ નથી. અને શેઠ તો માથા સાટે આપનો પક્ષ રાખી બેઠા છે. ને કહે છે કે હું તો સ્વામીનો જ છું. (આપને) અહીં બોલાવવા (છે) પણ વીરચંદ શેઠનું નક્કી નહીં. (તે) હજુ આવતા નથી. તે આવેથી બને તે ખરું.

એજ. દા. પોતાના ..... જય સ્વામિનારાયણ

દૂર સૌરાષ્ટ્રમાં - જ્યાંથી હવે વહીવટી અને સંસ્થાકીય સંબંધો પણ ભીમજી કોઠારી વગેરેના પ્રયત્નથી કપાઈ ચૂક્યા હતા, તેવા પ્રદેશમાં દૂર રહ્યા રહ્યા પણ હરિભક્તોનો સ્વામીશ્રી પ્રત્યેનો કેવો પક્ષ ! સ્વામીશ્રી આવા સમાચારોથી વાકેફ જરૂર રહેતા, પણ કોઈ પોતાની તપાસમાં છે કે નહીં, કોઈએ તેમને નિર્દોષ જાણ્યા કે નહીં, એવી લોકપ્રશંસાની પરવા તેમને લેશમાત્ર પણ નહોતી.

હા, આચાર્યશ્રીની ફેલાઈ રહેલી વાતોથી તેમને ખૂબ દુ:ખ હતું, પણ બહાર રહીને તેઓ શું કરી શકે ? એમણે પોતાનું હવે પછીનું લક્ષ્ય કેવળ એક બોચાસણ મંદિર અને તેનો પ્રતિષ્ઠા મહોત્સવ એ જ રાખ્યું.

હિરામુખી બદલાય છે.

આ માટે તેમનો પડાવ બોચાસણમાં વિશેષ રહેતો. અહીં જળઝીલણી ઊજવી એ પછી પારણાંની રસોઈ બોચાસણના હિરાભાઈ મુખીએ આપી.

કાશીદાસ મોટાના વંશજ આ હિરાભાઈની આખા પંથકમાં ધાક વાગતી. એકેય અવળા ધંધામાં બાકી નહોતું રાખ્યું, ન્યાય-નીતિનું નામ નહીં અને દમદાટી

વગરનું કોઈ કામ નહીં. ગુના જાહેરમાં કરવાના, છતાં પોલીસ અમલદારોય તેમનું નામ લેતાં ફફડે. એમની વિરુદ્ધમાં સાક્ષી આપવાની કોઈની મજાલ નહોતી, એ હિરાભાઈને સ્વામીશ્રીએ કહ્યું : 'આજે જો તમે વર્તમાન ધરાવી સત્સંગી થાવ તો અમારે જમાય.' સ્વામીશ્રીએ આટલું કહેતાં તો હાથ લંબાવી મુખીનું જોરાવર કાંડું પકડી લીધું. આ શીતળ દિવ્યસ્પર્શથી આખા શરીરમાં ઝણઝણાટી થઈ ગઈ. અંતર ઠરીને શાંત થઈ ગયું. વર્તમાન ધરાવી મુખી સત્સંગી થયા. શૂરવીરતાનો ઉપયોગ હવે સત્સંગને માટે થવાનો હતો.... આ સમાચાર વડતાલ પહોંચ્યા. કોઠારી ગોવર્ધનભાઈના અંતરમાં આનંદ વ્યાપી ગયો. તેમણે વાત પાકી કરવા અને વિશેષ આદેશ આપવા હિરાભાઈને વડતાલ બોલાવ્યા અને આખો પ્રસંગ વિસ્તારથી સાંભળ્યો. પછી અંતરનો રાજીપો વરસાવતાં કહ્યું, 'હિરાભાઈ, તમને સત્સંગી કરનાર શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને આજે જો ભગવત્પ્રસાદજી મહારાજ હોત તો અનેક પ્રકારે સન્માન કરી સત્સંગમાં મોટેરા સ્થાપી બે જોડ ચરણારવિંદ આપત ! પણ આજના તો તેમને કાઢવા બેઠા છે !' પછી એકદમ જ ભાવમાં આવી જઈને કોઠારીએ પૂછ્યું, 'હિરાભાઈ, મારે એ પૂછવું છે કે તમે શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ માટે શું કરશો ?'

'મારા ગામમાં મંદિર થાય છે તે પૂરું કરાવીશ !'

કોઠારી ખુશ થઈને બોલ્યા, 'કોલ આપો છો ?'

'હા.' તેમણે કહ્યુ.

કોઠારી બોલ્યા, 'હવે, હું શાંતિથી અક્ષરધામમાં જઈશ !'

•

તા. ૧-૧૨-૧૯૦૬ના માગશર વદ ૧, સંવત્ ૧૯૬૩ના દિવસે સ્વામીશ્રીએ બોચાસણ મંદિરના પાયા ખોદાવવાનો આરંભ કરાવી દીધો. ગિરધરભાઈ મુખીને મંદિરના કોઠારી નીમ્યા. શૂરવીર અને પડછંદ દેહધારી અક્ષરપુરુષદાસજીને મંદિરના કારખાનાના ઉપરી સ્થાપ્યા. અન્ય તમામ સંતો અને હરિભક્તોએ પાયો ખોદવાથી માંડી તમામ મજૂરીની સેવાનાં કાર્યો હોંશભેર ઉપાડી લીધાં.

નારણભાઈ ફુલાભાઈ અને ગાનાના બકોરદાસે વેગનો ભરીને આવતાં પથ્થરો ઊતરાવવાની અને પથ્થરોની વ્યવસ્થા કરવાની જવાબદારી ઉપાડી લીધી. ચારે તરફનાં ગામો - રુંદેલ, ચુવા, ડભાસી, ડેમોલ, ખાનપુર, સૈજપુર વગેરેના હરિભક્તોએ ગાડાં અને બળદો સેવામાં આપ્યાં અને આયોજનબદ્ધ બધું જ કામ

એટલી ઝડપથી ઉપાડ્યું કે જોનારા દંગ થઈ જતા. પોરબંદરના પથ્થરોનું ઘડતર શરૂ થયું.

પાયા ખોદાતા હતા ને એક દિવસ અચાનક એક છોબંધ કૂવો મળી આવ્યો. તેમાં અઢળક ધન-સંપત્તિ ભરેલા ચરૂ નીકળી આવ્યા !

સ્વામીશ્રીએ પળવારમાં કહી દીધું, 'એ લક્ષ્મીને દટાયેલી જ રહેવા દો ! આપણે તો અહીં મૂર્તિમાન લક્ષ્મી બેસાડીશું, એટલે બ્રહ્માંડની લક્ષ્મી તણાઈને આવશે. અનેકના કલ્યાણ થશે.'

આ અનાસક્ત અને નિઃસ્પૃહી પુરુષના અપરંપાર મહિમાને કોણ જાણી શકે ?

લોકોને મતે સ્વામીશ્રી નિરાધાર અને વડતાલથી 'બહાર કાઢેલા' હતા. પણ એમને તો જગદાધારનો આધાર હતો. ચરુમાંથી મળતી સંપત્તિ કરતાં તેમને મન હરિભક્તોની સમર્પણ ભરી સેવા વધુ મહત્ત્વની હતી. સ્વામીશ્રીના આદેશથી ચરુ દાટી દેવાયા અને ચણતરનું કામ શરૂ થયું. અનેક વિઘ્નોની વચ્ચે મંદિર આકાશ તરફ ઊંચકાઈ રહ્યું હતું.

સ્વામીશ્રીએ સં. ૧૯૬૩ના વૈશાખ સુદ ૧૫ના દિવસે તો અક્ષર પુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરવાની વાત જાહેર કરી દીધી અને એ ઉત્સવમાં આવવા માટે વઢવાણના આચાર્યશ્રી કુંજવિહારીપ્રસાદજીને આમંત્રણ પણ આપી દીધું !

માગશર વદ ૧ના પાયા ખોદવાનો પ્રારંભ અને વૈશાખ સુદ ૧૫ની પ્રતિષ્ઠા !! મહિના માત્ર સવા છ ! અને દિવસો ગણો તો બરાબર ૧૯૩ !

હા, સ્વામીશ્રીએ બરાબર ૧૯૩ દિવસમાં મંદિર ઊભું કરી દીધું હતું. કેટલી ઝડપ ! કેટલી સૂઝ ! કેવું આયોજન ! કેવું અને કેટલું સમર્પણ હોય ત્યારે આ વિરલ મંદિરનું સર્જન માત્ર આટલા જ દિવસોમાં શક્ય બને !

કુંજવિહારીપ્રસાદજીને પ્રતિષ્ઠામાં નિમંત્રણ

વઢવાણના આચાર્ય કુંજવિહારીપ્રસાદજી તરફથી ઉત્તર આવ્યો કે વૈશાખી પૂનમે આવી શકાશે નહીં, આથી સ્વામીશ્રીએ ખાસ તેમની અનુકૂળતા માટે પૂનમની તિથિ બદલી વૈશાખ વદ ૧૦, તા. ૫-૬-૧૯૦૭ના શુભ દિવસે પ્રતિષ્ઠા રાખી અને વૈશાખ સુદ ૮ના દિવસે સોખડાના ત્રિભોવનદાસ મારફત ફરીથી આમંત્રણ લખી મોકલ્યું. જેમાં ઉપાસનાલક્ષી સ્પષ્ટતા સાથે વઢવાણ - બોચાસણના સંબંધોના હેતુ પણ સ્પષ્ટપણે લખાવ્યા. તેમાં જણાવ્યું :

'શ્રી અક્ષરપુરુષોત્તમાય નમો નમઃ'

સંવત્ ૧૯૬૩, વૈશાખ સુદ ૮, તા. ૨૦-૫-૧૯૦૭.

સ્વસ્તીશ્રી અમદાવાદ મહાસુભસ્થાને વીરાજમાન પરમપુજ્ય, પરમદયાળુ, પરોપકાર પરાયણ, સ્વધર્મનીષ્ટ, સમદમાદીક સાધને સંપન્ન, પરમ બુધીમાન, સત્યાસત્યવિવેકવાન, શ્રીહરિકૃત - ધર્મ - મર્યાદા - ધર્મરક્ષક, વિદ્યાવિનયાદિક સદ્‌ગુણસાગર, શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમના ચરણકમળ ઉપાસક, ધર્મકુળ મુગટમણિ એ આદિક, અનેક સુભોપમા વીરાજમાન ધર્મધુરંધર આચાર્યવરેંદુ આચાર્ય પાંડે શ્રી કુંજવીહારી પ્રસાદજી મહારાજની પવિત્ર સેવામાં.

બોચાસણથી લી. સાધુ યજ્ઞપુરુષદાસજી તથા મહાપુરુષદાસજી તથા કોઠારી પ્રભુદાસ તથા સ્વામી નિર્ગુણદાસજી (કોઠારી જેઠાભાઈ) તથા પટેલ હાથીભાઈ દેસાઈભાઈ તથા પા. ભાઈલાલ મગનભાઈ તથા. પા. જવેરભાઈ રણછોડભાઈ તથા પ. મથુરભાઈ જીજીભાઈ બોચાસણના, તથા પા. જવેરભાઈ વીઠલભાઈ તથા પા. ચુનીભાઈ ભાઈલાલભાઈ સોજીત્રાના, તથા પા. મોતીભાઈ ઉમેદભાઈ તથા પા. ડાહ્યાભાઈ પુરુષોત્તમદાસ ગામ વસોના, તથા પા. ડાહ્યાભાઈ કાસીભાઈ તથા પા. હીરાભાઈ ચતુરભાઈ ગામ ભાદરણના, તથા પા. કેશવલાલ પ્રાગજીભાઈ તથા પા. હરીભાઈ જોરાભાઈ ગામ આણંદના, તથા પા. ત્રીભોવન ગોપાળભાઈ તથા પા. ત્રીકમભાઈ કાસીદાસ ગામ સોખડાના, તથા વૈદ્ય મનસુખભાઈ વીશ્વનાથ તથા પા. કાળીદાસ જીભાઈદાસ ગામ ચાણસદ વીગેરે ગામોના હરિભક્ત સમસ્તના સાષ્ટાંગ દંડવત્‌પુર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.

વિશેષ વિનંતી કે અત્રે સ્વસ્થાન શ્રી બોચાસણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા શ્રી હરિકૃષ્ણ મહારાજની મુર્તીઓની પ્રતીષ્ઠાનો મોટો ઉછવ સંવત ૧૯૬૩ના વૈશાખ વદી ૧૦ને બુધવારનો નીરધાર્યો છે. માટે આપ જરૂર તે અવસર ઉપર પધારી અમારા મનના મનોરથ પૂરા કરશો અને આપની સાથે આપના મોટાભાઈ શ્રીપતિપ્રસાદજી મહારાજ તથા નાનાભાઈ જગદીશપ્રસાદજી મહારાજને તેડાવી સાથે આવસો તેમજ આપના દેશના તમામ સાધુ-સત્સંગીઓ અત્રે શુભ પ્રસંગે પધારે એવી રીતે વિદિત કરશો.

વિશેષ અમારા સાંભળવામાં આવ્યું છે કે (રાજકોટ નિવાસી માળિયા) ઠાકોર સાહેબ શ્રી મોડજીભાઈએ શ્રી અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનો ખુલાસો માંગ્યો છે તેના જવાબમાં લખવાનું કે એવી અમારી સમજણ અને નિષ્ઠા છે તે વિદિત કરીએ છીએ. શ્રીજી મહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી, અક્ષર પર, પુરુષોત્તમ ભગવાન જાણીએ છીએ અને સદ્દગુરુ સ્વામીશ્રી ગુણાતીતાનંદ સ્વામીને મૂળ અક્ષર ને શ્રીજી મહારાજના અનાદિના અનન્ય સેવક જાણીએ છીએ. પણ કદી સ્વામીને ભગવાન જાણતા નથી. આવી સમજણ વીના બીજી રીતની સમજણ અમારે હોય તો અમારૂ કલ્યાણ થાય નહિ. આવી રીતે આપની સાથે ઘણી વખત વાતચીત થવાથી આપને પણ અમારી નિસ્ટાનો (નિષ્ઠા) પાકો અનુભવ છે.

આપને પણ અક્ષર-પુરુષોત્તમની સરવોપરી ઉપાસનાની નિસ્ટા અમારા જેવી છે એવું અત્રે જાણીએ છીએ અને આપે આવી સરવોપરી અક્ષરપુરુષોત્તમ મહારાજની મુરતીઓની પ્રતીષ્ઠા વઢવાણમાં કરી છે.

બીજું, અમારે ને તમારે જે દૃઢ સ્નેહ ને પક્ષ તે કોઈ આ લોકના સ્વાર્થથી કે રાગદ્વેષને લીધે પક્ષપાતથી બંધાયો નથી. કેવળ ઉપર લખ્યા મુજબ આજ્ઞા-ઉપાસના ને સદ્ભાવમાં એક નિસ્ટા તથા એક રૂચીને લીધે બંધાયો છે. માટે આપ જરૂર કૃપા કરી અત્રે પધારી અમો સરવેને આભારી કરસો અને જે તારીખે આપ આત્રે પધારો તે મુકરર કરી અમને ખબર આપશો.

આપને ત્યાં અત્યારે ઘણા હરીભક્તોને પોતપોતાને ગામ લઈ જઈ(ત્યાં) પધરાવી (આપનો)લાભ લેવાની ઉતકંઠાથી (વૈશાખી) **પુનમને મુહૂર્તે આપે પધારવાની ઘણી અડચણ જણાવી તેથી આપની આજ્ઞા મુજબ વદી ૧૦નું મુહૂર્ત આગળ ઠેલ્યું છે** ને પછી આ સાલમાં બીજુ મુહુરત તેવું આવતું નથી માટે હવે ગમે તેમ કરી મુહુરત ઉપર જરૂરથી અવલ (અચૂક) પધારશો. આપને ત્યાં સરવે સંતમંડળ તથા હરીભક્ત સમસ્તને અત્રેથી અમારા જે શ્રી સ્વામીનારાયણ કહેશો.

અત્રેથી સર્વ ત્યાગી ગૃહસ્થના સતસંગીના જે શ્રી સ્વામિનારાયણ વાચશો. એજ.

આટલા સુંદર અને ભાવસભર આમંત્રણનો કુંજવિહારીપ્રસાદજી તરફથી કોઈ જ ઉત્તર આવ્યો નહીં. વઢવાણમાં અક્ષરપુરુષોત્તમની પ્રતિષ્ઠા વખતે જે વિઘ્નરૂપ

બન્યા હતા, ત મોડજી દરબાર અને કેટલાક સાધુઓ બોચાસણ વખતે પણ એટલા જ સાબદા હતા ! સૌએ મળીને કુંજવિહારીપ્રસાદજીના મનમાં એવો પૂર્વગ્રહ પેદા કર્યો હતો કે તેમને આવવું હોય તોય આવવાનું માંડી વાળે.

સ્વામીશ્રીએ તો કેવળ પોતાની હૃદયભાવના વ્યક્ત કરી દીધી. પરિણામ શ્રીહરિની મરજી ઉપર છોડી દીધું. કોઈ આવે, ન આવે, શું ફરક પડવાનો હતો ? સાક્ષાત્ શ્રીહરિ અનન્ય ભક્ત સહિત મધ્યમંદિરમાં પ્રથમ જ વાર બિરાજે તેથી અધિક ખુશી કઈ હોઈ શકે ?

જોતજોતામાં પ્રતિષ્ઠાના મંગલ દિવસો આવી ગયા. મંગળ મંત્રોચ્ચાર સાથે પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો. પાકશાળામાં ચૂનાબંધ હોજ બંધાવી સેંકડો મણ શીરાના ગંજ ખડકાયા અને ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી હજારો બાઈ-ભાઈનો ભક્ત સમુદાય બોચાસણના આંગણે ઊમટી પડ્યો.

મધ્ય ગર્ભગૃહમાં અક્ષર અને પુરુષોત્તમ મહારાજની ભવ્ય મૂર્તિઓ બિરાજી, સ્વામીશ્રીએ જાતે જ પ્રતિષ્ઠાવિધિ કર્યો અને અક્ષરપુરુષોત્તમ મહારાજનો જયજયકાર આખા ચરોતરમાં થઈ ગયો ! ખૂણિયું કહેવાતું, તે જ્ઞાન હવે ચરોતરના ચોકમાં ગાજવા લાગ્યું. ભક્તોના ઉત્સાહનો પાર ન હતો. સંતો અને સ્વામીશ્રીનાં હૈયાં પણ ભાવથી ગદ્ગદ થઈ ગયાં.

ધર્મમૂર્તિની અજાતશત્રુતા

વડતાલમાં આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજીના વર્તન વિરુદ્ધમાં જબરદસ્ત બંડ ઊપડ્યું હતુ.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ નિર્વંશ હોવાથી તેમણે અવસાન પહેલાં વીલમાં જણાવ્યું હતું કે 'ટ્રસ્ટીઓની સંમતિથી વહીવટ ચલાવજો.' આથી ગોરધનભાઈ કોઠારી છપૈયા - અયોધ્યા જઈ રામપ્રતાપભાઈના પૌત્ર નારાયણદત્તના પુત્ર લક્ષ્મીપ્રસાદજીને ગાદીપતિ બનાવવા લઈ આવ્યા. તે સમયે તેમની ઉંમર હતી માત્ર ૮ વર્ષ ! સંવત્ ૧૯૫૫માં તેઓ ગાદીપતિ થયા પણ વહીવટ કોઠારીશ્રી અને મુખ્ય સંતો-ભક્તો દ્વારા ચાલતો રહ્યો. યુવાન વયની પાકટતા આવે અને સંપ્રદાયની પ્રણાલીઓ પ્રમાણેની વર્તણૂક આવે તે પહેલાં તો તેમની રજોગુણી પ્રવૃત્તિ વધી ગઈ હતી. તેમનું વર્તન મર્યાદા બહાર ગયું હતું. એટલે જ સ્વામીશ્રીએ તેમને ખાનદેશ તરફના વિચરણમાં એકવાર ટોક્યા હતા,

ત્યારથી જ સ્વામીશ્રી પ્રત્યે પણ તેમને અસદ્‌ભાવ થઈ ગયો હતો.

તેમને મુંબઈ લઈ જવાયા. ઘણા ઉપાયોથી અનૈતિક આચરણ છોડી દેવા તેમની ઉપર દબાણ કરાયું. પરંતુ તે ફરી એવું ને એવું જ વર્તતા. આથી કંટાળીને અને દ્વેષની ભાવનાથી વડતાલના કેટલાક સાધુઓ સ્વામીશ્રીને બોચાસણ મંદિરે નનામા પત્રો લખી લક્ષ્મીપ્રસાદજીની ભૂલો બહાર પાડવા પ્રેરણા આપતા. પણ સ્વામીશ્રીની અજાતશત્રુતા અદ્‌ભુત હતી ! તેમને જાણ થઈ કે આચાર્ય તરફ નફરતથી ભરેલા પત્રો શરૂ થયા છે, એટલે તેવો એક નમૂનાનો પત્ર તેમણે વડતાલ આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજીને સીધો જ મોકલ્યો અને સાથે સંપ્રદાયની મર્યાદામાં રહેવા તથા સત્સંગનું સારું દેખાડવા તથા શ્રીજીનો દાખડો સફળ બનાવવા અતિ અદ્‌ભુત પ્રેરણા જાતે જ લખી.

એ નનામો પત્ર અને સ્વામીશ્રીનો ઉપદેશપત્ર બંને અહીં પ્રસ્તુત છે. જેમાં સ્વામીશ્રીની એક અદ્વિતીય ધર્મમૂર્તિ તરીકેની તથા વ્યવહાર અને અધ્યાત્મમાં કેટલી કુશળતા હતી તે બંને પ્રતિભાનો સચોટ પરિચય પ્રાપ્ત થાય છે !

આ રહ્યો એ નનામો અને ઝાંખી પેન્સીલથી લખાયેલો પત્ર, જેમાં આચાર્ય લક્ષ્મીપ્રસાદજીના વર્તન વિષે અપકીર્તિ થાય તેવું લખાણ આ મુજબ લખ્યું છે :

'સ્વસ્તીશ્રી બોચાસણ મહાસુભ સ્થાને કૂતનીવાસ (કૃતનિવાસ) પરમ પવિત્ર, પરમ પુજ્ય એવમ્ અનેક સુભોપમા યોગ્ય સદ્‌ગુરુ સ્વામી **યજ્ઞપુરુષદાસજી** પ્રત્યે અત્રેથી લખીતંગ....ના દંડવત્ પ્રણાં જે શ્રી **સ્વામીનારાયણ** વાંચશોજી.

વીશેષ લખવાનું જે આચારીય (આચાર્ય લક્ષ્મીપ્રસાદજી) અમદાવાદ વેશ્યાઓને ત્યાં ભટકતો ફરે છે. વલી એ જ ક્રિયા કરવા હિન્દુસ્તાન ગયેલો છે. આ રીતની સંસ્થા અતરે છે. બીજું કોઠારી માહરાજની મરજી છે. પાલા (પાર્ષદો) ઘર (૩) કાઢી મુક્યા છે. (ત્રણ પાર્ષદોને ઘરે કાઢી મૂક્યા છે.) માટે કોઈ આગેવાન થઈ સારી ક્રિયામાં ભળે એમ નથી. માટે આણંદ, વસો એ આદીક ગામમાં આપને પેસવું હોય તો આવો ફરી જોગ નહીં મળે. માટે લખ્યું.

કોઠારી ગોવરધનની મરજી લઈ લખ્યું છે... એજ.

આ પત્ર વાંચી સ્વામીશ્રી અત્યંત ખિન્ન થઈ ગયા. તેમણે તાત્કાલિક આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી ઉપર રાગદ્વેષથી મુક્ત અને કેવળ સંસ્થા તથા

આચાર્યના હિત માટે અજાતશત્રુભાવે અદ્ભુત પત્ર લખ્યો હતો. જેમાં લખ્યું :

શ્રી અક્ષરપુરુષોત્તમાય નમો નમઃ

શ્રી સ્વામીનારાયણાય નમો નમઃ

સ્વસ્તીશ્રી વરતાલ માહાશુભ સ્થાને પરમ વિવેકી, સદાશુભકામ-લાયક, પરમ બુધ્ધીમાન, સદા પરોપકાર પરાયણ, શ્રી પ્રગટ પુરુષોત્તમોપાસક એ આદીક સુભોપમા વીરાજમાન આચાર્ય પાંડે શ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજ પ્રતે બોચાસણથી લી. યજ્ઞપુરુષદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વીશેષ, આપને વિદિત કરવા વિનંતી કે આ સાથે નકલ મોકલી છે તે વાંચી વીચાર કરશો. આવી રીત્યના પ્રથમ એક કાગળ આવેલો, તાર(ત્યાર) પછી બીજો આવ્યો. હું તો આજ કાઠીયાવાડથી આવ્યો ત્યારે મને અત્રેના કોઠારી પાસે હતો, તે મળ્યો છે. તે નનામો છે પણ કોઈ અણભણ (અભણ) ત્યાગીનો લખેલો છે.

વીશેષ, આપને વિનંતી કરવાની કે આવી અપકીરતી સાચી અગર જુઠી દુનીયામાં ચાલે તે અતી ખોટું કહેવાય. તેમ (જ) ગ્રહસ્થ લોકો જાણે તે અતી ભુંડું. માટે આ કાગળ લખનારને ગમે તે રીત્યે સોધી કાઢી દબાવસો, તો જ તમારૂં વજન રહેસે. જો કે અહીં એક પુરાણી જતા આવતાં વડતાલથી આવેલા. તેણે આપને વીષેની કેટલીક બહુ જ વાત કરેલી. વલી બીજા કેટલાકે અમને ઘણું કહેવરાવેલું કે તમે તો હવે તાબાના નથી તો તમે (આચાર્યની ભૂંડી બાબતો) છપાવો, અગર બહાર પાડો. તો તેના જવાબમાં મેં એટલું જ કહ્યું કે અમને સત્સંગ બહાર કર્યા છે એટલે તેમની (આચાર્યની) અપકીરતી થાય, તેથી હમારે હરખ-શોક ન હોય. (પણ) તમે (તો) તેમના શીષ્ય ને તેમની સોભાથી સોભાવાન દેખાવનાર, તો તમે જેમ યોગ્ય લાગે તેમ કરશો. હમારે (તો) જે ગામ જવું નહીં તેનું નામ શું પૂછવું ?

વળી, બીજા આચારજ કરવાના સંબંધમાં (એટલે કે તમને પદભ્રષ્ટ કરવાના સંબંધમાં) વરતાલ તરફથી ત્યાગી-સાધુ-ગૃહસ્થોએ ઘણું કહેલું-કેવરાવેલું પણ હમોએ વીચાર કર્યો કે એથી કરી ઉપાધી વધે, ને (તમારા) અંતરમાં છાતીનો ઘા થાય. તે રૂઝાવવો કઠણ પડે. ને આ તો આપણે ન ફાવ્યું, તો છેટે રહી આપણે નીરવાહ કરીએ. તેમાં તેમને (આચાર્ય

લક્ષ્મીપ્રસાદને) જીવમા દ્વેષ ન થાય. વલી નડીયાદના (ફોજદાર) ભવાનીશંકરે વખતો વખત કહેલું કે આચારજીને તમારી ઉપર દ્વેષ નથી, આ તો ભીમજી ત. ભેખના આગ્રહથી કર્યું છે તો તમે ગમે તેમ કરો, પણ નવો આચારજ ન કરસો. (અર્થાત આપ બોચાસણમાં નવા આચાર્ય ન કરશો) આ તો જ્યારે ત્યારે શાંતી થસે, પણ તે ગોદ પેઠેલો કાઢવો કઠણ પડસે. તેથી તે વાત(અમે) મુલતવી રાખી છે. (અર્થાત્ અમે કોઈ નવા ધર્મવંશીને આચાર્ય તરીકે નીમવાના નથી)

પરંતુ જ્યારે (હવે તો) હદ પાર દુનીયામાં અપકીરતી સાંભળી સાંભળી રૂંવેરૂંવું ઊભું થાય છે માટે પાછા વળો. ને વીચાર કરો કે હું કેની ગાદી યે બેઠો છું ? ને કેટલા મનુષ્ય મને માને છે, ને હું કોણ ! હમારી સી પદવી ?! તે વિચારી શ્રીજીની પાંચ વરતમાન સંબંધી મર્યાદા(માં) રહો તો ઘણું સારૂં. ને તમારી સોભાયે આખા સત્સંગની સોભા છે. ને તમારી અસોભા યે આખા સત્સંગનું ભુંડું દેખાય છે.

માટે હજુ (જ્યારથી વડતાલ આવ્યા ત્યારથી) બાલ્યાવસ્થામાં (જ) જ્યાં સુધી ગણાયા, ત્યાં સુધીનું (તો) લોકે ક્ષમી ખાધું છે. હવે મારા ધારવા પ્રમાણે ઘણા લોકો જ્યાં ત્યાં આ વાતમાં ચર્ચા કરે છે, તેથી મોટું (આબરુ) ભંગ થસે.

રાજકોટમાં બાપાલાલ સુંદરિયાણાવાળે આપની વર્તમાનકાળની વર્તણુંકની વાતો હરીજનોને ખાનગી કરેલી. તેમણે મને કાઠીયાવાડ ગયો ત્યારે પૂછ્યું કે આવી બાપાલાલ વીગેરે વાતો કરતા હતા, તે કેમ હસે ? તેના જવાબમાં મેં કહ્યું કે હમારે તો બે વરસથી તેમનો સંબંધ નથી, એટલે અમે તે વીષે કશું જાણતા નથી. પણ આટલી બધી વાત તમોને કરી તે કદી સાચું હોય નહીં ! કારણ કે મનુષ્યો સાધારણ હોય તે પણ દુનીયાની રીત બા'ર (બહાર) ચાલે નહીં, તો આવા પ્રતિષ્ઠિત (આચાર્ય) વીષેની વાતો ભાગ્યે જ સાચી હોય ! વીગેરેથી સમાધાન કરૂં.(કર્યું)

પણ અહીં આવ્યા ત્યારે આગળથી જ આ કાગળ આવેલો ! જો કે તે કાગળ પ્રમાણે આપનું વર્તન હોય તેમ સાચું મનાતું નથી. પરંતુ તે દુષ્ટે આવું લખ્યું છે તે વાંચી સાધારણ લોકોને આપના વીષે ઘણી ખોટી અસર થાય તે નીકળવી કઠણ પડે. વલી તેણે (અગાઉના પત્રમાં) તો સંકરાચાર્યને લખવા

(ફરિયાદ કરવા) લખ્યું તેથી તે સત્સંગી જ નહીં હોય, ભલેને મંદીરમાં રહ્યા ! કારણ કે સ્વામીનારાયણની નીષ્ટા હોય તે તો પોતાના ઘરની અપકીરતી બા'ર (બહાર) કરે જ નહીં. પણ વીપરીત કાલ પ્રવર્ત્યો કે કોઈને સત્સંગનો મમત નથી એજ.

બીજું જો આપને જે કાગળ લખેલો, તેના અક્ષર ઓળખી કાઢી ઠબકો (ઠપકો) આપવા વીચાર હોય તો અસલ કાગળ મોકલી આપશું. મંગાવી લેજો. ને આપને અપકીરતીની બીક ન હોય ને સત્સંગનો ખપ ન હોય, ને સારૂ નરસું દેખાવાની પરવા ન હોય તો ભલે ! અમે તો ચોકસ નીરધાર કર્યો છે કે આપણે કોઇની નીંદ્યા-સ્તુતીમાં ભળવું નહીં તેમ સ્વામીનારાયણનું નામ (જાણે અજાણે) દે તેનું પણ ભૂંડું બોલવું નહીં ! તો તમારી નીંદ્યાથી લોકમાં સત્સંગનું (બહુ) ભૂંડું દેખાય ને તેથી સ્વામીનારાયણની અપકીરતી થાય. માટે ગમે તે કે'સે (કહેશે) કે ચઢાવસે, પણ હમો કદી તે વાતમાં ભળનાર નથી. પણ બધા સાધુ ને હરીજનો એકંદરે જ્યાં ત્યાં આવી વાતો ચલાવસે, ને સર્વત્ર એક વીચાર થસે ત્યારે તમોને ઘણું કઠણ પડસે. માટે જરૂર મન હાથ રાખીને નીચની સોબત છોડી સારે રસ્તે વર્તવા આદર કરવો યોગ્ય છે. આ તો આપને સે'જ જાણવા લખ્યું છે.

એ જ. આ કાગળ આપને હાથોહાથ બીડ્યો છે. તો આપે વાંચીને જવાપ (જવાબ) પોંચ્યાનો યોગ્ય લાગે તો આપસો. એ જ મીતી આસો સુદી ૧૩ ને શનીવાર...[૩૫]

જે આચાર્યે સ્વામીશ્રીને વડતાલથી દૂર કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, એ આચાર્ય પ્રત્યેની સહાનુભૂતિના શબ્દો જુઓ, 'આપનું વર્તન એવું હોય તેમ સાચું મનાતું નથી !' પત્રના અંતે અપાતી ચેતવણીના સૂરમાં આચાર્યના ભાવિનો સ્પષ્ટ નિર્દેશ છે : 'સર્વત્ર એક વીચાર થસે ત્યારે તમોને ઘણું કઠણ પડસે.' અને એમ જ થયું. આ પત્ર પછી બરાબર સવા વર્ષ સુધીમાં આચાર્યની ઘણી ભૂલો બહાર આવી. સંસ્થાના ઉપરીઓ દ્વારા તેઓ પદચ્યુત જાહેર થયા અને તા. ૧૭-૩-૧૯૦૯ના ફાગણ વદ ૧૦, સંવત્ ૧૯૬૫ના દિવસે તેમણે ફરજિયાતપણે ગાદી

૩૫. આવા મહત્ત્વના પત્રો સ્વામીશ્રી લખતા, ત્યારે જાતે જ તેની બીજી નકલ કરી લેતા. આ જ કારણસર લક્ષ્મીપ્રસાદજીને પત્ર મોકલતાં પહેલાં તેઓએ જે નકલ કરી લીધી હતી, તે સદ્. નિર્ગુણ સ્વામીના સંગ્રહમાંથી મળી આવી છે.

છોડવી પડી. એ સમયે તેમની ઉંમર હતી માત્ર ૧૮ વર્ષની ! તેમના સ્થાને રામપ્રતાપભાઈના પ્રપૌત્ર (નંદરામના પુત્ર રામશરણજીના પુત્ર મથુરાપ્રસાદના પુત્ર) શ્રીપતિપ્રસાદજીનો બે માસ બાદ વૈશાખમાં ગાદીપતિ તરીકે અભિષેક થયો.

'હરિ કરે સો હોય !'

આ વર્ષો દરમ્યાન સ્વામીશ્રીએ બોચાસણ મંદિરના દરવાજા માટેની જમીન સંપાદન કરી લીધી હતી.

જો કે વરતાલમાં હજુ દ્વેષની જ્વાળાઓ ક્યારેક લપકારા મારી જતી હતી ! એકવાર સાધુ નંદકિશોરદાસે સ્વામીશ્રીની 'ખબર લઈ નાંખવાનો' વિચાર કર્યો. આ જ સાધુએ વડતાલમાં મરચાંની ધૂણીથી સ્વામીશ્રીને પરેશાન કર્યા હતા.

તેમણે નક્કી કરી લીધું : 'કાલે વહેલી સવારે બોચાસણ જવા નીકળી જઈશ...' અને સવારે જોયું તો નંદકિશોરદાસને રાત્રે જ લકવાના ખતરનાક હુમલાથી શરીર ઝલાઈ ગયું હતું !

બધા મનમાં સમજી ગયા કે ભગવાન જરૂર શાસ્ત્રીના પક્ષે છે. 'આદર્યા અધૂરા રહે, ને હરિ કરે સો હોય' એ પંક્તિ અહીં ચરિતાર્થ થઈ હતી.

આવા સંકટના દિવસોમાં સ્વામીશ્રીનું વિચરણ ખાનદેશ તરફ ચાલવા લાગ્યું. અહીં પૂર્વે વિજ્ઞાનદાસ સ્વામી વગેરેએ ભગતજીના હેતવાળા અને અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા સત્સંગીઓને તૈયાર કર્યા હતા, સ્વામીશ્રીએ તેમને પુષ્ટિ આપી.

શ્રીપતિપ્રસાદજીનું કરારનામું

વડતાલ સંસ્થાથી જુદા થયાને આજે પાંચ પાંચ વર્ષ વીતી ગયા હતા છતાં સ્વામીશ્રી આટલે દૂરથી કોઠારી ગોરધનભાઈને પોતાના સમાચારોથી વાકેફ રાખતા. આ ઉદાર પરંતુ છેલ્લાં છ એક વર્ષથી લાચાર થઈ ગયેલા કોઠારીએ સ્વામીશ્રીના સમાચાર જાણી એક ટૂંકો પણ વેદનાથી ભરપૂર પત્ર લખ્યો.

આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજીની નવી નિમણુક સં. ૧૯૬૨, વૈશાખ સુ. ૭ તા. ૨૬-૪-૧૯૦૯ના દિવસે જ થઈ હતી. એ પછી આઠ માસ વીતી ગયા હતા ત્યારે કોઠારી સ્વામીશ્રી પ્રત્યે પોતાના સેવક ગોકળદાસ પાસે લખાવે છે :

સંવત ૧૯૬૬, પોષ વદ ૧૦, તા. ૪-૨-૧૯૧૦.

શ્રી વડતાલથી લખવાનું જે આપનો ખાનદેશ તરફનો વીગતવાર પત્ર પહોંચ્યો છે. ધર્મધુરંધર શ્રી રઘુવીરજી મહારાજની વાત તો જુદી કહેવાય. તેમના (વખત)માં તો (મેં) ફક્ત રાજીપો મેળવ્યો હતો ને શ્રી ભગવત્પ્રસાદજી મહારાજે ઘણું કામ (મારે) માથે નાખ્યું હતું. તે કશામાં ચીત્ત રાખતા ન હતા. મારે જ કરવું પડતું હતું. તેથી (મેં) બની તેટલી સેવા કરી. શ્રી વિહારીલાલજી મહારાજની વખતમાં તો આપે જાણેલું છે. વળી લક્ષ્મીપ્રસાદના (વખતમાં) તો એક વરસ સ્વતંત્ર (મારે) માથે હતું. તેમણે માથું કપાવ્યું (લાજ લીધી) ને હાલમાં કામ (વહીવટ) મારે માથે નથી. તેમ (શ્રીપતિપ્રસાદજી) મહારાજશ્રીને માથે પણ નથી ! કેટલુંક કમીટીને માથે છે.

ભાઉ સાહેબ, નાના સાહેબ, રા.રા. દોલતરામભાઈને કહેતા હશે (કે આચાર્યને સંપૂર્ણ સત્તા કેમ નથી આપી ?) ત્યારે રા.રા. દોલતરામભાઈએ ઉપાસનાની ખામી બતાવી હતી. (આ યોગ્ય ન કહેવાય). તમારે ઇચ્છા હોય તો રા.રા. દોલતરામભાઈને લખવું.

મારે ખાનદેશ તરફ આવવા વિચાર નથી. વળતી બની આવે તે ખરું. પણ હાલમાં નીવર્તી પકડવાની છે.

રા. દોલતરામભાઈ કમીટીના મેમ્બરોને બોલાવવા ધારે છે, પણ મહારાજશ્રી નથી માટે બંધ રાખ્યું છે. દા. સેવક ગોકળના દંડવત્

શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને પહોંચે, ઠે. સ્વામિનારાયણનું મંદિર મુ. કોસુંબા.

તા. ચોપડા, જીલા જલગાવ. ખાનદેશ

ચાર-ચાર આચાર્યશ્રીઓના સાંનિધ્યમાં કેવળ સત્સંગ માટે જેમની જિંદગી વીતી હોય તેમને નિવૃત્તિ પસાર કરવા કરતાંય સત્સંગમાં થતા કેટલાક નિર્ણયોનું પારાવાર દુ:ખ હતું અને તે સ્વાભાવિક પણ છે.

તેમણે લખેલી એક જ પંક્તિ તત્કાલીન વહીવટી સમિતિનું સ્પષ્ટ ચિત્ર આપી દે છે : 'હાલમાં કામ મારે માથે નથી, તેમ મહારાજશ્રીને માથે પણ નથી.'

હા, આચાર્યપદે નિમણૂંક થતાં જ શ્રીપતિપ્રસાદજી મહારાજ માત્ર કથન પૂરતા જ આચાર્ય રહે, તેવો કરાર લખાવી લેવામાં આવ્યો હતો. જેમાં ત્રણ શરતો મુખ્ય હતી.

૧. તેમના સ્થાને વારસદાર નીમવાનો તેઓ પોતે કોઈ હક-દાવો કરશે નહીં.

૨. મંદિરોના કોઠારી - મહંતોની નિમણૂંક કરવામાં કોઈ હક-અધિકાર માંગશે

નહીં.

૩. મંદિરના ખર્ચમાં, જમીન લે-વેચ કે બાંધકામમાં કમિટી જે ઠરાવો કરે તે મુજબ જ અનુકૂળ રહેશે.

આ કરારને કારણે આચાર્યશ્રીના વિશેષાધિકારો કાળક્રમે કોર્ટ દ્વારા પણ સંકેલી લેવામાં આવ્યા. આવાં જ પરિણામો આવશે તેવી ભીતિ કોઠારીને લાગી હશે, તેથી જ સ્વામીશ્રીને પોતાની લાગણી પોતાના સ્વજન પાસે વ્યક્ત કરતાં હોય તેમ સહજભાવે વર્ણવી દીધી.

આ બંને વિભૂતિઓ વચ્ચેનો આવો સ્નેહ સૌની નજરમાંથી છટકી શકે તેમ ન હતો ! પણ કોઠારીના મોભાને કારણે કોઈ કાંઈ કહી શકતું નહીં.

સ્વામીશ્રી ખાનદેશથી ગુજરાતમાં પધારી પૂનમના સમૈયાઓમાં અદ્‌ભુત કથાલાભ આપવા લાગ્યા હતા. હવે તો બે-બે હજાર હરિભક્તો ચૈત્રી પૂનમના ઉત્સવે ઊમટી પડતા. મંદિર અને ધર્મશાળા નાની પડતી. સ્વામીશ્રી એકાંતિક ધર્મનું નિરૂપણ કરતા, તો ઐતિહાસિક પ્રસંગો દ્વારા સ્વરૂપનિષ્ઠાની દૃઢતા પણ કરાવતા. સ્વામીશ્રી પાસે સંતોની સંખ્યામાં પણ સ્વામી ભક્તિવલ્લભદાસ, સ્વામી હરિકૃષ્ણદાસ વગેરેની વૃદ્ધિ થઈ હતી.

✧ ✧ ✧

પત્રધારા

૧૧ સારંગપુર મંદિરના શ્રીગણેશ

સ્વામીશ્રીના પ્રભાવ અને પ્રતાપની આવી વાતો વહેતી વહેતી વડતાલથી ગઢડા સુધી ગુંજવા લાગી. કોઠારી ભીમજીભાઈ જ્યારે જ્યારે વાતો સાંભળતા ત્યારે તેમના હૈયે ઘણું દુઃખ થતું.

તેમણે રોષ અને દ્વેષથી ગોરધનભાઈ કોઠારીને એક પત્ર લખ્યો :

'તમે ગુજરાતના વાણિયા, દાળભાત ખાનારા, તે તમારી નજર સામે યજ્ઞપુરુષદાસે ગુજરાતમાં મંદિર કરી દીધું અને તમે કાંઈ કરી શક્યા નહીં ! પણ એ જો કાઠીયાવાડમાં આવે તો તેને કાઠીયાવાડના ખમીરની ખબર પડે.'

સ્વામીશ્રીને આ સમાચાર મળ્યા, ત્યારે તેમણે એટલું જ કહ્યું, 'એ તો મહારાજની મરજી હશે તેમ થશે.'

સંવત્ ૧૯૬૬, સને ૧૯૧૦ના અંતિમ મહિનાઓ ચાલી રહ્યા હતા. સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. નાગજી શેઠ, ભીમજી શેઠ, ઓઘડ ખાચર એટલા સ્થાનિક ભક્તો અને આણંદના યુવાન ભક્ત મોતીભાઈ આ ચાર જ વ્યક્તિની ઉપસ્થિતિ હતી. સ્વામીશ્રી મોટા કુંડે નહાવા જતા શ્રીજીના પ્રસાદીભૂત લીંબડા નજીક ઊભા રહ્યા અને અચાનક બોલ્યા : 'મોતીભાઈ, મહારાજે અહીં મંદિરનું ખાત ઘોડે બેસીને કરેલું, એટલે અહીં જરૂર વિશાળ મંદિર થશે ! માટે તેનું કીર્તન બનાવો !'

તેઓ વિચારમાં હતા ને સ્વામીશ્રીએ તેમના તરફ દૃષ્ટિ કરી, જાણે આંખ આડેથી પડદો ખસી ગયો હોય એમ વિરાટ મહાલય સમું મંદિર સુવર્ણકળશ સહિત અત્યંત શોભાએ યુક્ત દેખાઈ રહ્યું હતું. મોતીભાઈના અંતરમાં ભાવનો સમુદ્ર હિલોળા લેવા લાગ્યો ને પંક્તિઓ સરી પડી....

'શ્રી સારંગપુરની શોભા સજી અતિ સારી...(૨)

જોઈ અલૌકિક અદ્‌ભુત ધામ અવિકારી....'

આ પછી કાઠિયાવાડીઓનું ખમીર અક્ષરપુરુષોત્તમને માટે કામ આવી જાય તેવું એક અદ્‌ભુત આયોજન સ્વામીશ્રીનાં કાર્યોમાં ઊમેરાઈ ગયું.

શિષ્ય મિલનની પ્રથમ ક્ષણ

વિ. સં. ૧૯૬૬નો ભાદરવો મહિનો ચાલી રહ્યો હતો. જૂનાગઢી સંતો સોરઠના દ્વાર સમા રાજકોટ સુધી વિચરણ કરવા આવતા. તેમાં આ વર્ષે સમર્થ સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ આવી પહોંચ્યા હતા. આ વિદ્વાન સદ્‌ગુરુ અતિ નમ્ર તથા અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતના પ્રખર સમર્થક હતા. ગુણાતીતાનંદ સ્વામીના સીધા જ શિષ્યોમાં તેમની ગણના અગ્રણી તરીકેની હતી. આવી સાધુતાથી જ કૃષ્ણજી અદા સાથે પણ તેમને ઘણા ગોષ્ઠિ-કથાના પ્રસંગો નીકળતા.

આવા પ્રસંગોમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસની અભૂતપૂર્વ નિષ્ઠા, અક્ષરપુરુષોત્તમને માટે મરણિયા થઈ વડતાલના પાદર સમા બોચાસણમાં મંદિર કરવાની શૂરવીરતા અને ગમે તેને સૈદ્ધાંતિક વાત ગળે ઉતારી દેવાની વિદ્વત્તાની અદ્‌ભુત વાતો પણ નીકળતી.

આ વાતો સદ્‌ગુરુ કૃષ્ણચરણદાસ સ્વામીના મંડળના સંતો પણ ધ્યાનથી સાંભળતા. તેમાંય ઓગણીસેક વર્ષના, શુકદેવજી સમા, નિર્દોષ પાર્ષદ ઝીણા ભગત ઓતપ્રોત થઈ જતા. તેમના મનમાં ઝંખના હતી, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ કેવા દેખાતા હશે ?

એકવાર કૃષ્ણજી અદાના ખાસ આમંત્રણથી સ્વામીશ્રી રાજકોટ આવી પહોંચ્યા અને અદાશ્રીએ સંતોને ઉતારે સમાચાર મોકલ્યા, સ્વામીશ્રી આવ્યા છે! ત્યારે સૌ પ્રથમ ઝીણાભગત તેમના દર્શને આવીને ઊભા રહ્યા. આ બાળયોગી ઝીણાભગતની આંખોમાં ભક્તિનો પારાવાર ઝૂલી રહ્યો હતો. હાથ જોડીને સ્વામીશ્રી સમક્ષ અનિમેષ નયને જોઈ રહેલા ઝીણા ભગતને જોઈ સ્વામીશ્રી પણ સ્થિર ઊભા રહ્યા... આ પ્રથમ મિલન, આ પ્રથમ દર્શનમાં વિશેષ કાંઈ જ નહોતું. જાણે શિષ્યની ભક્તિના સનાતન કોલ ગુરુને મૌનમાં જ અપાઈ ગયા હતા... આ 'ઝીણા ભગત' વિરાટ બનીને - યોગીજી મહારાજ બનીને - સ્વામીશ્રીના અદ્‌ભુત કાર્યના ડંકા દિગંતમાં વગાડવાના છે, તેવી જાણ તો કોને હોય ?

સ્વામીશ્રી જે સંકલ્પો કરતા તે ક્રિયાન્વિત કરવામાં તેઓ થોડો સમય પણ વ્યર્થ

જવા દેતા નહીં. સારંગપુરમાં મંદિર કરવું જ છે, તો તેનાં પગરણ પીઠા ખાચરના ઓરડા ખરીદવાથી કરી દીધાં. આર્થિક સેવામાં દીવાન ઝવેરભાઈ, નગાસરના ભૂદરભાઈ તથા નડિયાદના રામચંદ્રભાઈ મુખ્ય હતા.

આ ઓરડા ખરીદ્યાના સમાચાર ગઢડામાં મળ્યા ને ભીમજીભાઈ કોઠારીને જાણે વીજળીનો ઝાટકો લાગી ગયો ! 'શાસ્ત્રી આ શું કરે છે ?'

તેમણે મન મનાવ્યું : 'હજુ તો ઓરડા જ લીધા છે ને ! એમ કાંઈ મહેલ જેવું મંદિર કરવું એ રમત વાત છે ?'

જૂનાગઢી સંતમંડળ બોચાસણમાં ભળ્યું !

સ્વામી નિર્ગુણદાસજી, કોઠારી પ્રભુદાસ દેવશી અને સ્વામી મહાપુરુષદાસજીને સાથે રાખી સ્વામીશ્રીએ આર્થિક સ્થિતિ માટે વિમર્શ કર્યો. જમીનની દિશા નક્કી કરી સ્વામીશ્રીએ દીવાન સાહેબ પાસેથી સંમતિ મેળવી લીધી. દીવાન સાહેબ ઝવેરભાઈએ લીંબડી જઈ ઠાકોર સાહેબને આ સંતવિભૂતિની મહત્તા ગળે ઉતારી, જમીન સંપાદનનાં ચક્રો ઝડપથી ગતિમાન કર્યાં. બીજે દિવસે તો મેઘાભાઈ નામના મોજણીદાર રાજ્યમાંથી સારંગપુર આવી ગયા, સ્વામીશ્રી તેમની સાથે ગામની દક્ષિણ બાજુએ જમીન બતાવતા ગયા અને ખૂંટીઓ લાગતી ગઈ. ૨૪ એકર જમીન દરબારશ્રીએ દીવાન સાહેબના પ્રયત્નથી સ્વામીશ્રીના કાર્ય માટે અર્પણ કરી.

સ્વામીશ્રીનું અનુપમ સંતમંડળ સમય, સંજોગો અને સંઘર્ષના તમામ પડકારો ખમી શકે તેવું સમર્થ હતું. સ્વામી નારાયણચરણદાસ, સ્વામી અક્ષરપુરુષદાસ, સ્વામી ભક્તિવલ્લભદાસ, સ્વામી નિર્ગુણદાસ (કોઠારી જેઠાભગત), કોઠારી પ્રભુદાસ દેવશી, સ્વામી મહાપુરુષદાસ (કોઠારી બેચર ભગત) અને કોઠારી જીભાઈ બધા વડતાલ સંસ્થાના સ્તંભ સમા કોઠારીઓ જાહોજલાલીને ઠોકરે મારી સ્વામીશ્રી સાથે શ્રીજીપ્રબોધિત સિદ્ધાંત માટે ખપી જવામાં મોટપ સમજતા હતા.

સારંગપુરમાં વિરાટ મંદિર માટેની વિશાળ જમીન માત્ર ખૂંટાભેર પડી હતી. અહીં વાડ બનાવવાની સેવા જ પડકાર ભરી હતી, તો બાંધકામ અને રોજિંદા નિર્વાહની તો વાત જ શી રીતે થાય ?

સ્વામીશ્રી અને સંતો સેવાભાવીઓની વધુ સંખ્યાની અપેક્ષામાં જ હતા ત્યાં જૂનાગઢમાં એક અદ્‌ભુત ઘટના બની ગઈ.

આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ દ્વારા દીક્ષા લઈને સ્વામી જ્ઞાનજીવનદાસજી બનેલા ઝીણા ભગત, સ્વામી વિજ્ઞાનદાસ, જાગાભક્ત સ્વામીના શિષ્ય ભગવત્સ્વરૂપદાસ, સ્વામી બાલમુકુંદદાસજી (નાપાડવાળા), બળદેવચરણદાસજી, પ્રભુચરણદાસજી અને કૃષ્ણજીવનદાસજીએ જૂનાગઢ મંદિરનો કાયમી ત્યાગ કર્યો. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી - શાસ્ત્રીજી મહારાજ સાથે ભળીને અક્ષર અને પુરુષોત્તમની આહ્લેક દિગંતમાં ગજાવવામાં તેમને સેવા કરી લેવી હતી. તેઓ મોટા મોટા સદ્‌ગુરુઓ અને સાધુ-બ્રહ્મચારીઓ કે પાળાઓ કોઈની મહોબતમાં લેવાયા વિના એક જ ઝાટકે વડતાલ સંસ્થામાંથી નીકળી બોચાસણ સંસ્થામાં જોડાઈ ગયા હતા. તે દિવસ હતો સંવત્ ૧૯૬૭, અષાઢ સુદ ૧૩, તા. ૯-૭-૧૯૧૧ નો.

આખી વડતાલ સંસ્થામાં હાહાકાર મચી ગયો : શાસ્ત્રી સાથે આપણા સાધુ પણ ગયા ? આ તે શું કહેવાય ?

કસોટીનો લાંબો અધ્યાય

સ્વામીશ્રી તો હવે સારંગપુરના વિરાટ મંદિરની સેવાપ્રવૃત્તિઓમાં સંપૂર્ણપણે હોમાઈ ગયા હતા.

આ મંદિરના સર્જનમાં પડેલાં સંકટો સંસ્થાના ઇતિહાસમાં અભૂતપૂર્વ બની ગયાં ! જ્યાં રસોઈ કરવા માટે ઘાસલેટના ડબ્બાઓ અડધા કાપીને રસોઈ બનાવવી પડે તેવા સંજોગો હતા ! વાસણની પણ સુવિધા નહીં, ત્યાં સીધાની સુવિધા ક્યાંથી હોય ? આજુબાજુ કિલોમીટરો સુધી પથરાયેલાં ગામોમાં ઝોળી માંગવા સંતો વહેલી સવારથી નીકળી પડતા. હનુમાન મંદિર અને ગઢડા મંદિરવાળા તરફથી હરિભક્તોને સૂચના અપાઈ હતી કે ગામમાં ફરી વળવું ને કહેવડાવી દેવું કે : 'આ સાધુઓને કોઈ ભીક્ષા આપે નહીં !'

સારંગપુરના ૨૦૦ ખોરડાંમાંથી એક પણ ઘરેથી છાશ પણ ન મળે તેવો પ્રબંધ કરાયો હતો. જુવાર-બાજરો આખો મળે તે દળવાનાં સાધનો પણ ન હતા. મજૂર, દાડિયા થાકે ત્યાં સુધી કામ કરે, પણ તેને ચુકવવાના પગાર નહોતા ! મા'ણાં નહીં, નાણાં નહીં, દાણા નહીં, પાણા નહીં ! તેમાં આ મહાલય કેવી રીતે સર્જાશે ? તેની કોઠારી પ્રભુદાસને ઘણી મુંઝવણ થઈ આવતી. પરંતુ સ્વામીશ્રી મક્કમ હતા. ગુજરાતના હરિભક્તોમાં ઘૂમીઘૂમી એમણે અને સંતોએ સેવાની

નાનકડી સરવાણી ચાલુ રાખી.

સારંગપુરના વણિક હરિભક્ત કાલીદાસ માવજી અને મોહનભાઈ માવજીએ સ્વામીશ્રીનો શિરસાટે પક્ષ રાખ્યો. વળી પ્રજાપતિ કુંવરજી ભગત અને વાલાભગતને તો લોકોએ બહિષ્કારની જ બીક બતાવી હતી, પણ બંનેએ કોઈની પણ પરવા કર્યા વિના કડિયાકામમાં આવવાનું ચાલુ રાખ્યું હતું, ચુનાની ગાડીઓ ચણતરકામ કરનાર કડિયાઓને પહોંચાડવામાં સ્વામીશ્રી જાતે જ ગાડીઓ ખેંચતા ! કોઈ સ્વામીશ્રીને રોકતા ત્યારે સ્વામીશ્રી એક જ વાક્ય બોલતા : 'અહો ! આવી અક્ષરપુરુષોત્તમની સેવા બહુ પુણ્યવાળાને મળે છે, થોડા પુણ્યવાળાને મળતી નથી !'

પોરબંદરથી પથ્થરો બોટાદ અને કુંડલી સ્ટેશને ઊતરે અને ગાડામાં નાંખી તેને સારંગપુર સુધી પહોંચાડવાના, એ પણ કસોટીનો લાંબો અધ્યાય હતો ! પ્લીન્થ સુધી આવેલા મંદિર ઉપર થાંભલા ચડાવવામાં આવ્યા ત્યારે મંદિર કેટલું વિશાળ થશે, તેનો અંદાજ આવ્યો !

સ્વામીશ્રી મોટે ભાગે વડતાલ દેશમાં આવતાં ગામો તરફ વિશેષ વિચરતા, એક દિવસ સ્વામીશ્રીને એક સુંદર પત્ર મળ્યો. સ્વામીશ્રી પ્રત્યેનો લોક આદર ગુરુભાવમાં પલટાઈ રહ્યો હોવાનો આ પત્રમાં સ્પષ્ટ અણસાર છે. શીનોરથી સાક્ષરવર્ય ઉલ્લાસરામ પંડ્યા લખે છે :

તા. ૨૩-૫-૧૯૧૩, વૈ. વદ ૩, સં. ૧૯૬૯

સંજાયા ગામે બોચાસણવાળા શાસ્ત્રીશ્રી યજ્ઞપુરુષદાસજી સ્વામીને મળે. વડતાલ પાસે છે તે. પોસ્ટ : નડિયાદ.

સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજની પદરજની પરમ પવિત્ર સેવામાં મુ. સંજાયા શીનોરથી દાસાનુદાસ ઉલ્લાસરામના દંડવત્ પ્રણામ પૂર્વક જયશ્રી સ્વામિનારાયણ અંગીકાર કરશો.

વિશેષ, આ જીવ અનાદીનો બદ્ધ છે. એ તો જ્યાં ત્યાં બંધાઈ જ રહે. તેવું એનું લક્ષણ છે. પણ આપનું બિરુદ બાંહે ગ્રહ્યાની લાજ રાખ્યાનું છે. તે આપ સાચવવા આવ્યા છો, ને સાચવો છો. એટલું જ કાંઈ આ જીવનું મહત્ પુન્ય હશે. એમ અનુભવાય છે. એજ ત્યાં સર્વે ભક્તમંડળ તથા સંતમંડળને જય સ્વામિનારાયણ કહેશો.

અમદાવાદ દેશના હરિભક્તો પણ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે સારંગપુર

કે આણંદ સુધી જતા. પણ મંછારામ શેઠ, કાળુભાઈ તથા અન્ય હરિભક્તોના આગ્રહથી સ્વામીશ્રી સને ૧૯૧૩, સં. ૧૯૬૯ના વૈશાખના અંતિમ દિવસોમાં અમદાવાદ પધાર્યા હતા. જ્યારે કાલુપુર મંદિરે દર્શન કરવા પધાર્યા ત્યારે એક બ્રહ્મચારીએ છૂટો લોટો ફેંકીને સ્વામીશ્રીને મારવા હાથ ઉગામ્યો હતો. યોગીજી મહારાજ સહિત અનેકને અહીં 'ધુંબા'ની 'પ્રસાદી' મળી હતી !

થોડા સમય પછી ગુણાતીત જ્ઞાનની જ્યોતિ રાજકોટમાં જલતી રાખનાર અને ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર મુક્તરાજ કૃષ્ણજી અદાએ અંતિમ બીમારી ગ્રહણ કરી. સં. ૧૯૬૯ના આસો સુદ ૧૧, તા. ૧૦-૧૦-૧૯૧૩ની રાત્રે જ અદાશ્રી ધામમાં પધારી ગયા... બરાબર રાત્રીના બે વાગ્યા હતા. સ્વામીશ્રીએ પ્રભાતના સમયે અદાશ્રીનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. ગુણાતીતજ્ઞાનના પ્રખર સમર્થક અને સાધુતાના ગુણોથી શોભાયમાન અદાશ્રીના અક્ષરવાસથી ગુણાતીતમંડળને ન પૂરી શકાય તેવી ખોટ પડી.

લખણીની પહેલમાં રૂા. ૩૫નો ખરડો !

સ્વામીશ્રીના શૂરવીર સંતો સારંગપુરના મંદિરના બાંધકામમાં લાગી ગયા હતા. અને સ્વામીશ્રી ગુજરાતમાં રઢુ, જેસીંગપુરા, નાયકા, વારસંગ, કલોલી વગેરે ગામોની ૪૦૦૦ વીઘાં જમીન ખરીદી, હરિભક્તોને નામે કરી, તેની ઊપજને સારંગપુર મંદિરની સેવા માટે આપવા યોજના કરી રહ્યા હતા.

આ કાર્યમાં મૂળ સાધીના, પણ છેલ્લાં દસ વર્ષથી સ્વામીશ્રીના ઘનિષ્ઠ સંપર્કને કારણે સમર્પિત રહેલા આશાભાઈ પટેલની વ્યવહારદક્ષતા ખૂબ જ ઉપયોગી પૂરવાર થઈ. ઉપરાંત સાંખેજના ભૂલાભાઈ જેઠાભાઈ તથા જીભાઈ કોઠારી પણ કાબેલ હતા. તેથી આટલી વિશાળ જમીનનો વહીવટ સુપેરે ચાલતો થયો હતો. જમીનો વચ્ચે હરિભક્તોનાં કુટુંબો વસવા લાગ્યાં. ધીરે ધીરે નવાં જ ગામો અસ્તિત્વમાં આવ્યાં. આ ગામો અને તેની આસપાસની જમીનો સ્વામીશ્રીની પદરજથી અત્યંત તીર્થીભૂત થયેલી જમીનો છે. સ્વામીશ્રીની આ દૂરંદેશી યોજના મહદ્અંશે સફળ રહી હતી. હરિભક્તોને પરસ્પર સંગઠન પ્રાપ્ત થયું, સારંગપુરની નાણાંની જરૂરિયાત પૂરી થાય તેવી સંભાવના દેખાઈ રહી હતી. વળી વ્યવહાર અને મોક્ષ - શ્રેયસ્ અને પ્રેયસ્ બંને પંથો ઉજાળી હરિભક્તો વધુ ને વધુ સુખી થાય તેમ જણાતું હતું.

હજુ જો કે થોડે થોડે આવતાં પાંચ-પંદર રૂપિયાની ભેટમાંથી વહેવાર ચાલતો, ને બાકી બધા ઝોળી પર નભતા. હજુ જમીન વિકાસ યોજનામાંથી ઊપજ આવે તેને પણ વાર લાગે તેમ હતી. તેથી સ્વામીશ્રીએ લખણીનો પ્રારંભ કરવાનું નક્કી કરી લીધું.

લીંબડીથી ખત્રી છગનભાઈ ગગાભાઈએ રૂા. ૩૫ના ખરડાથી મહાલય સમા મંદિરની સેવાનો આરંભ કર્યો !

મહિમાનો ઉત્તમ અમૃતઘૂંટ

થોડા દિવસો દરમ્યાન ભાવનગરના પ્રતિષ્ઠિત વેપારી અને જૂના સેવાભાવી સત્સંગી કુબેરભાઈ ડોસાભાઈ વિજ્ઞાનદાસ સ્વામીના યોગમાં આવ્યા. વચનામૃતની સાખે તેમના પ્રશ્નોના સુંદર ઉત્તરો મળ્યા, એટલે વિજ્ઞાનદાસ પાસે જ વર્તમાન ધરાવી તેઓ સ્વામીશ્રીના શિષ્ય બન્યા.

કથાવાર્તાના ઇશ્કી અને વચનામૃતના જ્ઞાની હોવાથી શ્રીહરિના હાર્દને અને સ્વામીશ્રીના અનન્ય દિવ્ય વ્યક્તિત્વને પીછાનતા તેમને કોઈ જ તકલીફ ન પડી, પણ તેમને સ્વામીશ્રીના જીવનપ્રસંગોથી પૂરા વાકેફ કરવા, તેમનું આંતરિક જોડાણ સ્વામીશ્રી સાથે જ વધારવા મહિમાનો એક ઉત્તમ અમૃત ઘૂંટ પાવો જરૂરી હતો અને નિર્ગુણસ્વામીએ 'પુસ્તકના કદે' કહી શકાય તેવો અદ્‌ભુત પત્ર કુબેરભાઈ તથા તમામ ભાવનગરના સત્સંગ સમુદાયને સંબોધી લખી દીધો, જેમાં લખ્યું :

શ્રીજી સ્વામી

શ્રી અક્ષરપુરુષોત્તમાય નમઃ

શ્રી સ્વામિનારાયણાય નમઃ

સંવત્ ૧૯૭૨ના માગશર, વદિ ૧૨

રવિ, તા. ૨-૧-૧૯૧૬

સ્વસ્તીશ્રી ભાવનગર મહાશુભ સ્થાને પરમ ભગવદી, શ્રીજી સ્વામીના લાડીલા હરિભક્ત શિરોમણી, શ્રી સ્વામિનારાયણ મહારાજની સેવામાં તત્પર, સકળ શુભ ગુણનિધાન, વિવેક વિચક્ષણ, પરમ બુદ્ધિમાન, સ્વધર્મનિષ્ઠ, સત્-અસત્ વિવેકવાન, મહત્ કૃપાપાત્ર, શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમની ઉપાસના પ્રવર્તાવવામાં આગ્રહવાળા, ઉત્તમ હરિભક્તની પંક્તિમાં ભળેલા એવં અનેક શુભોપમાદી રાજમાન રા.રા. શેઠ નાનાલાલ

જીવણભાઈ તથા રા.રા. કુબેરદાસ ડોસાભાઈ તથા શુકલ માધવજીભાઈ તથા રા.રા. દરબાર શ્રી રાણા દાજીભાઈ તથા રા.રા. દરબાર શ્રી સજ્જનસિંહજી તથા મિસ્ત્રી નાનજીભાઈ તથા ત્રિભોવનદાસ પંડ્યા (મારા જૂના સ્નેહી) એ આદિ સમસ્ત હરિભક્તમંડળ બોચાસણથી લિ. સ્નેહાધીન નિર્ગુણદાસના જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષ, આપનું ક્યારડ સ્વામી વિજ્ઞાનદાસજી ઉપરનું આવેલું તે મારા વાંચવામાં આવેલું છે. તેમાં આપની મારા પ્રત્યેની લાગણી જોઈ આપના ગુણગ્રાહકપણાની પરીક્ષા ઉઘાડી થાય છે. જો કે મારા મનમાં આપ સર્વે મુક્તમંડળની હજૂરમાં આવવા વિચાર રહ્યા કરે છે. તેમ આપ પણ મને ભૂલી ગયા નથી તેથી વિશેષ આવવા સંબંધમાં વૃત્તિ ખેંચાય છે. મારે કેટલાંક અનિયમિત અને અનિવાર્ય કારણોને લીધે આવી શકાતું નથી. થોડા દિવસમાં આપની સેવામાં દાખલ થઈશું.

આપનું ક્યારડ સ્વામી વિજ્ઞાનદાસને મોકલ્યું છે. મને મારી ઉત્કંઠા પ્રમાણે વખત ન મળે માટે કાગળ લખતો નથી. ને હાલમાં મારી વતી સ્વામી વિજ્ઞાનદાસજી તસ્દી લઈ કાગળ લખે છે. માટે એક મારા મનમાં સંતોષ રહ્યા કરે છે.

આપના આગળ રૂબરૂમાં તથા કાગળ-પત્રથી જ્ઞાન તથા ઉપાસનાના હજારો શબ્દો પડી ચૂક્યા છે ને તે સંબંધમાં જાણવામાં ભાગ્યે જ રહ્યું હશે. પણ પ્રગટ સત્પુરુષને વિષે નિષ્ઠામાં જે અમુક માણસને શંકા રહેલી હોય (ક્યારડમાં સૂચક શબ્દો હતા તે મારી જાણ બહાર નથી) તેને માટે, તેની પુષ્ટિ માટે શ્રીજીમહારાજનાં ખુદનાં વચન લખી જણાવા વિચાર છે તે ઉપાસનાના રહસ્ય સંબંધી બે શબ્દ લખું છું, જે વારંવાર લખવાથી આનંદ આવે છે, તેમાં જરા પણ કંટાળો આવતો નથી.

હું જે વાત લખીશ તે હજારો હરિજનની તથા સંતમંડળની સભામાં કહેવામાં જરા પણ આંચકો આવે તેમ નથી ને તેવો દેખાવ શાસ્ત્રીમહારાજે સારંગપુરમાં મોટું મંદિર કરી (જ્યાં બન્ને દેશના સ્વામિનારાયણના હરિજનો, ત્યાગીઓ આવે છે) ત્યાં રહસ્યના દેખાવ માટે શ્રી સ્વામિનારાયણ યાને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ મુક્તે સહિત પધરાવેલી છે. (હાલ પીઠાખાચરના ઓરડામાં છે. પછી મોટા મંદિરમાં બિરાજમાન થશે) ને

તે વાત સાંભળી સૌ ચકિત થઈ આનંદ પામી જાય છે.

અનાદિ મૂળ સ્વરૂપ ધામરૂપ અક્ષર (ગઢડા પ્રથમ ૬૩માં વર્ણન કર્યું તે)માં અનંત કોટિ મુક્તો ને બીજે રૂપે મૂળ અક્ષર તેણે સેવ્યા થકા પૂરણ પુરષોત્તમ ભગવાન વિરાજમાન છે, એ જેવા તો એ એક જ. એમની ઉપમા બીજાને દેવાય નહિ, આ આપણી મુખ્ય સમજણ છે. બાહ્યદૃષ્ટિવાળા (હોય કે) જેને ગુણાતીત જ્ઞાનમાં ચાંચ ખુંચતી નથી તેવા તથા ચાંચ ખૂંતી હોય ને ગુડીયું વાળી ગયેલા (હોય) ને તે સંબંધી કાંઈ પણ કાર્ય ન કરી શકતા હોય ને કરનારને પુષ્ટિ પણ થઈ શકતી ન હોય તેવાની સાક્ષીની જરૂર પણ નથી ને તેવાના શબ્દથી ઉદ્વેગમય બનવાનું કારણ પણ નથી. ગમે તે પ્રકારે શ્રીજી મહારાજની મોટપ વધતી હોય તેવા શબ્દ ગમે તેના હોય તો અંગીકાર કરવા, પણ ઊતરતા ગ્રહણ કરવા નહિ. અગર જેના શબ્દથી આપણી સમજણમાં વિશેષ પુષ્ટિ થાય ને આનંદ વધી જાય તેવા શબ્દ વિચારીને ઉતારવા પણ ઊલટો ઉદ્વેગ થતો હોય તો તે શબ્દ ગ્રહણ કરવાની જરૂર નથી.

અનાદિ સનાતન મૂળ સ્વરૂપ ધામરૂપ અક્ષર અનંત કોટિ મુક્તોની સાથે મૂર્તિમાન પુરુષોત્તમની સેવામાં છે તે જ આ મનુષ્યરૂપે વિચરતા અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી છે એમ સમજાય ત્યારે વિશેષ જ્ઞાન થયું જાણવું. ને તેની પ્રસિદ્ધિ સત્સંગમાં સ્વામી છતાં મહામુક્ત ગોપાળાનંદસ્વામી દ્વારે ઉઘાડી થયેલ છે. ને પછી મહારાજના મળેલા સદ્‌ગુરુ રામદાસજી (સદ્‌ગુરુ બાળમુકુન્દદાસજીના ગુરુ જે જૂનાગઢમાં જ હતા તે) દ્વારે પણ પ્રસિદ્ધિ થયેલી. (પણ) વિશેષ પ્રસિદ્ધિમાં લાવનાર બ્રહ્મસ્વરૂપ પરમ એકાંતિક પ્રાગજીભાઈ હતા, તથા અનાદિ મુક્તરાજ સ્વામી જાગા ભક્ત હતા. તથા સદ્‌ગુરુવર્ય સ્વામી બાલમુકુન્દદાસજીએ ગ્રંથોમાં 'અનાદિ મૂળ અક્ષરમૂર્તિ' ગુણાતીતાનંદસ્વામીને લખેલા છે. તથા સદ્‌ગુરુ બ્ર. અચિન્ત્યાનંદજીએ કહેલા ચૌદ શ્લોક (મહાધ્યાનાભ્યાસં વગેરે) પણ વચનામૃતના ચોપડામાં છાપેલા છે. તથા ગામડાંઓનાં મંદિરમાં જોટે મૂર્તિ અક્ષર-પુરુષોત્તમ (ગુણાતીતાનંદસ્વામી તથા સહજાનંદસ્વામી)ની પધરાવી છે તથા જૂનાગઢમાં સાધુની ધર્મશાળામાં સિંહાસન પાસે મોટી મૂર્તિઓ બે : અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી તથા મહામુક્ત ગોપાળાનંદસ્વામીની

પધરાવેલી છે. તે ઉઘાડે છોગે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદજી તથા મહામુક્ત સદ્‌ગુરુ ગોપાળાનંદસ્વામી નામ લખ્યું છે. વચમાં ઉપાધિને લઈ મૂળ અક્ષર ઉપર પટી મારી હતી તે પણ શ્રીજીના સંકલ્પથી તથા શાસ્ત્રીજીમહારાજના પ્રતાપે ઊખડી ગઈ છે.

જેતપુરમા સ્વામી બાલમુકુન્દસ્વામીએ ચાંદીના ઉપાડની જોટે અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજના હાથથી શિખરબંધ મંદિરમાં પધરાવી છે તથા આચાર્યવર્ય શ્રી વિહારીલાલજી મહારાજે પોતાના કીર્તનમાં લખ્યું છે જે, '... અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી તેણે આપ્યાં વર્તમાન, પોતે પાળીને પછી પળાવ્યું જનને દઈ ઘણું જ્ઞાન રે, આવોજી અવતારી.' તથા 'પુરુષોત્તમચરિત્ર'માં અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીને જ લખ્યા છે. બીજો અદ્‌ભુત મહિમા પણ ભાદરામાં લખ્યો છે. તથા સદ્‌ગુરુ સ્વામી યોગેશ્વરદાસજી પણ સ્વામીને અક્ષર કહેવામાં હતા. ને આદિ આચાર્ય રઘુવીરજી મહારાજે પંડે અચિન્ત્યાનંદ બ્રહ્મચારી પાસે અનાદિ મૂળ અક્ષર વર્ણન કરી (સ્વામીના) ૧૪ શ્લોકો બનાવ્યા છે અને અદ્‌ભુત મહિમા લખ્યો છે. શાસ્ત્ર પ્રમાણે શાસ્ત્રીમહારાજની પ્રેરણાથી વઢવાણમાં ઉઘાડે છોગે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ બેસી ગઈ ને વડતાલના આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજની આજ્ઞાથી રાજકોટના સત્સંગ હિતવર્ધક મંડળ તરફથી સ્વામીની પાંચ પ્રકરણની ચોપડી છપાયેલી છે. તેમાં 'અનાદિ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામીનું જીવનચરિત્ર' એમ પણ છપાયેલું છે. તો આ બાબતમાં હવે તેમાં શંકા કરે તેમાં અભાગ્ય જાણવાં. બીજું શું કહેવું ?

હવે ગ.પ્ર.૨૧ના વચનામૃત પ્રમાણે મૂર્તિઓ શાસ્ત્રીમહારાજે બોચાસણમાં વચલા મંદિરમાં અક્ષરે સહિત પુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી છે ને સારંગપુરમાં પણ (પીઠાખાચરના ઓરડામાં હાલ પૂરતી) મૂર્તિઓ પધરાવાઈ ગઈ માટે ઉપાસના સંબંધમાં કોઈથી બોલાય એમ રહ્યું નથી.

આપણને તો અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી કે જેમણે ૮૨ વર્ષ રોટલા ને છાશ ખાઈને પૂરણ પુરુષોત્તમ સહજાનંદસ્વામીના ગુણ ગાયા છે ને સર્વોપરી ઉપાસના પ્રવર્તાવી છે તે જગત પ્રસિદ્ધ છે. તેમના મુખ્ય શિષ્ય (પરમ એકાંતિક ભક્તરાજ) બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભાઈ તથા મુક્તરાજ

સ્વામી જાગાભક્ત આદિ મુક્તોએ એમના વચન અનુસારે હજારો જણને ઉપાસના સમજાવી ને સર્વોપરી આજ્ઞા પળાવી છે અને ઉપરના બન્ને ગુરુના કૃપાપાત્ર પરમ એકાંતિક સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીમહારાજ સ્વામી યજ્ઞપુરુષદાસજીએ સર્વોપરી અક્ષરપુરુષોત્તમની ઉપાસના હજારો જણને સમજાવી ને સર્વોપરી આજ્ઞા પળાવીને બન્ને મંદિરોમાં મૂર્તિઓ પધરાવી પાતાળે પાયા નાખ્યા છે. ને તેને માટે અનત પ્રકારના સુખ-દુઃખ-માન અપમાન વેઠ્યા છે.

ઉપરની ત્રણ વાતમાં ચાંચ ખૂંતતી નથી ને પંડિત, પુરાણી, શાસ્ત્રીઓ, જ્ઞાનીઓ ડૂબકાં ખાયા કરે છે. જ્યારે જ્યારે ઉપરના શબ્દો સાંભળવામાં આવે ત્યારે નવીન લાગે ને પ્રથમ નવું જ્ઞાન કહી હસી કાઢે તે પણ સમજી રાખવાનું છે.

હવે ઉપર લખ્યા પ્રમાણે અક્ષરરૂપ થઈ પુરુષોત્તમને અખંડ ધારી રહેલા, જેનાં ઇન્દ્રિયો અંતઃકરણ પુરૂષોત્તમરૂપ થઈ ગયાં છે એવા પ્રત્યક્ષ વિચરતા પ્રગટ ગુરુરૂપ હરિને વિષે નિષ્ઠા થઈ એટલે (ગ.છે.૨) સાધનાના અંતને પામ્યો, ને પામવાનું, જાણવાનું બાકી કાંઈ રહેતું નથી ને અખંડાનંદ થઈ જાય છે... તો તેનો મહિમા દિનપ્રતિદિન ગાવવો અને સાંભળવો એ આપણી ફરજ છે. એવા જે શાસ્ત્રી મહારાજ - સ્વામી યજ્ઞપુરુષદાસજી તેમના જ મહિમાની પુષ્ટિ માટે બે શબ્દ લખવા વિચાર છે તે લખીશ. આપ જેવા નિષ્ઠાવાળાની આગળ ખુલ્લા શબ્દમાં લખી જણાવાય, બીજાને ઠીક લાગે નહિ.

દરેકને જ્યાં પ્રગટની વાત આવે છે ત્યાં મન અટકે છે એ નિર્વિવાદ છે...

સ્વામીના અપાર મહિમાના શબ્દ સ્વામી છતાં કહ્યામાં પ્રાગજી ભક્તે બાકી રાખ્યું નથી. પણ જ્ઞાન પ્રમાણે ઉપાધિઓ હજારો પ્રકારની થઈ. કારણ, પ્રગટને વિષે નિષ્ઠા થવી તે જ કઠણ છે. હવે ભગતજી મહારાજ તથા સ્વામી જાગાભક્ત હતા ત્યારે તેમનો મહિમા કહેતાં ઉપાધિમાં બાકી રાખ્યું નથી. હવે સૌ હા પાડે છે. તે કદાપિ મહિમા કહીએ તો ઉપાધિ પણ કરે નહિ. તેમ શાસ્ત્રીમહારાજ આવાં ઘણાં અદ્‌ભુત કાર્યો કરે છે ને તે ઉઘાડે છોગે પ્રતાપ જણાય છે ને વળી સર્વને આગળ રાખીને કરે છે છતાં ખરો મહિમા કહીએ તો ત્યાં મન અટકી જાય... બાકી આનંદ માત્ર પ્રત્યક્ષના સંબંધમાં છે ને તેથી

સૌ શાસ્ત્ર માત્ર સત્પુરુષ બતાવે છે.

...કેટલાક મૂર્ખાઈથી બોલે છે જે આપણે ભગવાનનો નિશ્ચય થયો તે પછી બીજાની શી જરૂર છે - પણ બોલતાં પહેલાં એમ વિચાર કરતા નથી જે ભગવાનનો નિશ્ચય કરાવનાર સંત છે, નહિ તો મહારાજ પોતાનું ધામ જે અક્ષર તથા મુક્તે સહિત પધાર્યા છે ને અક્ષર તથા મુક્તોએ પુરુષોત્તમનો મહિમા સમજાવ્યો છે ને પછી તે બોલે જે આપણે ભગવાનની શી જરૂર છે ? કાં તો એમ કહે જે પાંચસે (પરમહંસો) અક્ષર (બ્રહ્મ) છે એ કેવી હસવા જેવી વાત છે ! કારણ ચોક્કસ નિશ્ચય ન હોય ત્યારે અદબદ (જેમ તેમ) બોલવાની જરૂર પડે. જો કે જ્યારે શ્રીજી મહારાજનો મહિમા સમજવો હોય તો ય પણ સત્પુરુષનો મહિમા જાણ્યા સિવાય તેનું વચન મનાય નહિ, તો પણ સત્પુરુષની જરૂર છે. માટે સત્પુરુષનો મહિમા જાણ્યા સિવાય ભગવાનનો મહિમા પણ સમજાતો નથી ને નિશ્ચય થતો નથી.

ગઢડા મધ્ય ૨૧: જેવો પરોક્ષ ભગવાન જે રામકૃષ્ણાદિક ને તેના ભક્ત જે ઉદ્ધવ, ધ્રુવ, પ્રહ્લાદ, નારદ, સનકાદિક સંત તેનો જેવો મહિમા જાણે છે તેવો ને તેવો મહિમા જો પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણ ને તેના ભક્ત (મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, દાદા ખાચર, સોમલા ખાચર, કાશીદાસ મોટા આદિ હરિજન)નો મહિમા સમજે તો તેને કલ્યાણના મારગમાં કાંઈ સમજવાનું બાકી રહ્યું નથી. સર્વે મુદ્દો હાથ આવ્યો. આ વાત એક વાર કહે સમજો, લાખ વર્ષ કેડે સમજો પણ તે વાત સમજે છૂટકો છે.

આવી રીતે મહારાજે ખુલ્લું લખ્યા છતાં અક્ષરધામના રહેનાર મુક્ત જેવા સમજવાની તો વાત તો ક્યાં રહી - પણ શુક, શારદા, નારદાદિક, ઉદ્ધવ, ધ્રુવ, હનુમાનજી, પ્રહ્લાદજી આદિક પૂજાય છે, મનાય છે, મૂર્તિઓ પધરાવાય છે. આરતિયું થાય છે, તેવી જ રીતે શ્રીજીમહારાજના લાડીલાને ભગવાનની સાથે પધરાવી માનવા, પૂજવાની વાત તો ક્યાં રહી પણ ઊલટી એ પ્રમાણે કરનારની ખોટ કાઢીને તેને પાછા પાડે છે તો તે જ વિપરીત ભાવના છે.

ગઢડા મધ્ય ૫૦. શ્રીજી મહારાજ બોલ્યા જે, 'આજ તો અમારું રહસ્ય છે તે તમને સર્વેને અમારા જાણીને કહીએ છીએ જે જેમ નદીઓ સમુદ્રમાં લીન

થાય છે ને જેમ સતી ને પતંગ તે અગ્નિને વિષે બળી જાય છે ને શૂરો રણમાં ટૂકટૂક થઈ જાય છે તેમ એકરસ પરિપૂર્ણ એવું જે બ્રહ્મસ્વરૂપ તેને વિષે અમે અમારા આત્માને લીન કરી રાખ્યો છે ને તેજોમય એવું જે અક્ષરબ્રહ્મ તેને વિષે મૂર્તિમાન એવા પુરુષોત્તમ ભગવાન ને તે ભગવાનના ભક્ત તે સંગાથે અખંડ પ્રીતિ જોડી રાખી છે ને તે વિના કોઈ પદાર્થમાં પ્રીતિ નથી.,

આ વચનામૃત પ્રત્યક્ષ ઉપર છે ને બ્રહ્મ જે અક્ષર તે જોડે એકતા થયા પછી કેવળ ભગવાન પુરુષોત્તમની સાથે પ્રીતિ જોડાવાનું ન કહેતાં સાથે ભક્ત ગણાવ્યા ને તે પણ અખંડ પ્રીતિ બંનેમાં જોડી રાખવાની કહી તો કેટલાકનું કહેવું એમ છે, પ્રથમ ભક્તમાં પ્રીતિ કરે તે દ્વારે ભગવાનમાં પ્રીતિ થયા પછી ભક્તને પડ્યા મૂકી પુરુષોત્તમ ભગવાન એકલામાં પ્રીતિ રાખવી, તે તેમના મનની ધારેલી સમજણ ઊડી જાય છે. કારણ આ વચનામૃત રહસ્યનું અને સિદ્ધાંતનું છે માટે આપણાં પુણ્યનો પાર નથી જે સાચી વાત સમજાઈ ગઈ છે.

આવી રીતે શ્રીજીમહારાજનાં મહા કૃપાવાક્યોને અંતરના અભિપ્રાય જાણવા. એ આગળ બીજાનાં વાક્યો ગૌણ જાણવાં ને બીજા ભક્તને આ (બધાં વચનામૃતોમાં જણાવ્યા તે) સિદ્ધાંતો વાંચી એક મિનિટ પણ શંકા ન રહેવી જોઈએ.

જેમ એક વખત મેં જૂનાગઢથી પત્ર (સં.) ૧૯૫૫ની સાલના ચોમાસામાં આચાર્યશ્રી વિહારીલાલજી ઉપર વડતાલ લખ્યો હતો (કોઈ પ્રસંગમાં). તેના જવાબમાં (આચાર્યશ્રીએ) પોતે લખ્યું જે, 'તારો કાગળ વાંચી ભીંત પણ જવાબ દે તો હું જવાબ દઉં તેમાં શી નવાઈ !' તેમ આ પત્ર વાંચી જે મુમુક્ષુ હશે તેને તો શંકા રહેશે જ નહિ. એ મારી પ્રભુ પાસે અંતિમની યાને છેવટની માગણી છે. તો તે પ્રભુ સ્વીકારશો. આ માગણી કોઈ ઐહિકની નથી પારમાર્થિક છે. ઉપર પ્રમાણે વચનામૃતના શ્રીજીમહારાજના શ્રીમુખના કહેલા ને ચાર સદ્‌ગુરુઓએ પ્રમાણ કરી લખેલા મારી અક્કલ પ્રમાણે પ્રગટ સત્‌પુરુષની નિષ્ઠા સમજાવવા માટે લખી જણાવ્યા છે. કારણ, સ્વામી વિજ્ઞાનદાસજી ઉપર આવેલા કાર્ડમાં દાજીભાઈ સંબંધમાં સૂચક શબ્દ હતો તેની પુષ્ટિ માટે લખ્યું છે (આ શંકા તેમને થવા વખત ન આવ્યો હોત તો આટલું બધું લખાણ કરવા વખત પણ ન આવે તો આ લખાણથી જેની શંકા

હોય તે દૂર થઈ બ્રહ્મભાવને પામી જઈ સુખી થઈ જશે) તે સર્વેને ઘણો ઉપયોગી થઈ પડે એમ છે અને આટલા શબ્દ જ્યારે જીવમાં પેઠા હોય તો જ્યારે દેશકાળ આવે ત્યારે તે શબ્દની હાર થાય તે શી રીતે પડાય ? માટે આપણે તો શ્રીજી મહારાજના વચનને અનુસરીને ઉત્તમ નિષ્ઠા સંબંધી કહે તો તે માનવું.'

આટલું લખી નિર્ગુણસ્વામી સંતમહિમાની સ્વામી નિષ્કુળાનંદજીની પંક્તિઓ ટાંકી :

નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમ પ્રકાશમાં લખ્યું છે -

સર્વે રીતે સંતમાં રહું છું રે એમાં રહીને ઉપદેશ દઉં છું રે,
સંત જાણો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે,

ચોસઠપદીમાં લખ્યું છે -

સાચા સત સેવ્યે સેવ્યા નાથ સેવ્યા સુર સહુને,
સેવ્યા મુક્ત મુનિ શ્રીજી સાથ બીજા સેવ્યા બહુને

કોઈને શંકા જાય કે આટલો બધો એક જ સંતનો મહિમા હોય ? તે માટે પરોક્ષનું દૃષ્ટાંત દીધું છે. તે નીચે પ્રમાણે.

નકી વાત છે એ નિરધાર, જૂઠી જરાય નથી,
સહુ અંતરે કરો વિચાર, ઘણું શું કહું કથી;

માટે પાંડવના યજ્ઞમાં શ્રીકૃષ્ણાદિક ઋષિ મુનિ સર્વ જમ્યા પણ શંખ ન બોલ્યો. શંખ તો શ્વપચ ઋષિને રથમાં બેસાડીને લાવીને જમાડ્યા ત્યારે બોલ્યો. એમ ભક્તના ભેદ કહ્યા છે.

ધન્ય ધન્ય એ સંત સુજાણ ને, જેનું ઊલટી પલટ્યું આપ
સંત તે સ્વયં હરિ.

'આ જે મહિમા લખ્યો છે તે સત્પુરુષની છેટે રહેવાને માટે લખેલો નથી પણ એનું દર્શન કરી મૂર્તિ ધ્યાનમાં લઈ મનમાં ઉતારવાથી પાપ બળી જાય છે. લટક સલામ કરેથી કામ થાય નહિ. આ તો કોઈ મુખે બોલે જે 'સત્પુરુષની મૂર્તિ પધરાવે છે ને કદાપિ દર્શન થાય તો ઉપાસના ફરી જાય' એ (બોલનારા) કેવા ? જેમ આંધળાને પથ્થર હાથમાં ઝલાવ્યા હતા તે જે રસ્તો બતાવે તેને ચોર જાણી સામે પથરો મારે, તેમ સાચી વાત બતાવનારને જ ગુનેગાર ઠરાવે છે. તે હવે શ્રીજી મહારાજે (ચકલી સારુ બ્રહ્માંડ બોળે

તેમ) ખરો વખત આપ્યો છે. આપણને આનંદના ફુવારા છૂટે છે તેનું કારણ, આમાં રહેલી તમામ વાત આપણને મળી છે. તેની પુષ્ટિમાં મંડ્યા છીએ એ સિવાય આપણને બીજી કોઈ જાતની ઇચ્છા નથી.

ઉપર પ્રમાણે વર્ણવેલ ચાર વાત નીચે પ્રમાણે -

(૧) પૂર્ણ પુરુષોત્તમ સહજાનંદસ્વામી

(૨) અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી

(૩) મહામુક્ત ગોપાળાનંદસ્વામી આદિ મુક્તો

(૪) ઉપરના બન્ને સદ્‌ગુરુના કૃપાપાત્ર બ્રહ્મસ્વરૂપ પ્રાગજીભાઈ તથા મુક્તરાજ સ્વામી જાગા ભગતના અનન્ય કૃપાપાત્ર પ્રગટ વિચરતા પરમ એકાંતિક સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીમહારાજ, સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી.

- આ ચારના સંબંધમાં ઘણું વિવેચન કરી ગયા, હવે તે જોતાં આ શ્રીજીમહારાજની ઉપાસનામાં જરા પણ ખંડન જેવું લાગે છે ? હોય તો બતાવો. ઊલટો ૨-૩-૪ નો જે મહિમા કહેવાય છે તે પણ પુરુષોત્તમના મહિમાની પુષ્ટિમાં ભળે છે. કારણ, એમની મોટપ પણ મહારાજને લઈને છે. તો જરા પણ કોઈએ સંશય રાખવો નહિ. નિધડક થઈ બીજાને મહિમા કહેવો. સાંભળવામાં જરા પણ આંચકો ખાવો નહિ એ મારી ખાસ ભલામણ છે. કારણ, અમે થોડા છીએ તે પહોંચી વળતા નથી. માટે આપ જેવાએ પણ ઉપદેશ કરી બીજાને સમજાવવાની જરૂર છે. તે પ્રમાણે આપ કરો જ છો.

જે સત્પુરુષનો સંબંધ આપણને થયો છે એવા જે શાસ્ત્રીમહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી તેમનો મારે બાવીસ વર્ષથી પ્રસંગ છે તે તમામ પ્રકારના ગુણ તથા સ્વભાવ, ઐશ્વર્ય, પ્રતાપ વૃત્તાંતથી માહિતગાર છું તે પ્રમાણે મારી બુદ્ધિ અનુસારે કહીશ. એમાં જો હું જરા વધારી કે ઘટાડી ખોટું કહેતો હોઉં તો મારું કોટિ કલ્પે કલ્યાણ થાય નહિ. આપને મારો વિશ્વાસ છે છતાં વિશેષ દૃઢતા માટે સમ ખાધા છે.

સદાગ્રહી :- એમને જેવો બીજાને સત્સંગ કરાવવાનો આગ્રહ છે તથા સર્વોપરી નિષ્ઠા સમજાવવાનો ઈશક છે, તેવો બીજો કોઈ આ ભૂમંડળમાં અત્યાર સુધી જોવામાં આવ્યો નથી. સ્વામી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં નાની ઉંમરથી મુમુક્ષુઓને ઓળખી તેને આ જ્ઞાનના શબ્દો નાખી દે તેવા ઘણા દાખલા છે. પરંતુ તાજા અને જાણવા યોગ્ય મારા અનુભવમા આવેલા તે

લખી જણાવું છું.

ત્યાગી થતાં પહેલાં પણ, (સ્વામીશ્રી) મહેળાવથી વડતાલ ત્રણ ગાઉ થાય ત્યાં દર પૂનમે સત્સંગીની ટોળી સાથે જાય અને પોતે બીજાને વાર્તા કરે ને આનદ પમાડે.

પ્રથમ ત્યાગી થઈ સુરતમાં સદ્‌ગુરુ વિજ્ઞાનાનંદસ્વામી પાસે રહેલા. તેમના શિષ્ય થયેલા. ત્યાં પાંચ વરસ લાગટ રહ્યા. ત્યાં પણ સત્સંગીની બરોબરીઆની ટોળી. તેમાં રા.સા. મંછુભાઈ નરસિંહભાઈ આદિ જેવાને વાતો કરેલી.

ત્યાર પછી વિજ્ઞાનાનંદસ્વામી છતાં (હયાત હતાં ત્યારે જ સ્વામીશ્રી) બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્તના શિષ્ય થયા. ત્યારથી તો નિરંતર પ્રગટના મહિમાની તથા અક્ષરપુરુષોત્તમનો મહિમા સમજાવવાનો અતિ આગ્રહ હતો. કોઈથી દબાય નહિ એ એમનો મોટો ગુણ. સદાગ્રહમા ૧૯૪૪મા (સત્સંગની) બહાર કાઢ્યા, બે વર્ષ બહાર રહી ઘણા જણને ઉપદેશ કર્યો ને પાછા સત્સંગમાં વડતાલ દાખલ થયા. ૧૯૪૭ની સાલમાં ફરી કંડારીમાં સાધુ કરી વિહારીલાલ મહારાજે ૧૯૪૮ની સાલમાં વડોદરામાં રંગાચાર્ય પાસે 'સિદ્ધાંત કૌમુદી' શીખવા રાખ્યા. તે વખતે ભણતાં ભણતાં ઘણાંને રંગ લગાડ્યો. તેમાં માસ્તર ગોવિંદભાઈ, માસ્તર ઉલ્લાસરામભાઈ, મણીલાલ વગેરે અંગ્રેજી ભણતા હતા. ઠાસરાવાળા પ્રાણલાલ તથા ચીમનલાલ જીભાઈને આગ્રહપૂર્વક વાતો કરી ગુણાતીત જ્ઞાનમાં દાખલ કર્યા.

મારો પોતાનો અનુભવ જણાવું છું. હું વડોદરે ભણતો હતો તે વખતે મને સંધ્યા પહેલાં પ્રદક્ષિણામાં વાતો કરવા બેઠા. શયન આરતી થઈ ગઈ. વાતો કરતે કરતે ઊઠવાનો વિચાર કર્યો ત્યારે પાંચ વાગ્યા હતા. સાંજથી બેઠા તે પાંચ વાગ્યા સુધી, તો કેટલો આગ્રહ તે વિચારો. હું તો ચકિત થઈ ગયો. અને મારે પણ ઘણો સમાસ થયો તે વખતે હું ભગતજીની મંડળીમાં ભળેલો હતો. તે પુષ્ટિ થઈ. એક વખત પીજથી વસો જતાં બે ગાઉ વાતો કરી. હું વસોની ભાગોળેથી પાછો ફર્યો.

રાજકોટ ભણવા (જીવણરામ શાસ્ત્રી પાસે વેદાંત શીખવા) ૧૯૫૩ની સાલે રહ્યા હતા ત્યારે ભણતાં ભણતાં ઘણા જણને ગુણાતીત જ્ઞાનમાં દાખલ કર્યા. તે બદલ ઉપાધિ પણ ઘણી થઈ. તે રાજકોટથી જૂનાગઢ રહ્યા ને કોઠારી

જીભાઈને ગુણાતીતજ્ઞાન પૂર્ણ સમજાવી જાગા ભગતના શિષ્ય બનાવ્યા. તથા હું પણ ૧૯૫૫ની સાલમાં ત્યાગીમાં કોઠારી તરીકે જીભાઈના હાથ નીચે હતો. તે વખતે સદ્‌ગુરુ સ્વામી યોગેશ્વરદાસજીના શિષ્ય વિજ્ઞાનદાસજી (જૂનાગઢ) તેમની સેવામાં હતા. તેમને ગુણાતીતજ્ઞાન સંબંધી વાત કરીને જાગા ભગતનો ગુણ ઘાલ્યો ને તેમને તે સંબંધી ઘણી જ વાતો કરતા તેમ સ્વામી ભગવત્‌સ્વરૂપદાસને વાતો કરી જાગા ભગતના શિષ્ય બનાવ્યા. બીજા ઘણાને વાતો કરી ગુણાતીતજ્ઞાનની શાળા ખોલી હતી. શું તેમનો ઉત્સાહ ! રાત-દિવસ તેમને સરખી. ત્યાર પછી વઢવાણના મંદિરમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ પધરાવવા તમામ સાધુઓને પ્રથમ 'સ્વામીની વાતું' આપી ગુણાતીતજ્ઞાન ઘાલ્યું. તે વખતે સ્વામી સારંગપુરના હનુમાનના મંદિરમાં મોનત(મહંત) હતા. તે લીમડી જવાનું થાય ત્યારે સ્વામી નિર્મળદાસજી, સનાતનદાસજી, અક્ષરપુરુષદાસજીને સમજાવી કુંજવિહારીપ્રસાદજી મહારાજના હાથે ૧૯૬૧ની સાલમાં અક્ષરપુરુષોત્તમની મૂર્તિ બેસાડી. ત્યાર પછી બોચાસણ તથા સારંગપુરમાં અક્ષરપુરુષોત્તમ પધરાવ્યા. ટૂંકામાં લખી હવે આગળ ચાલું છું.

નિષ્કામી : એમના જેવું અતિ અણીશુદ્ધ વૃત્તાંત ભાગ્યે જ જોવામાં આવતું હશે. વરતાલના ચાર પેઢીના કોઠારી ગોવર્ધનભાઈ કે જે મહા નિષ્કામી હતા, તે ખરેખરા અંતઃકરણથી કહેતા જે એ જેવા તો એ એક જ ! 'એનામાં નિષ્કામાદિક ગુણો પૂર્ણ છે' એમ હજારો માણસની સભા વચ્ચે કહેતા તથા કોઈ પ્રસંગે પોતાની સહીથી કાગળ લખેલ છે તેમાં લખે છે કે 'કો. પ્રભુદાસ તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ધન, સ્ત્રીમાં ચૂકે તો મારું માથું ડૂલ.' આમ છાતી ઠોકીને બીજાને કહેવું, અગર કાગળમાં લખવું તે બરોબર ખાત્રી સિવાય લખાય નહિ. તેમાં વળી ગુણાતીત જ્ઞાન પોતાને સદે નહીં, છતાં 'જેના વેરી ઘા વખાણે.' આખા સંપ્રદાયમાં એવી છાપ પાડી કે એમના જેવા ધર્મવાળા કોઈ નહિ - અમારે તો નિરંતરનો પ્રસંગ છે. બીજાને પણ નિષ્કામી વર્તમાનમાં ફેર પડે તો તાત્કાલિક પ્રાયશ્ચિત આપી શુદ્ધ કરે.

નિર્માનીપણું : એમના જેવા નિર્માની (વિદ્વાન સદ્‌ગુરુ નંદ સાધુના શિષ્ય - પોતે મંડળધારી સદ્‌ગુરુ - હજારો માણસથી માન પામી મહત્તા પામ્યા છતાં) ભાગ્યે જોવામાં આવ્યા હશે. જો મહાન ગુરુ ભગતજી મહારાજના

નિર્માનીપણાની હદ. એ જેવા તો એ એક જ. તેમ જ સ્વામી જાગા ભગતે સમર્થ થકા બહુ ઝરણા કરેલા તેમના થકી તૈયાર થઈને નિર્માનીપણામાં પહેલા નંબરે આવ્યા છે. નાની ઉંમરમાં ત્યાગી થઈ સંસ્કૃત વિદ્યા ધોળે લૂગડે શીખ્યા. પછી સાધુ થઈ તરત સંસ્કૃત કથા કરી. આખા સંપ્રદાયમાં વખણાઈ ગયા. વિહારીલાલજી મહારાજ, કોઠારી ગોવરધનભાઈ પણ ચાર મોંઢે વખાણ કરે. પણ જ્યારે સદ્‌ગુરુ વિજ્ઞાનદાસજી તથા કોઠારી સ્વામી મહાપુરુષદાસજીના પ્રસંગથી પ્રાગજી ભક્તના શિષ્ય થયા અને જેમ જેમ સૌને ખબર પડતી ગઈ તેમ તેમ હેતને પેટ શીખામણ દેતાં. પછી ન માને ત્યારે અપમાન કરે - તે ધીમે ધીમે બહુ અપમાન પામવા લાગ્યા કે સૌ સદ્‌ગુરુઓ, મંડળધારીઓ કહીને થાક્યા. તેમને સામો જવાબ શાસ્ત્ર પ્રમાણે આપે. પછી જાણ્યું કે હવે આ નહીં માને. પછી સૌ નાના-મોટાએ અપમાન કર્યામાં બાકી રાખી નથી. આમણે પણ સહન કરવામાં બાકી રાખી નથી. જેણે નજરે જોયું હોય તે જાણે બીજાને શું અનુભવ હોય ?

સંપ્રદાયમાં અગ્રગણ્ય ગણાતા, વિદ્વાન હતા, તે બધા એમની વિદ્વત્તા જોઈ ચકિત થતા. તેમનો બધાનો એકદમ મોહ ઊતરી ગયો, અપમાન શરૂ કર્યું. પણ આ જરા પણ ક્ષોભ પામ્યા નહીં. ભગતજી મહારાજ તથા સ્વામી જાગા ભગતને તો અનાદિ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાનો હતો પણ આમને તો ગૃહસ્થ ને વળી દરજી તેમના શિષ્ય થવું તે કેટલું કઠણ, નેવાનું પાણી મોભારે ચઢાવ્યા જેવું - વળી ભગતજી મહારાજ કહેતા, 'મારો સમાગમ કરવો તે કેવો છે તે વાઘને કુલે ભમરીયું મધ બેઠું હોય ને તે લેવા જવું અગર સંકલ્પ કરવો કેટલો કઠણ, છતાં શાસ્ત્રીજી મહારાજે સમાગમ કર્યો. આ કાંઈ સામાન્ય વાત નથી.

ચૌદ-પદર વર્ષ ગુરુ પ્રાગજી ભક્તનાં સબંધમા તથા ચાર પાચ વર્ષ સ્વામી જાગાભક્તના સંબંધમાં ઘણી ઉપાધિઓ સહન કરી છે. છતાં જરા પણ નરમ પડેલ નહિ. નિત્ય પ્રત્યે નવો આનંદ ને બીજાને ઊલટો આનંદ પમાડે. વળી ગુણાતીતાનંદસ્વામીની ગોડે પ્રથમથી જ ઠેઠ સુધી નિર્માનીપણે વર્તતા અને બીજાઓનાં તો અંતઃકરણ કુદરતી ખેંચાય જ પણ મનુષ્ય ચેષ્ઠાથી ને (વળી) આડંબર રહિત માટે બરોબરીયાપણું રહી જાય. પછી સ્વામી જાગા ભગત ધામમાં પધાર્યા પછી સં.૧૯૫૮ની સાલથી ગુરુપદવીના

દેખાવમા આવવા લાગ્યા. અને અમને પણ ચમત્કાર જણાતો ગયો. ત્યા સુધી સૌ મિત્ર તરીકે ગણતા. ને કેટલાક નવીન શિષ્યોને ઉપદેશ કરેલા તે ગુરુ તરીકે માનતા. મહાન ગુરુ પ્રાગજી ભગતે પણ ઘણીએ વખત મહિમા કહેલો તે સૌને સમજાતું કે આ કોઈ અલૌકિક પુરુષ છે.

સંવત્ ૧૯૪૫ની સાલમાં સાધુને વડતાલથી બહાર કાઢ્યા ત્યારે ચૈત્રી સમૈયા પછી મહુવા ગયા. ભગતજી મહારાજનો સમાગમ કરવાને વખતે મંડળીના ગુરુ અગ્રેસર સદ્‌ગુરુ વિજ્ઞાનદાસજી હતા. (કોઠારી ગોવર્ધનભાઈના ભત્રીજા) બીજે નબરે મહાપુરુષદાસજી હતા. તેથી (સ્વામીશ્રી) સૌ (થી) નીચે. સાધુઓને તે વખતે મુકામ ગોપનાથમાં આપ્યો હતો. ત્યાં આવી ભગતજી વાતો કરતા અને સુખ આપતા. સમાગમનું સુખ લઈ પાછા ચરોતરમાં આવ્યા. બીજી વખત સં.૧૯૪૬નાં કાર્તિકી સમૈયા પછી સર્વ મંડળ મહુવા ગયાં ને કતપરમાં પાંચ દહાડા રહ્યા હતા. ઝવેરીલાલ નાગર નડીઆદવાળા પણ સાથે હતા. સાધુઓ મંદિરમાં દર્શન કરવા ગયા ત્યારે વડતાલવાળાની ઉપાધિથી તમામને ધોળાં લૂગડાં પહેરાવ્યાં સાથે ભગવાં લૂગડાં પણ વાપરવાની આજ્ઞા આપી હતી. રાતે મંદિરના ઓરડામાં સૌને ભેગા કર્યા. તે વખતે ભગતજી સભામા બેઠા ને સૌને કહે વિજ્ઞાનદાસજી મોટેરા છે તે જરા અડબંગાઈ કરે છે ને દર્શન માટે દોડાદોડ કરે છે. માટે તેમને બદલે બીજાને ગુરુ કરવા છે કોને કરીશું ? એવું બધાને પૂછ્યું. ત્યારે કોઈએ ક્યાંય કહ્યું અને કોઈએ ક્યાંય કહ્યું.

આખરે ભગતજી બોલ્યા આ વિજ્ઞાનાનંદના સ્વામીના શિષ્ય યજ્ઞપુરુષદાસને ગુરુ કરીએ. તે વખતે તેમની ઉંમર આશરે પચ્ચીસ-છવ્વીસ વર્ષની હતી. પછી સૌ કહે ઠીક. સ્વામી વિજ્ઞાનદાસને પૂછ્યું : એ કહેશે તેમ કરશો ?

ત્યારે કહે : સૌ કરશે તેમ કરીશ.

ત્યારે ભગતજી બોલ્યા : તમારે બીજાની શી પંચાત છે ? તેમ કહ્યું કરશો કે નહીં ?

પછી ભગતજીની મરજી જોઈ હા પાડી પગે લગાડ્યા. સ્વામી યજ્ઞપુરુષદાસને પૂછ્યું ત્યારે તરત હા પાડી. બીજા તમામને પૂછીને હા પડાવી ને તેવી રીતે ગુરુ ઠરાવી સૌને રાજી રાખી નભાવવા શિખામણ દીધી

ને શાસ્ત્રીમહારાજને પણ કહ્યું જે તમે પણ સૌ કહે તેમ કરશો. આવી રીતે સ્વામીને ગુરૂ ભગતજી પોતે બનાવી ગયા છે. પણ મનુષ્યબુદ્ધિ રહે. વળી બહુ નિર્માનીપણે વર્તે, બીજાના શિષ્ય થઈ જાય તે સૌ મોહ પામી જાય એવો આ લોક છે.

વડતાલથી આચાર્ય મહારાજ કાગળ લખી સીવવા માટે અગર ગમે તે પ્રસંગે મહુવેથી તેડાવે ત્યારે પ્રાગજીભાઈ આવતા હતા. અને એક વખતે પોતે સીવવા પધારેલા ૧૯૪૦ના અરસામાં. શાસ્ત્રીમહારાજ નવીન શિષ્ય થયેલા. એવામાં ભગતજીનો સમાગમ કરવા ને કથા સાભલવા ઝાઝા માણસો વડતાલ ભેગા થાય. તેથી ભેખ ઉપાધિ કરે. માટે બીજા ત્યાગી વર્ગને ભગતજી પોતા પાસે બેસી રહેવા દે નહીં. શાસ્ત્રીમહારાજને બેસી રહેવા દે. ત્યારે બીજા સાધુ (નારાયણચરણદાસજી) જરા મૂંઝાઈને બોલ્યા જે, 'આને તો બેસાડી રાખો છો ને અમને ઉઠાડી મૂકો છો.' ત્યારે ભગતજી કહે, 'એ તો અમારો કોડીલો લાલ છે. તે બેસશે. તમે ઊઠી જાઓ.' શું ભગતજીનો પ્રેમ ! તે આ પ્રસંગથી જણાશે.

૧૯૫૨ની સાલમાં વડતાલમાં ચૈત્રી સમૈયામાં ભેખે ભગતજી સંબંધમાં ઘણી જ ઉપાધિ ઉપાડી હતી. ગૃહસ્થ પણ મહુવે જાય તેને પણ વિમુખ કરવા એવો ઠરાવ કર્યો હતો. આટલી ઉપાધિમાં પણ શાસ્ત્રીજી મહારાજે કળા કરી વિહારીલાલજી મહારાજ પાસે કાગળ લખાવી મહુવેથી ગઢડે ભગતજી મહારાજને તેડાવ્યા. તે પ્રમાણે ચરોતરના હરિભક્તોને ખબર આપી ત્યારે એવું બન્યું જે બસેં હરિજન નિંગાળા સ્ટેશને ઊતરી ગઢડે આવ્યા અને ભગતજી પણ મહુવાથી પગરસ્તે ગઢડે આવેલા. તે સૌ ગઢડાના બજારમાં ભેગા થઈ ગયા ને દરવાજામાં સાથે પેઠા. ત્યાં સાધુ, પાળા, હરિજનો ઘણા ભેગા થયેલા તે આ દેખાવ જોઈ દિગ્મૂઢ બની ગયા કે આવી રીતે એકદમ સૌ સાથે શી રીતે આવ્યા ? શું ચમત્કાર હશે ? એમ સહુને ભ્રાંતિ પડી ગઈ. તે વખતે ઝવેરીલાલભાઈ તથા ચાણસદના વૈદ્ય તથા વસોના અમીન પુરુષોત્તમદાસ વગેરે હરિજનોએ ભેગા થઈ બારની રસોઈ મોતિયા લાડુ કરી તમામ સંઘને, ત્યાગીને જમાડ્યા હતા, અને દિગ્વિજય કર્યો હતો. આ બધાનું કારણ શાસ્ત્રીજી મહારાજ. માટે ભગતજી ટાણાની ભક્તિ જોઈ પારાવાર રાજી થયા અને ઘણું સુખ આપ્યું. એમના નિર્માનીપણાથી ભેખ

માત્ર વશ થઈ ગયા, સહનશીલતાપણું હદ છે.'

આ પછી સ્વામીશ્રીની અતિઅપાર પ્રતિભા અને ધરતી જેવી સહનશીલતાનો ઉલ્લેખ કરી નિર્ગુણસ્વામીએ સ્વામીશ્રીના તેજાયમાન વ્યક્તિત્વના કેટલાક અલૌકિક પ્રસંગો અદ્‌ભુત પ્રાસાદિકતાથી આલેખ્યા છે. જેમાં તેમણે લખ્યું છે :

'કાઠિયાવાડમાં ગઢડા પાસે લાખણકાના દરબાર હીમુભાનું આખ્યાન ટૂંકમાં લખું છું. ભાવનગર ભાયાતી ગણાય છે. હીમુભા ઈંગ્લીશ ભણેલ. સંસ્કૃત નોલેજ સારું હતું. પ્રથમ આર્યસમાજીસ્ટ. દયાનંદના પ્રસંગથી આર્ય સમાજના સંસ્કારો પડેલા. પાછળથી શંકરમતના અદ્વૈતમાં ઊતર્યા હતા. ભાવનગરના રાજા સાથે રહેતા. કંઈક બોલાબોલી થવાથી લાખણકા રહેતા. (તેમના) ત્રણ ગામ હતાં. તેજદાર અઢાર અને વીસની વચ્ચે ઉંમર હતી. પ્રખર વિદ્વાન કહીએ તો ચાલે. ન્યાય મિશ્રિત સંસ્કૃતમાં ભાષણ કરતા. કોઈ પ્રસંગે બોલાચાલીમાં (એક સંન્યાસીને) સ્ટેશન ઉપર બે ધોલો મારી હતી. એવો આળો માણસ હતો. પાછળથી નાની વયમાં જ દેહ મૂક્યો હતો.

શાસ્ત્રીમહારાજ બહાર નીકળેલ તેવામાં તરત ખોપાળા મોહન મહારાજને ગામ (ગઢડાથી બે ગાઉ દૂર છે ત્યાં) ગયા હતા. (ગામમાં) સત્સંગ છે. લાખણકા ત્યાંથી ત્રણ ગાઉ દૂર છે. ત્યાં મોહન મહારાજે દરબાર હીમુભાને કહ્યું, 'શાસ્ત્રીમહારાજ મોટા પુરુષ છે. વિદ્વાન છે. સમાગમ કરવા જેવા છે.' તેથી જીજ્ઞાસુ હોવાથી દર્શને આવ્યા. શાસ્ત્રી મહારાજ ને એમને બે કલાક શાસ્ત્રાર્થ ચાલ્યો. ઘણા પ્રશ્નો પૂછ્યા. સંસ્કૃતમાં વાતો ચાલી. આખરે રાજી થયા. ને અંતઃકરણ સ્વામીએ દબાવ્યું ને શિષ્ય થઈ ગયા. પછી બોલ્યા : 'બધાનો ગુરુ, પણ આપનો શિષ્ય. હવે હું પ્રશ્ન નહીં પૂછું.' બીજે વર્ષે પોતાને ગામ સ્વામીને તેડી ગયા ને ત્રણ ચાર દહાડા રાખી ખૂબ આનંદ કરાવ્યો. હંસના જેવી ડોક ને દૈવી જીવ, તે સ્વામીમાં હેત થયું. પાછળથી ટૂંક મુદતમાં દેહ મૂકી ગયા.

સ્વામીના પ્રતાપની ને નિર્માનીપણાની શી વાત કહેવી ! સાધુઓ સાથે પણ નિર્માની વર્તે. રસોઈ કરવા મંડી પડે. વાસણ ઘસવા મંડી પડે.

દયાળુપણાનો ગુણ : એવો જે જરા કોઈને દુઃખ દે નહીં. દુઃખ પોતે વેઠી બીજાને સુખ થાય તેમ કરે. કોઈ માંદો પડે તો તેની સેવા પોતે કરે. પગ દાબે, માથું દાબે, શરીરે હાથ ફેરવે ને સેવા કરવા મંડી પડે. પરદુઃખભંજન !

ગરીબ હરિજન માટે પણ દશ પંદર ગાઉ ચાલીને પણ જ્યાં બોલાવે ત્યાં જઈ તેને રાજી કરે. તેનું કામ હોય તો કરે. કોઈનું દેખી ખમે નહિ. કોઈ માણસ કોઈને પીડતો હોય તો તે પોતે ખમી શકે નહિ. ને તેની રક્ષા કરે. બીજાને દુ:ખવે નહિ. શ્રીજીમહારાજના જેવા જ ગુણ. ગરીબ માણસનું કોઈ ઘસાતું બોલે તો તેને દાબી દે. ન બોલવા દે. ગરીબના બેલી જ છે.

સરળપણાનો ગુણ : નાનામાં નાના છોકરા સાથે પણ સરળતાથી વર્તે ને કંઈ કહેશે તો કહે હા. પણ આડાઈ તેડાઈ નહીં. ખરી વાત હોય તો તેને સમજ પાડે. જેમ ઠીક લાગે અને ગુણ આવે એમ જ વર્તે. સામાનું અંતર મેળવી લઈ તેને વશ કરી પોતે વશ વર્તે.

જરણા : સમર્થ થકા જરણા કરવી તે કોઈથી થાય નહિ. તેમાં પરિસીમા છે ! કારણ સમર્થ થકા જરણા કરે તેને અતિ મોટા જાણવા (ગ.પ્ર.૨૭). તે ગુણ એમનામાં સંપૂર્ણ છે.

એક વખત એવો કેસ બન્યો કે બોચાસણમાં એક પાટીદારની ઈંટો વેચાતી લીધી. છેલ્લી ધર્મશાળા બંગલાવાળીમાં ઈંટો કાચી હોવાથી વરસાદમાં આથમણી કોરનો બંગલો ચારે માળ બેસી ગયા પછી ચૂનાથી ચણી તૈયાર કર્યો. પણ પેલા પાટીદારના દશ-પંદર રૂપિયા બાકી રહેલા. ચારસો-પાંચસોની ઈંટો લીધેલી. તેમાંથી તે ઉઘરાણીએ આવ્યો. તે શાસ્ત્રીમહારાજે કહ્યું, 'કાચી ઈંટોથી અમારે બે હજારનું નુકશાન ગયું, તો દશ પંદર રૂપિયા છૂટ મૂકી દો તો સારું.' પેલા પાટીદારે દશ પંદર ગાળો સ્વામીને દીધી. સ્વામી સહન કરી ગયા ને કોઠારી જીભાઈને કહી રૂપિયા આપી દેવડાવ્યા. પણ આથી કોઠારી તથા અમને બધાને ઘણું ખોટું લાગ્યું પણ અમને બોલવા ન દીધા. તે ચાલ્યો ગયો. પાછળથી તે પાટીદારે ઈંટવાડો પાડેલો તે ઈંટ (કાયદેસર) કોઈને વેચાય નહીં, પોતાના કૂવામાં જ વપરાય. પણ આણે તો વેચી. કોઈએ અરજી કરી. તપાસ ચાલી. તે તલાટીને ખબર પડી. કોઠારી કહે : થોલ ઠીક આવ્યો છે. તે પાટીદારે દશ-પંદર રૂપિયા માટે (આપણને) ગાળો ભાંડી છે, તો હવે તેણે ઈંટો વેચી છે તો સરકાર દંડ પાંચસે, સાતસેં કરશે. વગર મોતે મરી જશે. મામલતદાર તમને પૂછે ત્યારે કહેજો, અમે વેચાતી લીધી છે. આ વાતની સ્વામીને ખબર પડી અને તે મામલતદારને ત્યાં સાક્ષી પૂરવા કોઠારી જીભાઈને જવાનું થયું તે સ્વામી કહે,

સાક્ષી પૂરવાની નથી. બિચારો ગરીબ માર્યો જાય.

'પણ એ દુષ્ટે આપને ગાળો ભાંડી છે ! તેનું ફળ ભોગવશે.'

તે પાટીદાર તો શું મોઢું લઈને મંદિરમાં કહેવા આવે ? પણ સ્વામીએ ચોખ્ખી ના પાડી ને કોઠારીને ઘણું સમજાવ્યા તો તેને ઉગારવા ડાબી જમણી સાક્ષી પુરાવી પાટીદારને ઉગાર્યો. ધન્ય છે સ્વામીની જરણાને. આ એક જ દાખલો બસ છે. આપ ખ્યાલ કરી લેશો, આવી જરણા કોઈ કરે ? એનો દ્રોહ ન થાય માટે જૂઠું બોલીને પણ ગરીબને ઊગાર્યો. ત્યારે લાખો માણસ સ્વામીને પગમાં પડે છે.

શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ પુરુષ સેવવા તે શાસ્ત્રનો સિદ્ધાંત છે. તેવા ગુણ તેમનામાં છે. શાસ્ત્ર માત્રના શબ્દને જાણનાર, બીજા જે કાંઈ પ્રશ્ન પૂછે તેને સમજાવી ગળે ઉતારનાર, વ્યવહારિક પણ તમામ શબ્દથી વાકેફગાર ને કોઈ વિદ્યાથી અજાણ્યા નહિ. બ્રહ્મજ્ઞાનને પ્રવર્તાવનાર આચાર્ય તો પોતે જ છે. શબ્દ-જ્ઞાન ને શ્રોત્રિયનો દાખલો આપું છું.

શાસ્ત્રીમહારાજ નાના હતા ત્યારે ઘર આગળ ભણતા હતા. ગામમાં વસોના વ્યાસજી ભારતની કથા કરતા હતા. તે દશ પંદર દહાડાની કથા બાકી રહી ને મરી ગયા. સૌ નારાજ થયા. પછી આ કથા પૂરી કોણ કરે ? ત્યારે સ્વામી નાના અગિયાર વરસના હતા. તે કહે હું પૂરી કરીશ. પછી ગાગર લાવીને બે જોડિયા સાથે બેસાડી મોંઢેથી કથા પૂરી કરી. ગામના લોકો ચકિત થઈ ગયા. આ વાત તેમની સાથે ભણનારા હજી જીવતા છે, તેમના મોઢેથી સાંભળી છે. શું આ વાર્તા આશ્ચર્યજનક નથી ? એટલી નાની ઉંમરમાં કોઈ કથા કરી શકે ? ન જ કરી શકે. આટલી બધી યાદશક્તિ !

વળી બ્રહ્મજ્ઞાનનો દાખલો આપું છું.

સ્વામી જાગા ભક્તની આગળ સ્વામી કહે, 'મારે બરોબર ધ્યાન-માનસી થતી નથી ને બાહ્ય દૃષ્ટિ રહે છે.' તો જાગા ભક્ત કહે, 'તમે અનાદિના છો. ધ્યાન, તપ બહુ કર્યું છે. તમારો જન્મ તો અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવવા ને અક્ષર પુરુષોત્તમના મહિમાનો ગ્રંથ કરવા સારું તમારો જન્મ છે.' તે આ વાત અમારી નજરે રૂબરૂમાં જાણેલી છે, કાનોકાન શબ્દ સાંભળ્યા છે. આપણે તો ખામી આવે એવું નથી. ભાગ્યનો પાર નથી. અન્ય કોઈ ગમે તે સંપ્રદાયનો અગર આપણા સંપ્રદાયનો અજાણ્યો માણસ હોય તેવાને પણ

વાતો ચીતો કરી શાંતિ પમાડે એવી એમની સ્વાભાવિક લટક છે. તપ્યા સિવાય વાત કરવી એ પણ મોટો ગુણ છે. એમના પ્રસંગમાં આવી સ્વામીનો ગુણ આવેલો એવા રા.બા. કેશવલાલ ગિરધરલાલ જૂનાગઢના રેવન્યુ કમિશ્નર સાહેબ, તથા દીવાન બહાદુર નર્મદાશંકર દેવશંકર, અમદાવાદ મ્યુનિસિપલ પ્રેસિડેન્ટ રા.સા. નરભેરામ જોષી, ડેપ્યુટી કલેક્ટર સાહેબ રા.સા. ગોવિંદભાઈ હાથીભાઈ, નાયબ દીવાન વડોદરા રાજ્ય રામલાલભાઈ હીરાલાલ સૂબાસાહેબ, વડોદરા રાજ્ય (વગેરેને) થોડા પ્રસંગમાં બહુ ગુણ આવ્યો. તે ગુણ જાય જ નહિ. આપણા સંપ્રદાયમાં તો ઘણાં ગામના ઘણાં હરિજનોને ગુણ ઘાલી આ જ્ઞાનના અધિકારી બનાવ્યા તે આ સ્થળે લખતો નથી. કારણ લંબાણ બહુ જ થાય. જે જે સ્થળમાં પોતે વિચરે તે તે સ્થળમાં જે જે મુમુક્ષુ હોય તેને ઓળખી રાખી પ્રસંગ આવે તેને જ્ઞાન ઘાલ્યા વિના રહે જ નહિ. રાજકોટ રહ્યા ત્યારે બહુ જણે રા. રા. છગનલાલ ધનેશ્વર રાવલ-શુક્લ બેરિસ્ટરના ક્લાર્ક, તથા નવલરામ રામજી આદિને સત્સંગી કરી સ્વામી જાગાભગતની ઓળખાણ કરાવી તથા શ્રી કૃષ્ણજી મહારાજનો સંબંધ કરાવ્યો ને આ જ્ઞાનના શ્રેષ્ઠ અધિકારી બનાવ્યા. સંવત ૧૯૫૫માં ઉના પધારેલા સ્વામી કૃષ્ણચરણદાસજીના આગ્રહથી (સ્વામીશ્રી ઊના) ત્યાં પધારેલાને તથા શેઠિયા માત્રને ગુણાતીતજ્ઞાન ઘાલી ગાંડાતૂર બનાવ્યા. જુવાનીઆ જુગલદાર, હરિભાઈ, કેશવલાલ આદિ ત્યાં ને મૂળ ગઢડાના રહીશ ઉનામાં હેડ માસ્તર હતા એવા જે પુરુષોત્તમ વિઠ્ઠલભાઈ ઘણા બાહોશ સત્સંગી હતા. તેમને આ ગુણાતીતજ્ઞાન ઘાલી સ્વામી જાગા ભગતના શિષ્ય બનાવ્યા. જેના કાગળો જ્ઞાનથી ભરપૂર સ્વામી ઉપર આવેલા મારી પાસે છે. નકલો પણ કરી છે. ગુજરાતમાં તો આ ગુણાતીતજ્ઞાન પ્રથમ ભગતજી મહારાજ દ્વારે પ્રવર્તેલું ત્યાર પછી તેને વધારનાર આ પુરુષ છે. નવા સત્સંગી ઘણા કર્યા ને ગુણાતીતજ્ઞાન પણ જૂનાને ઘાલ્યું. નવાં (હરિમંદિર) મંદિર પણ ઘણાં કર્યાં. નાર, વીરસદ, રૂંદેલ, શીશ્વા, સારંગપુરના હનુમાનજીનો બંગલો, દેરી વગેરે ગામોમાં કર્યાં. નવા અંગત શિષ્યો જેવા કે ૧૯૪૭ની સાલના આરંભથી વડોદરામા ભણનારા પડ્યા ઉલ્લાસરામ તથા મણિશંકર કારવણવાળા શિષ્ય કર્યા.....'

આવા કેટલાક હરિભકતોની યાદી હોય તો તે સમજી શકાય, પણ નિર્ગુણસ્વામી

અસ્ખલિત ધારામાં હરિભક્તોની મંગલ નામાવલિ સહજભાવે લખતા ગયા...

સ. ૧૯૪૮ની સાલના આરંભથી રા. ચતુરભાઈ સ્વામિનારાયણ સોજીત્રાના તેમના ભાઈ પશાભાઈ તથા ગોરધનભાઈ તથા રામભાઈ તથા ભાઈલાલ તેમના ભાઈ સોજીત્રાની મંડળી, ભણનારા તથા ભાદરણના ડાહ્યાભાઈ, કાશીભાઈ તથા વસોના મોતીભાઈ ઉમેદભાઈ તથા મગનભાઈ તથા ચુનીભાઈ તથા છોટાભાઈ ભણનારા તથા નારવાળા ચતુરભાઈ વાઘજીભાઈ તથા વીરસદના અમીન શંકરભાઈ સોલિસિટર, હરિભાઈ ઝવેરભાઈ તથા કાશીભાઈ વીહારીદાસ તથા ઓઝા છોટાભાઈ મગનભાઈ ઇન્જિનિયર તથા લક્ષ્મીશંકર મગનલાલ સ્ટેશન માસ્તર અંગત શિષ્યો બન્યા. બીજા ઘણા જણ પરિચયમાં આવ્યા. ઉપરના ભણનારા મંડળે જણાવ્યું. હવે તે સિવાયના કાશીદાસ તથા પશાભાઈ તથા ત્રિભોવનદાસ તથા પ્રભુદાસ, ઈશ્વરભાઈ, ત્રિભોવનદાસ નાગજી તેના ભાઈ પ્રાગજી તથા ભવાનભાઈ તથા જીવાભાઈ એ આદિ કારવણના તથા કોયલીના માધવદાસ, નારાયણભાઈ, ઈશ્વરભાઈ નવીન સત્સંગી બન્યા. થુવાવીના ફુલજીભાઈ, કુંદરપુરના રણછોડભાઈ તથા હરખાભાઈ તથા કાભાઈ વગેરે તથા આણંદના કેશવલાલ તથા ગોરધનદાસ, કરસનદાસ તથા હરિભાઈ, નારાયણભાઈ, પશાભાઈ, પ્રભુદાસ તથા મોતીભાઈ, નાથાભાઈ મણિભાઈ તથા નારાયણભાઈ ધનજીભાઈ તથા નારના ખુશાલભાઈ તથા કાનદાસ તથા દાજીભાઈ શંકરલાલ, સોમાભાઈ આદિ તથા નારાયણભાઈ, પોપટભાઈ, વાઘજીભાઈ ગોરધનભાઈ તથા દરબાર શીવાભાઈ આદિ તથા અમદાવાદમાં શેઠ મંછારામ તથા સુત પાનાચંદ તથા નંદુલાલ તથા બાબુભાઈ, ખેંગારજી તથા ભવાનભાઈ, પ્રેમજીભાઈ, કાળુભાઈ, ધનજીભાઈ, ધીરૂભાઈ આદિ હરિજનો તથા ભાયલીના જીવાભાઈ, પ્રાગજી તથા મથુરભાઈ, દરૂભાઈ, મીઠાસ્વામી, ગાનાવાળા નારાયણભાઈ જે તન મનથી સેવા કરનાર તથા જીવાભાઈ, શંકરભાઈ બકોરભાઈ તથા ધુળાભાઈ, તથા લાલાજી તથા શનાભાઈ આદિ અને છોકરા ફુલાભાઈ તથા ચતુરભાઈ, ભાયજી મુખી તથા વાલાભાઈ તથા રેવદાસ તથા મગનભાઈ તથા ધનજીભાઈ તથા મોતીભાઈ તથા મથુરભાઈ તથા સમસ્ત ગાના મંડળ તથા ભરૂચવાળા ગણપતરામભાઈ તથા કેશવલાલ, ઝીણાભાઈ તથા જયકૃષ્ણભાઈ, નાથુભાઈ આદિ તથા સારસાના

ગિરધરભાઈ, હીરાભાઈ શંકરભાઈ ઈશ્વરભાઈ વાઘજીભાઈ રેવદાસ તથા જેઠાભાઈ આદિ હરિજનો ખંભાતના ખોડાભાઈ હિંમતલાલ તથા ધનેશ્વર માસ્તર તથા ધાભાઈ પરઘુભાઈ આદિ ઉનેલના, પ્રભુદાસ તથા તેમના ચિરંજીવી તમામ તારાપુરના પ્રહ્લાદજી તથા રણછોડભાઈ, તથા દૌલત તથા નાથાભાઈ તથા પ્રહ્લદજી બીજા તથા અમીન મણિભાઈ તથા મૂળજીભાઈ તથા સુત બન્ને તથા બામણગામના કાશીદાસ તથા છગાભાઈ તથા નરસીભાઈ તથા શનાભાઈ તથા છોટાભાઈ તથા પ્રભુદાસ તથા નારાયણભાઈ તથા કાશીભાઈ બન્ને, ડભાસાના વેણીભાઈ તથા દાજીભાઈ તથા સમસ્ત હરિજન તથા પાદરાના ચોકસી માણેકલાલ તથા લવાર જીવણભાઈ કાછિયા ખુશાલભાઈ તથા ત્રીકમલાલ તથા ચાણસદના વૈદ્ય મનસુખરામ, મૂળજીભાઈ તથા જેશંગભાઈ, ભગવાનદાસ, બાબરભાઈ, હીરાભાઈ, મોતીભાઈ[૩૬] તથા વ્રજભાઈ તથા દેસાઈભાઈ, બાવાજી સુત બન્ને સોમાભાઈ દેવજીભાઈ તથા કાળીદાસ પટેલ તથા અમથાભાઈ તથા સાધીના આશાભાઈ તથા ઈશ્વરભાઈ તથા ઝવેરભાઈ માસ્તર મહીજીભાઈ, પુંજાભાઈ તથા જેશીંગભાઈ, તથા ધર્મજના શિવાભાઈ તથા આશાભાઈ તથા ભૂલાભાઈ, ડુંગરભાઈ તથા રાઈજીભાઈ તથા ફકીરભાઈ તથા મોતીભાઈ તથા શંકરભાઈ સમસ્ત હરિજન સમસ્ત, આશીના જેઠાભાઈ, જીભાઈ તથા રણછોડભાઈ, શીવાભાઈ, ભગવાનદાસ તથા મોતીભાઈ તથા નાથાભાઈ તથા વાઘજીભાઈ તથા રણછોડભાઈ તથા રણછોડભાઈ બીજા તથા ભાઈલાલભાઈ તથા મયારામભાઈ તથા શેઠ દામોદરભાઈ તથા શેઠ શંભુભાઈ તથા શેઠ ચુનીભાઈ તથા ગંગારામ તથા માધવદાસ તથા હરિભાઈ આદિ હરિજન તથા બોરિયાના અંબાલાલ તથા નાથાભાઈ તથા મણિલાલ તથા આશાભાઈ તથા બોચાસણના હીરાભાઈ તથા ભાઈલાલભાઈ તથા ઝવેરભાઈ તથા ગિરધરભાઈ, રણછોડભાઈ તથા માધવદાસ તથા શીવાભાઈ, હાથીભાઈ મોટા તથા મથુરભાઈ મુખી તથા શંકરભાઈ તથા મથુરભાઈ બીજા તથા બેચરભાઈ તથા મૂળજીભાઈ તથા હીરાભાઈ તથા સોની છગનભાઈ તથા સમસ્ત હરિજન તથા રૂંદેલના બાવાજી તથા કાભાઈ તથા તેમના ભાઈ તથા ઝવેરભાઈ તથા બોરસદના દેસાઈભાઈ તથા શામરભાઈ તથા યોગીરાજ

૩૬. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજના પૂર્વાશ્રમના પિતાશ્રી

(ગોપાળ) તથા કાભાઈ વગેરે તથા સોખડાના ત્રિભોવનદાસ તથા જેઠાભાઈ, ફુલાભાઈ તથા જોરાભાઈ, ઉમેદભાઈ, જીવાભાઈ તથા ત્રીકમભાઈ તથા મોતીભાઈ તથા ખુશાલભાઈ તથા મોટા નરોત્તમભાઈ તથા ત્રિભોવનદાસ બીજા તથા મૂળજીભાઈ તથા હરિભાઈ શનાભાઈ તથા કાભાઈ તથા કાશીભાઈ તથા બેચરભાઈ તથા વાળંદ છીતો અને તેનો બાપ તથા મીર સાપરાના માલા દાલા, રણછોડભાઈ, ગરાસદાર મથુરભાઈ, તથા સમસ્ત તથા કાઠિયાવાડ, ઝાલાવાડ, ભાલ, સોરઠ, રાજકોટ વગેરે ગામોમાં તથા નગાસર ખાખરીઆમાં સત્સંગીઓ ત્યાંના ગુણાતીત જ્ઞાનવાળા લખતાં પાર આવે તેમ નથી છતાં ખાનદેશના લખવા ઈચ્છા છે લખીશ. ખાનદેશ મધ્યે વરખેડાના કેવળભાઈ, ભાઈદાસ તથા સુત હીમલાલ તથા ચુનીબા પાટીલ, વેડુના ગજમલ, દેવચંદ તથા પુરુષોત્તમ, દોલત, પા. નાગજીભાઈ, હીમલાલ, તથા નીમજી, પા. હરિ, પા. રામદાસ, તથા જાળીના રાજારામ, તથા નાનુ પા. તથા ઘોન્ડુ માસ્તર તથા હોઢુ તથા રામદાસ તથા વામન તથા શ્યામલાલ તથા નાનુ, તથા દૌલત તથા લોટુ બન્ને તથા હાંડું તથા કિશન તથા તાનજી તથા પોપટ તથા પોપટ તથા ભીલા તથા મારૂ તથા કથુ પા. તથા મગન તથા શેનપડુ ધોબી તથા તુલસી તથા ભાવડુ તથા કાળુ નાઈ આદિ. મોહાડીના વિઠ્ઠલભાઈ તથા ધનજી પા. તથા નાનજી પા. તથા ઓંકાર તથા બીશન, કિશન, હરિ મા તથા ખુશા, તથા શંકર મા. તથા શ્યામલાલ ચીંધા, તથા પરમાણંદ ઉત્તમ, તથા ભીખાભાઈ તથા ખંડુ પા., અર્જુન પા. જયરામ તથા નાગજી ન્યાલચંદ તથા વિઠ્ઠલ પા., રોન્ડુ પા. તથા સુખલાલ તથા ભુખન તથા શ્યામલાલ પુરુષોત્તમ, તથા વામન નીમજી તથા રામદાસ તથા ભાઈલા તથા દુર્લભ પા. તથા વિઠ્ઠલ પા. તથા શેઠ સદાશીવ શીંપી તથા સોનુવાણી તથા બાપુ પા. તથા હરિભાઈ તથા વામન તથા ઘનશ્યામ તથા બીપુ તથા સમસ્ત તથા ગરવાડાના વામન તથા જામન ચોધરી તથા કૃષ્ણા મા. રામદાસ તથા બે ભાઈ બીજા તથા યાદવ માસ્તર તથા દુર્લભ તથા સુત દૌલત તથા દૌલત ચોધરી, ગોપાળ ચોધરી, પ્રભુ તથા છબીલાલ તથા ભાગચંદ, જાળુ તથા લકડુ તથા હીરામન સોનાર, અર્જુન પા. તથા ચીમના પા. તથા સાકોરાના દુર્લભ ચોધરી તથા છબીલાલ તથા કાળુભાઈ તથા મગનભાઈ તથા ઉત્તમભાઈ, તથા તાનજીભાઈ તથા દગડુ, હાંડુ પોપટ તથા સીતારામ

તથા શીવરામ આદિ કોસુમ્બાના બાનાભાઈદાસ પા. તથા પરશુરામદાસજી સુત દેવરામ તથા ઝીપુ તથા સુખલાલ તથા બાજીરાવ તથા બાપુ પા. તથા રાવજી પા. તથા ઢીકા પા. તથા કીશનભાઈ તથા ભાણાભાઈ લખાભાઈ, કેવળ ચોધરી તથા દાવલ તથા દગડુ તથા ભીલા તથા મુક્તરાજ નવશીરામ તથા કીસન પા. તથા કુનેયો તથા છતુ તથા સુરદાસ તથા ચૂનીલાલ આદિ ત્રણ ભાઈ તથા કૃષ્ણા આદિ ત્રણ ભાઈ તથા નામદેવ, શ્યામદેવ તથા ભીલા પા. તથા સમસ્ત હરિજન. સોનગીરના ઘનશ્યામ પા. તથા પીતાંબર તથા હાંડું તથા શંકર તાનજી તથા છગન તથા દામન તથા સુખલાલ તથા કીસન તથા દગડુ તથા સમસ્ત તથા દાતુરના ફકીરા પા. તથા નરોબા તથા ઝવન પા. તથા પીતાંબરદાસ તથા બાવડુ પા. તથા ભાલાચંદ તથા જીવલાલ તથા શંકર તથા મોતી વગેરે તથા ઓઘડ રામજી તથા કામાજી વગેરે તથા દોધવદ તથા વડગામ, સુખડ તથા ધાંધડાના ગામના હરિજનો પ્રેમી છે. સદ્‌ગુરુ વિજ્ઞાનદાસના પ્રસંગથી પ્રાગજી ભગતના શિષ્યો થયેલા. મુંબઈથી વહાણમાં બેસી મહુવે સમાગમ કરવા જતા હતા અને બોચાસણ, સારંગપુરમાં ઘણી સેવા કરી છે. બાર મહિને હજાર રૂપીયા ધર્માદામાં આવે છે. પ્રથમ દેશકાળ પ્રમાણે વધારે આવતા. ધૂળીયામાં શેઠ સાલીંગરામ રામચંદ્ર સ્વામીના હેતવાળા થયા છે. બીજા પણ થાય છે. મહીકાંઠાના બદલપુર, ચાંપોલ, નરશી ત્રણ પરાંના ચોરોને સત્સંગી કરી હરિભક્ત બનાવ્યા છે.

'એકદેશી પુરુષ તો ઘણા મળે, પણ સર્વદેશી પુરુષ મળવા ઘણા કઠણ છે. તો આ સર્વદેશી પુરુષ છે. આ નિશાળ એવી છે કે સર્વ વાતના અનુભવ થવાના. સારંગપુરમાં પ્રથમ ૧૯૫૫ થી ૧૯૬૦ સુધી મોનત રહ્યા ત્યારે આ જ્ઞાનની કોઠી ત્યાં ઘાલી. શેઠ ભીમજીભાઈ બહાદુર હતા. તથા નાગજીભાઈ તથા મોહનભાઈ શેઠ તથા દરબાર ઓઘડભાઈ, દરબાર દેહાભાઈ તથા રૂખડ ખાચર આદિ તથા શેઠ જગજીવન વગેરે સ્વામીના શિષ્ય હતા. ભવિષ્યમાં ઉત્તમ કાર્ય થવામાં સુચનારૂપ થઈ પડે છે. તમામ ત્યાગી તથા હરિજનોનો સમૂહ ઘણો છે. તેમનું પોતે ઉપરીપણું ભોગવે છે પણ કોઈ એમનાથી કંટાળે નહિ. સર્વેનાં પોતે મન સાચવી પોતાના ગમતામાં વર્તાવે એ એમનો અસાધારણ મોટો ગુણ છે. ગીતાના ૧૨મા અધ્યાયનો ૧૫મો શ્લોક.

યસ્માન્નોદ્વિજ તે લોકોન્નોદ્વિજતે ચ યઃ ।

હર્ષામર્ષભયોદ્વેગૈઃ મુક્તો યઃ સ ચ મે પ્રિયઃ ॥

બાકી જરા સમ વિષમપણું કરે તો મન નોખાં પડતાં વાર લાગે નહિ. આ જ્ઞાન પ્રવર્તાવવામાં જૂનાગઢથી સ્વામી વિજ્ઞાનદાસજી તથા પરમ ભક્તરાજ રણછોડ ભગતે આવી ઘણી મદદ કરી છે, માટે હું તેમનો મોટો ઉપકાર માનું છું. પરમ ભક્તરાજ રણછોડ ભગતે તો સત્સંગમાં ફરી ઘણી વાતો કરી સારો સમાસ કર્યો છે તથા ગુણાતીત જ્ઞાનની પુષ્ટી સારી કરી છે. સ્વામી જાગા ભગત ભેળા રહી આખ્યાનો જાણેલાં તે સારાં કહે છે. ડાંગરાવાળા બાપુ શ્રીપુંજાજીભાઈ પણ આ દેશમાં આવી સારી વાતો કરી હરિજનો ઉપર છાપ પાડી છે. શાસ્ત્રીમહારાજની નિરંતર પુષ્ટિમાં છે. યોગીરાજ જ્ઞાનજી મહારાજ તો સારી સેવા કરી રહ્યા છે, બધાને સચેતન કરે છે અને કથાવાર્તા કરી સારો આનંદ આપે છે. એમના વૃત્તાંત અને સેવાથી સૌ ચકિત થાય છે. વાતો, વચનામૃત, કીર્તન ઘણાં કંઠે છે. જૂનાગઢથી નીકળી શકે તેમ ન હતા. ગરીબ પ્રકૃતિ. પણ શ્રીજીમહારાજે દયા કરી આપણે માટે આ મંડળમાં મૂકી દીધા છે....

શાસ્ત્રીજી મહારાજના ઉઘાડા પ્રતાપો છે, તે જણાવું છું. રંગાચાર્ય શાસ્ત્રી પ્રથમ વડતાલમાં વિહારીલાલજી મહારાજે રાખ્યા હતા. તે અહીંથી નીકળી વડોદરે ગયા હતા. ગાયકવાડ સરકારની પાઠશાળામાં અધ્યાપક હતા. તેમની પાસે સિદ્ધાંતકૌમુદી ભણવા શ્રી વિહારીલાલજી મહારાજે સંવત ૧૯૪૭ની સાલમાં મોકલ્યા હતા. ત્યાં રહી ભણતા હતા. દ્રાવીડ દેશના શાસ્ત્રી રંગાચાર્ય મધ્વ સંપ્રદાયના હતા. છતાં ભણતાં ભણતાં આ સંપ્રદાયનો સિદ્ધાંત સમજાવી શ્રી સ્વામિનારાયણ ભગવાનનો નિશ્ચય કરાવી પ્રગટ એકાંતિક પ્રાગજી ભગત ઓળખાવ્યા હતા. સવત ૧૯૪૯મા યજ્ઞ વખતે વિહારીલાલજી મહારાજે ગઢપુર રગાચાર્યને પણ તેડાવ્યા હતા. યજ્ઞ વખતે ભાવનગરના ભણનારાને ભાવનગરમાં જ સ્વામીએ શાસ્ત્રાર્થથી હરાવ્યા હતા. પછી કોઈ શાસ્ત્રાર્થ કરવા સમર્થ થઈ શક્યા નથી. ચાર મોઢે બધાને મોઢે વખાણ કરે. વિહારીલાલજી મહારાજ બહુ રાજી થયા - જીવનરામ શાસ્ત્રીએ વડોદરામાં જ દેહ મૂક્યો હતો. મહારાજ તેડવા ગયા હતા. એક વખત વડોદરામા સૂબા સાહેબ રામચદ્ર બળવત રાવે પ્રાગજી ભક્તને તેડાવ્યા હતા. તે વખતે વડોદરાના મંદિરમાં ભગતજીને રંગાચાર્યે દંડવત્ કર્યા હતા. આ પ્રતાપ કાંઈ સાધારણ નથી. બીજાના જીવમાં સત્સંગ ઘાલવો કઠણ છે. ૧૯૫૩ની સાલમાં

રાજકોટમાં વેદાંત ભણવા રહ્યા હતા ત્યારે ધુરંધર શાસ્ત્રી જીવનરામ મહિધરજી પાસે ભણતા હતા. ભણતાં વિશિષ્ટાદ્વૈત મત સમજાવી મહારાજનો નિશ્ચય કરાવ્યો, ને જૂનાગઢથી જાગા ભક્તને બોલાવી મંદિરમાં જીવનરામને પગે લગાડી જાગા ભક્તની એક કલાક વાતો સંભળાવી. ઘણા ખુશી થયા હતા.

શાસ્ત્રીજી મહારાજના મહિમાના (ટૂંક વૃત્તાંતના) અષ્ટક ખેડા જિલ્લાના પોલિસ સુપ્રિ. ના શિરસ્તેદાર રા. રા. ચતુરભાઈ ઝવેરભાઈ સ્વામિનારાયણ સોજીત્રાના એ બનાવ્યા. તે 'બાલ્યાવસ્થા છતાં...' આ શ્લોકો ચતુરભાઈ જાંબુઘોડા હતા ત્યારે બનાવ્યા હતા. આ અષ્ટકમાં ટૂંકામાં સ્વામીનું વૃત્તાંત મહિમા સાથે લખ્યું છે, તે વાંચી જવાથી જણાશે. આ અષ્ટક બીજા કાગળ ઉપર ઉતરાવી યુવકમંડળને આપશો, જેથી હંમેશાં બોલે. શાસ્ત્રી મહારાજ સાથે વડતાલથી નીકળતી વખતે કેવા ઉત્તમ પ્રકારના માણસો હતા ને છે :

(૧) કોઠારી બેચર ભગત-સ્વામી મહાપુરૂષદાસજી (૨) કોઠારી પ્રભુદાસજી (૩) કોઠારી જીભાઈ (૪) કોઠારી શંકર ભગત (૫) કોઠારી જેઠા ભગત (નિર્ગુણદાસજી) (૬) સ્વામી પુરુષોત્તમદાસજી (૭) અક્ષરપુરુષદાસજી ધોરી ભગત (૮) નારાયણચરણદાસજી (૯) ગોવિંદચરણદાસજી (૧૦) ભક્તિજીવનદાસજી (૧૧) ભક્તરાજ હરજી ભગત (૧૨) લલ્લુ ભગત-સંતદાસજી (૧૩) શ્રીહરિદાસ (ભાદરણ) તરત દેહ મૂકી ગયા હતા. (૧૪) ભક્તરાજ રણછોડ ભગત (૧૫) સ્વામી વિજ્ઞાનદાસજી (૧૬) સ્વામી ભગવત્‌સ્વરૂપદાસજી (૧૭) સ્વામી બાળમુકુન્દદાસજી (૨૪) સ્વામી પુરુષોત્તમદાસજી નાના (૨૫) શ્રીકૃષ્ણદાસજી (૨૬) પ્રભુજીવનદાસજી (૨૭) સનાતનદાસજી (૨૮) કો. સોમા ભગત.

એ આદિ ઘણા માણસો મળેલા છે. શાસ્ત્રી મહારાજની જીભ વળે અને એમનો દેહ વળે એવા સૌ છે. ત્રિકમ મીસ્ત્રી (કોસીન્દ્રાના) મહામુક્તની પંક્તિના છે. તે તન, મનથી સેવા કરે છે. બોચાસણની ત્રણ ધર્મશાળાઓ જાતે કરી. સારંગપુરમાં પણ રહેવાની ધર્મશાળા એમના હાથથી જ બનેલી છે. શ્રીજી મહારાજ છતાં જેમ નવો સંપ્રદાય સ્થાપવામાં સૌને કેટલો આગ્રહ હતો તેવો જ આગ્રહ તેથી વધારે છે. મુદાના કોઠારીઓ જેણે વડતાલના મોટા કારભાર કરેલા ને ધન, સ્ત્રીમાં ફેર નહીં પડેલા એવા બધા શાસ્ત્રી

મહારાજને આધિન વર્તે છે. કોઠારી જીભાઈ તથા કોઠારી પ્રભુદાસ જેવા જે મોટા સદ્‌ગુરુઓ પણ જેનાથી બીએ એવા શાસ્ત્રી મહારાજને આધિન વર્તે છે એ એમના અપૂર્વ મહિમાનો દેખાવ છે. અમારા જેવા વિચિત્ર સ્વભાવવાળાને કેવળ દયાએ કરીને, સ્વભાવનું પોતે સહન કરી અમને નોરમાં લાવનાર તેમની સાધુતાની પરિસીમા છે.

ભગતજી મહારાજે અમને પડછા[૩૭] ચરાવ્યા હતા, તે શાસ્ત્રી મહારાજે પઢાવી કળાએ કરી, સ્નેહ કરી, ભાઈબંધી કરી કાંધ ઉપર ધૂંસરાં મૂકી દીધાં છે, તે અમારી જાણ બહાર નથી - અમારા સ્વભાવો પ્રથમ જેમણે જોયા હોય તે તે જાણે. અમે પણ કેવળ કલ્યાણને માટે વળગેલા છીએ. ને કૃપા માટે જ તેઓશ્રી પણ અમને નોરમાં લાવી બીજા હજારોને કલ્યાણ કરવામાં સહાયરૂપ થઈએ તે માટે દાખડો કરી સ્વભાવ મૂકાવી આટલે દરજ્જે લાવ્યા છે અને આપ જેવા પણ રાજી થાઓ છો તે એમનો પ્રતાપ છે.

વળી એમ પણ ખરુ જે અમને પ્રાગજી ભક્તનો સમાગમ થયેલો તે પૂર્ણ રીતે સમજી, ઇન્દ્રિયો-અંતઃકરણ પુગાડી જીવમાં નિશ્ચય કરેલો ને કૃતાર્થપણું પણ માનેલું ને જે જીવભાવે દર્શન કરે તો તેનું કલ્યાણ થાય એવી ખુમારી પણ ખરી. તેમ છતાં એમની પાસે સાધુતા, અપરિમિત ઐશ્વર્ય જેમ જેમ જણાવતા ગયા તેમ તેમ અમારા જેવાનાં ગાત્રો નરમ થતાં ગયાં. ને સૂર્ય આગળ તારા જેવા ભાસવા લાગ્યા. (ભગતજી બોલેલા બોલ સત્ય જણાવા લાગ્યા) ત્યારે ગુલામ થવાયું. તેમાં હું તો પ્રથમથી જ રજોગુણી - તમોગુણી પ્રકૃતિવાળો, બહારદષ્ટિવાળો તે કારભારમાં નવરો ન થાઉં. તે મને તો કોઠારી પ્રભુદાસ શાસ્ત્રી મહારાજ પાસે અખંડ રહેતા તે જેમ જેમ સમજતા ગયા તેમ તેમ મને સમજાવતા ગયા. ને મારે તેમની ઉપર સ્નેહ અને વિશ્વાસ તે વચન મનાય. ભગતજી મહારાજે મને પ્રભુદાસ તથા આચાર્ય મહારાજ કહે તેમ કરવું, એવી આજ્ઞા કરેલી એટલે મારે પ્રથમથી એમના પ્રત્યે ગુરુભાવ, તે મારે કામ આવી ગયો અને રંગડાની રેલ વળી. ને અત્યારે આનંદના સમુદ્રમાં ઝીલું છું, તે કોઠારીનો પ્રતાપ છે. માટે એમનો પણ

૩૭. પડછા અર્થાત્ કૂણાં પાન અથવા શેરડીની ઉપરનો પાંદડાવાળો ભાગ. અત્રેના સંદર્ભ મુજબ ભગતજીએ તો અમને હેત-પ્રીત કરી વાત્સલ્યથી પુષ્ટિ જ આપી હતી. પણ પછીથી સત્સંગસેવાની ધૂંસરી સ્વામીશ્રીએ મૂકી.

ઉપકાર મારાથી ભુલાય તેમ નથી.

વળી સ્વામી મહાપુરુષદાસજી પ્રથમ હિન્દુસ્થાનથી ૧૯૬૧ની સાલમાં(પાછા) આવેલા તે શાસ્ત્રી મહારાજની ચીઠ્ઠી મહેમદાવાદની હતી તે ચોમાસામાં રહ્યા હતા. ત્યાં મહાપુરુષદાસ પણ ભેગા રહ્યા હતા. (ધોળે લુગડે કો. બેચર ભગત નામ હતું) શાસ્ત્રી મહારાજને મહાપુરુષદાસજીને વિષે ગુરુભાવ, વળી વયોવૃદ્ધ તેથી તેમણે સ્વામી કથા વાંચતા હતા તે વખતે પોતે પંખો નાખવા લાગ્યા ને સંકલ્પ કર્યો જે, મને પંખો લઈ લેવરાવી, ના નાખવા દે તો જાણું (કે) હજુ મારાથી દબાય છે માટે જોઈએ એવો પ્રતાપ નહિ. ને વાયરો નાખવા દે તો જાણું હવે મારાથી ના દબાય માટે મારે પણ ગુરુ કરવા જેવા સમર્થ થયા, એમ સમજીશ. પછી કથા થઈ રહેતા સુધી પંખો નાખ્યો પણ ના પાડી નહિ એટલે મનની વાત જાણી બહુ રાજી થયા ને ઊઠી દંડવત્ કરી ગુરુભાવ રાખવા લાગ્યા. ને સ્વામીનો મહિમા વિશેષ સમજી બીજાને સમજાવવા લાગ્યા. તેથી સૌને વિશેષ દૃઢતા થઈ માટે એમના પણ આભારી છીએ. સ્વામી મહાપુરુષદાસજીએ શાસ્ત્રી મહારાજના મહિમાનાં કીર્તન બનાવ્યાં છે. તેમાંનું એક કીર્તન નીચે પ્રમાણે લખી જણાવ્યું છે : ‘છાના છાના છાના રે, તમે કીયાં સુધી રહેશો છાના....’

આ મહિમાની શેડ જોતાં હું તો એક આનો પણ મહિમા સમજ્યો હોઉં એમ લાગતું નથી. કારણ અધ્ધર વચન ઝીલનારા સ્વામી પુરુષોત્તમચરણદાસજી-મોટા જેવા ત્યાં બીજા કેટલાક હરિજન મોતીભાઈ તથા આશાભાઈ તથા મણિભાઈ તથા ઈશ્વરભાઈ તથા હિંમતલાલભાઈ તથા ધોંડુ માસ્તર જેવો મહિમા સમજે છે તેવો મહિમા સમજાયો નથી. તાજો દાખલો, આપ પોતે પણ કેડ બાંધી મંડ્યા છો તે શું તો આપની શ્રદ્ધા એટલી બધી છે જે અત્યાર સુધીમાં આવા કથાવાર્તામાં રુચિવાળા દેખાવામાં આવ્યા નથી. લાલદાસ ભગતે (શા. મ.ના ભત્રીજા) પણ વાત કરી જે બહુ સારો રંગ છે. તે કથાવાર્તા કરી કિલ્લોલ કરે છે. તે સાંભળી અમે અંતઃકરણમાં ગલગલિત થઈ જઈએ છીએ.

આ બધું જોતાં જેટલું જાણપણું છે અને મહિમા દેખાય છે, બીજાથી સંભળાય છે તેટલો સમજાતો નથી. પણ એટલું તો ખરું જે નવીન શિષ્ય બને તેને કહેતાં કહેતાં મહિમા સમજવાનો ને નવો પ્રતાપ દેખાય ત્યારે વિશેષ

પ્રતાપ દેખાય, ત્યારે વિશેષ મહિમા સમજાય. ને વખતે દેશકાળ લાગે ને **અમારે તો પ્રથમથી મોટા પુરુષની રૂબરૂમાં સહીઓ થઈ ગઈ છે તે કોટી કલ્પે કાઢવા જઈએ તો પણ નીકળે નહીં એવો મોટા પુરુષનો મહિમા નજરે દેખેલો હોય. પ્રાગજી ભગત નાડી, પ્રાણ સંકેલી ભજનમાં ઊતરતા - સમાધિમાં જતા - બીજાને સમાધિ કરાવતા - ને હજારોને સંકલ્પ કહી પ્રાયશ્ચિત આપતા તે અમે નજરે જોયું હોય ને જ્ઞાનમાં સર્વોત્તમ - હાથીનો હોદ્દો અને ગધેડું સરખું (એવું) નિર્માનીપણું - બ્રહ્મચર્ય વ્રતમાં એક્કા. એવા પુરુષના વચનમાં વિશ્વાસ કેમ ન આવે ?** એમનો સમાગમ કરતા પહેલાં કૃષ્ણ જેવા પણ સ્વામિનારાયણને સમજતા નહોતા. તે ભગતજીનો સમાગમ થયા પછી અનંત કોટી અવતારાદિક એક પદે ઊભા રહી માળા ફેરવે છે સ્વામિનારાયણની અને એનું આપેલું કણેથું ખાય છે એમ કહેતાં, સાંભળતાં જરાય પણ થડક પડક નહીં ! એવા પુરુષની કૃપા જેની ઉપર હોય તેનાં ભાગ્યનો પાર નહિ.

સ્વામી જાગા ભગતની ભેગો રાત દિવસ છ મહિના લગાટ જૂનાગઢમાં રહ્યો ને એમનો મહિમા જીવમાં પેઠો. ને એ મૂર્તિ સંભારતાં રોમાંચીત ખડાં થઈ આંખોમાં આંસુ પણ આવી જાય. એવા પ્રતાપી પુરુષો અપાર દુઃખો વેઠી માનઅપમાન વેઠી મોટા દિગ્ગજો વચ્ચે આ જ્ઞાન પ્રવર્તાવ્યું. એવા પુરુષનો વિશ્વાસ કેમ ન હોય ? એમની આગળ શાસ્ત્રી મહારાજ બાળકની પેઠે રહ્યા કરે. છતાં સ્વામી જાગા ભગત સ્વામીને દેખી ગદગદ્ કંઠ થઈ જાય ને રાજીપો બહુ જણાવે એ અમોએ પ્રત્યક્ષ દેખ્યું છે. તે **એમણે (પરમ એકાંતિક)મુક્ત કહી પ્રમાણ કર્યું હોય તે અમારા જીવમાંથી મુસલમાન થઈએ તો પણ કેમ નીકળે ?** માટે આપને અમારો વિશ્વાસ હોય તો આપને અમૂલ્ય વસ્તુ મળી છે તેને વિષે હેત, નિષ્ઠા થાય એવો પ્રસંગ રાખજો ને ખરી ખેંચ થશે તો એ(સ્વામીશ્રી) અઠવાડિયે આપની પાસે આવે તો મને કહેજો, પણ ગોપિયુંના જેવી અંતઃકરણમાં ખેંચ થવી જોઈએ ને આવીને તરત પાછા જાય તો પણ રાજી રહેવું. તો પાછા તરત ફરી આપને દર્શન દેવા આવે ને ખેંચાખેંચ થાય ત્યારે ન આવી શકાય. કારણ, એવી રીતે એમને હજારોના મન સાચવવાના હોય માટે.

પ્રાગજી ભગત કહે : મારો શિષ્ય જમપુરીમાં ગયો હોય તો ત્યાં જઈને

પણ લાવું, પણ તેને મૂકવાનો નહીં. તેમ આ પણ ઝાલેલા મૂકે એવા નથી એ નક્કી જાણશો. એવા પુરુષની પ્રાપ્તિ થઈ છે. સંવત ૧૯૬૨ની સાલથી વડતાલથી નીકળ્યા ત્યારથી હું ભેગો છું તે એમના ચરિત્રનો ગ્રંથ લખવા બેસું તો પણ પાર આવે તેમ નથી. તેવાં તેવાં અદ્‌ભુત કાર્યો, સમૈયા, ઉપદેશ કર્યા છે. સહનશીલતા, સાધુતા રાખ્યામાં બાકી રાખી નથી. ને કોઈ કામમાં પાછા પડ્યા નથી. વ્યાવહારિક કામ ઘણાં ઉકેલ્યાં, મંદિરો કર્યાં. તે કરવા ઝોળી માગવી, ધર્માદો ઉઘરાવવો, હરિભક્તોને રાજી રાખવા ને પક્ષમાં રાખવા ને સેવા કરાવવી. આ જ્ઞાનનો હજારો નિષેધ કરે તેને ઉપદેશ કરી અટકાવી રાખવા ને મૂળ જ્ઞાન તો સદે નહિ. તેમાં વળી બહાર કાઢ્યા એટલે વગોણું કર્યામાં બાકી રાખે નહિ. છતાં તમામ સહન કરી પોતાનું કર્તવ્ય ન ચૂકતાં વૃત્તાંત, જ્ઞાન, મહિમા, વ્યવહારમાં સર્વેમાં શગ ચઢાવી દીધી.

અત્યારે હવે હજારો જણ નમતા અને પૂજતા આવે છે તે પણ ઉઘાડું જણાય છે. હવે હાલના તાજા દાખલા ઉપરથી ભવનગરમાં વસુલાત અધિકારી હતા તે ચરોતરમાં પાટીદારની નાતમાં અગ્રગણ્ય ગણાતા ને સરકારમાં પણ માન પદવીવાળા નાનાસાહેબ (ગોપાળદાસ વિહાળીદાસ) જે હાલ નડીયાદ રહે છે, તેમને છાણીના અમીન દ્યાભાઈ શાસ્ત્રીમહારાજના શિષ્ય તેમણે ઘણી વખત કહેલું કે તમારા ગુરુ શાસ્ત્રીમહારાજની પ્રસિધ્ધિ ઘણી છે. તેમનો સમાગમ કરવાની ઇચ્છા છે તો લાવો તો સારું. દ્યાભાઈને કાંઈ વિઘ્ન આવ્યું. પછી નાનાસાહેબના ઉપરા ઉપરી કાગળ આવવાથી તા. ૧૦-૧૨-'૧૫ના રોજ (માગશર મહિનામાં સ્વામીશ્રી તથા સંતોએ) જવા ઠરાવ કર્યો. તે પ્રમાણે દ્યાભાઈ સાથે ઉપર જણાવ્યા પ્રમાણે સાધુ લઈ ગયા. તે જ દિવસે નાંદોદના રાજાનો રાજ્યાભિષેક હતો. તે નાનાસાહેબને આમંત્રણ હોવાથી (ત્યાં) જવાના હતા.પણ ઈશ્વર ઈચ્છાએ એમના ચિ. બાબુભાઈને મોકલ્યા. પોતે ન ગયા, માટે આ જ્ઞાનનો લાભ લેવા ફળીભૂત થયા. ત્યાં પહેલે દિવસે ગીતાનો પ્રસંગ કાઢ્યો હતો. પોતે વિદ્વાન, સંસ્કૃત પણ જાણે છે. બુદ્ધિમાન આસ્તિક બુદ્ધિવાળા છે. ઘણા સંપ્રદાયનાં પુસ્તકો રાખે છે - વાંચે છે. વચનામૃત છે પણ વાંચેલું નહિ. ગીતા મુખ્ય અભ્યાસમાં છે. સ્વામીના ઉત્તરથી સંતોષ પામતા ગયા. એમને અનંતપ્રસાદ નાગર છે તે રામાનુજ સંપ્રદાયના છે તેમનો પ્રસંગ પહેલો હતો. તેથી સાકાર વિશિષ્ટાદ્વૈત

ઉપર કંઈક આસ્થા ખરી ને ગુણગ્રાહક પ્રકૃતિવાળા. તેથી અરસપરસ હેત થયું. વિશેષ કરી શાસ્ત્રીમહારાજ વાતો કરતા ને પ્રશ્ન ઉત્તર થતા. વખત આવે સ્વામી-શ્રીજીના મહિમાના શબ્દ કહે. ગુણાતીતાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી તથા પ્રાગજી ભગત, જાગા ભગત તથા સ્વામી બાલમુકુન્દદાસજી, સ્વામી યોગેશ્વરદાસજી આદિનો મહિમા પ્રસંગ આવે આખ્યાન પણ કહેતા. તેમાં ગુણાતીતાનંદસ્વામીના આખ્યાનથી તેમનું મન ખેચાવા માડ્યું.

પોતે બોલ્યા, 'આ આખ્યાન છપાવો તો ઠીક.' પછી કહ્યું (કે) લખવા માંડ્યું છે ને જ્યારે ત્યારે છપાવવા વિચાર છે. પછી ભગતજી મહારાજના આખ્યાનની વાત આવી ત્યાં ચકિત થઈ બોલ્યા જે, 'આવા આવા મહાપુરુષોનાં આખ્યાન લખવાની જરૂર છે. પછી દિન-પ્રતિદિન આનંદ પણ વધ્યો ને હેત પણ વધતું ગયું. શાસ્ત્રીમહારાજનું જીવન ચરિત્ર - મને ઘણો આગ્રહ કર્યો અને સવારમાં પણ વાતો સાંભળવા બેસવા લાગ્યા. **એક દિવસ તો (રાત્રે) આઠ વાગેથી સ્વામી બેઠા તે પોતાના વૃત્તાંત સંબંધી વાત નીકળતાં તમામ આખ્યાન ગુણાતીતાનંદસ્વામી, પ્રાગજી ભગત તથા સ્વામી જાગા ભગત, શ્રીજીમહારાજનાં મહિમાનાં આખ્યાન નીકળ્યાં. સંપ્રદાયની પદ્ધતિ પણ આવતી જાય. એમ કરતાં દોઢ વાગ્યો ત્યાં સુધી પલાંઠી મારી બેઠા** તે ઊઠે નહીં ત્યારે ચાર વખત પાણી ઊનું ને ટાઢું[૩૮] થઈ જવાથી બદલ્યું. એવી રીતે કથાવાર્તામાં લગની લાગીને તે બોલ્યા જે, 'હું પંદર વીસ વર્ષ ભાવનગર રહ્યો ને દર વર્ષે ગઢડે જતો પણ કોઈએ મને સ્વામિનારાયણના મહિમાની વાત પણ કરી નહિ. આજ જ આપના મુખારવિંદથી સાંભળ્યું છે.' બહુ રાજી થયા.

તે જ રાત્રે શાસ્ત્રીમહારાજ, હું તથા નાનાસાહેબ ત્રણ વાગ્યા સુધી બેઠા ને સ્વામીની આગળ નાનાસાહેબ નિષ્કપટ થઈ ગયા ને તમામ વ્યવહાર સંબંધી હકીકત કહી તથા ધ્યાન સંબંધી વાત પૂછી તથા કેટલાં કેટલાં આખ્યાન કહ્યાં ને શાસ્ત્રીમહારાજને વિષે ઘણી જ વૃત્તિ ખેંચાઈ ગયેલી

૩૮. સ્વામીશ્રી મોટે ભાગે રોજ રાત્રે ૧૧-૦૦ વાગે સ્નાન કરવા પધારતા. તેને બદલે રાત્રે દોઢ વાગ્યો, તે દરમ્યાન સેવક સંતે ચારેક વાર પાણી ગરમ કરવા મૂક્યું અને ઉતાર્યું. આથી આ રીતે લખવામાં આવ્યું છે.

દેખવામાં આવી. આવા જબરદસ્ત પુરુષનુ અતઃકરણ ખેચાયું તે જ શાસ્ત્રીમહારાજના અદ્‌ભુત પ્રતાપની પરીક્ષા છે. રાતના ત્રણ વાગ્યા હતા. પોતાના ચિરંજીવીને સત્સંગ કરાવવાની ભલામણ કરીને પોતે પણ બોલ્યા, 'આપ કહેશો તેમ કરીશ. મારે તમારો પૂર્ણ વિશ્વાસ છે.'

એક વખત અમે બે ખાનગીમાં બેઠા હતા ત્યાર બોલ્યા જે, 'શાસ્ત્રીમહારાજને અજાણ્યો કોઈ દેખે તો કહેશે જે આ સાધારણ પુરુષ હશે. બહુ જ સાદાઈ જણાય છે પણ જ્યારે જ્ઞાન ચર્ચા કરે છે, વાતો કરે છે ત્યારે એમ કળી શકાતું નથી કેટલું જ્ઞાન હશે. એવો અદ્‌ભુત ચમત્કાર છે.' મેં કહ્યું, 'ઘણા જ નિર્માની ને અપાર સાધુતાની સીમા છે. તે ડોળ દેખાડતા નથી એ જ એમની મહત્તા છે.' બીજે દિવસે દ્યાભાઈના જમાઈ (અને જૂનાગઢ દીવાન માનસાહેબના પુત્ર) જયરામદાસે પૂજા કરી ધોતિયાં ઓઢાડ્યાં. એ પણ સાતેક દહાડા રહ્યા.

આશાભાઈ તથા માધવદાસ, નારાયણભાઈ તથા ઈશ્વરભાઈ, વ્રજભાઈ, મગનભાઈ, ફૂલજીભાઈ આદિ હરિજનોએ (સયાજીપુરામાં સમૈયો કરાવ્યો હતો. ત્યાં છેલ્લે દિવસે પૂજન શરૂ થયું...) આવી પૂજા કોઈ દિવસ થઈ નહીં હોય. ફૂલના કંડીઆ ઉપર કંડીઆ ! સભામાં મોગરા, જૂઈ, જાઈની સુગંધી પ્રસરી રહી હતી. અહા ! શું દેખાવ ! શાસ્ત્રી મહારાજને ફૂલથી દાટી દીધા. સ્વામીએ પણ દરેક હરિજનોને ફૂલો આપવા માંડ્યાં. વિશેષમાં વિશેષ ચમત્કાર એ થયો કે કોઈ ફૂલના હાર વગર રહ્યો નહિ. તમામને પ્રસાદીના હાર મળ્યા ભેટ પણ સારી થઈ. ત્રણસે ધોતિયાં થયા. મુક્તરાજ આશાભાઈએ ઠાકોરજીના થાળમાં સારંગપુર ખાતે ચોપંન (૫૪) વીઘાં જમીન (તે વખતની કિંમત પાંચ હજાર ગણાય) આપી. આવી ઉદારતા ભૂમંડળમાં કોઈનામાં જોવામાં આવતી નથી. કારણ, સાધારણ સ્થિતિના માણસ આટલું બધું મોટું મન રાખે એ બહુ નવાઈ કહેવાય.

આશાભાઈ મૂળ સાધીના કહેવાય. સ્વામીને પ્રતાપે અત્યારે મોટા જમીનદાર થયા ને સેવાનો લાભ લીધો. બાકી સાધીમાં રહી એવું બને નહિ. વિશ્વાસી બહુ છે. રાત કહે તો રાત ને દહાડો કહે તો દહાડો. એમના નાના ભાઈ ઈશ્વરભાઈ પણ એવા જ પ્રેમી છે. એવું અમારા જેવાથી પણ થાય નહિ. પણ એમના જેવાનું જોઈ ખુમારી બહુ આવે છે. એવું થાવાની હોંશ

પણ થાય છે. માટે આપ પણ આવા સમૈયામાં વારાફરતી લાભ લેશો ત્યારે બધુ માલમ પડશે કે હરિજનો કેવા પ્રેમી છે. આપ તો પૂર્વના બલિષ્ઠ સંસ્કારી છો. હવે સારંગપુરમાં મોટો સમૈયો થવાનો છે. સૌને ભલામણ કરી છે તે સૌ પધારશે.

આપણે પણ તે વખતે કેડ બાંધી સેવા કરવા આવવાનું છે ને લાભ લેવાનો છે. દરેક માણસ જ્યારે પોતાને ઘેર વિવાહ હોય અથવા કાંઈ કારજ હોય તો તે વખતે કેડ બાંધી પાછી પાની કરતા નથી ત્યારે આ તો ઉત્તમ કાર્ય થાય છે ત્યારે આપણે સૌએ એમ જાણવાનું છે જે આપણે ઘેર અવસર આવ્યો છે માટે આપણી શોભા આબરુ વધે તેમ કરવું. આ તો મોક્ષોપયોગી છે ને વ્યવહારિક કાર્ય જન્મ ઊભા કરનાર છે માટે સગે વહાલે મિત્ર તમામને ખબર આપી લાભ લેવરાવશો એમ મારી વિનંતી સાથે ભલામણ છે.

આ કાગળની નકલ સારા દસ્તખતથી કરી લેશો. કારણ, ઘણી ઉતાવળથી લખેલ તે અક્ષર સારા નથી લખાયા તેમ આઘા પાછા પણ હશે તે સુધારી વાંચસો ને કાંઈ વિશેષ પડતું અગર અધિક ન્યૂન લખાણું હોય તો પણ દરગુજર કરી સ્વીકારી લેશો.

શાસ્ત્રીમહારાજના પ્રતાપ સંબંધી વાત લખી, તેમાં વળી મારે વિશેષ બે શબ્દ લખવા છે તે લખું છું.

હાલના સમયમાં સ્વામીએ સાત-આઠ વરસમાં એવો અદ્‌ભુત જોખમનો બોજો ઉઠાવ્યો છે તે બીજાથી જોઈ શકાતું નથી તેમ સહન પણ થઈ શકતું નથી. હેતવાળા હરિજન પણ હબકી જાય છે. તેમાં હજારો જણના મન સાચવી બોચાસણનું મંદિર ઉઠાવ્યું, ત્રણ ધર્મશાળા સાથે તે આપ કુબેરદાસે તો નજરે જોયું છે ને વળી બે ત્રણ વરસથી સારંગપુરમાં તો આથી પણ જબરદસ્ત મંદિરના પાયા ને તે પણ ખંડોમાં મૂર્તિયો પધરાવવા જેવું થઈ ગયું છે તે જોઈ સૌ ચકિત બની જાય છે. તે સાથે જ બન્ને મંદિરનો વ્યવહાર નિર્વિઘ્ને હંમેશાં ચાલ્યા કરે છે. તેને માટે જમીન રાખીને થાળની વ્યવસ્થા માટે પણ વ્યવસ્થા કરી છે. ને તે પ્રસંગે સ્વામીને જવા-આવવાનું થાય ત્યારે વાતો કરી નવા સત્સંગીઓ પણ બનાવે એ જ પ્રભુતાનો ઉઘાડો ગુણ છે. ગઈ વખત આપે મારા ઉપર લખ્યું હતું જે પરચો પરચો શું જોવો છે, આવાં

લાખો રૂપિયાનાં મંદિર કરે ને હજારોને સત્સંગ કરાવે તે કોઈથી થાય નહિ. એ મોટામાં મોટો પરચો છે. અધિકારી વર્ગમાં કલેક્ટર સુદ્ધાં એમનો પ્રતાપ સમજે છે તો બીજાની શી વાત ! મંદિરનું કામ જાણી સૌ હેતથી વગર પૈસે કામ કરે છે.

આ પત્ર સૌનાં નામથી લખી જણાવ્યો છે તો સૌ મંડળી એકત્ર થઈ વખત લાવી વાંચશો, કંટાળશો નહિ. આટલો દાખડો કરી લખનાર પુરુષ નહીં મળે. એ તો આ શાળામાં જ છે. તો સર્વ સજ્જ થઈને સર્વને ઉપયોગી થઈ પડે ને લાભ થાય તેના બદલામાં મારી ઉપર સૌ રાજી થાશો જેથી મારામાં રહેલા આંતરિક દોષો નિવૃત્તિ પામી જાય. કારણ, આપ સર્વે મુક્તમંડળ રાજી થાવ એટલે શાસ્ત્રીમહારાજ રાજી થાય એમ હું જાણું છું.

એટલું હું છેવટે કહું છું જે થોડા વખતમાં નિંદા કરનાર પણ આ જ્ઞાનને કબૂલ કરી નમતા આવશે ને સૌ પગે લાગશે ને સાચે દેવળે ઘંટ વાગશે. કારણ, આપણે કોઈ દિવસ માથું કાપી નાખનારનો પણ ત્રિકાળમાં અવગુણ છે જ નહીં. ને 'તુલસી જાકે મુખનસે ભૂલે નિકસે રામ, તાકે પગકી પહેનિયાં મેરે તનકી ચામ.' એ સાખીનું મનન કરીએ છીએ. વિવેકની ખાતર તો જોવાની જરૂર પડે. કારણ સમાગમ કરવો તે ઉત્તમ પુરુષનો કરવો કે મધ્યમ પુરુષનો કરવો પણ કનિષ્ટ પુરુષનો સંગ કરવો નહિ, બાકી દોષ લેવા નહિ. માટે આપણે કોઈ પ્રકારનો ઉદ્વેગ કરવાનું કારણ નથી. કેટલાકનું કહેવું એમ છે જે, 'શાસ્ત્રીમહારાજ સત્સંગમાં ને સત્સંગમાં ફરે છે ને પોતાના શિષ્ય કરી લે છે. બીજા નવા સત્સંગી કરે ત્યારે ખરા.' તેને માટે તેઓને તો આપણે ક્યાં કહેવા જઈએ ? પણ આપણી મેળે હેતવાળાને જાણવાની જરૂર છે, માટે લખી જણાવું છું. ટૂંકમાં લખીશ. કારણ, વિસ્તાર બહુ થશે. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીમહારાજના પ્રસંગથી નવા થયેલા સત્સંગી તથા જૂનાને સુધાર્યા તેની યાદી.'

આ પછી એક લાંબી નામાવલી શરૂ થાય છે. આ યાદીમાં ગામવાર નામ લખતાં નિર્ગુણસ્વામીએ આશરે ૬૧ નામ લખીને બદલપુર તરફ સ્વામીશ્રીએ કરેલા અદ્‌ભુત પરિવર્તનને સંભાર્યું છે. તેઓ તેમાં લખે છે :

(૧) વીરસદ : રા. ઝવેરભાઈ નાથાભાઈ દીવાન તથા ચિ. હરિભાઈ તથા તેમના ભત્રીજા શંકરભાઈ જોરાભાઈ સોલિસીટર તથા સોમાભાઈ તથા

નરસિંહભાઈ તથા સોની નાથાભાઈ તથા સોમાભાઈ ઈશ્વરભાઈ તથા કાશીભાઈ વિહારીદાસ તથા મોતીભાઈ વગેરે. ગામમાં તદ્દન નવું મંદિર કર્યું સવત ૧૯૬૦.

(૨) કોસીન્દ્રા : તદ્દન નવો સત્સંગ. સંવત ૧૯૫૯ની સાલમાં મુખી ભાઈલાલભાઈ તથા જેઠાભાઈ તથા શીવાભાઈ તથા જેઠાભાઈ તથા નારાયણભાઈ તથા લલ્લુભાઈ તથા ગોરધનભાઈ તથા સુતાર બાપુજી તથા સુતાર કલ્યાણભાઈ તથા સુતાર સોમાભાઈ વગેરે તથા કુટુમ્બ સાથે.

(૩) રૂંદેલ : તદ્દન નવો સત્સંગ. બાવાજીભાઈ તથા બાબરભાઈ તથા કાભાઈ તથા બીજા પણ કર્યા છે. મંદિર પણ તે જ સાલ કરી દીધું.

(૪) બોરસદ : તદ્દન નવો સત્સંગ. સંવત ૧૯૬૧-૬૨ શામળભાઈ તથા ગોપાળદાસ તથા કાભાઈ તળીશીભાઈ તથા દેસાઈભાઈ આદિ હરિજન - આમાં ગોપાળદાસ સત્સંગી થયા ત્યારથી અન્ન મૂકી દીધું. હરે ફરે, કામ કરે. ભાદરણ ચાલીને શાસ્ત્રીમહારાજનાં દર્શને આવ્યા ત્યારે આગ્રહ કરી જમાડ્યા ત્યારે જમ્યા બાકી આનંદ આગળ ખાવાનું પણ ગમ્યું નહીં. આ ગોપાળદાસ સત્સંગી થયા પછી તેમને સ્વામીએ સાધુ બનાવી યોગેશ્વરદાસજી નામ પાડી સારંગપુરમાં મૂક્યા હતા. તે ઘણા જ મહેનતુ હતા. અચાનક મૃત્યુ થવાથી મંદિર થતાં પહેલાં ધામમાં ગયા તે આપ જાણો છો.

(૫) પકઠાણા : સંવત ૧૯૬૨ની સાલમાં ચાર લુવાણાને વર્તમાન ધરાવ્યાં ત્યાર પછી ખુમાનસિંગ તથા વિપ્ર હરગોવિંદ સત્સંગી થયા.

(૬) બદલપુર, ચાંપોલ, નરશી : સંવત ૧૯૬૩ની સાલમાં સંજાયા મુકામે સમૈયો કર્યો. વરતાલથી બહાર નીકળ્યા પછી કાર્તકી પૂનમ ઉપર અસલના જૂના સત્સંગી નડીયાદના રહીશ બારોટ દત્તરામ દેવીરામ સંઘ લઈ સંજાયા આવ્યા હતા ને તે વખતે વર્તમાન ધરાવ્યાં. તેમના નામ. શિવા કાભાઈ તથા ઝીણા વજા, ભીમા વજા, કાભાઈ કલ્યાણ, લવાર દેવજી તથા મોહન તથા લાડુભાઈ તથા બનેસંગજી એટલાને ત્યાં વર્તમાન ધરાવ્યાં. બાકી ગામ પર દર વરસ જવાનું થાય ત્યાં સો. હમીરભાઈ, બાજીભાઈ તથા હરિભાઈ વગેરે જૂના સત્સંગી હતા તેમને પણ ગુણાતીત જ્ઞાનમાં પ્રવેશ કરાવી નિષ્ઠા ઘાલી તથા રામાભાઈ તથા ફતેસિંહ. રત્ના ગોઅલ તથા ખુમાનસીંગ તથા વાઘજીભાઈ તથા માધવ તથા પ્રભાત તથા હિંમત મોડ તથા હોથો તથા ધૂળો

તથા મોહન તથા બાપુભાઈ તથા જીજીભાઈ તથા બીજા ઘણાને વર્તમાન ધરાવી ત્રણે પરાને સત્સંગ કરાવ્યો. જે વખતે મહીકાંઠાના તમામ ગામના સરકારે અંગૂઠા લીધા હાજરી પૂરવાનું કર્યું ત્યારે આ ત્રણ ગામને છોડી મૂક્યા ને સત્સંગી ગણી હાજરી લીધી નહિ. આવો ઉઘાડો પ્રતાપ શાસ્ત્રી મહારાજનો છે. મંદિર પણ કર્યું.

(૭) નાહાર : જંબુસર બારામાં રામસંગજી, પુંજાભાઈ તથા મહીજીભાઈ તથા નાથાભાઈ તથા સુતાર માધવ તદ્દન નવા સત્સંગી થયા.

(૮) ભાદરણ : સંવત ૧૯૬૧ની સાલમાં સ્વામી વડતાલ હતા ત્યારે ચિઠ્ઠી આવેલી તે વખતે સત્સગ ઘણો વધાર્યો તેમા રા. ચતુરભાઈ શામળભાઈ તથા સુત હીરાભાઈ, સોમાભાઈ, હાથીભાઈ, છોટાભાઈ, ભાઈલાલભાઈ, ચૂનીલાલને સત્સંગ કરાવ્યો. રા. ગોવિંદભાઈ જૂના સત્સંગી હતા. તે પણ સ્વામીના શિષ્ય થયા. ડાહ્યાભાઈ કાશીભાઈ તથા મગનભાઈ, ગોરધનભાઈ તથા કાશીભાઈ દાદાભાઈ તથા લલ્લુભાઈ તથા ભીખાભાઈ, શંકરભાઈ વિગેરે નવા સત્સંગી કર્યા. મોટું મંદિર છે તેમાં ૧૯૬૨ની સાલમાં હનુમાનજી ગણપતિની મૂર્તિઓ બહાર નીકળ્યા પછી મણિભાઈ મોતીભાઈએ શાસ્ત્રી મહારાજના હાથથી પ્રતિષ્ઠા કરાવી તથા ગોકળભાઈ, ગેલભાઈ, વાઘજીભાઈ, બાવાજી તથા બીજા ઘણા હરિજનોને સ્વામીનો ગુણ આવ્યો. તથા મુંબઈવાળા કશીભાઈ, ચતુરભાઈ વગેરે સ્વામીના શિષ્ય થયા. તેમનું તમામ કુટુમ્બ ભણનારા પશાભાઈ તથા સોમાભાઈ, મગનભાઈ, ત્રિભોવનદાસ સ્વામીના અનન્ય શિષ્ય થયા.

(૯) શીશવા (તા. ભાદરણ) : સુતાર ત્રિકમભાઈ (આપણા મંદિરના મિસ્ત્રી) તથા હરગોવિંદભાઈ ૧૯૬૦ની સાલમાં તદ્દન નવા સત્સંગી થયા. બલ્લુ ભગત પરોક્ષ ભગત હતા. તે પણ સત્સંગી થયા છે.

(૧૦) શીશવા (તા. વડોદરા) : ૧૯૫૬ની સાલમાં તદ્દન નવો સત્સંગ મુખી દેવજીભાઈ તથા વાળંદ મોરાર આદિ નવા થયા. મંદિરની જગા પણ લીધી.

(૧૧) ટેકરાપરા : ઓઘાર સરદાર તથા જેસંગ વગેરે થયા.

મીરસાપરા : રઘા જગા, ગલાભાઈ, જેશંગભાઈ તથા માલા દાતા વિગેરે નવા સત્સંગી કર્યા.

(૧૨) છાણી : અમીન ધાભાઈ તથા અમીન ભાઈલાલભાઈ તથા પ્રાગદાસસ્વામીના શિષ્ય થયા ને ઢેડ લોકો નારણ ભગત આદિને વાતો કરી સુધાર્યા. સત્સગ ઘણો વધાર્યો.

(૧૩) કરમસદ વિઠ્ઠલભાઈ બેરિસ્ટરના બાપ ઝવેરભાઈ (સંવત ૧૯૬૨) તથા ભાઈલાલભાઈ તથા બાવાજીભાઈ તથા સોમાભાઈ સ્વામીના શિષ્ય થયા ને હાથીભાઈ તથા પ્રભુદાસ તથા કાશીભાઈ ઈશ્વરભાઈ બીજા છોકરાને સુધાર્યા. ડૉ. નાથાભાઈ સ્વામીના અનન્ય શિષ્ય થયા.

(૧૪) સોજીત્રા : સંવત ૧૯૬૨ ચુનીલાલ તથા ગોરધનભાઈ તથા ભાઈલાલભાઈ તથા છોટાભાઈ તથા ગોરધનભાઈ તથા મોતીભાઈ વકીલ તથા વાઘજીભાઈ વકીલ નવા સત્સંગી થયા. જૂના ઝવેરભાઈ વિઠ્ઠલભાઈ અવિચળભાઈ કુટુમ્બ સાથે, વકીલ પ્રભુદાસ લાલાજી તથા વકીલ જીવાભાઈ તથા ઝવેરભાઈ પુણજીભાઈ જૂના સત્સંગી શિષ્ય થઈ ગયા. રામભાઈ ભાઈલાલ તથા પુરુષોત્તમ તથા નાથાભાઈ વગેરે શિષ્ય થયા.

(૧૫) બોચાસણ : હીરાભાઈ મુખી, ભાઈલાલભાઈ તથા બેચરભાઈ તથા મૂળજીભાઈ પગી, મથુરભાઈ નવા સત્સંગી કર્યા. જૂના ઝવેરભાઈ, શીવાભાઈ, લખાભાઈ, રણછોડભાઈ તથા મથુરભાઈ તથા ગિરધરબાઈ, ઈશ્વરભાઈ તથા લલુભાઈ, શીવાભાઈ વગેરે શિષ્ય થયા.

(૧૬) બુવા : (તા. જંબુસર) ભગવાનદાસ તથા રાઈજીભાઈને સત્સંગી કર્યા અને જૂનાને સુધાર્યા, શિષ્ય બનાવ્યા.

(૧૭) બામણગામ કાશીભાઈ, છગાભાઈ, નરસીભાઈ, ડીપોટી (ડેપ્યુટી) કશીભાઈ તથા પ્રભુદાસ તથા ધર્મદાસ તથા ઝીણાભાઈ, ડાહ્યાભાઈ, તથા છોટાભાઈ, શનાભાઈ તથા મોતીભાઈ આદિ ઘણા હરિજનો સ્વામીના શિષ્ય થયા.

(૧૮) સજાયા વાઘજીભાઈ તથા દાસ શંકરભાઈ, હીરાભાઈ, તળશીભાઈ તથા વાઘજીભાઈ, ચતુરભાઈ, મોતીભાઈ તથા ઈશ્વરભાઈ તથા પ્રભુદાસ તથા મંગળભાઈ આદિ હરિજનો સ્વામીના શિષ્યો થયા ત્યારથી વડતાલ પાસે છે તો મંદિરમાં જ ઉતારો કરાવતા. બે વખત મોટા સમૈયા કરાવ્યા. પારાયણ કરાવ્યું. ઘણા શ્રદ્ધાવાળા હરિજનો છે.

(૧૯) બામરોલી : ત્યાં પગીના કુટુમ્બના તથા બીજા બધા દાદુપંથી

થયેલા. તેમને સ્વામી વડતાલ હતા ત્યારે બે મહિના લાગટ રહી સત્સંગી કરી કંઠીઓ બાંધીને મહારાજ લક્ષ્મીપ્રસાદજીની ઘરોઘર પધરામણી કરી.

(૨૦) બાજવા : મુખી વગેરે પાંચ જણ નવા સત્સંગી થયા.

(૨૧) સુરકુવા : સોની ચૂનીલાલ તથા પ્રભાશંકર બ્રાહ્મણ સત્સંગી થયા.

(૨૨) આશી : આસો સુદિ ૧૫ (સંવત ૧૯૬૨)નો મોટો સમૈયો કરાવ્યો. જીભાઈ વગેરેને તદ્દન નવો સત્સંગ કરાવ્યો. શેઠ દામોદર, ગંગારામ, મયારામ, જેઠાભાઈ તથા તેમના ત્રણ ભાઈ તથા હરિભાઈ તથા માધવદાસ તથા રણછોડભાઈ, ભાઈલાલ તથા જીવાભાઈ તથા વાઘજીભાઈ તથા ઘણા હરિજનો જૂના હતા તે શિષ્ય થયા ને નવા છોકરા ઘણા થયા.

(૨૩) નાર : સંવત ૧૯૬૩ કુંવર તથા વાઘજીભાઈ તથા ચૂનીભાઈ તથા જીભાઈ, કાનદાસ તથા ચતુરભાઈ ફોજદાર તથા દાજીભાઈ વગેરે તદ્દન નવા સત્સંગી થયા. ખુશાલભાઈ ગોરધનભાઈ દરબાર શીવાભાઈ તથા બા. દાજીભાઈ શંકરલાલ તથા નારાયણભાઈ, પોપટભાઈ તથા બાપુજી તથા હરિભાઈ, છોટાભાઈ આદિ શિષ્ય થયા.

(૨૪) સુવાચારી : કારવણના ભવાનભાઈ તથા પ્રાગજીભાઈ તથા પુરુષોત્તમ તથા જીવાભાઈ જૂના સત્સંગી શિષ્ય થયા. તડવી જેઠો મગન તથા કોળી કરશન વાળંદ આદિ નવા સત્સંગી થયા.

(૨૫) ચંદાનગર : મૂળ કોયલીના માધવદાસ, નારાયણભાઈ તથા ઈશ્વરભાઈ તથા મૂળજીભાઈ નવા સત્સંગી થયા.

(૨૬) કુન્દનપુર : મૂળ કારવણના તદ્દન નવા પ્રભુદાસ તથા ઈશ્વરભાઈ તથા મકનભાઈ તથા હરખાભાઈ તથા રણછોડભાઈ તથા કાભાઈ તથા ફુલજીભાઈ તથા નાગજી નવા સત્સંગી થયા.

(૨૭) વડોદરા : શીનોરીયા ઈશ્વરભાઈ તદ્દન નવા સત્સંગી થયા.

(૨૮) સાધી : આશાભાઈ તથા ઈશ્વરભાઈ જેમણે સિયાજીપુરામાં સમૈયો કરાવ્યો તે તદ્દન નવા સત્સંગી થયા. મહિજીભાઈ, પૂજાભાઈ, ઈશ્વરભાઈ, ઝવેરભાઈ, જેઠાભાઈ આદિ જૂના હતા તે શિષ્ય થયા.

(૨૯) નડીઆદ : દેસાઈ હરિભાઈ, વેણીભાઈને નવા સત્સંગી કર્યા.

(૩૦) બાકરોળ : પુરુષોત્તમ દેવજીભાઈને નવા સત્સંગી કર્યા.

(૩૧) રાણપુર : રા.રા. ઈન્જીનિયર છોટાલાલભાઈ મગનભાઈ ઓઝાને

સત્સંગી કર્યા.

(૩૨) સાંખેજ : ભુલાભાઈ જેઠાભાઈ બાહોશ માણસ સત્સંગી થયા. એક વાઘરીને પણ સત્સંગી કર્યો.

(૩૩) ઉંદેલ : જેઠાભાઈ આદિ નવા ને પ્રભુદાસ આદિ જૂના શિષ્ય થયા.

(૩૪) દહેવાણ : પ્રભાતસંગ આદિ ઘણા સત્સંગી બનાવ્યા.

(૩૫) મહીજ : દરબાર પોપટભાઈ તથા મરઘાભાઈ નવા સત્સંગી થયા.

(૩૬) ભાળોલ : બાબરભાઈ આદિ ચાર પાંચ નવા થયા.

(૩૭) જેસંગપુર : મથુરભાઈ તથા ધૂળાભાઈ તથા મોતીભાઈ નવા થયા.

(૩૮) ગાના : બકોરદાસ તથા શંકરભાઈ મરઘાભાઈ તથા લાલાજી તથા નારાયણભાઈ આદિ પટેલિયા ને મિસ્ત્રી શંકરભાઈ તથા દામોદર તથા ભાઈજીભાઈ તથા રણછોડભાઈ, છગનભાઈ, મગનભાઈ, ડાહ્યાભાઈ નવા શિષ્ય થયા.

એ સિવાય સત્સંગી ઘણાને વર્તમાન ધરાવી સત્સંગી કર્યા. રઢુમાં મુખી વગેરે કાછિયાને સત્સંગી કર્યા. જૂનાને સુધાર્યા. ઠાસરામાં પાટીદાર વરગમાં (વર્ગ) ઘણા નવા કર્યા. વળી ભાલ, ઝાલાવાડ, કાઠીયાવાડના તો કોઈ લખ્યા નથી. આ તો સહજ ટાંકેલા પ્રથમ તે લખી જણાવ્યા છે. જૂજ પ્રસંગવાળા છે. કારણ ! એક બે રાતથી વધારે રહેવાય નહિ. કોઈ ગામમાં જ્યાં સ્વામી જાય ત્યાં એક બે તો નવા થયા વગર રહે જ નહિ એ નિર્વિવાદ છે.

ત્યાંના જે જે નવા થયા હોય તથા જૂના વિશેષ સત્સંગી થયા હોય તેમનાં નામ લખી જણાવશો. ને તેમને ઘણા કરી 'જય સ્વામિનારાયણ' કહેશો. રાણા દાજીભાઈના ચીરંજીવીને આ. પૂર્વક 'જય સ્વામિનારાયણ' કહેશો. અત્રેથી કોઠારી પ્રભુદાસ તથા સ્વામી મહાપુરુષદાસજી તથા કો. નારાયણચરણદાસજી, શ્રી હરિદાસજી તથા મુકુન્દજીવનદાસજી તથા ચતુર ભગત તથા ઝવેરીલાલભાઈ તથા ઝવેરભાઈ તથા ગિરધરભાઈ તથા માધવદાસ તથા મુ. મથુરભાઈ તથા હાથીભાઈ તથા ભાઈલાલભાઈ, વિઠ્ઠલભાઈ આદિના 'જય શ્રી સ્વામિનારાયણ' વાંચશો.

શાસ્ત્રીમહારાજ તથા સ્વામી વિજ્ઞાનદાસજીના પણ સંભારીને 'જય સ્વામીનારાયણ' વાંચશો. સંવત ૧૯૭૨ના માગશર વદિ ૧૨ને વાર રવિ.

તા. કલમ : શાસ્ત્રીમહારાજ અમદાવાદ થઈ રઢુ-પુરુષોત્તમપુરા પધાર્યા

છે. ત્યાંથી આજકાલ અહીં પધારશે. હું આજે આશી જાઉં છું. માટે કાગળ પહોંચ્યાનો જવાબ આશી લખશો. શાસ્ત્રીમહારાજ ભેગા થયા પછી આજ્ઞા પ્રમાણે કરીશ. લાલદાસ ભગતના 'જય સ્વામિનારાયણ' વાંચશો.

ખાનદેશમા કેટલાક ગામમા નવો સત્સગ કર્યો છે તેના નામ તથા આ તે ગામમાં ઘણો સત્સંગ વધાર્યો છે તે લખવાનું માંડી વાળવું છે. ઘણા ખરાના નામ આગળ લખ્યા છે.

શાસ્ત્રીમહારાજે ગુણાતીતાનંદ સ્વામીનું આખ્યાન (જીવન ચરિત્ર) વિગતવાર સાલ, મિતિ, સ્થાન જ્યાં જ્યાં ફર્યા, વિચર્યા તે મારી પાસે લખાવ્યું છે. બે ચાર વરસનું બાકી છે તે પ્રસંગ આવે લખી જણાવીશું. એવી યાદશક્તિ કોઈના જોવામાં આવતી નથી. પંડે જાણે બોલતા હોય એમ જ્યારે લખવા બેસે ત્યારે લખાવે છે.

જાગા ભગતે સ્વામી ભેગા (ગુણાતીતાનંદ સ્વામી ભેગા) ચૌદ વરસ રહીને જેટલી સ્વામીએ વાત કરેલી (તે સ્થળવાર લીટીએ લીટી અક્ષરે અક્ષર) તે જાગા ભગત ભેગા રહી (શાસ્ત્રીમહારાજે) સાંભળેલી. પોતે વાત કરતા ત્યારે તે જ પ્રમાણે. બીજી વખત પણ કરે (તો) તે જ પ્રમાણે સ્વામી પણ વાત કરે છે તે સાંભળી દિગ્મૂઢ થઈ જઈએ. એવા શાસ્ત્રીમહારાજ તેમણે યાદ રાખીને અખંડ સ્વામીને ધારીને લખાવે પછી એમાં શું કહેવાનું ? આબેહૂબ લખાવે જ. મારે તો રૂબરૂનો અનુભવ છે.'

સત્તર આની ગુણ આવ્યો

આવા મહિમાની ગળથૂથી જેમના હૈયે નિષ્ઠાનું જોમ વધારતી હોય ત્યાં દ્વેષી ભેખધારીઓનો શું ગજ વાગે ? કુબેરભાઈ સ્વામીશ્રીના શિષ્ય તરીકે ઉઘાડા પડ્યા, એ સાંભળતાં તો ગઢડા ગોપીનાથજી મંદિરમાં હાહાકાર મચી ગયો ! ગઢડા દેશના આગેવાન અને સાધન સંપન્ન, વગદાર આ હરિભક્ત અચાનક જ શાસ્ત્રીમાં ભળી ગયા કેવી રીતે ? આ તો ગજબ થઈ ગયો ! શાસ્ત્રી એવું તો કેવું કામણ કરે છે ?' સૌ સ્તબ્ધ બની ગયા. કે ગઢડાના મુખ્ય બ્રહ્મચારી શાસ્ત્રી મુનીશ્વરાનંદજીએ કુબેરભાઈને પાછા પાડવા બીડું ઝડપી લીધું.

તેમની દ્વેષભરી વાણી સાંભળી કુબેરભાઈ મક્કમતાથી બોલ્યા : 'બ્રહ્મચારી મહારાજ, અત્યાર સુધી તો મને એ લોકોનો આઠ આની જ ગુણ હતો. પણ તમારી

વાતોથી તો હવે મને તેમનો ૧૭ આની ગુણ આવ્યો છે. તેમની પાસે આજ સુધી મેં વડતાલ - ગઢડા સંબંધી એકે શબ્દ ઊતરતો સાંભળ્યો નથી. વચનામૃતને આધારે જ વાત કરી છે. જો તેમની વાત ખોટી હોય, તો તમે પણ તે વચનામૃતના આધારે કહી બતાવો !'

શાસ્ત્રી તો આભા જ બની ગયા. તેઓ કોઈ જ સિદ્ધાંત ખોટો કરી શકે તેમ નહોતા. છેવટે વીલા મોઢે ગઢડા ભેગા થઈ ગયા.

તમારી સુવર્ણની મૂર્તિઓ પધરાવાશે !

આ દરમ્યાન વડતાલ કમિટિના સભ્ય અને ગુજરાતના સાક્ષર દોલતરામ કૃપાશંકર પંડ્યાએ નડિયાદમાં સ્વામીશ્રીને પોતાને ઘરે બોલાવી પધરામણી ગોઠવી. અને વચ.ગ.મ. ૨૧ મુજબનો સિદ્ધાંત સમજાવવા સ્વામીશ્રીને વિનંતી કરી. સ્વામીશ્રીએ અદ્‌ભુત વાતો કરી. તેમાં પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતમાં પ્રતીતિ આવે તો સર્વ મુદ્દો હાથ આવ્યો છે, એ વાત સાંભળી દોલતભાઈ એક પછી એક પ્રશ્નો પૂછતા ગયા : 'અક્ષરપુરુષોત્તમ ઉપાસના શું છે ? ગુણાતીતાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ કેમ ? બ્રહ્મરૂપ થવા બ્રહ્મની આવશ્યક્તા કેવી રીતે ?'

સ્વામીશ્રી અસ્ખલિત ધારાપ્રવાહમાં કાંઈ જ આક્રોશ કે આક્ષેપો વગર શ્રીજીની પ્રેરણાથી વચનામૃતના આધારે, ઇતિહાસ પ્રસંગોની સાક્ષીએ અઢી કલાક સુધી સતત બોલતા રહ્યા. દોલતરામભાઈના હૈયાનાં વજ્ર કમાડ ખૂલી ગયાં !

તેઓ હાથ જોડી બોલી ઊઠ્યા : 'સ્વામી, આ તો જે કાર્ય કરવા મહારાજને અવતાર ધરીને ફરી આવવું પડે તે કાર્ય આપે કર્યું છે, આપની મહત્તા અપાર છે, એટલે આજે તો આપે મહારાજ અને સ્વામીની ધાતુની મૂર્તિઓ પધરાવી છે પણ ભવિષ્યમાં તમારા શિષ્યો તમારી સુવર્ણની મૂર્તિ પધરાવશે ! એટલી તમારી મોટપ વધી જશે !'

ગુણાતીત માટે મુંડાવ્યું છે.

સ્વામીશ્રીના અપ્રતીમ પ્રભાવમાં વડતાલના ટ્રસ્ટીઓ પણ હાથ જોડી દેતા. સ્વામીશ્રીની સમજણ અને સિદ્ધાંતદૃઢતા પાસે મોટા મોટાના માથાં ઝૂકી પડતાં અને વેરી પણ ઘા વખાણી જતા એવી સ્થિતિ નિર્માણ થતી.

સારંગપુરમાં મંદિર પૂર્ણતાને આરે પહોંચી રહ્યું હતું. અભૂતપૂર્વ પુરુષાર્થ જે

મંદિરના પથ્થરે પથ્થરે કોતરાયો હતો, એ મંદિર આજે મધ્ય દેરામા અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા માટે તૈયાર થઈને ઊભું હતું.

'શાસ્ત્રી પાસે નાણાં નથી, ને મંદિર કેમ થાશે ?' 'તલસરાની તાપણીથી કાંઈ ભૂત ઓછા ભાગશે !' 'અહીં તો ઠાકરદ્વારો થશે, ઠાકરદ્વારો !'

આવા શબ્દો હવામાં ઓગળી ગયા હતા. શ્રીહરિનું ૧૨૫ વર્ષ પૂર્વેનું સ્વપ્ન સ્વામીશ્રીએ પ્રબળ પુરુષાર્થથી સાકાર કરી લીધું હતું. એવામાં લીંબડી ઠાકોર સાહેબ દોલતસિંહજી, કાકા સાહેબ, દીવાન ઝવેરભાઈ નાથાભાઈ વગેરે સારંગપુર આવ્યા. હનુમાન મંદિરવાળાએ સૌના કાન ભંભેર્યા.

ત્યારે કાકાસાહેબે આપણા મંદિરે સ્વામીશ્રીને પૂછી લીધું : 'આ મંદિરમાં તમે કોઈ જાગા-પ્રાગાની મૂર્તિઓ પધરાવવાના છો ?'

સ્વામીશ્રી તત્ક્ષણ સૌમ્યરૂપ ધરી સહજ બની ગયા. કથાલાભ આપી, સિદ્ધાંતની સમજૂતી આપી પૂર્ણ આદરથી સૌને વિદાય આપી !

'પરમહંસોને મળી તે કરતાં મોટી સેવા મળી છે !'

આ દિવસો દરમ્યાન જૂનાગઢના સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી બાલમુકુન્દદાસજી તા. ૫-૨-૧૯૧૬ના રોજ, સં. ૧૯૭૨ મહા સુદ બીજના દિવસે ધામમાં પધાર્યા ! એ મહાપુરુષે સ્વામીશ્રીનો અનેકવાર પક્ષ લીધો હતો, અને સારંગપુરનું કામ ચાલુ હતું ત્યારે અહીં આવીને શંકર ભગત પાસે આશીર્વાદ ઉચ્ચાર્યા હતા, અને કહેલું : 'જે સેવા ૫૦૦ પરમહંસોને ન મળી, તે મહારાજ અને સ્વામીની સાક્ષાત્ સેવા તમને મળી છે. આ બળ તમારું નથી પણ અક્ષરના મહામુક્તો તમારામાં રહીને કામ કરે છે. માટે તમારાં મોટાં ભાગ્ય છે ! આ તો 'સાચા શૂરા જેના વેરી ઘાવ વખાણે' એમ શાસ્ત્રીએ એવું કામ કર્યું છે કે વેરી હતા તે પણ આ કાર્ય જોઈને મનમાં ઘા રમી ગયા છે !'

આ સમર્થ, વચનસિદ્ધ સંતવર્યે સોરઠમાં પીઠવાજાળથી શરૂ કરી ૪૦ હરિ મંદિરોમાં અક્ષરપુરુષોત્તમની પટપ્રતિમાઓ પધરાવી હતી.

તેઓના અક્ષરવાસથી સત્સંગ સ્તબ્ધ બની ગયો હતો. સ્વામીશ્રીએ તેમને ઉચિત શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આ દિવસોમાં સારંગપુર મંદિર પૂર્ણતાને આરે પહોંચી ગયું હતું. પરંતુ વડતાલ, ગઢડાના સાધુઓ સ્વામીશ્રીના કાર્ય વિરુદ્ધ વાતો પ્રવર્તાવી રહ્યા હતા, કે શાસ્ત્રીને

તો વિમુખ કર્યા છે, વળી સારંગપુરના પ્રતિષ્ઠા ઉત્સવમાં જવાય જ નહીં. કેમ કે આચાર્યશ્રી પ્રતિષ્ઠા કરનાર નથી, અને શાસ્ત્રી તો સાધુની મૂર્તિ પધરાવીને તેને ઘરેણાં પહેરાવે છે. એ રીત સિદ્ધાંત બહારની છે ! - આવા આવા હીન આક્ષેપો અને પ્રશ્નો કરી ભોળા સત્સંગ સમુદાયમાં ગેરસમજ ફેલાવવાના પ્રયાસો વધી રહ્યા હતા. નિર્ગુણ સ્વામીને આ વાતની જાણ થતાં જ એમણે સ્વામીશ્રીના અપાર મહિમાનો તથા ઉપરોક્ત પાયાહીન આક્ષેપો તથા પ્રશ્નોનો સુંદર જવાબ આપવા વિચારી લીધું. અને એક પત્ર જાહેરમાં જ સૌના હિત માટે લખી દીધો. જેમાં સ્વામીશ્રીને વડતાલમાં કેવાં કષ્ટ પડ્યાં તે જણાવીને તેમણે લખ્યું :

સ. ૧૯૬૨માં (સ્વામીશ્રી શાસ્ત્રીજી મહારાજને આચાર્યશ્રીના અન્ય સાધુઓએ વડતાલમાં) બીજા મુર્ખ માણસની શીખવણીથી ત્થા પોતાની ઉધતાઈથી કોઈ પ્રકારનો વાંક ગુન્હો જોયા વગર ત્થા ટ્રસ્ટીઓની બહાલી લીધા વગર ત્થા સદ્‌ગુરુવોના અભીપ્રાય સિવાય ઉપાધી કરી. કાર્તિકીના સમૈયા પછી ચિઠ્ઠી વિગેરે ન આપ્યું. સાધુ પણ ન કરી આપ્યા ને માગશર સુદી ૧૫ ઉપર વરતાલ હરિજનો સહિત દર્શન કરવા આવ્યા. પોષ મહીનાથી (કોઈ જ) પૂનમે પણ ન પેસવા દેવાનો બંદોબસ્ત કર્યો. પછી ન આવ્યા. બહારગામ નિયમ પ્રમાણે કથાવારતા કરવા હરિજન ભેગા થાય. ચૈત્રી સમૈયે સૌ સત્સંગીયોને ખબર પડવાથી સમાધાન કરવા વિચાર થયો. પણ તેમને ન ગણતાં ચૈ.સુ. ૧૩ની રાતે સાધુઓને ફરજ પાડી. સહીયો કરાવી વરતાલથી બહાર કર્યા. ટ્રસ્ટીયો ભીમજી કોઠારી આદી બે ચારની સહી હતી. બાકી કોઠારી ગોવરધનભાઈ આદી ત્થા દૌલતરામભાઈ આદી કોઈએ 'બહાર કર્યાના ઠરાવ' ઉપર સહી કરી નથી. પછી ગામડામાં મંદીરોમાં ઉપાધીઓ કરવા માંડી. તે સહન કરી, હેત હોય ત્યાં જઈ કથા-વારતા કરી દહાડા કાઢવા માંડ્યા. ને પુનમે-પુનમે જ હરિજન તેડાવે ત્યાં જઈ મોટા સમૈયા કર્યા. ને કથાવાર્તાનો આનંદ લીધો. બાર મહીના સુધી એમ કર્યું.

(બોચાસણ મંદીર કર્યું ત્યારે) સ્વામીનારાયણની મૂર્તીયો મુખ્ય પીઠે વચલા મંદીરમાં જ પધરાવી, એ કાળાંતરની પુષ્ટીનો પાયો સીસાની ગારે નંખાયો છે. હરિજનોએ પણ લોકલાજ મૂકી. તન, મન, ધનથી હદથી જાદે સેવા કરી. ત્થા ત્યાગીઓ પણ દશ-પંદર જ હતા. તે થોડા છતાં ગામડાંમાં ફરી હરિજનોને વાર્તા કરી સુખિયા રાખવા ને મંદીરની ક્રીયા પણ કરવી. એમ કેવળ ભગવાન

ને ભગવાનના ભક્તને રાજી કરવા હજારોને સર્વોપરી ઉપાસનાની ગેડ બેસાડવા આવો દાખડો ને સેવા કરી. ત્યાર પછી મહી કાંઠા આગળ બદલપુર, ચાંપોલ, નરશી, કઠાણાં, વીગેરે ગામોમાં ગરાશિયા લોકો કેવા ઉનમત (ઉન્મત્ત) હતા, તેમને વર્તમાન ધરાવી સત્સંગ કરાવ્યો ને સુધારી દીધા.

મહારાજની ઇચ્છાથી સારંગપુરમાં લીમ્બડી દરબારે ગામને અડીને ૬૦ વીઘાં જમીન આપી. તેમાં મંદીર કરવાનો આરંભ કર્યો. તે હનુમાનજીના મંદીરને લઈ હજારો-હરિજન ને અન્ય દુઃખી માણસો દુઃખ મટાડવા આવે, તેમને મહારાજની મૂર્તિયોનાં દર્શન થાય, તેને માટે સર્વોપરી નીષ્ઠા મનાઈ જાય, તેને માટે, લાખો જીવના કલ્યાણને માટે ત્યાં મોટું મંદીર કરવાનો આરંભ કર્યો છે... જેણે કરી હજારોનાં અંતઃકરણમાં છાપ પડી જાય. ને કાળાંતર સુધી શ્રીજીમહારાજના સર્વોપરીપણાની છાપ પડી જાય. શ્રીજીમહારાજે પંડ છતાં હજારો જણના સમાસને માટે વચલા મંદીરમાં-મુખ્યપીઠે અવતારાદીની મૂર્તિયો પધરાવી. પણ મહારાજે વચનામૃતમાં પોતાનો અભીપ્રાય મૂકી દીધાં છે. તેને અનુસારે શ્રીજીમહારાજ જે સર્વ અવતારના અવતારી સર્વોપરી સમજીએ છીએ. ત્યારે હવે નવાં જ્યાં શિખરબંધ મંદીર થાય ત્યાં ભક્તે સહીત અર્થાત્ અક્ષરે સહિત પુરુષોત્તમ વચલા મંદીરમાં પધરાવવાનાં ક્યાં રહ્યા ? પણ અવતાર સાથે શ્રી સહજાનંદજી મહારાજની મૂર્તિયો પધરાવે છે ! પણ ‘મંદીર-નિર્ણય’ વિગેરેમાં ‘શ્રી લક્ષ્મીનારાયણ આદી દેવનો પાટોત્સવ’ લખે છે ! પણ ‘શ્રી સહજાનંદ સ્વામી આદી દેવનો’ લખતા નથી ! એમાં શું સ્વામિનારાયણની પુષ્ટી ? એમાં મહારાજની કાળાંતર સુધી શેની પુષ્ટી થાય ? કારણ કે લોક એમ જાણે જે લક્ષ્મીનારાયણ ત્થા રાધાકૃષ્ણ ભગવાન છે. ને પડખે સહજાનંદ સ્વામી આચાર્ય ને મોટાપુરુષ - તેની મૂર્તિ પધરાવી છે !

પણ શ્રીજીમહારાજના શ્રીમુખે કહેલાં વચન અનુસારે... સહજાનંદ સ્વામી જે શ્રીજીમહારાજ તે સિવાય બીજો કોઈ ભગવાન નથી જ. કારણ, ગુણાતીતાનંદ સ્વામી ત્થા ગોપાળાનંદ સ્વામી જેવા તેમના સેવક, ત્યારે અવાંતર બીજો કોણ ભગવાન થાય તેવો છે ? તેની પાકી ખાતરીની ખબર ને કાળાંતર સુધીની પુષ્ટીને માટે વચલા મંદીરમાં શ્રી સ્વામિનારાયણ મહારાજ ને તેમના સેવકની મૂર્તિયું પધરાવે છે. ને અવતારાદીકની પડખેના મંદીરમાં

પધરાવે છે. તે કેટલી બધી ધન્યવાદની વાત છે ! ઊલટી મહારાજની ભગવાનપણાની ઘેડ (ગેડ) અન્ય સંપ્રદાયવાળાને પણ પડી જાય, એવા જ હેતુથી મહા દાખડે કરી, માન-અપમાન વેઠી, સારંગપુર જેવા ઉત્તમ સ્થાનમાં કે જ્યાં હજારો જણ વગર તેડે આવે છે. ત્યાં ઘણા જ મોટા પાયા પર મંદિર બંધાવા માંડ્યું છે. નરસીંહ મહેતાની પેઠે હુંડી ભગવાન સીકારે જાય છે. ને મંદીર થતું જાય છે. એ પણ મહારાજનો મોટો પરચો છે.

આવા અતિ ઉત્તમ કાર્ય કરનાર કેવળ ભગવાન ને ભક્તની પ્રસન્નતાને અર્થે દાખડો કરે, ને ગમે તે પ્રકારે (મહારાજનો મહીમા) દુનીયામાં વિશેષ પ્રસિદ્ધ થાય એવા હેતુથી શુભ કર્મ કરનારને વિશે પ્રવૃતીરૂપ દોષ પરઠનારને શું સજા ભગવાન કરશે, તે સમજાતું નથી. સાધારણ ભક્તની ક્રીયામાં દોષ પરઠનારના હૃદયમાં તો કુટુંબે સહીત અધર્મ આવી નિવાસ કરીને રહે છે. અને આ પુરુષમાં દોષ પરઠનાર (શાસ્ત્રીજી મહારાજમાં)ને શું થશે તે સમજાતું નથી.

માટે સર્વ સત્સંગી ભાઈઓને ખબર આપવામાં આવે છે, આપણાથી કામ કદાપી ન બને, તે કોઈ ઉત્તમ કાર્ય કરતું હોય, તો રાજી થવું. તો પણ ઘણા જ લાભ મળે છે. ને સેવામાં ભાગ્ય લેઈએ તો પુન્યનો પાર જ નહીં ! ને ભગવાન બહુ રાજી થાય. કોઈ કહેશે જે શ્રીજીમહારાજે ન કર્યું, નંદ સાધુએ ન કર્યું, ને તમે મોટા થઈ ગયા ? તે આવાં નવાં ટીખળ કરો છો ! તો કુળપરંપરા વિચારો. તો શ્રીકૃષ્ણ છતાં મૂર્તિ-મંદિર થયું નથી ! ચોથી પેઢીએ વ્રજનાભે ચતુર્ભુજ વિષ્ણુનું સ્વરૂપ-રણછોડજી વી. નામ પાડી કૃષ્ણની મૂર્તિ પધરાવી. પાંચ હજાર વર્ષ પછી વલ્લભાચાર્ય થયા, ત્યારે કૃષ્ણની ઉઘાડી મૂર્તિ બાલસ્વરૂપે પધરાવી. બસે-ત્રણસે વરસથી રાધાવલભી સંપ્રદાયવાળાએ રાધા-કૃષ્ણ પધરાવ્યા. ત્યારે આખરે ગોલોકના પતી રાધા-કૃષ્ણ હતા. તે જગજાહેર વાત પ્રસિદ્ધ થઈ. ને સૌ માનવા લાગ્યા. તેમ આપણે અવતારાદિકની મૂર્તિયો માનવી. પણ મુખ્યપીઠે સ્વામિનારાયણની મૂર્તિયો નવીન મંદિર થાય ત્યાં વચલા મંદિરમાં પધરાવવી જ જોઈએ !

આપણા મંદિરોમાં પણ કેટલીક વાત કાળે કરી પ્રવર્તી છે. ગઢડામાં ગોપીનાથજી એકલા પધરાવ્યા હતા. તેત્રીસ (૩૩) વરસે પાછળથી શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ પધરાવી છે. જૂનાગઢ તેમજ તે સાલમાં પધરાવી છે.

ગઢડામાં વાડીમાં મંદિર નિત્યાનંદ સ્વામીએ કરાવ્યું હતું. પણ ઉપાધીને

લીધે પટની મૂર્તિયો પધરાવી હતી, પણ પાષાણની મોટી મહારાજની મૂર્તિ નહોતી પધરાવવા દેતા. તે બે આચાર્ય, મોટા મોટા નંદ સાધુ હતા. પણ ન પધરાવી. ને વિહારીલાલજી મહારાજે મહા દાખડો કરી, ઉપાધી સહન કરી મહારાજ ત્થા ઈચ્છારામજી-રઘુવીરજી મહારાજની મૂર્તિયો પધરાવી. તો હવે સૌ રાજી થઈ જય બોલે છે. ને થાળ કરી જમાડે છે. આનંદ પામે છે. પ્રથમ હજારો શંકા કરતા હતા. તો ધીરે ધીરે કાળે કરી ખરી વાત પ્રવર્તે છે.

બીજું કોઈને એમ શંકા થાય જે સાધુને ઘરેણાં દાગીના કેમ ધરાવાય ? તો નરનારાયણ ઋષિ છે. જોગી છે. વલ્કલ પહેરે છે. પણ અમદાવાદમાં મૂર્તિ પધરાવી ત્યારે દાગીના પહેરાવે છે ! હનુમાનજી જતી છે. તેમ છતાં હજારો રૂપીયાનાં દાગીના ધરાવે છે.

શિવજીનો શણગાર શો હોય એ શાસ્ત્રમાં વર્ણવ્યો છે. છતાં મૂર્તિમાન આપણે જૂનાગઢમાં પધરાવ્યા છે, ત્યાં સોનાનાં દાગીનાં પહેરાવે છે. ત્થા શ્રીજીમહારાજે ખુદ પોતાને હાથે નિત્યાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદી સંતોને રાજી થઈ પોતાની સોનાની કંઠી ત્થા પોતાના પોષાક પહેરાવ્યા છે. તે અચિન્ત્યાનંદ બ્રહ્મચારીના બનાવેલા સદ્‌ગુરુના શ્લોક વાંચવાથી માલમ પડશે.

વળી સાધુ અગર ગૃહસ્થ ધામમાં જાય, પછે ભગવાં અગર ધોળાં ગુલડાં સાથે જતાં નથી ! પણ મહારાજના શ્રીવિગ્રહ જેવાં જ થાય છે. તો મૂર્તિયો સ્થાપન થાય છે, તેમાં (આ લોકનો - સાધુ-ગૃહસ્થનો ભાવ નથી. પણ એ અક્ષરબ્રહ્મ છે -) તેવા જ ભાવથી પધરાવાય છે.

અક્ષરનો અવતાર ગુણાતીતાનંદ સ્વામી છે, એની ઓળખાણ ખાતર ગુણાતીતાનંદ સ્વામી નામ આપ્યું છે. બાકી ગ.પ્ર. ૨૧ના પ્રમાણે અક્ષર તે પુરુષોત્તમની અખંડ સેવામાં રહ્યા છે. તે જ પ્રમાણે તેની ખાત્રી માટે, ઓળખાણ થવા માટે ને પ્રસિદ્ધિ માટે પ્રથમ વઢવાણમાં અક્ષરપુરુષોત્તમ બેઠા. પછી બોચાસણમાં બેઠા. હવે સ્વામિનારાયણ નામ રાખી સારંગપુરમાં બેસશે. તેમાં કોઈ જાતની શંકા કરવા જેવું નથી. માટે સ્વામિનારાયણના વચન અનુસાર સમજવાથી આનંદના ફુવારા છૂટશે ને અક્ષરધામમાં છતી દેહે પામ્યા જેટલો આનંદ થશે. તો સર્વ સત્સંગી મંડળને નમ્ર વિનંતી છે કે બોચાસણમાં જે હરિજનોએ તન, મન, ધનથી માથાં મૂકી હજારો રૂપિયાની લખણી કરી મંદિર કર્યું છે, તેના તે હરિજનોએ પુનઃ હદથી જાદે ગજા

ઉપરાંત સેવા કરી છે. ને લખાણ કરાવી સારંગપુરના મંદિરની સેવા કરી છે. તેથી જ મંદિર બંધાય છે. ને વૈશાક મહીનામાં મૂર્તિયો પધરાવવાની છે... તો આ વખતે લાભ ચૂકશો નહીં.

આ બાબતમાં કોઈ પક્ષાપક્ષીમાં ઊતરવું નહીં. **કારણ અમો કોઈ પક્ષાપક્ષીથી, અગર કોઈને દબાવવા અગર અભિમાને કરીને કરતા હોઈએ અગર કોઈને પાછા પાડવા કરતાં હોઈએ અગર વરતાલ-ગઢડાથી મોટા થવાના સબબથી કરતા હોઈએ તો કોટાનકોટિ પરમહંસને માર્યાનું પાપ છે ! આ અમારા અંતરનો છેલો અભીપ્રાય જણાવ્યો છે !**

વળી અમારે ખુદ સ્વામીનારાયણ ભગવાન સિવાય બીજી કોઈ ઉપાસના હોય તો પણ ઉપર પ્રમાણે સોગન છે. આ સોગન ખાસ અંતઃકરણની ખાતરી માટે જગજાહેર મૂકી દીધા છે !

વળી કોઈને સંપ્રદાયની આગળ-પાછળ પદ્ધતીની ખબર ન હોય ને કોઈ ભડકાવે, તો ન ભડકવા ખાતર લખી જણાવીએ છીએ. કોઈ કહેશે જે આચાર્ય મૂર્તિયો પધરાવવા ક્યાં જનાર છે ? માટે આપણે પ્રતિષ્ઠામાં ભાગ ન લેવાય. તેના ખુલાસામાં (જણાવવાનું કે) ગઢડામાં ગોપીનાથજી પધરાવ્યા, ત્યારે મહારાજ રાધાવાવે પધાર્યા, ને નિત્યાનંદ સ્વામીએ આરતી ઉતારી હતી ! ભૂજમાં ને ખંભાતમાં ગોપાળાનંદ સ્વામીએ મૂર્તિયો પધરાવી છે. ને વડોદરામાં ભગવત્પ્રસાદજી મહારાજ જઈ ન શકવાથી ધર્મકુળ તરીકે વિહારીલાલજી મહારાજ (પોતે આચાર્ય ન હોવા છતાં) ત્થા પવીત્રાનંદ સ્વામી આદી સદ્‌ગુરુઓએ પધરાવી છે !

મુંબાઈમાં ભોમાનંદ સ્વામી આદી સદ્‌ગુરુઓએ પધરાવી હતી, ત્થા ચાણોદમાં વડતાલના સાધુ ત્થા બ્રહ્મચારીઓએ ભેગા થઈ પવીત્ર બ્રાહ્મણને હાથે પધરાવી ! ને પછીથી જ્યારે આચાર્યને મરજીમાં આવે ત્યારે રાજીખુશીથી ત્યાં જાય, ત્યારે આરતી ઉતારે ! તેમ આ પણ, અમારે કોઈના ઉપર રાગદ્વેષ નથી. મરજીમાં આવે ત્યારે આવી આચાર્ય આરતી ઉતારે ! વળી આપણા સંપ્રદાય સિવાય બીજે જ્યાં મૂર્તિયોની પ્રતીષ્ઠા થતી હોય, અગર દેવાલય થતું હોય ત્યાં ઘણા ખરા ભાગ લે છે. મુંબાઈમાં બાબુલનાથ મહાદેવના દેવાલયમાં હજારો જણે ભાગ લીધો છે. તો ત્યાં પુન્ય થાય, તો આ તો આપણા સંપ્રદાયના હજારો જણ ભાગ લે, ને ખુદ સ્વામી-નારાયણની

મૂર્તિયો પધરાવવાની, ને બ્રહ્મભોજમાં ભાગ લેવાથી કાંઈ નુકસાન નથી. ફાયદો જ છે. અન્ય તીર્થોમાં ફરી મૂર્તિયોનાં દર્શન કરી બ્રાહ્મણો જમાડે છે, તેનું ફળ થાય છે, તો આવા મોટા સત્પુરુષના હાથથી યજ્ઞ થઈ હજારો બ્રાહ્મણ, સંતમંડળ, હરીજન જમે, તેનું રૂડું જ થાય.'

આ પત્ર દ્વારા થયેલી સ્પષ્ટતા ઉપરાંત સેવાની અપીલને અણધાર્યો પ્રતિસાદ મળ્યો અને પ્રતિષ્ઠા નજીક આવતાં તો સેંકડો ભક્તોએ સીધાં-સામાનની અને આર્થિક સેવાઓની સરવાણી શરૂ કરી દીધી !

સારંગપુરમાં પ્રતિષ્ઠા મહોત્સવ

જોતજોતામાં તા. ૨૩-૫-૧૯૧૬, વૈશાખ સુદ ૬, સંવત્ ૧૯૭૨નો પ્રતિષ્ઠા દિન આવી ગયો. વડતાલથી નીકળ્યાને બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં હતાં. અક્ષરપુરુષોત્તમના સિદ્ધાંતનો સ્વીકાર હવે સાક્ષરોથી માંડી કાઠિયાવાડીઓનાં હૈયે પણ થઈ ચૂક્યો હતો. તેમનાં ખમીર હવે મંદિરની રક્ષામાં જ વાપરવાનાં હતાં.

છઠની સવારે બરાબર નવ વાગે શુભમુહૂર્તમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ સાથે ગોપાળાનંદ સ્વામીની ભવ્ય, દિવ્ય પ્રતિમા સ્વામીશ્રીના વરદ હસ્તે મધ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત થઈ. ઠાકોરજી સમક્ષ ધરેલો કાચ નેત્ર અનાવરણ થતાં જ ફૂટી ગયો અને ઠાકોરજી પ્રત્યક્ષ બિરાજ્યા છે, તેવી પ્રતીતિ દરેકના હૈયે હિંડોળા લેવા માંડી !

ભયંકર સંઘર્ષ અને માનસિક તનાવને કારણે ભલભલાની હિંમત હારી જાય તેવા વિચિત્ર સંજોગોમાં ૫૦ વર્ષની ઉંમરે સ્વામીશ્રીએ સારંગપુર મંદિર સર્જી શ્રીહરિ પ્રત્યેની સાચી નિષ્ઠા કેટલું કામ કરી શકે છે તે પુરવાર કરી બતાવ્યું !

નિર્મળ અંતઃકરણનો એક્સ-રે

એ પછી પણ ઘણા મહિનાઓ વીતી ગયા છે. વિરોધીઓના વિરોધ નાના-મોટા પ્રસંગોમાં ઝળકી આવે છે. તેવા એક પ્રસંગે સારંગપુર મંદિરના કોઠારી અને પોતાના વિશ્વાસુ સંત, સ્વામી ભક્તિવલ્લભદાસજીને સ્વામીશ્રીએ એક અદ્‌ભુત પત્ર લખી મોકલ્યો. જેમાં પોતાની જીવન ભાવના જણાવતાં લખ્યું :

'તા. ૩-૧૦-૧૯૧૭, આસો વદ ૩, સં. ૧૯૭૩.

પુરુષોત્તમપુરાથી લિ. શાસ્ત્રીજી મહારાજ - યજ્ઞપુરુષદાસજીના જય સ્વામીનારાયણ વાંચશો....

વિ. તમોએ લીંબડીથી પ્રાણશંકરનો કાગળ આવેલો, તે મોતીભાઈ મારફતે મને મોકલ્યો, તે પહોંચ્યો છે, તે સંબંધમાં લખવાનું કે શ્રીજી મહારાજ ને સ્વામીના સીદ્ધાંત પ્રમાણે સમજણથી બીજાને સમજાવવા એ કર્તવ્ય છે. તેથી (સિદ્ધાંત) વિરુદ્ધનો ઉપદેશ કરશે તેની શિક્ષા કરનાર તો તે (ભગવાન) બને છે. તેની આપણે ફિકર કરવાની જરૂર નથી, અને **આપણી ગઉણતા કે નીંધા (ગૌણતા કે નિંદા) કરે તેમાં તો આપણું ઘણું રાજ થવાનું છે.** કારણ કે આપડી ભૂલચૂક હોય તે જતી રહે, પાપ આગળ પાછળ તો હોય છે, તે નિંધા કરનાર ને જાય ! અંતે સત્યનો જય છે. અને જે (વ્યક્તિ) પોતાની મોટપ વધારવા જશે તો એની મેળે જ પાછા પડશે. કારણ કે અનેક બ્રહ્માંડના નાડીપ્રાણ શ્રીજી મહારાજના હાથમાં છે તે જ સદ્‌બુદ્ધિ અને અસદ્‌બુદ્ધિના ઓળખનારા છે માટે અતિ દુરાગ્રહી પુરુષને બુદ્ધિ એવી આપશે. આપડે કોઈ જાતનું (વિરોધ કરવાનું) પુરુષ પ્રયત્ન નહીં કરતાં એ જ હલકાં પડશે.....

આપડે તો સર્વ પ્રકારે સર્વનું સારૂં થાય તેમ વરતવું ને તેવા ઊંચ વિચાર રાખવા. અને જે અપકાર કરે તે ઉપર ઉપકાર કરવો, પણ તેનો બદલો આપી ધોબીએ ધોબી ન થવું. કેમ કે તે સાધુતાનો મારગ નથી.

બીજા વડતાલ, ગઢડા, મુળી, અમદાવાદ વીગેરેના સાધુ ગમે તે પ્રકારે આપડા વિરુધ્ધ વાતો કરે છે તો પણ એ સહન કરી દરગુજર કરીએ છીએ. તો આપડા કહેવાતાનું સહન કરવું તે'તો આપડે જરૂરનું છે. **કારણ કે ઈરાદાપુરવક ધ્યેય વિરુદ્ધ ઉપદેશ કરવો (તે તો આપણે) હોય નહીં.** આપણે (કોઈને) અતિ આગ્રહ - બદલવાનો (સામેવાળાનું પરિવર્તન કરવાનો) કરીએ તો કલેશ થાય. ને હરિભક્તો ભોળા દિલના મુઝાય, (માટે) અત્યારે તો શ્રીજી માહારાજ ને સ્વામી પ્રત્યક્ષ બિરાજે છે, તો તેમના ધ્યાનમાં આવે તેમ કરશે. અત્યાર સુધીમાં આટલે દરજ્જે જે થયું છે તે તેમના દઢ સંકલ્પથી ને હજુ દિન-પ્રતિદિન જે ચઢતું જાય છે તે તેમનાં કર્તવ્યથી જ થાય છે. માટે તેમના સંકલ્પ વિરુધ્ધ જે કર્તવ્ય કરનારને તે જ શીક્ષા કરશે.

એજ....... ત્યાં સર્વેને જેશ્રી સ્વામિનારાયણ કહેશો.

દા. પોતાના.

●

પત્રની સરળ ભાષામાં કેટલી ભવ્ય ભાવનાઓ ઝિલાઈ છે ! 'નિંદા કરવાનું પાપ તો તેને જ જાય છે !', 'મોટપ વધારવા જશે તો તેની મેળે જ પાછા પડશે.' આવાં વિધાનોમાં એમનો અધ્યાત્મ વૈભવ છલકાય છે, તો 'અપકાર ઉપર ઉપકાર કરવો' અને 'બદલો આપી ધોબીએ ધોબી ન થવું.' - એવાં વિધાનોમાં એમની સાધુતા અને અજાતશત્રુતાનું વિરલ દર્શન છે !

આ વિરાટ મહાપુરુષનો મુઠ્ઠીમાં સમાય તેટલો પત્ર, બ્રહ્મનિષ્ઠના નિર્મળ અંતઃકરણનો જાણે કે એક્સ-રે જ હોય તેમ નથી લાગતું ?

આવી ભાવનાઓ સાથેનું વિચરણ હોય તે મહાપુરુષ બધે જ પૂજાય અને મનાય તેમાં આશ્ચર્ય શાનું ?

તા. ૨૩-૧૨-૧૯૧૭, માગશર સુદ ૧૦, સં. ૧૯૭૪ના દિવસથી વડોદરા નજીક કોયલીમાં અદ્વિતીય પારાયણ યોજાઈ. હજારોની મેદની વચ્ચે સ્વામીશ્રીને ગજરાજ પર બિરાજમાન કરાયા. આ અતિ દિવ્ય દર્શનથી ગામલોકો ધન્ય બન્યા.

સમાધાનનો પ્રયાસ

આ અરસામાં સ્વામીશ્રીના શિષ્ય વસોના મોતીભાઈ ઉમેદભાઈ વરતાલ ટેમ્પલ કમિટીમાં સભ્ય તરીકે ચૂંટાયા, સાથે સોજીત્રાના ઝવેરભાઈ વિઠ્ઠલભાઈના પુત્ર પુરુષોત્તમદાસ વરતાલમાં મૅનેજર તરીકે નીમાયા હતા. આ બંને નિષ્ઠાવાન શિષ્યોએ વિચાર્યું કે આવો સુયોગ છે, તો સ્વામીશ્રી વરતાલ સાથે સમાધાન કરી લે તો સંપ્રદાયમાં દિગ્વિજય થઈ જાય !

સ્વામીશ્રીએ તો આ પ્રસ્તાવ અતિશય રાજી થકા વધાવી લીધો અને એ દિશામાં પ્રયત્નો ચાલુ થયા.

નિવૃત્ત કોઠારી ગોરધનભાઈ, ઉપરાંત કોઠારી રણછોડ ભગત, પુરાણી રઘુનાથચરણદાસ, સ્વામી રઘુવીરચરણદાસ વગેરે ત્રણ મોટેરા કારભારીઓ હતા અને આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજ ગાદીપતિ હતા.

પણ રઘુનાથચરણદાસે મહારાજશ્રી પાસે પોતાનો પાસો ફેંક્યો : 'મહારાજ ! સમાધાનથી તો બહુ જ રાજી છું, આવા વિદ્વાન, બાહોશ પુરુષ આપણે ત્યાં આવે તેનાથી સત્સંગ બહુ જ વધશે પણ મહારાજ, એક વાત છે, આ બોચાસણ, સારંગપુર બંને મંદિરોમાં કામકાજ ઘણું બાકી છે, તે પૂરું કરવા આપણે બે-અઢી લાખ ખર્ચવા પડશે. જો બે-ત્રણ વરસ થોભી જઈએ, તો શાસ્ત્રી તો કાબેલ છે તે

મંદિર પૂરાં કરી નાખશે ! અને આપણે તેટલો બચાવ થશે !'

અને આ ભોળા આચાર્યને આખી દલીલ શીરાની જેમ ગળે ઊતરી ગઈ. પુરુષોત્તમદાસ તથા મોતીભાઈને બોલાવી મહારાજે કહ્યું : 'હમણાં સમાધાનનું બંધ રાખો ! પછી કહીશું.'

બન્ને હરિભક્તો ખૂબ જ નિરાશ થયા. પરંતુ સ્વામીશ્રી બોલ્યા, 'જેવી મહારાજની ઇચ્છા ! મહારાજને આપણા દ્વારા કામ કરાવવાં હશે ને આપણી જ સેવા લેવી હશે ! જે થયું તે ઠીક થયું હશે !'

હા, ઠીક જ થયું હતું ! જો સમાધાન થાત તો બે સિવાયનાં ત્રીજાં કોઈ પણ મંદિરમાં ક્યારેય અક્ષરપુરુષોત્તમ મહારાજ બિરાજ્યા ન હોત ! વિશ્વમાં જેમનો દિગ્વિજય થઈ રહ્યો છે, એ સુવર્ણયુગ ક્યારેય આવ્યો ન હોત ! સિદ્ધાંતો ફરીથી એકવાર ગ્રંથોની જેમ માત્ર બે મંદિરોમાં જ સ્થગિત થઈ ને ગૂંગળાઈ જાત !

સમાધાનની પ્રક્રિયા ભલે નિષ્ફળ ગઈ, પરંતુ સત્યનો પક્ષ રાખનાર કોઠારી ગોરધનભાઈ માટે સ્વામીશ્રી બોલ્યા, 'આ પ્રસંગથી કોઠારીને ગુણ આવ્યો ને સ્વામીની નિષ્ઠા પાકી થઈ, એટલે તેમનું કામ પાકી ગયું ! મહારાજ હવે તેમને ધામમાં લઈ જશે.'

અને ત્રણ જ માસમાં કોઠારી પણ તા. ૬-૬-૧૯૨૦, સં. ૧૯૭૬ જે. સુ. ૬ના દિવસે અક્ષર નિવાસી થયા !

તમારી ગાદી જોગી સાચવશે

આ અરસામાં જ સ્વામીશ્રીના અનુપમ સંતોમાં સ્વામીશ્રી યોગીજી મહારાજ-જ્ઞાનજીવનદાસજીનો પ્રભાવ પણ વિસ્તરી રહ્યો હતો. સાધુગુણ સંપન્ન અને સદા બ્રાહ્મીસ્થિતિની અલમસ્તાઈમાં રહેતા એમના અલૌકિક વ્યક્તિત્વનો જાદુ સૌના અંતર ઢંઢોળી મૂકતો હતો.

સ્વામીશ્રી જૂનાગઢ પધાર્યા ત્યારે અહીંના વયોવૃદ્ધ બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજીના દર્શને પધાર્યા હતા. સાથે 'જ્ઞાનજી મહારાજ'ને પણ જોયા ત્યારે તેમને માથે હાથ મૂકતાં બ્રહ્મચારીજી બોલ્યા હતા : 'યજ્ઞપુરુષદાસ, જોગી તો બહુ મોટા થવા સર્જાયેલા છે, તમારી ગાદી એ સાચવશે, અને ગુણાતીત જ્ઞાનનો દેશો દેશમાં ડંકો મારશે !'

સંસ્થાની મિલકતોનું પ્રથમ વીલ

આ વર્ષમાં બોચાસણ - સારંગપુર બંને મંદિર તથા તેની જમીનોનો વહીવટ સ્વામીશ્રીની આજ્ઞાથી જીભાઈ કોઠારી સંભાળતા. પોતાના સહયોગી કોઠારી ગોરધનભાઈ તથા કોઠારી મહાપુરુષદાસનો અક્ષરવાસ થયો હતો. અને પોતે પણ ખર્યું પાન કહેવાય, એમ વિચારી તેમણે પોતાનું વીલ ઝડપથી કરાવી લીધું. આ માટેની નકલ જાતે તૈયાર કરી. જેમાં તેમનો સ્વામીશ્રી પ્રત્યેનો મહિમા, અક્ષરપુરુષોત્તમની અસ્મિતા, સંસ્થાના હિત માટેનો દૂરંદેશી વિચાર કેટલો ઊંડો હતો અને નિષ્ઠાનું બળ કેટલું મજબૂત હતું તેનું દર્શન થાય છે.

એ સમયે તેમણે સ્વામીશ્રીના કહેવાથી પોતાના સ્થાને સ્વામી શ્રીજીસ્વરૂપદાસની નિમણૂક કરી. પોતાની અપેક્ષા ઉપરાંત સંસ્થાના હિત માટેની કલમો મૂકતાં તેમણે વીલમાં લખ્યું છે :

તા. ૧૫-૩-૧૯૨૩. ફા. વ. ૧૩, સં. ૧૯૭૯.

હું જીભાઈ રણછોડ આ વીલપત્ર લખું છું, કે મારી ઉંમર ૬૩ વરસની વૃધ થઈ છે, ને મને શરીરે અસક્તિ વધારે રહે છે, તેથી અત્યારે સાવધાનપણે સાવચેતીથી મારી રાજીખુશીથી આ પત્ર લખું છે.....

૧. સ્વસ્થાન બોચાસણ, તાલુકે બોરસદ, જીલે ખેડા ત્થા સ્વસ્થાન સારંગપુર, તાલુકે ધંધુકા, જીલે અમદાવાદ બંને જીલાના મોટા શીખરબંધ મંદીરો ત્થા તેમના તાબાના બીજા હરીમંદીરો આ બંને જીલા સીવાય રાજ્યોમાં ત્થા જીલામાં છે, ત્થા બંને મંદીરો અંગેની સ્થાવર જંગમ દરેક જાતની મીલકતો મોટા મંદીરો ત્થા હીરમંદીરોનો વઈવટ સ્વતંત્ર હું કરૂં છું.

૨. તે પરમાંણે મારી પાછલ મારી જગોએ વઈવટ કરનાર કોઠારી હાલ લાયક ભણેલ વીશ્વાસ પાત્ર કોઠારી સંકર ભગત છે. સીવાય બીજો કોઈ નથી. ને તેમની ઉંમર પણ મારાથી વધુ છે.

૩. તેથી બેઅ મંદીરનો વહીવટ કરવા સારૂ ને તમાંમ સત્સંગની પુષ્ટી કરવા સારૂ મારી જગોએ વીદવાન ને ધર્મનીષ્ટ વીશ્વાસપાત્ર સાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજીને નીમું છું.

૪. તો જેમ મરહુમ કોઠારી પરભુદાસે ત્થા મેં જેવી રીતે સ્વતંત્ર વહીવટ કરો છે. તેમ જ તમારે સાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજીએ સ્વતંત્ર વહીવટ કરવો.

ને બંને મંદીરોની ઊપજ વધે તેમ કરવું.

૫. અને મંદિરોમાં શ્રીજી મહારાજ તથા સ્વામી ગુણાતીતાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી, ગોપીનાથજી, લક્ષ્મીનારાયણાદીક દેવોની મૂર્તિઓ (બોચાસણ) પધરાવી છે, તેમની સેવા સંપ્રદાયની પ્રથા પ્રમાણે કરવી. ને આજ્ઞા-ઉપાસના સદ્‌ભાવની વૃધ્ધી વધે તેમ કરવું.

૬. બંને મંદીરોના સાધુ, બ્રહ્મચારી, પાલા વીગેરે જે છે, ત્થા આગળ જતાં વધે, તે બધાની ખબર સત્સંગની પરથા પરમાંણે રાખવી. ને બધા ત્યાગીઓ પણ ઠાકોરજીની સેવા ત્થા ભંડાર-કોઠાર ત્થા દેસમાં ઘરમાં મારે ફરવા ત્થા સાથે ઉપદેશ કરવા વીગેરે સત્સંગની પુષ્ટીને સેવા આપની આજ્ઞા અનુસાર કરશે, ને સત્સંગની પ્રથા પરમાંણે ધરમ મરયાદા ને દેવની સેવામાં ફેર પાડસે નહીં.

૭. પરમ પુજ્ય પ્રાગજીભક્ત તથા પરમ પુજ્ય જાગાભગતે મારી સમક્ષ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસને આજ્ઞા કરી હતી કે તમારે સરવોપરી ઉપાસના પરવરતાવવા સારુ શ્રીજી મહારાજ ને મુલ અક્ષર મુરતી ગુણાતીતાનંદ સ્વામી બંને જોડે મુરતી પધરાવવી ને બેના મહીમાનો સંસ્કૃતમાં શ્રીજી-સ્વામી-લીલામૃતનો ગ્રંથ કરજો. તેમાં મોટાની કૃપાથી મુરતીઓ બેઠી છે પરંતુ ગ્રંથ કરવો બાકી છે, તો તમારે (શાસ્ત્રી શ્રીજી સ્વરૂપદાસે) તેવો સરવોપરી ગ્રંથ કરવો એમ મારી ઇચ્છા છે તે પુરી કરવી.

૮. આ બંને મંદીરો શ્રીજીસ્વામીની પ્રેરણાથી, મહત્‌કૃપાથી શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી એ ઘણી મે'નત કરી કર્યાં છે ને તેમના પરતાપથી તમામ મીલકત સંપાદન થઈ છે ને સંપ્રદાય સરવોપરી બંધાયો છે, તો મરહૂમ કોઠારી પરભુદાસે તથા મેં, શાસ્ત્રી યજ્ઞપુરુષદાસની અનુવરતી ને આજ્ઞા પરમાણે મંદીરનો વહીવટ ને વ્યવસ્થા કરી છે તો આપે પણ સદ્‌ગુરૂ સ્વામી યજ્ઞપુરુષદાસજીની આજ્ઞા અનુસાર જ વહીવટ કરવો.

૯. પરમ પુજ્ય પ્રાગજી ભગત તથા પરમ પુજ્ય જાગા ભગત બને સદ્‌ગુરૂના કરપાપાત્ર (કૃપાપાત્ર) સદ્‌ગુરૂ સ્વામી પુરુષોત્તમદાસજી તથા સદ્‌ગુરુ સ્વામી નીરગુણદાસજી તથા કોઠારી સંકરભગત એ ત્રણેય છે. તો આપે ત્રણેયને મહત્‌ કરપાપાત્ર જાણીને તેમની આજ્ઞા પ્રમાણે તેમની હૈયાતી સુધી વરતવું. કારણ કે તેમણે મંદીરો કરવામાં ને સત્સંગ વધારવામાં હદથી

અધિક દાખડો કર્યો છે. તેથી આપને એ ત્રણ જાણા ઉપર ગુરુબુધી રાખીને તન-મનથી સેવા કરવાની છે.

૧૦. બીજું આપને શાસ્ત્રી સદ્ગુરુવર્ય યજ્ઞપુરુષદાસજી મહારાજના કરપાપાત્ર, સદ્ગુણી ને વિદવાન જાણીને આ બંને મંદીરોનો વહીવટ સુંપ્યો છે, તે આપે અક્ષરપુરુષોત્તમની સુધ (શુદ્ધ) ઉપાસના પરવરતાવીને આજ્ઞા, ઉપાસના ને સદ્ભાવ વધારવો.

૧૧. વીસેસ, આપને શાસ્ત્રીએ કરપા કરી વીદ્વાન કરીને સદ્ગુરુપણાનો હોદ્દો આપો છે ને મેં આ બે મંદીરનો તમામ વઈવટ સ્વતંત્ર સુંપી સરવ સત્તા આપી છે. તો આપે સાધુતા સોભાવી (શોભાવી) સતસંગની પ્રથા પ્રમાણે વરતી વરતાવીને આપનો ઉત્તમ આશ્રમ દીપાવવો ને અમારી સરવોપરી નીષ્ઠા પરવરતાવજો.

૧૨. પરથમના ૨૧ અને ૭૧ના વચનામૃતમાં (જણાવ્યા પ્રમાણે) મુલ અક્ષર મુરતીમાન (તે) શ્રીજી મહારાજની અખંડ સેવામાં છે ને તે જ મહારાજ ભેગા પૃથ્વી ઉપર પધાર્યા છે. ને મધના (મધ્યના) ૯-૧૩, ને છેલ્લાનું ૩૮ વીગેરે વચનામૃતમાં (લખ્યા મુજબ) શ્રીજી મહારાજને સરવોપરી ને સરવે અવતારના અવતારી ને સરવેના કારણ અક્ષરાધીપતી પુરૂષોત્તમ જાણવા, ને બીજા અવતાર જેવા જાણે તો દ્રોહ કર્યો કેવાય. એમ સીધાંત છે. મધેના (મધ્યના) ૨૧ ને વરતાલના ૫ નાં વચનામૃતોમાં પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારને તેમના ભક્ત સાધુના જેવા પ્રતક્ષ શ્રીજી મહારાજ ને તેના ભક્ત સાધુ તેમનો મહીમા સમજવા પરોક્ષ જેવી પ્રતીતી પ્રતક્ષ મહારાજ ને તેમના સંતમાં લાવીને ભવ-બ્રહ્માદીક દેવથી પણ અધીક જાણવા અને ભગવાનની પેઠે તેમનો સરખો થાળ ધરવો, ને પાંચ રૂપૈયાનું (ખર્ચ) કરવું ને માનસી પૂજા કરવી વીગેરે વચનામૃતમાં શ્રીજી મહારાજ ને તેમના અનાદી સેવક મુલ અક્ષર સદ્ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામીની સાથે મુરતીઓ સ્થાપી સરવોપરી અક્ષર પુરૂષોત્તમની સરવોપરી ઉપાસના વૃધી પામે એટલા સારૂં બંને મંદીરો કરી મધ્યપીઠે શ્રીજી-સ્વામીની, અક્ષરપુરૂષોત્તમ ને સ્વામીનારાયણ એ બે નામે બંને મંદીરોમાં મૂરતીઓ સ્થાપન કરી છે. તે માટે શ્રીજી મહારાજ ને સ્વામીની સરવોપરી સુધ ઉપાસનાની દરેક પરકારે દીન-પ્રતીદીન પુસ્ટી(પુષ્ટિ) કરવી, પણ કોઈ પ્રકારે

તે સરવોપરી ઉપાસનામાં ગૌણતા થવા દેવી નહીં,

ને કદાપી વરતાલના મંદીર સાથે સમાધાન કરવાનો વિચાર થાય તો પણ ઉપર લખેલી સ્વામીશ્રીજીની સરવોપરી ઉપાસનામાં અને મુરતીઓના નામમાં ફેરફાર ન થાય. તેમ સેવા-પૂજા, ઉછવ, સમૈયા વીગેરે સંપ્રદાયની પ્રથા પરમાણે સારી રીતે થાય, તેવો પાકો બંદોબસ્ત ચોક્સ કરી સમાધાન કરવું.

૧૩. મંદીરોની સ્થીતી સારી થાય ત્યારે ભવીસમાં (ભવિષ્યમાં) સંસ્કૃત પાઠશાળા સ્થાપવી ને વિદ્વાન બ્રાહ્મણને રાખી સદ્‌વિદ્યાની પ્રવૃતી કરાવવી અને મંદીરમાં કોઈ અન્નાર્થી આવે તો એક વખત થાય તેટલું અન્ન આત્માની બુધ્ધીથી આપવું. ને ઊછવ-સમૈયા વખતે દેશી-પરદેશી હરીજનો ઠાકોરજીનાં દરસન કરવા આવે તેમની પાગરણ-ઉતારા વીગેરેની તમામ પ્રકારની સંભાવના સારી રીતે રાખવી. ઉપર પ્રમાણે આ 'વીલપત્ર' યાને 'વસિતનામું' મેં મારી રાજીખુશી તથા અકલ હોશીયારીથી તથા સરવે પ્રકારની સાવચેતીથી મારા હાથના અક્ષરથી લખ્યું છે, તે માટે કબુલ-મંજુર છે. આ વીલમાં ફેરફાર કરવાનો તથા રદ કરવાનો મારો અધીકાર છે. એજ.......

સહી.

૧. કોઠારી જીભાઈ રણછોડ સહી દા. પોતે

અગ્ર શાખ

૧. પા. ગીરધરભાઈ મથુરભાઈ -સાખ-પોતે.

૨. સામલભાઈ કાળીદાસ. સાખ -પોતે (ગામ બોરસદ)

૩. પા. શીવાભાઈ ખુશાલભાઈ. સાખ-પોતે

૪. પા. આશાભાઈ પ્રાગદાસ. સાખ-પોતે (ગામ ધર્મજ)

૫. સ્વામી પુરુષોત્તમદાસ. સાખ - દા. પોતે.

હજુ સુધી 'બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા'નું ટ્રસ્ટ ડીડ થયું ન હતું, કેવળ કોઠારીઓની વફાદારી અને નિષ્ઠા ઉપર વિશ્વાસ રાખીને વહીવટ ચાલ્યા કરતો. તેવા સમયમાં અસ્મિતાપૂર્વક સમાધાનની શરતોથી માંડી ભવિષ્યની યોજનાઓ વિશેનાં મંતવ્યો આ વીલમાં કેટલી દૃઢતાથી લખાયાં છે !

સ્વામીશ્રી અને સંસ્થાના સિદ્ધાંત અને સંતોના હિતની કાળજીથી લખાયેલું આ

વીલ તત્કાલીન અધિકારીઓની સમર્પણનિષ્ઠાનો જ જાણે કે દસ્તાવેજ છે !

લક્ષ્મીપ્રસાદજીનો મહાન ઉપકાર !

વડતાલ છોડ્યે પણ સ્વામીશ્રીને ૧૮ વર્ષ વીતી ગયાં હતાં. તે સમયના વિપરીત સંજોગોમાં આવા વિરાટ મંદિરોનું નિર્માણ અને ગુજરાતની હજારો એકર જમીનોનો વહીવટ એ સાચે જ અસામાન્ય કાર્ય હતું.

પરંતુ સ્વામીશ્રીના અંતરમાં જે નિર્મળતા હતી તે અલૌકિક શબ્દોમાં પ્રતિબિંબિત થતી.

એકવાર તેમણે કહ્યું, 'આચાર્ય લક્ષ્મીપ્રસાદજીએ આપણને વડતાલમાં રહેવા ન દીધા, તે આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેમનામાં રહીને (જાણે) મહારાજે પ્રેરણા કરી ! જેથી આપણે બહાર નીકળીને શ્રીજી-સ્વામીની સર્વોપરી ઉપાસનાનાં મંદિરો કરી શક્યા, ને હજારોને તે ઉપાસનાનું શુદ્ધ જ્ઞાન થયું !'

શ્વપચના ઘરે વેચાવાની તૈયારી

ઝોળી માંગીને નિર્વાહ ચલાવવામાં, નાનામાં નાની સેવા કરવામાં, હરિભક્તો કે કડિયા-મજૂરોને પીરસવામાં, સ્વામીશ્રી અને સંતોએ ક્યારેય નાનપ નિહાળી નહોતી.

કુબેરભાઈએ સ્વામીશ્રીને ભાવનગરમાં ઝોળી માગતા રોક્યા ત્યારે સ્વામીશ્રીએ કહ્યું હતું : 'અક્ષર-પુરુષોત્તમને માટે આપણે શ્વપચને ઘેર વેચાવું પડે, તો પણ ઓછું છે ! તન- મન-ધનથી આપણે મહારાજની સેવા કરવી, તેમના હરિભક્તોની સેવા કરવી, તેમને જમાડવા, પાણી પાવું, ગૃહસ્થ હરિભક્તો માંદા હોય તો તેમની દેહે કરીને પણ સેવામાં ઘસાઈ જવું.... એમનાં લૂગડાં ધોઈ દેવાં એ સ્વયં સહજાનંદ સ્વામીની સેવા છે !'

આ માત્ર શબ્દો નહીં, સ્વામીશ્રીના હૃદયની ભાવનાઓનું નિર્મળ પ્રતિબિંબ છે.

મંદિર વિકાસ, સત્સંગ વિકાસ અને જમીન વિકાસનાં કાર્યમાં મહિનાઓ વીતી રહ્યા હતા.

સારંગપુરમાં બાકી રહેલું પથ્થરોનું કામ, એક પછી એક ઠલવાતાં પોરબંદરી પથ્થરોનાં વેગનો, કોઠારી હરિકૃષ્ણદાસ, હરજીવનભાઈ માસ્તર, મણિલાલ મારફતિયા વગેરેની અદ્‌ભુત સેવાઓ, સ્વામીશ્રીનું વજ્ર કહેવાતા ભંડારી સ્વામી

ભક્તિવલ્લભદાસજી તથા સોમા ભગત જેવા મહારથીઓનો અવિરત ચાલતો સેવાયજ્ઞ, અડીખમ સાધુ સ્વામી અક્ષરપુરુષદાસજીની કાયામાં શ્રીજીએ મૂકેલ અતુલનીય શક્તિ અને કોઠારી શંકરભગતની કાર્યદક્ષતા !!

આ બધા એવાં વ્યક્તિત્વો હતા કે જાણે એ સૌને સ્વામીશ્રી અક્ષરધામમાંથી જ ન લાવ્યા હોય ?! આવા પ્રચંડ સંઘર્ષો વચ્ચે કે વિરોધના ભયાનક વાવાઝોડા વચ્ચે પણ મેરુની જેમ નિશ્ચલ રહી શકતા આ ભક્તો અજાણતાં જ એક સ્વર્ણિમ ઇતિહાસ સર્જી રહ્યા હતા !

સમાધિ પ્રકરણનો પ્રારંભ

પ્રતિષ્ઠાવિધિ થતાં જ હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાંથી તેજની ધારાઓ છૂટવા લાગી, સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા આચાર્ય લક્ષ્મીપ્રસાદજીના પુત્ર રાધારમણપ્રસાદને સહસા આજ્ઞા કરી : 'મહારાજની મૂર્તિ સામું અનિમેષ નેત્રે જોઈ રહો. આડું અવળું જોશો નહીં !' રણછોડ ભગતે મધુર સ્વરે કીર્તન ઉપાડ્યું : 'જોઈ મૂર્તિ મનોહર તારી...' અને સ્વામીશ્રી નીચે પધાર્યા. તે દરમ્યાન રાધારમણપ્રસાદને મૂર્તિમાં લક્ષ થઈ ગયો. સમાધિ લાગી ગઈ અને જાળી પકડી એમ ને એમ નિશ્ચેષ્ટ થઈ ગયા !

આ પ્રસંગે કલકત્તાથી આવેલા ડૉ. હીરાલાલે તેમને તપાસ્યા પણ નિદાન ન થઈ શક્યું. સ્વામીશ્રી આવ્યા ને તેમને જોતાં જ કહ્યું : 'તેમને સમાધિ થઈ છે !'

હા, શ્રીહરિ ધામમાં પધાર્યા ત્યાર બાદ સમાધિ પ્રકરણનો પ્રારંભ એમણે પોતે જ સ્વામીશ્રી દ્વારા કરાવી દીધો હતો ! સૌને આવી પ્રતીતિ પણ આવતી હતી.

આજથી સમાધિ પ્રકરણનો પ્રારંભ થયો, એક તરફ યજ્ઞ ચાલી રહ્યો હતો. ત્યાં પણ અચાનક પ્રકાશના ત્રણ ગોળા આકાશમા દેખાવા લાગ્યા. દરવાજા પાસે બેઠેલા ભગવાનદાસ શેઠ અને હરિભક્તોને ધામ-ધામી અને મુક્ત સાક્ષાત્ પધાર્યા હોવાનો અનુભવ થયો. સૌ સ્વામીશ્રીના અદ્‌ભુત સામર્થ્યથી એટલા રોમાંચિત હતા કે અહોભાવ વ્યક્ત કરવા કોઈ શબ્દો પણ ઉચ્ચારી શક્યા નહીં બસ, 'અદ્‌ભુત ! ચમત્કારી !' આ સિવાય બોલી પણ શું શકાય ?

ગાંધીજી સાથે ઐતિહાસિક મુલાકાત

સ્વામીશ્રીના આવા પ્રતાપનાં દર્શન થઈ રહ્યાં હતાં, ત્યારે ભારત ભરમાં

'ઈન્કલાબ ઝિંદાબાદ', 'કરેંગે યા મરેંગે', નાં સૂત્રો ગાજી રહ્યાં હતાં. ગાંધીજી દાંડીકૂચ દ્વારા સમગ્ર ગુજરાતમાં જાગૃતિ આણી રહ્યા હતા. આ યાત્રા દરમ્યાન સને ૧૯૩૦ માર્ચમાં તેઓ સ્વાતંત્ર્ય સેનાનીઓના સંઘ સાથે નવાગામ (નાયકા) આવી પહોંચ્યા.

સ્વામીશ્રી નવાગામમાં જ બિરાજ્યા હતા. સરદાર પટેલ દ્વારા અને ગુજરાતના અન્ય પ્રતિષ્ઠિતો દ્વારા ગાંધીજીને પણ સ્વામીશ્રીનું નામ જાણમાં આવ્યું હતું. બંને યુગવિભૂતિઓનું આ ગામમાં ઉષ્માપૂર્ણ મિલન થયું. ગાંધીજીએ પ્રણામ કરી કહ્યું :

'સ્વામીજી, અમારું સ્વરાજ્ય લેવાનું કાર્ય સફળ થાય, તેવા આશીર્વાદ આપજો !'

સ્વામીશ્રી સહજભાવે બોલ્યા : 'તમારા પ્રતાપથી દેશને જરૂર સ્વરાજ મળશે. ને તે માટે અમારા આ જોગીમહારાજ નિત્યે માળા ફેરવશે ! એમ કહી એક સનાતન સત્ય ઉચ્ચાર્યું : 'ધર્મ-નિયમ રાખશો તો તમારી ભેળા ભગવાન ભળશે !'

સ્વામીશ્રીની ગાંધીજી સાથેની આ ઐતિહાસિક મુલાકાત થઈ.

થોડા સમયમાં બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ સ્વામીશ્રી પુરુષોત્તમદાસજી ધામમાં પધાર્યા. તે પછી વડતાલ ગાદીના આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજ અક્ષર-નિવાસી થયા. એ દિવસ હતો, તા. ૧૬-૧૨-૧૯૩૦, સં. ૧૯૮૭, માગશર વદ એકાદશીનો.

સ્વામીશ્રીએ તેમના અક્ષરવાસ નિમિત્તે ધૂન કરાવી.

શાસ્ત્ર, જ્ઞાન, કાયદો અને તટસ્થ દૃષ્ટિનો સમન્વય

જ્યારે અક્ષરનિવાસી આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી મહારાજની ગાદીપતિ તરીકે પસંદગી થઈ ત્યારે તેમાં પૂર્વ આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજી મહારાજે તો કોઈ ભાગ લીધો જ ન હતો. કેમકે તેમને તો ધર્મવિરુદ્ધના વર્તનને કારણે એકદમ જ પદભ્રષ્ટ કરાયા હતા. વળી શ્રીપતિપ્રસાદજી પણ ગાદીએ આવ્યા ત્યારે જ કરારનામા ઉપર સહી કરી ચૂક્યા હતા, કે ગાદીનો વારસો મારે મારી રીતે આપવાનો કોઈ હક્ક નથી અને ટ્રસ્ટી મંડળ ધારે તેને ગાદી આપી શકશે ! જો કે તેમણે ગાદીએ હતા તે દરમ્યાન પોતાની ખાનગી મિલકતના વારસ નીમવાનો હક તો પોતાને છે જ, એમ સાધુઓ - ટ્રસ્ટીઓને સમજાવી ધાર્યું કર્યું હતું કે હું ધારું તેને મારો વારસો આપી શકું છું ! આ અનુસાર તેઓ પોતાના ભાઈ અને વઢવાણ ગાદીના અધિપતિ

કુંજવિહારીપ્રસાદજીના પુત્ર આનંદપ્રસાદજી મહારાજને ગાદીપતિ બનાવવાનું વીલ કરતા ગયા.

આમ આચાર્ય શ્રીપતિપ્રસાદજી મહારાજના અક્ષરવાસ પછી આનંદપ્રસાદજી મહારાજ ૨૫ વર્ષની વયે તેમના ઉત્તરાધિકારી થયા. સાધુ-સત્સંગીઓને આ ઘટનાથી કોઈ જ રીતે સુવાણ થઈ ન હતી.

એમાંના કેટલાક મુંઝાયેલા હરિભક્તો પરસ્પર ચર્ચા પણ કરતા, આવી ચર્ચા એકવાર મુંબઈના ડૉક્ટર રતિલાલભાઈ સાથે પણ થઈ. તેઓ તો સ્વામીશ્રીના અનન્ય ભક્ત હતા. વળી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હતા. પરંતુ મિત્રોની દ્વિધાઓ તેમણે સ્વામીશ્રી ઉપર લખી મોકલી ને પત્રમાં તેમણે ચર્ચામાંથી નીપજેલા પ્રશ્નો પૂછ્યા હતા :

આચાર્યશ્રીને નીમવાની શાસ્ત્રોક્ત વિધિ કઈ છે ? તેમની સ્થાપના પહેલાં કેવી લાયકાત હોવી જરૂરી ગણી છે ? પૂર્વ આચાર્યશ્રી શ્રીપતિપ્રસાદજી પોતે જ તેમના પુરોગામી લક્ષ્મીપ્રસાદજીના નીમેલા ન હતા, ને પોતાના હક માત્ર છોડીને કરારનામા પર સહી કરીને કાંડા કાપીને ગાદીએ બેઠા હતા, તેઓ જ ગેરકાયદેસર હોય તો આનંદપ્રસાદજીને ગાદીપતિ તરીકે નીમી શકે ખરા ? ને નીમાયેલા આચાર્ય આનંદપ્રસાદજી કાયદેસર ગણાય કે ન ગણાય ? વળી લક્ષ્મીપ્રસાદજીના પુત્ર રાધારમણપ્રસાદજીએ કોર્ટમાં દાવો કરી મિલકત માગી છે, તેનું શું સમજવું ? અને લક્ષ્મીપ્રસાદજીને જ બરતરફ કરવામાં આવેલા તો શું આચાર્યને પણ બરતરફ કરી શકાય ? તેવું બંધારણ સંપ્રદાયમાં ઘડાયેલું છે ખરું ?' આવા પ્રશ્નો વાંચી સ્વામીશ્રીએ માત્ર હરિભક્તોનાં સમાધાન માટે સુંદર પત્ર લખ્યો. કેટલી હદે સ્વામીશ્રી કેવી કેવી વિગતો જાણતા ને તેમ છતાં આચાર્યશ્રી કે વડતાલ સંસ્થા વિરુદ્ધ કશું જ કરતા કે બોલતા પણ નહીં ! તે અજાતશત્રુતા આ પત્રમાં એમનું જ્ઞાન વાંચ્યા પછી વધુ સ્પષ્ટ થાય છે. એમની તટસ્થ દૃષ્ટિ અને કાયદાકીય જ્ઞાન બંનેનો અજોડ સમન્વય એટલે જ પ્રસ્તુત પત્ર ! સ્વામીશ્રી તેમાં લખે છે :

'શ્રીજી સ્વામી સત્ય છે'

સર્વ સુભોપમા વિરાજમાન પરમ ભગવદીય, પરમ બુધીમાન, સદાસુભકામ લાયક શ્રી અક્ષરપુરૂષોત્તમ ઉપાસક રા. રા. ડાકતર રતીલાલભાઈને વિદિત થાય કે આપ સર્વ પ્રકારે અમારી દલીલનો અનુભવ મેળવશો. જેથી આપના પરમમિત્રને અનુભવ કરાવી શકશો.

આપડા સંપ્રદાયમાં આચાર્ય નીમવાની રીત્ય 'સત્સંગીજીવન'માં ચોકસ લખી છે. તેમાં બંને ભાઈ (રઘુવીરજી, અયોધ્યાપ્રસાદજીએ) પોતાના વારસને ગાદીએ બેસારવો તેની લાયકાત જોવી. તમારો પુત્ર હોય ને સર્વજનને પ્રીતી હોય, પોતે ધર્મવાન હોય ને બીજાઓને ધર્મ પળાવે તેવો સમર્થ હોય તેને ગાદીએ બેસારવો. નાના-મોટાનો નીયમ નથી. તેવો પુત્ર તમારે ન હોય તો ધર્મવંશમાંથી બીજા ઉપર પ્રમાણે લાયક હોય તેને મારી પેઠે દત્તક વિધાન કરી દત્તપુત્ર કરીને ગાદીએ બેસારવો.

એમ સત્સંગિજીવન - મુખ્ય સંપ્રદાયનો ગ્રંથ છે તેમાં શ્રીજી મહારાજે સંવત ૧૮૮૨ની સાલમાં નકી કરીને (આચાર્યને) ગાદીએ બેસારયા. બાદ સં. ૧૮૮૩ ની સાલમાં બે દેશની હદો ને વીભાગનો નીર્ણય કર્યો તે વખતે પણ દેશ વિભાગના લેખમાં ચોખું લખ્યું છે કે 'તમારી પાછળ ગાદીએ બેસારવો તે સર્વપ્રકારે ધર્મ પાળવા-પળાવવામાં સમર્થ હોય તેવો તમારો પુત્ર હોય અગર તમારા ભાઈનો પુત્ર હોય તેને બેસારવો ને સારા ધર્મવાળા સાધુ-હરીજનને પણ પૂછવું ને તમારે ખાસ મનમાં ધારવું.' આ પ્રમાણે દેશવિભાગના લેખમાં લખ્યું છે.

માટે જે ગાદીપતી પ્રથમના આચાર્ય હોય તે જ પાછલાની નીમણોક કરે, પણ બીજા કોઈને આચાર્ય નીમવાનો હક નથી. માટે આચાર્યે જ આચાર્યને નીમવાનો હક (છે તે) શ્રીજી મહારાજનો સીધાંત છે.

'સત્સંગિજીવન'માં પ્રથમ સંસ્કૃત (ભાષા)માં પોતાને 'પુત્ર હોય તો પણ તે યોગ્ય ન હોય તો ધર્મકુળના બીજાને ગાદીએ બેસારવો' એમ ચોખવટ કરી છે એટલે (ગુજરાતી ભાષામાં લખેલા દેશ વિભાગના) લેખ વખતે સામાન્ય કહ્યું છે (કે) 'તમારો અથવા મારા ભાઈનો દીકરો ગાદીએ બેસારવો.' તેમ દત્તક કરવાની પ્રથમ ચોખવટ થઈ છે. એટલે લેખમાં મોઘમ લખ્યું છે માટે સંપ્રદાયનો ચોખો સીધાંત છે કે (ધર્મવંશના) વારસા હકથી જ ગાદી સ્થાપી છે ને 'સત્સંગિજીવન' પ્રમાણે પાછળથી વહીવટ ચાલ્યો આવે છે.

રઘુવીરજી મહારાજ ને અયોધ્યાપ્રસાદજી મહારાજને પોતે શ્રીજી મહારાજે દત્તક કરીને ગાદીએ બેસારયા છે તેમ રઘુવીરજી મહારાજે પોતાને પ્રજા ન હતી તો ભગવત્પ્રસાદજી પોતાના ભાઈના દીકરાને દત્તક કરીને ગાદીએ

બેસારયા છે. તેમ ભગવત્‌પ્રસાદજી મહારાજે પણ પોતાના કાકાના દીકરા કૃષ્ણપ્રસાદજીના દીકરા (વિહારીલાલજી મહારાજ)ને દત્તક કરીને ગાદીએ બેસારયા છે તેમ વીહારીલાલજી મહારાજે પણ પોતાને પ્રજા ન હતી તો પોતાની સ્ત્રીઓને લક્ષ્મીપ્રસાદજી મહારાજ દત્તક લેવાની આજ્ઞા કરી તે પ્રમાણે દત્તક લઈને (પાછળથી)ગાદીએ બેસારયા હતા અને દત્તક વિધાનનો લેખ કરી આપેલો તે કોરટે કબૂલ કર્યો છે. તે પ્રમાણે શ્રીપતિપ્રસાદજી મહારાજને લક્ષ્મીપ્રસાદજીએ દતક કરીને ગાદીએ બેસારયા નથી એટલે 'સત્સંગિજીવન'ના ગ્રંથ, શીક્ષાપત્રી અને સંપ્રદાયના વહીવટ પ્રમાણે (તેઓ) કાયદેસરના આચાર્ય નથી, વલી પોતે 'શ્રીપતિ(પ્રસાદ) લક્ષ્મીપ્રસાદ' જેવું નામ ન રાખતાં ૧૦ વર્ષ ઉપર ગુજરી ગયેલા વિહારીલાલને(પિતા તરીકે) તેમ (જ) બંને પત્નીઓ ૮ વર્ષ પહેલાં મરી ગયેલી તેમનું નામ પોતાના મનસ્વીપણે (માતા તરીકે) પોતે રાખેલ એટલે તે પણ કાયદા વીરુધ છે. વળી પોતે ગેરકાયદેસર આચાર્ય પદે બેસવાના ઈરાદાથી એક કરારનામું રજીસ્ટર કરી લખી આપ્યું છે કે 'તમો બધા સાધુ-સત્સંગી કહો તેમ કરીશ. અમને (આચાર્ય પદેથી ઉતારીને) રજા આપો તો ત્રણ જ લુગડા લઈ મારે ઘરે છપૈયે (ચાલ્યા) જવું ને મારી પાછળ મારી ગાદીએ (હું જેને ઈચ્છું તેને જ) બેસારવાનો (મને કોઈ) હક નથી. તમારી ખુશીએ આવે તેને બેસાડો.' (આવું નામું લખી આપ્યું છે) તે છતાં પોતે દતક તરીકે (આનંદપ્રસાદજીને) ગાદીએ બેસાર્યા છે તે કાયદેસર નથી.

તે વખતે કેટલાક ત્યાગી - ગૃહસ્થોએ તકરાર કરીને મનાઈ હુકમ કઢાવ્યો ત્યારે પોતે કહ્યું કે એ તો મારી (ઉત્તર) ક્રિયા ખરચ કરવા સારુ મારી ખાનગી મિલકતોનો વારસ કરવા દતક લઉં છું તેથી મનાઈ હૂકમ રદ કરવો, પાછળ પોતે આડી-અવળી વાતો સમજાવીને કોરટને આડું અવડું(અવળું) સમજાવીને દતક લેવાનો હક છે તેવું ઠરાવ્યું. પણ પોતે પહેલેથી જ જવાબમાં ચોખુ લખેલું છે કે ગાદીએ (મારી ઈચ્છા મુજબનો વારસ) બેસારવા - દતક લેવાનો (મને હક) નથી. માટે તે જજમેન્ટ રીત્ય પર નથી (અર્થાત્ તે ખોટું બોલેલ છે.)

બીજું, મુંબાઈમાં સાર્વજનીક દાવો કર્યો. તેમાં હાયકોર્ટના વડા જજે ચોખું લખ્યું છે કે 'લક્ષ્મીપ્રસાદજી મહારાજ સુધી આચાર્ય કાયદેસર છે અને

શ્રીપતિપ્રસાદ કેવા સંજોગોમાં ગુસી ગયો તે હું કહેતો નથી, કારણ વાદીની તેના ઉપર તકરાર નથી.' તે ઉપર ચોખ્ખું થયું છે કે શ્રીપતિપ્રસાદ ૧. સત્સંગીજીવન, ૨. (દેશ-વિભાગનો) લેખ, ૩.શિક્ષાપત્રી (ત્રણે) પ્રમાણે આચાર્ય છે એમ હાયકોર્ટના જજે પણ માન્યું નથી તો તે કાયદેસર નથી જ.

વળી (લક્ષ્મીપ્રસાદજીના પુત્ર) રાધારમણનો દાવો છે કે (મારા પિતાને ખોટી રીતે બરતરફ કરવામાં આવેલ છે તે દાવાના) છેલ્લા જજમેન્ટમાં ચોખ્ખું લખ્યું છે કે તમારે તેવી માંગણી કરવી જોયતી હતી કે 'લક્ષ્મીપ્રસાદનું રાજીનામું ગેરકાયદેસર છે તેમ ત્યાર પછીના બંને આચાર્ય થયા તે ગેરકાયદેસર છે માટે હું (ગાદીનો) વારસ છું તો મારી નીમનોક (નિમણૂક) કોરટે (આચાર્ય તરીકે) કરવી જોઈએ. તેમ પોતાની નીમનોકની પણ માંગણી કરી નથી એટલે કઈ રીતે ગાદીની નીમનોક કરવી ?

જ્યારે જે ગાદીએ આચાર્ય હોય તે સત્સંગિજીવન પ્રમાણે પોતાના છોકરાને નીમે, અગર ધર્મવંશના બીજા દીકરાને દતક વિધાન કરી - દતપુત્ર કરીને નીમે ત્યાર પછી ગાદીનો ધણી થાય છે. તેમ નકી થયેલ છે, તો શ્રીપતિ જ કાયદેસર નીમાએલા નથી તો તેમણે નીમેલા આનંદપ્રસાદજી કેમ હોય શકે ? માટે બંને ગેર કાયદેસર છે એ નકી છે.

એજ... દા. પોતાના.

કાયદો, શાસ્ત્ર અને તટસ્થદૃષ્ટિ ત્રણેના સમન્વય સમો આ પત્ર વાંચતાં શ્રીજીની ગાદી પર કેવી કેવી બિનસૈદ્ધાંતિક રીતે અધિકારો સ્થપાયા છે, તે વાંચી સાચે જ આઘાત લાગે. પરંતુ સ્વામીશ્રી તો આવી કોઈ પણ વાતમાં ઊંડા ઊતરતા પણ નહીં. ને કોઈ પૂછે તો અન્ય સંતોને મળીને સમજી લેવા જણાવતા. પરંતુ આ પત્રમાં તેમણે જે કાંઈ કહેવાનું છે તે અત્યંત લાઘવમાં પણ અત્યંત દૃઢતાથી કહી દીધું છે. તેમાં પણ એમની સૈદ્ધાંતિક દૃષ્ટિ જ મુખ્ય પણે રહી છે.

આનંદપ્રસાદજી મહારાજને પત્ર

બ્ર. શા.મ. ભાગ ૧.૯૬

આ ઉત્તર આપવાનો સ્વામીશ્રીનો હેતુ પણ એ જ હતો, કે હરિભક્તોની મુંઝવણ ઊકલી શકે, નહીં કે આચાર્યને ઉતારી પાડવાનો હેતુ ! અન્યથા તો નિર્ગુણ સ્વામી શા માટે આનંદપ્રસાદજી મહારાજને ગાદી પર આવ્યાનો અભિનંદનપત્ર લખે ?

સ્વામી નિર્ગુણદાસજી અત્યંત બાહોશ શૂરવીર વહીવટકર્તા અને સાધુમૂર્તિ સંત હતા. તેમણે સ્વામીશ્રીની અજાતશત્રુતાનો પરિચય અને આચાર્યશ્રીના પિતા કુંજવિહારીપ્રસાદજીને કેવા સંજોગોમાં મદદ કરી હતી તેની સુંદર યાદ પણ આ પત્રમાં આપી છે. વળી પોતાની સિદ્ધાંત બાબતની સમજણ સત્ય છે, તે જણાવી વચનામૃતનો તટસ્થપણે અભ્યાસ કરવાની આડકતરી રીતે તાકીદ પણ કરી છે. આમ આ પ્રશસ્તિપત્ર પણ કહી શકાય અને સલાહપત્ર પણ કહી શકાય. આ અનુપમ પત્રમાં નિર્ગુણ સ્વામી લખે છે :

શ્રીજી સ્વામી

શ્રી અક્ષરપુરુષોત્તમાય નમઃ

શ્રી સ્વામીનારાયણાય નમઃ

તા. ૧૫-૧-૧૯૩૧

સ્વસ્તીશ્રી સારંગપુર મહાસુભ સ્થાને પરમકૃપાળુ પરમદયાળુ પરમ પુજ્ય ધર્મકુળમુગટ મણિ શ્રી સ્વામીનારાયણની ઉપસના પ્રવર્તક ધર્મધુરંધર આચાર્ય મહારાજ શ્રી આનંદપ્રસાદજી મહારાજની પવિત્ર સેવામાં - આણંદથી લી. નિર્ગુણદાસના સાષ્ટાંગ દંડવત્ પૂર્વક જયશ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપના પિતાશ્રી (કુંજવિહારીપ્રસાદજી) વઢવાણની ગાદી ઉપર આવ્યા તેમાં પણ શાસ્ત્રીજી મહારાજે ઘણી મદદ કરેલી. મારાથી બનતી સેવા પણ થયેલી એ વિશેષ પ્રસંગે જણાવવામાં આવશે....

(સંવત્) ૧૯૬૨ની સાલમાં વડતાલથી શાસ્ત્રીજી મહારાજ નોખા પડ્યા, ત્યારે હું પણ સાથે જ નીકળેલો. ૧૯૬૪ની સાલમાં આપના પિતાશ્રીના હાથે સાધુ થયેલો. એ અરસામાં અમો વઢવાણ જતા આવતા, ત્યારે આપને વર્તમાન પણ શાસ્ત્રીજી મહારાજના હાથે જ ધારવેલા છે. તે આપની જાણમાં આવ્યું હશે !

બોચાસણમાં ત્થા સારંગપુરમાં બે મોટા મંદિરો શાસ્ત્રીજી મહારાજે બંધાવ્યા, તેમાં પણ બનતી સેવા કરી છે.

ટુંકામાં શાસ્ત્રીજી મહારાજે અત્યાર સુધીમાં વડતાલમાં રહીને પણ મંદિરોની સેવા કરી છે, સત્સંગ વધાર્યો છે. ને બહાર નીકળ્યા પછી પણ મંદિરોની સેવા કરી છે, ને કોઈ અપકાર કરે તો તેના બદલામાં અપકાર ન કરતાં ઉપકાર કરે છે, એ એમનામાં મોટી સાધુતાનો ગુણ છે.

શ્રી સ્વામિનારાયણની ઇચ્છાથી પ્રારબ્ધાનુસાર વડતાલની ગાદીએ આવ્યા તેમાં હાલ સારો સત્સંગ આપના પ્રત્યે રાજી છે. અમે પણ રાજી થયા છીએ. અમારે તો એટલો આનંદ છે કે શાસ્ત્રીજી મહારાજનું કાંડું પકડેલું તેની ચઢતીમાં હંમેશાં રાજી રહેવું. એ દરેક તેમના અનુયાયીનો ધર્મ છે....

માટે... અમે વિચાર કર્યો કે વડતાલની ગાદી તે આપણી જ છે. સેવા કરીને થાય તેટલી સેવા કરવી. કોઈના રાગદ્વેષમાં ઊતરવાનો ઠરાવ પ્રથમથી જ નહીં. પછી શ્રીજી મહારાજની ઇચ્છાથી વડતાલના કુસંપનો અંત આવી ગયો ને અંતે આપ નિર્વિઘ્ને ગાદી પર આવ્યા.

ટૂંકમાં અમારે તો આપના પ્રત્યે પૂજ્યભાવ છે, ને આપને (અમારા)વિરુદ્ધ શબ્દો(સાંભળવા)થી ભડકાટ હોય પણ તે રાખવાની જરૂર નથી. આપને તો સમાનદૃષ્ટિ જોઈએ. અમારે કંઈ કોઈ જાતનું અંગત વેર નથી, તેમ દ્વેષભાવ નથી. અમારું ધ્યેય શું છે, તે આપ વચનામૃતમાં ઊંડા ઊતરેલા નહીં, માટે ખબર પડે નહીં, બાકી સ્વામીનારાયણ સિવાય, ને તેની આજ્ઞા સીવાય બીજો કોઈ સંકલ્પ નથી. કરવાનું છે, તે સ્વામીનારાયણનું જ પ્રધાનપણું. એટલો ગુન્હો છે ને પ્રથમનો શો ગુન્હો હતો, તે તો જણાવ્યો. હવે છેટા રહીને પણ આપના આનંદનો પ્રસાદ ચખાડશો, એટલી માગણી છે.

અમે આંહી (અમને) બહાર સમજતા નથી. (જે) સમજતા હશે, તેને દુ:ખ છે. અમે તો જે કરીએ છીએ, તે આપના તાબાનું છે. કારણ સ્વામીનારાયણની ગાદીએ તમે આવ્યા છો, તે માલીક તમે છો.....

અક્ષરમંદિરનો પ્રારંભ

શ્રીજી અને સ્વામીની મૂર્તિઓથી શોભતાં બે મંદિરો ગુજરાત - કાઠિયાવાડમાં મજબૂત સ્થાનક સ્થપાઈ ગયાં હતાં. પરંતુ ખરું ગુણાતીત સ્થાન - ગોંડળની 'અક્ષર દેરી' તો હજુ બાકી જ રહી હતી.

સ્વામીશ્રીએ લીંમડીવાળા નારણજી મહારાજ(મૂળ ગઢડા પાસે કમલાપુરના)ને પ્રેર્યા. તેમણે પોતાના હેતવાળા અને પ્રતિષ્ઠિત હરિભક્ત હરિભાઈ અમીનને અક્ષરદેરીની જમીન વેચાતી લેવા પ્રયત્ન કરવા આજ્ઞા કરી. હરિભાઈએ સહજભાવે જ મહારાજા ભગવત્સિંહજીને મળી વિનંતી કરી. કોઈ જ લાંબી રકઝક

વગર રાજા સાહેબે ત્રણ શરત મૂકી : 'બે લાખ રૂા.ની જમીન હું તમારી રકમે રૂા. ૨૫૦૦૦/- માં આપી દઈશ, પણ આ મંદિર બાંધવા બાબતે ત્રણ શરતો મૂકું છું. અક્ષરદેરી છેક મુખ્ય માર્ગથી દેખાવી જોઈએ ને તે અખંડ રહેવી જોઈએ. બીજું, ત્રણ વર્ષમાં આખું મંદિર પૂરું થવું જોઈએ અને ત્રીજું રૂા. ૧૦ લાખનો ખર્ચ કરવાની તૈયારી હોય તો જમીન મળે !'

સ્વામીશ્રીએ શ્રીહરિના બળથી બધી જ શરત સ્વીકારી લઈને રૂા. ૨૫૦૦૦માં સમગ્ર જમીન ખરીદી લીધી.

બધી જ રકમની સેવા હરિભાઈ અમીને પોતે જ પૂર્ણ કરી. ધન્ય છે આવા સમર્પણવીર ભક્તરાજને !

'અક્ષરદેરી' સહિત મોટી જમીન 'શાસ્ત્રી'એ ખરીદી લીધી છે એ સમાચાર પવનવેગે સંપ્રદાયના મંદિરે મંદિરે પહોંચી ગયા. સોરઠ આખો ધ્રુજી ગયો !! સત્સંગની નાભિ સમાન આ તીર્થનો વહીવટ જૂના મંદિરમાં ૬૫ વર્ષ સુધી 'અક્ષરવાડી'ના નામે ચાલ્યો હતો. જે સ્થાન અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના સ્મારક તરીકે વિશ્વભરમાં પ્રખ્યાત થવા સર્જાયું હતું, એ સ્થાન સ્વામીશ્રીની ઝોળીમાં સમર્પિત થઈ ચૂક્યું હતું. સ્વામીશ્રી પણ આજે સારંગપુર પછી ૧૫ વર્ષે ફરી એક વિશાળ મંદિરના પ્રારંભ માટે કટિબદ્ધ થઈ ગયા હતા.

તા. ૧૮-૧-૧૯૩૨, સં. ૧૯૮૮ના પોષ સુદ ૧૦ના દિવસે મહારાજા ભગવત્‌સિંહજી તથા રાજકોટના શેઠશ્રી મોરારજી મંગળજીના વરદ હસ્તે અક્ષર મંદિરનો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો.

આ સમાચાર આફ્રિકાના હરિભક્ત - મૂળ ગાનાના ભક્તરાજ હરમાનભાઈ વગેરેને મળતાં તેમના આનંદનો પાર ન રહ્યો, આર્થિક ઉદ્દેશથી આફ્રિકા ગયેલા પટેલો યુગાન્ડામાં નાનાં નાનાં ગામોમાં સ્ટેશન માસ્તર, સુપરવાઈઝર કે દુકાનો કરીને નોકરી-વેપાર-ધંધો વિકસાવી રહ્યા હતા. ગાનાના હરમાનભાઈ યુગાન્ડા પહોંચ્યા, તેમણે જોયું કે અહીંની અનાર્ય પ્રજા સાથે રહી અસંસ્કારના રવાડે ચડી ગયેલા સેંકડો મુમુક્ષુઓને સ્વામિનારાયણ ભગવાને કહેલા સદાચારના માર્ગે વાળવાની જરૂર છે. તેમણે ભગીરથ પુરુષાર્થ કરવા માંડ્યો. અણધારી સફળતા મળતી ગઈ. સ્વામી નિર્ગુણદાસજી તેમને 'સત્સંગના સરદાર' કહેતા અને પોતાના જ્ઞાન અને પ્રેરણા સભર પત્રો દ્વારા માર્ગદર્શન આપી હરમાનભાઈને પણ આફ્રિકાના સત્સંગનું સુકાન સંભાળી લેવા તૈયાર કરી દીધા હતા.

સર્વસ્વ હોમી દેવાની ઝંખના

અનેક ચમત્કારી ઘટનાઓ અક્ષર મંદિરના કાર્ય સાથે જ બનતી રહી. અને એકાદ વરસમાં પ્લીન્થ સુધી કામ આવી ગયું. બરાબર આવા જ સમયે આફ્રિકાથી હરમાનભાઈ મકનદાસ પટેલ સ્વામીશ્રીનાં દર્શન-સમાગમ માટે સ્ટીમર દ્વારા ભારત આવી પહોંચ્યા.

ગાના થઈ તેમણે સ્વામીશ્રીનાં દર્શને નગાસર-રાજપુરની પારાયણોનો અદ્ભુત લાભ લીધો. આ પારાયણોમાં કેવું વાતાવરણ રહેતું ? હરિભક્તોનો ઉત્સાહ, ભાવ અને પરસ્પરનો મહિમા કે સુહૃદ્ભાવ કેવો હતો ? સ્વામીશ્રી, યોગીજી મહારાજ અને નાનામાં નાના સંતોની દિનચર્યા કેવી રહેતી ?

કથાપ્રસંગમાં સૌની કેવી રુચિ હતી ? અને કેટલી સંખ્યામાં એ પારાયણોનો હરિભક્તો લાભ લેતા ? આ બધી બાબતો પરદેશી હરિભક્તની આંખે કેટલી આશ્ચર્યજનક લાગતી ? એ તેમના જ એક ઝીણવટભર્યા અહેવાલપત્ર પરથી સમજી શકાય છે.

પૂજ્ય નિર્ગુણસ્વામી આ દિવસોમાં ખાનદેશમાં ધુલિયા ખાતે લાભ આપી રહ્યા હતા. હરમાનભાઈ તેમને રાજપુર (જિ. મહેસાણા) ખાતે થયેલી પારાયણ બાબતે અદ્ભુત પત્ર લખીને આપણી આંખો સમક્ષ તત્કાલીન દિવસોનો માહોલ ખડો કરી દે છે :

તા. ૨-૨-૧૯૩૩

સત્સંગ પ્રત્યે અનહદ લાગણી ધરાવનાર, પરમ પૂજ્ય સ્વામીશ્રી નિર્ગુણદાસજી, પૂ. અક્ષરપુરૂષોત્તમદાસજી વગેરે, ધુલીઆ.

વિ. હું ત્થા જીવાભાઈ ગાનાથી તા. ૨૪-૧-૩૩ના નીકળ્યા. હું જખવાડા સ્ટેશને ઊતર્યો, એટલે આશાભાઈ પ્રભુદાસ ત્થા સારંગપુરના કોઠારી મલ્યા.

અમે મન્દિરમાં આવ્યા ત્યારે ૨ વાગ્યા હતા. દર્શન કર્યાં. સર્વ સંતો ત્થા સદ્ગૂરૂવર્ય શાસ્ત્રી મહારાજ એક હરિજનના આગ્રહથી ગાડામાં બેસી ચણાનો ઓળો ખાવા પધાર્યા હતા. અમારી મંડળી સામી ચાલી. તલાવ ઓળંગ્યું. થોડે દૂર ગયા એટલે શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજી ત્થા અન્ય બે નાના સન્તો ત્થા હરિજનો ખેતરોમાં આવતા જણાયા. છેટેથી જય સ્વામીનારાયણ કરયા. તે અરસામાં ગાડું કે જેના ઉપર ભગવા વાવટા ઉડી

રહ્યા હોયને શું ! તેમ સન્તોથી વિરાજમાન ઉતાવળથી ગાડું આવતું હતું. ગાડું નજીક આવતાં સર્વએ સાષ્ટાંગ નમસ્કાર કર્યા અને હરિભક્તોએ આગ્રહ કરીને મને ગાડામાં બેસાર્યો. સાંજના ચાર વાગે મંડપમા ગુણાતીતાનંદ સ્વામીની વાતો હતી. વાચક પૂ. જ્ઞાનજીવનદાસ હતા. નવ દિવસના સમાગમે મેં જોગીમહારાજને વકીલની ઉપમા આપી. જેમ હાઈકોર્ટમાં દાવો ચાલે અને વકીલો બોલે છે કે 'અમૂક પીનલ કૉડની રૂએ આ વાત છે.' તેવી રીતે વાત કરતા. વચનામૃત ઘણાખરાં મોઢે જ ! સ્વામીની વાતુ મોઢે ! કીર્તન મોઢે ! મુઠી જેવડા મગજમાં આ બધું ક્યાં ભર્યું હશે ? યાદશક્તિ ગજબ કહેવાય ! ચાલતી વાતે સભામાં પૂછે કે આ વાત કયા વચનામૃતમાં છે. તે હરિજનો ઉત્તર આપે. અને ખરૂ હોય તો હા પાડી હસે. બોલતાં ત્થા વાંચતાં તો મુખારવિન્દ ઉપર હાસ્ય રમી રહ્યું હોય. અને દરેકના એક સાચા મિત્ર જ જેવા લાગે. તે વાતોમાં વળી પૂ. શાસ્ત્રી મહારાજ પુષ્ટી કરે.

પછી પાંચને સુમારે દાઢમાવાળા પૂ. નારણજી મહારાજ પધાર્યા, શાસ્ત્રી મહારાજે કહ્યું કે તમારી વાતો સાંભળવા દૂરથી હરિજનો આવ્યા છે. વળી આફ્રિકાથી પણ આવ્યા છે માટે વાતો કરી ખુશ કરી દ્યો.

અને નારાયણજી મહારાજની વાતોનો પ્રવાહ છૂટ્યો. નારાયણજી મહારાજના ઘરમાં સત્સંગ મહારાજ છતાંનો છે. અને તેમની ઉંમર ૬૩ વરસની છે. પૂ. શાસ્ત્રી મહારાજે એક દિવસ મારા નવ દિવસના સમાગમ દરમ્યાન કહ્યું હતું કે સ્વામીનારાયણ સંપ્રદાયમાં બે આવી વાતો કરનારા થઈ ગયા. એક તો સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામી અને બીજા પૂ. બ્રહ્મચારી અચિંત્યાનંન્દજી અને હાલમાં વર્તમાન કાળે ત્રીજો નંબર નારાયણજી મહારાજનો આવે. મેં ગઈકાલે નારાયણજી મહારાજને પૂછ્યું કે મહારાજ, તમે કોઈ વાત બેવડાય નહિ અને ચાલુ ને ચાલુ વાતો ક્યાં સુધી કરી શકો ? તે મને કહે : એક મહિનો તો કરૂ જ. એકે વાત બેવડાય નહિ ! અને બધી વાતો સત્સંગની. વળી તેમની વાતો ગામનું નામ, માણસનું નામ, સાલ ત્થા તિથિવાર સાથે કરે છે. કેટલી ગજબ યાદશક્તિ ! કેટલો અભ્યાસ ! એમ કહીશ કે જેણે નારાયણજી મહારાજની વાતો અને સદ્‌ગુરૂ સ્વામી યજ્ઞપુરુષદાસના મુખથી સત્સંગિજીવન ગ્રંથ નથી સાંભળ્યો તે જન્મ્યો તે વૃથા

જ જન્મ્યો.

સાંજના ૬-૧૫ થયા એટલે 'સંત સમાગમ કીજે'નું કીર્તન ગાયું અને જયજયકાર બોલાવી સર્વ હરિજનો સન્તો ગાતાં ગાતાં મન્દિરે ગયા. સાંજે આરતી થઈ. પછી ધૂન્ય થઈ. વળી પાછા નારાયણજી મહારાજે વાતો કરી અને દરેકને ખુશ કર્યા. ૧૧ વાગે સભા વેરાઈ. સૌ નિત્યવિધિ કરી સૂઈ ગયા. સવારના ચાર વાગે ઉઠ્યા ત્યારે તો તા. ૨૫-૧-૩૩ને બુધવાર , આજે તો પૂર્ણાહુતિ હતી એટલે મંડપ ચિકાર હતો આશરે ૩૦૦ માણસ અને ૭૫ બાઈયો હશે. કથા સાત-સાત દિવસ સાંભળી દરેકે ગુણ ગ્રહણ કર્યો. ખરા સન્તોની ખબર પડી. 'શ્રી સહજાનંદસ્વામીની જય' 'શાસ્ત્રીમહારાજની જય'ના જયજયકારે ચારે દિશા ગરજી, સાંજના પાંચ વાગ્યા. મોટર આવી. તેમાં ૧૫ માણસ જાય તેમ હતું. પણ અમે સાંકડે માંકડે ૨૨ જણ ચઢી બેઠા. હરિજનો તો મોટરની ચારે બાજુ ફરી વળ્યા 'જય સ્વામીનારાયણ' 'દયા રાખજો' તેવા શબ્દો જ સંભાળાવા લાગ્યા. મોટર ચાલી. કીર્તનો શરૂ થયાં. વચનામૃતો તો જોગીને મોઢે ! ક્યાં ચોપડીની જરૂર હતી ? તેઓ પણ તે બોલ્યા. ગાડીમાં આરતી વિગેરે... થયું. મોટર તો અક્ષરધામનું વિમાન ન હોય ? તેમ સ્વામીનારાયણમય બની ગઈ. રસ્તામાં ગામ આવે ત્યાં 'શ્રી સહજાનંદ સ્વામીની જય' ઉચ્ચારાતી. નગાસરથી રાજપુર ૧૬ ગાઉ છે. ૯-૧૫ વાગે રાત્રે રાજપુર પહોંચ્યા.

મન્દિર આગળ માણસ માય નહિ. 'જય સ્વામીનારાયણ' વગર બીજું સંભળાય નહિ. નમસ્કાર થઈ રહ્યા. પછી તો આગલે દિવસે ચાર સાધુ નગાસરથી પૂ. પ્રેમવતીદાસજી, પૂ. હરીદાસજી વિગેરે ગયા હતા. જેથી તૈયારીઓ બધી થઈ હતી. જમવા આગ્રહ કરીને બેસાડ્યા. જમ્યા પછી જ્ઞાનજી મહારાજે વાતો કરવા માંડી. શ્રેયકુશળ હરિભક્તોના પૂછાઈ રહ્યા. પછી તો ખુરશી લાવીને ઉપર ગોદડું પાથરી દાઢમાવાળા નારાયણજી મહારાજે વાતોનો પ્રવાહ છોડ્યો.

બીજે દિવસે સવારે કુવે ગયા તો એક મોટી લીંબોળીમાં પાણી ગરમ થતું હતું. હવાડો હતો તે પણ ઉત્તમ બાંધણી. વળી પાસે તાપણી કરી હતી. દાતણ આપનાર પણ એક હરિભક્ત તૈયાર ! આફ્રિકામાં શીખ લોકોના સેવા ધરાના વિષે મેં સાંભળ્યું છે. તેની અહીં ઝાંખી થઈ. અહીં પણ હરિભક્તો

ડોલો પાણીની ભરી ન્હવાડતા. વળી ધોતીયાં પણ ધોઈ લાવે. ત્યાં સુધી તો સેવાભાવ ! આવો સેવાભાવ અને દિવ્યભાવ તો કોઈ સમૈયામાં આજ સુધી જોવામાં આવ્યો નથી. ન્હાવાની વ્યવસ્થા ઘણી જ ઉત્તમ હતી અમુક માણસોને મેં પૂછેલ કે તમે ઊંઘો છો ક્યારે ? કારણ કે તે કથામાં રાત્રે ૧૧ કે ૧૧॥ વાગ્યા સુધી હાજર હોય અને સવારમાં કુવા ઉપર પણ હાજર હોય. તે કહે : બે-ત્રણ કલાક ઉંઘીએ છીએ. હું તો આફ્રીન પોકારતો અને આવા ભક્તોનાં દર્શન કરવાના યોગમાં મને રહેવા મલ્યું તે માટે અહોભાગ્ય માનતો. સાડા સાત વાગે પૂજા પછી ચા પણ તૈયાર, વળી બાજરાના રોટલા પણ હરિભક્તો અથાણા સાથે પ્રેમથી જમાડતા. ચા ના પીવે તો દૂધ અને દૂધ ના પીવે તો છાસ ! આવી તો વ્યવસ્થા હતી. આઠ વાગે મન્ડપમાં ગયા. અહીં થોડી વિગત લખી. પછી આગળ લખીશ. પહેલાં તો રાજપુરના હરિજનોનો વિચાર મન્દિરમાં ઉપરના ભાગમાં હરિભક્તો બેસે અને નીચેના ભાગમાં સ્ત્રીયો બેસે તેવો હતો પણ તે લોકોએ સ્વામીને પૂછાવ્યું કે કેવી રીતે કરીએ ? એટલે પૂ. શાસ્ત્રી મહારાજે આગળ બુદ્ધિ વાપરી કહ્યું કે ગામમાં કથાની ગોઠવણી કરજો.

આમ કરવાનું કારણ એ હતું કે અમદાવાદના સાધુએ ઉપાધિ કરવા વિચાર કર્યો હતો. પણ કોઈએ કહ્યું કે લાગ જોઈને આવશો. શાસ્ત્રી મહારાજનો નાનો સાધુ એક પ્રશ્ન પૂછશે તો જવાબ આપતાં પણ ભારે પડશે. જેથી તે લોકોએ માંડી વાળ્યું હતું. એ લોકો શાસ્ત્રી મહારાજના મંડળને નાત બહારીઆ કહે છે. ગામમાં મંડપ પવિત્ર જગ્યાએ બાંધ્યો હતો. તે જગ્યાએ પહેલાં શ્રીજી મહારાજ આવેલ હતા. સવારમાં આરતી થઈ. શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજી વ્યાસપીઠ પર વીરાજ્યા અને શુદ્ધ સ્વરમાં મધુર-મીઠા અવાજે દરેકને સત્સંગિજીવનની કથા કહેવા લાગ્યા. અને ૧૨ વાગે પાછા જમવાને વાર તે મન્દિરે જતા. ડોસીયુંના મન્દિરમાં ધૂન થાય. પાટીદાર વર્ગ તમામ સાત જેટલી પુરુષોની પંગત પડતી આસરે ૨૦૦ માણસ હતા. અને પીરસાઈ રહેતાં સુધી 'સ્વામીનારાયણ ગુણાતીતાનંદ સ્વામી ભવતારાયણ' એમ ધૂન્યો બોલાતી. જમાડવામાં પણ તેવો જ પ્રેમ. પરાણે પરાણે લાડુ મૂકે. વળી ધાણાની દાળ પણ વ્હેંચાય. અડધું જમી રહે એટલે શ્લોક સંપ્રદાયના બોલાય. વળી જય પણ સાથે જ. વળી મન્દિરમાં બે એક વચનામૃત થાય

પછી શાસ્ત્રી મહારાજ કહે : જાવ સૂઈ જાવ ચાર વાગે ઉઠજો. જેથી ૨ાા વાગેથી ચાર જેને સૂઈ જવું હોય તે સુઈ જાય.

બપોરના (ચાર વાગ્યાની કથામાં) ગુણાતીતાનંદ સ્વામીની વાતું વંચાતી. એક દિવસ વચનામૃત પણ વાંચેલ. આવું તા. ૨૬ જાનેવારીથી તે ૩૧ જાનેવારી સુધી ચાલ્યું. આમ દરરોજનો પ્રોગ્રામ હતો. સાંજે નીચે મુજબ તાળીઓ પાડી ૦ાા થી ૦ાાા કલાક ધૂન્ય થતી.

સ્વામીનારાયણ નારાયણ ગુણાતીતાનંદ સ્વામી ભવતારાયણ,
ગુણાતીતસ્વામી સહજાનન્દ આદિ આકાર આનન્દ કન્દ.
બલિહારી રે બલિહારી સ્વામિનારાયણની બલિહારી.

આ બાજુના વાતો કરનાર હરિભક્તોની થોડી ઓળખાણ આપી દેવું. તે લોકોની વાતો સાંભળી મારા મનમાં થયું કે હજુ મેં તો કાંઈ ધાર્મિક અભ્યાસ કર્યો નથી ! તેમની આગળ હું રજ જેવો છું.

અહીં તો અક્ષરધામ બની ગયું હતું. આ કાગળ લખું છું. તેથી પણ આનંદ વર્તે છે. હવે તો બસ, નિશ્ચય કરો કે આ જ કરવું, કરવું ને કરવું. આડોશી-પાડોશી-ઘરનાં તમામ મનુષ્યને સત્સંગી કરવાં ત્યારે ઝંપવું. એ તો દરેકની ફરજ છે. પૂ. શાસ્ત્રી મહારાજે પૂછ્યું કે વર્તમાનપત્ર વાંચે છે તે શું નવાજુની છે ? મેં કહ્યું : 'સ્વામી, તેમાં હવે મોહ નથી. વાંચતો નથી.' તે સ્વામીશ્રી કહે, 'ઉકરડામાં શું વાંચવાનું ?!' મોટા સંતની દૃષ્ટિએ તો તે ઉકરડા જ જેવું ગણાય. આવી રીતે ગઈકાલ સુધી એટલે કે મંગળવાર સુધી બહુ જ આનંદ અનુભવ્યો. આ તો જીંદગી સાંભરશે. આફ્રિકામાં આ લાભ વિચારીને આનંદ સાથે આસુ પડશે. આંસુ પડવાનું કારણ એ અજડ(અજ્જડ) દેશમાં આવો સંતપુરૂષનો યોગ નથી. આનંદનું કારણ, લાભ લઈ લીધો. હું ગામમાં એક દિવસ હજામત કરાવવા ગયો હતો. ત્યાં પણ સ્ત્રીઓ ટોળે મળી કીર્તન જ ગાતી. ડોશીયુંના મન્દિરમાં પણ ગરબા અને કીર્તનોની ઝડી વરસતી. તે પુરૂષોના મન્દિરમાં પડઘા પડતા. તા. ૩૦-૧-૩૩ વસંત પંચમી હતી. તે નિમિત્તે ઉત્સવ સારો થયો હતો. ગુલાલ, કેશર બરાબર નંખાયું હતું. દરેક હરિજનનાં મુખ ત્થા મસ્તક તથા કપડાં લાલચોળ બન્યાં હતાં જાણે પ્રાતઃકાળના ઉગતા સૂર્ય સમ શોભી રહ્યાં હતાં. વળી વસંતપંચમી એ પૂ. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રી મહારાજનો જન્મ દિવસ છે. તે

નિમિત્તે બોચાસણમાં સમૈયો થાય છે પણ આ વરસે અહીં જ થયો. બે દિવસ કથા 'સત્સંગિજીવન'ની વાંચીને શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજી બીજે ગામ કામ હોવાથી ગયા હતા. જેથી પૂ. શાસ્ત્રી મહારાજ કથા વાંચતા. આ આજે તે ૬૮મા વરસમાંથી ૬૯મા વરસમાં પ્રવેશતા હતા. કેવા શુભ દિવસે જન્મ ! વસંતપંચમીએ જૂનાં પાન ખરીને નવાં બેસે તેમ તેમણે સંપ્રદાયમાં -

સ્થાપી શુદ્ધ ઉપાસના હરિતણી વ્યાપી રહી વિશ્વમાં,
કાપી કુળ અધર્મનાં મૂળ થકી પાપી લાધા પાસમાં,
આપી જ્ઞાન રૂડું મુમુક્ષુ જનને સીધા જવા ધામમાં,
એવા યજ્ઞપુરુષદાસ તમને પાયે નમું પ્રીતથી.

તે કથા વાંચવા બેઠા ! તે દિવસે ઓર આનંદનો વધારો થયો. જો કે તે બહુ વાંચે છે ત્યારે હાંફ ચઢે છે. છતાં પણ ભક્ત વશ થઈ બે થી સવા બે કલાક વાંચતા. વારંવાર સમજાવતા. સંત-અસંતનાં લક્ષણ, દૈવી-આસુરી જીવના કલ્યાણ વિષે તો સત્સંગિજીવનના ૩જા ભાગનો ૨૩મો અધ્યાય એવો આબેહુબ સમજાવ્યો કે જેણે પહેલાં કથા અન્ય સ્થળે સાંભળી હશે તે કહેવા લાગ્યા કે આવું તો કોઈ દિવસ સમજાયું નહોતું. આજે તો સારી સમજણ પડી.

તા. ૩૧-૧-૩૩ના સ્વામી કડી ગયા. પધરામણીઓ થઈ. પછી મન્દિરમાં ગયા આ મન્દિરમાં આરસપ્હાણની શ્રી પ્રગટ પુરૂષોત્તમ સહજાનંદ સ્વામીની મૂર્તિ પધરાવેલ છે. પછી અમદાવાદ પહોંચ્યા. કાલુપુર દર્શન કરી બબુભાઈને ત્યાં સ્વામીશ્રીનો ઉતારો હતો ત્યાં ગયા. ભજન કીર્તન ચાલતા હતા.

સરસ આનંદ આવ્યો. પછી શાસ્ત્રી મહારાજની આજ્ઞાથી ૧૧ વાગે અમે સુવા ગયા. સવારમાં ૪ વાગે ઉઠી સ્વામી પાસે ૪-૪૦ વાગે આવ્યા. તે વખતે સ્વામી ઉઠવાની તૈયારીમાં હતા. રાત્રે તે તો અન્ય વાતોચીતો કરીને ૧ વાગે સૂઈ ગયેલા તે ૪-૪૦ વાગે ઉઠ્યા. આશીર્વાદ માથે હાથ મૂકી આપ્યો. પછીથી ગાડી ૬-૧૫ વાગે ઉપડતી હતી તેથી પૂ. શાસ્ત્રી મહારાજ, જોગીમહારાજથી વિખુટા પડ્યા. આવા અલૌકિક સમાગમમાંથી વિખુટા પડતાં લાગણી પણ થઈ. હવે સ્વામી નેનપુર, આણંદથી ભાલ દેશમાં જવાના છે. ત્યાં પણ પારાયણ છે.

રાજપુરના હરિભક્તોને પણ સંતો ત્થા શાસ્ત્રી મહારાજથી જુદા પડતાં

આંખમાં આંસુ આવેલ અને મોટરની પાછળ સ્ત્રી-પુરુષો દર્શન કરતાં હતાં અને શાસ્ત્રી મહારાજની જયના શબ્દોચ્ચાર થતા હતા. આનંદ ઘણો હતો. પૂ. શાસ્ત્રી મહારાજની એક મીનીટ પણ નકામી જતી નહિ. વળી હમણાં તેમનાં એક શિષ્ય પુરૂષોત્તમાનંદ બ્રહ્મચારીને સંસ્કૃત ભણાવે છે અને તે સવારમાં કે સાંજના ત્યારે વખત હોય ત્યારે શીખવે વળી સાથે અન્ય હરિભક્તોના દંડવત્ પ્રણામ પણ સ્વીકારતા જાય. વળી જોગી મહારાજની આગળ પણ સવારમાં પાંચ કે સાડા પાંચ વાગે પણ કથા જ ચાલતી હોય ! અન્ય સંતો રસોઈ વિગેરેના કામમાં હોય. નવરા તો કોઈ નહિ ! નવરા હોય તે વચનામૃત કે સ્વામિની વાતુ કંઠે કરે . કેટલો બધો દાખડો વેઠે છે, તે આપને સમજાશે.

પૂ. શાસ્ત્રી મહારાજ જયારે (વડતાલથી) વિખુટા પડ્યા, ત્યારે પાર્ષદ ત્થા સન્તો મળી ૯ જણ હતા, ને હાલ ૫૦ થયા છે. સં.૧૯૬૨માં છૂટા પડેલ. સં.૧૯૬૩માં અક્ષરપુરૂષોત્તમની મૂર્તિઓ બોચાસણ પધરાવી. ૧૯૭૨માં સારંગપુરમાં અને હવે ગોંડળ પધરાવશે. એ મૂર્તિઓ સારંગપુર, બોચાસણ પધરાવવાની વાત શ્રી સહજાનંદ સ્વામીએ પણ ૧૦૦ વરસ પહેલાં કહેલી છે અને ગ્રન્થોમાં પણ છે અને તે તેમનો સંકલ્પ પરમ પૂજ્ય સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રી મહારાજ મારફતે પુરો થયો છે અને થશે.

એક અગત્યની વાત તો હું ભૂલી જ ગયો. રાજપુરમાં મેં કોઈને બીડી પીતો કે હુકો પીતો જોયો નથી. આપણા તરફ (ચરોતરમાં) તો ઘણા પીવે છે. વળી કોઈ ભક્ત કહેવાતા હોય તો પણ તે મૂકી શકતા નથી. હુકા કે બીડીની જુની ટેવ હોય તો છોડાય નહિ, પણ તે ભૂલ છે. શિક્ષાપત્રીનો ભંગ કહેવાય. એ જ, વિશેષ કાંઈ લખવાનું નથી. દયા રાખશો. સર્વ હરિજન ત્થા અન્ય સર્વ મારા જય શ્રી સ્વામીનારાયણ તથા સાષ્ટાંગ નમસ્કાર સ્વીકરશો.

એ જ.

લી. હરમાનભાઈ મકનદાસ પટેલના

જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

તેઓ પારાયણો પછી ફરીથી સ્વામીશ્રીને સારંગપુર તથા ગોંડળમાં મળ્યા. સ્વામીશ્રીએ પણ અપાર રાજીપો દર્શાવ્યો. એ દિવસોમાં કેવી આજ્ઞાઓ

સ્વામીશ્રીએ કરી હતી, તે હરમાનભાઈએ પત્ર દ્વારા સ્વામીશ્રી અને નિર્ગુણ સ્વામીને જ સ્મૃતિ રૂપે લખી મોકલી છે. જેમાં ગોંડળનું કામ શરૂ કર્યું ત્યારે સારંગપુરનાં બાંધકામો પણ કેટલાંય બાકી હતાં, તેની ઝાંખી મળે છે.

સ્વામીશ્રીની કેટલી ધગશ અને આત્મવિશ્વાસ હશે કે એક કામ પૂરું કરવાની આર્થિક ખેંચ હોય, છતાં એથીય વિરાટ કાર્યનો પ્રારંભ કોઈ જ દ્વિધા વગર શૂરવીરતાથી શરૂ કરી દે !

હરમાનભાઈ સાથેની સ્વામીશ્રીની વાતચીત દરમ્યાન આપણને આ વાત સ્પષ્ટ થાય છે. હરમાનભાઈ લખે છે :

॥ શ્રીજી સ્વામી ॥

આથી રીવર (યુગાન્ડા)
તા. ૨૬-૯-'૩૩

પરમ એકાંતિક સર્વોપરી નિષ્ઠા પ્રવર્તવવા અને અનેક પતિત જીવોને ઉધ્ધારવા અક્ષરધામમાંથી આવેલ, સર્વોપરી મન્દિર કરી, સર્વોપરી ઉપાસના ફેલાવી, મહાન સંકટો વેઠીને શુધ્ધ ઉપાસનાનો ડંકો મારનાર, શ્રીજી સ્વામીને અખંડધારી રહેલ, મહાન દયાળુ, કૃપાળુ સદ્ગુરુવર્ય સ્વામિશ્રી શાસ્ત્રીજી મહારાજ યજ્ઞપુરુષદાસજી ત્થા પૂ. સદ્ગુરુ સ્વામી નિર્ગુણદાસજી તથા આખા બ્રહ્માંડમાં પણ જેનો જોટો નથી તેવા આનંદઘન મૂર્તિ જ્ઞાનજીવનદાસજી તથા નિમિત્તમાત્રના ગૃહસ્થ પૂ. મોતીભાઈ, પૂ. આશાભાઈ, દાડમાવાળા નારણજી મહારાજ તથા સર્વે સત્સંગી, સાધુઓ-પાર્ષદો વિગેરેની પવિત્ર સેવામાં મુ. બોચાસણ, સારગપુર અને ગોડલ.

લી. દાસાનુદાસ ચરણરજ સેવક હરમાનભાઈ ત્થા મગનભાઈ તથા સર્વે, અત્રે મંડળના જયશ્રી સ્વામિનારાયણ તથા સાષ્ટાંગ નમસ્કાર વાંચશો.

હે પૂ. સદ્ગુરુવર્ય સ્વામીશ્રી શાસ્ત્રી મહારાજ, ચૈત્ર શુદી ૧, સોમવાર, તા. ૨૭-૩-૩૩ની સાંજે ગોંડળમાં ઓસરીમાં આપે મને કહ્યું કે તારે સારંગપુરનું મન્દિર પુરું કરવાનું છે. ત્યારે હું નવાઈ પામ્યો કે મારા જેવા અલ્પજ્ઞ અને હજારથી પંદરસો રૂા.ની મૂડીવાળો તથા થોડી જમીનવાળો શું કરી શકે ? આવા આવા અનેક વિચારો મને થયા. વળી પૂછ્યું કે કેટલા રૂા. જોઈએ તો આપે કહ્યું : 'દશ હજાર !' હું મુંગો રહ્યો, કારણ કે આપ જેવા સમર્થ જે ધારે તે કરાવી શકે એમાં શક નથી. અને તે તમારા સંકલ્પ મુજબ

અત્રે આવ્યા પછી મેં આ વાત પૂજ્ય મુક્તરાજ મગનભાઈને કહી. તેમણે મને હિંમત આપી કે તમો જે સેવા કરો તેમાં હું તૈયાર છું. હું રાજી થયો. ત્યાર પછી સેવા કરવાની શરૂઆત પૂ. મણિભાઈ દ્વારા મહારાજે કરાવી અને ફંડ ૧૦૦૦ રૂા. ઉપર થઈ ગયું. વળી તા. ૧૭-૯-૩૩ દશાંશ વિશાંશનો ઠરાવ પસાર થયો. ત્યાર પછી તમારા હસ્તાક્ષરથી લખેલ પત્ર વાંચ્યો કે 'થડકો ખાશો નહીં, શાન્તિથી કરીશું. ત્રણ વરસે પુરૂં થશે તો પણ વાંધો નહીં !'

આ વાક્યો વાંચી, આપના આશીર્વાદ વાંચી મારું મન આનંદસાગરમાં હિંચવા લાગ્યું, હજુ પણ હિંચે છે અને મને આશા છે કે ભગવાન સ્વામિનારાયણ તથા આપ જેવા સંતશિરોમણિની સહાયતાથી ગમે ત્યાંથી પણ દશ હજાર રૂા. આફ્રિકાથી સારંગપુર મન્દિરના કાર્યમાં આવી મલશે અને આપનો સંકલ્પ સિદ્ધ થશે, થશે ને થશે. અમારા મંડળના હરિભક્તોને આપે કૃપા કરી સારંગપુરની સેવા સોંપી તેથી અપાર આનંદ થયો છે અને તે પૂરૂં જલ્દી થાય એમ દરેક ઇચ્છીએ છીએ.

મન્દિર પુરૂં થયે સોનાના કળશ ચઢાવવા (વડતાલની જેમ) પણ વિચાર છે. અથવા તો આપ કહેશો ત્યાં ત્યાર પછી સેવા કરીશું.

આફ્રિકા જેવા અનાર્ય દેશમાં પણ અન્ય માણસો બોલવા લાગ્યા કે 'સ્વામિનારાયણીયા જાગ્યા છે' તે બધો પ્રતાપ આપનો જ છે. હું તો છક થઈ ગયો છું. રાત-દિવસ આ જ કામમાં રહેવાનું ભાગ્ય મલ્યું. દેશમાં આવી આપનો સમાગમ કર્યો, પણ મનમાં એમ થાય છે કે વધુ કર્યો હોત તો સારું. પણ હવે શું થાય ? હવે તો ચાર વરસ પછી આપની કૃપાથી - દયાથી દેશમાં આવું અને આપનાં દર્શન થાય - આપની પ્રસાદી જમું, આપના ચરણોમાં આળોટું એમ થાય છે. પૂ. સ્વામી મોટા પુરુષોત્તમદાસ ત્થા પૂ. સ્વામી નિર્ગુણદાસજીનો પણ મારા ઉપર અપાર ઉપકાર થયો છે. અને હજુ પત્રો દ્વારા કરે છે.

હવે સત્સંગ કેમ વધે, આપનો રાજીપો કેમ વધે તેમ ઝંખના છે.

લી. દાસાનુદાસ ચરણરજ

હરમાનભાઈના જય શ્રી સ્વામીનારાયણ.

હરિભક્તોને પોતાનું સર્વસ્વ હોમી દેવાની 'ઝંખના' થાય અને સ્વામીશ્રી પણ

નિધડકપણે સેવાની આજ્ઞા કરી શકે, એવો વિશ્વાસી સત્સંગ સમુદાય ધીરે ધીરે તૈયાર થઈ ચૂક્યો હતો, તેનો આનંદ દરેકનાં સેવાકાર્યથી પણ પરખાતો.

સ્વામીશ્રીએ હરમાનભાઈને આશીર્વાદ આપતાં આર્ષવાણી ઉચ્ચારી હતી : 'કોશિશ કરજો, આફ્રિકામાં સત્સંગ વધશે !'

અને હરમાનભાઈ તથા મુક્તરાજ મગનભાઈના અદમ્ય મહિમાને કારણે, શ્રદ્ધા અને પુરુષાર્થને આધારે, આફ્રિકા જેવા અસભ્ય દેશમા પણ સત્સંગની અધ્યાત્મગંગા વહી નીકળી !!

'યજ્ઞપુરુષદાસ પ્રતાપી પુરુષ છે'

આ તરફ સ્વામીશ્રી ગોંડળના વિરાટ કાર્યને પહોંચી વળવા એટલી જ વિરાટ બાથ ભરી રહ્યા હતા. સેંકડો માણસો રાત-દિવસ કામે લાગે, ને તિજોરીઓ ભરીને રૂપિયા વપરાય તોય ઓછામાં ઓછા પાંચ વર્ષ તો જાય જ. એવી આ અક્ષરમંદિરની અદ્ભુત કલાત્મક યોજના હતી. પરંતુ હાલ તો માત્ર પાયા જ ખોદાયા હતા. વિરોધીઓ આવી તકની જ રાહ જોઈને બેઠા હતા. તેમણે તરત જ મહારાજાના કાન ભભેર્યા.

પણ મહારાજા સર ભગવત્સિંહજી વિચક્ષણ રાજવી હતા. તેમણે એટલું જ કહ્યું : 'યજ્ઞપુરુષદાસ શાસ્ત્રી અત્યંત પ્રતાપી પુરુષ છે, મને તેમનો વિશ્વાસ છે, ને કામ થશે જ !'

રૂા. ૧૦ લાખનો ભવ્ય મહાલય બાંધવાની જવાબદારી નાની સૂની નહોતી ! જ્યારે સિલકમાં માત્ર ત્રણ આના હોય ! જ્યારે પધરામણીની ભેટ રૂપિયાને બદલે આનામાં મળતી હોય, જ્યારે સારંગપુર મંદિરનાં બાંધકામ પૂરાં ન થયાં હોય અને જ્યારે ભીક્ષા માગીને ઠાકોરજીના થાળ થતા હોય ત્યારે આવી હિંમત પણ કેમ થઈ શકે ?

અડસઠ વર્ષની ઉંમરે તો લોકો હવે નિવૃત્તિનાં વર્ષોમાં હોય, પરંતુ એ ઉંમરે આવું મહાન કાર્ય આરંભવું એ કાળના ઝપાટાને પડકારવા જેવી જ વાત હતી.

પરંતુ અનેક સમર્પણવીરોને કારણે જોતજોતામાં મંદિર ગર્ભગૃહ સુધી તૈયાર થઈ ગયું. ઘુમ્મટ, કમાનો, શિખર, આરસ પાથરવાનું કામ તથા સભામંડપ તરફનાં પગથિયાં સંપૂર્ણ બાકી હતાં. સ્વામીશ્રીએ નક્કી કર્યું કે આ બધું પ્રતિષ્ઠા થયા પછી પૂરું કરીશું ! હાલ તો ઠાકોરજી પધરાવી જ દેવા !

અક્ષરમંદિરનો પ્રતિષ્ઠા ઉત્સવ

પ્રતિષ્ઠાનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. સં. ૧૯૯૦ના દ્વિતીય વૈશાખ સુદ ૧૦, તા. ૨૪-૫-૧૯૩૪નો મંગલ દિવસ નિશ્ચિત થયો. ગામોગામ કંકોતરીઓ મોકલાઈ ગઈ. સં. ૧૯૮૮ના પોષમાં તો ખાત થયું હતું અને માત્ર સવા બે વર્ષના ટૂંકા ગાળામાં આ મંદિર સ્વામીશ્રીએ સત્સંગ અને સોરઠ દેશને અર્પણ કરવા તૈયાર કરી દીધું ! વિરોધીઓ કંકોતરી જોઈ ઘા ખાઈ ગયા. રાજા, રાજાના અધિકારીઓ અને સોરઠ-જૂનાગઢ તરફના જૂના સંપ્રદાયના હેતવાળા સત્સંગીઓ પણ મોંમાં આંગળાં ઘાલી ગયા ! 'અક્ષર નગર'માં હજારો સત્સંગીઓનો સમુદાય ઊમટી પડ્યો.

વીરમજી બાપુની સાથે અસંખ્ય હરિભક્તો સેવાઓમાં જોડાઈ ગયા.

યોગીજી મહારાજનો ઉત્સાહ તો માતો ન હતો ! સ્વામીશ્રીએ મંદિરના પ્રારંભથી જ તેમને 'અક્ષરદેરી'ની સેવામાં કડિયા, મજૂર, મિસ્ત્રી અને સોમપુરાઓના વહીવટમાં રહેવા આજ્ઞા આપી હતી. સૌને જમાડવાની ભંડારની સેવા સુવાંગ તેમને ભાગે હતી. ઉપરાંત વહીવટ પણ બધો જ સંભાળી લેતા. તેમની સાધુતા, પ્રાર્થના અને કાર્યદક્ષતાને કારણે આ મંદિરના કાર્યે ઝડપી વેગ પકડી લીધો હતો.

પ્રતિષ્ઠા ઉત્સવમાં ઝાલાવાડ, ગોહિલવાડ, કાઠિયાવાડ ને સોરઠ-ગુજરાતના હજારો ભક્તો ઊમટી પડ્યા હતા.

અક્ષર-પુરુષોત્તમ મહારાજની પંચધાતુની અતિ દેદીપ્યમાન દિવ્ય મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાની આરતી ઉતારી સ્વામીશ્રી ગદ્‌ગદ બન્યા ! સમગ્ર બ્રહ્માંડમાં ગુણાતીતજ્ઞાનના ડંકા બજાવતું આ ત્રીજું મંદિર આજે સંપ્રદાયની શાન સમું સત્સંગના ચરણે સમર્પિત થયું !! નેત્ર-અનાવરણ સમયે તેજના દિવ્ય પ્રવાહથી મૂર્તિઓ સામે ધરેલો કાચ પણ ફૂટી ગયો હતો.

સ્વામીશ્રી આશીર્વાદ આપતાં બોલ્યા હતા : 'શ્રીનાથજીના સ્થાનમાં જેમ રૂા. ૭૦૦નો થાળ રોજ થાય છે, તેમ અહીં પણ થશે અને બ્રહ્માંડભરમાં સર્વોપરી મોક્ષનું સ્થાન અને આ લોકના મનોરથ પૂરા કરવાનું આ સ્થાન બની રહેશે !'

✧ ✧ ✧

પત્રધારા

૧૨ યોગીરાજના મહંતપદે અક્ષરમંદિરનો વિકાસ

આ દિવસે સ્વામીશ્રીએ એક અન્ય અદ્‌ભુત નિર્ણય જાહેર કર્યો : ગોંડળ મંદિરના મહંતપદે યોગીજી મહારાજની વરણી ! ગુણાતીતબાગના અધ્યાત્મ ઉત્કર્ષની જવાબદારી યોગીરાજના શિરે ધરી સ્વામીશ્રીએ તેમને મહંતાઈનો હાર પહેરાવી દીધો.

મહંતાઈ ફૂલડાંની સેજ સમી સુંવાળી નહોતી ! કેટલાં કષ્ટો અને માનસિક તાણ વચ્ચે, કેટલી આર્થિક ભીંસ અને કેટલા વિપરીત સંજોગો વચ્ચે એમણે સ્વામીશ્રીની આ સંસ્થાના હિતના નિર્ણયો લેવાના હતા ! સ્વામીશ્રીને પૂછી પૂછીને પગલાં ભરવાનાં હતાં ! બાંધકામમાં બાકી રહેલાં પગથિયાંથી માંડી સુવર્ણ કળશ સુધીની જવાબદારીઓને પૂરી કરવાની હતી !

જાણે કે હવે જ શરૂ થતી હતી તેમની ગુરુભક્તિ અને ઇષ્ટનિષ્ઠાની કસોટી ! જેનું દર્શન તેમણે સ્વામીશ્રી પર લખેલા અસંખ્ય પત્રોમાં સહજ રીતે થઈ રહ્યું છે !

પ્રતિષ્ઠા પછી મહંતાઈના પાંચ મહિના વીત્યા હતા. તા. ૫-૧૦-૧૯૩૪ના દિવસે યોગીજી મહારાજ બોચાસણ નિર્ગુણદાસ સ્વામી તથા કોઠારી ભક્તિવલ્લભ સ્વામીને લખે છે :

'મોજીદડથી જ્ઞાનજીવનદાસજી તથા મહાતમ તથા ગુરુ ગણેશભક્ત તથા ભાઈચંદભાઈ હરખચંદભાઈ આદીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાચશો....

સ્વામી નીર્ગુણદાસજીને માલુમ થાય જે આપ જ્યાં જ્યાં ફરો ત્યાં ગોંડળની લખણીનો ટકોરો મારતા રહેશો. કારણ કે સ્વામીએ કામ એકદમ ઉપાડ્યું છે. નવ કડીયા વધાર્યા છે. તે શરદ પુનમે ધારેલું કામ થશે.'

સિદ્ધાંતોની સરસ્વતી !

આ અરસામાં પૂર્વ આફ્રિકામાં ગયેલા સ્વામીશ્રીના નિષ્ઠાવાન ભક્તો હરમાનભાઈ વગેરેએ સત્સંગ પ્રવૃત્તિને ઘણો વેગ આપ્યો હતો. પરંતુ જૂના સંપ્રદાયની વિચારધારાને કારણે પૂર્વ આફ્રિકામાં રહેતા કેટલાક જૂના કચ્છી ભક્તો તથા ચરોતરના પટેલો અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની તરફેણ કરી શકતા નહીં ! એટલું જ નહીં, પરંતુ સત્સંગના સંમેલનો થતાં તેમાં પણ તેવા લોકોથી કંઈકને કંઈક ઘસાતું બોલાઈ જતું ! આ છતાં 'પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ' નામે ચાલતાં એ મંડળમાં બધા જ ભેગા થતા. તેમાં ક્યારેક આપણા સિદ્ધાંતો વિષે ચર્ચા પણ નીકળતી. આવા એક પ્રસંગે નિર્ગુણ સ્વામીને તે ચર્ચાની જાણ કરાઈ. તેઓએ પ્રત્યુત્તરમાં આશરે ૧૦૦ પાના લખી મોકલ્યા. અહીં એ પત્રના કેટલાક અંશો પ્રસ્તુત છે :

બોચાસણ, તા. ૫-૧૧-૩૪.

સ્વસ્તિ શ્રી નૈરોબી મહાશુભસ્થાને પૂજ્યારાધે અનેક સર્વે શુભોપમા વિરાજમાન શ્રી પ્રગટ અક્ષરપુરુષોત્તમના ઉપાસકો શ્રી પૂર્વઆફ્રિકા સત્સંગ મંડળના પ્રમુખ સાહેબ મુક્તરાજ પરમપૂજ્ય મણિભાઈ આશાભાઈ તથા મંત્રી પરમ પૂજ્ય મુક્તરાજ હરમાનભાઈ તથા ઉપમંત્રી પરમ પૂજ્ય ચતુરભાઈ તથા તમામ મંડળના મુખ્ય કાર્યવાહક પરમ પૂજ્ય મુક્તરાજ મણિભાઈ ઉમેદભાઈ તથા કચ્છી મંડળના અગ્રગણ્ય નેતા, જેના બંગલાનો મંદિર તરીકે વપરાશ થાય છે એવા પ.પૂજ્ય મુ. ભીમજીભાઈ તથા પરમપૂજ્ય મુક્તરાજ માવજીભાઈ આદિ કચ્છીમંડળ પ્રત્યે બોચાસણથી લી. નિર્ગુણદાસના જયશ્રીસ્વામિનારાયણ વાંચશો.

વિશેષ આપ સર્વે સત્સંગી ભાઈઓની સમક્ષ બે બોલ બોલવાની (અર્થાત્ લખવાની) રજા લઉં છું તે આપ સ્વીકારશો.

મારા પ્રિયબંધુ સત્સંગી ભાઈઓ !

મુ. હરમાનભાઈના પ્રયાસથી તથા મુ. મગનભાઈ તથા મુ. વિઠ્ઠલભાઈ તથા પૂ. પુનમભાઈના ભળવાથી મારા સતત બે વરસથી ચાલી રહેલા કાગળોથી સત્સંગીઓને જે પ્રોત્સાહન મળ્યું છે તેથી તથા મંડળ દિનપ્રતિદિન વધતું જતું જોઈ મારા મનમાં ઘણો જ આનંદ થાય છે. આ બધાયનું મૂળ

ઉ. જ્ઞા. મ. ભાગ ૧.૭

કારણ બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુવર્ય પરમ પૂજ્ય શાસ્ત્રીજી મહારાજ - સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીને યાદ કરી શ્રી પૂર્વઆફ્રિકા સત્સંગમંડળની જય બોલાવી કાગળ લખવાનો આરંભ કરૂં છું.

આ સમૈયામાં શ્રીસ્વામિનારાયણના ઘણા હરિજનો પધારેલા છે. તેમાં અન્ય સંપ્રદાયના સત્સંગીઓ પણ પધારેલા હશે. તેમને દરેકને પથ્ય પડે એવો ઉપદેશ તો પ્રમુખ સાહેબ કરવા બેઠેલા છે તેથી સર્વને સંતોષ થશે. પરંતુ આપણા સંપ્રદાયના રહસ્યની વાટાઘાટ આવા સમૈયાના પ્રસંગમાં ન થાય ત્યારે ક્યારે કરવા વખત આવે ? એમ ધારી સર્વને સમજવાની ખાતર ઉપાસના ને નિષ્ઠા સંબંધી લખવાની રજા લઉં છું, તો મારા દાખડાને સફળ કરશો.

હે પરમ પૂજ્ય મુ. પ્રમુખ સાહેબ ! આપ મહાન બુદ્ધિશાળી છો. શ્રીસ્વામિનારાયણ ભગવાનને સમજાવવાનો શો હેતુ છે ? શું પરોક્ષ ભગવાનની મૂર્તિ તેના ભક્તે સહિત પધરાવી (હજારો જણના સમાસને માટે નવા થતા સંપ્રદાયની પુષ્ટિ માટે તેનું જ પ્રધાનપણું કરવું ને યુક્તિપ્રયુક્તિ કરી પરોક્ષનું પ્રતિપાદન કરવું, ને પ્રત્યક્ષની ગૌણતા પાડી કોઈએ ન કર્યું ને તમે કર્યું એમ કહી, દબાવીને આવો પ્રત્યક્ષ ભગવાન ને તેના સંતનો અદ્‌ભુત મહિમા ઉડાવી દેવો એ શું વ્યાજબી છે ? તે આપ જ વિચાર કરો) તેનો જ મહિમા પ્રવર્તાવવાનો છે ને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનો મહિમા પ્રવર્તાવવાનો મહારાજનો હેતુ નથી તે આપ ખૂબ ઉંડા ઉતરી વિચાર કરશો. આ વચનામૃત જોતાં મહારાજને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો જ મહિમા સમજાવવાનો કેટલો આગ્રહ છે, તે બુદ્ધિશાળી ને કલ્યાણના ખપવાળાને સમજાયા વગર નહિ રહે. આપણે સર્વને જવું અક્ષરધામમાં ને અક્ષર સંબંધી નિર્ણય થતો હોય અને નિર્ણય કરવા કોઈ પ્રયત્ન કરે ત્યારે આપણને મુંઝવણ થાય છે તેનું કારણ સમજાતું નથી. મુક્ત તરીકે મહીમા સમજવામાં જરા પણ સંકોચ થાતો નથી. ને જે અક્ષર જોડે એકતા કરવાની કહી છે તે અક્ષર અનાદિ છે, જેને બ્રહ્મપુર કહે છે, બ્રહ્મધામ કહે છે, તેજનો સમૂહ પણ કહે છે, ચિદાકાશ પણ કહે છે, તે અક્ષરના નિરૂપણની વાત આવે છે ત્યારે દરેક માણસને ભડકાટ થાય છે. પરોક્ષશાસ્ત્રમાં પણ અક્ષરબ્રહ્મયોગ ને પુરુષોત્તમયોગ ગીતા આદિકમાં છે ને મહારાજે તો વચનામૃતમાં પાને

પાને અક્ષરનો મહિમા વર્ણન કરેલો છે, બાકી રાખી નથી.

હે પરમપૂજ્ય પ્રમુખ સાહેબ ! મુક્તરાજ મણિભાઈ ! આ (સાથે વચનામૃતના સંદર્ભો લખ્યા હતા તે) શબ્દોનું પૂર્ણ મનન કરીને સભામાં ખુલાસો કરી સમજ પાડશો. આપ પણ મનમાં ઉતારશો. આમાં સ્પષ્ટપણે અક્ષર ને અનંતકોટિમુક્ત, ને પુરુષોત્તમનું સ્પષ્ટ નોખેનોખું વર્ણન કરી અક્ષરનો સત્તા પણ જણાવી છે. સ્વામીસેવકપણાનો ભાવ કેવો જણાવ્યો છે. એ વાત સમજવાનો મુદ્દો છે કે નહિ, તે આપને જ માથે નાખું છું. અને સમજવાની જરૂર ન હોય તો આપની મરજી મુજબ કરશો. હું રાજી છું. મેં તો શ્રીજીમહારાજના શ્રીમુખનાં વચન લખી જણાવ્યાં છે.

આખા વેદરસમાં એક પણ શબ્દ પુરુષોત્તમના તેજને અક્ષર કહી વર્ણન કર્યું નથી અગર 'મૂળ અક્ષરની કોટિયું' છે એવો શબ્દ પણ નથી, તો આપણે શા માટે ખેંચીને શબ્દ નવા ઉભા કરનારમાં પ્રતીતિ રાખવી ? આમાં કાંઈ ખોટું લગાડવાનું કારણ નથી. પણ શ્રીજીમહારાજનાં શ્રીમુખનાં વચન ઉપર વધારે તાન રાખવાનું છે.

જો આપણે સ્વામિનારાયણને સર્વોપરી ભગવાન જાણીએ છીએ તો મહારાજે હજારો માણસોને સંપ્રદાયમાં દાખલ કરવા પૂર્વના અવતારની મૂર્તિઓ પધરાવી ને તેના ભક્તની પણ સાથે પધરાવી છે, જેથી હજારો ને લાખો માણસો ગુણ આવ્યે સંપ્રદાયમાં દાખલ થઈ અદ્ભુત જ્ઞાનનો લાભ લે તે મહારાજે પ્રથા ચલાવી છે તેમાં ફેરફાર કરી કાળે કરી પ્રગટ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણભગવાનનું નવીન મંદિર થાય ત્યાં વચલા મંદિરમાં તેમના અનાદિ સેવક સહિત પધરાવે ને અવતારાદિક પડખેના મંદિરમાં પધરાવે ને શ્રીસ્વામિનારાયણને પ્રધાનપદ આપે ને તેમના અનાદિના સેવકની મૂર્તિઓ પધરાવે તેને સ્વામિનારાયણના સિદ્ધાંતથી વિરુદ્ધ ઠરાવી તેના નિષેધમાં પ્રવર્તી કાળાન્તર સુધી અવતારાદિકનું પ્રધાનપણું રાખી તેવી જ મૂર્તિઓનું સ્થાપન કરવાથી આપણે આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેને પામીશું, ને પ્રગટ શ્રીસ્વામિનારાયણ-પુરુષોત્તમ, સહજાનંદસ્વામીને તેના અનાદિના સેવક અક્ષર જે તે પોતે સાથે લઈને પૃથ્વી પર પધાર્યા છે તેની મૂર્તિ મહારાજની સાથે વચલા મંદિરમાં પધરાવાથી ને અવતારાદિકની મૂર્તિઓ પડખેના મંદિરમાં પધરાવાથી તથા સહજાનંદસ્વામીની પહેલી જય

બોલાવાથી ને પાછળથી અવતારાદિકની જય બોલવાથી આજ્ઞાનો લોપ થઈ મહારાજ કુરાજી થશે, ને તે પ્રમાણે વર્તન કરનારને આત્યંતિક મોક્ષ જે અક્ષરધામ તેમાં નહિ લઈ જાય ને કહેશે કે આ શું કર્યું ? સ્વામિનારાયણનું જ પ્રધાનપણું કરી દીધું એમ કહી ઠપકો દેશે. તે વાત આપને મનાય છે ? તેનો વિચાર કરી મનમાં આપને શું સત્ય લાગે છે તેનો પણ વિચાર કરવાનું સર્વને સોંપું છું.

હે પરમ પૂજ્ય મારા વહાલા સત્સંગીઓ ને પ્રમુખ સાહેબ ! આમાં શ્રીજીમહારાજનો હેતુ તથા અભિપ્રાય શું છે તે આપને હાથ આવી ગયા હશે. શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયની પુષ્ટિ શેણે કરીને થાય ? મહારાજ પોતાનું સર્વોપરી જ્ઞાન ને સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવા પધાર્યા છે તો જીંદગી પર્યંત અને કાળાંતર સુધી અવતારાદિકની મૂર્તિઓ પધરાવીને જોડે મહારાજની મૂર્તિ પધરાવે પણ મંદિરનું નામ અવતારાદિકનું નામ રાખે ને પાટોત્સવ પણ દેવના નામથી લખાય પણ શ્રીસ્વામિનારાયણ કે હરિકૃષ્ણમહારાજ કે સહજાનંદાદિ દેવ પણ ન લખાય. મુંબાઈમાં સં. ૧૯૫૮માં મૂર્તિ પધરાવી ત્યારે ગોલોકવિહારીનું મંદિર કહેતા ને વચમાં લક્ષ્મીનારાયણ બેઠા ને પડખે મહારાજની મૂર્તિ પધરાવી. પૂ. શાન્તાનંદ બ્રહ્મચારી રહ્યા ત્યાં સુધી સહજાનંદાદિ દેવનો પાટોત્સવ લખ્યો. એ ધામમાં ગયા પછી સંપ્રદાયની વધારે પુષ્ટિ કરાવી (!) 'લક્ષ્મીનારાયણાદિ દેવનો પાટોત્સવ' લખવાનો શરૂ કર્યો ! કોઈપણ જાતની ઉપાધિ નહિ છતાં આમ કરવાનું શું કારણ હશે તે સમજાતું નથી. બહારના લોકો ગમે તે દેવની મૂર્તિ પધરાવો તો પણ સ્વામિનારાયણનું જ મંદિર કહેશે. તો બહારના લોકોના જેટલું મમત્વ આપણામાં જ પેઠું જ નથી. તકરારો, ટંટા, બખેડા, એક બીજાની ખોટો કાઢવી, આચાર્ય સામા દાવા માંડવામાં તૈયાર. પણ પોતે સર્વોપરી ઉપાસના સમજતાં છતાં વડતાલના આખા દેશમાં દરેક મંદિરમાં 'શ્રીસહજાનંદસ્વામીની જય બોલાવી'ને પછી મુખ્ય દેવની જય બોલાય છે છતાં અમદાવાદના કોઈપણ મંદિરમાં પ્રથમ સહજાનંદસ્વામીની જય બોલી અવતારાદિકની જય બોલાવે એવો ઠરાવ છે ? ઉલટી અવતારાદિકની બેબે વખત જય બોલાવી છેલ્લી મહારાજની જય બોલાવે છે. ગામડાના મંદિરમાં જ્યાં શ્રીજીમહારાજ-સહજાનંદસ્વામીની એકલી મૂર્તિ પધરાવી હોય ત્યાં પણ

તે દેશના વિભાગમાં મંદિર આવ્યું હોય તે દેવની બે વખત જય બોલાવી, તે મંદિરમાં બીજી મૂર્તિ બેઠી હોય તેની જય બોલી ને પાછળથી સહજાનંદસ્વામીની જય બોલાય છે. આ સંબંધમાં કોઈને કંટાળો આવે છે ? તેમ તેની સભા પણ નહિ, વાત, વિચાર પણ નહિ. બીજી બાબતમાં લડે, વઢે પણ પક્ષે કરીને જય બોલાવતી વખતે એક થઈ જાય છે.

વઢવાણવાળા પ્રથમ સહજાનંદસ્વામીની જય બોલાવે છે, તથા સાધુના ધર્મ પ્રમાણે વર્તે છે ત્યારે તેને સત્સંગ બહાર કહે છે, એટલે તે પ્રમાણે ગણાય નહિ. હવે આ વચનામૃત પરથી શા નિર્ણય પર આવ્યા ? મહારાજ નરનારાયણ, લક્ષ્મીનારાયણ ને રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવવા ને સંપ્રદાયની પુષ્ટિ કાળાંતરની થાય એમ કહેવા માગે છે. તમારા સંપ્રદાયની પુષ્ટિ કરવી હોય તો તમારા જ ઈષ્ટદેવના લીલાચરિત્રનું શાસ્ત્ર તથા તેના મહિમાના ગુણગાન કર્યા કરજો. મહિમા શું ? જે તે પ્રકારે તેની પ્રસિદ્ધિ ને પ્રધાનપણું થાય તો ધીરે ધીરે મહારાજના કહેલામાં ફેરફાર ન કરવો. મૂર્તિની ફેરફારી ન કરવી પણ જ્યાં નવાં મંદિર થાય ત્યાં પોતાના ઈષ્ટદેવની તેમના સેવક સહિત મૂર્તિ બેસે તો જ કાળાંતરની પુષ્ટિ થાય એ નિર્વિવાદ છે. આ વાત પૂર્ણ લક્ષમાં રાખી પક્ષપાત રહિત ન્યાયદૃષ્ટિથી જુઓ તો જ વાત હાથ આવે.

આટલા શ્રીજીમહારાજના સચોટ શબ્દ છતાં મમત્વથી પરોક્ષ શાસ્ત્રને પ્રધાનપદ આપી તથા અવતારાદિકની મૂર્તિઓને પધરાવવી ને મહારાજની પધરાવી હોય તો આપણા અંદરના માણસો ભગવાન માને પણ બહારના માણસો મહારાજને 'આચાર્ય' જાણે ને ભગવાન તો નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ છે એમ દેખાવ કરવાથી શું સ્વામિનારાયણની પુષ્ટિ છે ? તેમાં ઉલટી હાનિ છે. દહાડે દહાડે સંપ્રદાય ઘસાઈ જઈ અવતારાદિકનું પ્રધાનપણું વિશેષ થાય, ને તે તો સૌને પેઠું છે તે કાઢવા ને પ્રગટની ઉપાસના પ્રવર્તાવવાનો દાખડો છે. તો તે લક્ષમાં લઈ તથા શ્રીહરિના છ હેતુમાંનો ચોથો હેતુ પૂર્વના અવતારને તેના ભક્તને પણ પોતાની ઉપાસના સમજાવીને પોતાના ધામમાં લઈ જવાનો છે, તે આ શબ્દનું શું કરશો ? શ્લોક બનાવીને વચનામૃતના ચોપડામા છપાયા છે તેમ છતાં આંખ ઉઘડતી નથી તો આપ હવે જરા ઉંડા ઉતરી આ કામ પહેલું લો, તેમાં ધર્મ પણ આવી જશે એ નક્કી જાણજો.

આ બધું જોતાં સત્સંગનો સમૂહ વડતાલ, અમદાવાદ દેશના ત્યાગી, ગૃહી વગેરે કહે છે કે સ્વામી શાસ્ત્રીમહારાજ પરમ સાધુ છે, ધર્મવાળા છે, વિદ્વાન છે પણ ઉપાસના ફેરવી છે ને અક્ષરપુરુષોત્તમની મૂર્તિઓ પધરાવી છે તે જો સમાધાન કરવું હોય તો પણ ન થાય.

આ સંબંધમાં બે શબ્દ લખું છું. અક્ષર-પુરુષોત્તમ એટલે સ્વામિ-નારાયણ એ બે એક જ છે. પુરુષોત્તમ તે નારાયણરૂપે થયા ને અક્ષર તે સ્વામીરૂપે થયા ને જેમ રાધાકૃષ્ણ, લક્ષ્મીનારાયણ, નરનારાયણ પધરાવ્યા છે તેમ શાસ્ત્રીજીએ વચલા મંદિરમાં અક્ષરે સહિત પુરુષોત્તમ પધરાવ્યા છે, તે ગુન્હો કર્યો એમ હાલના સત્સંગના સમૂહવાળા સત્સંગી, ત્યાગી, આચાર્ય એમ બાંધે ભારે કહે છે. વળી કહે છે જે પૂર્વના અવતારની મૂર્તિ તેના ભક્તે સહિત પધરાવવાનો ચાલ છે. તેને તમે પડખેના મંદિરમાં પધરાવ્યા ને મહારાજની મૂર્તિ તેમના અનાદિના સેવક સાથે વચલા મંદિરમાં પધરાવી. આ શું કર્યું ? મહારાજ તેમને કહેશે જે પડખેના મંદિરમાં અવતારાદિકની જોડે મને એકલાને પધરાવે તે અવતારને તો સેવક સાથે હોય તે સેવા કરે પણ મારે તો - બધી ક્રિયા હાથે કરી લેતો હતો તે તમે વળી વચલા મંદિરમાં પધરાવ્યો ને વળી સેવક આપ્યો તે બહુ ખોટું કર્યું. ઉપાસના ફરી ગઈ, કારણ ક્યાં રાધિકાજી ને ક્યાં અર્જુન ને ક્યાં લક્ષ્મીજી ? તેની હારે તમે અક્ષર જે ગુણાતીતાનંદસ્વામીને ગણો છો તે ઠીક કહેવાય નહિ. વળી ગોપાળાનંદસ્વામીની મૂર્તિ પધરાવી છે, તે પણ ઠીક કહેવાય નહિ. હનુમાનજી તો દેવ તે પધરાવાય, ને આ તો મનુષ્ય ગણાય, તેની મૂર્તિ બેસે નહિ, આ વાત બાંધે ભારે બોલે છે. પણ (એ તો અમે પણ કહીએ છીએ કે) ઉપાસના ફરી તે વાત સાચી, કારણ પરોક્ષની ઉપાસના હતી તે પ્રગટની સર્વોપરી ઉપાસના સમજાઈ ને તેની પુષ્ટિ માટે મૂર્તિ વચલા મંદિરમાં પધરાવી કાળાંતરની પુષ્ટિ કરી. તે વાતમાં જેટલો મહારાજ ઠપકો દેશે, તથા આપ સત્સગ મંડળ ઠપકો દેશો તે સહન કરીશું, પણ મહારાજની વચનામૃતમાં લખેલી આજ્ઞા પ્રમાણે પોતાના ઇષ્ટદેવની જ વચલા મંદિરમાં મૂર્તિ ને તેનું જ ધ્યાન ધરવાના ને બીજાને પ્રગટમૂર્તિનું ધ્યાન થાય એમ જણાવવા પ્રથમ નહિ સમજાય તો ઠપકો વેઠી લેશું.

અમદાવાદ દેશનાં તમામ મંદિરોમાં-મોટાં નાનામાં-અવતારની પહેલી

જય બોલે ને વળી બે વખત બોલે છે, આવા 'આજ્ઞાકારી' હરિજનો ઉપર મહારાજ કહે : મારો ઘણો રાજીપો થશે, કારણ આટલી હીલચાલ છતાં રૂંવું ચોરતા નથી ને પહેલી સહજાનંદસ્વામીની જય બોલવાનો સંકલ્પ પણ કરતા નથી.

ને વઢવાણવાળા નોખા પડેલા છે ને તેની પહેલી જય શ્રીસહજાનંદસ્વામીની બોલે છે તેમને અમદાવાદવાળા બહાર ગણે છે, માટે બીજી આજ્ઞાનો લોપ થાય તેની ઝાઝી ચિન્તા નહિ. ઉપાસના સંબંધમાં જે અવતારાદિકનું પ્રધાનપણું જ ચાલ્યું આવે છે, મહારાજ છતાંનું છે, તે ફેરવવું જ નહિ, તથા મરને બીજા અવતાર જેવા મહારાજને જાણે તો દ્રોહ કર્યો કહેવાય એમ કહે તો પણ આપણે તો વહોરાવાળું નાડું છોડવું નહિ એનું નામ પાકો સત્સંગી ? ને એવી આજ્ઞા પાળનાર ઉપર મહારાજનો બહુ રાજીપો થશે ? આવી પ્રણાલિકા ચાલી આવે છે, તેથી હે પરમપૂજ્ય પ્રમુખ સાહેબ ! એનો ન્યાય આપને સોંપું છું તો સાચો ન્યાય કરશો. પણ નરને અર્જુન કેમ કહેવાય ? એમ શંકા કરનાર તો કરે પણ શિક્ષાપત્રીમાં નામ મહારાજે લખ્યું છે તે શંકા શી રીતે કરે ? ભક્ત-ભગવાનનો જ ખરો સિદ્ધાંત છે પણ ભક્ત પ્રગટ હોય ત્યારે ન મનાય, કાળે કરીને હવે મનાય છે, પ્રગટના મહિમામાં જ ગુંચવણી છે. શ્રીકૃષ્ણની મૂર્તિ એકલી પણ ચોથી પેઢીએ વજ્રનાભે પધરાવી પણ પાંચ હજાર વર્ષે વલ્લભાચાર્યે દ્વિભુજ લાલજી બાળસ્વરૂપે મૂર્તિઓ શ્રીકૃષ્ણની પધરાવી ને રાધાવલ્લભી સંપ્રદાય થયો, ત્યારે રાધાકૃષ્ણની મૂર્તિ બેઠી. ત્યારે સૌ માનવા લાગ્યા. રાધા તો શક્તિ કહેવાય, અર્જુન ભગવાનના અંશ ગણાય, માટે પધરાવવામાં બાધ નહિ. પણ પુરુષોત્તમ જોડે અક્ષર તો કેમ પધરાવાય ? એમ ઘણા કહે છે. પણ ગુણાતીતાનંદ સ્વામીરૂપે અક્ષર પ્રગટ થયા છે તો કહે છે કે એ તો સાધુ હતા માટે ન પધરાવાય. ને કદી પધરાવે તો ભગવાં લુગડાં પહેરાવો પણ દાગીના-વસ્ત્ર પહેરાવાય નહિ. પણ ભક્તો, સ્વામી તો હવે ધામમાં પધાર્યા છે, ત્યાં (ધામમાં) કાંઈ ભગવાં લુગડાં નહિ હોય. અગર જે અનાદિ (સ્વરૂપની) મહારાજની સેવામાં મૂર્તિમાન છે તે ભગવાં લુગડાં પહેરતાં નથી. આ તો (અક્ષરધામના) દિવ્ય સ્વરૂપની અક્ષરપુરુષોત્તમની મૂર્તિ છે. માટે એવા ખોટા આક્ષેપો મૂકી દેવા. પોતાને ગેડ બેસતી ન હોય ત્યારે

બીજાને પાછા પાડવા બહાનાં ખોળી કાઢે, પણ આ તો સર્વોપરી સિદ્ધાંત પ્રમાણે કાળાંતરની પુષ્ટિ માટે મૂર્તિઓ પધરાવી છે તેમાં લેશમાત્ર શંકા કર્યા જેવું નથી.

શ્રીજીમહારાજે વડતાલ ૫મા વચનામૃતમાં લખ્યું છે જે 'પછી વળી નિત્યાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યો જે 'એ કસર મટીને કનિષ્ઠ હોય તે આ જન્મને વિષે ઉત્તમ ભક્ત થાય કે ન થાય ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમજ જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસી પૂજા કરે અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમજ ઉત્તમ જે ભગવાનના ભક્ત તેને અર્થે પણ થાળ કરીને જમાડે અને જેમ ભગવાનને અર્થે પાંચ રૂપિયાનું ખર્ચ કરે તેમજ તે મોટા સંતને અર્થે પણ ખરચ કરે એવી રીતે ભગવાન ને ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમે કરીને સરખી સેવા કરે તો કનિષ્ઠ ભક્ત હોય ને તે બે જન્મે તથા ચાર જન્મે તથા દશ જન્મે કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત જેવો થનારો હોય તે આ ને આ જન્મે કરીને ઉત્તમ ભક્ત થાય છે' એવું ભગવાન ને તે ભગવાનના ભક્તની સરખી સેવા કર્યાનું ફળ છે.

આ મહારાજના શ્રીમુખનાં શબ્દના ખુલ્લા શબ્દનો કેટલો ઉપયોગ થાય છે ? તે તેનું પાલન કોણ કરી રહ્યા છે ? ને તેનું ખંડન કોણ કરી રહ્યા છે ? તે વિચારો. સો જન્મની કસર આ જન્મે ટાળી ઉત્તમ ભક્ત (બનવા) અનાદિ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદસ્વામી જેવા ભક્તોની મૂર્તિ મહારાજ જોડે પધરાવી સરખી સેવા કરનાર અમો છીએ. તેમાં ખોટ કાઢનારને શું ફળ મળશે ને તેમાં પુષ્ટિ કરનારને તથા છેવટે રાજી થનારને શું ફળ થશે તેનો ન્યાય કરવાની પ્રમુખ સાહેબને વિનંતિ કરૂં છું.

માટે આપણે કોઈ વાતે ભૂલા નથી પડ્યા, તેમ શાસ્ત્રવિરુદ્ધ તથા મહારાજના સિદ્ધાંત વિરુદ્ધ વર્ત્યા નથી તેના ઉપર પ્રમાણે દાખલા છે.

આવા ખુલ્લા શબ્દો કેટલાય લખ્યા છે તો પણ કેટલા લોકોને પકડી રાખ્યા છે ને કેવી મુંઝવણમાં નાખી દીધા છે તે સાચી વાત માનવા દેતા જ નથી. અનાદિ સિદ્ધાંતની સર્વસામાન્ય વાત આવે ત્યારે પોતે અટકે ને બીજાને અટકાવે ! આ તો શાસ્ત્રીમહારાજ અનંત પ્રકારનાં કષ્ટ વેઠી આખા સંપ્રદાયના ઉદ્ધાર માટે, કાળાંતરની પુષ્ટિ માટે મોટાં મોટાં મંદિરો કરી

મૂર્તિઓનું સ્થાપન કરી રહ્યા છે, એમાં સ્વામિનારાયણની પ્રસિદ્ધિ વિશેષ થાય છે. રાધિકાજી પધરાવાય, અર્જુનજી પધરાવાય, બળદેવ-રેવતીજી પધરાવાય, પણ ગુણાતીતાનંદ સ્વામી-ગોપાળાનંદ સ્વામી ન પધરાવાય. ને અયોધ્યાપ્રસાદજી મહારાજે રામપ્રતાપજી ને સુવાસની બાઈની મૂર્તિ છપૈયામાં પધરાવી છે, ને આપણે ખાનગી પૂછીએ ત્યારે રામપ્રતાપજી ને સુવાસની બાઈનું નામ લે પણ જય બોલાવતી વખતે બળદેવ-રેવતીજીનું નામ દે, આ શું ભડકાટ ? કોઈ ઉપાધિ કરનાર નથી, છતાં પોતાને જ ગેડ બેઠી નથી ! માટે એ ભડકાટ કાઢવાનો છે ને તેમાં જ પ્રવર્તાવવાનું છે ત્યારે જ સડા નીકળશે. આ તો સડા કાઢવા વિચાર કરવો છે ને સડાવાળા જ કહે : 'એ તો સંપ્રદાય વિરુદ્ધ છે. કોઈએ ન કર્યું, મહારાજે ન કર્યું ને એમણે (સ્વામીશ્રીએ) કર્યું તેથી આપણે ન માનવું !' તો હા પાડી ભેગા મળી જાય ! વિચાર ન કરે, કે શું ન માનવું ? મહારાજની મોટપ થાય, મહિમા વધે, પ્રસિદ્ધિ થાય તે વાત ન માનવી ? માટે અનંત પ્રકારના સંશયો છે તે મુ. મગનભાઈની પેઠે તિલાંજલિ આપી જૂના અનુભવી ને સર્વોપરી નિષ્ઠા આપ સમજવાવાળા છો, જી હા - જી હા કરો એવા નથી, માટે આ સરળ ને સીધી વાત સમજવાની છે. શાસ્ત્રીમહારાજને કાંઈ પોતાના ગુરૂની, તેમ પોતાની મૂર્તિ ઉપર તાન નથી પણ સંપ્રદાયની શુદ્ધિ ઉપર જ તાન છે તેમ તેમની તનતોડ મહેનત ઉપરથી જણાય છે.

હું તો જાતે અનુભવ કરી રહ્યો છું ને આપને જણાવી રહ્યો છું તો મારે દાખડો સફળ થાય. પણ એકદમ નહિ, ધીરે રહીને આ વાત સૌને ગળે ઉતારવાની છે. તો જ આપના તમામ સંકલ્પો પૂરા થશે. પણ સાધારણ દીવા જેવા પુરુષના શબ્દમાં પ્રતીતિ આવે ને વીજળી જેવા, વડવાનળ જેવા થોડા પણ ઉત્તમ પુરુષના શબ્દમાં વિશ્વાસ ન આવે ત્યારે આપણે કઈ પંક્તિમાં ગણાઈએ ? ને મહારાજે તો વડતાલના ૩જા વચનામૃતમાં દીવા જેવા તથા મશાલ જેવા મોટા પુરુષની માહાત્મ્યે સહિત ભક્તિ જોઈતી હોય તો સેવા કરવી નહિ પણ વિજળી જેવા ને વડવાનળ જેવા મોટા પુરુષની સેવા કરવાની કહી તો જ માહાત્મ્યે સહિત ભક્તિ આવે.

હવે આપ વિચાર કરો કે દીવા કેટલા ને મશાલો કેટલી ? વીજળી કેટલી ને વડવાનળ-અગ્નિ કેટલા ? તો પછી મુદ્દાની વાત કહેવાય. સમૂહમાં

સલાહ કામ ન આવે. વચનામૃતમાં શ્રીમુખનાં વચન ને વેદરહસ્યમાં શ્રીમુખનાં વચન આગળ લખી ગયો છું, તેમાં વિશ્વાસ આવતો નથી ને આધુનિક એટલે હાલમા વિચરતા મુક્ત પુરુષોને અનાદિ મહામુક્ત સ્વતઃસિદ્ધ શબ્દ વાપરી મહિમા કહેવા સાંભળવામાં પાછી પાની કરતા નથી. ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીના મહિમાની વાત આવે ત્યારે ઝાંખા પડી જાય ને પોતાના ગુરૂ અગર પ્રગટના મુક્ત જેટલો મહિમા ન સમજે તેનું કારણ શું ? પ્રવર્તાવનાર ઉપર પ્રીતિ નથી, તાજો દાખલો : આપના અનુભવની વાત છે. કેટલાક સાધુ, બ્રહ્મચારીમાં શ્રદ્ધાવાળા હરિભક્તોએ તેમની કેટલા પ્રકારની મૂર્તિઓ કરાવી છે તે આપે જોઈ પણ હશે. પૂજાની, ધ્યાનની, ઉંચી લટકાવવાની, લોકેટની, હાથે પહેરવાની, મોનોગ્રામમાં જડવાની વગેરે નોખા નોખા પ્રકારની પડાવી છે ને સુખેથી પૂજે છે. પણ ગુણાતીતાનંદ સ્વામી કે ગોપાળાનંદ સ્વામીની મૂર્તિ રાખી શકે નહિ ને કોઈ પૂજતું હોય અગર રાખતું હોય તો અરૂચિ જણાવે પણ એમ વિચાર ન કરે જે હાલના સામાન્ય સાધુ વગેરેને ગુરુ માને છે, તો સત્સંગમાં પ્રસિદ્ધ મહારાજની સર્વોપરી ઉપાસના પ્રવર્તાવનાર એવા પુરુષની યાદગીરી કહો, સ્મારક કહો, મહારાજની સેવા તરીકે કહો કે મહારાજ સાથે કહો પણ મૂર્તિઓ પધરાવવામાં શું બાધ છે ? તેનો પૂર્ણ ખ્યાલ કરવાનો છે.

મહારાજ છતાંની પ્રથા જુઓ. ચિત્ર-પ્રતિમામાં મહારાજ જોડે કાં તો મુક્તાનંદ સ્વામી કવચિત્, કાં તો મૂળજી બ્રહ્મચારી કવચિત્ ને વિશેષ મૂર્તિઓ મહારાજ જોડે ગુણાતીતાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામીની છે. મહારાજ જોડે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજીમહારાજની છે ને તે પ્રમાણે ગામડાનાં મંદિરોમાં પધરાવી છે ને અક્ષરભુવનમાં પણ જોટા રંગીત (જોડમાં રંગેલી મૂર્તિઓ) છે. તે આપે જોયા પણ હશે. બીજા કોઈ નંદ સાધુ અગર પાર્ષદ અગર હરિજનની મૂર્તિ છે જ નહિ (આપણે પણ તે જ પ્રથા અનુસાર ધાતુ, પાષાણની મૂર્તિઓ બેસાડી છે ને પ્રાગજીભાઈ તથા સ્વામી જાગાભક્તની મૂર્તિ પધરાવી છે એ ખોટા આક્ષેપ છે. તેમ તેમની મૂર્તિ પધરાવવાની ખાનગીમાં પણ ગોષ્ઠી નથી એ ખુદ શાસ્ત્રીમહારાજનો સિદ્ધાંત છે.)

આ પછી સ્વામીશ્રીએ પણ પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળને વિશેષ પ્રેરણા આપવા

એક પ્રેરક પત્ર લખી દીધો :

તા. ૧૯-૧૨-૩૪

સ્વામીશ્રીજીભ્યો નમઃ

વિ. મંડળના પત્રો વખતોવખત અહીં આવે છે તે વાંચી આપની સમજણ, પ્રેમ, ઉત્સાહ ને સત્સંગ વધારવાની લાગણી જોઈને ઘણો આનંદ થયો છે. એવીજ રીતે હંમેશાં નવો નવો ઉત્સાહ વધારશો ને શ્રીજીસ્વામીની સર્વોપરી નિષ્ઠા, તેમની આજ્ઞા, તેમને વિષે સદ્‌ભાવ ને તેમનો પક્ષ એ ચાર વાનાંની પુષ્ટિ ને અચળ નિષ્ઠામાં વધારો કરવો. આપે જે સર્વમંડળે આફ્રિકામાં સત્સંગ વધારવારૂપી સિદ્ધાંત ધર્યો છે, તે પૂરેપૂરો પાર પાડવાનો સંકલ્પ સિદ્ધ થાય તેવો પ્રયત્ન જારી રાખશો, કારણ કે નીતિમાં કહ્યું છે કે :-

अनारम्भो मनुष्याणा प्रथमं बुद्धिलक्षणम् ।
आरब्धस्य अन्तनयनं द्वितीयं बुद्धिलक्षणम् ॥

અર્થ :- પ્રથમ વિચાર કરી અશક્ય કામનો આરંભ ન કરવો, તે બુદ્ધિવાળાનું પહેલું લક્ષણ છે ને વિચારી આરંભેલા કામનો અંત લાવવો તે બુદ્ધિનું બીજું લક્ષણ છે, તો આપે જે જે શુભ સંકલ્પો કરેલા છે તેનો નિર્વિઘ્ને પરિપૂર્ણ પાર લાવવો. તેમાં પ્રથમ તો આફ્રિકામાં સત્સંગ ને ગુણાતીતજ્ઞાનનો ડંકો વાગે તે, બીજો સત્સંગની ધર્મમર્યાદા પરિપૂર્ણ સચવાય ને સત્સંગમાં કોઈ પ્રકરણની મોળપ હોય તે ટાળવી, ત્રીજો આખા હિન્દુસ્તાન તથા પરદેશમાં, સમાજમાં, સત્સંગનું સર્વોપરીપણું પ્રદીપ્ત થાય, ને ચોથો આગળ જતાં બીજા સંપ્રદાયના અવતારોની પેઠે ઘરોઘર શ્રીજીસ્વામીનું ભજન થાય ને વ્યાપકપણું થાય ને કોઈ પ્રકારે આગળ જતાં મોળું ન પડે, આવા તમારા વિચારો ધારેલા છે તે શ્રીજીસ્વામી ને તેમના મહામુક્તોના આશીર્વાદથી પાર પડે ને આનંદઆનંદ થાય તેમ હંમેશાં શ્રીજીસ્વામી પાસે મારી પ્રાર્થના છે. તો આપ પણ તે માટે કટિબદ્ધ થઈને અતિ આગ્રહ ને ઉત્સાહથી પ્રયત્નમાં મંડશો.

•

યોગીજી મહારાજે સ્વામીશ્રીની આવશ્યકતા સમજી એક પત્ર સુણાવ ગામે લખ્યો :

તા. ૨૯-૫-૩૫, સોમવાર

ચૈત્ર વદી ૧૧ સાંજના પાા

તાર માફક કાગળ, એકદમ જલદી આવો.

સ્વસ્તિશ્રી સુણાવ મહાશુભસ્થાને અનંત જીવોને માયા પાર કરનારા પરમકૃપાળુ, પરમ દયાળુ, પુજ્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરૂષદાસજી સ્વામીની પવિત્ર સેવામાં,

ગોંડળ અક્ષરમંદિરથી લી. ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી તથા અક્ષર સ્વામી તથા કોઠારી ધર્મવલ્લભદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

મીસ્ત્રિ વજેશંકરભાઈ લખાવે છે, પાછલી પ્રદક્ષણાના ભંડકના છાટીયા તથા પાટ તુટી ગીયા છે તો તમારી ખાસ જરૂરી છે તો કેમ કરવું ? તમારા સિવાય સુજ (સૂઝ) નહીં પડે. તો આ કાગળ તાર માફક જાણશો, કારણ કે આજે તપાસ કરતાં ભંડકમાં પાટ-ઘાટીમાં તડ પડી ગઈ છે તો મીસ્ત્રી કહે : સ્વામીને ઉતાવળથી બોલાવો ને સ્વામી જેમ કહે તેમ ભીંત કરી લહીએ અથવા કમાન કરી લહીએ. તેમની ખાસ ઉતાવળ છે. તે માટે પત્ર લખ્યો છે. આપ આવો એટલે પથર સંબંધી, મુરતી સંબંધી તમામ સુજ પડી આવે.

દયાભાવ રાખશો, ને વેલાસર પધારજો. એજ.

કામની ઝડપ સાથે તાલ મિલાવવા સ્વામીશ્રીને ગુજરાતથી ગોંડળ સુધી દોડી આવવું એ કેટલી ભીડાની પરિસ્થિતિ હતી ! સાધનોનો અભાવ હતો પણ સ્વામીશ્રીના ઉત્સાહનો અભાવ ન હતો ! અમુક કામ માટે મોટા મોટા સોમપુરાઓ પણ અટકી પડતા, ત્યાં સ્વામીશ્રીની કલાસૂઝ કે સ્થાપત્યસૂઝથી કામ ઉકલી જતું. સોમપુરાઓ અને મીસ્ત્રીઓ સ્વામીશ્રીની આ અદ્‌ભુત પ્રતિભા અને આવડત જોઈ આફરીન પોકારી જતા ! અને પોતાના કામમાં પણ સ્વામીશ્રીનો અભિપ્રાય અંતિમ સમજતા !

સ્વામીશ્રી તત્કાળ ગોંડળ પહોંચ્યા અને સમસ્યા ઉકેલી કામ ચાલતું કરાવી દીધું.

મુક્તોનો સિદ્ધાંત

વિચરણ બાદ દોઢ મહિને બોચાસણ પધાર્યા ત્યારે આફ્રિકામાં એક સત્સંગ સંમેલન થવાના સમાચાર મળ્યા. સ્વામીશ્રીએ સંમેલનનો હેતુ સ્પષ્ટ કરતો એક સુંદર પત્ર લખી દીધો :

તા. ૧૫-૭-૩૫
બોચાસણ

વિશેષ, આ સંમેલનમાં આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ ને પક્ષ એ ચાર મુદ્દા સંબંધી જ વાત વધુ પ્રમાણમાં ચર્ચશો. કારણસર ઉપરના દેખાદેખી થયેલા સત્સંગી પણ પાછળથી સમાગમમાં લાવીને પાકો સત્સંગી બનાવવો એમ શ્રીજીમહારાજની આજ્ઞા છે ને પોતે પણ વચનામૃતમાં કહ્યું છે કે નિયમ, નિશ્ચય ને પક્ષ એ ત્રણ હોય તે પાકો સત્સંગી કહેવાય. સ્વામીએ પણ પોતાની વાતમાં કહ્યું છે કે ચાર જીવનાં જીવન છે. (૧) ઉપાસના (૨) મોટા (૩) એકાંતિકમાં અતિશય પ્રીતિ ને (૪) ભગવદી જોડે સહૃદભાવ એ ચાર જીવના જીવન બતાવીને અસત્ દેશકાળ સેવવાની ના પાડી છે. અસત્ દેશકાળ અસત્ પુરુષના સંગે આવે છે ને સત્ દેશકાળ સત્પુરુષના સંગે આવે છે. વિગેરે કરી આજ્ઞા, ઉપાસના, મોટામાં પ્રીતિ ને ભગવદીમાં સહૃદપણું ને સત્પુરુષનો હંમેશાં સમાગમ એમાં બધુંય આવી જાય છે. પરન્તુ સાધુ-અસાધુની ઓળખાણમાં સર્વ ભૂલા પડે છે. માટે વચનામૃત સ્વામીની વાતુ, સદ્‌ગુરુ ગોપાલાનંદ સ્વામીની વાતુ ને શુકાનંદ સ્વામિના ગ્રંથ સત્સંગી જીવન વિગેરે અતિ સત્સંગમાં પ્રમાણભૂત ગ્રંથના આધારે લક્ષણો મેળવીને સત્સંગમાં ભુલો ન પડે કારણ અત્યારે પુસ્તક ઉપર આધાર ન રખાય તો અમારા ગુરૂ ત્રિકાલદર્શી છે તેમના વચનથી સિદ્ધાંતને એકાંતિક ધર્મના સ્વરૂપને સમઝીશું. કારણ, વચનામૃત વિગેરે શોધીને ચાર સદ્‌ગુરૂઓયે બહાર પાડ્યાં છે તે તો શોધ્યાને બદલે બગાડ્યાં છે એમ કેટલાક અધુરીયા એકદર્શી દુરાગ્રહીને ઓળખી દૂર રહેવા જેવું છે. કારણ શ્રીજી-સ્વામીના સિદ્ધાંત વિરુદ્ધ મનમાં અભિનિવેશ થાય છે તેની બુદ્ધિ પણ ફરી જાય છે તેથી ઉપર-ઉપરનું તો ઓળખાણ થાય ને બરાબર તપાસ કરે તો પુરેપૂરૂં થાય ને શ્રીજી-સ્વામીને તેમના મુક્તોના સિદ્ધાંતમાં કેદી ધર્મને ઘસારો નહિ આવે. કારણ કે અધિકારી બનવામાં પ્રથમ સદ્ધર્માર્મિક ધર્મની જરૂર. માટે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહીત એકાંતિક ભક્તિ કરવી એ મોટાનો મત છે. તે પ્રમાણે મહામુક્તરાજ પ્રાગજી ભક્ત તથા જાગાભગત તથા સદ્‌ગુરુ સ્વામી બાળમુકુંદદાસ વિગેરેનો ઘણી મુદતથી સંગ કરેલો ને વારંવાર એકાંતમાં પૂછી નક્કી કરેલું તે આપને લખ્યું છે.

આ તરફ યોગીજી મહારાજને પણ નિરાંત મળી હતી, તેથી તેઓએ પણ આફ્રિકા સત્સંગ મંડળને પ્રેરણા આપવાની તક ઝડપી લીધી. પ્રમુખશ્રી તથા હરમાનભાઈ વગેરેને સંબોધી તેમણે લખ્યું :

તા. ૧૮-૭-૩૫, ગોંડળ.

'આવા અનાર્ય દેશમાં આપશ્રી દાખડો વેઠીને સત્સંગ ઉજવો છો ને સમૈયા ભરો છો, તેથી ધન્યવાદ આપવામાં આવે છે. અહોહો, મેં એક કાગળ 'સુધા'માં વાંચ્યો, તેમાં આપે એક સમૈયો હમણાં ભર્યો ને તે વાંચવામાં આવવાથી અમારાં રૂવાંડાં ઉભા થયા ! સત્સંગને ઉત્તેજન આપનાર આપ સર્વેને ધન્યવાદ આપવામાં આવે છે.

સ્વામીએ વાતમાં કહ્યું કે કરોજ કામ બગાડીને પોતાનો મોક્ષ સુધારવો, કદાપિ કરોડ કામ સુધાર્યાં ને એક મોક્ષ બગડ્યો તો તેમાં શું કર્યું ! આ વાત ઉપર આપણે વિવેચન કરીએ તો ઘણો વખત જાય, એવો મોટાના શબ્દમાં ભાવાર્થ સમાયેલો છે; હવે આપણે કરોડ કામ બગાડવાં પડે તેમ નથી; કોઈને એક કામ હોય ને કોઈને બે કામ હોય ને કોઈને પાંચ કામ હોય ને કોઈને દશ કામ હોય, એથી વધારે હોય નહિ; પણ સ્વામી આપણા મહાન ગુરૂ સુંદર વાત કહે છે કે કદાપિ કરોડ કામ કોઈને હોય તે બગાડવાં પણ જીવનું કલ્યાણ કરવું; તેમાં બરાબર સુરત રાખવી ને હવે જીવનું કલ્યાણ કેમ થાય, તે વચનામૃત વાંચીને જોવું.

આ દિવસોમાં મૂળ કંથારિયાના યુવાન ભક્તરાજ ભગવત્સિંહજી દાજીભાઈ ભારતના સૈનિકદળમાં જોડાયા હતા, તેમની સાથે યોગીજી મહારાજનો પત્ર વ્યવહાર ચાલુ હતો. આ યુવાન ભક્તરાજની તેમને કેટલી ખેવના ને દરકાર હતી ! સામે એ યુવાન પણ એવા કપરા સમયમાં કેવી સેવા કરતા તેનું અપૂર્વ દર્શન આપણને આ પત્રમા સાપડે છે :

સ્વામી શ્રીજી સત્ય છે.

તા. ૦૪-૯-૩૫, બુધવાર દીવસ.

ગોડળ સ્થાન.

સ્વસ્તિશ્રી બેલગામ મહાશુભસ્થાને પરમ ભગવદી સ્વામીશ્રીજીના લાડીલા સ્વધર્મનીષ્ઠ રા.રા. દરબાર શ્રી ભગવતસીંહજીભાઈ દાજીભાઈ પ્રત્યે ગુણાતીતસ્થાન શ્રી ગોંડળ, અક્ષરમંદીરથી લી. જ્ઞાનજીવનદાસજીના ઘણા

હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. દીલગીરી સાથે લખવાનું કે પૈસા વિના કામ બંધ રહેશે. કારણ કે સૌ થોડી થોડી મદત (મદદ) આપે તો કામ થાય. વૈશાક સુદી પુનમે શીખર કાઢવાના છે. કામ શીખરનું ચાલે છે. ૧૩ કડીયા કામ કરે છે. આપ અભ્યાસ સારી રીતે કરશો. સ્વામીશ્રીજી સાક્ષાત આપની આબરૂ જાવા નહિ દીયે ને વચનામૃત-વાતુ વાંચશો. મારવાડમાં આપ પત્ર લખો તો રૂા. ત્યાંથી આપના મારફત ગોંડળ આવિ જાય. પથરવાળો દીવાળીયે પૈસા લેશે. કડીયા-મજુર કને(પાસે) ચુકવવા પડશે તો આપે રૂ. ૩૦ મોકલવા લખેલ છે તો સારૂ, પણ રૂા. ૫૦ જો મોકલો તો કામ આવે. તમો ૨૦ રૂપિયા ધર્માદામાંથી વાળી લેશોજી. પણ રૂ. ૫૦નો મનીઓડર મુ. ગોંડળ, અક્ષર મંદીર, વાડીમાં ભક્તરાજ નારણ ભક્ત કોઠારીને શીરનામે મોકલશો. કામ સરડે ચડેલું ભાંગે, તેની ચીંતા થાય છે. રૂા. ૫૦૦૦ ની જરૂર છે તો સ્વામી ગમે ત્યાં પ્રવેશ કરીને શીખર કઢાવશે. અત્યારે તો ભાગ ભળવા જેવું છે. વળતો પત્ર લખશો. શાસ્ત્રીજી મહારાજ પાંચ દીવસમાં આવશે. નીયમ-ધર્મ-ભક્તિ બરાબર પાળવું. ગોંડળ સ્થાન ઉત્તમ છે.'

તત્ત્વજ્ઞાનનો પદાર્થપાઠ

આવી ચિંતા અને પ્રવૃત્તિઓમાં પણ પ્રવૃત્તિ એ સ્વામીશ્રી કે એમના સંતોનું લક્ષ્ય નહોતું ! ઉપાસનાલક્ષી આ પ્રવૃત્તિમાં માત્ર સેવા થતી રહે, ને જ્ઞાન વિસારે પડાય તે તેમને ક્યારેય મંજૂર ન હતું. આથી જ પારાયણો કે કથામાં તેમણે લેશમાત્ર પણ સોપો ન પડવા દીધો. જો કોઈ મુમુક્ષુ જ્ઞાન કે સમજણ બાબતનો પ્રશ્ન પુછાવે, તો ઉમંગથી તેને લેખિત ઉત્તર પણ જાતે જ આપી દેતા ! આ માટે સમયનો અભાવ કે પ્રવૃત્તિનો ફેર તેમનામાં ક્યારેય જોવા ન મળતો !

આફ્રિકામાં નવા વિકસી રહેલા સત્સંગમાં જેમનું પાયાનું યોગદાન હતું, તેવા હરિભક્ત હરમાનભાઈ અને મુક્તરાજ મગનભાઈને સમજણ બાબતનો એક પત્ર સ્વામીશ્રીએ જાતે જ લખીને મોકલ્યો !

સ્વામિનારાયણીય તત્ત્વજ્ઞાનના મહત્ત્વના પદાર્થપાઠ આ પત્ર દ્વારા આપણે સ્પષ્ટતાપૂર્વક પામી શકીએ છીએ. સ્વામીશ્રી લખે છે :

વડોદરા, તા. ૧૫-૧૨-૧૯૩૫

સ્વસ્તિશ્રી આફ્રિકા મહાશુભસ્થાને પરમ ભગવદી સત્સંગ શિરોમણિ શ્રી અક્ષર પુરુષોત્તમ ઉપાસક રા. હરમાનભાઈ મકનદાસ તથા રા. બંને મણિભાઈ તથા મગનભાઈ વિગેરે પ્રત્યે વડોદરાથી લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશિર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિ. આપનો પત્ર વાંચી નિર્ગુણદાસ સ્વામીને છપૈયા તરફ છે ત્યાં વાંચવા મોકલ્યો છે. આપે અગાઉ પ્રશ્ન પૂછેલો કે ભગવાનને ભજીને (જીવ) બ્રહ્મ તથા અક્ષર જેવા થાય છે પણ પુરુષોત્તમ નારાયણ જેવો થવા સમર્થ નથી થતો. તો અક્ષર જેવા તો અક્ષર અનેક થાય તેમાં શો બાધ છે ? (અર્થાત્ જીવ પોતાને અક્ષરરૂપ માની પુરુષોત્તમની ભક્તિનો અધિકાર પ્રાપ્ત કરે ને બ્રહ્મ થાય તો 'મૂળ અક્ષરબ્રહ્મ એક જ છે' તેનો વચ. લો. ૧૭નો સિદ્ધાંત ખોટો પડે અને જે અક્ષરરૂપ થાય તે બધા જ 'મૂળ અક્ષરબ્રહ્મ' બની જાય, તો આમાં શું સમજીએ તો બાધ ન આવે ? અને વળી મૂળ અક્ષર અને અક્ષરમુક્તમાં શો ભેદ રહે ?)

તેના જવાબમાં (લખવાનું કે) શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો (છે) તેમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ પાંચ ભેદ અનાદિ કહ્યા છે ને સત્સંગિજીવન તથા ભક્તચિંતામણી, હરિલીલામૃત ને વચનામૃત એમાં બધેય પાંચ ભેદ અનાદિના કહ્યા છે. તો જે પુરુષોત્તમ અનાદિ-એક, તેમ (મૂળ) અક્ષર અનાદિ, એક છે ને જીવ-ઈશ્વરની તો (અનેક) કોટિયો છે.

હવે અક્ષરના સાધર્મ્યપણાને પામી અનેક અક્ષર મુક્ત થાય છે. પણ અક્ષર જેવા થતા નથી (જેમ પુરુષોત્તમ અદ્વિતીય, તેમ અક્ષર પણ અદ્વિતીય.) સ્વામી-સેવકપણાનો નાતો રહે છે. તે વાત સત્સંગિજીવનમાં તથા ગોપાળાનંદ સ્વામીની વાતોમાં પણ છે કે અનેક અક્ષરાત્મક મુક્તનું તેજ અક્ષરના એક દેશમાં લીન થઈ જાય છે અને અક્ષરનું તેજ પુરુષોત્તમના એક દેશમાં લીન થઈ જાય છે. એમ શ્રીજી મહારાજે પોતે ભેદ પાડ્યો છે. જો અક્ષરનું સાધર્મ્યપણું પામવાથી અક્ષર જેવા જ થતા હોય, તો 'मम साधर्म्यमागताः निरंजनः परमं साम्यमुपैति' એમ ભગવાનનું સાધર્મ્ય પામવાના શબ્દો શાસ્ત્રોમા છે. ને વચનામૃતમાં પણ પ્રથમના ૬૩ વિગેરે ઘણાં વચનામૃતોમાં છે. તેથી અનંત ભગવાન થઈ જાય (પણ) તેમ તો નથી. તો અનાદી અક્ષરનું સાધર્મ્યપણું પામવાથી અક્ષર અનંત થાય તેમ નથી. તેમ

નક્કી વચનામૃત, ગીતા, ભાગવત, વેદાંતના શબ્દો જોતા જણાય છે, ને ભગતજી, જાગાભક્ત, સ્વામી બાળમુકુન્દદાસજી જેવા ગુણાતીતાનંદ સ્વામી ભેગા રહી સ્વામીનો અભિપ્રાય જાણીને ઘણી વખત ઉપર પ્રમાણે વાતો કરતા, તે નજરે જાતે અનુભવ કરેલ છે, તો ઉપર પ્રમાણે સિધ્ધાંત છે.

વળી અક્ષર પર એક પુરુષોત્તમ છે, મુક્તો (તો) ઘણા ભેદવાળા કહ્યા છે. તે સર્વ અક્ષરથી બીજે નંબરે છે. એમ શ્રીજી મહારાજનો સિધ્ધાંત છે. લોયાના તેરનામાં, કારીયાણીના દશનામાં, સત્સંગિજીવનમાં, ગોપાળસ્વામી અને સ્વામીની વાતોમાં પણ અક્ષરથી પર એક પુરુષોત્તમ છે તેમ લખ્યું છે. (જેમ) કે ભગવાનને ભજી ને શુકસનકાદિક જેવા થાય, બ્રહ્મ તથા અક્ષર જેવા થાય પણ પુરુષોત્તમનારાયણ જેવા થવા કોઈ સમર્થ નથી. તેમાં પણ સર્વથી પર અક્ષર ને તેથી પર પુરુષોત્તમ છે.

એમ કારીયાણી ૧૦માં, લોયાના ૧૩માં (કહ્યું છે કે) ભગવાનને લઈને નારદ, શુક, સનકાદિકને ભગવાન કહેવાય, ને ભગવાનને લઈને ઉદ્ધવજીને ભગવાન કહેવાય ને ભગવાનને લીધા સિવાય તો અક્ષરને પણ ભગવાન ન કહેવાય, તો બીજાની શી વાત ? તેમાં પણ અક્ષર પહેલે નંબરે કહેલ છે. તે તો જે બુધ્ધિશાળી ને ઉત્તમ મુમુક્ષુ હોય ને કોઈ પ્રકારના પક્ષમાં અભિનિવેશ ન થયો હોય તેને સમજાય ને ચોખ્ખું જ્ઞાન ને ચોકખી ઉપાસના સમજાય.

પ્રથમ પરોક્ષપણે તત્ત્વજ્ઞાન ચોકખું સમજાય, સાકાર પુરુષોત્તમ ને સાકાર અક્ષર ને અક્ષરના સાધર્મ્યપણાને પામેલા સાકાર મુક્ત પછી મૂળપુરુષ, પ્રધાનપુરુષ, વૈરાટ બ્રહ્મા, શિવ, વિષ્ણુ આદિ ઈશ્વર કોટીઓ સમજાય, તેમાં શુધ્ધ ઉપાસનાવાળા ગુરુમાં આત્મબુધ્ધી ને દ્રઢ પ્રીતિ થાય ને શ્રધ્ધાપૂર્વક સમાગમ કરે ત્યારે સમજાય (ને સમજણમાં) ફેરફાર ન થાય. ને ગમે તેમ આંટી પડે તો (પણ) તે ભૂલ ન પડે.

હવે મહારાજ અક્ષરાધિપતિ પુરુષોત્તમ ને સ્વામી અનાદિ મૂળ અક્ષર એ બેનો(બંનેનો) પ્રત્યક્ષપણે નિશ્ચય તો સ્વામી ગોપાળાનંદ, સ્વામી ગુણાતીતાનંદ તથા નિષ્કુળાનંદ સ્વામી અને પોતે શ્રીજી મહારાજ આ દરેકના વચનમાં દ્રઢ પ્રતીતિ હોય ને વિશ્વાસ હોય ને ઉપર કહેલ મહારાજ, સ્વામી ને ગોપાળાનંદ સ્વામીના સમાગમવાળા પ્રત્યક્ષ તેમના સાધર્મ્યપણાને પામેલા તેમના અનન્ય શિષ્ય થઈને સેવા કરીને તદ્રૂપ થયેલાં મહત્ પુરુષનો

મન, કર્મ, વચને સંગ કરે તો જ પ્રત્યક્ષ સ્વામી ને મહારાજના સ્વરૂપની નિષ્ઠા થાય ને અક્ષરરૂપ થઈ અખંડ શ્રીજીની સેવામાં રહે ને અનંત મુમુક્ષુઓને માયા પાર કરી, બ્રહ્મરૂપ કરી શ્રીજીની સેવામાં જોડી દે, પણ પ્રત્યક્ષ સાક્ષાત્ સંતપુરુષના પ્રસંગ વિના તેના ભાવને પામે નહિ.

તે વચનામૃતમાં પ્રથમના ૬૦માં છે કે એકાન્તિકનો ધર્મ તો એકાન્તિક થકી જ પમાય છે. પણ ગ્રંથમાં લખી રાખ્યો હોય ને તેવી વાત કહેવા જાય તો કહેતા પણ આવડે નહીં. ધર્મામૃતના છેલ્લા અધ્યાયના ૬ઠા શ્લોકમાં લખ્યું છે કે એકાન્તિક ધર્મનું થોડાકમાં લક્ષણ કહું છું કે સહજ સ્વભાવે જેની ઇન્દ્રીઓ-અંતઃકરણની વૃત્તિઓ અંતર સન્મુખ ભગવાનમાં રહે તેવા થકા પ્રવૃત્તિ અથવા નિવૃત્તિ સંબંધી ક્રિયાઓ કરે તેને એકાન્તિક, ધર્મનિષ્ઠ જાણવો ને આવો એકાન્તિક ધર્મ હોય ત્યાં સત્યુગની પ્રવૃત્તિ હોય પણ ત્રેતા, દ્વાપર, કલીયુગની પ્રવૃત્તિ ન હોય.

માટે એકાન્તિક ધર્મ સિદ્ધ કરી આ દેહે છેલ્લો જન્મ કરી શ્રીજીની સેવામાં, અક્ષરધામમાં રહેવું હોય તો પ્રત્યક્ષ ભગવાન અને પ્રત્યક્ષ સંતનો સાક્ષાત્ સંબંધ કરવાની જરૂર છે. કર્ણોપકરણ રીતે વાતો તો સત્સંગમાં ઘણી પ્રવર્તી છે, શ્રીજીસ્વામીના સિધ્ધાંતમાં ફેરફાર થઈ દૂધમાં પાણી ભળે તેમ થઈ વિપરીત રીતે જ્ઞાન પ્રવર્ત્યું છે. જેવા જેના પ્રારબ્ધ હશે તેવો જોગ બની આવે છે. કેટલાક સંગદોષથી સારા-ઉત્તમ હોય છે તો પણ સપડાઈ જાય છે. સંસ્કાર ખોઈ બેસે છે. **માટે મુખ્ય વચનામૃત અને મોટાના શબ્દો ઉપર આધાર રાખી અત્યારના જ્ઞાનવાળાની વાતો પર આધાર ન રાખે તો નીશાન ન ફરે, પણ મૂળ શ્રીજી, સ્વામી અને ગોપાળાનંદસ્વામી જેવાના શબ્દો પર ધ્યાન ન રાખીને પોતે મનસ્વીપણે ગુરુ કર્યા હોય તેના ઉપર આધાર રાખે તો અનેક કલ્પિત ગોઠવણીની મોહજાળમાં ફસાઈ જાય છે. બહુ વિચાર કરી સત્સંગ કરવાનો છે.**

આ કાગળ ઉતાવળથી જોગી મહારાજના આગ્રહથી લખ્યો છે. તો લેખિત દોષ થયો હોય, કોઈ શબ્દ ફેરફાર લખાતો હોય તો સુધારીને વાંચશો. ત્યાં તમામ સાચા સત્સંગીઓને સંભારીને જય શ્રી સ્વામિનારાયણ કહેશો ને લખી મોકલશો.

અત્રેથી સર્વ સંત હરિજનોના ઘણા જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

ઉત્તર બોચાસણ લખજો. આજ બોચાસણ જઈએ છીએ. એ જ.

હા, ઉતાવળથી લખાયેલા આ પત્રમાં પણ કેટલી સુંદર સ્પષ્ટતા છે ! જો 'વચનામૃત' અને તેનાં રહસ્યો સમજાવનાર બ્રહ્મનિષ્ઠ સંત ન હોય, તો જીવ સંગદોષથી ક્યાંય સપડાઈ જાય ને સંસ્કાર ખોઈ બેસે છે.

સ્વામીશ્રીએ આ વાત અદ્‌ભુત રીતે સમજાવી અક્ષરબ્રહ્મ અને અક્ષર મુક્તોનો સુંદર તાત્ત્વિક અને શ્રીજી પ્રબોધિત ભેદ સમજાવી સમજણ ચોખ્ખી કરી આપી.

●

આ જ રીતે સ્વામીશ્રીએ એક મુમુક્ષુને સત્સંગ સેવાનો મહિમા સમજાવતો એક વિશિષ્ટ પત્ર લખ્યો :

'...વિશેષ આખા સત્સંગને રાજી કરવો ને પોતાના આત્માનું કામ કરી લેવું. બધું મળશે પણ સ્વામી-મહારાજ ત્થા તેમના લાડીલા ગુણાતીતજ્ઞાનના સંત-હરિભક્તોને રાજી કરવાથી જે સર્વોપરી પ્રાપ્તિ થાય છે તેવું કોઈ સાધન (રાજીપા જેવું) નથી. તે આપને વગર પ્રયાસે તેવો રાજી કરવાનો જોગ મળ્યો છે તે ગુમાવશો નહિ ને અવસર સાચવી રાખશો. મોટા મોટા સ્વામી (ગુણાતીતાનંદ સ્વામી) ને નિષ્કુલાનંદ જેવા સદ્‌ગુરુઓ નીસ્નેહી ને ત્યાગી હતા, પણ મહારાજની ઈચ્છા જે - મંદિરોની સેવા કરવી ને સત્સંગ વધારવો ને સત્સંગ સાચવવો - તેવી સેવા, મહારાજને ને આખા સત્સંગને રાજી કરવા સારુ સ્વીકારીને રાજી કર્યા. તેવી સેવા અત્યારે આપને મળી છે. આપ પણ આવો અમૂલ્ય સેવાનો વખત ભૂલશો નહીં.

વિ. અનંત કોટી જન્મથી જગતના વિષયો ભોગવ્યા છે તો પણ તેની તૃપ્તિ થઈ નથી. પાતાળ સુધી પૃથ્વી ફાટી તે એક બે ઘડાથી ભરાય તેમ નથી. એ તો જ્યારે ત્યારે તેમાં દોષ કરીને જીવમાંથી વિચાર કરી ત્યાગ થશે ને તેના બદલામાં સ્વામી, મહારાજની ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય સહિત ભક્તિ કરશો ત્યારે આનંદ થશે. ને તમામ રજ-તમ ઘાટનો નાશ થશે. કરોડ કલ્પ થયા જગતમાં અનેક પ્રકારના વૈભવ આ જીવે ભોગવ્યા છે પરંતુ તેની તૃપ્તિ થઈ નથી ને થશે નહીં ને જો આ વખતે મનને સમજાવી શૂરવીર થઈને શ્રીજી-સ્વામીની સેવામાં તત્પર રહેશો તો અનેક જન્મનો રખડપાટ મટી જશે ને અખંડ દિવ્ય દેહે શ્રીજીસ્વામીની સેવામાં રહેવાશે. કદાપિ દેહાભિમાનને લીધે કંઈ સેજસાજ કંઈક મોલપ રહેસે તો પણ આપ દ્વારાએ હજારો જીવ

પ્રભુને મારગે ચાલશે ને ઉપાસના દૃઢ કરીને સ્વામીશ્રીજીને ભજશે. તેનું પુણ્ય કરોડ ઘણું થશે. જેથી શ્રીજી-સ્વામી આપના દેહના સ્વભાવ સામું ન જોતાં અતિશે સેવા ને રાજીપાથી બ્રહ્મરૂપ કરીને પોતાના ધામમાં લઈ જશે ને દુનિયામાં પ્રતિષ્ઠા ને આબરૂમાં વધારો થશે ને અંતઃકરણમાં સુખ રહેશે એ જ.' - દ. પોતાના

'સિલકમાં માત્ર સ્વામી !'

ઠંડીના દિવસો શરૂ થઈ ગયા હતા. સ્વામીશ્રી થોડા દિવસો માટે મહારાષ્ટ્રમાં ખાનદેશ પધારી અનેક ભાવિકોને સત્સંગ લાભ આપી મુંબઈ પધાર્યા હતા. દૂર ગોંડળ મંદિરનાં બાકી રહેલાં કાર્યો ચાલુ હતાં. પરંતુ એ ચાલતાં રાખવા નાણાંનું ઊંજણ જરૂરી હતું. જે ખૂટી ગયું હતું એટલું જ નહીં, પગાર ચુકવવાની પણ આવક થઈ નહોતી.

યોગીજી મહારાજે સ્વામીશ્રીને આ પરિસ્થિતિથી વાકેફ કર્યા :

'સ્વામી શ્રીજી'

તા. ૨૧-૧-૩૬

પોષ વદી - ૧૧.

ઠાકોરજીને ઊઠતી વખત.

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર મહાશુભ સ્થાને અનંત જીવોને માયા પાર કરનારા આત્માના આધાર જીવનપ્રાણ સદ્‌ગુરુવર્ય શાસ્ત્રિજી મહારાજ તથા તમામ સત પ્રત્યે,

ગોંડળ અક્ષર મંદિરથી લી. કો. અક્ષર સ્વામી તથા જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. માગસર માસનો પગાર જેમ તેમ ચુકતે થશે એમ લાગે છે. કારણ કે રૂા. ૩૩૫ (ચૂકવવાના છે) તેમાં ૧૬૧ રાજકોટ વાળા (આપવાના છે. હાલ) રૂા. ૧૭૬ આપણને મળ્યા છે તેમાં સાહેબે (સૉલિસિટર સાહેબે) રૂ. ૧૫૧, મોકલાવ્યા. વળી રાજકોટથી થોડીક સેવા થઈ છે. એટલે આપની ઇચ્છાથી પૂરું થઈ જશે. પોસનો આખા માસનો પગાર બાકી રહ્યો. માધવજીભાઈ સખત ઉઘરાણી કરે છે. તેમને શું આપવું ? તો રૂા. ૨૦૦/- ત્યાંથી સવડ (સગવડ) બની શકે તો બરોબર તેમને હૂંડી મોકલાય તો હમણાં મહિનો

વળી ખમે ને પાણા પાકા આવે તે વિના પાણા આવતા નથી. પરમ દિવસે આવ્યા હતા. રૂા. ૨૦ આપણી પાસે હતા તે આપ્યા. અત્યારે સીલકમાં કાંઈ નથી. **ફક્ત સ્વામી પોતે જ સીલકમાં છે !** તે આપની દ્રષ્ટિ છે તેથી વહેવાર ચાલશે.

મિસ્ત્રી બળમાં છે. કામ સારૂં ચાલે છે. કમાનો સાત આજે પુરી થઈ રહેશે. કમાનો સરસ ભભકાદાર બનાવી છે. ઘુમટના પાણા ઘડાય છે તો કાલથી (ચડવાનું) શરૂ થશે માટે દયા કરીને માધવજીભાઈને માટે રૂા. ૨૦૦/- નો બંદોબસ્ત થાય તો તે રાજી રહે ને પથર મોકલાવે.

આજથી દસ માળાની ધુન્ય કરીશું.

કાલથી ઘુમટ ચાલશે પછી પલાસ્તર કરશે પછી ઘુમટીયોનું કામ શરૂ થશે હવે કામ નોર પર આવ્યું છે તે બધો આપનો પ્રતાપ છે.

હીરજીભાઈ મુંબાઈથી પરમ દિવસે આવ્યા. તેમના દીકરાને તાવ આવતો. તે કહે : 'મેં દર્શનની માનતા રાખી છે તો ચાલો દર્શને.' તેથી કાલે પાંચ વાગે આવ્યા, ઘુંમટ-કમાનો જોઈને રાજી થયા, **તેઓ પૂછતા હતા કે સિલકમાં શું છે ? તો અમે કહ્યું કે ત્રણ આના છે !** તે જોઈને વિસ્મય પામ્યા. કળસની વાત કરી કે સ્વામીનો પત્ર આવ્યો છે. ને સુરત કળશ તૈયાર થીયા છે. તો કહે : અત્રે મગાવો ને (સુવર્ણથી) રસાવીને લાવો. ત્યારે મેં કહ્યું છે જે (કળશના) ખોખાના રૂપિયા હવે મોકલવાના છે ને સુરતથી (તેનો) આંકડો મંગાવ્યો છે તે આવેથી આપને મોકલીશું, તો કહે : તે આંકડો મોકલશો એટલે ચેક અત્રે મોકલીશ, તે તમો કવરમાં બીડીને સુરત મોકલશો.

બીજું, પોરબંદરથી ગાયો નંગ-૪ તેમાં એક મોટી, ત્રણ વોડકીઓ (વીયાય તેવી તૈયાર થયેલી વાછરડી) અત્રે હીરાબા ત્થા ગોવિંદસિંહ ભાઈએ મોકલાવી છે તેમાં લખ્યું છે કે ગાયોને ઉછેરજો ને (તે) મોટી થાય ત્યારે દુધ (ઠાકોરજીને) પાજો... તથા બીજી મોટર આવિ તેમાં છ બોગરણા તથા એક મોટું તાંસક દો'વાનું, સાંકળો વિગેરે આવેલ છે ને મહિને મહિને (ખડના) પૈસા પણ મોકલશે.

અક્ષરસ્વામી કહે : ચારે રાખવી કે બે વોડકીઓ કોઈને આપવી ? કે વેચી દેવી ? કેમ કરવું ? તે કહે : 'સ્વામીને પુછાવો. પોરબંદરવાળા તો અત્રે ગાયો રાખવામાં રાજી છે ને પોરબંદર પણ ગોવિંદસીંગજીને લખી જણાવીએ

કે ખડનું પુરૂં થાતું નથી. તો ગાયોને મોકલી દઈએ (કે) કેમ ? તમે કેમ રાજી છો ?

તે તમારો પત્ર આવ્યા પછી લખીશું. જેમ આપ આજ્ઞા આપો તેમ કરીએ. (ગાયો) રાખીશું તો તેમને મન હશે તો ખડના પૈસા પણ મોકલશે.

આજે વિરમજીભાઈના રૂા. ૭૫ ઉછીના લઈને માગસર માસનો પગાર ચુકવી દેશું. આઠ દીવસમાં પાછા આપવા પડશે. બાકી વિગત કુશળ.'

એક એક માસનો પગાર બાકી હોય, 'સિલકમાં એકલા સ્વામી' હોય કે પછી 'ત્રણ આના' હોય, વીરમજી જેવા સામાન્ય કર્મચારી પાસેથી રૂા. ૭૫ની રકમ ઉધાર માંગવી પડતી હોય તેમાં સુવર્ણરસિત કળશોની વાત ક્યાંથી હોય ? પરંતુ ગુરુનિષ્ઠાના બળે અને ઈષ્ટનિષ્ઠાના સહારે સ્વામીશ્રી અને સંતો આવા દિવસોમાં સત્સંગની પ્રગતિ માટે રાત-દિવસ ઝઝૂમ્યા હતા.

ભજનનો ભાવવાહી દોર

રૂા. ૨૦૦ની આવક થયા પછી જ પથ્થરો આવતા થાય તેમ હતું. પરંતુ એ સગવડ ન થઈ શકી, સ્વામીશ્રીએ માત્ર આશ્વાસન પેટે થોડા રૂપિયાની વ્યવસ્થા કરાવી, પણ પહેલેથી આવેલા પથ્થરો પર કામ ચાલુ હતું...

આ દિવસો દરમ્યાન ફરી એકવાર યોગીજી મહારાજે ગોંડળ મંદિરના કામ અંગેની વિગતો લખી જણાવી. જેમાં તકલીફો છતાં તેમનો ધૂન-ભજનનો દોર કેટલો અતૂટ છે તેનું ભાવવાહી દર્શન સાંપડે છે, યોગીજી મહારાજ કેફથી લખી જણાવે છે :

'સ્વામી શ્રીજી'

તા. ૩-૨-૩૬, મહા વદી ૧૧. સવારના ૭ાા

શુભ મુરત, મુગટનાં દર્શન, સાક્ષાત્ પ્રાર્થના.

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાન્તીક પ્રગટ અક્ષરપુરુષોત્તમ નીષ્ઠા પ્રર્વતક સદ્ગુરુવર્ય શાસ્ત્રિજી મહારાજ તથા તમામ સત પ્રત્યે,

ગોંડળ અક્ષરમંદિરથી લી. ચર્ણ સેવક જ્ઞાનજીવનદાસજી...

વિ. આજે ૩ાા વાગે રાતના ડેરીમાં મહારાજના ફેરા ફરી સ્વામી, શ્રીજી, ભગતજી મહારાજ, સ્વામી જાગાભક્ત, કૃષ્ણજી અદા પાસે પ્રકમ્મા

(પરિક્રમા) ૫૧ ત્થા ૨૫ માળા ફેરવીને સ્તુતી આજે કરી છે. અત્યારમાં મહાપુજામા ધુન્ય તો ધમધોકાર ચાલશે, પુનમે સાક્ષાત્ પદમશિલા (પદ્મશિલા) સુક્રવારે ૧૧ વાગે ચડશે. નારાયણજી મહારાજે મુરત આપ્યું છે. ઘુંમટના તમામ થર આજ સાંજે પુરા થશે. પછી પદમશિલા ચડશે. પછી ઘુમટીઓના પાણા ઘડાય છે. ઉતરાદી કોરે ઘુંમટીઓના કામનો આરંભ થશે. પૈસાની તાણ પડી છે તો દ્રષ્ટિ કરશો. કારીગરો પાંચ વિવા(હ)માં ગીયા છે આજે ખેતસીભાઈ પણ જાય છે તો ૨૫ ઉછીના લાવિને આપ્યા છે. વિરમજીભાઈએ આપ્યા છે. બે પાઘો ત્થા તેજુરી ત્થા બે હાંડીયો ત્રણે વસ્તુઓ આવો ત્યારે લેતા આવવાની છે. રાત્રે સાત પ્રકારની ધુન્ય ચાલે છે. પુનમે દોઢ માસનો પગાર થશે, તો દયા કરશો !'

સવારે બ્રહ્મમુહૂર્તમાં ઊઠી ઊઠીને ઠાકોરજીને પ્રદક્ષિણા-માળા કરીને વિનવવાની સાધના, માત્ર આર્થિક ભીંસ હળવી કરવા માટે થતી પ્રાર્થનાઓ ન હોતી ! સુખ કે દુ:ખ બંનેમાં કેન્દ્રસ્થાને શ્રીહરિને રાખી તેમને રીઝવવાની આ મહાપુરુષોની તમન્ના હતી !

આવી ભાવના હોય ત્યાં ટાંચાં સાધનોમાંય સુવર્ણ શિખરોનાં સ્વપ્ન સિદ્ધ થાય છે...

સ્વામીશ્રી બોચાસણ હતા, તે દરમ્યાન જ યોગીજી મહારાજનો પત્ર આવી પહોચ્યો :

'સ્વામીશ્રીજી'

તા. ૨૩-૨-૧૯૩૬
રવિવાર, સવારના ૬ા
ફા.સુ.૧ સં. ૧૯૯૨.

વિ. કાલે હીરજીભાઈ... વગેરે સર્વે મોટરમાં આવ્યા હતા. ઘણા રાજી થયા. કહે : કળશ જલ્દી તૈયાર થાય તો સારું. નારણજી મહારાજે પ્રતિષ્ઠા ત્થા કળશનું સુભ મુરત વૈશાક સુદી ૧૦ વાર શુક્રવારે સવારનું... જોઈને મોકલ્યું છે. પૂજ્ય હરગોવિંદભાઈ (વ્યાસ), હીરજીભાઈ (શેઠ)એ પાસ કર્યું છે... તો આપ હવે જલ્દી પધારો. રાજકોટ ઉતરી તેમને તેડીને જગ્યા આપ પાસ કરો તે ઠેકાણે (ઓરડા તૈયાર કરવા છે, તે) કામ શરૂ થાય. કળશ વિસે આપણી પાસે (હીરજીભાઈ વિગેરે એ આપેલા) રૂા. ૯૫૦ અત્રે છે... તેમણે

કહ્યું કે અમારે ને અમારે (બાકીના) પણ પૂરા કરવા છે. તો હવે તેઓ થોડે થોડે લાવીને જમા કરે છે, માટે (આપ) વેલાસર આવો તો તમામ કષ્ટનો નોર પડે... !'

સુવર્ણ કળશની કાર્યવાહી

સુવર્ણ કળશની વાતો સાકાર થઈ રહી હતી, તેનો જ એમને મન અપાર આનંદ હતો. શેઠ હીરજીભાઈએ તેની તમામ સેવા અર્પણ કરી હતી. આ અંગે યોગીજી મહારાજ રાજકોટ સોનાનો બંદોબસ્ત કરવા પધાર્યા હતા. તેની વિગત તેમણે સ્વામીશ્રીને મુંબઈમાં જણાવી દીધી :

યોગીજી મહારાજે તેમાં લખ્યું :

સ્વામીશ્રીજી

તા. ૩૦-૩-૧૯૩૬, ચૈત્ર સુદી ૮

વાર સોમ, સવારના ૭ાા

સ્વસ્તિશ્રી મુંબાઈ બંદર, મહાશુભસ્થાન... સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ...

વિ. સુક્રવારે ૯-૦૦ વાગે (નીકળી) રાજકોટ ૧૧ા વાગે ઉતર્યો. ને સવારમાં હીરજીભાઈને મળ્યો. વાત કરી. પછી ૧૨ વાગે (સોનાની) દુકાને ગીયા. મેં ઘણો આગ્રહ કર્યો કે કળશ મોટા છે સોનું થોડું પડશે. બે પાંચ વરસે (કળશ ઉપર) ગાળા પડી જશે. માટે અત્યારે (માપે સોનું લઈને) કામ કરવા જેવું છે. એમ વાત કરી. પછી સોનાવાળાને (હીરજીભાઈની) દુકાને બોલાવ્યો. હા-ના, હા-ના કરતાં ૩૪ રૂા. ૭ આને (તોલો એ રીતે) સોદો કર્યો પછી કહે (કળશના કામનું) કેમ કરવું ? મેં કહ્યું જે હું ન જાણું. તો કહે : 'તમારા કારીગરને બોલાવો.' પછી કારીગરને બોલાવ્યો એટલે તે સવારમાં રવિવારે શેઠ હીરજીભાઈ પાસે ગીયા ને કારીગર હરિલાલભાઈને સમજ પાડી કે સવાસો તોલા (વપરાશે) તો કામ સારું થાય. (કારીગર) હરિલાલભાઈએ કહ્યું : ત્રણ કળશમાં સોનું હજાર-હજારનું સ્વામીના કે'વા પ્રમાણે (કરીએ). અમે હા પાડી ને તે પ્રમાણે સગવડ કરીને રૂા. ૩૦૦૦ એકઠા કર્યા. પછી (શેઠ) પોતે જાતે આવિને રૂા. ૩૧૧૯(નું) સોનું ૯૦ાા તોલા લઈ આપ્યું. પાળીયો કરાવ્યો, (પાસાં પડાવ્યા) પતરાં પડાવ્યાં તથા

પારો શેર ૧૦, રૂા. ૩૫નો લઈ આપ્યો. તેજાબ ત્થા સગડીયો, પાલેસની ડબીઓ બધું લઈ આપ્યું તે લઈને અમો કાલે સાંજે ૬ વાગે હરિલાલભાઈની સાથે આવ્યા અને વર્ગવાળાને (વરખવાળાને) હરિલાલભાઈએ તેડાવ્યા છે તે આજકાલમા આવશે.

કળશની પેટીઓ પણ આવિ ગઈ છે. કાલે રવિવારે સવારે રૂા. ૭ (ને) ૩ આના ભરીને (રેલ્વેમાંથી) લઈ આવ્યા છીએ. કળસને બરાબર પેકી (પેકીંગ) ન કરવાથી, ગુડ્સમાં આવવાથી એક બે કળસના પતરા ભાંગી પડ્યા છે. (શેઠ) પાછા (ફરીથી) એક બે વાર જોવા આવશે (ને) વાત જીવમાં ઉતરશે તો દશ તોલા પાછું (બીજું સોનું) લઈ આપશે. સ્વામી પાસે (અક્ષરદેરીમાં) ધુન્ય ચલાવી છે ને આપ દ્રષ્ટિ કરશો એટલે ધાર્યા પ્રમાણે સવાસો તોલા ચડી જાય તો સારું, પણ અમારું કોઈ માનતા નથી. આપ ઉપર સર્વ આધાર છે.

માધવજીભાઈએ પાણા(પથ્થર)ની ગાડીઓ બંધ કરી છે, પૈસા મોકલશો, ત્યારે આપીશ (એમ કહે છે). રસીદનું ભાડું વિરમજીભાઈ પાસેથી લઈને ભર્યું છે. આવિ સખત તાણ છે. સ્વામી પાસે પ્રાર્થના ચાલે છે, સોનું વધારે નાંખવા સંબંધી વાત અમોયે હીરજીભાઈને કરી પણ તે કહે અમારી શ્રધા (શ્રદ્ધા) આટલી છે માટે વળી જોવા આવે પછી થાય તે ખરું. એ જ, આ મંદિરના તમામ સમાચાર જણાવ્યા છે.

મુને વહેવાર નથી આવડતો. આપની આજ્ઞાથી ધુન્ય કરું છું. આપ અત્રે હોત તો અહોહો ! કેટલા કામ થાત ! બોલો સ્વામીનારાયણની જય.'

પોતાના કોઈ જ સ્વાર્થ વગર, અંગત સંપત્તિની કલ્પના પણ કર્યા વગર, નિર્લોભી વર્તમાનની ખાંડાધાર પર ચાલવાની અણચૂક સાવધાની રાખીને સ્વામીશ્રી અને યોગીજી મહારાજે કેવી રીતે વહેવાર કર્યો હશે, તેનો આ પત્ર સાક્ષી બનીને ઊભો રહે છે ! ઠાકોરજી માટે જે કાંઈ થાય તે શ્રેષ્ઠ-ઉત્તમોત્તમ થાય એવી ભાવના સાથે મોટા ભાગનું કાર્ય સંપાદન કરીને યોગીજી મહારાજ નમ્રભાવે ગુરુચરણે જણાવે છે : 'મુને વહેવાર નથી આવડતો !'

હા, આ સંતો વહેવાર તો કરતા પણ અધ્યાત્મની સમજણમાં ગાળી-ચાળીને એ વહેવારને આચરતા. મુશ્કેલીમાં નાસીપાસ થવાને બદલે ધૂન અને પ્રાર્થનાનો સહારો લેતા.

અક્ષરપુરુષોત્તમની ઉપાસનાનું પ્રવર્તન એમનો ધ્યેયમંત્ર હતો. અને એ પરિપૂર્ણ બને એ એક માત્ર તેમના પુરુષાર્થનો હેતુ હતો.

સાચો કર્મયોગ

સ્વામીશ્રી મુંબઈ હતા, તે દરમ્યાન સાતેક દિવસ પછી યોગીજી મહારાજે ફરી એક પત્ર લખી મોકલ્યો. આર્થિક ભીંસની વાતો સાથે મંદિરના બાંધકામનું કામ ક્યાં સુધી પહોંચ્યું છે તેનો નિખાલસ, વાસ્તવિક ચિતાર આ પત્રમાં સહજભાવે લખાયો છે :

તા. ૭-૪-૧૯૩૬ ચૈત્ર વદી ૧, વાર મંગળ,

સવારના ૬ાા, મગળાના દર્શન.

સ્વસ્તીશ્રી મુંબાઈ બંદર મહાશુભસ્થાને પરમ એકાંતિક અનંત જીવોને માયા પાર કરનારા.... સદ્‌ગુરૂવર્ય શાસ્ત્રીજી મહારાજ....

વિ. માધવજીભાઈ પૈસા વિના પાણા મોકલતા નથી. આઠ દિવસથી ગાડીઓ બંધ છે. ઘણા જ નારાજ થાય છે. તો માધવજીભાઈને રૂા. ૨૦૦ અપાય તો જ કામ ચાલે. ને આપ તેમના પર દાબીને પત્ર લખો તો કઠોડા (માટેના) પાણા આવે ને હરજીવનદાસે ખાણે જવાની હા પણ પાડી છે. તો રૂા. ૨૦૦ની સગવડ પોરબંદર છે. આપ લખો તો મંગાવીયે ને તે રૂપિયા બારોબાર માધવજીભાઈને આપીએ. રવજીભાઈના પાણા સારા છે (પણ) તેઓ આગળથી પૈસા માંગે છે. વળી કડીયાના પગાર પણ ચડ્યા છે. રૂા. ૭૦૦ આ અમાસે ચુકવવાના થશે. આમ ગંભીર મામલો છે. હવે આપ દયા કરો તો જ બને. હવે આપ ત્યાંનું પરવારીને અત્રે પધારો તો જ આ આંટી ઉકલે. માટે દયા કરશો. સાથે સાથે કઠેડો થઈ જાય. મિસ્ત્રીને આપના બે પત્રો વચાવ્યા તે કહે : 'રોકાઉં, પણ પાણા વિના કઠેડો ક્યાંથી થાય ? માટે સ્વામીને બોલાવો. ને માધવજીભાઈ તથા રવજીભાઈને સમજ પાડે ને પાણાનું સરેડે ચડાવે તો રાણ (રાયણ) ભણીના પગથીયા પણ થઈ જાય - એટલે તમામ કામ પૂરું.' અત્યારે જેરામભાઈને જાવું હતું તો વિરમજીભાઈના ઉછીના લાવિને (તેમને) દીધા. વળી નારાયણજી મહારાજના સાત રૂા. ઉછીના દીધા ને આપ્યા એવો સંકટ છે. તેથી સ્વામીની પ્રાર્થના ચાલે છે. આવી આંટી ત્રણ વખત આવેલી, તે સ્વામીયે ઉકેલી. પણ આ અમાસે થાય

તે ખરું. આપે લખેલ તે (કે) ફાગણ-ચૈત્રમાં અત્રેથી બની આવશે. પણ મહા-ફાગણનું ત્યાંથી ઉકેલજો તો સ્વામીયે આંટી ઉકેલીને ચલાવ્યું.

અમો આપની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ ને કાગળ લખીએ છીએ. હવે છેલ્લો થાંભલો છે. તાયે તા થઈ જાય માટે આ કામ કરવાનું છે માટે વેલાસર આવશો.

તમામ કાંગરા ચોંટી ગીયા. હવે સજાનું (છજ્જાનું) કામ ઉપાડ્યું છે. બે ચોટક ચાલે છે. સજા ઘડાઈ ગીયા છે, હવે રૂપચોકીયું, કમાનો ઘડાવા માંડી છે તે ચોટાડશે.

હું ભંડારની સેવા કરું છું. આપ રાજી રહેશો. એકદમ ડંકો વાગે તેટલી દૃષ્ટિ કરશો.

રોજ સો-સો માણસોની રસોઈ એકલે હાથે કરવાની, સૌને જમાડવાના, વહીવટનું ધ્યાન રાખવું અને આર્થિક પરેશાનીમાંય કથા-કીર્તન અને ભજન ભક્તિમાં સોપો ન પડવા દેવો ! એ સાચે જ સાચા કર્મયોગી સિવાય કેવી રીતે શક્ય બને ?

●

સ્વામીશ્રીને 'અક્ષરમંદિર'ના નિર્માણની રજેરજ માહિતી મળતી. પોતે પણ બધે વિચરણ કરતા. પણ વૃત્તિ દ્વારા આ મંદિરનું સેવન સતત કર્યા કરતા. ચાણસદના હરિભકતોને લખી સ્વામીશ્રીએ થોડા રૂપિયાનો બંદોબસ્ત કરાવ્યો.

યોગીજી મહારાજને પત્ર લખી તેઓ ગોંડળની ચિંતા હળવી કરતા અને હરિભક્તોને દૂર દૂર સુધી પત્રો લખી ગોંડળની સેવા માટે પણ પ્રેરણા આપતા.

'સખત ભીડ્ય'માં વિજયના ડંકા

ગોંડળમાં કળશ વગેરેનું કાર્ય પૂર્ણ થયું હતું અને તે ચડાવવાના દિવસે મોટી ધામધૂમ કરી નગરયાત્રા કાઢવાની યોગીજી મહારાજની ઇચ્છા હતી. આ અંગે મહારાજાને પુછાવ્યું તે વિગતના સમાચાર આપતાં તેઓ સ્વામીશ્રીને જણાવે છે :

તા. ૧૩-૪-૧૯૩૬, ચૈત્રવદી-૬
વાર સોમ, સવારના ૬-૧૦

આનંદ વિજયનો પત્ર,
વિજયના ડંકા !

વિશેષ... કાલે (દીવાન સાહેબે) પોતે (મહારાજા સાહેબને) પૂછ્યું કે વૈશાખ સુદી દશમે કળશ ચઢાવવાનો (છે) તે કેમ કરવું ? કંકોતરી લખવી કે નહીં ? વરઘોડો (નગરયાત્રા) કાઢીને કળશ ફેરવવા કે કેમ ?

તો બાપુ કહે સુખેથી કળશ ચડાવો, વરઘોડો કાઢો, કંકોતરીયો લખો પણ બેન (બેન્ડ) કે ઢોલ ન વગાડતા. ઉચ્છવીયા મંડળી કીર્તન ગાતાં ગાતાં ગામમાં ફરીને વીધી કરવો. ધર્મ સંબંધી કાર્યમાં કાંઈ બાધ નથી, એમ કહ્યું. પછી સાંજે દીવાન સાહેબ કાલે આવ્યા. (કહે) : બાપુ રાજી થઈને કળસ ચડાવવાની રજા આપી છે.

હવે કંકોતરી લખવી કે નહીં તે આપ વિગતવાર પત્ર લખશો કે એમ ને એમ (આમંત્રણ) લખવા ? માટે જેમ કહેશો તેમ કરશું.

ચાણસદથી ૧૬૫ રૂપિયા મોકલ્યા છે તે પોંચ્યા છે, તેમાંથી રૂા. ૧૫૦ કારીગરોને દશ દશ વેંચ્યાં છે. રૂા. ૧૦૦ ભગવતસીંગભાઈએ મોકલ્યા છે. વિરમજીભાઈના ઉછીના લીધા હતા તેમને આપ્યા ને ઘી વાળાને આપ્યા એટલે તે તો ચટણી થઈ ગીયા !

આપ મોતીલાલભાઈને લખશો કે રૂા. ૨૦૦ સારંગપુર ખાતાના છે તે તમો ગોંડલ સખત ભીડ્ય છે તો મોકલશો. એટલે તેઓ હૂંડી કરીને બારોબાર માધવજીભાઈને મોકલાવે તો સારું.

કામ સેવા ફરમાવશો ને રૂા. ૨૧૦ આપ લખશો, તો તેઓ આપશે. માટે તે કામ કર્યા જેવું છે, તો પથર ચાલતા થાય. ડેરીનું કમાનોનું ચોટકનું આજે ચાલશે ત્યાં રૂપ ચોકીનું કમાનોનું આજે ચોટકનું ચાલશે.

પગાર વિશે સખત તાણ છે. તો સર્વેને અમોયે (કાગળ) લખ્યા છે પણ પઈ આવતી નથી. તો આપ લખશો. કામ સેવા ફરમાવશો.

નવા વહીવટદારની નિમણૂંક

'પઈ' આવતી ન હોય તેવી 'અક્ષર મંદિર'ની ચિંતા સાથે સ્વામીશ્રીને માથે બીજી પણ મોટી ચિંતાઓ હતી. સારંગપુર મંદિરની કે ગુજરાત તરફ લીધેલી વિશાળ જમીનોના વહીવટની !

જમીનોમાં ડફેરો ઘૂસી જતાં, દાડિયાઓ અને મજૂરો પણ અંદર-અંદર સંપીને ઠાકોરજી માટેની ઊપજમાં ઘણું મોટું નુકસાન કરતા હતા. ખેતીમાં પણ ક્યારીઓ

ક્યારે રોપવી કે જમીન કેવી રીતે તૈયાર કરવી એ પણ પ્રશ્નો હતા.

સ્વામીશ્રીએ આ માટે પોતાના વિશ્વાસુ હરિભક્ત મગનભાઈ જીભાઈને જમીનો પર દેખરેખ રાખવા આજ્ઞા કરી અને તેમાં પણ નમ્રભાવે લખ્યું કે 'આ કાગળનો અમલ કરશો, પછી આપની મરજી !'

સ્વામીશ્રી એક ભક્ત પર કેટલો વિશ્વાસ મૂકી શકતા, તેનું આ પત્રમાં પ્રેરક દર્શન છે.

સ્વામીશ્રી લખે છે :

શ્રીજી સ્વામીભ્યો નમઃ

તા. ૧૪-૭-૩૬, અષાઢ વદ ૧૧, ૧૯૯૨.

સ્વસ્તિશ્રી પીપલિયા મધ્યે પરમ ભગવદી સત્સંગ શિરોમણી શ્રી અક્ષરપુરુષોત્તમોપાસક રા.પા. મગનભાઈ જીજીભાઈ પ્રત્યે, અમદાવાદથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી ત. જોગી જ્ઞાનજીમહારાજ વીગેરેના જયશ્રી સ્વામીનારાયણ વાંચસો.

વી. આપ પીપલીયા ચાર-પાંચ દિવસથી ગયા છો. તેવા સમાચાર મળ્યા છે. મેં પૂનમે બોચાસણ કોઠારીને પૂછીને આપ સાથે જે વાત થઈ છે તે નકી કર્યું હતું.

જો આપનો ખાસ તે (ખેતીના) કામ કરવાનો વિચાર હોય, તો મને સારંગપુર ખબર લખશો ને કોઠારીને મળવા શ્રીજીપરે જસો. હાલ તાત્કાલીક બે-ચાર રાસના ખેડૂત હોય તો તજવીજ કરસો. કારણ કેટલી ત્યાર (તૈયાર) જમીન છે ને ક્યારી રોપવાની તો જોયે તેટલી છે, શીયાળામાં (તુવેર) ડાળ-ચણા પણ થાય, આવતી સાલ માટે ત્યારી થાય. માટે આપ શ્રીજીપરે જઈને કોઠારીને મલીને ખેડૂત માટે તેમને લાવવાની જરૂર હોય ને ખેડૂત આવે તેમ હોય તો પ્રયત્ન કરસો. જરૂર આપ ખેડૂતના નીમિત્તે પાંચ-દસ દિવસ રોકાસો તેટલામાં કેટલોક અનુભવ થાસે. આપનું સોળ આની મન ચોંટે ને તે પ્રમાણે સ્નેહીવર્ગની સલાહ મળે તો મને કાગળ લખજો. તો હું તરત ત્યાં આવીસ.

તા.ક. એક વખત તો આ કાગળ વાંચી તુરત પરે જઈને અનુભવ મેળવી વીચાર કરો. અત્યારે જવાથી ચોમાસામાં અગવડનો અનુભવ થાય તો આ વરસ મજરે આવે ને ખેડૂત બે-ચાર રખાય તેનો લાભ મલે, ભવીષ્યનો

વિચાર કરવો હોય તો પણ અનુભવ કરો, તો થાય. માટે આ કાગલનો અમલ કરસો પછી આપની મરજી. મને તુરત જવાબ સારંગપુર નવું મંદિર, એ સરનામું કરીને લખસો. નાનાકાકાને પણ મળસો ને સમજણ પાડસો. એ જ અતરેથી સર્વ હરિજનોના જય શ્રી સ્વામિનારાયણ વાંચસો.

મગનભાઈએ આ આજ્ઞા શિર પર ચડાવી. સ્વામીશ્રીની ઘણી ચિંતા હળવી કરી. આ જ દિવસે ભક્તરાજ ઉલ્લાસરામ પંડ્યાએ સ્વામીશ્રીના અનેક પ્રસંગોનો ઈતિહાસ આફ્રિકા સત્સંગ મંડળને પત્રરૂપે લખી મોકલ્યો હતો. જેમા એક મહત્ત્વની સ્મૃતિ કરતાં તેમણે લખ્યું :

તા. ૧૪-૭-૧૯૩૬

સંવત ૧૯૫૫ના ભાદરવા સુદ ૮ના આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ અંતર્ધાન થવાથી ત્યાગીઓને પોતાનો મનોરથ (જે સ્વામીશ્રીને પરેશાન કરવા, તે) સીદ્ધ કરવા અવકાશ આવ્યો. કાં જે અત્યાર સુધી મહારાજશ્રી તથા કોઠારી બંનેનો શાસ્ત્રીજી પર રાજીપો હોવાથી ત્યાગીઓનું વિશેષ ચાલતું નહિ ને બધા ભણાવવાની ના કહેતા પરંતુ મહારાજશ્રી તથા કોઠારી તેમની બુદ્ધિની વિશાળતા ને સુક્ષ્મતા ઉપર આફરીન હોવાથી તમને એકલાને જ પાછળથી પણ ભણાવવા શાસ્ત્રીનો ખર્ચ વેઠતા હવે બધો કારભાર કોઠારી પર આવી પડવાથી તથા છપનીયાનો ભયંકર દુષ્કાળ પડવાથી કેટલાક દુષ્ટાત્માએ એવી બુમ ઉરાડી ને ઉપરાઉપરી કોઠારી ઉપર કાગળો લખ્યા કે જુનાગઢમાં જીભાઈ કોઠારી છે તે રાત્રે કોઠાર ઉઘાડી રૂપીઆ ઉડાવે છે માટે તપાસ નહિ રાખો તો બધા પૈસા જતા રહેશે એવા ઉપરાઉપરી કાગળો આવવાથી છેવટે ગોવર્ધનભાઈએ તપાસ કરવા માણસો મોકલ્યા. તેમણે જુનાગઢ જઈ ચોપડાનો હિસાબ તથા શિલક મેળવતાં કંઈપણ નુકશાન કે ભૂલ જણાઈ નહિ. ત્યારે તેનો કાગળ વડતાલ કોઠારી પર મોકલ્યો કે દ્વેષીઓએ ખોટી વાત ઉરાડી છે. તે પત્ર કોઠારીએ સભામાં સર્વ સાધુ હરિજન સમક્ષ વાંચ્યો ને પછી બોલ્યા કે ઉપરાઉપરી કાગળો આવવાથી મારે માણસો તપાસ કરવા જૂનાગઢ મોકલવા પડ્યા. નહિ તો **હું તો ખાત્રીથી કહું છું કે 'જીભાઈ કોઠારી, પ્રભુદાસ દેવશી ને શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી એ ત્રણે જણામાં જો સ્ત્રી કે દ્રવ્યનાં વર્તમાનનો ફેર પડે તો સારૂં માથું ડુલ કરૂં'** આ પ્રમાણે કોઠારીને શાસ્ત્રી મહારાજ તથા તેમના

બંને સ્નેહીઓનો ગળા સુધી પૂર્ણ ભરોસો હતો કે તેઓ નિષ્કામી ને નિર્લોભી છે.

આ સાથે જ યોગીજી મહારાજે પણ સૌ સત્સંગ મંડળને સંમેલન ભરવા બદલ ખૂબ ધન્યવાદ આપતો પત્ર લખ્યો. પણ સાથે એક અંતરની અપેક્ષા પણ જણાવી દીધી :

ગોંડલ તા. ૧૯-૭-૩૬

'આફ્રિકા સત્સંગ મંડળનાં હું શા વખાણ કરૂં ? જ્યાં મારો ગજ વાગતો નથી ! છતાં બે બોલ બોલવા નમ્ર વિનંતિ છે. અનાર્ય દેશમાં આવો સત્સંગ ખીલવવાને માટે કેટલો દાખડો કરી રહ્યા છો તેથી ધન્યવાદ આપવામાં આવે છે.

આજ સુધી સાત સમૈયા થયા એકથી પણ એક સંમેલન સરસ ભરાય છે તેવું ને તેવું અહોનીશ ભરાય તેને માટે એક સંપ રાખવો. કારણકે આપણે સૌ સ્વામિનારાયણ ભગવાનના દીકરા છીએ તો પછી અંતરપડ ન પડે તેવું થવું જોઈએ.

ત્રણ વાનાં દુર્લભ છે, તે સ્વામીયે વાતમાં કહ્યું છે દુર્લભમાં દુર્લભ સત્સંગ ને દુર્લભમાં દુર્લભપણું એકાંતિકપણું ને ત્રીજી કલમ ભગવાન એ વસ્તુ આપણને મલી રહી છે.

તમારી ખુમારી આખા બ્રહ્માંડમાં વ્યાપી ગઈ છે માટે હે ભાઈઓ ! એક સંપથી જ્ઞાન ફેલાવશો તો આખા આફ્રિકામાં કોઈ પણ કુસંગી નહીં રહે. દેશમાં સ્વામિનારાયણ સ્વામિનારાયણ ભજન થાશે ક્યાંઈ કુસંગ તો રહેશે નહિ માટે એક ચિત્તે પ્રભુ ભજશો.

સ્વામીશ્રી અમદાવાદ વધુ રોકાવાના હતા. કેમ કે તા. ૧૭-૯-૧૯૩૬ના દિવસથી અધિક માસ નિમિત્તે અમદાવાદ ઐતિહાસિક પારાયણપર્વની શરૂઆત થવાની હતી. તેની પૂર્વ તૈયારી માટે સ્વામીશ્રીનું માર્ગદર્શન જરૂરી હતું.

મહિમામૂર્તિનું ધર્મસંકટ

યોગીજી મહારાજ ગોંડળથી અહીં આવી કેટલીક આર્થિક સમસ્યાઓ બાબતે વિમર્શ કરી પુનઃ ગોંડળ પધાર્યા હતા. સ્વામી નિર્ગુણદાસજી દૂર ખાનદેશ તરફ વિચરી, હરિભક્તોને ગુણાતીતજ્ઞાનની ખુમારી ચડાવી મુંબઈ પધારી ગયા હતા.

યોગીજી મહારાજે તેમના અતિ અપાર પુરુષાર્થને કેવા શબ્દોમાં વધાવ્યો છે ? મહિમામૂર્તિ યોગીજી મહારાજે ગુજરાત તરફના સમાચાર અને ગોંડળના કામની પ્રગતિ અંગે તેમને માહિતગાર કરીને લખ્યું :

'સ્વામીશ્રીજી'

તા. ૧૩-૮-૩૬, ગુરુવાર
બપોરના ૧૫ વાગે.
શ્રા. વ. એકાદશી.

સ્વામીશ્રી મુંબાઈ બંદર મહાશુભ સ્થાને સ્વામીશ્રીજીના સાક્ષાત્ લાડીલા મહત્ કૃપાપાત્ર રા.રા. મુક્તરાજ સ્વામી નિર્ગુણદાસ સ્વામી....

અહોહો ! આપનો અપૂર્વ પ્રેમ, અનહદ શ્રધ્ધા ! ક્યાં ખાનદેશ, ક્યાં મુંબઈ ! ક્યાં ગુજરાત ! તમામ ઠેકાણે ફરીને હરિજનોને આનંદ પમાડ્યો. મહાદાખડો ! આવું કાર્ય આખા બ્રહ્માંડમાં આપ સિવાય કોઈ કરી શકે તેમ નથી. અહોહો ! રાત-દિવસ ચડતી કળા ! સોનાનો સુર્ય ઉગાડી આપ્યો છે. બીજાથી આટલું ફરી શકાય નહીં, ધન્ય છે આપને.

વિ. આપનો પત્ર તા. ૧૧નો લખેલો તા. ૧૩મીએ સવારમાં દસ વાગે વલસાડનો મળ્યો. વાંચીને માથે ચડાવ્યો. સ્વામી પોતે આજે સાંજે મેલમાં પધારશે તેમને વંચાવીશું.

અત્રે વરસાદની તાણને લઈને ભયંકર સ્થીતી આવવા માંડી છે. એકદમ સ્વામી પાસે તમામ સંતો(એ) વરસાદને માટે ધૂન્ય કરવા માંડી છે. જેથી સ્વામી પોતે ગમે તેમ કરીને વરસાદ કરશે. ખાનદેશ માટે પણ ધુન્ય શરૂ કરી છે. ખાનદેશ વરસાદ થાય તો ગોંડળ અક્ષરદેરીની સાક્ષાત્ સેવા થાય. ગોંડળ સેવા માટે જ ધ્વાર (દ્વાર) સ્વામીએ ખુલ્લું કર્યું છે. મહાપુજાઓ દરરોજ ચાલે છે. એકાંતરા હીરજીભાઈ મોટર સાથે હરગોવિંદભાઈ, માધવજીભાઈ, પોપટલાલ વકીલ તથા ઝવેરચંદભાઈ આદિ હરિભક્તો તથા મોરારજીભાઈ પોતે અગર નારાયણલાલ તથા ગીરધરલાલભાઈ અવર-નવર આવ્યા જ કરે છે. શું ગોંડળ ઉપર સખત તાન છે ! ક્યારે પુરૂં થાય ? વળી અમાસે પણ આવસે.

આ સ્થાનનો આપે ગામોગામ ફરીને પ્રબળ મહિમા વધાર્યો છે. જુવો કે આફ્રિકા જેવા અનાર્ય દેશમાં હજારો સત્સંગી સમૈયા ભરે છે ને (તેમને પણ)

ગોંડળ ઉપર પૂરતો ભાવ છે.

હવે છેલી અરજીઓ વરસાદ ઉપર ચાલે છે. વળી આનંદની સાથે આપે અમદાવાદની પારાયણ ઉભી કરી તે આપનો અનહદ ઉપકાર છે. આપ શાસ્ત્રિજી મહારાજને પ્રસન કરવા માટે રાત-દિવસ તૈયાર થૈને ઉભા છો વળી આપ ગોંડળની પુષ્ટી માટે સેવામાં રાત-દિવસ ઉભા છો તે ખાસ સ્વામીને રાજી કરવાને માટે આ વખતે (ગુણાતીતાનંદ) સ્વામી પાસે ૧૧ માળા વેલા ઉઠીને ફેરવવા માંડી છે. તો ચાર માસ સુધી ચાલશે. ભગવાનદાસભાઈ ત્થા અમીન જશભાઈ તથા સુખલાલભાઈના પગ ધોઈને પીએ તો પણ ઓછું છે.

અહોહો - વાહ ! અખંડ સેવામાં આવિ સેવા કરવી, ભીડમાંયે સેવા, તે કઠણ છે.

અમદાવાદ જેવું સ્થળ, પુરુષોત્તમ માસ ને સ્વામી જેવા (પારાયણ) વાંચનારા ત્રણે દુર્લભ છે. માટે ભગવાનદાસ શેઠને મારો અતી આગ્રહ છે માટે આ પારાયણ પેલેથી છેલા સુધી સાંભળવી. હું પણ સ્વામી સાથે જ અમદાવાદ પેલેથી જ રહીશ.

વરખડા સમેલનનો હેવાલ વાંચીને છાતી ઠરી જાય છે. વાહ સ્વામીશ્રીજીનું બળ ! વાહ સ્વામીશ્રીજીનું બળ ! શાસ્ત્રીજી મહારાજને પ્રતાપે કેવો સત્સંગ ખીલવ્યો ! વાંચીને રૂંવાડા ઉભાં થઈ જાય છે ! આવું બળ આપણે આ દેશમાં આવે તો ડંકો વાગી જાય. તેની પણ પ્રાર્થના ચાલે છે.

અમાસે કારીગરોનો પગાર ત્થા ગામના લોકો રૂા. ૪૦૦ માંગે છે. તેમને કાંઈક આપવું પડે. આવી રીતે ધર્મસંકટ આવિ પડ્યાં છે.

આરસ મઢવા માંડ્યા છે. તેમાં ધોળા કટકા અરધા રદી(રદ્દી) ચડાવ્યા છે તો આપ ભોગીલાલભાઈને મળશો. (ને કહેશો :)૫૦૦ કટકામાં ૧૨૫ કટકા મીઠા જેવા પોચા નરમ છે, અમારે જે કામ કરવાનું છે, જેની અંદર ચાર આંગળનો કટકો આવતો નથી હોતો. તમારા ખર્ચથી પાછા મોકલીયે. ફૂટ ફૂટના કટકા ચોડવા હોય તો ઉપયોગમાં આવે. ૧૨૫ સાવ ખરાબ છે. જેના કટકા થાય તેમ નથી. હમણાં ભાવનગરથી માલ ૮૪ રૂપિયાથી(ની કિંમતથી) ધોળો માલ પાટનો ૨૫૦ લઈ આવ્યા છીએ. માટે આ માલ-૧૨૫ કટકા પડ્યા રહેશે. વિશ્વાસે લીધો તો આ દશા આવિ. વગાડીને (ટકોરા

મારીને) લીધો હોત તો આ દશા ન આવત. નકામા ૧૨૫ કટકા પડ્યા રહેશે. માટે આનો બદોબસ્ત તુરત કરાવશો. કાચો માલ સરસ એક નબરનો આપ્યો.

એકંદરે માલ બધોય પે'લા નંબરનો નથી. તેમાં આ ૧૨૫ કટકા તો ઉતરતામાં ઉતરતા છે. તેટલામાં સમજશો. માટે ખંભાત લખશો. આવો પોલો માલ રદી કેમ મોકલાવ્યો ? કાં તો ખંભાત પાછો મોકલી આપીએ ને કહે તો તેના પૈસા પાછા મળવા જોઈએ. ઓઝા સાહેબનો ઠપકો આવ્યો છે, રદી માલ ન વાપરશો. રૂા. ૧૫૦૦ આપ્યા છે. માટે મીસ્ત્રી કહે છે કે સ્વામી નિર્ગુણદાસ સ્વામી પધારવાના છે તો તેનો પાકો બંદોબસ્ત કરતા આવે એવી ભલામણ છે.

સ્વામીશ્રીને દરેક પત્રમાં પગારની વિગતો લખી જણાવતાં યોગીજી મહારાજે આ પત્રમાં સ્વામી નિર્ગુણદાસજીને આ વાત જણાવી છે. કેમ કે મુંબઈ - ખાનદેશ તરફથી સેવા થઈ જાય તો અમદાવાદના હરિભક્તોને ભીડો ન પડે. વળી ત્યાં વિરાટ પારાયણપર્વ આવી રહ્યું હોવાથી સેવાનો બોજો બેવડાઈ ન જાય ! કેટલી કરુણા !

આવી 'ધર્મસંકટ' ભરી સ્થિતિમાં પૈસા ખર્ચવા છતાં રદ્દી માલ આવે ત્યારે કેટલું દુઃખ થાય ! યોગીજી મહારાજે ખૂબ દિલગીરી સાથે આ વાતમાં નિર્ગુણ સ્વામીનું ધ્યાન દોર્યું છે.

✧ ✧ ✧

પત્રધારા

૧૩ અમદાવાદમાં ઐતિહાસિક પારાયણ પર્વ

આ અરસામાં આખા ગુજરાતમાં દુષ્કાળ જેવી સ્થિતિ આવીને ઊભી રહી હતી. અગાઉ જેમ યોગીજી મહારાજે લખ્યું હતું, તેમ ઠાકોરજી પાસે પણ 'છેલ્લી અરજીઓ વરસાદની' ચાલતી. અષાઢ, શ્રાવણ અને ભાદરવો ત્રણ ત્રણ મહિના કોરા ગયા હતા.

સ્વામીશ્રીએ કહેલું : પારાયણ ગોઠવો તો મહારાજ વરસાદ મોકલશે ! અધિક ભાદરવા સુદ બીજ, તા. ૧૭-૯-૧૯૩૭થી શાહપુર દરવાજા બહાર કાશીવિશ્વનાથ મહાદેવના વિશાળ પ્રાંગણમાં આ દિવ્ય પારાયણનો પ્રારંભ થયો.

ધીરે ધીરે કથાનો રંગ જામતો જતો હતો. પણ ક્યાંય વરસાદનો છાંટો પણ પડતો નહીં. ગોંડળથી આવેલ યોગીજી મહારાજ સૌને આ માટે ધૂન કરવા પ્રેરતા.

'હું ટળે હરિ ઢુંકડા !'

આમ ને આમ ભાદરવા સુદ ૧૫, તા. ૩૦-૯-૧૯૩૬નો દિવસ આવી ગયો.

સ્વામીશ્રીએ સૌની અત્યંત આર્દ્ર પ્રાર્થનાઓ સાંભળી. સ્વામી ધર્મસ્વરૂપદાસજીને સમાધિમાં મોકલી વરસાદ માટે શ્રીજીને વીનવવા આજ્ઞા કરી. મહારાજે સમાધિ દ્વારા કહેવડાવ્યું : 'સ્વામી શાસ્ત્રીજી મહારાજ તમારા બ્રહ્માંડમાં સૌને ભજન કરાવી પૃથ્વીનો ભાર ઉતારે છે, માટે વરસાદ વિના દુઃખી થશો નહીં. સ્વામીને કહો કે વરસાદ જરૂર થશે !' એમ કહી બે પેંડા પ્રસાદીમાં આપ્યા અને એ જ સાંજે વાદળો ઘેરાવા માંડ્યાં. સૌને સ્વામીશ્રીના સમાધિના ઐશ્વર્યથી ધર્મસ્વરૂપદાસજીની વાણી પર વિશ્વાસ આવ્યો.

તે સમયના દૈનિક વર્તમાન પત્રો 'સંદેશ'માં આ વિગતના સમાચાર છપાયા.

તા. ૧-૧૦-૧૯૩૬ના ગુરુવારે આફ્રિકા રહેતા વિઠ્ઠલભાઈ આશાભાઈ પટેલ કરમસદ આવી આ પારાયણનો લાભ લેવા અમદાવાદ આવ્યા હતા. તેઓ આફ્રિકા સત્સંગ મંડળને પત્ર લખતાં જણાવે છે :

તા. ૧૭-૧૦-૧૯૩૬, કરમસદ

'પારાયણનો અલભ્ય લાભ લેવા માટે, સ્વામીશ્રીનાં દર્શન માટે, સર્વોપરી ભગવાન શ્રી સહજાનંદ સ્વામીના પારાયણમાં વિરાજતા સંતોનાં દર્શન માટે ઉત્સુક એવો હું કરમસદથી તા. ૧-૧૦-૧૯૩૬ (દ્વિ. ભા. વ. ૧)ને ગુરુવારે બપોરે બારની ગાડીમાં નીકળ્યો અને પોણા ત્રણ વાગે અમદાવાદ સ્ટેશનેથી ઊતરી સાડા ત્રણ વાગે મંડપમાં આવ્યો. તે વખતે મુસળધાર વરસાદ વરસતો હતો. પરમ પૂજ્ય સદ્‌ગુરુવર્ય યજ્ઞપુરુષદાસજી પલંગ ઉપર બેઠા હતા. અને નીચે પરમ ભગવદી ભાઈશ્રી ખેંગારજીભાઈ બેઠા હતા. અને સ્વામી નિર્ગુણદાસજીને - કે જેઓ મુંબાઈ હતા - તેમને ખેંગારજીભાઈ મારફતે પત્ર લખાવી રહ્યા હતા. તે વખતે સ્વામીશ્રીને મેં પ્રણામ કર્યા. દૂરથી દેખી તરત જ મુને ઓળખી લીધો ને હર્ષથી મારા ઉપર બંને હાથ મુક્યા, ને આશિર્વાદ આપ્યો કે તમોને ઘણો લાભ મળશે ! સાંજનો ટાઈમ હોવાથી ભાગવતની કથા સ્વામીશ્રી કરતા હતા.

આ કેટલી અદ્‌ભુત વાત ! ચોતરફ સ્વામીશ્રીના ઐશ્વર્યની ચર્ચા ઉપાડી છે, બધે જ 'ભગવાન જેવા સત' 'ભગવાનના ધારક સદ્‌ગુરુ'ના ગુણગાન ગવાય છે પણ તેમની સરળતામાં, તેમના રોજિંદા કાર્યક્રમમાં જરા પણ ફેર નથી ! એકલા બેસી કામકાજના પત્રો લખાવી રહ્યા છે !

સ્વામીશ્રીની આ વિલક્ષણતા જ એમની ભગવત્‌પ્રતિભાની પ્રતીતિ માટે પૂરતી થઈ પડતી. 'હું ટળે હરિ ઢુંકડા !' એ સ્વામીશ્રીના વ્યક્તિત્વમાં રસાઈ ગયેલી પંક્તિઓ હતી.

શ્રીહરિની મેઘપતિ ઇન્દ્ર સાથે પધરામણી

તા. ૦૩-૧૦-૧૯૩૬ના દિવસે આ પારાયણમાં વળી અદ્‌ભુત ઘટના બની ગઈ. વરસાદ તો સારો થયો હતો, પરંતુ પૂરતા પ્રમાણમાં નહોતો. તેથી સ્વામીશ્રીએ દૃષ્ટિ કરી અને સ્વામી ધર્મસ્વરૂપદાસ ફરી સમાધિમાં ચાલ્યા ગયા. મહારાજે કહેવડાવ્યું : 'સૌને કહો કે આજથી જ ખૂબ વરસાદ થશે !'

આ પછી અનેક હરિભક્તોને સભામાં ઐરાવત હાથીનાં દર્શન થયાં. તેના ઉપર બેઠેલ ઇન્દ્ર અને શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ભગતજી મહારાજ ચારે દેખાયા. ચારે નીચે ઊતર્યા, સ્વામીશ્રીની પારાયણની પાટ પાસે આવી ઇન્દ્રે પણ નમ્રતાપૂર્વક સૌની પૂજા કરી. આ બધું જ તેમને વાસ્તવિક રૂપમાં દેખાયું !

આ વાત, પછી તો પવન વેગે પ્રસરી ગઈ. 'સંદેશ'માં ફરી એકવાર આ સમાચાર છપાયા અને બીજે દિવસે પારાયણમાં વિશાળ માનવ મહેરામણ ઊમટી પડ્યો... સ્વામીશ્રીએ હવે ઐશ્વર્યનો ધોધ શરૂ કરી દીધો હતો. વરસાદથી સૌના અંતરમાં શાંતિ થઈ !

સમાધિ ઐશ્વર્યનો ત્રિકાલાબાધિત દસ્તાવેજ

તા. ૧૨-૧૦-૧૯૩૬ના દિવસે ફરીવાર અદ્‌ભુત સમાધિ દર્શન શરૂ થયાં તેની વાત નજરે જોઈને આફ્રિકાથી આવેલા મુમુક્ષુ યુવાન વિઠ્ઠલભાઈ આશાભાઈ પટેલ, આફ્રિકા પત્ર લખી હરમાનભાઈ પટેલ વગેરેને જણાવે છે :

તા. ૨૦-૧૦-૧૯૩૬

'તા. ૧૧મીએ એકાદશી હતી. હું એકાદશી કરતો નથી એ આપ સર્વે જાણો છો અને તે જ પ્રમાણે અહીંયાં પણ હતું. બપોરે એક વાગે જ્યારે હું એક ઓરડામાં ઠાકોરજીનો ધરાવેલો થાળ જમવા બેસતો હતો તે વખતે અણધાર્યા અંતર્યામી સ્વામીશ્રી આવી પહોચ્યા, અને પૂરીનું ભોજન આપવાની મના કરી. એટલે મેં ફળાહાર કરી એકાદશી કરી. તા. ૧૨મીને દિવસે હું તથા પુરુષોત્તમદાસ પટેલ બંને દર્શન માટે પૂ. જેઠીબાને ત્યાં ગયા. ઘરમાં બનાવેલા મંદિરમાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી અને મૂળ અક્ષર ગુણાતીતાનંદ સ્વામીની પ્રતિમા હતી. તેમની બાજુમાં સદ્‌ગુરુવર્ય સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજીની મૂર્તિ હતી. ત્યાં માતુશ્રી બેઠાં. થોડીવાર કીર્તન કરી મહારાજની આરતી પછી ધૂન શરૂ કરી. માતુશ્રીને સમાધી શરૂ થઈ.

મારી શંકાના નિવાર્ણાથે માતુશ્રીના હાથ-પગ મેં જોયા. દેહ કાષ્ઠવત્ હતું. પછી બેઠાં થયાં, સમાધિસ્થ દશામાં પોતાના પગ આગળ નીચે પડેલી માળા જાણે કે ઉઠાવી લઈને ફેરવતાં હોય એવા પ્રકારની ચેષ્ટા થવા લાગી. તે અરસામાં જેઠાલાલનો પૌત્ર એકાદ વર્ષની ઉંમરનો બહુ જ રડતો હતો

તેને લઈને એક છોડી આવી અને તેને નીચે બેસાડ્યું, તે વખતે જમીન ઉપરથી કોઈ પડેલી ચીજ ઉઠાવતાં હોય તેવી રીતે તેમણે ચપટી ભરીને હાથ ઉઠાવ્યો, તે અરસામાં તેમના હાથમાં સાકરની ગાંગડી દરેકને દૃષ્ટિ ગોચર થઈ અને તે બાળકને આપી. આજુબાજુ બેઠેલા માણસોએ તે પ્રસાદીની માંગણી કરી ત્યારે જેઠીબાએ ભાવદશામાં જ દરેકને શાંત રહેવાનું પોતાના હાથ ઊંચા કરીને સૂચન કર્યું. હું ભગવાનને અર્પણ કરવા માટે ભાવપૂર્વક દ્રાક્ષ-કેળાં આદિક સાથે લઈ ગયો હતો. તે રજૂ કર્યાં. બાદ થાળ બોલવાનું અમે ચાલુ રાખ્યું. તેમાં 'ચળુ' કરવાની લાઈન આવી તે પ્રસંગે જેઠીબાએ પોતાના બંને હાથ ઊંચા કરી દરેકને બંધ રહેવાનું સૂચન કર્યું. અમે બધા શાંત રહ્યા ત્યારે ધીમા અવાજથી જેઠીબા બોલવા લાગ્યાં કે 'ભગવાનને જમવા તો દો !? કે તરત ચળુ કરાવવું છે ?' એટલે અમો આંખો બંધ કરી અને ભગવાન જમતા હોય તેવી રીતના ભાવમાં તદ્રૂપ થયા. થોડી જ ક્ષણ બાદ એકાએક જેઠીબાએ મુખવાસ લાવી રજૂ કરવાની માંગણી કરી. તે અરસામાં ખેંગારભાઈએ વરિયાળી એક રકાબીમાં લાવીને ત્યાં રજૂ કરી. અમારો થાળ બોલાઈ રહ્યા બાદ, બહાર જોવા આવેલા માણસોમાંથી કેટલાક માણસો બે-ત્રણ કીર્તન બોલ્યા.

તે વખતે હિન્દુસ્તાનમાં સામમંત્રના પ્રખ્યાત પાનરે કરીને એક વ્યક્તિ છે તે પણ અમારી સાથે જ હતા. તે કોઈ શ્લોક બોલવા લાગ્યા. એકાએક જેઠીબાએ તેમને બંધ રહેવાને હાથથી અણસાર કર્યો, પરંતુ પાનરે તો બોલવાનું જ ચાલુ રાખ્યું. અર્ધી લાઈન પૂરી થતાં જ તેમની જીભ ચોંટવા લાગી. અસ્પષ્ટ ઉચ્ચાર થવા લાગ્યા. તે વખતે જેઠીબાએ ફરીથી હાથના અણસારથી બંધ રહેવાનું સૂચવ્યું અને છેક છેવટે જેઠીબાએ અતિશય ક્રોધમાં આવેલા હોય તેવી રીતના બે હાથની તાળી પાડી અને જમીન ઉપર પછાડતા હોય તેમ બહુ જ વેગપૂર્વક પોતાના હાથ કર્યા. પાનરે અવાચક્ થઈને જોઈ રહ્યા. તે અરસામાં ગાનાવાળા હરમાનભાઈના ભાઈ પુરુષોત્તમ 'પધારો સહજાનંદજી ગુન્હા કરીને માફ' એ કીર્તન બોલ્યા, એકાએક પૂ. જેઠીબાએ તેમને શાંત થવાનું સુચવ્યું અને થોડી જ ક્ષણમાં જમીન ઉપરથી કોઈ ચીજ ઉઠાવતાં હોય તેવી રીતે હાથ કરી પોતાના ખોળામાં નાખતાં હોય તેમ કરવા લાગ્યા. અને તેમના ખોળામાં સાકર આવેલી દરેકને દેખાવા

લાગી. આ લાલ રંગની દેશી સાકરના પાંચ ગાંગડા હતા, કે જે લગભગ એક એક ગાંગડો એક રૂપિયા ભારનો છે એમ દેખી અમે બધા આનંદાશ્ચર્ય પૂર્વક 'અક્ષરપુરુષોત્તમ મહારાજની જય' બોલવવા લાગ્યા. થોડા સમય બાદ જેઠીબા દેહભાનમાં આવી ગયાં. દરેકને પ્રસાદ વહેંચવામાં આવ્યો.

બીજે દિવસે તા. ૧૩મીએ રાત્રે સવા આઠથી નડીયાદવાળા ભાઈલાલભાઈ મયાશંકર ઠાકર, વ્યાસપીઠ પર બેસીને અનાદિ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીનું આખ્યાન કરતા હતા. અને તેમના ભત્રીજા ઘનશ્યામ હારમોનીયમ વગાડતા હતા. સ્વામીશ્રી, બીજું સંતમંડળ, સત્સંગીમંડળ તથા શહેરના અન્ય માણસો તે કથા સાંભળતા હતા. દરમ્યાન ભાઈલાલભાઈને સમાધિ દશાની શરૂઆત થવા લાગી. પાંચેક મીનીટના સ્તબ્ધપણામાં સંગીતના તાલમાં તેમનું શરીર ઝોલાં ખાતું હતું. ધીમે ધીમે તેમની આંખો ખુલવા લાગી. અને નેત્રોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી, આ પ્રસંગે તેમનાથી નહીં બોલી શકાવાથી હારમોનીયમ વગાડતા ઘનશ્યામભાઈએ કીર્તન ઉપાડી લીધું. અને થોડા સમય બાદ ભાઈલાલભાઈ દેહભાવમાં આવ્યા અને પદ પોતે ગાવાનું ચાલુ કર્યું.

તે દરમ્યાન (પુરુષોમાં) (સ્વામીશ્રીની વ્યાસપીઠની સામે બેઠેલા) ધર્મસ્વરૂપદાસજી સમાધિમાં આવ્યા હતા. તે એકાએક 'લાવો' એ પ્રમાણે તાણીને પોતે શબ્દ ઉચ્ચાર કરીને પોતાના ખોળા આગળ ખાલી પડેલા વસ્ત્રમાં હાથ ઠાલવ્યો અને એકાએક દરેકને મગજ, સાકર, પેડા, કરેણના ત્રણ ચાર પુષ્પ, દ્રાક્ષ તે બધી ચીજો લગભગ સવાશેર એકની આવેલી જણાઈ, જે દરેક માણસો ઊભા થઈને જોવા લાગ્યા. તે પ્રસાદ થાળ અંદર લઈ અને દરેક દેખી શકે એ હેતુથી વ્યાસપીઠ ઉપર શાસ્ત્રીજી મહારાજે મૂક્યો. સમાધીસ્થ દશામાં એકાએક તે સાધુ ઉભા થઈ ગયા અને વ્યાસપીઠ તરફ આવવા લાગ્યા. તે પ્રસંગે ભાઈલાલભાઈ મયાશંકર (આખ્યાન કરતા હતા) તે બે ત્રણ વખત બોલ્યા હતા કે તેમને મારી પાસે આવવા દો. પરંતુ ત્રણ-ચાર માણસોએ તેમને સખત પકડી લીધા. તેમ છતાં પણ તેમનું શરીર બહુ જ વેગપૂર્વક દરેકના હાથમાંથી છટકી ગયું અને વિદ્યુતની ઝડપથી છલાંગ મારીને મંચ ઉપર બેઠેલા ભાઈલાલભાઈના ખોળામાં આવીને પડ્યા. ભાઈલાલભાઈએ આખ્યાન ચાલુ રાખ્યું.

આ અરસામાં જ પૂ. ખેંગારજીનાં માતુશ્રી પૂ. જેઠીબા કે જેમને આખ્યાન પ્રસંગે સભામાં સ્ત્રીઓની અલાયદી બેઠક રાખી હતી ત્યાં તેમને સમાધી થઈ હતી. પૂ. ભાઈલાલભાઈનું આખ્યાન બંધ રખાવી શાસ્ત્રીજી મહારાજે દરેકને કહ્યું કે આમનાં જેને દર્શન કરવા હોય યા તો તેમની શારીરિક તપાસ કરવી હોય તે લોકો અહીં આવીને તપાસી શકે છે, આ પ્રસંગે સમાધીસ્થ દશામાં વ્યાસપીઠ ઉપર હોવા છતાં ધર્મસ્વરૂપદાસ પાટ ઉપર ઢળી પડ્યા, કેટલાક માણસો તેમના પગનો અંગુઠો ઝાલી ઊંચકતાં બંને પગ કમ્મરમાંથી અક્કડ ઊંચકાવા લાગ્યા. એકાએક બહુ ઝડપથી તે બેઠા થઈ ગયા. તેમનાં નેત્રો મટકાં વગરનાં એટલે કે અનિમેષ હતાં. પછી 'અક્ષરપુરુષોત્તમની જય' બોલાવી આખ્યાન ચાલુ રાખ્યું. પ્રસાદ દરેકને વહેંચવામાં આવ્યો. આ સમાધિ રાતના ૧૦ થી ૧૧॥ વાગ્યા સુધી રહી હતી. પછી દર્શન કરી સભા વિસર્જન થઈ હતી.

તા. ૧૫-૧૦-૩૬ના સાંજે પાંચ વાગે સ્વામીશ્રીએ કથા કરી હતી. આજે રાતના સભામાં મહારાજની મૂર્તિ પધરાવી હતી. એક તરફ શાસ્ત્રીજી મહારાજ અને યોગી સ્વામી તથા નિર્ગુણદાસ સ્વામી તેમજ સંતમંડળ બીરાજ્યા હતા. સામે ધુન્યકાર નડીયાદના ભાઈલાલભાઈ મયાશંકર ઊભા હતા. તેમના ભત્રીજા ઘનશ્યામ હારમોનીયમ પર બેઠા હતા. સમય થતાં અક્ષર પુરુષોત્તમ મહારાજની જય બોલાવી 'વંદન કરીએ પ્રભુ ભાવ ધરી....' એ પદની શરૂઆત કરી. તેમણે એક સૂચન જણાવ્યું હતું કે કદાચ ધૂન દરમ્યાન કોઈને સમાધિ થઈ જાય તો શાન્તીથી ધૂન ચાલુ રાખવી. ગરબડ કરવી નહીં.

મંગળાચરણ બાદ તે જ જગામા પ્રદક્ષિણા કરતા કરતા શ્રી સ્વામિનારાયણ મંત્રની ધૂનની શરૂઆત કરી. આ પ્રસંગે ભાઈલાલભાઈ આગળ ચાલવા લાગ્યા. અમે બધા તે ધૂન બોલાવતા તે પ્રમાણે સ્વામીનારાયણ મંત્ર બોલતા હતા. કોઈના હાથમાં કીરતાલ, કોઈના હાથમાં મજીરા ને કેટલાક તાળીઓ પાડતાં ધૂનમા ફરતા હતા, તેમજ અમારી સાથે સતમડલ પણ ફરવામા જોડાઈ ગયું. ભાઈલાલભાઈ પોતાનાં નેત્રો બંધ કરીને ધૂન કરાવતા હતા. તેમની સન્મુખ સ્વામીશ્રી ઊભા હતા. ધીમે ધીમે ભાઈલાલભાઈનો અવાજ કમતી થવા લાગ્યો અને ધૂનના તાન પ્રમાણે

ડોલતાં ડોલતાં તો બે-ત્રણ મીનીટ બાદ બીલકુલ ઉચ્ચાર કરતાં બંધ થઈ ગયા.

આ પ્રસંગે હું તથા C. K. Patel તેમની પાછળ બેઠા હતા. એકાએક સ્વામીશ્રી ભાઈલાલભાઈ સામું તાકી રહ્યા હતા તે અરસામાં તે સીધા લખતાં લખતાં અમારા ઉપર ઢળી પડ્યા, મેં તેમને મારા ખોળામાં ઝીલી લીધા.

આ પ્રસંગે એકદમ સ્વામી ધર્મસ્વરૂપદાસજી તથા બાઈઓની સભામાં બેઠેલા ખેંગારજીભાઈનાં માતુશ્રી જેઠીબા તેમજ ખેંગારજીની પુત્રી તથા ધીરુભાઈનાં પુત્રી નીરુ તથા સુરજબા વિગેરેને સમાધિ થઈ ગઈ. અમે બધા માણસો ખૂબ ભાવ દશામાં આવી જઈને ઉચ્ચ સ્વરે સ્વામીનારાયણ મંત્ર બોલવા લાગ્યા. તે વખતે ભાઈલાલભાઈને આંખો અર્ધી ઉઘાડી બ્રહ્મરંધ્રમાં દૃષ્ટિ સ્થિર હોય તે પ્રમાણેનાં લક્ષણોવાળી જણાતી હતી. સમાધીમાં આવતા અગાઉ એકાએક તેમના ચહેરા ઉપર અતિશય પ્રકાશ અમને દેખાયો હતો. તેમજ સમાધિ દરમ્યાન પણ અતીશય પ્રકાશ અમને દેખાયો હતો. તેમજ સમાધિ દરમ્યાન પણ અતીશય તેજસ્વી ચહેરો જણાતો હતો. દશેક મીનીટ બાદ ભાઈલાલભાઈનું શરીર કમરમાંથી વાળ્યા સિવાય તેમજ હાથનો જમીન ઉપર ટેકો દીધા સિવાય બહુ જ ઝડપથી એકદમ ઊભા થઈ ગયા અને ઊંચે આકાશ પ્રત્યે જોઈ બે હાથ ઊંચે પહોળા કરી કોઈ અદૃશ્ય વસ્તુને જોઈ ખૂબ હસતાં હોય તેમ ખડખડાટ હસવા લાગ્યા. તેમાં કેટલીક વખત તો બહુ જ વેગપૂર્વક જમીનથી અધર તેમનું શરીર ઉંચકાઈ જતું હોય તેમ અમો જોતા. અમો તેમને બહુ સખત બળપૂર્વક પકડી રાખતા હતા. તેમ છતાં તે અકડાઈ ગયેલી હાલતમાં શ્રીજીની મૂર્તિ તરફ ધસવા લાગ્યા. એકાએક તે લાંબા હાથ કરીને દંડવત્ કરતાં હોય તેમ ઊભેથી ઊંધા પડી ગયા. થોડી ક્ષણ બાદ તે એકદમ ઊભા થઈ ગયા અને ફરીથી આકાશ સન્મુખ દૃષ્ટિ રાખી ઊંચા હાથ કરી અમારા બધાના હાથમાંથી ઊંચે ઉછળવા લાગ્યા અને જાણે કોઈ વસ્તુને પકડતા હોય તેમ બે હાથની સખત મુઠીઓ વાળી દીધી -એકદમ પાછા તે છતાપાટ ઢળી પડ્યા.

આ પ્રસંગે તેમના હાથ-પગ અતિશય ટાઢા પડ્યા અમને જણાતા હતા. કોઈ કોઈ વખતે તેમનો શ્વાસોશ્વાસ બહુ લાંબા પ્રમાણમાં ચાલતો હતો. તેમજ કોઈ કોઈ વખત અતિશય નરમ જણાતો હતો. ત્યાર પછી **સ્વામીશ્રી**

વ્યાસપીઠ ઉપર જઈને સત્સંગી જીવન ગ્રંથ બીજે દિવસે કથા કરવા માટેનું જોતા હતા, તે પ્રત્યે પ.ભ. ભાઈલાલભાઈની દૃષ્ટિ ગઈ અને તે બહુ જ ધીમેથી ચાલતા હતા. તેમના પગ ઢીંચણમાં વાળ્યા સિવાય અકડાઈ ગયેલા જણાતા હતા. સ્વામી પાસે જઈ તેમને ખોળામાં માથું મૂકીને પ્રણામ કર્યા. આ પ્રસંગે અમે તેમને ઝાલીને ચાલતા હતા તે વખતે પડી ન જાય ! સ્વામીએ તેમના સામું જોયું આ વખતે ભાઈલાલભાઈ સમાધિદશામાં હતા એટલે સ્વામીએ તેમને કહ્યું તેમને લઈ જઈ સુવાડી આવો. તે પ્રમાણે અમે તેમને ઉંચકી જઈને સુવાડી દીધા. આટલું ભાઈલાલભાઈનું વૃત્તાંત છે. સમાધીમાં શું જોયું ? તે બાબત સમાધી પછી અમે પૂછી ત્યારે ભાઈલાલભાઈ જણાવે છે કે... 'ધૂન કરતાં કરતાં મારી વૃતીનું ઉત્થાન થવા લાગ્યું અને ધૂનનો અવાજ સંભળાતો બંધ થઈ ગયો અને આકાશ માર્ગે એકાએક હનુમાનજીનું પ્રચંડ શરીર દેખાવા લાગ્યું. પછી તે અદૃશ્ય થઈ ગયા. અને હું વેગપૂર્વક તીવ્રતાથી મારી વ્રતી શ્રીહરીના સ્વરૂપમાં જોડવા લાગ્યો, એકદમ શિથિલ થઈ ગયો (આ વખતે તેઓ મારા ખોળામાં હતા.) અને જે વખતે દેખાવ અદૃશ્ય થતો તે ઘડીએ હું અકડાઈ જઈને ઊભો થઈ જતો. થોડા વખત બાદ ઘેરા ભૂંગળોના નાદ કરતાં હોય તેમ કોઈ દિવ્ય સ્વરૂપો તેમની ભૂંગળો સાથે મને દેખાવા લાગ્યા. એકાએક નારદજી બહુ કાન્તિવાન સ્વરૂપમાં તેમનો તંબુરો લઈ વગાડતા આવતા હોય તેમ મને દેખાયું. બહુ સ્પષ્ટ સ્વરૂપમાં નારદજી દેખાતા હતા. અને મને સંકલ્પ થયો કે શ્રીજી મહારાજનાં હજુ કેમ દર્શન થતાં નથી ? આવો, મને દર્શન કરાવો ! મારાં ગમે તેવાં પાપ કર્મનો નાશ કરો ! કૃપા કરો ! અને હું તમારું નામ સ્મરણ કરૂં છું તેના પ્રતાપે તેમજ તમારી પ્રસન્નતાના પ્રતાપે તેમજ તમારી આજ્ઞાના પ્રતાપે મને શ્રીહરીનાં દર્શન થાય.

એકાએક સ્વામી મને દેખાવા લાગ્યા. બહુ જ તેજસ્વી તેમની મુખકાન્તિ, આ અત્યારે જે શરીર છે તેવું જ શરીર ! તે અદૃશ્ય થઈ ગયા. હું ગભરાઈ ગયો, અંધકારમાં ઉતરી ગયો. અને નિરાશ થયો - કે પ્રભુ દયા કરો ને દર્શન આપો. કેટલીક ક્ષણ બાદ એકાએક છીંકણી રંગના મખમલનો પાઘ તેમના મસ્તક ઉપર ધારણ કરેલો મને દેખાવા લાગ્યો. હું એકાએક ઊછળ્યો જાણે કે તેમને ભેટી પડું છું. તેમના કંઠનો ધારણ કરેલો મુક્તહાર દેખાયો, તેમનું

સ્વરૂપ તેજોમય કે ખૂબ કાન્તિ વાળું દેખાય, હું નિરાશ થયો. કે મારે વસ્ત્ર અલંકારનાં દર્શન ક્યાં કરવા છે ? મારે તો તમારા મનોહર મુખ કમળનાં દર્શન કરવા છે. ભલે, આજે દર્શન નહિ આપો તો કાલે આપશો પણ સ્વામીની આજ્ઞા છે તો તેમના બળના પ્રતાપે પણ હું તમારાં દર્શન જરૂર પામીશ ! પછી કંઈક દેહભાનમાં આવ્યો. શ્રીજીની મૂર્તિને પગે લાગ્યો - મૂર્તિ સન્મુખ જોયું. આંખો બંધ થઈ ગઈ. દિલમાં વિચાર થયો કે સ્વામી પાસે જઈને તેમને મળું પણ મારાથી બોલાતું ન હતું. તેમ પગ પણ ઉપડતા ન હતા. નિરાશ થઈ ગયો. એકાએક મહારાજના પીતાબંરનાં દર્શન થયાં. હું એકદમ ઉછળ્યો, હર્ષથી હાથ પહોળા કરી જાણે કે તે સ્વરૂપ પાસે હું દોડી જતો હોય તેવો વેગ કર્યો. હું નિર્વિકલ્પ દશામાં રહ્યો ત્યારે સ્વામી પાસે આવ્યો ને તેમના ખોળામાં માથું મૂકી દીધું ને રડી પડ્યો. તેમણે મારો હાથ ઝાલ્યો અને સમાધિ ઊતરી ગઈ.'

આ પ્રસંગે બાઈઓની સભામાં પૂ. માતુશ્રી જેઠીબા તેમનાં બંને દીકરી નડીયાદનાં રૂપમણીબા - મંગળાબેન વિગેરે સમાધિમાં હતા અને તેઓની આજુબાજુ સાકરની પ્રસાદીનો વરસાદ પેઠે ઢગલો પડ્યો હતો.

હવે ધર્મસ્વરૂપદાસજીને થયેલ સમાધીનું વૃત્તાંત. તેમણે સમાધીમાં પહેલાં તેજ જોયું પછી થોડીવારે સ્વામી આવ્યા અને કહ્યું : 'ચાલો દર્શન કરીએ.' પછી મહારાજ પાસે ગયા અને તેજોમય મૂર્તિ જણાઈ અને ભેળા ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, ભક્તજી અને બધા પરમહંસનાં દર્શન થયાં અને કહ્યું કે લ્યો પ્રસાદી. પણ પ્રસાદીની ઇચ્છા નહોતી. ફક્ત રૂમાલ - હારની ઇચ્છા હતી. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું કે હાર-રૂમાલ બીજી વખતે મલશે. ત્યારે કહ્યું : ભલે જય શ્રી સ્વામીનારાયણ, આટલેથી સમાધિ પૂરી થઈ.

પૂજ્ય મુરબ્બીઓ ! લખવા બેસું તો પાર આવે તેમ નથી. સમાધિઓ ઘણાને થઈ - વરઘોડો કાઢ્યો હતો. હજારો મનુષ્યો વરઘોડામાં હતા, મારા પ્રત્યક્ષ અનુભવો રૂબરુ કહીશ. ભાઈ, સહજાનંદ સ્વામી પ્રગટ છે. આ સર્વોપરી પારાયણ હતી, જેણે જોયું તેનાં મોટાં ભાગ્ય છે.

પ.ભ. ચતુરભાઈને શંકા હતી કે પૂ. જેઠીબાને સમાધી થાય છે, તે વાત

કેમ અમદાવાદમાં સર્વત્ર જાણીતી નથી ? તો આ બાબતની તપાસ મેં કરી હતી. પ.ભ. ખેંગારજીભાઈને આ પ્રશ્ન મેં કર્યો હતો. તેમણે કહ્યું કે અમે કોઈને જણાવતાં જ ન હતા. શ્રીજી ઇચ્છાએ કોઈને માલમ પડે, તેઓ જોવા આવતા ! પછી સમાધી માટે પ્રોફેસર જેઠાલાલ સ્વામિનારાયણે પેપરમાં આપવાને સ્વામીની આજ્ઞા લીધી અને પેપરમાં આવ્યું એટલે પારાયણમાં અને જેઠીબાને ત્યાં હજારો મનુષ્યો આવવા લાગ્યા. પૂ. જેઠીબાને ત્યાં તો જાત્રાનું સ્થાન થઈ પડ્યું. ઉપર નીચે બેસવાની જગા ન મળે. મોટા મોટા માણસો દર્શને આવતા જાય છે. માટે થોડામા સમજી લેવાનુ છે. જે સમય જાય છે તે પાછો આવતો નથી. **શાસ્ત્રી મહારાજે સભામાં ઊભા થઈ કહ્યું કે 'મારામાં શ્રીજી મહારાજ અખંડ રહેલા છે અને આજે સમાધીઓ થાય છે, તેને કોઈ શંકાની દૃષ્ટિએ જોશે તો તે નર્કનાં અધિકારી થાશે.'** મેં બે ફોટા મારા ખર્ચથી લીધા છે. એક બાઈની સભાનો કે જેઓને સમાધી થયેલ છે. બીજો ફોટો સ્વામી, સંતમંડળ તથા અમદાવાદના આગેવાનો અને સત્સંગી ભાઈઓનો ફોટો લીધેલો છે જે ત્યાં આવીશ ત્યારે બતાવીશ.

હરમાનભાઈ, મને ઘણો આનંદ આવ્યો. જેને લખતાં લખી શકાય તેમ નથી. ભાઈ ! મારાં ભાગ્યનો પાર રહ્યો નથી. આફ્રિકાના સત્સંગીઓ તરફથી પાંચ મીનીટ ધૂન રાખવામાં આવી હતી. પૂ. શાસ્ત્રીજી મહારાજ વ્યાસપીઠ ઉપર બેઠા હતા. સભામાં અમદાવાદના આગેવાનો તેમજ હજારો મનુષ્યો હાજર હતા.....

લિ. વિઠ્ઠલભાઈ આશાભાઈના જય સ્વામિનારાયણ. સર્વ સત્સંગીઓને હજારો વાર પ્રણામ. કરમસદ.

સ્વામીશ્રીના આ અદ્‌ભુત-અપૂર્વ અને શ્રીજીની કૃપાથી વિસ્તરેલા ઐશ્વર્યનો આ ત્રિકાલાબાધિત દસ્તાવેજ છે.

વિઠ્ઠલભાઈએ સ્વાનુભાવને આધારે, જોઈ, ચકાસી, પરીક્ષકબુદ્ધિથી લખેલો આ પત્ર આપણને સ્વામીશ્રીની સહજ અહંશૂન્યતાની ચરમસીમા બતાવી આપે છે ! જ્યારે પોતાના નિમિત્તે હજારોને ઐશ્વર્ય દર્શન થતું હોય, જ્યારે હજારોની મેદની વચ્ચે સાધુ ધર્મસ્વરૂપદાસજી કે ભાઈલાલ મયાશંકર જેવા સમાધિનિષ્ઠો વ્યાસપીઠ પર બિરાજેલા સ્વામીશ્રીનાં ચરણોમાં ઢળી પડતા હોય, જ્યારે સેંકડો આંખો અંતરીક્ષમાંથી પ્રસાદ ક્યારે, કેવી રીતે, કેટલો અને શું આવે છે તે જાણવા

આતુરતાથી મંડાયેલી હોય ત્યારે સ્વામીશ્રી એ દિવસે સાંજે કે બીજે દિવસે સાંજે જે કથા કરવાની હતી, તેની પૂર્વ તૈયારીઓ માટે ગ્રંથ જોતાં નિરાંતે બેઠા હોય !

આટલી સૂક્ષ્મ નોંધ અત્યંત સહજતાથી લખીને વિઠ્ઠલભાઈએ સ્વામીશ્રીના સહજ નિર્માનભાવનો એક અત્યંત આશ્ચર્યકારક આંચકો આપી દીધો છે !

આટલી દિવ્યતા સાથે પૂર્ણ થયેલી પારાયણની પૂર્ણાહુતીમાં એક અદ્‌ભુત શોભાયાત્રા કાઢવામાં આવી. સ્વામીશ્રી બે ઘોડાની બગીમાં સ્વામી નિર્ગુણદાસજી સાથે બિરાજમાન થયા. સાંજે પાંચ વાગે હજારોની મેદની શહેરના માર્ગો પરથી સ્વામીશ્રીને વધાવતી સરકવા લાગી.

દિવ્ય નગરયાત્રા

વિઠ્ઠલભાઈ આ શોભાયાત્રાને 'વરઘોડો' તરીકે ઉલ્લેખ કરતાં સુંદર વર્ણનપત્ર લખી મોકલે છે :

સને ૧૯૩૬, સં.૧૯૯૨.

પૂ. મુરબ્બીઓ,

પૂર્ણાહુતિને દિવસે પાંચ વાગે વરઘોડાની તૈયારી થઈ ગઈ, આશરે પાંચ હજાર મનુષ્યો હતા અને લગભગ પાંચશો સ્ત્રીઓ હતી. તે પાછળ કળશ ઉપર શ્રીફળ લઈને કીર્તન ગાતાં વરઘોડા પાછળ ચાલ્યા આવતાં હતાં. વરઘોડો કાશી વિશ્વનાથના મહાદેવમાંથી નીકળવાનું પ્રથમ દૃશ્ય જોતાં- આગળ બેન્ડ પાછળ સત્સંગીઓની મેદની - મંડળીઓ-સ્વામીશ્રીની બગી, ઘોડાગાડી અને ચાર બીજી ઘોડાગાડીઓ સંતોને માટે. તેમની પાછળ સત્સંગીઓ અને સ્ત્રીઓ આ પ્રમાણે હતું. નીકળતાં જ છોટાભાઈ, હું પોતે, રામભાઈ, ગોરધનભાઈ · અને નડીયાદના ભાઈલાલભાઈ ચારે બાજુએ ચાલતા હતા. અને સ્વામિનારાયણ ધૂન ગાતાં ગાતાં શહેરમાં આગળ ધપતા હતા. શાહપુર દરવાજાના કોટે નજદીક જતાં સ્વામીની ઘોડાગાડી ઊભી રાખવામાં આવી. કોટ ઉપર ૨૦૦ મનુષ્યો ઊભેલા હતા. આગળ રસ્તામાં શહેરના રસ્તાની બન્ને બાજુની Foot-Path ઉપર મધપૂડાની માફક મનુષ્યો તથા બાઈઓ દર્શન માટે હાજર ઉભેલાં જોવામાં આવતાં, રસ્તાની અંદર મંડળીઓ કલોલના શંકરભાઈ, મોટી જટાવાળા, જ્ઞાતીએ બારોટ અતિ આનંદ સાથે દેહનું ભાન ભૂલીને કીર્તનો ગાતા હતા. સાથે ગાનારાઓ પણ

દેહનું ભાન ભૂલીને કીર્તનો ગાતા હતા અને જમીનથી બે ફૂટ ઊંચે કૂદતા હતા. આ પ્રમાણે વરઘોડામા ઘણો આનદ આવતો હતો.

રસ્તામાં પધરામણીઓ થતી હતી. જેઓની ઉપર સ્વામી કૃપાદષ્ટિથી તેમના બને હાથ માથા ઉપર મૂકતા તે વખતે અમને એમ જ લાગતું કે દુઃખીઓનું દુઃખ ટાળવાને જાણે પ્રગટ ભગવાન શ્રી સહજાનંદ સ્વામી પધાર્યા ન હોય ?

વરઘોડો સ્વામિનારાયણના મંદિર આગળ (કાલુપુર)ના રસ્તા ઉપર થઈને જતો હતો. સ્વામીની ઘોડાગાડી બરાબર મંદિરની સામે ઊભી રાખવામાં આવી હતી. અને અક્ષર પુરુષોત્તમ મહારાજની મોટા અવાજે સત્સંગીઓ જય બોલાવતા હતા. સ્વામીએ ઘોડાગાડીમાં બેઠાં બેઠાં મહારાજનાં દર્શન નેત્રદ્વારે કરી. બે વખત આંખો મીંચી ગયા. આ વખતે દેખાવ બહુ આબેહૂબ હતો. ત્યાર બાદ વરઘોડો નિર્વિઘ્ને પાછો મહાદેવમાં આવ્યો હતો. જેને ઓછામાં ઓછા ત્રણ કલાક થયા હતા.

પોળે-પોળે ભાગ્યશાળી બાઈ-ભાઈઓ પાણીની માટલીઓ તથા ડોલો લઈને પાણી પાવાને ઉભેલાં હતાં. અને અનહદ સેવા બજાવી રહ્યાં હતાં. જ્યાં જ્યાં વરઘોડો પધરામણી માટે પોળમાં જતો હતો તે ભૂમી અને રસ્તાઓ ઉપર દર્શને હજારો લોકો આવેલા હતા તેઓના મોટા ભાગ્ય ગણી શકાય, કારણ કે એક તો સર્વોપરી પુરુષોત્તમ ભગવાન અને વળી પુરુષોત્તમ માસ અને વળી સર્વોપરી પારાયણ અને વળી સર્વોપરી વરઘોડો ! તેઓનાં દર્શન ભાગ્ય વિના કોઈને મળે જ નહીં. ‘સજની તે સમે રે, ધન્ય ધન્ય નિરખ્યાં તેનાં ભાગ્ય’ તેવી જ રીતે અમો પણ કહીએ છીએ કે ‘મુરબ્બીઓ ! આ સમે રે ધન્ય ધન્ય નિરખ્યાં તેનાં ભાગ્ય’ આ પ્રમાણે સેવા બજાવતાં, ગાડીના જમાદાર તરીકે છોટાભાઈ, ગાડી આગળ નડીઆદના ભાઈલાલભાઈ, આજુબાજુ રામભાઈ, ગોરધનભાઈ, પાછળ હું, સ્વામિનારાયણની ધૂન બોલતાં શરૂઆતથી અંત સુધી સ્વામીની સાથે જ હતા. અમદાવાદના અગ્રગણ્ય હરિભક્તો કે જેઓનાં નામ કંકોત્રીઓની અંદર જણાવેલાં છે તેમાં પૂજ્ય મુરબ્બી પ્રોફેસર જેઠાલાલ સ્વામીનારાયણ સાહેબ, ખેંગારજીભાઈ, ધીરુભાઈ, શાંતીલાલભાઈ, હીરાભાઈ, બાબુભાઈ, શેઠ સાહેબ નંદુભાઈ વિગેરે વિગેરે સત્સંગી આત્મબંધુઓએ પારાયણમાં

પધારેલા હરિભક્તોની ઘણી જ સેવા ઉઠાવી હતી. અને તેઓના આનંદનો પાર નહોતો.'

•

આ પારાયણની દિવ્યતા, સ્વામીશ્રીનો અદ્‌ભુત પ્રતાપ અને અમદાવાદના સત્સંગીઓનો ચડતો રંગ સત્સંગના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાઈ ગયું.

ચાલાસણના મુક્તરાજ રવજીભાઈ આ પારાયણમાં જ સ્વામીશ્રીના યોગમાં આવ્યા. પાછળથી દીક્ષા લઈ તેઓ સ્વામી સંતવલ્લભદાસજી બન્યા ! અર્જુનભાઈ ચાવડા નામે અન્ય ભક્તરાજ પણ યોગમા આવ્યા. તેઓ સદ્‌ગુરુ નારાયણદાસ સ્વામીના સમાગમમાં ખૂબ રહ્યા હતા. આ પારાયણમાં જ્ઞાન પામી સ્વામીશ્રીના શરણે આવી અક્ષર-પુરુષોત્તમ ઉપાસનાના ઉદ્‌ઘોષક બની ગયા. આ ઉપરાંત હજારો લાકોના અંતરનું પરિવર્તન કરી સ્વામીશ્રી અગાઉના કાર્યક્રમ માટે નીકળી ગયા.

ગુરુમૂર્તિનું અનુસંધાન

કારતક-માગશરના દિવસોમાં યોગીજી મહારાજ ગોંડળમાં બીમાર હતા. સ્વામીશ્રી પણ ગોંડળમાં આવી પહોંચ્યા હતા. અતિશય તપ અને દેહના અનાદરને કારણે સારણગાંઠનું દર્દ યોગીજી મહારાજને અવાર-નવાર ઉપડતું ! આખરે આ વખતે સ્વામીશ્રીએ તેમને રાજકોટ મોકલ્યા. અંગ્રેજ ડૉક્ટર એસ્પિનોલે તેમને તપાસીને તાત્કાલિક ઑપરેશન કરાવી લેવા આગ્રહ કર્યો. ઑપરેશન માટે તા. ૧૫-૧૨-૧૯૩૬ નિશ્ચિત થતાં જ યોગીજી મહારાજે સ્વામીશ્રીને આગ્રહપૂર્વક આ ઑરપેશન વખતે દર્શન દેવા ગોંડળ એક વિનંતી પત્ર લખી મોકલ્યો. જોકે એ જ સમયે સ્વામીશ્રીને પણ નાદુરસ્ત તબિયતને કારણે શેરડી અને દૂધનો પ્રયોગ ઔષધિઓ સાથે ચાલી રહ્યો હતો. આ અંગેની ચીવટ પણ યોગીજી મહારાજે પત્રમાં વ્યક્ત કરી હતી. એમની સ્વામીશ્રી પ્રત્યેની અપાર ગુરુભક્તિ એમાં સહજપણે પ્રતિબિંબિત થાય છે.

યોગીજી મહારાજ લખે છે :

'સ્વામીશ્રીજી'

તા. ૧૩-૧૨-૧૯૩૬

રવિવાર સવારના ૫

સ્વસ્તિશ્રી ગોંડળ મહાશુભસ્થાને અનંત જીવોને માયા પર કરનારા સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રીજી મહારાજની પવિત્ર સેવામાં, લી. રાજકોટથી. જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. ઓપરીસન મંગળવારે ૧૧ વાગે કરશે, ત્યાં એક રોમ (રૂમ) રોકી રાખ્યો છે હીરજીભાઈ તથા માધવજીભાઈએ બંધોબસ્ત કરી આપ્યો છે, સ્વામી નિર્ગુણદાસજી આવતા હોય તો લેતા આવશો. તો આપ મોડામાં મોડા સોમવાર મેલમા પધારશો. આપ સિવાય ઓપરીસન કરવાનું નથી. હીરજીભાઈ ત્થા માધવજીભાઈ કહે : સ્વામીને તેડાવો. તો પધારવા કૃપાવંત થશોજી. ગાયનું દૂધ તૈયાર રાખીશું, શરેડી તૈયાર રાખીશું.'

સ્વામીશ્રી આ નિર્દોષ સંતની પ્રેમભક્તિ જોતાં મલકી ઊઠ્યા. સમય થતાં રાજકોટ મંદિરે પધાર્યા. ઑપરેશનના દિવસે ઝડપભેર જોડિયા સંતને લઈ હૉસ્પિટલ જવા ચાલતાં જ નીકળી ગયા. આ તરફ યોગીજી મહારાજને સ્ટ્રેચર પર લઈ લેવાયા હતા.

'થિયેટર'માં પહોંચતાં પહેલાં જ વચ્ચે જ સ્વામીશ્રી આવી પહોંચ્યા. સ્ટ્રેચરમાં બેઠા થઈ યોગીજી મહારાજે આશીર્વાદ મેળવ્યા અને ઑપરેશન થોડી જ વારમાં શરૂ થયું. બે કલાકે ઑપરેશન થઈ રહ્યું, ત્યાં સુધી સ્વામીશ્રી હીરજીભાઈ શેઠ, મોરારજીભાઈ, ઝવેરચંદભાઈ, દાજીભાઈ રાણા, પ્રભુદાસ શેઠ, અંબાલાલ પટેલ બકરીપોળવાળા વગેરેને વાતો કરી રહ્યા હતા. બીજા બે કલાક વીત્યા ને યોગીજી મહારાજને ક્લોરોફોર્મની અસર ઊતરતાં તેમણે આંખો ઉઘાડી અને પહેલો જ પ્રશ્ન કર્યો : 'શાસ્ત્રીજી મહારાજને દૂધ પાયું !?'

આ અતિ અપાર ગુરુભક્તિ જોઈ સૌ દિગ્મૂઢ બની ગયા. સુષુપ્તિમાં પણ એમને ગુરુમૂર્તિનું કેવું અનુસંધાન !

એક માસ સુધી યોગીજી મહારાજને અહીં રાજકોટમાં આરામ કરવાનો હતો. સ્વામીશ્રી હરિભક્તોને પૂરતી ભલામણ કરી વિચરણ માટે ગુજરાત તરફ પધારી ગયા.

ભગીરથ પુરુષાર્થની ઝલક

આરામ બાદ ગોંડળ આવી યોગીજી મહારાજ પુનઃ સેવાપ્રવૃત્તિમાં જોડાયા. સ્વામીશ્રી અમદાવાદ બિરાજમાન હતા. તેમને ધર્માદાની વિગતથી માહિતગાર

કરતા યોગીજી મહારાજે પોતાની અન્ય તકલીફોની પણ વાત લખી જણાવી. પરંતુ તેમના આનંદનો વેગ ગમે તેવા વિઘ્નોમાંય અવિરત વહ્યા કરતો હોય તેવો અનુભવ પણ તેમના આ પત્રમાંથી આવે છે.

સીધાં-સામાનની અછત વિશે તથા ધર્માદા વિશે તેઓ લખે છે :

'સ્વામીશ્રીજી'

તા. ૧૮-૧-૧૯૩૭,
સોમવાર, સવારના ૭ાા

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભ સ્થાને પરમ ભગવદીય પરમ એકાંતિક અનત જીવોને માયા પાર કરનારા સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજની પવિત્ર સેવામાં, લી. ગોંડળ અક્ષરમંદિરથી જ્ઞાનજીવનદાસ તથા કોઠારી બંને ત્થા માણેકલાલભાઈ તથા હરિભાઈ આદીના જય સ્વામીનારાયણ વાંચશો.

જેતપુરથી સાંજે સંત ધર્મપ્રિયદાસજી આવ્યા છે. ૩૫ મણ અનાજ થીયું એમ કહેતા હતા.

આશાભાઈના રૂ. ૧૬૮૫ તથા રૂ. ૫૦ રતીલાલભાઈ દાક્તરના પોંચ્યા છે. બધી વાતો આપને પ્રતાપે સાનુકુળ થઈ જશે. આપ બે દિવસ રહ્યા પણ કેટલું સાનુકુળ થઈ ગીયું ! ઉદ્‌વેગ માત્ર બેસી ગીયાં ! પ્રકાશ ને આનંદ વધી ગયો. દીવાન સાહેબ કાલે પધાર્યા હતા ને આપને જય સ્વામીનારાયણ કહ્યા છે ને ઘણા જ રાજી છે. હું બે-ચાર દિવસમાં પત્ર મળ્યા પછી ગામડામાં જઈશ. જોડો ડંકવાથી (ડંખવાથી) પાક્યું છે તે આજે દવા કરીશું.

એ દિવસોનો ભીડો એટલો સખત હતો કે એક જ સંતે અનેક વિધ સેવાઓમાં જોડાવાનું થતું. રાત-દિવસ જુદીજુદી સેવાઓમાં સંતો થાકી જતા. તેમને કોઈની મદદની તીવ્ર આવશ્યક્તા પડતી, પરંતુ આંગળીના વેઢે ગણાય તેટલા સંતો, વળી તેમાંય કેટલાક તો અતિવૃદ્ધ ! જેથી એકે સેવા કરી શકે નહીં !

આવી મુંઝવણભરી સ્થિતિ એકવાર સારંગપુરમાં આવી. બે સંતો ઉપરાંત પોતાની - એમ ત્રેવડી જવાબદારી સંભાળતાં કોઠારી હરિકૃષ્ણ સ્વામી પરેશાન થઈ ગયા હતા. બે સંતોને તાત્કાલિક મોકલવા વિનંતી કરી.

વળી તેમણે લખ્યું : 'મારે બધે મોરચે લડી શકાતું નથી તો દયા કરશો !'

સ્વામીશ્રી આ સમાચાર અને કોઠારીની વાજબી માંગણી વાંચી વિચારમાં પડી ગયા. ક્યાંયથી એકાદ બે સંતનો પણ મેળ પડે તેમ ન હતું, છેવટે તેમણે સમજણ ભર્યો

અને પરિસ્થિતિ દર્શાવતો પ્રેરકપત્ર પોતાના શિષ્ય કોઠારી હરિકૃષ્ણદાસ ઉપર લખ્યો :

"શ્રીજી સ્વામી સત્ય છે"

તા. ૨૭-૧-૩૭.

સ્વસ્તીશ્રી સારંગપુર મહાશુભસ્થાને પરમ ભગવદીય સંત શીરોમણી કોઠારી સોમાભગત, કોઠારી હરિકૃષ્ણદાસજી વિગેરે પ્રતે બોચાસણથી લિ. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના જય શ્રી સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપનું પતું, સાધુ બે નથી, તે ખબરનું મલ્યું છે. અતરેથી એકાદ સાધુની ગોઠવણ થાય એમ છે. બાકી ગોંડળથી બાલકરસનદાસને આપની મરજી હોય તો બોલાવીએ. એક જણને તેડીને હું ત્યાં આવીશ.

આપ હરિકરસનદાસ, સેવા કરેલા અનુભવી છો, તો આપ હાલ સેવામાં મદત કરશો. કોઠારનું કામ વહેલું મોડું કરશો પણ ઠાકોરજીની સેવાનું જરૂર કામ કરશો.

ગોંડળમાં બધાઓને તાવ આવ્યો ને પગથીયાનું કામ પુરું કરવાનું હતું. હરિજીવનદાસ, ગોપીનાથદાસ, બાલકરસનદાસ રાત-દિ કારખાનાનું કામ કરતા હતા. તે વખતે મે જાતે ભડાર કર્યો હતો. તે સર્વે જાણે છે. તો સેવા કરવામાં આપણી શોભા છે. દેહ તો કૃતઘ્ની છે. જેટલી કમાણી દેહથી કરીએ તેટલો આપણને હાથ દે છે. તે બુદ્ધિનું કામ છે.

વિશેષમાં અત્રેથી હું અન્નકોટ ઉપર આવવા ધારું છું.

એ જ દા. પોતાના.

હા, શિષ્યોને એ જ વર્તાવી શકે છે જે ગુરુ પોતે જ દેહ ઘસીને સ્વયં દૃષ્ટાંત પૂરું પાડી શકે છે. અનેકવિધ સેવાઓમાં વગર નાણે, વગર દાણે ને વગર માણસે કામકાજમાં ઝઝૂમતા સંતોએ જે સંજોગોમાં સેવા કરી છે, તેમનું સ્મરણ કરતાં હૈયું ગદ્‌ગદ બની જાય છે !

માત્ર સેવા અને ઉપાસનાને જ ધ્યેય સમજતા વફાદાર સંતોની સેના સ્વામીશ્રીએ જાતે વર્તીને સર્જી હતી ! તેઓના ભગીરથ પુરુષાર્થની જરાશી ઝલક આવા ઐતિહાસિક પત્રોમાં પણ જવલ્લે જ સાંપડે છે. કેમ કે આવા પુરુષો પોતાની સેવા માત્ર એકધારી કર્યે જ જતા હોય છે. પોતાની સેવા ગાવાનું કે યશ લેવાનું એમને પસંદ નથી હોતું !

●

આ વર્ષમાં પૂર્વ આચાર્યશ્રી લક્ષ્મીપ્રસાદજીના પુત્ર રાધારમણપ્રસાદજીએ પોતાના વડતાલ ગાદી પાસેના મિલ્કત-સંપત્તિ માટેના હક મેળવવા દાવો કર્યો હતો. ગોંડા જિલ્લાની કોર્ટ અને મુંબઈની કોર્ટમાં આ દાવો ખૂબ જ ઝડપથી ચાલ્યો હતો. રાધારમણપ્રસાદજી આ કેસમાં માત્ર મિલકત કે સંપત્તિ માટે જ લડેલા પરંતુ પોતાના પિતાની ગાદી હોવાથી પોતે જ સાચા વારસ છે એ માટેની અરજી કરવામાં તેઓ મોડા પડ્યા હતા. પછીથી કેટલાક હિતેચ્છુઓની સલાહથી એ માટે પણ દાવો કર્યો અને કોઈ પણ સલાહ જોઈએ કે આર્થિક મુશ્કેલી પડે ત્યારે તેઓ સ્વામીશ્રી પાસે આવતા.

સ્વામીશ્રી કેવળ 'ધર્મવંશી' જાણી તેમને યોગ્ય સહકાર પણ આપતા. જો રાધારમણપ્રસાદજી વડતાલની ગાદીના વારસ કાયદેસર રીતે કોર્ટ દ્વારા જાહેર થાય, તો તેઓ સ્વામીશ્રીના હેતવાળા હોવાથી વડતાલ સંસ્થા સાથે સ્વામીશ્રીના સમાધાનની શક્યતા પણ વધી જાય. સ્વામીશ્રી પણ આવા જ નિઃસ્વાર્થ હેતુથી તેમને કોર્ટના કેસમાં માર્ગદર્શન આપતા.

સને ૧૯૩૭ના ફેબ્રુઆરી-માર્ચમાં આ અંગેનું પરિણામ આવી જવાનું હતું. કેસની સુનાવણી થઈ જવાની હતી. યોગીજી મહારાજે ઠાકોરજી પાસે પ્રાર્થના કરી હતી કે રાધારમણપ્રસાદ ઇચ્છે છે તેવું પરિણામ આવે, આ માટે પોતે પોતાની સાથેના સંતોને પણ 'અક્ષરદેરી'માં પ્રાર્થનામાં લગાડી દીધા હતા. આ વિગતનો પત્ર લખતાં તેમણે મુંબઈ સ્વામીશ્રીને જણાવ્યું :

સ્વામીશ્રીજી

તા. ૧૫-૨-૩૭, વાર સોમવાર

મહાસુદ - ૪, ૧૯૯૩.

આનંદ વિજયનો પત્ર.

પ્રભાવથી જીતનો ડંકો.

પરમ કૃપાળુ પરમ દયાળુ સ્વામીશ્રીજીનું સાક્ષાત્ સ્વરૂપ સ્વામી શાસ્ત્રીજી મહારાજ તથા સ્વામી નિર્ગુણદાસજી ત્થા હરિવલ્લભદાસજી તથા ધર્મવલ્લભદાસજી તથા સોલીસીટર સાહેબ ત્થા બાલુભાઈ ડી. દેસાઈ ત્થા મોરેશ્વરભાઈ ત્થા શેઠ ભગવાનદાસ ભીમજી ત્થા જશભાઈ ત્થા ધુળાભાઈ ત્થા સુખલાલભાઈ ત્થા કલ્યાણજી શેઠ આદી પ્રત્યે સાક્ષાત્ ગોંડળ અક્ષર મંદિરથી લી. જ્ઞાનજીવનદાસજી ત્થા કોઠારી અક્ષરસ્વરૂપદાસજીના ઘણા

હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

ઓહોહો ! આપનું કવર તા. ૨૦ મહાબળનું આવ્યું. વાંચી માથે ચડાવ્યું. તે પ્રમાણે દૃઢ સંકલ્પથી સ્વામીની ડેરીમાં આઠ દિવસનો પ્રયોગ દરરોજ ૧૦૦ દંડવત્ ત્થા ૧૦૦ પ્રકમ્મા (પરિકમ્મા) ને ૫૧ માળા ને આઠ મહાપુજા શરૂ, કાલથી ! 'મંગળ કરે ગંગળ' ત્યાંથી શરૂ કરીશું. હવે આઠ દીવસને માટે ખરી પ્રાર્થના દરેક સાધુએ કરવા માંડી છે. દશ સાધુ તમામ ત્થા પારસદો એ એકદમ ધૂન્ય ઉપાડી છે. સ્વામી ત્યાં સાક્ષાત્ પધાર્યા હશે. સ્વામી પાસે ડેરીમાં ૪ વાગે જઈશ તે બધો (આપનો) પ્રતાપ છે. આપ સર્વ રાજી રહેશો.

સ્વામી, આપના બળથી ભડાકો થઈ જશે. (જીત થઈ જશે.) બોલો સ્વામી નારાયણની જય. સુનાવણીનો ડંકો વાગે એટલે આંહીં તાર કરશોજી. ભુલશો નહિ.

કાલે રાજકોટની ચાર મોટરો આવિ. મોરારજી (શેઠ) ત્થા હીરજીભાઈ આદિ આવ્યા હતા. રૂા. ૩૦ આપી ગીયા ત્યારે વહેવાર ચાલ્યો.

આ પછી તા. ૧૧-૩-૩૭, શિવરાત્રીએ લખેલા એક પત્રમાં મંદિરની વિગતો જણાવી નિર્ણય લેવાની જવાબદારી સ્વામીશ્રી ઉપર મૂકી તેમને સુરતથી આવવા આમત્રણ આપે છે, અને લખે છે :

'નુકસા (નકશા) સંબંધી કોઈને ગમ પડતી નથી. આપ આવશો ત્યારે જ તે કાર્ય થશે. આપ સિવાય કોઈ નજર પડતી નથી. માટે આપ વેલાસર પધારશો. ડબર (રોડા વગેરેથી રસ્તો પાકો કરવા વપરાતો માલ) ભેગું કરાવાય છે. નવી સડકે રૂા. ૧૦૦ નું થશે ત્થા ઘાસની ગાડી વેકરીથી વેચાતી લાવે છે. રેતી પણ લાવે છે. એમ પરચુરણ કામ થાય છે. ધર્મશાળાનો ડંકો તો આપ આવ્યા પછી જ થશે.

અહોહો ! સ્થાન મહાચમત્કારી છે તે કાલે અત્રે સમૈયો ભરાયો હતો. આખું શહેર તથા તમામ સત્સંગીઓએ દર્શન કર્યાં હતાં. ચંદુલાલભાઈ કહી ગીયા કે સ્વામીને પત્ર લખો. બાપુએ (મંદિરથી દૂર) ૭૫ ફૂટે (સભામંડપ-ધર્મશાળા કરવા) હા પાડી છે તો હવે તાત્કાલીક તે કામ કરી લેવું. માટે સ્વામીને તેડાવો.

યોગીજી મહારાજના આવા નિખાલસ, ભક્તિભર્યા અને આર્દ્રભાવથી નીતરતા

પત્રો વાંચી સ્વામીશ્રીને ભારે ઉમળકો આવી જતો હંમેશાં ગોંડળનું કાર્ય સારી રીતે થઈ જાય તે માટે પોતે પણ સત્વરે પહોંચી જતા.

એ વખતે સુરતના અંબાલાલભાઈએ એક ઘોડાગાડી ભેટ આપી તેથી સૌ અતિ પ્રસન્ન થયા હતા.

સેવા અને હરિજન ઉપર હેતની સ્વાભાવિક પ્રકૃતિ

બે માસ પૂર્વે યોગીજી મહારાજે સ્વામીશ્રીને સમાચાર આપ્યા હતા કે 'બાપુએ (ગોંડલ નરેશ શ્રી ભગવત્સિંહજી) ધર્મશાળા ૭૫ ફૂટે કરવા હા પાડી છે તો હવે તાત્કાલિક તે કામ કરી લેવું.' તે મુજબ સ્વામીશ્રીએ ક્યારનુંયે એ કામ શરૂ કાવી દીધું હતું. પરંતુ યોગીજી મહારાજને ધર્માદા માટે ગામડાંઓમાં ફરવાનું થાય, ખાસ કરીને મોજીદડ, અડવાળ, કંથારિયા તરફ દૂર સુધી જવાનું થાય ત્યારે મંદિરની પ્રવૃત્તિ જાણે રણીધણી વિનાની થઈ જતી. કંઈકને કંઈક માણસોના, કારીગરોના, પગારના, હરિભક્તોની સેવા-સરભરાના પ્રશ્નો આવ્યા કરતા.

એકવાર આવા કોઈ પ્રશ્નોને ઉકેલવા સ્વામીશ્રી સ્વયં આવી પહોંચ્યા. ગોંડળનું અદ્ભુત-દિવ્ય વાતાવરણ, પાટોત્સવનો સમૈયો પણ યોગીજી મહારાજની ગેરહાજરી ! સ્વામીશ્રી પ્રભાવ અને અભાવના એ અનુભવને કેટલી સુંદર રીતે વાચા આપે છે ?! અક્ષરમંદિરનો પ્રભાવ અને યોગીજી મહારાજની અનુપસ્થિતિમાં તેઓ લખે છે :

શ્રીજી સ્વામીભ્યો નમઃ

તા. ૧૯-૫-૧૯૩૭.

સ્વસ્તિશ્રી નાપાડ મહાશુભસ્થાને પરમ પુજ્ય સ્વામી નીર્ગુણદાસજી ત. હરીવલ્લભદાસજી ત. ઘનશ્યામદાસ, બાલમુકુંદદાસ, લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.

વીશેષ વીનતી, ગઈકાલે જખવાડાથી લખેલ પત્તું મળ્યુ હસે. હું સુખરૂપે અતરે પોંચ્યો છું. નુકસો હવેલીનો પાસ થયો છે. જેતપુરથી, ભાદરાથી, થાણાદેવડીથી, રાજકોટથી હરીજનો આવ્યા છે, સમૈયો સારો થયો છે. જેઠાલાલ પ્રોફેસર અમદાવાદથી આવ્યા છે. રૂપિયા ૧૩૦ નગાસરથી ચુતુરભાના (ચતુરભાઈ) વતી ધર્માદા આવ્યા છે. ધર્માદો અક્ષરસ્વામી ઉઘરાવીને સારંગપુર મોકલશે.

અમારે અહીં આવવાથી (બધાને) શાંતિ છે. કેસમાં હારી ગયાને બે મહિના થયા તેથી દરેક ઉદાસ થઈ ગયા હતા.

જોગીની અહીં બહુ જરૂર છે. જોગી હાલ અડવાળ તરફ છે. વિજ્ઞાનદાસ આવ્યા નથી, તે હાલ સાંકરદા તરફ છે. (તે) અમદાવાદથી રાજપુર ગયેલા ત્યાં અમદાવાદના સાધુપાળાએ જઈને તકરાર કરી ફોજદારને કહ્યું. તેણે વચ્ચે પડી સમાધાન કરીને અમદાવાદ મોકલ્યા છે. ત્યાંથી વિજ્ઞાનદાસ વડોદરા તરફ આવ્યા છે.

અહીં લોકોનો ભાવ સારો છે. મંદિરમાં શાંતિ, શાંતિ, શાંતિ થઈ જાય છે તે તરફ અહીંથી આવવાનું મન થાતું નથી. પરંતુ હરિજન પરના હેતથી ને સારંગપુરનું કામ પુરું કરવાની સેવાથી આવવાનું મન થાય છે. બહુ આનંદનું સ્થાન, બહુ પ્રતાપી ! માત્ર ઉત્સાહી પુરુષની જરૂર છે. તે જોગી આવશે એટલે શાંતિ, શાંતિ થશે. ત્યાં સર્વને જય શ્રી સ્વામિનારાયણ વાંચસો. સારંગપુર પત્ર લખશો.'

ગોંડળની અનુપમ શાંતિ મૂકીને ક્યાંય જવાનું 'મન ન' થાય પરંતુ 'હરિજન પરના હેતથી' અને 'સારંગપુરનું કામ પૂરું કરવાની સેવાથી' સ્વામીશ્રી ભર ઉનાળામાં વૈશાખી વાયરા સામે વિચરણ કરવા આતુર રહેતા. આવા દિવસોમાં ઝાલાવાડી ધરતીના પથ્થરો અંગારા બનીને આગ વરસાવતા. ગામડાંઓમાં પાણીની સુવિધા માટે ચાલીને બે કિ.મી. દૂરના કોઈ તળાવ, કૂવા કે વીરડા પર જવું પડતું. પંખાની તો વાત જ શી ? જ્યાં વીજળી પણ નહોતી આવી ! એવાં ગામોમાં અડવાળ યોગીજી મહારાજનું મુખ્ય મથક રહેતું.

ઉનાળાની બપોરનો કાર્યક્રમ !

યોગીજી મહારાજ અહીં વૈશાખી લૂ વચ્ચે માત્ર ધર્માદો જ નહોતા ઉઘરાવતા. તેઓ પોતાના આગામી કાર્યક્રમ તથા બપોરનો કાર્યક્રમ લખતાં બાલમુકુંદસ્વામી (નાપાડવાળા)ને જણાવે છે.

'સ્વામીશ્રીજી'

વૈશાક સુદી ૧૧,
સવત ૧૯૯૩, વાર ગુરુવાર
તા. ૨૦-૫-૧૯૩૭. સવારના ૯

સ્વસ્તિશ્રી નાપાડ મહાશુભસ્થાને પરમ ભગવદી, પરમ એકાંતિક સ્વામી ઘનશ્યામદાસ ત્થા સ્વામી બાલમુકુંદદાસજી ત્થા ભાઈલાલ દાક્તર ત્થા ભુલાભાઈ, મંગળભાઈ આદી મડળ પ્રત્યે અડવાળથી બે સાધુ જ્ઞાનજીવનદાસજી ત્થા અક્ષરસ્વરૂપદાસજીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિશેષ અમો પુનમે (પાંચ દિવસ પછી) ગાડામાં ઘઉં ભરીને સારંગપુર જઈશું ને બીજ ત્રીજમાં ગોંડળ સ્વામીના સ્થાનમાં જઈશું. આપ બંને જણા રાજી રહેશો. અત્રે તાપ સખત પડે છે. બપોરના ત્રણથી છ વાગ્યા સુધી કથા કરીયે છીએ. સૌ હરિભક્તો બાપુભા, અગરસંગભાઈ, દાદુભા, જોરૂભા, માનભા, મોતીભાઈ આદી બેસે છે. તે સર્વના જય સ્વામીનારાયણ વાંચશો. નીર્ગુણદાસજી સ્વામી ત્યાં આવ્યા હશે. બે ઈગ્રેજી ભણનારા ત્યાગી થવાના હતા તે વાત સાચી કે ખોટી તે જણાવશો.'

ધન્ય એ યોગીરાજ અને અક્ષરસ્વામી જેવા સંતોને ! જેમણે કથા માટે સમય નથી જોયો કે નથી સુવિધા જોઈ ! અને ધન્ય એ સત્સંગીઓને, જેઓ યોગીરાજના ઇશકને જોઈ પોતાના જીવના હિત માટે કથાવાર્તા અને જ્ઞાનચર્ચાનો લાભ ઉઠાવવા ભર બપોરે પણ તત્પર રહેતા !

યોગીજી મહારાજનો એક વિશિષ્ટ ઇશક આ પત્રમાં ડોકિયાં કરી રહેલો દેખાય છે-એ છે શિક્ષિત યુવાનોને અધ્યાત્મમાર્ગના યાત્રી બનાવી - ત્યાગી બનાવી - તેમના દ્વારા લાખોને સદાચારમાં પ્રવર્તાવવા. એમની આંખો હંમેશાં 'અંગ્રેજી ભણનારા' મુમુક્ષુ યુવાનોની તલાશમાં ફરતી રહેતી.

સ્વામીશ્રી ગોંડળમાં તમામ કાર્ય પૂરું કરી યોગીજી મહારાજને સારંગપુર મળ્યા અને ખૂબ રાજીપો વ્યક્ત કર્યો, પછી ગુજરાત તરફ પધારી ગયા.

અધ્યાત્મનો ઉત્તમ પદાર્થપાઠ

આફ્રિકામાં વિસ્તરી રહેલી સત્સંગની ક્ષિતિજોમાં સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીનું યોગદાન અમૂલ્ય હતું. સાચા અર્થમાં થોકબંધ પત્રો લખી તેમણે આફ્રિકા સત્સંગ મંડળનું જે રીતે પોષણ કર્યું હતું, તે સ્વયં એટલું નક્કર હતું કે મુક્તરાજ હરમાનભાઈ પટેલ (ગાના) તથા મુક્તરાજ મગનભાઈ પટેલ જેવા શૂરવીર ભક્તોની એક સેના જ જાણે કે તૈયાર થઈ ચૂકી હતી.

સર્વકાલીન પ્રગતિનાં સોપાન

સને ૧૯૩૭ના મે માસ દરમ્યાન મોમ્બાસા ખાતે આફ્રિકાના હરિભક્તોનું આઠમું અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનનાં પ્રવચનો પછી હરિભક્તો સમક્ષ ઘણાં પ્રશ્નોનું નિરાકરણ થયું હતું. સૌએ મળીને સ્વામીશ્રી ઉપર અહેવાલપત્ર લખી મોકલ્યો.

સ્વામીશ્રી આવો અહેવાલ વાંચી રાજી થઈને નિર્ગુણ સ્વામીને આપી દેતા અને આશીર્વાદ ઉચ્ચારતા. પણ આ વખતે તો એમણે જાતે સૌને પ્રેરણા અને આશીર્વાદ આપવા કલમ-કાગળ લીધા અને સડસડાટ એકેય ચેક-ચાક વગર સહજપણે લખવાનું શરૂ કરી દીધું. અનુભવ અને સાક્ષાત્કારની ભૂમિ પરથી લખાતા એ શબ્દો અદ્‌ભુત અને અપૂર્વ હતા :

બોચાસણ, તા. ૬-૭-૧૯૩૭

સ્વસ્તીશ્રી મોમ્બાસા મહાસુભ સ્થાને પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ. લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસના જયશ્રી સ્વામિનારાયણ,

આપ સર્વે સર્વોપરી શ્રીજી સ્વામીની નિષ્ઠાવાળા હરિભક્ત મંડળ અતિ ઉત્સાહથી મોમ્બાસામાં સંમેલન ભરી સત્સંગની અભિવૃદ્ધિ કરો છો ને શ્રીજીમહારાજની આજ્ઞા, ઉપાસના ને સદ્‌ભાવમાં દૃઢતા કરાવીને અતિ ઉત્તમ શુભ કાર્ય કરીને શ્રીજી-સ્વામીને રાજી કરો છો તેથી આપને કરોડવાર ધન્યવાદ છે. અત્યારે આપનો દાખલો આખા સત્સંગને ગ્રહણ કરવા યોગ્ય છે ને જે સદ્‌ભાવવાળા હશે તે તો રાજી થશે.

વિશેષ અત્યારે સત્સગમા કથાવાર્તા કરી પરસ્પર સદ્‌ભાવ અને દિવ્યભાવ રાખી એક બીજાને સદુપદેસ કરી સત્સંગનું બળ પમાડવાની ખાસ જરૂર છે. તે શ્રીજી મહારાજનાં શ્રીમુખનાં વચનામૃત વાંચવાથી ને હંમેશાં એક રૂચિવાળા ભેગા થઈને વિચારવાથી શ્રીજીનો સિધ્ધાંત શ્રીજી કૃપાથી સમજાય છે. વચનામૃતનો ખરો સિધ્ધાંત હાથ આવે, તેને સારુ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો વાંચવાની અને અખંડ અભ્યાસ કરવાની ખાસ જરૂર છે. કારણ, વાતોમાં શ્રીજી મહારાજની ઉપાસના ને મહિમા, સત્સંગમાં આત્મબુધ્ધિ ને વૈરાગ્ય ને ધર્મ ને આત્મજ્ઞાનની ઘણી વાતો વખતો વખત સ્વામીએ કરેલી છે.

અત્યારે ઘણાં મંડળ સત્સંગમાં સર્વોપરી ઉપાસનાની વાતો કરે છે. પરંતુ તે 'સ્વામીની વાતુ'ને આધારે જ પ્રવર્તન કરે છે. સદ્‌ગુરુ સ્વામી નિર્ગુણદાસજીએ (અમદાવાદવાળા) તથા વૃંદાવનદાસજીએ સદ્‌ગુરુ સ્વામી ગોપાળાનંદજીની આજ્ઞાથી, સ્વામી ગુણાતીતાનંદજીની વાતો સંવત્ ૧૯૦૮ની સાલથી તે સંવત્ ૧૯૨૩ની સાલ સુધી જુનાગઢ જઈને સાંભળીને મન, કર્મ, વચને સમાગમ કર્યો ને સંપૂર્ણ આજ્ઞા-ઉપાસનામાં નિષ્ઠા પામ્યા.

તેમના પ્રસંગથી અમદાવાદ દેશમાં ગુજરાત, ઝાલાવાડ, કચ્છ વિગેરે દેશોમાં ઉપાસનાની દૃઢતા કેટલાક સાધુ-હરિભક્તોને થઈ છે. તે જાતે જોઈને અનુભવ કરેલ છે. તેમજ આ લક્ષ્મીનારાયણના દેશમાં સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના પ્રસંગથી શીવલાલભાઈ, મનજી ઠક્કર, વાઘજીભાઈ, જીભાઈ શેલત, સદાશિવ(શેઠ), ભગતજી મહારાજ, હરિહર્યાનંદ સ્વામી, સ્વામી હરિપ્રસાદ, મુનિ મકુંદચરણદાસ, યોગેશ્વરદાસજી, બાળમુકુંદદાસજી વિગેરેને ઉપાસનામાં રૂચી થયેલ. પછી સદ્‌ગુરુ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીનો મન, કર્મ, વચને સમાગમ કર્યો ને વિશ્વાસ લાવ્યા તેણે કરી એકાંતિકધર્મ સિધ્ધ કરી સર્વોપરી ઉપાસના માની, નિષ્ઠા પાકી કરી. આખા સત્સંગમાં સર્વે હરિજનોમાં પ્રવર્તાવી. એમ સ્વામીની વાતોને લઈ શ્રીજીનું સર્વોપરીપણું છે, તે જાતના અનુભવની વાત છે.

માટે વચનામૃત અને સ્વામીની વાતો વાંચવાનો અભ્યાસ રાખશો તો કોઈ વાતની સમજણમાં ખામી નહીં રહે. ને આજ્ઞા, ઉપાસના, સદ્‌ભાવ, પક્ષ એ ચાર મુદા સિધ્ધ કરી છેલ્લો જન્મ કરી અક્ષરધામમાં શ્રીજીની સેવામાં જોડાશો. વગર વિચારે ઊંડા ઊતર્યા સિવાય શ્રીજી મહારાજની શુધ્ધ ઉપાસના તથા અદ્‌ભુત મહિમા પ્રવર્તાવનાર તેના લાડીલાને નહિ ઓળખે ને મનસ્વીપણે પોતાના ડહાપણને લઈને જેમ છે તેમ અતિ મોટા સત્સંગના સ્થંભ જેવા મહામુક્તને નહિ ઓળખે તથા વચનામૃત ને સ્વામીની વાતોમાં ગૌણતા રાખી મનમુખી સમજણમાં મુખ્યપણું રાખશે તેને શ્રીજી-સ્વામીનો ખરો સિધ્ધાંત હાથ નહિ આવે, કારણ કે વચનામૃતમાં તો અષ્ટાંગ યોગ, જપ, તપ, ત્યાગ, યજ્ઞ વગેરે હજારો સાધન કરતાં સત્સંગને અધિક કહ્યો છે ને સત્સંગ અધિક જણાતો હોય તેનું લક્ષણ પણ કહ્યું છે કે સાઠ વરસે દીકરો આવે ને જેવી આત્મબુધ્ધિ દીકરામાં હોય તેવી આત્મબુધ્ધિ ભગવાનના

ભક્તમાં રાખવાની કહી છે. વળી, ઉપરોક્ત સાધન કરતાં સત્પુરુષમાં આત્મબુધ્ધિ કરવી. તે અધિક કહી છે. વાતોમાં પણ સ્વામીયે કહ્યું છે કે ભગવાનના ભક્તમાં આત્મબુધ્ધિ તે જ સત્સંગ છે. બાકી ત્યાગ, વૈરાગ્ય વિગેરેને શું કરવાના, આત્મબુધ્ધિ ના હોય તો ? એમ સ્વામી ને મહારાજનો સિધ્ધાંત એક જ છે.

વળી મધ્યનું ૨૧-૨૮-૫૯, છે. ૨-૭ વિગેરેમાં પણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું જ મુખ્યપણું કહ્યું છે. મોક્ષનું દ્વાર પણ કહ્યું છે. તો સર્વ મંડળ ઊંડા ઉતરીને જે શ્રીજી સ્વામીના ઉપર લખેલા સિધ્ધાંત તે મુખ્ય રાખજો ને દિન પ્રતિદિન પ્રત્યે સદ્‌ભાવ મોટામાં વધારી અતિ બળ પામવું ને સત્સંગ વધારવો. પણ કોઈ પ્રકારે યુક્તિ-પ્રયુક્તિથી મોટાનો અસદ્‌ભાવ બીજાને ઘાલવો નહીં, ને પેસવા દેવો નહિ. કારણ, મોક્ષમાં વિરોધી અસદ્‌ભાવ છે. તે ઉપર ઘણાં વચનામૃતમાં શ્રીજીસ્વામીએ કહ્યું છે તે ધારશો ને વિચારશો. એજ. દા. પોતાના.'

સત્સંગની રીતમાં રહેવા કેટલીક અતિ મહત્ત્વની વાત સ્વામીશ્રીના આ પત્રના શબ્દે શબ્દે નીતરી રહી છે. પરસ્પર સદ્‌ભાવ, વચનામૃત, વાતોનો અભ્યાસ, સત્પુરુષમાં આત્મબુદ્ધિ અને યુક્તિ-પ્રયુક્તિથી આવતા મોટાના અસદ્‌ભાવ બાબતનું જાણપણું આ બધા ગુણોની પ્રાપ્તિ માટે અધ્યાત્મનો શ્રેષ્ઠ પદાર્થપાઠ આપી સ્વામીશ્રીએ મુમુક્ષુઓ માટે સર્વકાલીન પ્રગતિનાં સોપાન બનાવી આપ્યાં છે.

ઉપાસનાના ઉપદેષ્ટા ભક્તો

સ્વામીશ્રી નાસ્તિક વિચારોવાળા કે બધું જ બુદ્ધિના ત્રાજવે તોલવા ટેવાયેલાઓને પણ શ્રીજીના ભક્ત ને ઉપાસનાના ઉપદેષ્ટા બનાવી દેતા ! આવા જ ભક્તરાજ હતા પ્રો. જેઠાલાલ સ્વામિનારાયણ. તેમણે આફ્રિકામાં વસતા ભક્તોને સ્વામીશ્રીની દિવ્યપ્રતિભાથી વાકેફ કરતાં લખ્યું

તા. ૧૨-૭-૩૭, અમદાવાદ

મુરબ્બી ભક્તો !

વિ. શ્રીજી મહારાજ જ્યારે અક્ષરધામમાં પધાર્યા તે વખતે દાદાખાચર વિગેરે હરિભક્તોને અત્યંત શોક થયો ત્યારે કૃપા કરી શ્રીજી મહારાજે સઘળાઓને દિવ્યદર્શન દઈ કહ્યું કે તમે શોક કરશો નહિ હું સત્સંગમાં સર્વદા

પ્રત્યક્ષ વિરાજમાન રહીશ. શ્રીજી મહારાજની આ વાણી સર્વદા સત્ય જણાવે છે. હમણાં પણ શ્રીજી મહારાજ પ્રત્યક્ષ વિરાજે છે. જેટલું સામર્થ્ય તેમણે સત્સંગ સ્થાપના વખતે કર્યું હતું તેટલું જ સામર્થ્ય અત્યારે શ્રીજી મહારાજ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજી મારફત પોતાનું સામર્થ્ય વાપરી રહ્યા છે એ તો અમને પ્રત્યક્ષ ભાસી રહ્યું છે અત્યારના પાશ્ચાત્ય કેળવણીના યુગમાં નાસ્તિક બની ગએલા મારા જેવાઓને પણ શાસ્ત્રીજી મારફત શ્રીજી મહારાજના માહાત્મ્યનો પ્રત્યક્ષ પરિચય થયો છે અને નાસ્તિકોમાંથી આસ્તિક બનાવવાનું અઘરૂં કામ શાસ્ત્રીજી જેવા મહા સંતો જ કરી શકે છે.

કાગળ લાંબો થાય તો પણ મ્હારો પોતાનો પ્રત્યક્ષ અનુભવ લખવા પ્રેરાઉં છું. સને ૧૯૩૪ના જાન્યુઆરીથી સને ૧૯૩૫ના જુન માસ સુધી હું અત્યંત બીમાર હતો. લગભગ પથારીવશ જેવી મારી સ્થિતિ હતી. એ મંદવાડથી બચી શકું એવી મ્હને આશા ન હતી. તો પણ ગાઢ અન્ધકારમાં કોઈ દિવો પ્રગટાવે છે તેવી રીતે શાસ્ત્રી મહારાજે સને ૧૯૩૫ના જુન માસની શરૂઆતમાં કહ્યું કે જો તમે સત્સંગ સેવા કરવાનો નિશ્ચય કરો તો શ્રીજી મહારાજ તમારૂ આયુષ્ય લંબાવી આપે. શાસ્ત્રી મહારાજનાં વચનો ઉચ્ચારાયાં કે તુરત થોડા જ સમયમાં મારી તંદુરસ્તી મ્હને પુનઃ પ્રાપ્ત થઈ અને ત્યારબાદ શાસ્ત્રીજીની આજ્ઞાનુસાર મ્હેં 'અક્ષરપુરુષોત્તમ ચરિત' નામનો ગ્રન્થ સંસ્કૃતમાં રચવા માંડ્યો છે, તે ગ્રન્થના ૬૦૦૦ છ હજાર શ્લોક રચાયા છે શ્રીજી મહારાજ લોજમાં પધાર્યા ત્યાં સુધીનું તેમનું ચારિત્ર્ય લખાયું છે આવી રીતે જેના જીવનનો અન્ત આવવાની તૈયારી હતી તેનું જીવન પોતાની અન્યથા કર્તું શક્તિ વાપરી ને લંબાવવામાં શ્રીજી મહારાજે પોતાનું અથાગ મહાત્મ્ય બતાવી આપ્યું છે. મ્હારો મુખ્ય અભ્યાસ ગણિત શાસ્ત્રનો હોવા છતાં મ્હારી પાસે પ્રેરણા કરી પોતાનાં દિવ્ય ચરિત્રોનું ગાન ગીર્વાણ ભાષામાં કરાવી રહ્યા છે આ ચમત્કાર જેવો તેવો નથી. આવા મ્હારા પ્રત્યક્ષ અનુભવથી હું છાતી ઠોકીને કહી શકું છું કે અત્યારે સત્સંગમાં શ્રીજી મહારાજ શાસ્ત્રીશ્રી યજ્ઞપુરુષદાસજીની મારફત પ્રત્યક્ષ વિચરી રહ્યા છે.

આવા અસંખ્ય પરચાઓ શ્રીજી મહારાજ પુરી રહ્યા છે તેમાંના કેટલાકનું વર્ણન કરવાનું મને મન થાય છે; ફક્ત તેવા જ પરચાઓ હું જણાવવા માગું છું કે જે પરચાઓ મ્હેં મારી પોતાની આંખોએ જોયા છે.

સને ૧૯૩૪ની સાલમાં મ્હારો નાનો પુત્ર ભાનુપ્રસાદ જેની ઉંમર ભાગ્યે સવા વર્ષની હશે તેને વરાધ (Double Pneumunia) અને 'થુલીઓ' (Diphtheria) એવાં બન્ને દરદોએ એક સામટો હુમલો કર્યો હતો. આ જીવલેણ દરદોમાંથી તે બાળક બચશે એવું કોઈ પણ વૈદ્ય કે ડૉક્ટર કહી શકતા નહોતા. પણ તે બાળકના સદ્‌ભાગ્યે શાસ્ત્રીજી મહારાજ મ્હારે ત્યાં પધાર્યા અને તેના મસ્તક ઉપર હાથ મુકી આશીર્વાદ આપ્યો કે એક અઠવાડીયામાં તેને સારૂ થઈ જશે. તેમના વચન અનુસાર છેલ્લો શ્વાસ લેતા તે બચ્ચાને આરામ થઈ ગયો અને તે અત્યારે સવા ચાર વર્ષની ઉંમરનો થયો છે.

અમદાવાદની સરકારી હાઈસ્કુલ જેને રણછોડલાલ છોટાલાલ હાઈસ્કુલ કહે છે તેના હેડમાસ્તર રા. બાપાલાલ દલાલ M.A.T.D. (London)ને હુ વસન્ત પંચમીના રોજ રંગીલા પોળે જેઠીબાને સમાધિ થાય છે ત્યાં દર્શન કરાવવા લઈ ગયો હતો. વસન્ત પંચમીના દિવસે શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજીનો જન્મ થયો છે. તે દિવસે સમાધિવાળાને શ્રીજી મહારાજે અન્તરિક્ષથી સાકરનો પ્રસાદ આપ્યો તે સાકરનો એક ગાંગડો દલાલ સાહેબને આપ્યો તે સાકરનો કેટલોક ભાગ તેમણે તેમના નાનાભાઈ ત્રીકમલાલ એન્જીનીયર સાહેબનાં પત્ની કુસુમ બહેન જેઓ પાંચ છ માસથી જીવલેણ હીસ્ટીરીઆ તથા Mental weaknessથી પીડાઈ પથારીવશ હતાં તેમને આપ્યો અને એક દિવસમાં જ ડૉક્ટરોએ કહ્યું કે તેમને આઠ આની આરામ થઈ ગયો છે. ત્રીજે દિવસે કુસુમ બહેન સમાધિનાં દર્શને આવ્યાં. તે વખતે સમાધિવાળાં જેઠીબાની મારફત સમાધિ વખતે શ્રીજી મહારાજે કુસુમ બહેનને વર્તમાન ધારણ કરાવ્યાં અને આશીર્વાદ આપ્યો કે તદ્દન આરામ થઈ જશે કુસુમ બહેને શ્રીજી મહારાજનાં વચન ઉપર વિશ્વાસ રાખી દવા પણ છોડી દીધી. લગભગ હજાર રૂપીઆનાં ઈન્જેક્શનો લેવાથી જેમનો રોગ મટ્યો નહિ તેમને આટલી ઓછી મુદતમાં શ્રીજી મહારાજે સંપૂર્ણ આરામ કરી દીધો. આવું અથાગ સામર્થ્ય શ્રીજી મહારાજ અત્યારે ખર્ચી રહ્યા છે. બાપાલાલ દલાલ અને ત્રીકમલાલ દલાલ બન્ને વર્તમાન ધારણ કરી શ્રીજી મહારાજના અનન્ય ભક્ત બન્યા છે. તેમનું આખું કુટુંબ સારંગપુરમાં અક્ષર પુરુષોત્તમનાં દર્શન કરી આવ્યું છે.

આવી રીતે શાસ્ત્રીજી મારફત શ્રીજી મહારાજ સત્સંગમાં આધુનિક

કેળવણી પામેલા અનેક માણસોને પોતાના આશ્રય નીચે લાવી સત્સંગની અભિવૃદ્ધિ કરી રહ્યા છે.

અમદાવાદમાં શાહપુર રંગીલા પોળ પાસે જેઠીબાને સમાધિ થાય છે તેવી રીતે પરમ ભગવદી આશાભાઈ પટેલનાં ધર્મપત્નીને પણ સમાધિ થાય છે. તેમને કેરી, દાડમ, વિગેરેનો પ્રસાદ અન્તરિક્ષથી મલે છે. આ પણ મ્હેં મારી નજરે નિહાળેલું છે. પ્રત્યક્ષ પ્રમાણ કરતાં વધારે સબળ બીજું કોઈ પ્રમાણ નથી. મ્હારી તો ફક્ત એટલી જ પ્રાર્થના છે કે આફ્રિકાના હરિભક્તો જ્યારે દેશમાં આવે ત્યારે શાસ્ત્રી મહારાજનાં અવશ્ય દર્શન કરે અને તેમનો લાભ ઉઠાવે. અત્યારે શ્રીજી મહારાજનો પ્રત્યક્ષ પરિચય કરવો હોય તેમને શાસ્ત્રી મહારાજનો અવશ્ય સમાગમ કરવાની હું વિનંતી કરૂં છું.

શ્રીજી મહારાજ સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમ છે એવું પ્રત્યક્ષ પુરવાર થાય છે દરેક પગલે આનો પરિચય થઈ રહ્યો છે તેમની ઉપાસના સિવાય આત્યન્તિક કલ્યાણનો બીજો રસ્તો નથી. તમે સત્સંગની અભિવૃદ્ધિ માટે જે પ્રયાસ કરી રહ્યા છો તેને માટે મ્હારા તમને હાર્દિક અભિનંદન છે. તમારા પરિશ્રમને ભગવાન સર્વથા યશસ્વી કરો એવી હું હંમેશાં પૂર્ણપુરુષોત્તમ શ્રીજી મહારાજને પ્રાર્થના કરૂં છું.'

●

આ પછી બોરસદથી અવલ કારકુન ભાઈલાલ ગિરધરલાલ મોદીએ પણ પોતાના અનુભવો આફ્રિકાના નવા મુમુક્ષુઓની જાણ માટે સુંદર પત્ર લખી આપ્યો :

બોરસદ, તા. ૨૦-૭-૩૭

'જેમ આમ્રવૃક્ષ પાંચ વરસની અંદર ફળે છે તેવી જ રીતે પાંચમા સંમેલનથી તેની સુવાસો ચોમેર પ્રસરી દેશ પરદેશમાં વસતા સત્સંગીઓમાં તેની સારી અસર કરી છે. તે ઉત્તમ વૃદ્ધિને પામ્યું છે. તેવી જ રીતે ઉત્તરોત્તર વૃદ્ધિ પામી દેશ પરદેશમાં ડંકો વગાડે અને દેશની અંદર સત્સંગમાં સડો પેઠો છે તે દૂર કરાવે અને દેશમાં સત્સંગની અભિવૃદ્ધિ થાય એવી મારી શ્રીજીસ્વામી પ્રત્યે પ્રાર્થના છે.

પરમ પૂજ્ય સંતવર્ય શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજીએ અનાદિ અક્ષર અને પુરુષોત્તમનારાયણની મૂર્તિઓ મધ્ય મંડપમાં પહેલ કરી પધરાવી આખા

દેશમાં ડંકો વગાડેલો છે. આ શાસ્ત્રીજી પ્રત્યે અક્ષરનિવાસી ધ.ધુ. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજની સંપૂર્ણ સહાનુભૂતિ હતી અને આ આચાર્યશ્રીએ ગુણાતીતાનંદજી સ્વામી અનાદિ અક્ષરનો અવતાર છે એમ સાબીત કરવાની ખાતર તેઓશ્રીએ બનાવેલી શ્રીકીર્તનકૌસ્તુભ માળામાં 'અક્ષર મૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી' એવું લખેલું છે અને તેવી જ રીતે ઠાસરાનિવાસી કોઠારીશ્રી ગોવર્ધનભાઈની પણ શાસ્ત્રીજી પ્રત્યે તેમની નીતિ, રીતિ, રહેણી કહેણી તથા આ કાર્ય પરત્વે સંપૂર્ણ સહાનુભૂતિ હતી. તે સંબંધમાં તેઓશ્રી પાસે આજથી વીસેક વર્ષ ઉપર મેં વડતાલથી બોચાસણ દર્શન કરવા જવાની ઇચ્છા દર્શાવેલી ત્યારે તેઓશ્રીએ મને કહેલું કે 'ઘણી ખુશીથી જાઓ મારી તે પ્રત્યે ઘણી સહાનુભૂતિ છે.' શ્રીજી મહારાજે સ્વમુખે વચનામૃતમાં કહેલું છે કે 'પૃથ્વી ઉપર પ્રગટ ભગવાન કે પ્રગટ એકાંતિક સંત હાલમાં બ્રહ્મ અને પરબ્રહ્મને ધારણ કરી રહેલા એવા એક જ શાસ્ત્રીજી યજ્ઞપુરુષદાસજી છે.

આધુનિક જમાનાને અનુસરીને આપને ત્યાં સંમેલનો થાય છે તેમ અત્રે દેશમાં સમૈયાના દિવસોમાં વ્યવસ્થિત રીતે સભાઓ ભરી પ્રથમથી પ્રોગ્રામ ગોઠવી-જાહેર ખબરો બહાર પાડી તે સમયનાં ભાષણો પુસ્તકરૂપે બહાર પાડવામાં આવે તો તેની અસર સત્સંગ ઉપર ઘણી સારી થઈ-સત્સંગની અભિવૃદ્ધિ થાય અને આવાં પુસ્તકો વિના મૂલ્યે વ્હેંચવા જોઈએ.'

યુવા પેઢીને માર્ગદર્શન

એક યુવાન પણ જો અક્ષરપુરુષોત્તમની વાત સમજવા તૈયાર થાય, અને એમ કરતા આ સંસ્થા કે સિદ્ધાંત માટે થોડું પણ ઘસાવા તૈયાર થાય ત્યારે સ્વામીશ્રીના હૈયેથી ઉમંગનો ફુવારો છૂટી પડતો. એવા યુવાનોનો સંપર્ક સ્વામીશ્રી જાતે જ પત્ર લખીને જીવંત રાખતા. સંસાર-વ્યવહારની ગુંચવણોમાં આવા યુવાનો કોઈ કારણોસર વહેલા મોડા થતા, ત્યારે સ્વામીશ્રી કેવા ભાવથી ને કેટલા ભારથી સત્સંગને વળગી રહેવા જણાવતા એ તેમના પ્રસ્તુત પત્રમાંથી સ્પષ્ટ દેખાય છે. સ્વામીશ્રી લખે છે :

॥ શ્રીજી સ્વામીભ્યો નમઃ ॥

તા. ૨૯-૭-૩૭, અષાઢ વદ ૬, સં. ૧૯૯૩.

સ્વસ્તીશ્રી ગાના મધ્યે પરમ ભગવદી સત્સંગી સીરોમણી શ્રી

અક્ષરપુરૂષોત્તમોપાસક રા.પા. પુરૂષોત્તમદાસ મકનદાસ, ત. રા.પા. પુરૂષોત્તમદાસ વ્રજભાઈ પ્રતે બોચાસણથી લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસજીના આશીર્વાદ પુર્વક જય શ્રી સ્વામીનારાયણ વાંચસો.

વીશેષમાં આપ બીજને દી ઘેર જઈને ત્રીજે અતરે આવતા રહેવાના હતા તે દીવસ વરસાત વધુને લઈને ન અવાણું, તો ચોથે કે પાંચમે જરૂર આવસે, તેમ જાણી આજ છઠ સુધી આપની વાટ જોઈને બેઠા છૈયે. તે આ પત્ર વાંચી તુરત અતરે પધારો. હમારે અમદાવાદ-ગોંડળ તરફ જવાનું છે. પરંતુ તમારી વાટ જોઈને બેઠા છૈયે. તો જરૂર કાલે સુકરવારે આ તરફ પધારસો. ભણનારાને ભણવા મોકલવામાં પણ આપની વાટ જોઈએ છૈયે. તો આવસો. આ સાથે વ્રજભાઈનું પતું છે. તે વાંચી જોસો. તેમનો ખાસ આગ્રહ છે. જો તમો નહીં આવો તો તે તેડવા આવસે. માટે હવે વીલંબ ન કરસો.

પુરૂષોત્તમ મકનદાસને માલમ થાય જે આપ આ પત્ર વાંચી તુરત પરસોત્તમ વ્રજભાઈને તેડીને અતરે મુકવા આવસો. હમારે બાહેર જવાનું છે, તે તેમના સારૂ જ બેઠા છૈયે. વ્રજભાઈ કહી ગયા છે, કે એકાદ દીવસ ખોટી થઈને પસાભાઈ ને તેડીને જસો. માટે આપ તુરત તેમને સમઝાવીને અતરે કાલે ને કાલે આવજો. મારગ બહુ સારો છે. પ્રભુદાસ આ જ આવીને ત્યાં આવ્યા છે. માટે જરૂર આવસો. એ જ દા. પોતાના.

આ પત્ર વાંચીને આપ બંને પધારસો. આ વખતે પધારસો તો અતી રૂડું થસે. ને આ લોક-પરલોકમાં અતી સુખીયા થસો. આવો વખત ને આ રાજીપો ફરીથી નહીં મળે. તેમ ભણવાનો ખરો વખત જાય છે. તેથી વધુ ખેંચીને લખ્યું છે. તો જરૂર પધારસો. કોઈને પુછસો નહીં, હલકો વીચાર કરસો નહીં. એજ દા. પોતાના.

ઠાકોરજી થાળ જમી ગયા !

સ્વામીશ્રી ભાદરવો બેસતાં જ સારંગપુર પધાર્યા હતા. અહીં જળઝીલણીનો સમૈયો શાનદાર ઊજવાયો. ભાવનગરના મંડળે સ્વામીશ્રી ભાવનગર પધારે તે માટે અત્યંત આગ્રહ કર્યો. પરંતુ સ્વામીશ્રીએ પોતે અત્યંત વ્યસ્ત હોવાથી યોગીજી મહારાજને પોતાના વતી મોકલ્યા.

તા. ૩-૧૦-૧૯૩૭ના ભાદરવા વદ ૧૪ના દિવસે યોગીજી મહારાજને શેઠશ્રી

જયંતીલાલ છોટાલાલના ઘરે ઠાકોરજી જમાડવાનું આમંત્રણ હતું.

યોગીજી મહારાજે અહીં મધુર હલકથી, પ્રેમ-આર્દ્રતાથી થાળ ઉપાડ્યો, 'અવિનાશી આવો રે, જમવા કૃષ્ણ હરિ....' અને પાંચ થાળ પૂરા થયા. પડદો ઉઘાડ્યો અને સૌની આતુરતાનો અંત આવ્યો. આનંદથી જયનાદ સરી પડ્યો. ઠાકોરજી મૂર્તિમાં રહી થાળ જમી ગયા હતા. પાંચ લાડુ, શાક, ભજિયાં ને દાળ-ભાત સુદ્ધાં ઓછાં થયાં હતાં !

આવો સત્યુગ વર્તતો હોય ત્યારે સંતો વાતો પણ શૂરવીરતાની, સમર્પણ નિષ્ઠાની અને માયાના કોઈ પણ ભાવથી પરાભવ ન પામવાની જ કરતા હોય તે સ્વાભાવિક છે. પરંતુ તેનાથી કેટલાક વિરોધી જીવ દુઃખાય તેથી બાલમુકુંદસ્વામીએ સ્વામીશ્રીને જણાવ્યું કે 'અહીં કથાવાર્તામાં બળની, ઉપાસનાની વાત કરીએ તો તકલીફ થાય છે. માટે સામાન્ય રીતે વાતો કરું છું. કાં જે હરિજન કહે છે કે હેંતી હેંતી (બધાને પચે તેવી) વાત કરો તો શું કરવું ?'

સ્વામીશ્રીએ તરત જ પત્ર લખ્યો :

તા. ૧૩-૧૦-૧૯૩૭.

પ્રતિ,

સ્વામી બાલમુકુંદદાસજી, નાપાડ પ્રતે.

અમદાવાદથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીરવાદ પુરવક જય શ્રી સ્વામીનારાયણ.

વીશેષ, કથાવાર્તા કરી શ્રીજી મહારાજનો સિધ્ધાંત છેલ્લાના સાતનામાં, મધ્યના પાચનામાં અને પચાળાના પાચનામા છે તે સમજાવશો. ને શૂરવીરપણાની વાતો કરશો. ચાર પ્રકારના ભક્તમાં શ્રીજીએ શૂરવીરને વખાણ્યા છે ને તેવું થયા વિના અંતર શત્રુ તથા અસદ્ભાવવાળાને દબાવીને કથાવાર્તા થઈ શકે તેમ નથી. તો બળ પામવાની જરૂર છે. અત્યારે ગુણાતીતજ્ઞાનવાળાને સોનાનો સૂરજ ઉગ્યો છે. નમાલા પ્રમાદીનો પક્ષ રાખનારને અંતરમાં શાંતિ નથી... દા. પોતાના.

યોગીજી મહારાજ નવરાત્રિના દિવસો દરમ્યાન ગોંડળ આવી ગયા હતા. સ્વામીશ્રીને પુરુષોત્તમપુરા જવાનું હોવાથી અમદાવાદ પધાર્યા હતા, ત્યાં ઘાસની ગાંસડીઓ વરસાદમાં પલળી જાય તો મોટું નુકસાન થાય તેમ હતું અને યોગીજી મહારાજને અન્નકૂટ માટેની પૂર્વ તૈયારી અને પછી પ્રસાદ વિતરણની સેવામાં

જવાનું હોવાથી પળનીયે નવરાશ નહોતી.

સહજ સ્થિતપ્રજ્ઞતા

એવામાં તેઓ સખત માંદગીમાં પટકાયા. સંતોમાં ગોપીનાથદાસ પોરબંદર હતા. અક્ષરસ્વરૂપદાસ કોઠાર સભાળતા, બે સતો ધર્મપ્રિયદાસજી ત્થા ધર્મતનયદાસજી ભીડાને કારણે એટલા મુંઝાયા હતા કે સ્વામીશ્રી પાસે કે બીજા મંદિરમાં જતા રહેવાનો નિર્ધાર કરીને બેઠા હતા. આવી પરિસ્થિતિમાં યોગીજી મહારાજ અન્નકૂટ પછી હરિભક્તોને, માંદગી છતાંયે, પ્રસાદ આપવા જવું પડશે તેની ચિંતા કરતા પોતાના સમાચાર સહજ ભાવે લખે છે. જેમાં બે સંતો માટેની તેઓની નિઃસ્વાર્થ કલ્યાણભાવનાનું, સેવાની ધગશનું અને દેહની સ્થિતિનું દર્શન છે. યોગીજી મહારાજ લખે છે :-

સ્વામીશ્રીજી

તા. ૧૩-૧૦-૧૯૩૭

આસો સુદી ૯, વાર શનિવાર, સવારના ૮ાા.

સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભસ્થાને પરમ ભગવદી, પરમ એકાંતિક સ્વામીશ્રીજીના લાડીલા રા. રા. શ્રી શાસ્ત્રિજી મહારાજ સ્વામી તથા સ્વામી નિર્ગુણદાસજી ત્થા બીજા સંત ત્થા ખેંગારજીભાઈ ત્થા બબુભાઈ ત્થા નંદુલાલ શેઠ ત્થા ચંદુલાલભાઈ ત્થા મોહન ધ્યાની, મીસ્ત્રિ મનસુખરામભાઈ આદી સમસ્ત મંડળ પ્રતે.

સાક્ષાત્ અક્ષરમંદિરથી લી. આપના ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી ત્થા કોઠારી અક્ષર સ્વરૂપદાસજી તથા દાજીભાઈ ત્થા વિરમજીભાઈ ત્થા સ્વામી ભગવત્સ્વરૂપદાસજી આદીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાંચશો.

વિ. મુને સખત તાવ આવતો તે ઉતર્યો છે. પણ હાડમાં સાંજે તાવ થોડો આવિ જાય છે તે આપના સંકલ્પથી ઉતરી જશે. મગનું પાણી, ભાત ચાર દીવસથી લઉં છું. અશક્તિ વર્તાય છે. આપના સંકલ્પથી ધર્મપ્રીયદાસજી ત્થા ધર્મતનયદાસજી બે દીવસથી આવ્યા છે. સમજાવીને રાખ્યા છે. પણ મન બેઠું નથી. પુનમ પછી ગમે ત્યાં જાવું, તેવો મનસુબો કરે છે તો આપ બેયના ઉપર બળનો પત્ર લખશો. તો ટકશે. અન્નકોટમાં મદત આપશે. પુનમ સુધીમાં મુને આરામ આવિ જાશે. પોરબંદરથી ગોપીનાથ આવ્યા નથી.

આજકાલમાં આવશે. અન્નકોટ કાલથી (બનાવવાનો) શરૂ થશે. શરીર સારૂં હશે તો અન્નકોટ કરીને ગામડામાં પ્રસાદી લઈને જાવું પડશે. પછી જેવી આપની આજ્ઞા. મંદવાડને લઈને બાપુ (ગોંડલ નરેશ) પાસે જવાણું નથી. આજે જાવા વિચાર છે. હરિબળને તાવ આવે છે. ધર્મશાળાની પુરણી રૂ. ૬૮ છાલકાને (ગધેડાવાળા કુંભારને) આપી છે.

મોહનભાઈ ત્થા સવજીભાઈ બને જણા જામનગરથી આવ્યા છે. જાળી ઘડે છે. આપ પુનમ કરીને આંટો આવો તો સારૂં. તો બેય સાધુ નભી જાય. સમૈયાના ખબર લખશો.'

હજુ આ પત્ર મળે ત્યાં તો સ્વામીશ્રી ગોંડળ પધાર્યા. અહીં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રાગટ્યોત્સવ શરદપૂર્ણિમાની રાત્રે ધામધૂમથી ઊજવ્યો. સૌરાષ્ટ્રના ઘણા હરિભક્તોએ લાભ લીધો. આસો વદ ૫ ને તા. ૨૪-૧૦-૧૯૩૭ના રોજ ગોંડલનરેશ ભગવત્‌સિંહજીની જયંતી રાજમહેલમાં ઊજવાઈ. સ્વામીશ્રીએ યોગીજી મહારાજને તેમાં ફૂલહાર અર્પણ કરી શુભ આશીર્વાદ આપવા મોકલ્યા હતા અને પોતે સારંગપુર અન્નકૂટની પૂર્વતૈયારી માટે પહોંચી ગયા હતા.

યોગીજી મહારાજે આ પ્રસંગની સ્મૃતિ કરતાં સ્વામી નિર્ગુણદાસજીને બોચાસણ જણાવ્યુ :

તા. ૨૭-૧૦-૧૯૩૭.

'આપની સમૈયામાં (શરદ પૂનમે) રાહ જોઈ. સ્વામી કે'તા હતા કે (નિર્ગુણ સ્વામી) આવવાના છે. પણ છેવટે આપે ના લખી તેથી સૌ નારાજ થીયા. પછી પાંચ દીવસમાં રસોયો ચાલી એટલે ઘડી વખત નો'તો મળતો. તા. ૨૪મીએ બાપુનો જન્મ દિવસ એટલે તે કામમાં રોકાણા. ત્યાં ગીયા, પ્રસાદી આપી. ૫૦૦ માણસોમાં આપણને પે'લા (પહેલાં) બોલાવ્યા. હાર તોરા લીધા. સૌ છક થઈ ગયા. પછી સ્વામીની આજ્ઞા હતી એટલે દેવચડી-ખોખરી તા. ૨૫મીએ ગયો. ૭ મણ બાજરો ને ૩ મણ ઘઉં થીયા... જ્યાં ગામડે ગીયા ત્યાં તાવ લાગુ પડ્યો તેથી આવતો રહ્યો છું. આજે ઠીક છે તેથી આજે ટપાલ લખવા બેઠો છું. આવા કારણથી કોઈ જગાએ પત્ર લખાણા નથી.'

મહારાજા સાથેના ભવ્ય સમારભમા પ્રથમ ક્રમે સન્માન આપવા-લેવાનુ અને બીજે જ દિવસે ગામડાંઓમાં જઈ ઠાકોરજી માટે કિલો-પાંચ કિલો અનાજ ધર્માદો

ઉઘરાવવાનો, બંનેમાં એમની સ્થિતપ્રજ્ઞતા કેટલી સહજ ઊપસી આવી છે !

•

તત્કાલીન રજવાડાંઓના શોખ અને તેને કારણે સર્જાતી ઘટનાઓ સામાજિક રૂપ ધારણ કરી લેતી. એવો જ એક બનાવ એ દિવસોમાં બની ગયો. સ્વામી યોગીજી મહારાજે તેની નોંધ પોતાની આગવી શૈલીમાં લીધી છે અને આ જ પત્રમા લખ્યુ છે :

'બીજું દીલગીરી સાથે લખવાનું કે મહારાજાના દીકરા નટવરસિંહજીભાઈ પોતે જેતલસર રહેતા હતા ને તે પોતે જુનાગઢની પેલી કોરે જાડીને (ઝાડીમાં) માંહે સીંહને શીકારે જાતાં સીંહે તેમને પકડીને મારી નાંખ્યા છે. તેથી બાપુ ને અમલદારો ત્યાં ગીયા ને સબ (શબ) લાવિને આંહીં ક્રિયા કરી છે. ૫૦૦૦ માણસ ક્રીયામાં હતું. ત્રણ દીવસ સખત હડતાલ પડી છે. કાલે ઉઘડશે. આવા કારણથી શોકને લઈને દરેકનો અન્નકોટ બંધ રહેશે તો પુનમે અન્નકોટ થશે.'

ગામડાંઓ ખૂંદી વળવાનો ઉત્સાહ !

આ સમયે સ્વામીશ્રી સારંગપુર હતા. નિર્ગુણદાસજી બોચાસણ તરફ વિચરી રહ્યા હતા. અહીં બોચાસણ-ભાદરણ-સુણાવ વગેરેના હરિભક્તોએ તેમને વિનંતી કરી હશે કે આપ અમારાં ગામોમાં અમારા ઘરે પધરામણી કરો, ને જો સ્વામીશ્રી તેમાં ઉપસ્થિત રહે તો તે સોનામાં સુગંધ. અમે ધોતિયાં ઓઢાડવાની સેવા પણ કરીએ. નિર્ગુણ સ્વામી અત્યંત દયાળુ પ્રકૃતિના હતા. હરિભક્તોનો ભાવ અને વિનંતી જોઈ તેમણે સ્વામીશ્રીને પાંચ સંતો સાથે ચોથ-પાંચમના દિવસોમાં ગુજરાત પધારવા વિનંતી પત્ર લખ્યો. જેમાં પધરામણી, ધોતિયાં ઓઢાડવા વગેરે હેતુ જોઈ સ્વામીશ્રીને ઠીક ન લાગ્યું. કેમ કે એવાં નાનાં કામ થોડાં મોડાં થાય કે ધર્માદા વખતે થાય તો કોઈ જ વાંધો નથી હોતો. વળી હરિભક્તોને ધીરજ રાખવા સમજાવી પણ શકાય. પરંતુ એને કારણે મોટાં કામ, મોટા નિર્ણયો વગેરેમાં મોડું થાય તે કેમ ચલાવી લેવાય ?

સતો ખરેખર ખૂબ ઓછા પડતા હતા. અધ્યાત્મ અને વ્યવહાર બંને ઘોડા પર સવારી કરવી અને તેમાંય ૭૦ વર્ષની ઉંમરે ગુજરાતથી કાઠિયાવાડ સુધી વગર સાધને વારંવાર ટ્રેન, ગાડામાં મુસાફરી કરવી સાચે જ કસોટી રૂપ હતું.

સ્વામીશ્રીએ નિર્ગુણદાસ સ્વામીને અદ્‌ભુત પત્ર લખ્યો. સંતોના દેહની સંભાળ, કાર્યોનો અગ્રતાક્રમ નક્કી કરવાની ભલામણ, ગામોગામ ફરીને સત્સંગને પ્રગતિની દિશામાં વાળવાની પોતાની ધગશ, હરિભક્તો, સંતો અને સત્સંગ માટેની એમની જીવનભાવના, શ્રીજીસ્વામીની ઇચ્છાનુસાર જીવવાનું કર્તાપણાનું અનુસંધાન અને પ્રચંડ આત્મવિશ્વાસની ખુમારી આ બધું આ લખાણમાં અત્યંત સહજ રીતે ઝીલાયેલું જોવા મળે છે.

સ્વામીશ્રી આ બેનમૂન પત્રમાં લખી જણાવે છે :

'શ્રીજી સ્વામી સત્ય છે'

વિ.સં. ૧૯૯૩ આસો વદ ૧૨, રવિવાર તા.૩૧-૧૦-૧૯૩૭.

સ્વસ્તીશ્રી બોચાસણ મહાશુભસ્થાને પરમપૂજ્ય સ્વામીશ્રી નિર્ગુણદાસજીથી પ્રતે, સારંગપુરથી લી. શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના આશીર્વાદ પુરવક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.

વિશેષમાં આપનો પત્ર મળ્યો. વાંચી સમાચાર જાણ્યા છે. અત્રે એક જ સાધુ પૂજામાં છે તે પણ નવો. હરિકૃષ્ણને સખત તાવ. અન્નકૂટ કરવામાં એક નારાયણ મુનિ, ધર્મ (વલ્લભદાસ) ભંડારમાં. તે પણ ઘડીએ ઘડીએ વા થી અટકે. ભગત તો એકદેશી, તે ખેતી સિવાય મંદિરમાં શું થાય છે, તેમાં નજર જ નહીં. આવા સંયોગોમાં ખાસ સાધુની જરૂર જણાણી ને ઉતાવળથી આવ્યો છું. ભણનારા બંનેને પણ અહીં તેડી લાવ્યો છું. તે સર્વ અન્નકોટમાં બનતી મદદ કરે છે. અહીંથી ચોથ-પાંચમે નીકળી તમારે ત્યાં જ્યાં કહો ત્યાં આવું, તે સુણાવ જઈને ખબર લખશો. સુણાવ હાલ ન આવવાનું કારણ, કે સાધુ પાંચ પૂરા થાય, તેવો સંભવ નહીં, માંદા (સંતો)ને અથડાવવા તે ગમે નહીં. વિગેરે સંયોગોને લઈ (સુણાવ આવવાનો) વિચાર માંડી વાળેલો. વળી (બોચાસણમાં) કાશીબા ને ગિરધરભાઈએ તો સેવા-પધરામણી (પહેલાં) કરી છે. એક ચતુરભાઈ નવા વરતમાન ધરાવનાર (શિવાભાઈના ભાઈ), તેટલા માટે બધા કામ રખડતા મુકવાં તે બરાબર બુધ્ધિમાં ન બેઠું. ભાદરણના અંબાલાલને પાંચ સાધુ જમાડવા ને છોટાભાઈને ઘેર ધોતિયાં ઓઢાડવાં તે કામ તે ધર્માદા વખતે જઈ આવીશું - ત્યારે થશે. એમ જાણીને તેમને સમજાવ્યા, રાજી કર્યા. આવા સામાન્ય કામ તો લાખો અત્યારે છે. તેથી આપને વખતો વખત આઘાત લાગે તેવી ભોળપ તે હવે છોડી દ્યો ને મુદ્દાનું

શું કામ છે તે તપાસો.

આવી રીત્યે કરીએ તો મંદિરનું એક કામ થાય નહીં. આટલી કાળજી રાખતાં પણ રખડતાં કેટલાં કામ બગડે છે ! **માટે મંદિરો સંબંધી કામ એક જણને માથે સુંપો ને તે કરે એટલે હું નિવર્ત (નિવૃત્ત) થઉં ને કથાવાર્તા કરૂં. હજુ મને હિંમત છે કે ગામડામાં કથાવાર્તા કરી બનતી શ્રીજી-સ્વામીની ઉપાસનાની પુષ્ટિ, મંદિરોની પુષ્ટિ કરૂં,** ને સત્સંગ વધારું પણ વ્યાવહારિક કામ એક જણને માથે રાખવું જોઈએ.

વિશેષમાં, આપણી સામર્થીથી કશું થવાનું નથી. એ તો શ્રીજી-સ્વામી દયા કરી ભેગા ભળે ને પોતે અનુકૂળતા કરી આપે, તો બને. ને આગળ પણ નભાવવામાં તે નભાવે તો નભે. મારૂં બનતું બુધ્ધિને અનુસરીને કર્યું છે. ને જે વારે ગુંચવણમાં પડું છું ત્યારે તેઓને (મહારાજ-સ્વામીને) માથે નાંખ્યું એટલે કામ કરે છે. તેમ શ્રીજીપરાનું ને જૂનાગઢનું શ્રીજી-સ્વામીને માથે નાંખ્યું છે તેમની ઈચ્છાનુસાર થશે. તેમનાં મંદિર છે, તેમની મિલ્કત છે એટલે (તે) સાચવશે. તેમાં અતિ દુઃખી થવાની જરૂર નથી. ગોંડળમાં પણ તેમને આગળ રાખી કામ કર્યું હતું, સારંગપુરમાં પણ તેમને માથે નાંખ્યું હતું. બોચાસણમાં તો બધા હરીજનોની હિંમત હતી છતાં બધી આંટીઓ શ્રીજી-સ્વામી ઉકેલે છે ને ઉકેલીએ એમ જાણી હિંમત રહે છે. વળી, આપ જેવા બાહોશ પૂરતી મદતમાં છો માટે બાંધકામ પૂરાં થશે, એમ નીશ્ચય છે. તો આનંદમાં રહી ભજન કરશો.' એજ દા. પોતાના.

૭૩ વર્ષની ઉંમરે ગામડાંઓ ખૂંદી વળવાનો સ્વામીશ્રીનો અપ્રતીમ ઉત્સાહ કોઈ યુવાનને શરમાવે તેટલો તીવ્ર છે ! આવો સ્પષ્ટ અને ભીતરની અદ્‌ભુત ભક્તિભાવના, સમર્પણનિષ્ઠા અને હરિભક્તો સંતો પ્રત્યેની આત્મબુદ્ધિથી લખાયેલો પત્ર એમના ખુમારી ભર્યા શૂરવીર ભક્તો માટે કેટલો પ્રેરક છે !

યોગીરાજ પ્રત્યે પ્રેમભર્યો પક્ષપાત

આ છતાં સુણાવ તરફના હરભિક્તોનો અત્યંત આગ્રહ હતો કે સ્વામીશ્રી પધારે જ. પરંતુ અન્નકૂટ ઊજવાઈ જાય તેની પ્રતીક્ષા કરવાની હતી. બેસતાવર્ષના શુભ દિવસે જ સ્વામીશ્રી ઉપર ગોંડળથી તાર આવ્યો : 'યોગીજી મહારાજ અત્યંત બીમાર છે. આપ આવો તો સારું.' સ્વામીશ્રી સાંજે ને સાંજે જ નીકળ્યા અને દર્શન

કરી યોગીજી મહારાજ પાસે પહોંચ્યા. આજે અહીં મહારાજાના પુત્રના અવસાનને કારણે અન્નકૂટ ધરાવવામાં આવ્યો ન હતો. યોગીજી મહારાજની હાલત અત્યંત ગંભીર હતી. સ્વામીશ્રી ધૂન કરી યોગીજી મહારાજના શરીરે પ્રેમાળ અમૃતસ્પર્શ કરી રહ્યા.

પછી તરત જ સ્વામીશ્રીએ નિર્ગુણ સ્વામીને લખી દીધું :

॥ શ્રીજી સ્વામીભ્યો નમઃ ॥

વિ. સં. ૧૯૯૪ બેસતું વર્ષ કાર્તિક સુદ ૧, તા. ૪-૧૧-૧૯૩૭.

'સ્વસ્તિશ્રી બોચાસણ સ્વામીશ્રી નિર્ગુણદાસને માલમ થાય જે આપનો સુણાવનો પત્ર મળ્યો છે. અત્રે (ગોંડળ) જોગીને શરીરે ચાર દી અણઉતાર તાવ ને ઊલટીથી ગભરાઈ ગયા હતા. મને તાર મુકવાથી આવ્યો છું. આજે છ દિવસે મોસંબીનો રસ લીધો છે. દાક્તર રવિશંકર, ટપુભાઈ, વગેરેનો મત કે અનાજ ખવરાવશો નહીં. એટલે મોસંબીના રસ ઉપર રહેશે. આજ તાવ ઉતર્યો છે પણ અશક્તિ બહુ છે. પથારીવશ છે. રાજકોટથી હીરજીભાઈ, માધવજીભાઈ, ઝવેરચંદ, નારાયણલાલ, ગીધુભાઈ, ચતુરભુજ, ગૌરીશંકર વિગેરે જોવા આવ્યા હતા. પાછા મોટરમાં - રેલમાં ગયા છે. ગામમાંથી તમામ અમલદારો જોવા (યોગીજી મહારાજની તબિયત જોવા) વારફરતી આવે છે. એવાને મુકીને મારાથી આવી શકાય તેમ નથી તો માફ કરશો.'

દા. પોતાના.

યોગીજી મહારાજ પ્રત્યેનો સ્વામીશ્રીનો પ્રેમ લગભગ પક્ષપાત લાગે તેટલી હદે વ્યક્ત થઈ રહ્યો છે. 'એવાને મૂકીને આવી શકાય તેમ નથી' આ શબ્દોમાં ભાર પૂર્વકનો ઇન્કાર તો છે જ, પણ યોગીજી મહારાજ પ્રત્યેનું અપરંપાર હેત પણ છલકાઈ રહ્યું છે. નમ્રતાથી સ્વામીશ્રી માફી માંગવાનું ચૂકતા નથી ! મહાપુરુષોની શક્તિ એમની અહંશૂન્યતા જ હોય છે !

હનુમાન-ગણપતિની પ્રતિષ્ઠાની પૂર્વતૈયારીઓ

સ્વામીશ્રી અપાર પ્રતાપ જણાવી ગુજરાત તરફ વિદાય થયા. ગોંડળનાં બાકી રહેલાં અધૂરાં બાંધકામનાં કાર્યો દિવાળી ગઈ તેથી જોશભેર ઊપડ્યાં હતાં. સ્વામીશ્રી પણ યોગીજી મહારાજને સોંપી, દૂર દૂરના હરિભક્તોને લાભ આપી, વિચરણ દ્વારા અનેક કાર્યો ઉકેલી રહ્યા હતા. આમ ને આમ ફૂલદોલ ઉત્સવ આવી

ગયો. સ્વામીશ્રી અનિવાર્ય કારણોસર સારંગપુરને બદલે સાંકરદા હતા. ગોંડળમાં 'આંબાવાડી' ગણાતી ૧૪૦૦ વાર જગ્યા મંદિરના સંકુલને વિશાળ બનાવવા અનિવાર્યપણે ખરીદવી પડે તેમ હતી. સ્વામી હરિજીવનદાસજી આ અંગે સખત મહેનત કરી રહ્યા હતા. અંતે રાજ્યના કારભારી વસંતરાયભાઈ માની ગયા. અને રૂ. ૭૦૦માં ૧૪૦૦ વારનો એ ટુકડો મંદિરના સંકુલ સાથે જોડાઈ ગયો. પરંતુ વસંતરાયભાઈએ તે અંગેના રૂપિયા સત્વરે ભરી દેવા રાજ્ય તરફથી આગ્રહ કર્યો હતો. એટલી બધી સગવડ તો ક્યાંથી હોય ? આથી થોડી રકમ આપી. જ્યાં ઠાકોરજીના થાળ પૂરતી ભેટ-સેવા માંડ આવતી હોય અને બાંધકામમાં જ બધી રકમ વપરાઈ જતી હોય, ત્યાં આ નવી જમીન ખરીદવાની હિંમત પણ થાય તેમ ન હતું. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞાથી જ એ ગોઠવાયું હતું. આથી યોગીજી મહારાજે એ પૈસા માટે અને ટૂંક સમય પછી જ ગોંડળમાં યોજાનાર યજ્ઞના સીધા અંગે એક પ્રાર્થનાપત્ર લખી મોકલ્યો :

'સ્વામી શ્રીજી'

ફાગણ વદ ૧૧, તા. ૨૭-૩-૧૯૩૮. સવારે ૭॥ વાગ્યે.

સ્વસ્તીશ્રી સાંકરદા મહાશુભસ્થાને સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ તથા સર્વ સંત મંડળ પ્રત્યે,

સાક્ષાત્ ગોંડળ અક્ષરમંદિરથી લી. આપને અખંડ સંભારનાર આપના ચર્ણસેવક જ્ઞાનજીવનદાસજી... આદિના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાચશો.

વિ. આંબાવાળી જમીન વેચાણ (આપણને) આપવામાં આવે છે. ૧૪૦૦ વાર છે, રૂ. ૭૦૦/ની છે. માટે (રાજાના) સેક્રેટરી વસંતરાય કહે છે કે સ્વામીને લખીને તેડાવો. રૂ. ૭૦૦ ભરી જાવ. એમ વસંતરાયે બાપુના કહેવાથી કહેવરાવ્યું છે. તો આપ હવે અત્રે વેળાસર પધારશો. ને આપ આવો તે ભરતરનું ઠીક પડે. માટે તે કહે સ્વામીને બોલાવો તે આ કાગળ વાંચીને આપ જરૂરથી ચાણસદ ન જતાં આવવા કૃપાવંત થશોજી.

ડેરીમાં આરસની પીછવાઈ ગોઠવે છે ને હાથી તૈયાર થઈ ગીયા છે. આઠ થાંભલીયો તૈયાર થઈ ગઈ છે તે અમાસ સુધીમાં હાથી વિગેરે ચોટકનું કામ ડેરીમાં થઈ જશે. માટે તેમાં પણ આપની જરૂરી છે. મોહનલાલભાઈ કહે : સ્વામી પધારે તો સારૂં.

વળી જગનની તૈયારી કરવાની છે. અમો તો હાથપગ વિનાના છીયે ને આપને આધારે જીવીયે છીએ. માટે વેલાસર પધારશો.

સોખડે થાતા આવશો એટલે જગનની દાળ તૈયાર જોવે તેટલી થઈ જાય. માટે મોતીભાઈ ત્થા જેઠાભાઈને પત્ર લખ્યો છે (ને વાત જણાવી છે કે) ઓણ શાલ (સાલ) જગનમાં તમારી દાળ વાપરવાની છે. ૫૦ મણ દાળ અને ૧૦૦ મણ ચોખા ખાસ જોશે તો આગળથી તૈયારી સારી. મોહનલાલ કહે, પૈસાની ગોઠવણી કરશો. અમો તો સર્વ મુંજાયા છીએ. એજ આપ દયા કરશો.

આપ આવશો એટલે તમામ જાતની સવડ (સગવડ) થઈ આવશે, ને સૌને સંતોષ થશે. માટે અત્રે ત્યાં ઓરા (સુધીમાં) ભંડારનું પણ થઈ જશે. ભંડારનું વાસ્તુ લીધું નથી. આપ આવો તો રાજકોટના મંડળને પણ તેડાવીયે.

વીજળી દીવાના થાંભલા સડક ઉપર ચડી ગીયા છે. બાપુ(એ) એમ કહ્યું છે કે દીવા જલદી તેમની પ્રતિષ્ઠા (હનુમાન-ગણપતિજીની પ્રતિષ્ઠા) છે, માટે કરી આપો, એમ હુકમ કર્યો છે. તેથી રાત-દિવસ કામ ચાલે છે. સ્ટેશન રોડનું કામ પડતું મુકીને આ કામ ચલાવ્યું છે. તેથી મેરૂભાઈ કહે, દસ દીવસમાં દીવા સડકના આશાપુરા સુધી કરી આપીશું. થાંભલા પણ નજીક નાખ્યા છે.

કુવો ગાળે છે પણ પાણી નથી આવતું. ટાંકીનું કામ પણ ચાલે છે. હરમાન-ગણપતીનું ડેરીનું કામ છજા સુધી આવ્યું છે. હરમાન તૈયાર થઈ ગીયા છે. ગણપતીનું ચાલે છે. એ જ,'

કેવળ ગુરુનિષ્ઠાના જોર પર જ ઝઝૂમતા યોગીજી મહારાજ અશક્ત શરીરે, આર્થિક ભીંસમાં વારંવાર એક ભાવના ઘૂંટ્યા કરે છે. 'અમે તો હાથપગ વિનાના છીએ, ને આપને આધારે જીવીએ છીએ.' જ્યાં આવી પરમ વિશ્વાસની શક્તિ હોય છે, ત્યાં કોઈ જ કાર્ય અસફળ બનતું નથી. ભગવાન અનેકમાં પ્રેરણા કરી કાર્ય સિદ્ધ કરાવે છે. સ્વામીશ્રીના સંતો આવા ઉત્સાહ અને વિશ્વાસના ધસમસતા પ્રવાહ સમાન હતા. સાથે વાત્સલ્ય, ક્ષમાભાવનાના તેઓ મૂર્તિમંત સ્વરૂપ હતા. કોઈ પણ હરિભક્ત કોઈ પણ કારણસર દુખાય તો તેમના હૈયે વેદનાનો વલોપાત ઊઠતો. સૌના મન સાચવી લેવાની કળા એમને અનાદિ સિદ્ધ હતી. અને ગોંડળમાં હનુમાન-ગણપતિની પ્રતિષ્ઠા, એ સૌના મન સાચવી લેવાનો અવસર હતો.

વાત એમ હતી કે કેટલાક સર્વોપરી નિષ્ઠાના અત્યંત હિમાયતી સત્સંગીઓનું કહેવું એમ હતું કે 'અક્ષર મંદિર' ગોંડળમાં મહારાજ અને સ્વામી સિવાય કોઈની મૂર્તિઓ પધરાવવી ન જોઈએ. પરંતુ સ્વામીશ્રી તથા નિર્ગુણ સ્વામી ઇચ્છતા હતા કે શ્રીજીમહારાજે ચલાવેલી પરંપરા આપણે ન જ તોડાય. હનુમાનજી અને ગણપતિ બંને દેવોને શ્રીહરિએ હિન્દુઓના પૂજ્ય દેવતા માન્યા છે, તો આપણે તેમની મૂર્તિઓ જરૂરથી પધરાવવી. આ સંજોગોમાં 'આગ્રહી મંડળ' સાથે અંદર અંદર ઘણા મતભેદો સર્જાય અને એવા વિચારોવાળું આખું મંડળ વિખુટું પડી જાય તેવા સજોગો દેખાતા હતા.

એવામાં પ્રતિષ્ઠા ઉત્સવ માટેનો બળ ભર્યો પત્ર નિર્ગુણદાસ સ્વામીએ ગોંડળ લખી મોકલ્યો. તેના પ્રત્યુત્તરમાં યોગીજી મહારાજે એક પછી એક મુદ્દાસર વિગતો જણાવી આપી.

યોગીજી મહારાજે આ અદ્‌ભુત પત્રમાં લખ્યું :-

॥ સ્વામીશ્રીજી ॥

ફાગણ વદ ૧૩, વાર મંગળ, તા.૨૯-૩-૧૯૩૮, સવાર ૭II વાગ્યે.

સંકટ સમયનો વખત - અમાસનાં નગારાં

પર્મકૃપાળુ, પર્મદયાળુ, એકાંતીક સ્વામી નિર્ગુણદાસજી ત્થા સ્વામી હરિચરણદાસજી ત્થા સ્વામી બાલમુકુંદદાસજી ત્થા સંતદાસજી આદી પ્રત્યે,

સાક્ષાત્‌ ગોંડળ અક્ષરમંદિરથી લી. આપના સ્નેહી સાધુ જ્ઞાનજીવનદાસજી આદીના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. લખવાનું કે આપનો કાગળ મહાબળનો, જેમાં દરેકના રૂંવાડા ઊભા (થાય) એવા મહાપ્રેમનો પત્ર વાંચીને દરેકને ઉત્સાહ આવી ગીયો છે. હવે આપને વિનંતી કે....

(૧) પ્રતિષ્ઠાનો વખત નજીક આવિ ગીયો છે તો આખા ગુજરાત, ખાનદેશ, કાનમ આપ જ્યાં જ્યાં ફરો અગર કાગળ લખો, તેમાં પ્રતિષ્ઠામાં દરેક હરિભક્તો આવે અત્રે એવી જાગૃતી કરવા આપને ખાસ વિનંતી છે.

(૨) (આગ્રહી) મંડળને આપને વિશે ત્થા સ્વામીને વિશે પુજ્યભાવ ઘણો છે ને તે ભાવ સદાય રહે ને તે આપને શુરવીર ગણે છે. (અને તે) મંડળને સ્વામીના સ્થાનને વિશે પુરતો ભાવ છે. તેમનું મન કાંઈક સચવાય ને સ્વામી તથા આપ રાજી થાવ એવી વિનંતી છે.

(૩) અત્રે પૈસાની અગવડ ઘણી છે. આપ અમોને બળમાં રાખો છો. પણ ત્યાંથી સેવા આવે તો જ અમે નભીયે. પ્રતિષ્ટા સુધી જ ભીડો છે તો ટાળવા કૃપાવત થશોજી.

(૪) આપની આજ્ઞા પ્રમાણે ડેરીમાં સ્વામી પાસે ધુન્યનું બળ રાખ્યું છે. તે જ આવડે છે. માટે ધુન્યથી ડંકો વાગશે પણ સંકલ્પ રહે છે તે દુઃખ મટવા કૃપાવત થશોજી.

(૫) હવે જેની પાસે સેવા છે તે વિગત લખું છું તો જાતે મેનત લીયે તો કામ થાય.

રૂ. ૧૦૦) નીલકંઠ સ્વામી પાસે સ્વામીયે કહ્યા છે. (તેઓ ગામડે ફરી હરિભક્તો પાસેથી સેવા ઉઘરાવી લાવશે)

રૂ. ૫૦) રઢુ રતનસંગ દરબાર.

રૂ. ૧૦૦) અમદાવાદ કલ્યાણજીભાઈ પાસે.

રૂ. ૧૦૦) કોઠારી મહારાજ પાસે મદત માગી છે, તો આપે શ્રીજીપુરાથી અપાવવા કૃપા કરવાની.

રૂ. ૭૦) સુરતથી સ્વામીયે મગનલાલભાઈને મોકલવાના કહ્યા છે તે (ઉપરાંત) બીજા પ્રતિષ્ટા સુધી ઉછીના રૂ. ૩૦૦) એમ જો રૂ. ૮૦૦ ની રકમ આવે તો અત્રેનું દેવું વળી જાય. તે ખરે વખતે જીંદગી પર્યન્ત આપનો આભાર મનાય.

જુવો કે આપે રૂ. ૫૦૦) સારંગપુરથી આપ્યા ખરે વખતે, તે ભુલાતા જ નથી. તેમ અત્રે કટાકટીનો મામલો આવ્યો છે. મોહનલાલ આરસવાળા તેઓ આઠ કારીગરોનો પગાર માગે છે. (હાલ પૂરતું) તો રૂ. ૩૦૦ માંથી રૂા. ૧૨૫ આપીયે તો પણ ચાલે. માટે આ વખતે સ્વામી પાસે આપ વિનંતી કરશો. અમોયે અત્રેથી પત્ર વિગતવાર સ્વામીને સાંકરદા લખ્યો છે ને અત્રે તેડાવ્યા છે માટે અમાસનું દુઃખ (અમાસે પગાર કરવો પડે પણ પૈસા નથી તે દુઃખ) મટે તેવી પ્રાર્થના ત્થા મદત આપશો.

મારે છેલો આધાર સ્વામીનો ત્થા આપનો છે. પછી તો સ્વામી દયા કરશે. ગાડી સરેડે ચાલશે. માટે અરજી ધ્યાનમાં લઈ એકદમ આ કામ સ્વામીનું છે એમ જાણી તતકાલીક કૃપા કરશો.

આપણે પ્રતિષ્ટામાં ૫૦ મણ દાળ તથા ૧૦૦ મણ ચોખા જોશે. તો દરેક

સંતને કહેશો ને જોળી માગે તો અનાજની પુષ્ટિ થાય.

બીજું, આપ આણંદ જાવ તો સત્યનારાયણભાઈ ત્થા ઘનશ્યામભાઈને સ્વામીની ડેરીમાં પત્ર પ્રસાદીનો કરાવીને ૩૦ મણ દાળ ને ૫૦ મણ ચોખા જગનમાં આપવા વિનંતી લખી છે જે તેમની ત્રણેની શ્રધ્ધા પ્રમાણે કરે. તો આપ રૂબરૂ મળો તો ભડાકો વાગે.

બાપુને (ગોંડળ નરેશ ભગવત્‌સિંહજી) અમે મળ્યા ને પ્રતિષ્ટાની વાત કરી તો ૩ માસે (વિજળીના) દીવા કરવાના હતા તે પર થાંભલા દીવાના નાંખીને આઠ દીવસમાં દીવા શરૂ કરી આપશે. એવી તો મહેરબાની છે ! તો પ્રતિષ્ટામાં કોઈ માણસ ન આવે તો પ્રતિષ્ટા ન શોભે. માટે જશ બધો સ્વામીના સ્થાનનો આપને જ છે. માટે આ સ્વામીના સ્થાનનો મહિમા (સૌના જીવમાં) ઉતરશે તો જ સેવા ત્થા મહાપુજા ચાલી આવશે. મહાપુજા પ્રવર્તાવી છે તો દરરોજ ચાલે છે.

ડેરીમાં આરસનું સીંહાસન ગોઠવાય છે. અમાસે હાથી ચોટશે ને પુનમે તમામ સીંહાસનમાં આરતી ઉતરશે. કંપલેટ કામ થઈ જશે ને આપને ત્યાં સૌને જાગૃત કરીને દશ દીવસ વેલા અત્રે આવવું જ પડશે. પછી તંબુ ગોઠવવા, ઉતારા માટે સવડ (સગવડ) કરવી, વેદીયા માટે ઉમરેઠના બ્રાહ્મણનું નક્કી કરશો. પુનમના સમૈયામાં દરેકને ખાસ આગ્રહથી ફરજ પાડશો તો સૌ આવશે. (આફ્રિકાથી આવેલ) હડમાનભાઈ પાસે સભામાં ભાસણ કરાવજો તો સૌને જાગૃતી આવશે. માટે સમૈયામાં આ પત્ર વંચાવજો.

સંણના (કંતાન) બંડલ દશ માટે અમીન વાઘજીભાઈને અમદાવાદ લખ્યું છે તે સેવા કરશે. બંડલ દસ રસોડા માટે આપે. છાંયો પણ કરવો જોશે. જો આગળથી આવી તૈયારી કરો, તો સ્પેશીયલ (ટ્રેન) પણ આવે. ૩૦૦ માણસ કરવા જોઈએ. ત્રણસો તો સે'જે થઈ જાશે. જેતપુરવાળા છ માસથી તૈયારી કરી રહ્યા છે. અત્રેથી પણ ગોદડા લઈ ગીયા. વૈશાક સુદી ૨નું મુરત સાંભળવામાં આવ્યું છે. સાચું-ખોટું સ્વામીશ્રીજી જાણે. પણ તૈયારી કરી રહ્યા છે તો આપણે ૧૧ માસ છે તો તૈયારી કરવા વિનંતી છે.

હું દરેક પ્રતિષ્ઠામાં આવવાના કાગળો કામ પ્રસંગે લખીયે તેમ નાંખતો રહું છું, ને આપ તો ત્યાં જ ફરો છો. કંકોતરીયો પંદર દીવસ આગળ સ્વામીને પુછીને છપાવવી પડશે. તો જ સર્વ લોકો તૈયારી કરશે. મહારાજા

નારણજી મહારાજ તથા હરિભાઈ અમીનને સંભારતા હતા તો આ વખતે પધારવા કહેસો. તેમનું આખું મંડળ આવે. સોલીસીટર સાહેબને પણ આવવા લખશો.

વિ. હવે કાગળ લખવા ઘણું મન છે પણ હવે ટુંક વાળું છું. (અર્થાત્ ટૂંકમાં લખું છું) તો આ કાગળનો આપ ભાવાર્થ સમજી સાક્ષાત્ સ્વામીને વિનંતી કરીને જગાની તૈયારી કરવી એ જ અરજ. સેવા માટે રકમ મોકલવા તસ્દી લેશોજી. સ્વામીને પત્ર વંચાવવા વિનંતી છે. અત્રે વાતાવરણ શાંત છે. દેશકાળ સારા છે. દરેક સંત સુખેથી કથાવાર્તા-સેવા-ભક્તિ કરે છે. પણ પૈસાની તાણથી દીલગીર થવાય છે. માગનાર જીવ ખાય છે એટલી જ અડચણ છે.

તાજા કલમ :- કુવો ટાંકીનું કામ ધમધોકાર ચાલે છે. કુવામાં પાણી આવતું નથી. અમો ધુન્ય કરીયે છીયે માટે પાણી એકદમ આવે, કુવો ખોટો ન પડે. તેવી (પાણી) આવવા વિનંતી છે. ભંડાર તૈયાર થવા આવ્યો છે. નારણભાઈ ભાયજીભાઈ પણ ચોખા દાળમાં મદત કરશે. હીરજીભાઈ શેઠના બંગલાનું કામ ધમધોકાર ચાલે છે. માળ કરવાનો ઠરાવો તેથી રૂા. ૧૩,૦૦૦ ખર્ચ થશે. માટે હીરજીભાઈ તથા માધવજીભાઈને આપનો પત્ર વંચાવીસું. એ જ. હવે મહાપુજાનો વખત થીયો છે.

બોલો સ્વામીનારાયણની જય.

ને આપની પણ જય. જવાબ પાછો આપનો લખશો. એજ....'

નિર્ગુણ સ્વામી પ્રત્યેની નમ્રતા, રાજકોટના ભક્તોનું મન સાચવીને મૂર્તિપ્રતિષ્ઠા કરવાની ચીવટ, સેવા કરવાનું તાન, પરસ્પર મહિમા અને સુહૃદ્‌ભાવનું અમૂલ્ય દર્શન આ બધું આ પત્રોની આગવી મૂડી છે ! યોગીજી મહારાજના નિર્મળ અંતઃકરણ અને વિલક્ષણ લેખનશૈલીમાંથી ટપકતી શુદ્ધભાવનાનાં કામણ કે વશીકરણ એવાં હતાં કે નાના યુવકોથી માંડી નિર્ગુણ સ્વામી જેવા સદ્‌ગુરુનાં હૈયાં પણ વીંધાઈ જતાં.

યોગીજી મહારાજે પ્રતિષ્ઠા ઉત્સવ માટે તમામ સગવડો ઊભી કરી દીધી હતી. પણ હજુ પાગરણની વ્યવસ્થા થઈ શકી ન હતી. યોગીજી મહારાજે તે સમયે પાગરણ એકત્ર કરવાનું અભિયાન ચલાવ્યું હતું. આ અંગેનો એક પત્ર અત્રે પ્રસ્તુત છે :

સ્વામીશ્રીજી

તા. ૨-૪-૩૮

ચૈ. વ. ૧૩, વાર ગુરૂવાર

ગુણાતીત સ્થાનનો પ્રતિષ્ઠાનો વાવટો.

સ્વસ્તીશ્રી નાપાડ મહાશુભ સ્થાને પરમ ભગવદી સ્વામી બાલમુકુંદદાસ ત્થા સંતદાસજી ત્થા ભુલાભાઈ ત્થા મંગળભાઈ ત્થા દાક્તર ભાઈલાલભાઈ આદી પ્રત્યે સાક્ષાત્ ગોંડલ અક્ષર મંદીરથી લી. શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી ત્થા જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી સ્વામીનારાયણ વાચશો.

વી.વી. અમો સારંગપુરથી એકાદશીયે સુખરૂપે પોંચ્યા છીયે.

વિ. ગોંડળ મંદીર નવું સ્થપાયું છે. તેમાં તમામ સગવડ છે, પણ ગોદડા નથી. વળી યજ્ઞમાં દશ હજાર માણસ આવવા સંભવ છે તો દરેકે ગામ વાળે સ્વામીના સ્થાનમાં ગોદડાં આપ્યાં છે. તો આપણે ઘર દીઠ એક એક ગોદડું ઉઘરાવવું ને જલદી ઉઘરાવી વીંટો કરીને આણંદથી ચડાવવું. એટલે યજ્ઞ પેલા આવિ જાય. માટે આ સેવા પૈસાની નથી, આ તો જીંદગીનું કામ થશે. ને પ્રતિષ્ઠામાં આવસો. વેલાસર પધારસો. વળતો પત્ર લખશો. તુવેરદાળનો ધર્માદો કરશો.

'કટાકટીનો મામલો'

સ્વામીશ્રી ગુજરાત તરફ ક્યાંય વિચરતા હોય અને નિર્ગુણ સ્વામી બોચાસણ કે પછી આજુબાજુનાં ગામોમાં હોય અને યોગીજી મહારાજની ધૂણી ગોંડળમાં ધખતી હોય - ત્રણે જવાબદાર સંતોને આટલે દૂર દૂર વિચરતા હોવાથી ક્યારેક તો દિવસો સુધી કોઈ જ પ્રકારનો સંદેશા વ્યવહાર થઈ શકતો નહીં ! પરસ્પરના સૂચનથી કે સ્વામીશ્રીની આજ્ઞાથી અને નિર્ણયોથી જે કામ કરવાનું હોય, તેમાં આ જ કારણસર વિલંબ પણ થતો, પરંતુ કાર્ય હંમેશાં નિર્વિઘ્ને સંપન્ન થતું. મંદિરના કામકાજમાં આર્થિક ભીડો અને તેમાંય સ્વામીશ્રી ક્યાં છે તેની યોગીજી મહારાજને લેશમાત્ર જાણ નહીં ! આથી એક જ દિવસે જુદી જુદી દિશામાં એક જ સમાચારના બે પત્રો યોગીજી મહારાજે લખ્યા : એક ચિત્રાસરમાં અને બીજો ધર્મજમાં ! પત્રમાં હરિભક્તોની સેવાની એક નાનકડી યાદી છે. જોઈએ તો ૫૦-

૫૦ રૂપિયા જેવી સેવાઓ મેળવીને લાખોના મંદિર કેવી રીતે પૂરાં કર્યાં હશે, તેનું આશ્ચર્ય થયા વિના રહેતું નથી ! સાથે લેણદારોની હરકતો આ નિર્મળ સંતોને કેટલી હદે પરેશાન કરતી હશે, તેનો પણ એક નાનકડો અણસાર આ પત્રમાં મળી આવે છે.

યોગીજી મહારાજ ચિત્રાસરના પત્રમાં સ્વામીશ્રીને લખે છે :

'સ્વામીશ્રીજી'

તા. ૫-૬-૩૮.

જેઠ સુદી ૮ વાર રવિવાર.

સ્વસ્તિશ્રી ચીત્રાસર મહાશુભસ્થાને પરમ ભગવદી પરમ એકાંતિક સ્વામીશ્રીજીના લાડીલા રા. રા. સદ્‌ગુરુવર્ય શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી તથા સ્વામીશ્રી નિર્ગુણદાસજી ત્થા સ્વામી કો. શ્રીજીસ્વરૂપદાસજી ત્થા હરિસેવાદાસજી ત્થા પ્રભુસ્વામી પ્રત્યે સાક્ષાત્ ગોંડળ મંદીરથી લી. જ્ઞાનજીવનદાસજી ત્થા કો. અક્ષરસ્વરૂપદાસજી ત્થા હરજીવનદાસજી ત્થા દાજીભાઈ ત્થા પ્રભુદાસ શેઠના ઘણા હેતથી જય સ્વામીનારાયણ વાંચશો.

વિ. આપનો પત્ર બોચાસણથી તા. ૨ નો લખેલો મળ્યો છે. આપની આજ્ઞાએ અમોએ ધુન્ય બે આરતી વચ્ચે ૨૧ માળા દેવું વાળવાની પ્રાર્થના કરી હતી. અમે તો આપને બળે ઝઝુમીએ છીએ. રૂા. ૯૫ આણંદથી આવ્યા છે. ૪૫ ભુલજીભાઈના, ૫૦ કરસનદાસભાઈના તે પગારમાં ચુકવ્યા.

કાલે મેવાસા જાવું પડશે. કોઠારી ઘણા જ મુંજાણા છે. વેપારી જીવ ખાય છે. માટે આપને દ્દષ્ટિ રાખવાની છે આ દેવું વાળ્યા પછી આનંદ થશે. માટે દયા કરશો.

અમદાવાદના જીવો ભગત ૨૦ વરસ સાધુ અમદાવાદમાં (કાલુપુરમાં) થઈને રહ્યા. વળી પુરાણી હતા. ચાર સાધુ તેમના તાબામાં હતા તે આપને મળવા આઠ દિવસથી આવ્યા હતા. તે આપ અમદાવાદ તા. ૧૦મીએ આવશો. એટલે તે કહે : હું અમદાવાદ સ્વામી ભેગો થઈશ એમ કહીને કાલે શનીવારે અમદાવાદ ગીયા હતા. ઘણા જ શાંત હતા. કામ કર્યા કરતા. તે તેમને સાધુ, આપ પાસે થાવું છે. કાંઈક પૈસો ટકો હશે, તેની સલાહ આપ પાસે લેવાનું કે'તા હતા.

વાલજી ડાયા ૨૫૧ રૂા. માંગે છે, ઘી વાળો પણ ૧૦૦ માંગે છે, રૂા. ૧૧૦ પથરવાળો અત્રે આવ્યો હતો તે માંગતો હતો. છોટાભાઈને મળ્યા તે કહે : હું બા (રાજમાતા બા સાહેબ મેંઘીબા) ને મળીશ ને બનતા સુધી રૂપિયા નહિ લીએ તેમ કરીશ.

નાશીક(થી) શેઠ સાહેબનો પત્ર આવ્યો હતો કે ઘુંમટના રીપેરીંગ કામ માટે રૂા. ૫૦૦ પ્રથમ મોકલ્યા (છે.) ને તમામ કામ પૂરું થવા માટે રૂા. ૫૦૦ મુંબાઈ જઈને મોકલાવીસ. માટે તમો ઘુંમટનું તમામ રીપેરીંગ કામ શાસ્ત્રીજી મહારાજ ચલાવે. પ્રતિષ્ઠાની વાતથી ખુશી થીયા છે.

બીજું આજે આપણા મંદિરમાં શેઠ મોરારજીભાઈની ધર્મશાળામા ભાવનગરના મેરાઈ (દરજી) જેમાં રહેતા તે ઓરડામાં ઝાળી (જાળી) પાછળની તેના સરીયા (સળિયા) ઊંચા કરી, વાળી નાંખીને (ચોર લોકો) માંહી પેસીને ટંક (ટ્રંક) તેમનો તથા નવા ભંડારના ઓરડામાં સાધુના ચાર લોટા ત્થા પુજાઓ વાસુદેવ, હરજીવનદાસ ત્થા રામજીભગત આદીની લઈ ગીયા છે. આપણા વંડા ઉપર તપાસ કરી તો પુજા પડી મૂકી છે. મેરાઈના ટંકમાંથી નવા લુગડા કાઢીને નદીના કોટ આગળ પથરામાં ટંક ફેંકી દીધો છે.

વાસુદેવની પુજા પથરામાંથી જડી, અતારે ફોજદાર જોવા આવ્યા છે. પગી હતો તે નોકરીએ ભાયાવદર રૂ. ૧૫ પગારમાં ગીયો છે. એજ.

આ પત્રમાં જ યોગીજી મહારાજ કોઠારી શાસ્ત્રી શ્રીજીસ્વરૂપદાસજીને થોડા અનાજ માટે નમ્રભાવે વિનંતી કરે છે આ પત્ર એ સમયે ચાલતા મંદિરોના અતિ સામાન્ય વ્યવહારની વિસ્મયકારક સ્મૃતિ છે ! આ પત્રમાં અધિકાર છતાં નમ્રતાનું વીરલ દર્શન થાય છે.

યોગીજી મહારાજ લખે છે :

'કોઠારી મહારાજ - શ્રીજીસ્વરૂપદાસજી, આપ પાસે કોઈ વખત માંગણી કરી નથી. પણ અતારે પૈસાની તાણ પડી ને અનાજની તાણ પડી તો ખાસ આપને બે કાગળોમાં લખ્યું, ઈશ્વરભાઈની સાથે કહેવરાવ્યું, રામજીભગતને સાથે પત્ર આપ્યો તો હવે ૨૦ મણ જીરાસણ ચોખા અત્રે સ્વામીના સ્થાનમાં સાક્ષાત્ મોકલશો. એટલી વિનંતી ધ્યાનમાં લેશોજી. સ્વામીશ્રી પધારે તો આ પત્ર વંચાવશો. કામ સેવા ફરમાવશો. ત્યાં પ્રભુ સ્વામીને કહેશો. ચોખા ૨૦ મણ ખંડાવીને મોકલશો. અગર આપની ઇચ્છા પ્રમાણે (ઓછા) પણ

મોકલશો.

અમો તા. ૯મી એ અમદાવાદ આવિશું. અક્ષરપુરુષોત્તમ(દાસજી) હરિચરણ ત્થા હું ત્થા ધર્મશી ભગત એ ચાર જણ (આવિશું) ત્યાં સ્વામી હરિસેવાદાસજી વિગેરેને જય સ્વામીનારાયણ કહેશો. ત્યાં મંદિર તૈયાર થઈ ગીયું હશે.

ચોખાની તાણ છે માટે જ લખ્યું છે. વરસાદ પે'લા મોકલવા ગોઠવણી કરશો.

આ વિગતનો ધર્મજ લખેલો પત્ર પણ આવો જ વિલક્ષણ છે. તેનું મથાળું બાંધતાં યોગીજી મહારાજ લખે છે :

'કટોકટીનો મામલો !'

વિ. અત્રે પૈસાની તાણ પડી છે આપના કાગળથી ધુન્ય સારી રીતે કરી હતી. પણ હવે આપના સંકલ્પથી થઈ જાશે. આપને પ્રતાપે અત્રે ભજન કરીએ છીએ. વળી કાલે મંદિરમાં ચોરી થઈ... હવે બરાબર જાપતો રાખવો પડશે... બીજું વેપારી લોકો ઘણો જ જીવ ખાય છે તે પાટો ચડતો નથી. તો દયા કરશો... ત્યા હોલ મંડળને (બધા મંડળને) જય સ્વામીનારાયણ કહેશો.... ડુંગરભાઈને માલમ થાય જે આ પત્ર તમો સ્વામીને જ્યાં હોય ત્યાં મોકલશો. હવે મહાપુજાઓ ધમધોકાર ચાલે છે... એક પત્ર ચીત્રાસર લખ્યો છે.

આવો જ બીજો પત્ર કો. અક્ષરસ્વરૂપદાસજીએ લખ્યો હતો. તેમાં આર્થિક વ્યવસ્થા કરી દેવા ભાર પૂર્વક જણાવ્યું હતું. એમાં વળી સ્વામીશ્રીએ સંતોને સાંત્વન આપ્યું, ને જે અભાવ અવગુણ ગાઈ 'ઉકરડા ઉથામતા' હોય તેને રુખસદ આપી દેવાની પણ આજ્ઞા આપી દીધી. આ વિલક્ષણ પત્રમાં સ્વામીશ્રી લખે છે :

તા. ૨૮-૬-૩૮, શ્રા. સુદ ૧

શ્રીજી સ્વામી સત્ય છે

સ્વસ્તીશ્રી ગોંડળ માહાશુભ સ્થાને પરમ પુજ્ય કોઠારી અક્ષરસ્વરૂપદાસજી ત. દાજીભાઈ ત. હરીજીવનદાસજી, વાસુદેવ સ્વામી વીગેરે પ્રતે નારથી લી. શાસ્ત્રી યજ્ઞપુરૂષદાસજી, નીર્ગુણદાસ, ધર્મસ્વરૂપદાસ, જોગી મહારાજ વીગેરેના જય સ્વામીનારાયણ વાંચસો.

વી.વી. આપનો બીડેલો પત્ર મલ્યો છે. વાંચી હકીગત જાણી છે... વીસમ

દેસકાળ છે. વળી, સારંગપુરના કામમાં મદદ કર્યા વીના રખડતું રહે. માટે ત્યાંનું (ગોંડળનું) કામ તો તે તરફના હરીજનોથી થસે. મંદીરમાં દેવાના ન દે, તો બીજા દેઈ મુક્યા હોય, તે ક્યાંથી દે ? માટે ધીરજ રાખજો. થોડી મુદતમાં ઉપાધી સ્વામી-શ્રીજી મટાડસે... કોઈ રીત્યે લીંબડાનું કસુ કાપસો નહીં.

હરીજીવનદાસનો પત્ર મળ્યો છે. અત્રે બીજું કામ મુકી ઓરડા અધુરા ચણાવી, મલાવીને હરીભાઈને જવા દેસો. બાકી શ્રીજી મહારાજ અન્યથા કર્તું વાપરી બધુંય કામ પોતાનું ઠેકાણે પાડસે. આપ ફીકર કરસો નહીં. ને નકામા ઉકરડા ઉથામતા હોય તેમને કેસો કે બોલસો નહીં. વી. આપડે કોઈ પ્રકારે પોંચી વળીએ તેમ નથી, છતાં, હરીજનો સેવા કરતા હોય તેમને ધન્યવાદ આપવાના છે. પણ કોઈને ખોટું લગાડવાનું નથી. ત્યાં સર્વને જય સ્વામીનારાયણ કેહેસો. એજ દા. પોતે.

●

આવા દેશકાળમાં સૌ સારા વરસાદની રાહે બેઠા હોય તે સ્વાભાવિક છે, કેમ કે તો જ સારી સેવા આવવાની સંભાવના રહે. યોગીજી મહારાજે શ્રાવણના મધ્યભાગમાં સ્વામીશ્રીને જણાવ્યું :

તા. ૮-૮-૩૮, શ્રા. સુ.૧૩ વાર સોમ, સવારના ૭ાા

શણગારનાં દર્શન...

વિ. અત્રે વરસાદ નથી. થાય તો સારું. તાણ જણાવે છે માટે અરજી કરી છે. ત્યાં સમૈયામાં તમામ હરિભક્તો ભેગા થાય ને ધૂન્ય કરે તો વરસાદ થાય ત્થા ત્રણે મંદિરો એકદમ પુરાં થાય, ને વરસ સારું જાય, તેમને સભામાં ૦ાા કલાક તાળી વગાડીને (ધૂન્ય કરે) તેમ વિનંતી છે. તો દષ્ટિ કરશો. ધુન્ય સંબંધી ત્થા કથા સંબંધી દરેકને ખાસ ફરજ પાડશો !

યોગીજી મહારાજ સંપ્રદાયની પ્રણાલીની રક્ષા માટે જે પુરુષાર્થ કરતાં અને સેંકડોને પ્રેરતા તેની ઝલક તત્કાલીન પત્રમાં આ શબ્દોમાં મળે છે. સાથે તે સમયનો સત્સંગ કેટલો આછો-પાતળો હતો તેનો પરિચય પણ આ જ પત્રમાં છે :

'સવારની કથામાં બે-ચાર જણા આવે છે. પંગતમાં ૨૦ માણસ બેસે છે... પારાયણ એકાદશીથી શરૂ કરી છે. ગામમાંથી દશ હરિભક્તો બેસવા આવે છે !'

'ભયંકર દેશકાળનો મામલો !'

જ્યારે કથામાં ચાર વ્યક્તિ આવે તે પણ નોંધનીય બાબત ગણાતી હોય ! ત્યારે 'આગ્રહી'ઓનું આશરે ૧૫૦ હરિભક્તોનું વૃંદ સામૂહિક રીતે સત્સંગની સેવાથી દૂર થઈ જાય, અચાનક અણબનાવ થયો હોય તેમ વર્તવા લાગે અને સ્વામીશ્રી, યોગીજી મહારાજ ત્થા અક્ષરમંદિર જેવા તીર્થસ્થાનને છોડીને અલગ રીતે ભજન કરવાની ઇચ્છા દર્શાવે તે કેટલી આઘાતજનક બાબત કહેવાય !

આવી જ વાત એ દિવસોમાં આકાર લઈ રહી હતી.

કેમ કે અક્ષરમંદિરમાં હનુમાનજી કે ગણપતિ બંનેમાંથી કોઈ જ દેવ ન પધરાવવા એવો આગ્રહ એ મંડળે પકડી જ રાખ્યો હતો !

સ્વામીશ્રી આવા વિરોધને શા માટે ગણકારે ? જ્યારે શ્રીહરિએ સ્વયં દેવતાઓને પધરાવ્યા હોય, ત્યારે સંપ્રદાયની પ્રણાલિકાઓની સામે પડવાનો શો અર્થ ?

જો કે સ્વામીશ્રીએ દેરાં બાંધવાનો પ્રારંભ કરી દીધો. એ સાથે જ ઉહાપોહ શરૂ થયો. સ્વામીશ્રી તો સૂચનાઓ આપી અમદાવાદ પધારી ગયા હતા. પરંતુ બંને દેવતાઓની મૂર્તિઓ માટેના ઑર્ડર અપાઈ ગયા. દેરાનું ચણતર તો જોતજોતામાં પૂરું થવા આવ્યું અને એ સમયે જ યોગીજી મહારાજને ધર્માદા માટે ડાંગરા જતાં પૂર્વે રાજકોટ આવવાનું થયું.

યોગીજી મહારાજને મળતાં જ એવા કેટલાક મનમાં દુઃખ પામેલા સત્સંગીઓ તેઓને મળ્યા અને સ્પષ્ટ જ કહ્યું : 'અમારે હવે અક્ષર મંદિરમાં આવવાનું બંધ કરવું પડશે, ને અહીં બીજે બેસી ભજન કરીશું !!'

આ સાંભળતાં તો વાત્સલ્યમૂર્તિ, કરુણાનિધાન યોગીજી મહારાજના હૈયામાં હાહાકાર વ્યાપી ગયો. એટલા બધા દુઃખી થયા કે આખું ૧૫૦ હરિભક્તોનું મંડળ આવો રૂડો સત્સંગ અને સ્વામીશ્રી જેવા સંતનો સમાગમ ગુમાવશે, તે કઈ રીતે ચલાવી લેવાય ?

તેમણે આ લોકોની વાતો સાંભળી. બે દિવસ તો ધૂન-પ્રાર્થના જ કરી કે કોઈકનું મન પીગળે ! પરંતુ વ્યર્થ ગયું. તેઓ ગોંડળ આવ્યા. મન મૂંઝાતું હતું.

છેવટે મુંબઈના કોન્ટ્રાક્ટર ધરમશી વાલા કડિયાના પુત્ર નરસિંહભાઈ સાથે હતા, તેમણે સ્વામીશ્રીને પત્ર લખીને જાણ કરવા યોગીજી મહારાજને આગ્રહ કર્યો,

અને યોગીજી મહારાજે ભારે વ્યથા સાથે અક્ષરદેરીમાં બેસી એક અનુપમ પત્રનો પ્રારભ કર્યો. મથાળુ બાંધતા તેઓ લખે છે :

'મહા દુ:ખનો, ભયંકર દેશકાળનો મામલો !'

અરજી વિનયનો પત્ર !

તા. ૧૯-૮-૧૯૩૮, જન્માષ્ટમી.

'આ પત્ર સ્વામીની ડેરીમાંથી લખ્યો છે પર્મ કૃપાળુ, પર્મ દયાળુ સ્વામીશ્રીજીનું સાક્ષાત્ સ્વરૂપ અનંત જીવોને માયા પર કરનારા, અનંત જીવોનાં દુ:ખોને ભાંગીને અક્ષરધામમાં લઈ જનારા, જેની અગાધ વિશાળ દ્રષ્ટિ છે એવા, સદા એક રેણુપણે એવા અનંત કલ્યાણકારી ગુણે સંપન, સુહૃદરૂપ શ્રી શાસ્ત્રીજી મહારાજ શ્રી યજ્ઞપુરુષદાસજી સ્વામી ૧૦૭ એવમ શુભ ગુણોના ભંડાર પ્રત્યે, સાક્ષાત્ અક્ષર ડેરીમાંથી લી. ૧૧ા વાગે આપનો ચર્ણરજ સેવક જ્ઞાનજીવનદાસજી ત્થા નરસીભાઈના કોટાન કોટી દંડવત પૂર્વક જય સ્વામીનારાયણ વાંચવા કૃપાવંત થશોજી.

અહોહો ! આપ તો પર્મ દયાળુ છો ને દયાના સાગર છો. દરેકના દુ:ખમાં ભાગ લઈને ટાળવા સમર્થ છો તેથી અરજી આપને ટુંકામાં લખી જણાવું છું ને મારી અંતઃકરણ પૂર્વક સાક્ષાત્ માંગણી છે, તો સ્વીકારવા ખાસ તસ્દી લેશોજી. જેમ કુબેરભાઈની અરજી આપે સારંગપુરના મંદિરમાં ૧૧ા વાગે સાંભળી. વળી ભાવનગર જતાં કુબેરભાઈને ઠાકોરજીના દરશન કરતાં આંખ્યમાં આંસુની ધારા થઈ, તે ઉપાધી ઘણી જ ચસોટ (સચોટ) આપે ધારેલી, તમામ સંતે ધારેલી, હરિભક્તોએ ધારેલી, કોઈ રીતે સમાધાન થાય તેમ નો'તું - છતાં એક હરિભક્તની લાગણી ખાતર આપે પોતાની વૃત્તી છોડી નાંખીને કુબેરભાઈને આનંદમય બનાવી દીધા તે કુબેરભાઈ આપના ગુણગાન ગાય છે. જે ધન્ય છે શાસ્ત્રીજી મહારાજને ! એમ પ્રસંગોપાત ગુણ ગાય છે.[૩૯]

---

૩૯. સત્સંગમાં વિદિત છે કે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ પાસે અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તનમાં સેવાના હેતુથી જ જૂનાગઢથી એક સંતમંડળ જોડાયું હતું. વિજ્ઞાનદાસ તેમાં મુખ્ય હતા. તેમના ચીડિયા સ્વભાવને કારણે યોગીજી મહારાજને ઘણું સહેવું પડેલું. પછીથી તેઓ રાજકોટ રહેલા. પણ સત્સંગની પ્રણાલીથી વિરુદ્ધનું તેમનું વર્તન જોઈ સ્વામીશ્રીએ તેમને સત્સંગમાંથી બહિષ્કૃત કર્યા હતા. પરંતુ કુબેરભાઈ વગેરે

હજારો ઉપાધીઓ આવેલી તે આપે સાક્ષાત્ ટાળી છે. તો આ તો જરાક નજીવી ઉપાધી છે. હું તો આપને મારા જીવનપ્રાણ માનું છું તેથી આપને લખું છું. આ તો અતીશે મનમાં લાગી આવ્યું ત્યારે ગરીબ તરીકે આપને લખવા વિનંતી કરી છે. હવે વિનયથી લખું છું. આપે જેમ કુબેરભાઈને ઉપર દયા કરી તેમજ આ વખતે અત્રે દયા કરસો.

આજથી ચાર દીવસ પેલા એટલે રવિવારે હું અત્રેથી સ્વામીનાં દરશન કરીને ડાંગરા જાવા માટે નીકળ્યો 'ક' ને આગળથી ખબર આપેલ કે હું ચાર વાગ્યાની ગાડીમાં ડાંગરે જવાનો છું. તે આપને ત્યાં ૨ા વાગે મળવા આવિશ. એમ વાત કરી. ત્યાં ૧ વાગે મોટર મોકલી. મંદિરમાં ૨ કલાક રોકાયો. ૨ા વાગે તેમણે મોટર મંદિર મોકલીને (કહ્યું) આંહી થઈ તમો ડાંગરા જાશો. સાથે નરસીભાઈ પણ હતા. પછી વાતચીતો કરી ગાડીનો ટાયમ થીયો એટલે અમો જાવા તૈયાર થીયા ને રજા માગી તો ('ક') કહે : મારે કેટલીક વાતચીત કરવી છે માટે રોકાઈ જાવ. પછી અમો રોકાણા 'ક' ત્થા 'ખ' આદી આવ્યા ને વાત કરતાં એમ કહેવામાં આવ્યું કે અમારે ગોંડળ મંદિર છોડવું પડશે. કોઈ વખત આવીશું, તો દરશન કરીને ચાલ્યા જઈશું ને સ્વામીની ઇચ્છા હશે તો રાજકોટમાં (બીજે) ભજન કરીશું. હવે છેવટે તમોને કહીએ છીએ. માટે સ્વામીને (શાસ્ત્રીજી મહારાજને) લખવું હોય તો લખી જુવો.

પછી અમો ડાંગરે ગીયા. ત્યાં 'ગ' સાથે હતા તે કહે : સ્વામીને પત્રો જેમ 'ક'એ કહ્યું તેમ લખો. આગળથી ખબર આપવા જોઈએ. પછી પસતાવું ન પડે. આમ ત્રણ દિવસ (ડાંગરામાં) દરરોજ યાદ કરે. પછી નરસીભાઈ કહે, 'હું પણ સ્વામીને વિનંતી કરીશ. કારણ કે મેં રૂબરુ સાંભળ્યું છે કે આમાં વિક્ષેપ વધારે થવાનો છે. માટે સ્વામી કોઈ રીતે રાજકોટ મંડળને મન મનાવીને કામ લીએ તો સારું. કારણ કે આ બાબતમાં (હનુમાન-ગણપતિની મૂર્તિ પધરાવવામાં) તેમની અંતઃકરણ પુર્વક લાગણી દુભાય છે.

હરિભક્તોને વિજ્ઞાનદાસજીએ સત્સંગ કરાવેલો, તેથી તેમને લાગ્યું કે મારા ગુરુનું અપમાન કરવામાં આવ્યું છે. આ દુઃખ એટલું લાગ્યું કે શાસ્ત્રીજી મહારાજે જાતે આવીને કુબેરભાઈને સમજાવ્યા અને તેમનું મન રાખવા સ્વામીશ્રીએ વિજ્ઞાનદાસને પુનઃ સ્વીકાર્યા, આમ 'પોતાની વૃત્તી' છોડી કુબેરભાઈને 'આનંદમય' બનાવ્યા હતા !

ત્રીજી કલમ : મોરારજી શેઠે (મંદિરના પાછળના ભાગે ઉતારાના) ઓરડા કરવા ધાર્યા હતા, તો આપે તેમનું મન આગળ કર્યું તો પોતે રાજી થીયા. તેમ આ મંડળને સ્વામી મન મનવીને આગળ કામ લીયે તો સારું ! એમ નરસીભાઈ પણ લાગણી ધરાવે છે.

આ વખતે મુને પણ લાગી આવ્યું કે આ મંડળ જો પાછું પડશે, હવે વળે તેમ નથી અને રાજકોટ સીવાય આપણે કોઈ આધાર નથી તો સી રીતે દીવસ લેવા આમ લાગી આવે. કારણ કે તે મંડળ બાર માસે રૂા. ૨૦૦૦ની સેવા કરે, મંદિરનો મમત્વ રાખે, તે દુઃખાય ને આવતા બંધ થાય તો ભારે ભૂંડું કેવાય. કારણ કે આ વખતે બધાએ ઘણી જ લાગણી ધરાવી છે.

તો હે સ્વામી, હે કૃપાનાથ, હે દયાળુ, આપે તમામ દુઃખ ભાંગ્યાં છે ને સૌ ભેળા ભળીને કાર્યો કર્યાં છે, તો આ વખતે પણ કાર્ય કરવાની વિનંતી છે. માટે તેમનું મન માન્યા સીવાય કાર્ય જો થઈ જશે તો આ મંદીર જરૂર છોડી દેશે. 'ગ' કહે : 'અમારી લાગણી આ બાબતમાં જરૂર દુઃખાય છે. માટે સ્વામીને અમારી લાગણી હશે, તો અમારા (ઉપર) હેત હશે તો સારૂં થાશે ને ....ના મંડળને છોડી દેવું હશે તો તેમ !!' આ તો સુડી વચે સુપારી ! પુરણ દુઃખ આવ્યું છે. માટે આપ ટાળવા સમર્થ છો. હમણાં જ્યાં સુધી તેમનું મન ન માને ત્યાં સુધી (દેરા બાંધવાનું) કામ બંધ રાખવું. પણ થઈ ગીયા પછી પત્તો નહીં લાગે. તુટી જ જાશે. માટે હે સ્વામી, આ બાબતમાં આપને ધ્યાન દેવાનું છે. હું તો આપ આગલ પામર છું. મારામાં એક દોકડાનો માલ નથી. આપ તો સમર્થ છો. તો તેઓ રાજી થાય ને આપના અખંડ ગુણ ગાય ને અખંડ અક્ષર મંદીરને સેવા ચાલતી રહે તો જ સારૂં છે. ને તેમને આપને વિશે અસાધારણ હેત છે તો તેમને રાજી કરવા તે આપની ફરજ છે. માટે આપ દયા કરશો જ.

બોલો, સ્વામીનારાયણની જય, બોલો, મુળ અક્ષર સ્વામીની જય, બોલો, ભગતજી મહારાજની જય, જાગા ભક્તની જય, બોલો, કૃષ્ણજી મહારાજની જય ને બોલો, આપની પણ જય જય જય.

માટે આપે પોતાના ધાર્યા મુકીને બીજાને આગળ કર્યા છે, તો આ તો નીષ્ઠાવાળા છે, વળી માથું દીયે તેવા છે, તેઓ રાજી થાતા હોય તેમ કરવું. એમ આપ પાસે મારી અંતઃકરણપૂર્વક અરજી છે. આપને હું ન લખત પણ

અતિશે થીયું, વાતાવરણ એવું સાંભળ્યું ને વાત સાચી જ મનાણી કે હવે વાત હાથથી જ જાશે. માટે આપને લખ્યું છે. માટે હે સ્વામી, આપને અરજી નાંખી છે તો સ્વીકારશો. મારું મન પ્રસન્ન થાય તેવો પત્ર તુરત લખશો. આપ તો સવાયા મારી ઉપર રાજી છો ને રાજી રહેશો. ૧૫૦ હરિભક્તોના મન પાછા પડે તે અતિ ભુંડું કે'વાય. માટે આપને છેલ્લી અરજી લખી છે. આપ કાગળથી, અગર જાતે સમાધાન કરી જાવ. મારી ઉપર રાજી રહેશો. હું તો આપનો જ છું. એ જ અરજ.

આપના પત્રો પોગ્યા છે. ડાંગરે ચાર દીવસ રહીને કાલે આવ્યો છું તે બારસ-તેરસમાં દેવચડીના હરિભક્તો આગ્રહ કરે છે જે આવો, તેથી આપની આજ્ઞા આવશે તો જઈશ, નહીં તો અત્રે અહીં મહાપૂજા કરીશ ને આવ્યા-ગીયા હરિભક્તની ખબર રાખીશ.

ડાંગરામાં ભાવ ઘણો છે. ૧૦ મણ બાજરો તથા ૪ મણ મગફળી આપી છે. નારણભક્ત સેવા સારી કરે છે. આખું ગામ આપના મય કરી નાખ્યું છે.

આપનો પત્ર આવ્યા પછી મુને શાન્તી ને આનંદ થશે. આપ વેલાસર અત્રે પધારસો. અત્રે સૌ રાજીપે કથા-વાર્તા કરે છે. માનત ત્થા હરિચરણદાસ આદીને તાવ આવે છે. ભંડાર પ્રેમપ્રકાશ (દાસજી) કરે છે. હું પણ થાળ વિગેરે લઈ જાવ છું. આનંદ છે પણ આટલું દુઃખ છે તે દયા કરશો.

ને વળી આપ રાજી રહેશો. કાગળ ધ્યાનમાં લેશોજી. એજ.

એક-એક હરિભકતના મન સાચવીને જિંદગી ગુજારી હોય તેમને આખા મંડળનું દુઃખ પોતાનું લાગે તેમાં શી નવાઈ છે ? યોગીજી મહારાજ હરિભક્તો સાથે આવા આત્મીય હતા, છતાં એક વાત સ્વામીશ્રી પાસે વારંવાર રજૂ કરી છે : 'હે સ્વામી, હું તો આપનો જ છું !'

સત્પુરુષ રૂપી એકડો આંખ આગળ ન હોય તો ગમે ત્યારે મનુષ્યભાવના દાવપેચમાં સાધકના રામ રમી જાય છે ! પરંતુ આ તો લોકહિત માટે મનનું મરોડવાની સરળતાનું દર્શન જ છે !

•

આ પછી સ્વામીશ્રીએ લીધેલાં પગલાંઓથી બધે શાંતિ થઈ ગઈ. ને કોઈને કાંઈ બોલવાનું ન રહ્યું !

સ્વામીશ્રી પુનઃ અમદાવાદ પધાર્યા, દસ-બાર દિવસ પછી સ્વામીશ્રીના જ એક

પત્રના પ્રત્યુત્તરમાં યોગીજી મહારાજે કથા-ભજન અને કીર્તનોમાં જોડાઈ જવાનું તાન જણાવતા લખ્યુ :

તા. ૨૦-૮-૩૮

'સ્વસ્તિશ્રી અમદાવાદ મહાશુભ સ્થાને અનંત જીવોને માયાપાર કરનારા, આત્માના આધાર, જીવનના જીવન, સદ્‌ગુરુ સ્વામી શાસ્ત્રિજી મહારાજ સ્વામી ત્થા પુજ્ય સ્વામી નિર્ગુણદાસજી સ્વામી આદીની સેવામાં...

વિ. આપનો કૃપાપત્ર તા. ૧૮નો લખેલો તા. ૨૦મીયે ૨ વાગે સાક્ષાત્ મળ્યો છે. વાંચી દર્શન તુલ્ય આનંદ - કથામૃતના પાનનો, બ્રહ્મકીલોલનો, મનોરથો પુરા થવાનો મળ્યો છે. અત્રેથી બે પત્રો બોચાસણના શીરનામે લખ્યા છે તે આપને મળશે. હીરજીભાઈ પધાર્યા હતા. બંગલાનું પુછતા 'હા' પાડી છે. ખુશીથી ઊતરે, સ્વામીનો બંગલો છે.

પડ્યા સાહેબ ત્થા ચંદુલાલભાઈ આદી અમલદારો કાલે ૦।। ક્લાક સમાગમમાં બેઠા હતા. વાતુચીતુ કીર્તનોમાં સંભળાવ્યા હતા. બહુ જ રાજી થીયા. હવે નરસીભાઈ વેલી (વહેલી) કથામાં આવે છે. રાતે ધુન્યમાં પણ આવે છે. એજ.'

ભલેને કથામાં બે-ચાર આવતા હોય પણ રાજ્યના અમલદારો તો નિયમિત સ્વામીશ્રી યોગીજી મહારાજનાં દર્શને આવતા રહેતા. જન્માષ્ટમી જેવા ઉત્સવોમાં પણ જ્યારે ૧૦૦૦ માણસ આવે ત્યારે આનંદ કેમ ન થાય ? યોગીજી મહારાજે આગળ લખ્યું :

'આપે લખેલ પત્ર સેકેટરી ત્થા દીવાનસાહેબને વંચાવીશું. આજે આઠમની પ્રસાદી અમલદાર તમામને મોકલી છે. દરેકે ભેટ આપી છે. કાલે (જન્માષ્ટમી) હજાર માણસ દર્શને આવ્યું હતું. સાંજના પાંચ વાગેથી સભા પણ સાત વાગ્યા સુધી થઈ હતી. આવ્યા, ગીયા, બેસતા તે બધો આપનો પ્રતાપ છે. અહોહો ! છોટુભાઈ ત્થા સીદી સાહેબને (આપ) અમદાવાદમાં મળ્યા. ફુલહાર વિગેરે, પાન બીડાં આપ્યા તે સારૂં થીયું. આપ રાજી રહેશો. અહોહો ! આ સ્થાન આપે બાંધી આપ્યું તે અનહદ કામ કર્યું છે.

છોટુભાઈ ગોંડળના પ્રતિષ્ઠિત વકીલ હતા અને સીદીભાઈ રેલવેના અધિકારી હતા. બંને નવા મુમુક્ષુઓ સ્વામીશ્રી અને સંપ્રદાયથી વિશેષ આકર્ષાયા હતા. તેમાં વળી યોગીજી મહારાજે તેમને સ્વામીશ્રીનો વિશેષ લાભ લેવા તથા પૂજ્ય જેઠીબા

વગેરેને સ્વામીશ્રીના પ્રતાપથી સમાધિ થતી તેનાં પ્રત્યક્ષ દર્શન કરવા અમદાવાદ મોકલ્યાં હતાં. આ બંને ભાવિકોને સ્વામીશ્રીએ અવિસ્મરણીય લાભ આપ્યો. અને તેઓ સાચા અર્થમાં અક્ષર-પુરુષોત્તમ ઉપાસકો બની ગયા.

●

આ તરફ સ્વામીશ્રીએ આખા અમદાવાદને ઘેલું લગાડ્યું હતું.

અમદાવાદના વિદ્વાન અને વિદ્યાનુરાગી સત્સંગીઓ સ્વામીશ્રીની પાસે ગોષ્ઠિ કરી જ્ઞાનપ્રાપ્તિ કરી રહ્યા હતા. સ્વામીશ્રી પણ શાસ્ત્રોનાં પ્રમાણો સાથે બ્રહ્મ-પરબ્રહ્મના સનાતન સિદ્ધાંતોનું રહસ્ય સમજાવવામાં સમયનું ભાન ભૂલી જતા. એમાંય આખા અમદાવાદના પ્રતિષ્ઠિતોમાં પણ આશ્ચર્ય ઊપજાવનાર સ્વામીશ્રીનું અદ્‌ભુત આકર્ષણ હતું : 'સમાધિ !'

ખેંગારજીભાઈ ચૌહાણનાં માતુશ્રી જેઠીબા અને અન્ય બહેનોને થતી સમાધિ ચકાસવા શેઠિયાઓ, અમલદારો, સત્તાધીશો, પ્રોફેસરો કે ગમે તે આવતા, તે સમાધિની સત્યતા નિહાળી દિંગ બની જતા. કેટલાક સ્વામીશ્રી પાસે સમાગમ કરવા આવતા તો કેટલાક ચર્ચા કરી જિજ્ઞાસા સંતોષવા આવતા. એમાં સાચા મુમુક્ષુઓ માટે કલ્યાણનાં દ્વાર ખુલી જતાં !

તત્કાલીન કૉંગ્રેસી કાર્યકર શંકરલાલ બૅંકર, કિશોરલાલ મશરૂવાલા, મજૂર મહાજનના મહામંત્રી ગુલઝારીલાલ નંદા, લેબર કમીશનર આયંગર, ગુજરાત કૉલેજના પ્રિન્સિપાલ હીરાલાલ કાજી, પ્રોફેસર દાવર, પ્રોફેસર એસ. એમ. શાહ, પૉલેન્ડવાસી શ્રી મોરિસ ફ્રિડમૅન (સ્વામી ભારતાનંદજી), શેઠ અંબાલાલ સારાભાઈ, શેઠ મંગળદાસ ગિરધરદાસ, આઈ. સી. એસ. અધિકારી શ્રી વી. ટી. દેહેજિયા, શેઠ ચીમનલાલ ગીરધરભાઈના પુત્ર શ્રી બાબુભાઈ, વસંતરાય પંડ્યા, કલ્યાણરાય વ્રજરાય દેસાઈ, બાપાલાલ દલાલ, (એમ. એ., ટી. ડી. લંડન), એન્જિનિયર ત્રિકમલાલ દલાલ તથા શ્રી આસર પોટા.... આવા સેંકડો પ્રતિષ્ઠિતોને આકર્ષી સ્વામીશ્રી અમદાવાદમાં ઉપાસના જ્ઞાનની વસંત ખીલવી રહ્યા હતા.

યોગીજી મહારાજના આગ્રહભર્યા નિમંત્રણથી સ્વામીશ્રી ગોંડળ શરદપૂર્ણિમા ઊજવી સ્વામીશ્રી સારંગપુર પધાર્યા.

✧ ✧ ✧

પત્રસૂચિ ભાગ-૧

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૧૮-૧-૧૮૯૩	કોઠારી પ્રભુદાસ	વિજ્ઞાનદાસ સ્વામી	મહુવા-ધુલીયા	૬૧
૨૯-૧-૧૮૯૩	ભગતજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	મહુવા-નડિયાદ	૬૨
૨-૧-૧૯૧૬	નિર્ગુણ સ્વામી	કુબેરભાઈ ડોસાભાઈ	બોચાસણ-ભાવનગર	૬૩
૧-૪-૧૮૯૩	ભગતજી મહારાજ	વિજ્ઞાનદાસ સ્વામી	મહુવા-ધુલીયા	૬૪
	કોઠારી પ્રભુદાસ	ભગતજી મહારાજ	છપૈયા-મહુવા	૬૫
૧૮-૫-૧૮૯૩	કેશવપ્રસાદ સ્વામી	વિજ્ઞાનદાસ સ્વામી	વડતાલ-ધુલીયા	૬૭
૧૨-૧૨-૧૯૪૪	નિર્ગુણદાસ સ્વામી	હર્ષદરાય દવે	જાપી(ખાનદેશ)-ધુલીયા	૬૮
૩૧-૭-૧૮૯૩	ભગતજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	મહુવા-નડિયાદ	૬૯
૩૧-૭-૧૮૯૩	ભગતજી મહારાજ	કોઠારી પ્રભુદાસ	મહુવા-મુંબઈ	૭૦
૩-૮-૧૮૯૪	બદ્રિનાથદાસ	ભગતજી મહારાજ	ભાત-અમદાવાદ	૭૧
૨-૧-૧૯૧૬	નિર્ગુણદાસ સ્વામી	કુબેરભાઈ ડોસાભાઈ	બોચાસણ-ભાવનગર	૭૩
૯-૬-૧૮૯૫	પ્રભુદાસ કોઠારી	ભગતજી મહારાજ	છપૈયા-મહુવા	૭૫
૧૭-૪-૧૮૯૬	શાસ્ત્રીજી મહારાજ	ભગતજી મહારાજ	નડિયાદ-મહુવા	૭૬
૨-૪-૧૮૯૬	શિવશંકરભાઈ	કોઠારી પ્રભુદાસ	વડોદરા-ધુલીયા	૭૯
૨૨-૪-૧૮૯૬	ભગતજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	મહુવા-નડિયાદ	૮૦
૧૧-૮-૧૮૯૬	શાસ્ત્રીજી મહારાજ	ભગતજી મહારાજ	મહેમદાવાદ-મહુવા	૮૧
૭-૧૨-૧૮૯૬	શાસ્ત્રીજી મહારાજ	ભગતજી મહારાજ	નડિયાદ-મહુવા	૮૩
૧૨-૧૨-૧૮૯૬	આચાર્ય વિહારીલાલજી	જીવણરામ	વડતાલ-રાજકોટ	૮૪
૧૨-૧૨-૧૮૯૬	આચાર્ય વિહારીલાલજી	રાજકોટ સંત/ભક્ત મંડળ	વડતાલ-રાજકોટ	૮૫
૨૧-૨-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	ચતુરભાઈ પટેલ, પુરુષોત્તમભાઈ પટેલ વ.	રાજકોટ-વસો	૮૭
૧૧-૫-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	ભગતજી મહારાજ	રાજકોટ-મહુવા	૮૯
૨૫-૫-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	ભગતજી મહારાજ	રાજકોટ-મહુવા	૯૨
૨-૧-૧૯૧૬	નિર્ગુણદાસ સ્વામી	કુબેરભાઈ	બોચાસણ-ભાવનગર	૯૩
૪-૭-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ હુલાસભાઈ	રાજકોટ-નડિયાદ	૯૬
૨-૧-૧૯૧૬	નિર્ગુણદાસ સ્વામી	કુબેરભાઈ ડોસાભાઈ	બોચાસણ-ભાવનગર	૧૦૧
૧-૧૦-૧૮૯૭	શામજી ભગત	કોઠારી પ્રભુદાસ	મહુવા-મુંબઈ	૧૦૩
૭-૧૦-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	કોઠારી પ્રભુદાસ તથા હરિભક્તો	રાજકોટ-મહુવા	૧૦૩
૮-૧૧-૧૮૯૭	કોઠારી પ્રભુદાસ	શાસ્ત્રીજી મહારાજ	મહુવા-રાજકોટ	૧૦૬
૧૫-૧૧-૧૮૯૭	હરિભાઈ લલ્લુભાઈ કારભારી	ઝવેરલાલ ઉલ્લાસરામ	અમદાવાદ-નડિયાદ	૧૦૭
૨૩-૧૧-૧૮૯૭	ગોરધનભાઈ કોઠારી	શાસ્ત્રીજી મહારાજ	વડતાલ-રાજકોટ	૧૦૯
૨૯-૧૧-૧૮૯૭	શાસ્ત્રીજી મહારાજ	વિજ્ઞાનદાસ સ્વામી, કેશવપ્રસાદદાસ	રાજકોટ-નડિયાદ	૧૧૦
૮-૬-૧૮૯૮	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	રાજકોટ-નડિયાદ	૧૧૩
૭-૭-૧૮૯૮	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	રાજકોટ-નડિયાદ	૧૧૪
૧૧-૭-૧૮૯૮	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	રાજકોટ-નડિયાદ	૧૧૫
૧૩-૧૨-૧૮૯૮	મોહોડજી દરબાર	વિહારીલાલજી મહારાજ	રાજકોટ-વડતાલ	૧૧૬

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૨-૧-૧૯૧૬	નિર્ગુણ સ્વામી	કુબેરભાઈ	બોચાસણ-ભાવનગર	૧૧૭
-	જાગા સ્વામી	શાસ્ત્રીજી મહારાજ	જૂનાગઢ-વડતાલ	૧૧૮
૧૨-૧૦-૧૮૯૯	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	સાંકરદા-નડિયાદ	૧૨૨
૧૮-૧-૧૯૦૦	ઝવેરભાઈ નાથાભાઈ	શાસ્ત્રીજી મહારાજ	લીંબડી-વડતાલ	૧૨૨
૯-૨-૧૯૦૦	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	સારંગપુર-નડિયાદ	૧૨૩
૨૪-૪-૧૯૦૦	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	સારંગપુર-નડિયાદ	૧૨૪
૨૪-૭-૧૯૦૦	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	સારંગપુર-નડિયાદ	૧૨૪
૯-૮-૧૯૦૦	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	સારંગપુર-નડિયાદ	૧૨૫
૨૮-૧-૧૯૦૧	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	ડાંગરા-નડિયાદ	૧૨૬
૩૦-૧-૧૯૦૧	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	ડાંગરા-નડિયાદ	૧૨૭
૧૬-૭-૧૯૦૨ (પછી)	બાપાલાલ (સુંદરિયાણાવાળા)	શાસ્ત્રીજી મહારાજ	વઢવાણ-પેટલાદ	૧૨૯
૯-૧૨-૧૯૦૩	ભીમજીભાઈ કોઠારી	પ્રભુદાસ કોઠારી	બોટાદ-સારંગપુર	૧૩૯
૧૩-૧૨-૧૯૦૩	પ્રભુદાસ કોઠારી	ભીમજીભાઈ કોઠારી	સારંગપુર-ગઢડા	૧૩૯
૧૫-૧૨-૧૯૦૩	ભીમજીભાઈ કોઠારી	પ્રભુદાસ કોઠારી	ગઢડા-સારંગપુર	૧૫૨
૧૭-૨-૧૯૦૪	નિર્મળદાસ-વઢવાણ વતી ઝુંઝા રતનશી સોની	શાસ્ત્રીજી મહારાજ	વઢવાણ-પેટલાદ	૧૫૨
૨૭-૮-૧૯૦૭	શાસ્ત્રીજી મહારાજ	ઝવેરલાલ ઉલ્લાસરામ	બુવા-નડિયાદ	૧૫૪
૨-૧-૧૯૧૬	નિર્ગુણદાસ સ્વામી	કુબેરભાઈ ડોસાભાઈ	બોચાસણ-ભાવનગર	૧૭૪
૨૬-૭-૧૯૦૬	નાગજી શેઠ, અમરશી શેઠ	શાસ્ત્રીજી મહારાજ	સારંગપુર-વસો	૧૭૮
૨૦-૫-૧૯૦૭	શાસ્ત્રીજી મહારાજ વતી મંડળ	કુંજવિહારી પ્રસાદજી	બોચાસણ-વઢવાણ	૧૮૨
૧૯૦૮(આશરે)	અનામી	શાસ્ત્રીજી મહારાજ	વડતાલ-બોચાસણ	૧૮૫
૧૯૦૮(આશરે)	શાસ્ત્રીજી મહારાજ	લક્ષ્મીપ્રસાદજી	બોચાસણ-વડતાલ	૧૮૬
૪-૨-૧૯૧૦	ગોરધનદાસ કોઠારી વતી ગોકુળ સેવક	શાસ્ત્રીજી મહારાજ	વડતાલ-કુસુંબા(ખાનદેશ)	૧૮૯
૨૩-૫-૧૯૧૩	ઉલ્લાસરામ પંડ્યા	શાસ્ત્રીજી મહારાજ	શિનોર-સંજાયા	૧૯૬
૨-૧-૧૯૧૬	નિર્ગુણદાસ સ્વામી	કુબેરભાઈ ડોસાભાઈ	બોચાસણ-ભાવનગર	૧૯૮
	નિર્ગુણદાસ સ્વામી	ભક્તમંડળને અપીલ	બોચાસણથી જાહેર અપીલ	૨૩૮
૩-૧૦-૧૯૧૭	શાસ્ત્રીજી મહારાજ	ભક્તિવલ્લભદાસજી	પુરુષોત્તમપુરા-સારંગપુર	૨૪૩
૧૫-૩-૧૯૨૩	જીભાઈ કોઠારી		(વીલ)	૨૪૭
૩૦-૧૨-૧૯૩૦ (આશરે)	શાસ્ત્રીજી મહારાજ	ડૉ. રતીલાલભાઈ	બોચાસણ-મુંબઈ	૨૫૪
૧૫-૧-૧૯૩૧	નિર્ગુણદાસ સ્વામી	આનદપ્રસાદજી મહારાજ	આણંદ-વડતાલ	૨૫૮
૨-૨-૧૯૩૩	હરમાનભાઈ	નિર્ગુણદાસ સ્વામી	ગાના-ધુલીયા	૨૬૧
૨૬-૯-૧૯૩૩	હરમાનભાઈ	શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી	આથીરિવર (આફ્રિકા)-બોચાસણ	૨૬૮
૫-૧૦-૧૯૩૪	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી, ભક્તિવલ્લભદાસજી	મોજીદડ-બોચાસણ	૨૭૨

તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૫-૧૧-૧૯૩૪	નિર્ગુણદાસ સ્વામી	મણિભાઈ આશાભાઈ	બોચાસણ-નૈરોબી	૨૭૩
૧૯-૧૨-૧૯૩૪	શાસ્ત્રીજી મહારાજ	મણિભાઈ આશાભાઈ	બોચાસણ-નૈરોબી	૨૮૩
૨૯-૫-૧૯૩૫	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-સુણાવ	૨૮૩
૧૫-૭-૧૯૩૫	શાસ્ત્રીજી મહારાજ	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	બોચાસણ-નૈરોબી	૨૮૫
૧૮-૭-૧૯૩૫	યોગીજી મહારાજ	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	ગોંડળ-નૈરોબી	૨૮૬
૪-૯-૧૯૩૫	યોગીજી મહારાજ	ભગવતસિંહજીભાઈ	ગોંડળ-બેલગામ	૨૮૬
૧૫-૧૨-૧૯૩૫	શાસ્ત્રીજી મહારાજ	હરમાનભાઈ મણિભાઈ	વડોદરા-આથી રિવર (આફ્રિકા)	૨૮૭
	શાસ્ત્રીજી મહારાજ	એક મુમુક્ષુ		૨૯૧
૨૧-૧-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૨૯૨
૩-૨-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૨૯૪
૨૩-૨-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-બોચાસણ	૨૯૫
૩૦-૩-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	રાજકોટ-મુંબઈ	૨૯૬
૭-૪-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-મુંબઈ	૨૯૮
૧૩-૪-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-	૨૯૯
૧૪-૭-૧૯૩૬	શાસ્ત્રીજી મહારાજ	મગનભાઈ જીજી	અમદાવાદ-પીપલિયા	૩૦૧
૧૪-૭-૧૯૩૬	ઉલ્લાસરામ પંડ્યા	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	ડભોઈ-નૈરોબી	૩૦૨
૧૯-૭-૧૯૩૬	યોગીજી મહારાજ	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	ગોંડળ-નૈરોબી	૩૦૩
૧૩-૮-૧૯૩૬	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-મુંબઈ	૩૦૪
૧૭-૧૦-૧૯૩૬	વિઠ્ઠલભાઈ, આશાભાઈ	આફ્રિકા મંડળ	કરમસદ-આફ્રિકા	૩૦૮
૨૦-૧૦-૧૯૩૬	વિઠ્ઠલભાઈ, આશાભાઈ	આફ્રિકા મંડળ	કરમસદ-આફ્રિકા	૩૦૯
૨૦-૧૦-૧૯૩૬				૩૧૭
૧૩-૧૨-૧૯૩૬	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	રાજકોટ-ગોંડળ	૩૧૯
૧૮-૧-૧૯૩૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૩૨૧
૨૭-૧-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	સોમા ભગત, કોઠારી હરિકૃષ્ણદાસ	બોચાસણ-સારંગપુર	૩૨૨
૧૫-૨-૧૯૩૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ, નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-મુંબઈ	૩૨૩
૧૧-૩-૧૯૩૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-સુરત	૩૨૪
૧૯-૫-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	જખવાડા-નાપાડ	૩૨૫
૨૦-૫-૧૯૩૭	યોગીજી મહારાજ	ઘનશ્યામ સ્વામી, બાલમુકુંદ સ્વામી (નાપાડ)	અડવાળ-નાપાડ	૩૨૬
૬-૭-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	આફ્રિકા મંડળ	બોચાસણ-મોમ્બાસા	૩૨૮
૧૨-૭-૧૯૩૭	પ્રો. જેઠાલાલ સ્વામિ.	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	અમદાવાદ-નૈરોબી	૩૩૦
૨૦-૭-૧૯૩૭	મોદી હરિલાલ ગીરધર	પૂર્વ આફ્રિકા સત્સંગ મંડળ	બોરસદ-નૈરોબી	૩૩૩
૨૯-૭-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	પુરુષોત્તમભાઈ મકનદાસ	બોચાસણ-ગાના	૩૩૪
૧૩-૧૦-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	બાલમુકુંદ સ્વામી	અમદાવાદ-નાપાડ	૩૩૬
૧૩-૧૦૧૯૩૭	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-અમદાવાદ	૩૩૭
૨૭-૧૦-૧૯૩૭	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-અમદાવાદ	૩૩૮


તારીખ	કોણ	કોને	ક્યાંથી ક્યાં	પાન નં.
૩૧-૧૦-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-બોચાસણ	૩૪૦
૪-૧૧-૧૯૩૭	શાસ્ત્રીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	સારંગપુર-બોચાસણ	૩૪૨
૨૭-૩-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-સાંકરદા	૩૪૩
૨૯-૩-૧૯૩૮	યોગીજી મહારાજ	નિર્ગુણદાસ સ્વામી	ગોંડળ-બોચાસણ	૩૪૫
૨-૪-૧૯૩૮	શાસ્ત્રીજી મહારાજ	બાલમુકુંદ સ્વામી(નાપાડ)	ગોંડળ-નાપાડ	૩૪૯
૫-૬-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-ચિત્રાસર	૩૫૦
૨૮-૬-૧૯૩૮	શાસ્ત્રીજી મહારાજ	અક્ષરપુરુષ સ્વામી, દાજી બાપુ	નાર-ગોંડળ	૩૫૨
૮-૮-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૩૫૩
૧૯-૮-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૩૫૫
૨૦-૮-૧૯૩૮	યોગીજી મહારાજ	શાસ્ત્રીજી મહારાજ	ગોંડળ-?	૩૫૯

Audio Pravachans:

Introduction

Divya Amrut Vanni







'શાસ્ત્રીજી મહારાજ પ્રગટ થયા ન હોત તો આપણે કદીયે અક્ષરપુરુષોત્તમની આ વાત પામી શક્યા ન હોત. એમનાં દાખડા ને ઐશ્વર્ય-પ્રતાપ-શક્તિ આગળ બીજા કોઈની બુદ્ધિ કામ આવે એવી નથી. શ્રીજીમહારાજ જે સિદ્ધાંત લઈને આવેલા એ જીવનમાં દૃઢ કર્યો અને આ સંસ્થા ઊભી કરી. મુઠ્ઠીભર હાડકાંનો દેહ હતો પણ અંદર શ્રીજીમહારાજની શક્તિ હતી. તે વખતે સાધન નહિ અને લોકોના તિરસ્કાર. છતાં બધું સહન કરી, પગે ચાલીને, ગામોગામ ફરી આ વાત લોકોને કરી. એમને કોઈ એમાં બીજો સ્વાર્થ ન હતો. માત્ર સૌનાં કલ્યાણની જ વાત હતી...'

- પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

